

# શ્રી જૈન ગૂર્જર સાહિત્ય રત્નો

ભાગ બીજો

પ્રકાશક:-

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધાર ફંડ સુરત

ગૂજરાતી ભાષા સાહિત્યના અભ્યાસીને **જૈન સાહિત્ય** અવગણવું પરવડે એમ નથી; અને જેટલો એના અભ્યાસ પ્રતિ પ્રમાદ સેવાય છે, એટલો તે ગૂજરાતી ભાષા સાહિત્યના વિકાસ અને અભિવૃદ્ધિમાં અંતરાયરૂપ થાય છે. અમારા સમજવા પ્રમાણે ગૂજરાતી ભાષાનું પ્રાથમિક સાહિત્ય જૈન ગ્રંથોમાંથી મુખ્યત્વે મળી આવે છે. અને તેનું પૂર્વરૂપ અપભ્રંશ એના ગ્રંથો જેટલા જૈન સાહિત્યમાંથી આજે ઉપ-લબ્ધ છે એટલા બ્રાહ્મણ સાહિત્યમાંથી મુશ્કેલ થશે. તદુપરાંત આપણા લોકસાહિત્ય અને ઇતિહાસની દૃષ્ટિએ જૈન સાહિત્યનો અભ્યાસ બહુ મદદગાર થઈ પડે એમ છે, વસ્તુતઃ ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસ જૈન ઐતિહાસીક ગ્રંથો પરથી સ્વર્ગસ્થ ફાર્બસે રચ્યો હતો; અને ગૂજરાતના ઇતિહાસનો સુવર્ણયુગ સોલંકી વંશ વિષે મહત્વની અને પ્રાણભૂત માહિતી આજે માત્ર **જૈન સાહિત્યમાંથી** પ્રાપ્ત થાય છે.

આ વિષય પર ભાર મૂકવાનું કારણ એટલું છે કે આપણે જૈન સાહિત્ય બરોબર વાંચવું–વિચારવું ઘટે છે. અગાઉ તે માટે પૂરતી સગવડ ન હતી; છતાં છેલ્લી વીસીમાં કેટલાંક કિંમતી પુસ્તકો પ્રસિદ્ધિ પામ્યાં છે. **શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેસાઇએ** તૈયાર કરેલી જૈન કવિઓની સૂચિઓ ભાગ ૧ અને ૨ હમણાં બહાર પાડયાં છે. તે જોતાં **જૈન સાહિત્ય કેટલું બધું ખેડાયેલું અને વિસ્તૃત છે.** એનો સહજ ખ્યાલ આવે છે; અને સુપ્રસિદ્ધ ઓફ્રેટના કેટલોગની પેઠે જૈન સાહિત્યના અભ્યાસ માટે આ સૂચિઓ ગૂજરાતી સાહિત્યના પ્રેમીને કાયમ ઉપયોગી થઇ પડશે એ નિઃસંદેહ છે અને તેના કિંમતીપણા વિષે એ પૂરતું પ્રમાણપત્ર છે.

બુદ્ધિપ્રકાશ અંક, ડિસેમ્બર ૧૯૩૨

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ ગ્રંથાંક—૧૪

શ્રી

# જૈન ગૂર્જર સાહિત્ય રત્નો

અને

# તેમની કાવ્ય પ્રસાદી

## ભાગ ૨ જો.

પ્રકાશક

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ માટે

ભાઈચંદ નગીનભાઈ ઝવેરી

સુરત.

ઈ. સન ૧૯૬૩ વીર સંવત ૨૪૮૯ વિક્રમ સં. ૨૦૧૯

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

મૂલ્ય ૨-૦

આ ગ્રંથ છાપવા છપાવવા વિગેરેના સર્વ હક્ક આ ફંડના
કાર્યવાહકોને આધીન છે.

વિષય **વિષયસૂચિ** પાના નંબર


| | |
|---|---|
| ૧ સૂત્રો | ૨ થી ૮ |
| ૨ આધારભૂત પુસ્તકોની યાદી | ૯ થી ૧૧ |
| ૩ આદિવચન પં. કીર્તિવિજયજી | ૧૨ થી ૨૬ |
| ૪ પ્રકાશકનું નિવેદન | ૨૭ થી ૨૮ |
| ૫ સંપાદકીય નિવેદન | ૨૯ થી ૩૫ |
| ૬ અનુક્રમણિકા | ૩૬ થી ૫૧ |
| ૭ ફંડના ટ્રસ્ટીઓના નામો | ૫૨ |
| ૮ કાવ્ય પ્રસાદી | ૧/૪૨૮ |
| ૯ અભિપ્રાયો ભા. ૧ લા તથા જંબૂસ્વામિરાસના | ૧ થી ૨૪ |
| ૧૦ ફંડ તરફથી પ્રકાશિત ગ્રંથ સૂચિ. | ૨૫ |


Published by Bhaichand Naginbhai Javeri Anand Bhauvan
Gopipura for Sheth Naginbhai Manchhubhai Jain
Sahityodhar-Fund Surat.
Printed by : D. N. Malvi, at The Gandiva Mudranalaya
Havadia Chakla, Surat·

# નમૂક્કારો (સૂત્રો)

[ નમસ્કાર-મન્ત્ર ]

नमो अरिहंताणं ।

नमो सिद्धाणं

नमो आयरियाणं ।

नमो उवज्झायाणं ।

नमो लोए सव्व-साहूण ।।

( સિલોગો )

एसो पंच-नमुक्करो, सव्व-पाव-प्पणासणो ।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं । १ ।।

**અર્થ**—અરિહંત ભગવન્તોને નમસ્કાર હો.

સિદ્ધ ભગવન્તોને નમસ્કાર હો.

આચાર્ય મહારાજોને નમસ્કાર હો.

ઉપાધ્યાય મહારાજોને નમસ્કાર હો.

લોકમાં રહેલા સર્વસાધુઓને નમસ્કાર હો.

આ પંચ-નમસ્કાર સર્વ અશુભ કર્મોનો વિનાશ કરનાર તથા બધા મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

# २ पंचिंदिय-सुत्तं

[ગુરુ-સ્થાપના-સૂત્ર]

पंचिंदिय-संवरणो, तह नवविह-बंभचेर-गुत्ति धरो ।
चउविह-कसाय-मुक्को, इअ अट्ठारस गुणेहिं संजुत्तो ॥ १ ॥

पंच-महव्वय-जुत्तो, पंच विहायार-पालण-समत्थो ।
पंच-समिओ ति-गुत्तो, छत्तीस गुणो गुरु मज्झ ॥ २ ॥

**અર્થ**—પાંચ ઇન્દ્રિયોના વિષયોને કાબુમાં રાખનાર,
નવ વાડોથી બ્રહ્મચર્યનું રક્ષણ કરનારા,
ક્રોધાદિ ચાર કષાયોથી મૂકાયેલા,
આ રીતે અઢાર ગુણવાળા, વળી
પાંચ મહાવ્રતોને ધારણ કરનારા,
પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ,
પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત,
આ રીતે છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

# ચઉવ્વીસત્થય-સુત્તં

[ 'લોગસ્સ'-સુત્ર ]

[ સિલોગો ]

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे।
अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥१॥

[ ગાહા ]

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥

सुविहिं च पुप्फदंतं, सीअल-सिज्जंस-वासुपुज्जं च।
विमलमणंतं च जिणं धम्मं संतिं च वंदामि ॥३॥

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा।
चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥

कित्तिय-वंदिय-महिया जे ए लोगस्स उत्तमा सिद्धा।
आरुग्ग-बोहि लाभं, समाहिवर मुत्तमं दिंतु ॥६॥

चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा।
सागरवर गंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥

**અર્થ**—ચૌદ રાજલોકમાં રહેલી સર્વ વસ્તુઓનું સ્વરૂપ યથાર્થ રીતે પ્રકાશનારા, ધર્મરૂપી તીર્થને પ્રવર્તાવનારા,

રાગદ્વેષના વિજેતા અને કેવલ દ્વારા પૂર્ણતાને પ્રાપ્ત કરનારા ચોવીસનું તથા અન્ય તીર્થંકરોનું પણ હું કીર્તન કરીશ. ૧

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનન્દસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભ, શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી ચન્દ્રપ્રભજિનને હું વંદન કરું છું.

શ્રી સુવિધિનાથ યા પુષ્પદન્ત, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય, વિમલનાથ, અનન્તનાથ, ધર્મનાથ, તથા શાંતિનાથને હું વંદન કરું છું. ૩

શ્રી કુન્થુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, અરિષ્ટનેમી, પાર્શ્વનાથ તથા વર્દ્ધમાન એટલે શ્રી મહાવીરસ્વામીને હું વંદન કરું છું. ૪

એવી રીતે મારા વડે સ્તવાયેલા, કર્મરુપી કચરાથી મુક્ત અને ફરી અવતાર નહિ લેનારા ચોવીસ તથા અન્ય જિનવર તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. ૫

જેઓ લોકોત્તમ છે, સિદ્ધ છે, અને મન–વચન–કાયાથી સ્તવાયેલા છે, તેઓ મારા કર્મનો ક્ષય કરો, મને જિનધર્મની પ્રાપ્તિ કરાવો તથા ઉત્તમ ભાવ સમાધિ આપો. ૬

ચન્દ્રો કરતાં વધારે નિર્મળ, સૂર્યો કરતાં વધારે પ્રકાશ કરનારા, સ્વયમ્ભૂરમણ સમુદ્ર કરતાં વધારે ગંભીર એવા સિદ્ધ ભગવન્તો મને સિદ્ધિ આપો.

### શ્રી બૃહત્‌શાંતિ સ્તોત્ર શ્લોક

श्रीश्रमणसंघस्य शान्तिर्भवतु ।
श्रीजनपदानां शान्तिर्भवतु ।
श्रीराजाधिपानां शान्तिर्भवतु ।
श्रीराजसन्निवेशानां शान्तिर्भवतु ।
श्रीगोष्ठिकानां शान्तिर्भवतु ।
श्रीपौरमुख्याणां शान्तिर्भवतु ।
श्रीपौरजनस्य शान्तिर्भवतु ।
श्रीब्रह्मलोकस्य शान्तिर्भवतु ।

અર્થ—શ્રી શ્રમણ સંઘને શાન્તિ થાઓ.
શ્રી જનપદો (દેશો)માં શાન્તિ થાઓ.
શ્રી રાજાઓના સ્વામીએ (સમ્રાટો)ને શાન્તિ થાઓ.
શ્રી રાજાઓના નિવાસ સ્થાનોને શાન્તિ થાઓ.
શ્રી સભ્ય પુરુષોને શાન્તિ થાઓ.
અગ્રગણ્ય નાગરિકોને શાન્તિ થાઓ.
શ્રી નગર નિવાસીઓને શાન્તિ થાઓ.
શ્રી બ્રહ્મલોક (સત્યલોક)ને શાન્તિ થાઓ.

१ २ ३ ४ ५ ६
ॐ ऋषभ-अजित-सम्भव-अभिनन्दन-सुमति—पद्मप्रभ-
७ ८ ९ १० ११ १२ १३
सुपार्श्व-चन्द्रप्रभ-सुविधि- शीतल-श्रेयांस-वासुपूज्य-विमल-
१४ १५ १६ १७ १८ १९ २० २१ २२
अनन्त-धर्म-शान्ति-कुन्थु-अर-मल्लि-मुनिसुव्रत-नमि-नेमि-
२३ २४
पार्श्व-वर्द्धमानान्ता जिनाःशान्ताःशान्तिकरा भवन्तु स्वाहा ॥५॥

—बृहच्छान्ति स्तोत्र

**અર્થ**—શ્રી ઋષભદેવથી લઈને વર્દ્ધમાન સ્વામી જેમાં છેલ્લા છે. એવા ચોવીશે શાન્ત જિનો અમને શાન્તિ કરનારા થાઓ. સ્વાહા. ૪

**शिवमस्तु सर्वजगतः पर-हित-निरता भवन्तु भूतगणाः।**
**दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥**

**—बृहच्छान्ति स्तोत्र**

**અર્થ**—અખિલ વિશ્વનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરકલ્યાણમાં તત્પર બનો, દોષોનો નાશ થાઓ અને સર્વત્ર લોક સુખી થાઓ.

**गतरागद्वेषमोहाः सर्वपापविवर्जिताः।**
**सर्वदा सर्वकालेषु ते भवन्तु जिनोत्तमाः॥ ३१ ॥**

**— श्रीऋषिमण्डलस्तोत्र**


**અર્થાત્**—જેઓ રાગ, દ્વેષ અને મોહથી રહિત છે. સર્વ પાપથી મુક્ત છે, તેઓ હમેશા સર્વકાલમાં જિનેશ્વરો હોય છે.

**ॐ भूर्भुवः स्वस्त्रयीपीठ-वर्तिनः शाश्वता जिनाः।**
**तैः स्तुतैर्वन्दितैर्दृष्टैर्यत्फलं तत्फलं स्मृतौ ॥ ५६ ॥**

**—श्रीऋषिमण्डल स्तोत्र**

**અર્થાત્**—પાતાલ, મર્ત્ય અને સ્વર્ગ આ ત્રણે લોકની પીઠ પર રહેલા શાશ્વત જિનો છે, સ્તુતિ કરાયેલા, વંદન કરાયેલા અને દર્શન કરાયેલા એવા તેઓના વડે જે ફલ થાય છે, તે ફલ સ્તોત્રના સ્મરણથી થાય છે.

श्री सागरानन्दगुरूपदेशाद्, यो जैन साहित्य विकासनाय।
तदीयकोशेऽर्पितवान धनंस्वं, सोऽयं सुधी: श्रेष्ठि नगीनचन्द्र: ॥१॥



શેઠ નગીનભાઇ મંછુભાઈ ઝવેરી – સુરત

જન્મ વિક્રમ ૧૯૧૪
વૈશાખ કૃષ્ણ ૩

સ્વર્ગવાસ વિક્રમ ૧૯૭૭
કાર્તિક શુક્લ ૧૦

# જે જે પુસ્તકોનો આધાર લીધો તેના નામોની યાદિ

૧. જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ–પ્રકાશક શતાબ્દિ સ્મારક સમિતિ સંવત ૧૯૯૨ સંપાદક મોહનલાલ દલીચંદ દેશાઈ મુંબઈ.

૨. ભક્તિમાર્ગ પ્રકાશ અથવા પૂજાસ્તવનાદિ સંગ્રહ પં. ગંભીરવિજયજી વિરચિત સંશોધક આણંદવિજયજી પ્રકાશક–ગીરધરલાલ હરજીવનદાસ ઘોઘાવાળા સંવત ૧૯૭૫ આસપાસ.

૩. સ્તવનાદિ સંગ્રહ–પ્રકાશક શ્રી આત્માનંદ સભા–મુંબઈ ૨૦૦૯

૪. "વિવિધ ગુટકા સંગીત સ્તવનાવલી પદ સજ્ઝાય સંગ્રહ કલ્યાણ મુનિકૃત સંવત ૧૯૯૩ પ્રકાશક મણીઆર કાંતીલાલ ખુશાલદાસ. કડી અમદાવાદ.

૫. શ્રી મોહનમાળા–સંપાદક મુનિશ્રી યશોવિજયજી. પ્રકાશક મુક્તિકમલ જૈન મોહનમાળા, વડોદરા

૬. વલ્લભવાણી–પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા, સંવત ૨૦૦૯

૭. સ્તવનાદિ સંગ્રહ–શ્રી બુદ્ધિસાગરસૂરિ ચરિત્ર. રચનાર ઋદ્ધિસાગરજી સંવત ૨૦૦૯ પ્રકાશક સાગરગચ્છ સાણંદ ૨૦૧૪

૮. શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરનું સંક્ષિપ્ત જીવન–પાદરાકર કૃત–પ્રકાશક ભાખરીઆ બ્રધર્સ મુંબઈ. ૨૪–૫–૫૬. ૨૦૧૨

૯. સ્તવન સંગ્રહ–શ્રી બુદ્ધિસાગરસુરિ ગ્રંથમાળા ૧૦૭. અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ.

૧૦. આવશ્યક મુકતાવલી સંપાદક મુનિશ્રી મહિમાવિજયજી–પ્રકાશક લલીત બ્રધર્સ. મુંબઈ. ૨૦૧૧

૧૧. શાસન પ્રભાવકસૂરિદેવ લેખક ધીરજલાલ ટોકરશી–પ્રકાશક આત્મ-કમલ લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાન મંદિર, મુંબઈ. ૨૦૧૬.

૧૨. આગમોદ્ધારકની શ્રુતોપાસના–પ્રકાશક રમણલાલ જયચંદ કપડવંજ ૨૦૧૬.

૧૩. શ્રી દેવ સૌભાગ્ય ગુલાબ ગુણચંદ્રમાલા–સંપાદક ખંભાતવાળા કંચનશ્રી. પ્રકાશક જસવંત ગીરધર અમદાવાદ. સં. ૨૦૧૨

૧૪. જિનેંદ્રસ્તવનમાળા–રચયિતા વિજયભુવનતિલકસૂરિ–પ્રકાશક જગુભાઈ લલ્લુભાઈ છાણી વડોદરા. સંવત ૨૦૧૩.

૧૫. શ્રી સ્થંભન પાર્શ્વનાથ માહાત્મ્ય તથા શ્રી જિનગુણ સ્તવનમાળા રચયિતા શ્રી યશોભદ્રવિજય પ્રકાશક શ્રી સુરત સંઘ સં. ૧૯૯૬

૧૬. શ્રી નૂતન જિનસ્તવનમાળાદિસંગ્રહ–રચયિતા મુનિરાજશ્રી દક્ષવિજયજી, પ્રકાશક ઇશ્વરલાલ મુળચંદ અમદાવાદ સં. ૧૯૯૬

૧૭. શ્રી સુધાકર રત્નમંજુષા-સંપાદક પૂ. મુનિશ્રી હંસસાગરજી–પ્રકાશક મોતીચંદ દીપચંદ ઠલીઆ સૌરાષ્ટ્ર સં. ૨૦૦૫

૧૮. રંગ-વિનોદ–પ્રથમ વિભાગ રચયિતા શ્રીરંગવિમળગણિ અમદાવાદ સં. ૧૯૯૨

૧૯. શ્રી જિનસ્તવનાદિ સંગ્રહ–પ્રણીતા અમૃતવિજયજીગણિ –પ્રકાશક સાકલચંદ ચિમનાજી સં. ૧૯૮૯

૨૦. શ્રી બાલચંદ્ર સ્તવનાવલિ–રચયિતા મુનિરાજ બાલચંદ્રજી પાર્શ્વચંદ્ર ગચ્છીય શ્રી સંઘ, સં. ૨૦૧૩

૨૧. શ્રી વિવિધ ગુટકા સંગીત સ્તવનાવલિ–પદ–સજ્ઝાય સંગ્રહ સં. ૨૦૧૩ પ્રકાશક મણીઆર કાંતીલાલ ખુશાલદાસ, કડી.

૨૨. શ્રી જિનેન્દ્ર સ્તવનાવલિ રચયિતા...પ્રકાશક સોમચંદ ડી. શાહ પાલીતણા સં. ૨૦૦૪.

૨૩. શ્રી જિન ભક્તિએ મુક્તિની દુતિ. પ્રકાશક મેતા નગીનદાસ તુલસીદાસ, જામનગર. સં. ૨૦૦૭.

૨૪. શ્રી અધ્યાત્મસાર ભાષાંતર. પ્રગટ કરનાર શેઠ નરોત્તમદાસ ભાણજી મુંબાઈ સં. ૧૯૭૨.

૨૫. શ્રી હંસવિનોદ પ્રકાશક ઇંદોર.

૨૬. શ્રી ગંહૂલી આદિ સંગ્રહ પ્રકાશક મુક્તાબાઈ જ્ઞાન મંદિર ડભોઈ ૨૦૧૭.

૨૭. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી જીવન પરિચય ૨૦૧૫.

૨૮. શ્રી ગી. વીરવિજયજી મહારાજનું જીવનચરિત્ર પ્રકાશક બીકાનેરવાલા સુમેરમલજી સુરાણા. ૧૯૭૭.

૨૯. શ્રી આત્મકાંતિપ્રકાશ–પ્રકાશક શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર. ૧૯૯૪.

૩૦. શ્રી અષ્ટાપદ તીર્થપુજા. પ્રકાશક શ્રી જૈન સાહિત્યવર્ધક સભા અમદાવાદ ૨૦૧૪

# આદિ–વચન

ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જૈનશાસન જગતમાં જયવંત વર્તી રહ્યું છે. જ્યાં સુધી શ્રી જિનાગમ, જિનમૂર્તિ અને જૈન શ્રમણ સંસ્થા આ અવનિતલમાં વિદ્યમાન છે ત્યાં સુધી આ શાસન જયવંત રહેશે એ નિઃસંદેહ હકીકત છે.

સર્વજ્ઞ; સર્વદર્શી અને સર્વશક્તિમાન શ્રી તીર્થંકર દેવોએ કથન કરેલા–પ્રરૂપેલા અને મહાન લબ્ધિવંત શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા શાસ્ત્રો–આગમો સૂત્રો આજે જ્વલંત પ્રકાશ પાથરી રહ્યા છે. આગમ ગ્રંથો જો આજે અસ્તિત્વમાં ન હોત તો આપણી શી દશા થાત! ધર્મ શું ને કર્મ શું? પાપ શું ને પુણ્ય શું! આત્મા શું ને પરમાત્મા શું! સન્માર્ગ શું અને ઉન્માર્ગ શું તેમજ હેય–જ્ઞેય અને ઉપાદેય શું આ બધી વસ્તુનું જ્ઞાન–ભાન આપણે શી રીતે કરી શકત! આપણા પૂર્વજોએ, પૂર્વાચાર્યોએ, એ આગમ ગ્રંથોને સાચવી રાખ્યા ન હોત તો આ અનુપમ સર્ચલાઈટનો પ્રકાશ આપણે ક્યાંથી મેળવી શકત, આપણા પરમ ભાગ્યોદયે, જેસલમેર, પાટણ અને ખંભાતના જ્ઞાનભંડારો અદ્યાવધિ સુચારુ રૂપે સચવાઈ રહ્યા છે.

શ્રમણ ભગવાન મહાવીર દેવને થયા આજે લગભગ અઢી હજાર વર્ષ વીતી ગયા અને હજી લગભગ સાડા અઢાર હજાર વર્ષ આ શાસન અવિચ્છિન્ન રીતે પોતાનો પ્રભાવ–પ્રકાશ પાડશે. એમાં મીનમેખ નથી. શ્રી ભગવાન મહાવીર દેવના પછી અદ્યાવધિ જૈન શાસનને મહાન જૈનાચાર્યોએ અને મહામના નિર્ગ્રંથ શ્રમણોએ દીપ્તિમંત રાખ્યું છે અને એ જ ત્યાગી શ્રમણ સંસ્થા આ શાસનની ધુરાને આગળ દીપ્તિમંત રાખશે.

### શ્રી જિન પ્રતિમાઓ.

જનતાની ધર્મભાવનાને જ્વાજલ્યમાન રાખનાર અને ભાવિકોને ધર્મમાં સ્થિર કરનાર શ્રી જીનેશ્વર દેવની પ્રતિમાઓ છે. ભારતવર્ષમાં ઠેર

ઠેર-ખૂણે ખૂણે જૈનમંદિરો, ભવ્ય તીર્થો અને પરમાત્માની પ્રશમ રસ ઝરતી હજારો મૂર્તિઓનાં દર્શન કરી લાખો ભવ્યાત્માઓ જીવનને પાવન બનાવી રહ્યા છે અને રહેશે.

આપણો આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મળ અને સ્વચ્છ છે. જેમ સ્ફટિક રત્નની પાસે જેવા રંગની વસ્તુ ધરશો તેવો જ તેમાં પ્રતિભાસ થશે. તદ્રુપ તે બની જશે. તેવી જ રીતે આપણો આત્મા પણ નિમિત્ત-વાસી છે. આત્માને બાહ્ય વાતાવરણ અસર કરે છે. કોલસાની દુકાન પાસે ઉભા રહેશો તો હાથપગ અને વસ્ત્ર રહેજે કાળા થવાના અને અત્તારિની દુકાન પાસે ઉભા રહેતા રહેજે સુવાસનું મઘમઘતું વાતાવરણ પ્રસરવાનું જ ત્યારે જ્યાં સુધી આત્માને બાહ્યવાતાવરણ અને નરસી-અશુભ અસર ઉત્પન્ન કરે છે, ત્યાં સુધી સુંદર આલંબનોની, શ્રેષ્ઠ આદર્શોની સારા નિમિત્તોની અને ભવ્ય વાતાવરણની તેટલી જ જરૂર રહે છે. બાહ્ય આલંબનોમાં ઉંચામાં ઉંચું પરમ અને શ્રેષ્ઠ આલંબન શ્રી જીનેશ્વર દેવની પ્રશમ રસ ઝરતી, વીતરાગતાનો ભવ્ય ખ્યાલ આપતી શ્રી જિનમૂર્તિઓ છે. પર-માત્માની મૂર્તિના દર્શન કરી અગણિત આત્માઓએ જીવનને પાવન બનાવ્યું છે. અને એ વાત તો અતિ જાણીતી છે કે મગધાધિપ શ્રી શ્રેણિકરાજાના મહાબુદ્ધિનિધાન મહામાત્ય શ્રી અભયકુમારે અનાર્ય દેશમાં રહેલા શ્રી આદ્રકુમારને ભેટમાં શ્રી જિનમૂર્તિ મોકલી હતી. અને એ જીનેશ્વર દેવની મૂર્તિના દર્શન કરી શ્રી આદ્રકુમાર જાતિસ્મરણ જ્ઞાનવાન બન્યા અને એમણે નિજનો ઉદ્ધાર કર્યો.

શ્રી અષ્ટાપદજી તીર્થ ઉપર બિરાજમાન શ્રી ચોવીશ તીર્થંકર દેવોની પ્રતિમાઓના દર્શનાર્થે પ્રતિવાસુદેવ-રાવણ પોતાની પટરાણી મંદોદરી વિ. સાથે ગયા હતા અને ત્યાં તેઓ પરમાત્માની ભક્તિમાં એવા તો લીન બની ગયા હતા કે મંદોદરી નૃત્ય કરી રહી હતી ત્યાં અચાનક તંત્રી-વીણાનો તાર તૂટી ગયો પણ ભક્તિનો તાર ન તૂટવા દીધો.

તરતજ રાવણે પોતાની નસ ખેંચી કાઢી તંત્રીમાં જોડી દીધી અને ભક્તિમાં એક તાર બની ગયા. તેજ વખતે આવી અપૂર્વ–અનન્ય અસાધારણ ભક્તિના પ્રભાવથી રાવણે શ્રી તીર્થંકર ગોત્ર ઉપાર્જ્યું લીધું.

यास्याम्यायतनं जिनस्यलभते ध्यायंश्चतुर्थफलं
षष्ठं चोत्थित प्रस्थितोऽष्ठममथो गन्तुं प्रवृत्तोऽध्वनि।
श्रद्धालु र्दशमं बहिर्जिन गृहात् प्राप्तस्ततोद्वादशं
मध्ये पाक्षिक मीक्षिते जिनपतौ मासोपवासंफलम् ॥

પુણ્યવાન આત્માઓ પ્રભાતમાં ઘેર બેઠા બેઠા 'હું પરમાત્મા દેવાધિદેવના દર્શન કરવા જાઉં' એવો ઉત્તમ વિચાર કરે તેટલા ભાવમાં એક ઉપવાસનું ફળ મેળવે છે. દર્શન કરવાની અભિલાષા થતાં જ્યાં તે ઉભો થાય એટલે છટ્ઠ એટલે બે ઉપવાસનું ફળ મેળવે છે. અને રસ્તે જતાં અટ્ઠમ એટલે ત્રણ ઉપવાસ, શ્રી જિનમંદિર સમીપે આવતા પાંચ ઉપવાસ, જિનમંદિરના મધ્ય ભાગમાં પ્રવેશતા ૧૫ ઉપવાસ અને પરમાત્માની પ્રતિમાના દર્શન કરતાં એક મહિનાના ઉપવાસનું ફળ મેળવે છે. નંદન મણિયારનો જીવ પોતે બંધાવેલી વાવડીમાં અત્યાસકત થવાના કારણે એજ વાવડીમાં દેડકા તરીકે જન્મે છે. શ્રમણ ભગવાન મહાવીરદેવની પધરામણીના સમાચાર વાવડીએ પાણી ભરવા આવેલી બહેનોના મુખથી પુનઃ પુનઃ શ્રવણ કરતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે. નંદમણિયારના જીવ એ દેડકાને પરમાત્મા મહાવીરદેવના દર્શન કરવાની અભિલાષા જાગી, જે દિશામાં પરમાત્મા પધાર્યા હતા. બિરાજમાન હતા તેજ દિશામાં દર્શનની તમન્નાથી આ દેડકો જઈ રહ્યો છે પણ મનોરથ કોના પૂર્ણ થયા છે. રસ્તે જતાં અચાનક શ્રેણિક રાજાના ઘોડાનો પગ એ દેડકા ઉપર આવ્યો અને તેના પ્રાણ નીકળી ગયા. પણ પ્રભુના દર્શનની ભાવનાના યોગે એ દેડકાનો જીવ સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. પ્રભુના દર્શનની ભાવના પણ આત્માને સદ્ગતિમાં લઈ જાય છે ત્યારે તેમની પૂજાઅર્ચા અને ભાવનામાં આત્માલીન બને તો કેવળજ્ઞાન મેળવે એમાં શી નવાઈ છે.

શાસ્ત્રકારોએ પરમાત્માની પૂજા તથા ભક્તિના ફળનું વર્ણન કરતા જણાવ્યું છે કે :-

**पयाहिणेण पावइ वरिससयं तओ पुणो महिए**
**पावइ वरिस सहस्सं अणंत पुण्णं जिणे थुणिए ॥**

પરમાત્મા જીનેશ્વર દેવને પ્રદક્ષિણા દેવાથી ૧૦૦ વર્ષનું પરમાત્માની પૂજા-અર્ચા કરવાથી ૧૦૦૦ વર્ષનું અને પ્રભુની ભાવપૂજા યાને સ્તવના ભક્તિ સ્તુતિ વિ. કરવાથી આત્મા અનંત અનંત પુણ્યનું ઉપાર્જન કરે છે. નીચેનો શ્લોક એજ વાતની સાક્ષી પૂરે છે.

**सयं पमज्जणे पुण्णं सहस्सं च विलेवणे**
**सय साहस्सि आमाला अणंतं गीय वाइए**

તેમજ શ્રી જ્ઞાન વિમળસૂરિજી મહારાજ રચિત ચૈત્યવંદનમાં પણ નિમ્ન ગાથાઓ જોવા મળે છે.

જીનવર બિંબને પૂજતાં હોય શત ગણું પુણ્ય.
સહસગણું ફળ ચંદને, જે લેપે તે ધન્ય.
લાખગણું ફળ કુસુમની, માળા પહિરાવે.
અનંત ગણું ફળ તેહથી, ગીતગાન કરાવે.

ચૈત્યવંદનમાં પૂ. ઉ. વિનયવિજયજી મ જણાવે છે કે :-

જિનવર પાસે આવતા, છ માસી ફલ સિદ્ધ.
આવ્યા જિનવર બારણે, વર્ષી તપ ફલ લીધ.
સો વર્ષ ઉપવાસ પુણ્ય; જે પ્રદક્ષિણા દેતા.
સહસ વરસ ઉપવાસ પુણ્ય, જે નજરે જોતાં.
ફળ ઘણું ફૂલની માળ, પ્રભુ કંઠે ઠવતાં.
પાર ન આવે ગીતનાદ, કેરા ફળ ગુણતાં.

✱ ✱ ✱

નિર્મળ તનમને કરીએ; થુણતાં ઇંદ્ર જગીશ.
નાટક ભાવના ભાવતાં, પામે પદ્ગી જગીશ.

એટલે દેવાધિદેવની ભક્તિ પૂજા સ્તવના સ્તુતિ ઉપાસના કે ગુણ-ગાન કરતાં આત્મા જન્મ જન્માન્તર સંચિત અનંત અનંત કર્મ વર્ગણાઓને ક્ષણવારમાં વેરવિખેર કરી નાંખે છે.

જ્ઞાનીઓ કથે છે કે—

**भत्तिए जिणवराणं खिज्जंती पुव्व संचया कम्मा**
**गुण पगरिस बहुमाणो कम्मवण दवाणलो जेण ।**

શ્રી જીનેશ્વર દેવની ભક્તિમાં આસક્ત આત્માઓ પૂર્વ સંચિત નિબિડ કર્મોને પણ ભસ્મીભૂત કરી નાંખે છે. કારણ કે ગુણ પ્રકર્ષને પામેલાનું બહુમાન એ કર્મવનને દગ્ધ કરવા માટે દાવાનલ સમાન છે. મહાપ્રભાવક જૈનાચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજે કલ્યાણ મંદિર સ્તોત્રમાં એવા જ ભાવાર્થનો ભવ્ય શ્લોક રજૂ કર્યો છે. અને તે એ કે—

**ध्यानाज्जिनेश भवतो भविनः क्षणेन**
**देहं विहाय परमात्मदशां व्रजंति**
**तीव्रानलादुपलभावमपास्य लोके**
**चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥**

શ્લો : ૧૫ કલ્યાણમંદિર

હે જિનેશ્વર દેવ! જેમ લોકમાં માટી મિશ્રિત વસ્તુઓ ધાતુઓ આકરી, તીવ્ર, અગ્નિના સંયોગથી પત્થરપણાને છોડીને તરત જ સુવર્ણપણાને પામે છે. તેમ ભવ્ય પ્રાણીઓ આપના ધ્યાનથી ક્ષણવારમાં શરીરને છોડીને પરમાત્મ દશાને પામે છે.

ગૌતમસ્વામી ભગવાન પરમાત્માને પ્રશ્ન કરે છે કે હે ભગવન્!

**चउव्वीसत्थपणं भंते किं जणयई ?**

પરમાત્મા જવાબ આપે છે :–

**गोयमा ! चउव्वीसत्थपणं दसणं विसोहि जणयई ।**

મતલબ ચોવીશ તીર્થંકર દેવોની સ્તુતિ સ્તવના ઉપાસના અને ભક્તિ કરવાથી આત્મા દર્શન વિશુદ્ધિ પામે છે. તેનું સમકિત નિર્મળ બને છે. માટે જ અનુભવીઓએ ઉચ્ચાર્યું છે કે—

'ભક્તિ વિના મુક્તિ નહિ'

**भत्तिए जिणवराणं परमाए खीणपिज्ज दोसाणं**
**आरोग्ग बोहिलाभं समाहि मरणं च पावेंति ॥**

**उ. सू. अ. २९**

જેમના રાગદ્વેષ રૂપી દોષો ક્ષીણ થઈ ગયા છે એવા વીતરાગ દેવની પરમ ભક્તિ કરવાથી આરોગ્ય–બોધિ લાભ અને સમાધિયુક્ત મરણ પામી શકાય છે.

ભક્તિની આસક્તિ વિરક્તિ પેદા કરે છે. ભક્તિથી અનેક શક્તિઓ ઉત્પન્ન થાય છે. અને આત્મા કર્મથી વિમુક્તિ મેળવી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે. ભક્તિનો મહિમા અપરંપાર છે. વંદન, પૂજન, સત્કાર, સન્માન સ્તવન, કીર્તન, ભજન, સ્તુતિ, પ્રશંસા. ગુણગાન નમસ્કાર–સેવા અને ઉપાસના આ બધા ભક્તિના જ પ્રકારો છે.

સુરો અને સુરેન્દ્રો પરમાત્માની ભક્તિમાં અપૂર્વ આલ્હાદ અનુભવે છે. તે વખતે તેઓ—

**तृणमपि गणयन्ति नैव नाकं।**

સ્વર્ગલોકને પણ એક તણખલા તુલ્ય સમજે છે.

મહાન પુણ્યે આત્માને દેવાધિદેવની ભક્તિ કરવાની અમૂલી તક પ્રાપ્ત થાય છે. ભૂતકાળમાં પ્રભુભક્તિ કરી કૈંક જીવો તરી ગયા, વર્તમાનમાં તરી રહ્યા છે. અને ભવિષ્યમાં પણ તરશે.

પ્રાજ્ઞ પુરુષોએ કહ્યું છે કે :–

**इलिका भ्रमरी ध्यानात् यथा भ्रमरी त्वम[?]नुते**
**तथा ध्यायन् परमात्मनं परमात्मत्वमाप्नुयात् ॥**

ઇયળ એ તેઇન્દ્રિય પ્રાણી છે પણ એ ઇયળ ભ્રમરીના સતત ધ્યાનથી ભ્રમરીપણે ઉત્પન્ન થાય છે. (ચઉરિન્દ્રિયપણે) તેજ પ્રમાણે આત્મા પરમાત્માના સતત ધ્યાનમાં જો તન્મય, તદ્રુપ, એકતાર અને એકતાન બની જાય તો આત્મા પણ પરમાત્મા બની જાય.

'સોઽહં'' એ શબ્દ પણ આપણને કહે છે કે સ એટલે પરમાત્મા અને અહં એટલે હું મતલબ હું પરમાત્મ સ્વરૂપ છું 'પણ વર્તમાનમાં કર્મોના ગાઢ આવરણોથી મારી એ ઉન્નત દશા અવરાઈ ગઈ છે.

એ પરમદશા--પરમાદર્શ અને પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે શ્રુતિઓ કહે છે કે **'अभेद भावनया यतित्तव्यं'** પરમાત્મા સાથે અભેદ ભાવનાથી આત્માને ભાવિત કરીશું તો આપણે પણ એક દિવસ એ જ ઉન્નત, ઉર્ધ્વ અને પરમ સ્થિતિ પરમાત્મપદને મેળવી શકીશું.

**पावयणी धम्म कही वाइ निमित्तिओ तवस्सीय**
**विज्जा सिद्धाय कवी अट्ठेव पभावगा भणिया**

ન્યાયના પ્રકાણ્ડ વિદ્વાન જૈન શાસનના મહાન પ્રભાવક પૂ. ઉપાધ્યાયજી મહારાજે એક સ્થળે ગાયું છે કે 'ધનધન શાસન મંડન મુનિવરા.'

જૈન આગમોમાં આઠ પ્રભાવકોનું વર્ણન આવે છે. એક પ્રાવચનિક, બીજા ધર્મ કથિક ત્રીજા નૈમિત્તિક ચોથા વિદ્યાસિદ્ધ, પાંચમા યોગસિદ્ધ, છઠ્ઠા વાદી સાતમા ઉત્કૃષ્ઠ તપસ્વી અને આઠમા કવિ એટલે આઠ પ્રભાવકોમાં કવિને પણ પ્રભાવક ગણાવવામાં આવ્યા છે. પ્રભાવક એટલે શાસનની પ્રભાવના કરનારા.

પૂર્વના મહાન જૈનાચાર્યો જેવા કે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ. મ. શ્રી માનતુંગસૂરિ, મ. શ્રી માનદેવસૂરિ, મ. શ્રી હેમચંદ્રાચાર્ય, મ. શ્રી ભદ્રબાહુસ્વામીજી, શ્રી મુનિસુંદરસૂરિ મ. શ્રી નંદિષેણ આચાર્ય, ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ વગેરે સંખ્યાબંધ જૈનાચાર્યોએ સંખ્યાબંધ સ્તુતિ—સ્તોત્રોની ગીર્વાણગિરામાં રચના કરી સમગ્ર વિશ્વ પર

અસીમ ઉપકાર કર્યો છે. આજે પણ એ મહાન પુરુષોએ રચેલા-ગૂંથેલા કાવ્યો સ્તોત્રો અને સ્તુતિઓ અગણિત ભવ્યાત્માઓ ખૂબ બહુમાન પૂર્વક યાદ કરી સ્તવના કરી જટિલ અને નિબિડ કર્મોની નિર્જરા કરે છે અને પુણ્યાનુંબંધી પુણ્યના ભાગીદાર બને છે, તેવી જ રીતે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. શ્રી વિનયવિજયજી મ. શ્રી માન વિજયજી મ. શ્રી મોહનવિજયજી લટકાળા. શ્રી દીપવિજયજી મ. શ્રી શુભવીરવિજયજી મ. શ્રી જ્ઞાનવિમળસૂરિ મ. શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ. શ્રી વિજયલાભસૂરિ મ. શ્રી ઉદયરત્નજી. શ્રી સમયસુંદરગણિ શ્રી નય-વિજયજી મ. પં. શ્રી પદ્મવિજયજી ગણિ. શ્રી આનંદઘનજી મ. શ્રી દેવચંદ્રજી. શ્રી સકળચંદ્ર ઉ. તથા શ્રી આત્મારામજી મ. વિગેરે મહાન કવિઓએ હજારોની સંખ્યામાં સ્તુતિ-સ્તોત્ર અને સ્તવનોની ગૂંથણી કરી છે. આ મહાનપુરૂષોએ ભાવવાહી રસપ્રદ કર્મનિર્જરાના હેતુભૂત સુંદર સ્તવનોની રચના કરી સાધારણ જનતા ઉપર અસાધારણ ઉપકાર કર્યો છે. ભાવિક ભક્તો આ સ્તવનો દ્વારા પ્રભુ ભક્તિમાં લીન-તલ્લીન બની પરમાત્માની ઉપાસના-સેવા કરી અનંત પુણ્ય ઉપાર્જન કરે છે.

સ્તવનોમાં વૈવિધ્યતા હોવાના કારણે પ્રાકૃત-સામાન્ય- જનતાને એમાંથી ઘણું ઘણું જાણવા શીખવાનું મળે છે.

સ્તવનોમાં આઠ પ્રાતિહાર્ય, તીર્થંકર દેવોના જીવનચરિત્રો નગરી, જન્મ સ્થાન, લાંછન, વર્ણ, આયુષ્યમાન, માતાપિતાના નામો, ગોત્ર, દેહમાન અતિશયો, આત્મસ્વરૂપ, કર્મસ્વરૂપ, કંઈ જાતની પ્રાર્થનાઓ કરવી, પર્વોનું જ્ઞાન, કલ્યાણક દિવસો, આત્મગુણો, વિ. વિ. અનેક વસ્તુઓને એ મહાપુરૂષોએ સ્તવનો, સ્તુતિઓ અને ચૈત્યવંદન વિ.માં વણી લીધી છે.

આજે સ્થળે-સ્થળે હજારો ભાવુક હૈયાઓ પ્રતિદિન પ્રભાતે પર-માત્માના મધુર કંઠે બુલંદ સ્વરે ભક્તિ ભર્યા હૈયે ગુણગાન કરી જીવ્હા પાવન કરે છે. એટલું જ નહિ પણ જીવનને પાવન બનાવે છે અને ઉત્તરોત્તર પ્રગતિ સાધી મુક્તિ સૌધમાં સીધાવી જાય છે.

ઇતર દર્શનકારોએ—

જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ એમ ત્રણ પ્રકારના યોગો માન્યા છે. તેમાં બહુશઃ મોટાભાગે આત્માઓ ભક્તિયોગનો આશ્રય લઇ આત્માને ભક્તિ રસથી ભાવિત કરી અનોખો આનંદ મેળવે છે. પુણ્યના ભાગી બને છે અને કર્મનિર્જરા પણ કરે છે.

સંત તુલસીદાસજી, સંત કબીરદાસ શ્રી જ્ઞાનેશ્વર, મીરાબાઇ, સંત તુકારામ અને નરસિંહ મહેતા જેવા જૈનેતર પ્રભુભક્તોના નામ ઘણા જાણીતા છે.

સંત તુકારામને માટે કહેવામાં આવે છે કે તેઓ ભક્તિરસમાં તલ્લીન બન્યા હતા, પ્રભુના ગાનમાં મશગુલ હતા ત્યારે તેમને કોઇએ સમાચાર આપ્યા કે તમારા પત્નિ યમધામે સીધાવી ગયા—ગુજરી ગયા. પત્નિ મૃત્યુના આ સમાચાર સાંભળતાં તેઓ બોલી ઉઠયા કે:

'વિઠો તુઝે માઝે રાજ'

હવે આજથી હે વિઠોબા! તારું અને મારું રાજ્ય છે. ઉપાધિ ઓછી થઇ. તેથી ભક્તિ કરવાની ઉમદા તક પ્રાપ્ત થઇ. તેવી જ દંતકથા નરસિંહ મહેતા માટે પ્રચલિત છે કે તેઓ પણ ભગવાનની ભક્તિ કરતા હતા ત્યારે તેમને કોઇએ સમાચાર આપ્યા કે તમારી પત્ની મૃત્યુ પામી. નરસિંહ મહેતાના કર્ણોમાં જ્યાં આ સમાચાર સંભળાયા ત્યાં જ તેઓ બોલી ઉઠયા:

ભલુ થયું ભાંગી જંજાળ
સુખે ભજીશું શ્રી ગોપાળ.

આ સંસારની આળ પંપાળ ને જંજાળમાં પરમાત્માની ભક્તિમાં અનેક અંતરાયો આવતા હતા, હવે એ અંતરાય દૂર થયો એટલે પરમાત્માનું ભજનકીર્તન સુખપૂર્વક સતત કરી શકાશે.

જૈનેતરો પણ કેવા પ્રભુભક્તો થયા છે. એના આ નમુના છે.

એક અનુભવ—

દેશોદેશમાં પગપાળા વિહરતા અમને એ અનુભવ થયો છે કે જેને આપણે ગામડિયા-ગમાર અને અજ્ઞાન વિ. વિશેષણોથી સંબોધીએ છીએ પણ અમારો અનુભવ એમ કહે છે કે એમને ગમાર કે અજ્ઞાન કહેવા કે અમારી ભણેલી ગણેલી કોમને અજ્ઞાન કહેવી, કારણ કે દિવસમાં એ ભોળી અજ્ઞાન જનતા કામકાજથી થાકી પાકી હોવા છતાં રાતના દશ વાગે નીરવ શાંત વાતાવરણમાં તંબૂરાના તાર સાથે અને કાંસી જોડા અને ઢોલ આદિ વિવિધ વાદ્યો સાથે એ લોકો એવા તો તન્મય બની જાય છે કે ન પૂછો વાત, સાંભળતા, સાંભળતા આપણને જરાય કંટાળો ન આવે. તેમાં એક તાલ, એક સ્વર અને એક સાથે એવી તો ભજન કીર્તનની ધૂન મચાવે છે કે જાણે આત્મા ખોવાઈ જાય. ભક્તિ રસમાં એટલા બધા એ લોકો મશગુલ અને મસ્તાન બની જાય છે કે થોડીવાર માટે સમસ્ત જગતને ભૂલી પ્રભુભક્તિમાં ઝુલી અનંત પુણ્યનું ઉપાર્જન કરી લે છે.

એવા સમયે અમને આપણી શિક્ષિત જનતા યાદ આવે છે કે એક '**નમોઽસ્તુ વર્ધમમાનાય**' બોલતા પ્રતિક્રમણમાં કેવી ગડબડ મચે છે કેવું અશિસ્ત વાતાવરણ સર્જાય છે. અને એ કયાં અજાણ્યું છે એક ધીમે બોલે, બીજો રાડ પાડે ત્રીજો આડો અવળો જાય. એક નમોઽસ્તુ પણ એક સાથે એક સ્વરે તાલબદ્ધ રીતે મધુર અને બુલંદ કંઠે આપણે બોલી શકતા નથી, તેના કરતા તો સ્ત્રી સમુદાય 'સંસાર દાવાની' સ્તુતિ એક સરખી રીતે બોલે છે, કે જે સાંભળતા કાન ઊંચા થાય છે. આવા પ્રસંગે આપણને એમ થાય છે કે એ ભોળી ગામડાની અજ્ઞાન જનતાને ગામડિયા કહેવા કે આપણા ભણેલા ગણેલા વર્ગને.

જિનમંદિરનું વાતાવરણ કેવું શાંત હોવું જોઈએ, કેવા મીઠા મધુરા મંદ સ્વરે પ્રભુ સ્તવનો ગીતો ગાવા જોઈએ, કે દર્શનાર્થી ઘડીભર ત્યાંને ત્યાં થંભી જાય, પણ બને છે આનાથી ઉલટું કારણ કે સ્તવન ગાનારાઓ

ઉંચા સ્વરે બરાડા પાડી ગાવા મંડી પડે છે. એટલે સાંભળનારા ભડકી ઉઠે છે. આમ કરવાથી આપણે અંતરાયના ભાગીદાર બનીએ છીએ. જિનમંદિરમાં કોઈ ભાવિક પ્રભુભક્તિ કરતું હોય, કોઈ માળા ગણતું હોય એ બધાં ભાવિકોનું ચિત્ત ચલાયમાન કરવામાં આવા લોકો કારણ બને છે.

'અણુંતં ગીય વાઈએ'

ગીત–વાજીંત્ર પૂજા કરતાં યાને ભાવપૂજામાં આત્મા લયલીન બને તો નાગકેતુની જેમ કેવળજ્ઞાન મેળવી લે પણ હાહો કરીને કે રાડો પાડીને નહિ, ગાતા ન આવડતું હોય તો ન ગાવું બહેતર છે. પણ બરાડા પાડવાથી કેવળ આત્માને અંતરાયના ભાગી બનવું પડે છે. પરમાત્મા તો સર્વજ્ઞ અને સર્વદર્શી છે. આપણે મનમાં સ્તુતિ સ્તવના કરીએ તો પણ એ જાણે છે. માટે સ્તુતિ–સ્તવન વિ. મીઠા મધુર મંદ સ્વરે કરવા ખાસ ઉપયોગ રાખવાની જરૂર છે. ક્રિશ્ચીયનોના દેવળોમાં પ્રાર્થનાના સમયે હજારો માણસો ભેગા મળવા છતાં કેવી શિસ્તપૂર્વક શાંતીથી તેઓ પ્રાર્થના કરે છે. તેમનો આ ગુણ આપણે શીખવા જેવો છે. અનુકરણ કરવા જેવો છે.

આપણો તપ, આપણો ત્યાગ, આપણા સિદ્ધાંતો આપણા સાધુઓ, આપણા આચાર વિચાર બધું ય ઉંચુ અને આદર્શ હોવા છતાં શિસ્તના અભાવે બધું ઝાંખુ પડી જાય છે. માટે આપણા બાળકોને, આપણા પરિવારને શિસ્તની તાલીમ આપવાની જરૂર છે.

વ્યવહારમાં હરેક સ્થળે કોર્ટ કચેરી સ્કુલ કોલેજ અને સભા–પાર્ટીઓમાં આપણે શિસ્ત રાખીએ છીએ જ્યારે ધર્મ સ્થાનકોમાં જ કેમ તેનો અભાવ દેખાય છે એની કંઈ સમજ પડતી નથી. ખરી રીતે ધર્મ અને ધર્મક્રિયા પ્રત્યે જે રસ અને રૂચિ હોવી જોઈએ તેનો અભાવ છે.

## સંગીતનો પ્રભાવ–

સંગીત એ એક એવી વસ્તુ છે કે આત્મા તેમાં ઓતપ્રોત બની જાય છે નિજને ભૂલી જાય છે અને ભક્તિરસમાં તરબોળ બની જાય છે.

મેડમ મોંટેસરીનું નામ શિક્ષણ ક્ષેત્રે ઘણું જાણીતું છે. એને એક બિલાડી પાળી હતી. બધાજ આ બિલાડી માટે ફરિયાદ કરતા હતા, આ આવી છે ને તેવી છે. એનો સ્વભાવ ખરાબ છે અને બધાયને હેરાન કરે છે. પણ સ્વભાવની ખરાબ બિલાડી પણ પિયાનાના સંગીતદ્વારા શાંત અને ડાહી બની જાય છે.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ શ્રી આઇઝનઓવરનો પગ કાપવાની ડોકટરોએ જ્યારે સલાહ આપી ત્યારે બધા સગાંસ્નેહીઓ વિચારમાં પડી ગયા. પગ કપાવવામાં ન આવે તો જીવન જોખમમાં મૂકાય તેમ હતું અને પગ કપાવવો એ કોઈ રીતે પાલવે તેમ નહોતું. છેલ્લે સૌ પાર્થનામાં લીન બની ગયા. પરિણામ એ આવ્યું કે પ્રેસીડેન્ટનો પગ વગર કપાવ્યે એકદમ સારો થઈ ગયો. દર રવિવારે વોશિંગ્ટનમાં નિયમિત પ્રાર્થનામાં પ્રમુખશ્રીને આવતા જોઈ સૌને આશ્ચર્ય થતું હતું. તેઓ માનતા હતા કે પ્રાર્થનાનું બળ કોઈ અનોખું છે અને તે દ્વારા ઘણી મુશીબતોમાં અને ઘણા યુદ્ધોમાં મેં વિજય મેળવ્યો છે.

પાશ્ચાત્ય દેશમાં અનેક હોસ્પીટલોમાં પ્રાર્થનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. અને આ માટે અનેક પાદરીઓને–ધર્મગુરૂઓને હોસ્પીટલોમાં રોકવામાં આવ્યા છે આથી દર્દીઓ સારા થઈ ગયાના અનેક દાખલાઓ નોંધાયા છે. શ્રી તીર્થંકર દેવો માલ કોષ રાગમાં દેશના આપે છે. દેશના શ્રવણ કરી શ્રોતાજનો મંત્રમુગ્ધ બની ડોલી ઊઠે છે. તેઓશ્રીની સાનિધ્યમાં ક્રૂર અને હિંસક જાનવરો પણ વેરઝેરને ભૂલી જઈ ખભેખભા મીલાવી સાથે બેસે છે.

સા રી ગ મ પ ધ ની સા આ સાત સ્વરોમાં જબ્બર શક્તિ રહેલી છે.

કુશળ સંગીતકાર મેઘમલ્હાર રાગ છેડે તો અકાળે મેઘરાજાનું આગમન થાય છે. હિંડોલ રાગ ગાતાં હિંડોળો હીંચવા માંડે છે. દીપક રાગ છેડતા દીવેટ અને તેલથી પૂરેલી દીવીઓની દીવેટો અચાનક પ્રગટી ઉઠે છે. યાને દીપકો પ્રગટે છે. પૂરીયા રાગ સાંભળતા સાંભળતા શ્રોતાજનો નિદ્રાધીન બની જાય છે. દુધ દોહતી વખતે સંગીત ચાલતું હોય તો ગાય-ભેંસ વિ. પ્રાણીઓ અધિકાધિક દુધ આપે છે. સંગીતના પ્રભાવે રાજ્યક્ષ્મા ટી. બી. જેવા દર્દીઓ પણ સાજાતાજા બની જાય છે.

## કવિની કવિતા

કહેવત છે કે "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ."

**कवि करोति काव्यानि रसं जानन्ति पंडिताः ॥**

કવિવરો કાવ્યોની ગૂંથણી કરે છે પણ એનો ખરો રસ અનુભવીઓ માણે છે. કવિની કવિતામાં સ્હેજે તે કાળનું વાતાવરણ ચાલ-દેશી-રાગ ભાષા વિ.ની છાયા જોવામાં આવે છે.

પ્રાચીન પૂજા અથવા સ્તવનોની ચાલ-દેશી તરફ નજર કરશો તો જણાશે કેવી કેવી દેશીઓ હોય છે. જેવી કે-'ઇડર આંબા આંબલીરે' 'મારો પિયુડો ગયો પરદેશ' 'જોબનીયાનો લટકો' 'સખીરી આવ્યો રે વસંત અટારડો' વિ. વિ.

આથી સમજી શકાય છે-કે આમ જનતામાં જે દેશી-ચાલ વિ. પ્રચલિત હોય તે જ રાગ-ચાલ યા દેશીમાં સ્તવનો વિ.ની રચના કરવામાં આવે તો સ્હેજે તે ગીતો લોક જીભે ચઢી જાય છે.

એટલે આ પ્રસ્તુત પુસ્તકમાં અન્યાન્ય અનેક કવિવરોએ આધુનિક દેશીઓ-ચાલોનો ઉપયોગ કર્યો છે. અને તેથી જ પ્રત્યેક નગર-ગામ પુરના મંદિરે મંદિરે આપણને એ ભાવવાહી સ્તવનો સાંભળવા મળે છે.

પૂર્વાચાર્યોના સ્તવનોની દેશીઓ અત્યંત પ્રાચીન હોવાના કારણે આધુનિક જનતાને કંઠસ્થ કરવા અઘરા લાગે છે. તેનો ભાવ પણ

સમજાતો નથી. તેથી એ જરૂરી હતું કે આધુનિક પ્રજા પણ પ્રભુ ભક્તિનો લાભ લઈ નિજનું કલ્યાણ કરે. જે યુવક યુવતીઓ કદી ય મંદિરમાં નજરે ન પડે એ આધુનિક વર્ગ આવા નવીન રસપ્રદ અને ભાવવાહી સ્તવનો-સજઝાયો શ્રવણ કરવા ઉમંગથી દોડી આવે છે.

આધુનિક કવિવરોએ આ નવા વર્ગ ઉપર અસીમ ઉપકાર કર્યો છે. એજ રાગોમાં સ્તવનો બનાવવાથી જનતા એ જ સ્તવનોને લલકારે છે.

વિના પક્ષપાતે મારે કહેવું જોઇએ કે આ સદીમાં અત્યંત પ્રસિદ્ધિ પામેલા અમારા સ્વ. પરમ ગુરુદેવ કવિકુલકીરિટ વિજય લબ્ધિસૂરીશ્વરજી. મહારાજનો પણ આધુનિક કવિવરોમાં મહત્વનો ફાળો છે. આજની ઉગતી યુવાન પ્રજાપર તેમણે સેંકડો સ્તવનો રચી ભારે ઉપકાર કર્યો છે.

જૂના સ્તવનોની જેમ નવા સ્તવનો પણ ભાવવાહી રસપ્રદ અને ભક્તિ રસમાં તરબોળ કરી દે તેવા હોય છે.

આપણને તો શાસ્ત્ર સંમત જૂનું હોય કે નવું હોય બધુંજ માન્ય છે.

શેઠ શ્રી **નગીનભાઇ મંછુભાઇ સાહિત્યોદ્ધાર ફંડના ટ્રસ્ટીઓ** તરફથી **શ્રી જૈન ગૂર્જર સાહિત્ય-રત્નો અને તેમની કાવ્ય-પ્રસાદી** રૂપ પ્રથમ ભાગ વિ. સં. ૨૦૧૬માં પ્રગટ થયો છે. તેમાં મહાન પૂર્વાચાર્યો અને અનેક મહાન મુનિવરોએ રચેલા સ્તવનોનો સંગ્રહ છે એટલું જ નહિ પણ સાથે સાથે તે તે મહાપુરૂષના જીવનની આછી રૂપરેખાનો પણ ખ્યાલ આપવામાં આવ્યો છે. ખરેખર પુસ્તકને ઐતહાસિક રૂપ અપાયું છે. તેમજ સ્તવનોના ભાવાર્થ વિ. થી. પુસ્તક સમૃદ્ધ બનાવવામાં આવ્યું છે.

— ત્યારપછી ઉપર્યુક્ત **સંસ્થા** તરફથી ટૂંકા ગાળામાં જ વાંચકો સમક્ષ શ્રી ગુર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય પ્રસાદી રૂપ આ બીજો ભાગ રજૂ થઈ રહ્યો છે. એ ખરેખર આનંદ અને ગૌરવનો વિષય છે.

ઝવેરી ભાઇચંદભાઇ નગીનભાઇ સાહિત્ય ક્ષેત્રે કેટલું સુંદર કાર્ય કરી રહ્યા છે. તેનો આ બન્ને ભાગો જોવાથી આપણને ખ્યાલ આવશે. તેઓ શ્રી ગોડીજી જૈન મંદિર તેમજ અનેક સંસ્થાઓના ટ્રસ્ટી છે. દેવ

ગુરુ અને ધર્મના પૂર્ણ ઉપાસક છે. વયે વૃદ્ધ હોવા છતાં સાહિત્ય પ્રકાશનના કાર્યમાં એક નવજવાનને શરમાવે તેવું કાર્ય તેઓ કરી રહ્યાં છે. દિન-રાત સાહિત્ય સેવામાં જ તેઓ રચ્યાપચ્યા રહે છે. શ્રાવક વર્ગમાં આવા ઇતિહાસના જાણકાર તત્વજિજ્ઞાસુ ઘણા જ ઓછા જોવામાં આવે છે. ભાઈચંદભાઈને આ કાર્યમાં ઉંડો રસ છે. જિજ્ઞાસાવૃત્તિ છે અને ધગશ છે. એટલે જ તેઓ આવી સુંદર સાહિત્યની સેવા કરી રહ્યા છે. એમણે આ બીજા ભાગમાં સારી ખ્યાતિ વરેલા અનેક પ્રાચીન તથા અર્વાચીન કવિવરોના સ્તવનોનો સંગ્રહ કર્યો છે. એટલું જ નહિ પણ તે તે જૈનાચાર્યો અને મહામુનિવરોની ટૂંકી જીવન રેખા, સાહિત્ય રચના કાળ અને તેમની તસ્વીર પણ સાથે આપી છે. જેથી સમાજને ખ્યાલ આવે કે કેવા કેવા ઉત્તમ કવિઓ આપણને મળ્યા છે. આ બીજો ભાગ પણ ઇતિહાસની દૃષ્ટિએ મહત્વનો છે. આ પુસ્તકનું સંપાદન પૂરા ખંતથી અને પૂરી જહેમત ઉઠાવીને તેમણે કર્યું છે. તે ખરેખર અભિનંદનને પાત્ર છે અને ખૂબ જ પ્રશંસા માંગી લે છે. શ્રીયુત ભાઈચંદભાઈએ તેમના સંપાદકીય નિવેદનમાં કવિવરોએ ક્યારે સ્તવનોની રચના કરી, કેટલા વર્ષો સુધી કાવ્ય સર્જનમાં એ કવિવરોએ પોતાનો ફાળો આપ્યો, વિગેરે અનેક બાબતોને ચર્ચી છે. એટલે તે વિષે મારે વધુ કહેવાનું નથી. છેલ્લે ઝવેરી શ્રી ભાઈચંદભાઈ ઉત્તરોઉત્તર સાહિત્યની વધુ ને વધુ સેવા આપતા રહે અને સમાજ સમક્ષ અવનવા ગ્રંથો મૂકતા રહે એ આશા રાખવી અસ્થાને નહિ ગણાય. તેમની વિનંતીને માન આપી આ પુસ્તકનું આદિ-વચન લખવાની મને તક મળી તેથી મને ખૂબ જ આનંદ થયો. હજી પણ સાહિત્ય સેવાની તક મને મળતી રહે એવી આશા સાથે હું વિરમું છું.

લિ.

પૂ. પાદ ગુરૂદેવવિજય
લક્ષ્મણસૂરીશ્વર શિષ્યાણુ-
પં. કીર્તિવિજયગણિ

તા. ૧–૩–૬૩
ભાયખલા મુંબઈ
મોતીશા જૈન ઉપાશ્રય

# પ્રકાશકનું નિવેદન.

સંવત ૨૦૧૬માં અમારા ફંડ તરફથી શ્રી જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેની કાવ્ય પ્રસાદી ભાગ ૧લાનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. તે વખતે બીજો ભાગ જલદી પ્રગટ કરવા ધાર્યું હતું પણ સંવત ૨૦૧૭માં શ્રી જંબુસ્વામી રાસનું પ્રકાશન કરવામાં આવ્યું તેથી આ બીજા ભાગના પ્રકાશનમાં વિલંબ થયો. છતાં આ વરસે આનું પ્રકાશન કરવા અમો ભાગ્યશાળી થયા છીએ.

પહેલા ભાગમાં વિ. સં. ૧૪૦૦થી સં. ૧૮૦૦ સુધીની સાલમાં રચાયેલાં સ્તવનો તથા ભજન કાવ્યો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આ બીજા ભાગમાં સં. ૧૮૦૦થી સં. ૨૦૧૫ સુધીનાં કાવ્યો સ્તવનો ચોપન મુનિવરોના છે તેમાંથી પાંચ પાંચ સ્તવનો આપવામાં આવ્યાં છે.

## ફંડનો ટુંક ઇતિહાસ

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય સાક્ષર શિરોમણી આચાર્ય **શ્રી સાગરાણંદસૂરીશ્વર**ના ઉપદેશથી આ ફંડની સ્થાપના કરવામાં આવી હતી. જેથી તેમનો આભાર માનતાં અમને અત્યંત આનંદ થાય છે. તેમના ઉપદેશથી મર્હૂમ **શેઠ નગીનભાઈ મંછુભાઇ ઝવેરીએ** રૂપિયા ૨૫૦૦૦) પચીસ હજારની રકમ જૈન ધર્મનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવા માટે એક ફંડ સ્થાપવા પોતાના પુત્રો તથા બંધુઓને જણાવ્યું હતું. તેમાં તેમના વડીલ પુત્ર મર્હૂમ **શેઠ મોતીચંદ નગીનભાઇએ** રૂપિયા પાંચ હજારની રકમ આપી હતી. તેમજ બીજા વધારાના રૂપિયા પંદર હજાર ઉમેરાતાં આજે આ ફંડ કુલ્લે પીસ્તાલીસ હજારનું છે. જેના વ્યાજમાંથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાહિત્યના પ્રાચીન ગ્રંથો મુખ્યત્વે ગુજરાતી ભાષામાં પ્રગટ કરી સસ્તી કિંમતે વેચવાના છે. અત્યાર સુધી તેર ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ ચૌદમું પુસ્તક છે.

સં. ૨૦૧૭માં અમારા ફંડ તરફથી મહોપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત શ્રી જંબુસ્વામી રાસ તેમની હસ્તલિખિત પ્રત ઉપરથી છપાવી પ્રસિદ્ધ કર્યું છે. જે મુંબઈ યુનિવર્સિટીએ સને ૧૯૬૪ અને ૧૯૬૫માં લેવાનારી એમ. એ.ની પરીક્ષા માટે એટલે બે વર્ષ માટે ગુજરાતી વિષયના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે નિયુક્ત કર્યું છે. જે પુસ્તક માટેના પ્રસિદ્ધ દૈનિક પેપરો જેવાં કે જન્મભૂમિ. મુંબઈ સમાચાર તથા અમદાવાદ, સુરતનાં દૈનિક પેપરોએ કરેલી સમાલોચના પાછળ છાપવામાં આવી છે.

સસ્તા દરે સાહિત્ય પ્રકાશન કરવાના અમારા પ્રયાસને વાંચકવૃંદ સહકાર આપશે એવી આશા રાખીએ છીએ.

જેઠ સુદ ૨ — લી૦

સંવત ૨૦૧૯ — ભાગ્યચંદ નગીનભાઈ

સુરત — તથા બીજાઓ

# સંપાદકીય નિવેદન.

જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય-પ્રસાદીના પ્રથમ ભાગમાં સં. ૧૪૧૨થી સં. ૧૮૦૦ સુધીના સ્તવનોનો સંગ્રહ કર્યા પછી આ બીજા ભાગમાં સં. ૧૮૦૧થી સં. ૨૦૧૫ સુધીના કવિવરોના સ્તવનોનું સંપાદન કરવામાં આવ્યું છે. આમાં વિક્રમની ઓગણીસમી સદી, વીસમી સદી તથા ચાલુ એકવીસમી સદીનાં કાવ્યો પણ લીધાં છે. પંચાવન મુનિવરોના કાવ્યોનો સંગ્રહ કરતાં લગભગ ત્રીસ ઉપરાંત પુસ્તકોનો આધાર લીધો છે. તે તે પુસ્તકોનાં નામો, પ્રકાશકના નામ તથા સંવત સાથે આ સાથે છાપવામાં આવ્યા છે.

ઓગણીસમી સદીના આ મુનિઓની સાહિત્ય લેખનકાળની વિગતવાર યાદી આ સાથે રજુ કરું છું.

| નામ | ચોવીસી રચના સંવત ને સ્થળ | લેખનકાળ | કેટલાં વર્ષ |
|---|---|---|---|
| ૧ શ્રી જિનકીર્તિસૂરિ | ૧૮૦૦ | જાણવામાં નથી | — |
| ૨ અનુયોગાચાર્ય શ્રી ઉત્તમવિજયજી | ૧૮૧૦ | ૧૭૯૯થી ૧૮૧૩ | ૧૪ |
| ૩ શ્રી સુજ્ઞાનસાગરજી | ૧૮૧૪ | ૧૮૧૦થી ૧૮૨૨ | ૧૨ |
| ૪ શ્રી પદ્મવિજયજી | ૧૮૨૦ આસપાસ | ૧૮૧૪થી ૧૮૫૭ | ૪૩ |
| ૫ શ્રી જિનલાભસૂરિ | ૧૮૨૦ ,, | ૧૮૧૦થી ૧૮૨૮ | ૧૮ |
| ૬ શ્રી સુમતિપ્રભસૂરિ | ૧૮૨૧ અમદાવાદ | જાણવામાં નથી | — |
| ૭ શ્રી રત્નવિજયજી | ૧૮૨૪ સુરત | ,, | — |
| ૮ શ્રી ભાણુવિજયજી | ૧૮૩૦ આસપાસ | ,, | — |
| ૯ શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૧૮૩૦ ,, | ૧૮૧૭થી ૧૮૪૫ | ૨૮ |
| ૧૦ શ્રી ભાણુચંદજી | ૧૮૩૦ ,, | જાણવામાં નથી | — |
| ૧૧ શ્રી ખુશાલચંદ્ર | ૧૮૬૦ | જાણવામાં નથી | — |
| ૧૨ શ્રી ચતુરવિજયજી | ૧૮૭૦ આસપાસ | ૧૮૭૦થી ૧૮૭૮ | ૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ શ્રી જ્ઞાનસારજી | ૧૮૭૫ બીકાનેર | ૧૮૫૮થી ૧૮૯૯ | ૪૧ |
| ૧૪ શ્રી રાજબહાદુર— | | | |
| કવિ દીપવિજયજી | ૧૮૭૫ આસપાસ | ૧૮૫૨થી ૧૮૯૨ | ૪૦ |
| ૧૫ પંડિત શ્રી વીરવિજયજી | ૧૮૭૫ આસપાસ | ૧૮૫૩થી ૧૯૦૫ | ૫૨ |
| ૧૬ શ્રી હરખચંદજી | ૧૮૦૦ ,, | જાણવામાં નથી | — |
| ૧૭ શ્રી મહેન્દ્રસૂરિ | ૧૮૯૮ — | ,, | — |
| ૧૮ શ્રી દાનવિમલગણિ | ૧૯૦૦ આસપાસ | ,, | — |

## ઓગણીસમી સદીના પ્રખ્યાત કવિવરો-સાહિત્યરત્નો

ઊપરની વીગત મુજબ અઢાર કવિવરોમાં મુખ્ય મુખ્ય ગણી શકાય તેમાં

(૧) અનુયોગાચાર્ય **શ્રી ઊત્તમવિજયજી શ્રી સત્યવિજયજી પન્યાસ**ની પાટે શ્રી કપૂરવિજયજી, તેમના શિષ્ય શ્રી ક્ષમાવિજયજી તેમના શ્રી જિનવિજયજી તેમના શિષ્ય, શ્રી ઊત્તમવિજયજીએ ચૌદ વર્ષ સુધી ગ્રંથ રચના કરી હતી તેમના બે શિષ્યો **શ્રી રત્નવિજયજી** તથા **શ્રી પદ્મવિજયજી** પણ કવિઓ હતા.

(૨) શ્રી વિજયલક્ષ્મિસૂરિ : શ્રી વિજયઆણંદસૂરિની પરંપરામાં શ્રી વિજયસૌભાગ્યસૂરિના શિષ્ય આ મુનિવરે ૨૮ વર્ષ સુધી ગ્રંથ રચના કરી. સુંદર સ્તવનો, પૂજાઓ, દેવવંદનઆદિની રચનાઓ કરી છે. ૭ અઠ્ઠાઇનું સ્તવન એ તેમની સુંદર કૃતિ છે અને વિવિધ રાગોમાં રચેલું છે.

(૩) **શ્રી જ્ઞાનસારજી** અધ્યાત્મજ્ઞાની એવા આ મહાકવિએ ૪૧ વર્ષ સુધી સાહિત્ય રચના કરી છે. સુંદર સ્તવનો, છત્રીસીઓ ચોવીસી, બાલાવબોધ આદિ કાવ્યો રચ્યા છે. મહાનયોગી અધ્યાત્મજ્ઞાની એવા **શ્રી આનંદઘનજી** ના સ્તવનોનું રટણ મનન એકધારું ૩૭ વર્ષ સુધી કર્યું અને શ્રી આનંદઘનજી ચોવીસીનું બાલાવબોધ કર્યું. તેમની છેલ્લી

કૃતિ **શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન** સં. ૧૮૯૯ માં બનાવ્યું જે વર્ષે તેઓ શ્રી સ્વર્ગવાસ પામ્યા

(૪) **રાજબહાદુર કવિ શ્રી દીપવિજયજી**—શ્રીમાન ગાયકવાડ સરકારે જેમને રાજબહાદુર કવિનું બિરૂદ અર્પણ કર્યું એવા આ કવિવરે **ચાલીસ** વર્ષ સુધી સાહિત્ય સેવા કરી ઉત્તમ કાવ્યો રચ્યાં છે. સં. ૧૮૭૭માં તેઓશ્રીએ શ્રી સોહમકુલપટ્ટાવલિ રાસ રચ્યો જે એક ઉત્તમ કોટિનો ઐતિહાસીક રાસ છે તેમજ તેઓશ્રીએ મહાગુજરાતના મુખ્ય શહેરો **સુરત, ખંભાત, જંબુસર** આદિ તથા **ઉદયપુર શહેર**ની ગજજલો બનાવી છે તેમાં તે સમયનું સુંદર વર્ણન છે. સ. ૧૮૯૨માં શ્રી સુરત પાસે **રાંદેરમાં** શ્રી અષ્ટાપદજીની પુજાની રચના કરી છે. જેમાં શ્રી અષ્ટાપદ તીર્થનું ઐતિહાસિકરિતે આબેહુબ ચિત્ર ખડું કર્યું છે.

(૫) **પંડિત વીરવિજયજી**—ઓગણીસમીસદીના આ મહાકવિ કવિ કુલમુગટ પંડિત શ્રી વીરવિજયજીએ **૫૨** વર્ષ સુધી અખંડ સાહિત્ય રચના કરી છે. આ મુનિવરે તો સાહિત્ય રચનામાં કમાલ કરી છે. એમનાં કાવ્યોનું વર્ણન થઈ શકે એમ નથી. ગૂર્જર સાહિત્યની અનુપમ સેવા કરનાર આ પંડિતવરે એમના કાવ્યોમાં બધાએ રસો મુકયા છે. રાસાઓ તો વાંચતા ધરાઇએ નહી. પૂજાઓ તો એમની જ શ્રી સિદ્ધક્ષેત્ર ઊપર શેઠ **મોતીશાની** ટુંકના ઢાળીઆ, મુંબાઈ શ્રી **ભાયખાલાના** દેરાસરના ઢાળીયા, અમદાવાદ, શેઠ **હઠીસીંગ કેશરીસીંગના** (બહારની વાડી) દેરાસરના ઢાળીયામાં સુંદર ઐતિહાસિક વર્ણનો કર્યા છે.

## વીસમી સદીના મુનિવરો

| નામ | ચોવીસી રચના સંવત | સ્થળ | લેખનકાળ | કેટલા વર્ષ |
|---|---|---|---|---|
| ૧૯ શ્રી બુટેરાયજી | ૧૯૧૯ | | જાણવામાં નથી | — |
| ૨૦ શ્રી આત્મારામજી | ૧૯૩૦ | અંબાલા | ૧૯૩૦થી ૧૯૫૧ | ૨૧ |

આચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ | પં. શ્રી ગંભીરવિજયજી | ૧૯૪૪ ધોલેરા | ૧૯૪૪થી ૧૯૫૨ | ૮ |
| ૨૨ | ઉ. શ્રી વીરવિજયજી | ૧૯૪૪ ભરૂચ | જાણવામાં નથી | — |
| ૨૩ | શ્રી વિજયકમલસૂરિ | ૧૯૪૬ વઢવાણ | ૧૯૪૬થી ૧૯૭૩ | ૨૭ |
| | (શ્રી મુલચંદજી મહારાજના શિષ્ય) | | | |
| ૨૪ | શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી | ૧૯૫૦આસપાસ | ૧૯૬૬થી ૧૯૮૬ | ૨૦ |
| ૨૫ | પ્રવર્તક શ્રી કાંતિવિજયજી | ૧૯૫૦ ,, | ૧૯૬૦થી ૧૯૮૦ | ૩૦ |
| ૨૬ | શ્રી વિજયવલ્લભસૂરિજી | ૧૯૬૧ ,, | ૧૯૬૦થી ૨૦૦૬ | ૪૫ |
| ૨૭ | શ્રી બુદ્ધિસાગરસૂરિ | ૧૯૬૪ માણુસા<br>૧૯૬૫ ડભોઈ | ૧૯૫૭થી ૧૯૮૦ | ૨૩ |
| ૨૮ | શ્રી વિજયલબ્ધિસૂરિ | ૧૯૬૫આસપાસ | ૧૯૬૪થી ૨૦૧૬ | ૫૨ |
| ૨૯ | શ્રી વિજયમોહનસૂરિજી | ૧૯૬૫ ,, | ૧૯૬૩થી ૧૯૮૦ | ૧૭ |
| ૩૦ | શ્રી વિજયપ્રતાપસૂરિજી | ૧૯૭૩ | ૧૯૭૧થી ૧૯૮૧ | ૧૦ |
| ૩૧ | શ્રી સાગરાણંદસૂરિજી | ૧૯૭૫આસપાસ | ૧૯૬૧થી ૨૦૦૬ | ૪૫ |
| ૩૨ | શ્રી રંગવિમલજી | ૧૯૦૦ ,, | જાણવામાં નથી | — |
| ૩૩ | શ્રી કલ્યાણમુનિજી | ૧૯૦૦ ,, | ,, ,, | — |

## વીસમીસદીના પ્રખ્યાત સાહિત્યરત્નો

(૧) **શ્રી આત્મારામજી** ઉર્ફે **વિજયાનંદસૂરિજી મ.**—વીસમીસદીના પ્રથમ આચાર્ય એમણે ૨૪ વરસ સુધી સાહિત્ય સર્જન કર્યું પંજાબના વતની હતા સંગીતનો સારો અભ્યાસ કર્યો હતો. એમની પુજાઓ તથા સ્તવનો ભાવવાહી તથા સુંદર રાગોમાં રચાયા છે. તેઓ શ્રી નૈસર્ગિક કવિ હતા. તેઓશ્રીએ કુલ ૧૨ ગ્રંથો તથા પાંચ પૂજાઓ રચી છે.

(૨) **શ્રી મૂલચંદજી મહારાજના શિષ્ય શ્રી વિજય કમલસૂરિજી**—તેઓશ્રીએ ચોવીસી રચના સં. ૧૯૪૬ માં કરી ને તે ઉપરાંત પુજાઓ ઢાળીઆ તથા રાસો પણ રચ્યા છે. તેઓશ્રીને લેખનકાળ સં. ૧૯૪૬ થી ૧૯૭૩ સતાવીસ વર્ષ સુધી સાહિત્ય સર્જન કર્યું. તેઓશ્રીએ આઠ ગ્રંથો રચ્યા છે.

(૩) **શ્રી વિજયવલ્લભસૂરિજી**—પંજાબકેસરી એવા આ આચાર્યશ્રીએ સં. ૧૯૬૧થી ૨૦૦૬ સુધી પીસ્તાળીસ વર્ષ સુધી સાહિત્ય સર્જન કર્યું. તેમણે ગૂર્જર ગિરામાં પૂજાઓ–સ્તવનો તથા સઝાયો બનાવ્યાં છે તેમજ આઠ ગ્રંથોની રચના કરી છે.

(૪) **શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ**—ગુજરાતના આ કવિવરે તેત્રીસ વરસ ગ્રંથ રચના કરી છે. તેઓશ્રીએ ૧૦૮ ગ્રંથો બનાવ્યા છે. ગૂર્જર ભાષામાં તેઓશ્રીના ભજન પદસંગ્રહ ઘણા લોકપ્રિય બન્યા છે. તેમણે બે ચોવીસી રચના કરી છે. ગુર્જર સાક્ષરો શ્રી રણછોડભાઈ ઉદયરામ, શ્રી કેશવ હર્ષદ ધ્રુવ તથા કવિસમ્રાટ નાનાલાલ સાથે એમનો મેળાપ થયો હતો. કવિશ્રી પ્રેમાનંદની માફક આ કવિશ્રીએ ગૂર્જર સાહિત્યની મહાન સેવા કરી છે.

(૫) **શ્રી વિજયલબ્ધિસૂરિજી**—આ કવિકુલ કિરિટે ગુજરાતી-ભાષાની અનુપમ સેવા કરી છે. તેમ સ્તવનો સઝાયો-પદો-વીગેરે પુષ્કળ કાવ્યરચનાઓ કરી છે તેમનો લેખનકાળ સં. ૧૯૬૪ થી ૨૦૧૫ લગભગ ૫૦ વર્ષ સુધી અંખડ સાહિત્ય રચના કરનાર આ કવિશ્રીએ સંસ્કૃત હિંદી તથા ગુજરાતી મલી કુલ ૩૮ ગ્રંથો બનાવ્યા છે. આજે તેમના સ્તવનો ચાલુ દેશી રાગોમાં હોવાથી અત્યંત લોકપ્રિય બન્યા છે.

(૬) **શ્રી સાગરાણંદસૂરીશ્વરજી**—આગમોદ્ધારક સાક્ષરશિરોમણી આચાર્યશ્રીએ વીસમી સદીમાં ૪૫ વર્ષ અનુપમ સાહિત્ય સેવા કરી છે. જૈન શાસ્ત્રો એટલે **આગમો**ની વાંચના સાત વર્ષ સુધી આપી. આગમોને મુદ્રિત કરાવ્યા એટલું જ નહિ પણ તે આગમોને શિલામાં કોતરાવી શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં **આગમ મંદિર**માં સુરક્ષિત કર્યા. તેમજ તામ્રપત્રમાં આગમો લખાવી સુરત શહેરના **આગમ મંદિર**માં સુરક્ષિત કર્યા. ગુર્જર ભાષામાં તેઓશ્રીએ ઘણા સ્તવનો તથા સઝાયો રચી છે મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એમ ચાર ભાવના પર બનાવેલી તેમની સઝાયો અતિ સુંદર કૃતિ છે. તેઓશ્રીએ સંસ્કૃત પ્રાકૃતમાં

૪૫૦૦૦ શ્લોકોની રચના કરી ૨૨૨ ગ્રંથરચના તથા ૪૩ ગુજરાતી ને ૮૦ ગ્રંથોની પ્રસ્તાવના લખી ને ૧૭૭ ગ્રંથો સંપાદન કર્યા છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી પછી વીસમીસદીના આ મહાન સાહિત્યરત્ન જ્યોતિર્ધરે જીવનભર સાહિત્ય સર્જન કરી જૈન શાસનની અનુપમ સેવા કરી છે.

## વર્તમાન કવિરત્નો

આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજી શ્રી વિજયઅમૃતસૂરિજી, ઊ. દક્ષ વિજયજી, પં. શ્રી ધુરંધરવિજયજી, શ્રી વિજયજંબુસૂરિજી, પં. શ્રી યશોભદ્રવિજયજી, પં. શ્રી હંસસાગરજી, પં. શ્રી કીર્તિવિજયજી, મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી ગૂર્જર સાહિત્યની અનુપમ સેવા કરી રહ્યા છે.

આચાર્યશ્રી **વિજયપ્રતાપસુરિએ** તથા આચાર્ય શ્રી લક્ષમણ-સૂરિજીના શિષ્ય પં. શ્રી કીર્તિવિજયજીએ પ્રુફો તપાસી આપવા માટે જે કૃપા કરી છે તે માટે તેઓશ્રીનો આભાર માનું છું.

તેમજ આ પુસ્તક માટે **આશિર્વચન** લખી આપવા માટે પં. શ્રી **કીર્તિવિજયજીનો** હું રૂણી છું.

પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરિજીએ શ્રી કેશરીઆજીની સંઘ યાત્રા પછી ચિતોડ તરફ વિહાર કરતાં પ. પૂજ્ય શ્રીમદ્ **બુટેરાયજી** માહારાજની બે કૃતિઓ મોકલી આપી તે વાંચતા ઘણો જ આનંદ થયો ને તે તથા આચાર્ય શ્રી વિજયનંદનસૂરિજીના કાવ્યો મોડા મળવાથી પાછળ લીધા છે.

જે જે મુનિવરોના ફોટાઓ મળ્યા તે મેળવીને આ બીજા ભાગમાં મુકવામાં આવ્યા છે. ગઇ સદીના મહાકવિ શ્રી પંડિત વીરવિજયજીનો ફોટો મેળવી આપવા માટે મારા સ્નેહી મિત્ર અમદાવાદ નિવાસી ભાઇ **શ્રી મથાભાઈ ઠાકરસી**ને હું કેમ ભૂલી શકું. તે ફોટો તેઓએ ભાઈ **રમણીકલાલ ડાયાભાઇ** ફતાસાની પોળવાળા પાસેથી મેળવી આપ્યો

તે માટે તેમનો તથા રમણીકભાઇનો હાર્દિક આભાર માનું છું.

અંતમાં જુદા જુદા મુનિવરોના જીવન પરિચય લખવામાં કંઈ ભૂલચુક થઈ હોય તો તેની ક્ષમા માંગું છું.

શ્રી તીર્થંકર પરમાત્માનું સ્મરણ, ચિંતન અને તેમનાં ગુણગાન ગાવા એ જ મનુષ્યભવનો લહાવો છે. જે સમય, જે ઘડી, જેટલી પળ પ્રભુની સ્તુતિ કરવામાં પસાર થાય છે, તે સમયને ધન્ય માનો.

જે જે રૂષીમુનિઓએ **ચોવીસે તીર્થંકરો**ની સ્તવના કરી, ગુણગાન ગાયા તેની અનુમોદના કરું છું. હજી ઘણી અપ્રકટ ચોવીસીઓ મલવા સંભવ છે. **પાટણ**ના ભંડારમાંથી તેમજ **આગ્રા**ના ભંડારમાંથી હું પ્રતો મેળવી શકયો નથી. તેમજ મહા કવિ શ્રાવક શિરોમણિ **રૂષભદાસ કવિ**ના સ્તવનો મેળવવા બાકી છે. પણ આ બીજા ભાગના પ્રકાશનમાં બહુ મોડું થવાના ભયથી બીજી આવૃત્તિમાં સંગ્રહ કરવા ઇચ્છા છે.

કાવ્ય રસિકો ઇતિહાસ પ્રેમીઓ, સંશોધકો તથા ભક્તિ અને વૈરાગ્યના ખપીઓને આ બીજા ભાગમાંથી થોડું પણ ઊપયોગી વાંચન અને મનન મળશે તો આ મારો પરિશ્રમ સફળ માનીશ.

અંતમાં વાંચક વૃંદને નમ્ર વિનંતિ જે આ સ્તવનો તથા પદો વાંચી મનન, ભજન કરી પ્રભુ ભકિતમાં તલ્લીન બની એક તાન થાઓ ને રાજારાવણની માફક તીર્થંકર પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનો...

જેઠ સુદ ૨ લી૦

સંવત ૨૦૧૯ **ભાઇચંદ નગીનભાઇ ઝવેરી**

મુંબઇ

# વિષયાનુક્રમણિકા


| સ્ત. સં. | | પ્રથમ પદ | પૃષ્ઠ |
|---|---|---|---|
| | **(૧) શ્રી જિનકીર્તિસૂરિ પરિચય** | | ૧ |
| ૧ | શ્રી આદિજિન સ્તવન | સાહિબને જબ ભેટીયો | ૨ |
| ૨ | ,, શાંતિનાથજિન ,, | શાંતિમૂર્તિ જિન | ૨ |
| ૩ | ,, નેમનાથજિન ,, | નેમિ જિણેસર | ૩ |
| ૪ | ,, પાર્શ્વનાથજિન ,, | પ્રભુ પારસ જગિ૦ | ૪ |
| ૫ | ,, વીરજિન ,, | શાસનપતિ ચઉવીસમો | ૫ |
| ૬ | કલશ | ઇમ શ્રી જિનમતને અનુસારે | ૬ |
| | **(૨) પં. શ્રી ઉત્તમવિજયજી પરિચય** | | ૭ |
| ૭ | શ્રી ઋષભજિન સ્તવન | પરમ પુરૂષ | ૯ |
| ૮ | ,, શાંતિનાથજિન ,, | શાંતિ જિણંદ દીઈ દેશના | ૧૦ |
| ૯ | ,, નેમિનાથજિન ,, | બાવીસ પરિસહ જીતવા | ૧૦ |
| ૧૦ | ,, પાર્શ્વનાથજિન ,, | ભવગદ પીડિત જીવને રે | ૧૨ |
| ૧૧ | ,, વીરજિન ,, | ત્રિશલાનંદન જિન | ૧૨ |
| ૧૨ | કલશ | ઇમ ચોવીશ જિનવર | ૧૩ |
| | **(૩) શ્રી સુજ્ઞાનસાગરજી પરિચય** | | ૧૫ |
| ૧૩ | શ્રી ઋષભજિન સ્તવન | સમરસ સાહિબ આદિ જિણંદા | ૧૫ |
| ૧૪ | ,, શાંતિનાથજિન ,, | શ્રી શાંતિ જિનેસર તેજ | ૧૬ |
| ૧૫ | ,, નેમિનાથજિન ,, | નેમીશ્વર મહારાજ | ૧૭ |
| ૧૬ | ,, પાર્શ્વનાથજિન ,, | પરભાવિક સહુ તપતિ બુઝાવી | ૧૮ |
| ૧૭ | ,, મહાવીરજિન ,, | સેવ્યા સુરતરૂ સરિખો પ્રભુ | ૨૦ |
| | **(૪) શ્રી પં. પદ્મવિજયજી પરિચય** | | ૨૧ |
| ૧૮ | શ્રી ઋષભજિન સ્તવન | ઋષભ જિનેસર | ૨૩ |
| ૧૯ | શ્રી | જગચિંતામણી જગગુરૂ | ૨૪ |
| ૨૦ | શ્રી શાંતિનાથજિન સ્તવન | શાંતિ જિનેસર સોળમો | ૨૫ |

૨૧ શ્રી શાંતિનાથજિન સ્તવન હાંરે મ્હારે શાંતિ જિનેસર ૨૬
૨૨ શ્રી નેમિનાથ સ્તવન નેમિ જિનેસર નમીયે ૨૭
૨૩ ,, શામલીયા લાલ તોરણથી ૨૮
૨૪ શ્રી પાર્શ્વનાથ સ્તવન પાસ પ્રભુ ત્રેવિસમા રે ૨૯
૨૫ ,, પરવાદી ઉલુકા પરિહરી ૨૯
૨૬ શ્રી મહાવીરજિન સ્તવન વીરજિણેસર પ્રણમું પાયા ૩૦
૨૭ ,, ચરમજિણંદ ચોવીસમો ૩૦

(૫) શ્રી જિનલાભસૂરિ પરિચય ૩૨

૨૮ શ્રી ઋષભદેવજિન સ્તવન ઋષભ જિણંદ દિણંદ ૩૩
૨૯ ,, શાંતિનાથ ,, શાંતિ જિણંદ શાંતિકર સ્વામી ૩૪
૩૦ ,, શાંતિ દાંતિ કાંતિ સોહૈ ૩૫
૩૧ ,, નેમિનાથ ,, નેમ જિણંદની કિણ પરે ૩૫
૩૨ ,, નિત નિત પ્રણમી જે નેમિ નાહ ૩૬
૩૩ ,, પાર્શ્વનાથ ,, પાસ પ્રભુ વંછિત પૂરિયે ૩૬
૩૪ ,, વીરજિન ,, મનમોહન નિરખ્યો ૩૭
૩૫ ,, સહસ્રફણાપાર્શ્વનાથ સ્ત. શ્રી સહસ્રફણા પ્રભુ પાસજી ૩૭
૩૬ ચોવીશી કલશ ગાયો રે ગાયો રે મે તો ૩૮

(૬) શ્રી સુમતિપ્રભસૂરિ પરિચય ૪૦

૩૭ શ્રી ઋષભદેવજિન સ્તવન આદીસર અવધારીયે ૪૦
૩૮ ,, શાંતિનાથજિન ,, હારે લાલા શાંતિ જિણેસર ૪૧
૩૯ ,, નેમનાથજિન ,, તોરણથી પાછા વળ્યા રે ૪૨
૪૦ ,, પાર્શ્વનાથજિન ,, વામાનંદન એહ સુણી જે ૪૩
૪૧ ,, મહાવીરજિન ,, શ્રી વીરજિણેસર સાહિબા ૪૪
૪૨ કલશ એહવારે જિન ચોઉવીશે નમતાં ૪૪

(૭) રત્નવિજયજી પરિચય ૪૬

૪૩ શ્રી ઋષભદેવજિન સ્તવન રૂષભ જિનેશ્વર વંછિત પૂરણ ૪૬

| | | | |
|---|---|---|---|
| ૪૪ શ્રી શાંતિનાથજિન | સ્તવન | અચિરાનંદન વંદિએ | ૪૭ |
| ૪૫ ,, નેમિનાથ | ,, | હાંરે મારે નેમિજિનેસર | ૪૯ |
| ૪૬ ,, પાર્શ્વનાથ | ,, | ત્રિભુવત નાયક વંદીયેરે લો | ૫૦ |
| ૪૭ ,, મહાવીરજિન | ,, | ચોવીસમો શ્રી મહાવર | ૫૨ |
| ૪૮ કલશ | | ચોવીસ જિનેસર ભુવન દિનેસર | ૫૩ |

(૮) શ્રી ભાણુવિજયજી મહારાજ ૫૫

| | | | |
|---|---|---|---|
| ૪૯ શ્રી ઋષભજિન | સ્તવન | મોરા સ્વામી હો પ્રથમ જિણંદ | ૫૫ |
| ૫૦ ,, શાંતિનાથજિન | ,, | સાહિબ હો તુમ્હે સાહિબ | ૫૬ |
| ૫૧ ,, નેમનાથ | ,, | નયન સલુણા હો વાહલા | ૫૭ |
| ૫૨ ,, પાર્શ્વનાથ | ,, | વામાનંદન શ્રી પાસ | ૫૮ |
| ૫૩ ,, મહાવીરજિન | ,, | આનંદમય નિરૂપમ ચોવીસમો | ૫૯ |
| ૫૪ વિક્રમાદિત્ય પંચ દંડ રાસ ૪ ખંડમાં છે. | | પુરણ રાસ એ તે દિન કીધો | ૬૦ |

(૯) શ્રી વિજયલક્ષ્મીસૂરિ પરિચય ૬૧

| | | | |
|---|---|---|---|
| ૫૫ શ્રી ઋષભજિન | સ્તવન | ઋષભ રૂષભ જિણંદ | ૬૨ |
| ૫૬ ,, શાંતિનાથ | ,, | જીરે શ્રી શાંતિ નિરૂપમ–ચક્રી | ૬૩ |
| ૫૭ ,, નેમનાથજિન | ,, | શ્રી નેમિજિનવર અભયંકર | ૬૫ |
| ૫૮ ,, પાર્શ્વનાથજિન | ,, | પાર્શ્વજિન પુરણતા તાહરીજી | ૬૬ |
| ૫૯ ,, મહાવીરજિન | ,, | આજ મહારા પ્રભુજી | ,, |
| ૬૦ ,, ૭ અડાઇ સ્તવનો અંતે કલશ | | આઠ કર્મ અડઘોષ નેએ<br>ઇમ પાર્શ્વપ્રભુનો પસાય પામી | ૬૭<br>૬૮ |

(૧૦) શ્રી ભાણુચંદ પરિચય ૬૯

| | | | |
|---|---|---|---|
| ૬૧ શ્રી ઋષભજિન | સ્તવન | પઢમજિણેસર પ્રણુત | ,, |
| ૬૨ ,, શાંતિનાથજિન | ,, | સોલમા શાંતિજિનેશ્વર | ૭૦ |
| ૬૩ ,, નેમિનાથ | ,, | બાવીસમા નેમિજિણંદા | ૭૧ |

૬૪ શ્રી પાર્શ્વનાથ સ્તવન — શ્રી પાર્શ્વજિનેશ્વર — ૭૨
૬૫ ,, વીરજિન ,, — શ્રી વીરજિન કેવલનાણી — ૭૩

(૧૧) શ્રી ખુશાલ મુનિ-પરિચય — ૭૪

૬૬ શ્રી ઋષભજિન સ્તવન — પ્રભુજી આદીસર અલવેસર — ,,
૬૭ ,, શાંતિનાથ ,, — સકલ સુખકર સાહિબોરે — ૭૫
૬૮ ,, નેમનાથ ,, — શિવાદેવી સુત સુંદર — ૭૬
૬૯ ,, પાર્શ્વનાથ ,, — પુરિસાદાણી પાસજી — ,,
૭૦ ,, વીરજિન ,, — જિન મહારારે શ્રી મહાવીરજીરે — ૭૭

(૧૨) શ્રી ચતુરવિજયજી પરિચય — ૭૯

૭૧ શ્રી આદિજિન સ્તવન — જગતગુરૂજિન માહરો — ૭૯
૭૨ ,, શાંતિનાથજિન ,, — શાંતિ હો જિન શાંતિ કરો — ૮૦
૭૩ ,, નેમનાથ ,, — વીનતડી અવધારો હોજી — ૮૧
૭૪ ,, પાર્શ્વનાથ ,, — નયરી વણારસી સાહિબો — ૮૨
૭૫ ,, મહાવીર ,, — શાસનપતિ વંદના — ૮૩
કુમતિવારક સ્તવન — આદિસુધો મારગ જિનવર ભાખે — ૮૪
બીજના સ્તવનનિ આદિ — સરસ વચનરસ વરસતી — ૮૪

(૧૩) શ્રી જ્ઞાનસાગજી પરિચય — ૮૫

૭૬ શ્રી ઋષભજિન સ્તવન — ઋષભજિણંદા — ૮૭
૭૭ ,, શાંતિનાથ ,, — જબ સબ જનમ ગયો — ૮૭
૭૮ ,, નેમિનાથ ,, — એસે વસંત લખાયૌ — ૮૮
૭૯ ,, પાર્શ્વનાથ ,, — પાસજિનનું હૈ જગ — ૮૮
૮૦ ,, વીરજિન ,, — વીતરાગ કિમ કહિ — ૮૮
૮૧ કલશ — ગોડેચાજી નૈં મુહિ — ૮૯

(૧૪) પં. શ્રી દીપવિજયજી પરિચય — ૯૦

૮૨ શ્રી ઋષભદેવ સ્તવન — ભરતજી કહે સુણો માવડી — ૯૧

| | | |
|---|---|---|
| ૮૩ સોહમ કુલ પટ્ટાવલી રાસ | તુઠો તુઠોરે સાહેબ | ૯૩ |
| ૮૪ મણિભદ્ર છંદનો કલશ | મણિભદ્ર મહારાજ મે | ૯૫ |
| **પં. શ્રી વીરવિજયજી પરિચય** | | ૯૬ |
| ૮૫ શ્રી ઋષભ જિન સ્તવન | ઉભો રહેને હો જીઉરા | ૧૦૦ |
| ૮૬ ,, શાંતિનાથ ,, | તુમ દેખત અમ આશ | ૧૦૦ |
| ૮૭ ,, નેમનાથ ,, | સુણો સખી સજ્જન ના વિસરે | ૧૦૧ |
| ૮૮ ,, પાર્શ્વનાથ ,, | હિતકર પાસ જિનેસર | ૧૦૨ |
| ૮૯ ,, મહાવીર જિન ,, | ચૌદ સહસ મુનિ વણિજ વેપારી | ૧૦૩ |
| ૯૦ હીત શિક્ષા છત્રીશી | સાંભલજો સજ્જન | ૧૦૪ |
| ૯૧ ધમ્મિલરાસ કાવ્ય નમુનો | શેઠ કહે સુણ સુંદરી | ૧૦૫ |
| ૯૨ ,, પ્રશસ્તિ | તપગચ્છ કાનન કલ્પતરૂ | ૧૦૫ |
| ૯૩ રહે નેમિ રાજુલ- સંવાદરૂપે સઝાય | રહ નેમિ અંબર વિણુ રાંજુલ દેખી જો | ૧૦૭ |
| **(૧૬) શ્રી હુરખચંદજી પરિચય** | | ૧૦૯ |
| ૯૪ શ્રી આદિ જિન સ્તવન | ઉદત પ્રભાત નામ જિનજીકો | ૧૦૯ |
| ૯૫ ,, શાંતિનાથ ,, | ચિત્ત ચાહત સેવા ચરનકી | ૧૧૦ |
| ૯૬ ,, નેમનાથ ,, | નેમજી થેં કાંઇ હઠ માંડયો રાજ | ૧૧૦ |
| ૯૭ ,, પાર્શ્વનાથ ,, | વામાજી કે નંદ અરજ સુનો | ૧૧૧ |
| ૯૮ ,, મહાવીર જિન ,, | મનમાન્યો મહાવીર મેરે | ૧૧૨ |
| **(૧૭) શ્રી મહેન્દ્ર સૂરિ પરિચય** | | ૧૧૩ |
| ૯૯ શ્રી ઋષભ જિન સ્તવન | સુરત અતિ સુખદાઇ | ૧૧૩ |
| ૧૦૦,, શાંતિનાથ ,, | શાંતિકરો શ્રી શાંતિ જિનેસર | ૧૧૩ |
| ૧૦૧,, નેમિનાથ ,, | નેમ થયો વૈરાગીરી માઈ | ૧૧૪ |
| ૧૦૨,, પાર્શ્વનાથ ,, | આજ દિહાડો રૂવડો | ૧૧૪ |
| ૧૦૩,, વિરજિત ,, | શાસન નાયક જગધણી | ૧૧૫ |
| ૧૦૪ કલશ | ઇમ સિદ્ધિ નિધિ વસુ ચંદ્ર | ૧૧૫ |

(૧૮) શ્રી જ્ઞાનવિમલગણિ પરિચય ૧૧૬

૧૦૫ શ્રી ઋષભજિન સ્તવન પ્રથમ જિણંદ મયા કરી ૧૧૬
૧૦૬ ,, શાંતિનાથ ,, શાંતિજિનેશ્વર તાહરી ૧૧૭
૧૦૭ ,, નેમિનાથ ,, નેમિજિણેસર સાહિબા ૧૧૭
૧૦૮ ,, પાર્શ્વનાથ ,, શ્રી કર શ્રી જિનપાસજી ૧૧૮
૧૦૯ ,, વીરજિન ,, સમવસરણ શ્રી વીર બિરાજે ૧૧૯

(૧૯) આત્મારામજી વિજયાનંદસુરિ પરિચય ૧૨૦

૧૧૦ શ્રી ઋષભજિન સ્તવન પ્રથમ જિનેશ્વર મરૂદેવી નંદા ૧૨૫
૧૧૧ ,, શાંતિનાથજિન ,, ભવિકજન શાંત હૈ જિન ૧૨૫
૧૧૨ ,, નેમનાથ ,, ચેતમેં સોહાગ સહિયા ૧૨૬
૧૧૩ ,, પાર્શ્વનાથ ,, મૂરતિ પાસ જિનંદકી ૧૨૮
૧૧૪ ,, મહાવીર જિન ,, ભવોદધિ પાર ઉતારણી ૧૨૯
૧૧૫ કલશ ચૌવિશ જિનવર સયલ ૧૩૧

(૨૦) પંન્યાસ શ્રી ગંભીર વિજયજી પરિચય ૧૩૨

૧૧૬ શ્રી ઋષભ દેવ સ્તવન પ્રભુ મેરી અરજ સુનો ૧૩૩
૧૧૭ ,, શાંતિનાથ જિન ,, અચરાસુત અંતર જામી ૧૩૪
૧૧૮ ,, નેમનાથ જિન ,, આવો આવો નગીના નેમજી ૧૩૪
૧૧૯ ,, પાર્શ્વનાથ જિન ,, પારસ નામ સદા ધરો દિલમે ૧૩૫
૧૨૦ ,, મહાવીર જિન ,, સમવસરણ સુર રચિત વિરાજે ૧૩૫
૧૨૧ કલશ ઋષભ અજીત સંભવ અભિનંદન ૧૩૬

(૨૧) ઉપાધ્યાય શ્રી વીર વિજયજી પરિચય ૧૩૭

૧૨૨ શ્રી આદિ જિન સ્તવન આદિ મંગલ કરૂં ૧૪૧
૧૨૩ ,, શાંતિનાથ જિન ,, પ્રભુ શાંતિ જિનંદ સુખકારી ૧૪૧
૧૨૪ ,, નેમનાથ જિન ,, મેરે પ્રભુસેં એહી અરજ હૈ ૧૪૨
૧૨૫ ,, પાર્શ્વજિન ,, મોરી બહયાં તો પકડ ૧૪૩

૧૨૬ શ્રી વીરજિન સ્તવન વીરહસે ભયો રે ઉદાસી વીરજિન ૧૪૩
૧૨૭ ચોવીશીનો કલશ ચૌવીસ જિનરાજ મૈ ગાયે ૧૪૪

(૨૨) શ્રીમદ્ વિજયકમલસૂરિજી પરિચય ૧૪૫

૧૨૮ શ્રી ઋષભદેવ સ્તવન શ્રી શંખેશ્વરજી પયનમી ૧૪૮
૧૨૯ ,, શાંતિનાથ ,, હાંરે મારે શાંતિ જિણંદશું ૧૪૮
૧૩૦ ,, નેમિનાથ ,, નેમિનાથજી સેવોરે સહુ એક ચિત૦ ૧૫૦
૧૩૧ ,, પાર્શ્વનાથજિન ,, પાર્શ્વજિન સેવતા કોટિ ગણુ દેવતા ૧૫૧
૧૩૨ ,, મહાવીરજિન ,, ચોવિસમા જિન સેવો ભવિ પ્રાણી ૧૫૧
૧૩૩ ,, ચોવિશે જિનનો કલશ ગાયા ગાયા રે મેં જિન ચોવિશે ૧૫૨
૧૩૪ ,, પાર્શ્વનાથ સ્તવન સૂરજ મંડન પારસ સેવીયે ૧૫૩

(૨૩) મુનિશ્રી હંસવિજયજી પરિચય ૧૫૪

૧૩૫ શ્રી આદિનાથ સ્તવન આતમ તું તો આદિ જિણંદ ૧૫૮
૧૩૬ ,, શાંતિનાથજિન ,, શાંતિ જિન મૂર્તિ તોરી લાગે ૧૫૮
૧૩૭ ,, નેમિનાથ ,, નેમિ જિણંદ જુહાર રે પ્રાણી ૧૫૯
૧૩૮ ,, પાર્શ્વનાથજિન ,, પાર્શ્વનાથ મહારાજ આજ ૧૫૯
૧૩૯ ,, મહાવીરજિન ,, મહાવીરજિન જગ પ્યારારે ૧૬૦
૧૪૦ ,, વિજયકમલસૂરિ-ગુણ સ્તુતિ વિજયકમલસૂરિ વંદો ૧૬૧

(૨૪) પ્રવર્તક શ્રી કાંતિવિજયજી પરિચય ૧૬૨

૧૪૧ શ્રી આદિનાથજિન સ્ત. જીરે મારે દરશન દિન ૧૬૬
૧૪૨ ,, શાંતિનાથજિન ,, અચિરાનો નંદ મલ્યોરી ૧૬૭
૧૪૩ ,, નેમિજિન ,, આબૂ અચલ નિર્મલ ભલો ૧૬૭
૧૪૪ ,, પાર્શ્વનાથજિન ,, નવખંડાજી હો પાસ ૧૬૮
૧૪૫ ,, મહાવીરજિન ,, વીર સુનો મેરી વિનતિ ૧૬૯
૧૪૬ ,, પાર્શ્વનાથ ,, પાસ ગોડીજી મલ્યો રે ૧૬૯
૧૪૭ જીભલડીની સઝાય રસના તું છે મોહ ધુતારી ૧૭૦
૧૪૮ પદ હું તો મારા ગુરનું જ્ઞાન સંભારું ૧૭૧

(૨૫) આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ પરિચય ૧૭૨

| | | | |
|---|---|---|---|
| ૧૪૯ | શ્રી ઋષભદેવજિન સ્ત. | આદિજિનંદ ચંદ પ્રભુ અરજ | ૧૭૮ |
| ૧૫૦ | ,, શાંતિનાથજિન ,, | પલ પલ ગુણ જ્ઞાના ગુણ ગાના રે | ૧૭૯ |
| ૧૫૧ | ,, નેમિનાથજિન ,, | નમો નિત નેમિનાથ દેવા | ૧૮૦ |
| ૧૫૨ | ,, પાર્શ્વનાથ ,, | પારસ પ્રભુ નાથ તું મેરા | ૧૮૩ |
| ૧૫૩ | ,, વર્ધમાનજિન ,, | વીર પ્રભુ તુમ ચરણી ચિત્તલાયા | ૧૮૪ |
| ૧૫૪ | કલશ | ઇમ ચાર વીસ જિનંદ થુનિયા | ૧૮૫ |
| ૧૮૫ | શ્રી ઋષભદેવ સ્તવન | પ્રભુ આદીશ્વર સ્વામીજી | ૧૮૬ |
| ૧૫૬ | ,, | પ્રસિદ્ધ પ્રતાપ જગતમેં ઘણો | ૧૮૭ |
| ૧૫૭ | ,, શાંતિનાથ ,, | બિગરી કૌન સુધારે નાથ બિના | ૧૮૭ |
| ૧૫૮ | શ્રી નેમિનાથ સ્તવન | નેમનાથ ભગવાનરે મોહે | ૧૮૮ |
| ૧૫૯ | ,, પાર્શ્વનાથ ,, | શરણા ધાર લીયા | ૧૮૯ |
| ૧૬૦ | ,, પાર્શ્વનાથ ,, | હીતકારી સુખકારી દુ:ખહારી | ૧૯૦ |
| ૧૬૧ | ,, જીવિતસ્વામિ ,, | પ્રભુદર્શન કોઈ ભવિજન પાવે | ,, |
| ૧૬૨ | ,, જૈન ઝંડા ,, | ઝંડા ઉંચા રહે હમારા | ૧૯૧ |
| ૧૬૩ | આત્મવિચારની સઝાય | કરતા નહીં કુછ સોચ અબ | ૧૯૨ |

(૨૬) શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ૧૯૩

| | | | |
|---|---|---|---|
| ૧૬૪ | શ્રી ઋષભજિન સ્તવનં | ઋષભજિનેશ્વર વંદના | ૧૯૯ |
| ૧૬૫ | ,, શાંતિજિન ,, | શાંતિજિનેશ્વર અલખ અરૂપી | ૨૦૦ |
| ૧૬૬ | ,, નેમિનાથ ,, | રાજુલ કહે છે શામલા | ,, |
| ૧૬૭ | ,, પાર્શ્વજિન ,, | પૂર્ણાનંદ મારે પાર્શ્વ પ્રભુ | ૨૦૩ |
| ૧૬૮ | ,, મહાવીર ,, | શ્રી મહાવીર પ્રભુ રે | ૨૦૪ |
| ૧૬૯ | ચોવીશી કલશ. | ચોવીશ જિનવર ભક્તિથી | ૨૦૫ |
| ૧૭૦ | ,, ઋષભજિન ,, | પરમ પ્રભુતા તું વર્યો | ,, |
| ૧૭૧ | ,, શાંતિજિન ,, | શાંતિનાથજી રે | ૨૦૬ |
| ૧૭૨ | ,, નેમિજિને ,, | નેમિજિનેશ્વર વંદના | ૨૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૩ શ્રી | પાર્શ્વજિન સ્તવન | પાર્શ્વપ્રભુ પ્રભુતામયી | ૨૦૮ |
| ૧૭૪ ,, | મહાવીરસ્વામિ ,, | ત્રિશલાલનંદન વીરજી | ,, |
| ૧૭૫ | ચોવીશી કલશ. | ગાઇ ગાઈ રે એ જિનવર | ૨૧૦ |
| ૧૭૬ | સ્વાતંત્ર્યનાદ. | એક દિન એવો આવશે | ૨૧૧ |
| | **(૨૭) શ્રી વિજયલબ્ધિસુરિ પરિચય** | | ૨૧૨ |
| ૧૭૭ શ્રી | ઋષભજિન સ્તવન | ઋષભજિણંદ સુખકંદ | ૨૧૮ |
| ૧૭૮ ,, | શાંતિનાથ ,, | માતા અચિરાદેવી નદા | ૨૧૯ |
| ૧૭૯ ,, | નેમનાથ ,, | ભજીલે શ્રી નેમિ મનસું | ૨૨૦ |
| ૧૮૦ ,, | પાર્શ્વનાથ ,, | પાર્શ્વઅજારા સ્વામિ રે | ૨૨૧ |
| ૧૮૧ ,, | વીરજિન ,, | વીરજિન તેરો મેં હું ઋણી | ૨૨૩ |
| ૧૮૨ | ગજસુકુમાલ સઝાય | ગજસુકુમાલ મહા અણગારા | ,, |
| | **(૨૮) શ્રી વિજયમોહનસુરિ પરિચય** | | ૨૨૫ |
| ૩૮૩ શ્રી | ઋષભજિન સ્તવન | સિદ્ધગિરિમંડણ ઇશ સુણો | ૨૨૭ |
| ૧૮૪ ,, | શાંતિનાથજિન ,, | શાંતિજિનંદ પ્રભુ ત્રિભુવન સ્વામિ | ૨૨૮ |
| ૧૮૫ ,, | નેમિનાથ ,, | નેમિજિનેશ્વર પૂજના | ૨૨૯ |
| ૧૮૬ ,, | પાર્શ્વનાથજિન ,, | પ્રભુપાસ ધ્યાવો ગુણખાણી | ૨૩૦ |
| ૧૮૭ ,, | મહાવીરજિન ,, | વીર પ્રભુ તુજ માર્ગથી રે | ,, |
| | **(૨૯) શ્રી વિજય પ્રતાપસુરીશ્વરજી પરિચય** | | ૨૩૨ |
| ૧૮૮ ,, | આદિજિન સ્તવન | જિનઆણા વહીએ ભવીપ્રાણી | ૨૩૪ |
| ૧૮૯ ,, | શાંતિજિન ,, | શાંતિજિનરાજ તુજ | ૨૩૫ |
| ૧૯૦ ,, | નેમિનાથજિન ,, | અવિકારી અવિકારી | ૨૩૬ |
| ૧૯૧ ,, | પાર્શ્વજિન ,, | શીરનામી પારસ પ્રભુ ધ્યાવું | ૨૩૭ |
| ૧૯૨ ,, | મહાવીરજિન ,, | વિનવું હું પ્રભુ તુજને | ,, |
| | **(૩૦) શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વર પરિચય** | | ૨૩૯ |
| ૧૯૩ શ્રી | ઋષભદેવ સ્તવન | ઋષભજિણંદ ભજ | ૨૪૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૯૪ શ્રી | શાંતિનાથ સ્તવન | દૂર દેશાંતરથી હું આવ્યો | ૨૪૭ |
| ૧૯૫ ,, | પાર્શ્વજિન ,, | પુરૂષાદાનીય પાસજી | ૨૪૮ |
| ૧૯૬ ,, | વીરજિન ,, | ચોતીસ અતિશય પ્રાતિહારજ | ૨૪૯ |
| ૧૯૭ | મૈત્રી ભાવના સઝાય | મૈત્રી મનમાં જે ધરે | ૨૫૦ |
| ૧૯૮ | પ્રમોદ ,, સજ્ઝાય | ગુણધ્યાને ગુણ પામીએ | ૨૫૩ |
| ૧૯૯ | કારૂણ્ય ,, ,, | કરૂણા ધારજો રે કરૂણા | ૨૫૫ |
| ૨૦૦ | માધ્યસ્થ ,, ,, | ગુણવંતા મન ધારજો રે | ૨૫૬ |
| | **(૩૧) પં. શ્રી રંગવિમલજી પરિચય** | | ૨૬૨ |
| ૨૦૧ ,, | આદિજિન સ્તવન | આ દજિણંદ જુહારીએ | ૨૬૩ |
| ૨૦૨ ,, | શાંતિનાથ ,, | બલિહારી બલિહારી | ૨૬૪ |
| ૨૦૩ ,, | નેમિનાથ ,, | શ્રી નેમિજિણંદશું પ્રીતિ | ૨૬૫ |
| ૨૦૪ ,, | પાર્શ્વજિન ,, | ભવજલ પારઉતાર | ૨૬૬ |
| ૨૦૫ ,, | મહાવીરજિન ,, | પ્રભુ વીરજિણંદ મૂજ વીરકરો | ,, |
| | **(૩૨) શ્રી કલ્યાણમુનિ પરિચય** | | ૨૬૮ |
| ૨૦૬ ,, | રીખવદેવ ,, | માતા મરૂદેવીનાનંદ અનુપમ | ૨૬૯ |
| ૨૦૭ ,, | શાંતિનાથજિન ,, | શાંતિજિનેશ્વર પ્રીતે | ,, |
| ૨૦૮ ,, | ,, ,, | આજ મને શાંતિનાથ જ મલીયારે | ૨૭૦ |
| ૨૦૯ ,, | નેમનાથ ,, | મારા પ્યારા નેમજી સ્યાને | ,, |
| ૨૧૦ ,, | પાર્શ્વ ,, | સુખકરપાસ જિનેશ્વર | ૨૭૧ |
| ૨૧૧ ,, | મહાવીર જિન ,, | ભવિ પૂજો શુદ્ધ મન ભાવસે | ૨૭૨ |
| | **(૩૩) શ્રી વિજય અમૃતસૂરિજી પરિચય** | | ૨૭૩ |
| ૨૧૨ શ્રી | ઋષભદેવ સ્તવન | શ્રીમન્નાભેય દેવનમું | ૨૭૪ |
| ૨૧૩ ,, | શાંતિનાથ ,, | શાંતિ જિનેશ્વર મહારો | ૨૭૬ |
| ૨૧૪ ,, | નેમિનાથ જિન ,, | હાંરે મારે નેમિ જિનેશ્વર | ૨૭૬ |
| ૨૧૫ ,, | પાર્શ્વનાથ ,, | પુરૂષાદાણી પાર્શ્વજિનેશ્વર | ૨૭૭ |
| ૨૧૬ ,, | વીરજિન ,, | હો પ્રભુ મુજ પ્યારા | ૨૭૮ |

(૩૪) શ્રી બાલચંદજી પરિચય ૨૮૦

૨૧૭ શ્રી ઋષભ જિન સ્તવન આદિજિણંદ બલિહારી ૨૮૦
૨૧૮ ,, શાંતિનાથ ,, ધન ભાગ્ય અમારે મંદિર આવ્યા ૨૮૧
૨૧૯ ,, નેમિનાથ ,, શ્રી નેમિ જિનેશ્વર છો ૨૮૨
૨૨૦ ,, પાર્શ્વનાથ ,, પાર્શ્વજિણંદને પ્રીતથી નિત્યવંદુ ૨૮૨
૨૨૧ ,, મહાવીર ,, શી કરૂં કીરતી ત્હારી હો વીર? ૨૮૩

(૩૫) શ્રી દક્ષવિજયજી ગણિવર્ય પરિચય ૨૮૫

૨૨૨ શ્રી ઋષભજિન સ્તવન કેશરીયા નાથકા વંદન ૨૮૭
૨૨૩ ,, શાંતિજિન ,, શાંતિદાયક શાંતિ જિનરાયા ૨૮૮
૨૨૪ ,, નેમિનાથજિન ,, ભવિયા ભવાબ્ધિ નૈયા ૨૮૮
૨૨૫ ,, પાર્શ્વનાથજિન ,, વામાનંદનને ભવિભાવે ભજી ૨૮૯
૨૨૬ ,, મહાવીરજિન ,, મહાવીર સ્વામિરે ભાવથી ૨૯૦
૨૨૭ ચોવીશીનો કલશ તપગચ્છ ગગને ગગન મણિસૂરિ ૨૯૦

(૩૬) શ્રી વિજય અમૃતસૂરિજી પરિચય ૨૯૨

૨૨૮ શ્રી આદિનાથ સ્તવન અયોધ્યાનાવાસિ પ્રભુને વંદું ૨૯૩
૨૨૯ ,, શાંતિનાથ ,, શાંતિજિન પ્યારા દુઃખ હરનારા ૨૯૪
૨૩૦ ,, નેમનાથ ,, ગઢગિરનારે નેમિ જિનને ૨૯૫
૨૩૧ ,, પાર્શ્વનાથ ,, પાર્શ્વપ્રભુ મંગલકાર ભવિકા ૨૯૫
૨૩૨ ,, વીરજિન ,, કુંડલપુરના વાસી વીરને વંદુ ૨૯૬

(૩૭) પંન્યાસ શ્રી ધુરંધર વિજયજી પરિચય ૨૯૮

૨૩૩ શ્રી ઋષભજિન સ્તવન નાભિ નરેન્દ્ર નંદન વંદન હો ૨૯૯
૨૩૪ ,, શાંતિનાથજિન ,, મારા મનમાં વસી મારા દિલમાં ૩૦૦
૨૩૫ ,, નેમિનાથજિન ,, શ્રી નેમિ જિનેશ્વર પ્રભુને ૩૦૦
૨૩૬ ,, પાર્શ્વજિન સ્તવન પાર્શ્વનામ હું રટતા રે ૩૦૧
૨૩૭ ,, મહાવીરજિન ,, મહાવીરસ્વામી પ્યારા ૩૦૨

૨૩૮ શ્રી આદિજિન સ્તવન આદી પ્રભુકી નજરીયાં દી...પે ૩૦૨
૨૩૯ ,, શાંતિનાથજિન ,, અબ મે તરંગા ભવતાબ્ધિ ૩૦૩
૨૪૦ ,, નેમિનાથજિન ,, પ્રેમ સુધારસ ઘોલ જીયરવારે ૩૦૩
૨૪૧ ,, પાર્શ્વનાથજિન ,, પાર્શ્વ પ્રભુને પ્રેમે પ્રણમીયે ૩૦૪
૨૪૨ ,, મહાવીરજિન ,, વીરપૂજન મેં પ્રેમે કરત હું ૩૦૪

(૩૮) આચાર્ય શ્રી વિજયજંબૂસૂરિજી પરિચય ૩૦૫

૨૪૩ શ્રી ઋષભદેવ સ્તવન રૂષભદેવનું ગુરૂ ચરિત્ર સુણાવે ૩૦૮
૨૪૪ ,, શાંતિનાથ ,, ભાગ્ય જાગ્યું આજ મ્હારૂં ૩૦૯
૨૪૫ ,, નેમનાથ ,, બાવિશમા પ્રભુ નેમ વંદું ૩૦૯
૨૪૬ ,, પાર્શ્વનાથ ,, આનંદ અપાર છે વાણી ૩૧૦
૨૪૭ ,, મહાવીરજિન ,, વીરજિના મુખડાને જોવા ૩૧૨
૨૪૮ બારસા સૂત્રની ગહુલી બારસાએ સૂત્રકેરા વચનો ૩૧૩
૨૪૯ જ્ઞાનપંચમી ગહુલી જ્ઞાન તણા દીવડાને ગુરૂજી પ્રગટાવે ૩૧૪

(૩૯) પંન્યાસ શ્રી યશોભદ્રવિજયજી પરિચય ૩૧૫

૨૫૦ શ્રી ઋષભજિન સ્તવન નમું ઋષભ પ્રભુ ૧ પ્યારા ૩૧૭
૨૫૧ ,, શાંતિજિન ,, દેખી શાંતિનાથ ભવ બંધન ૩૧૮
૨૫૨ ,, નેમિનાથ ,, યાદવકુલ શણગારો હો નેમ ૩૧૯
૨૫૩ ,, પાર્શ્વજિન ,, લાગી પાર્શ્વ પ્રભુની પ્રીત ૩૧૯
૨૫૪ ,, મહાવિર ,, મે ત્રિશલા નંદન ધ્યાઉં મનહર ૩૨૦
૨૫૫ ,, ઋષભ ,, જ્યારે દેખું મૂરતિ જિનની ૩૨૧
૨૫૬ ,, શાંતિનાથ ,, ગાવો હર્ષધરી ગાવો હર્ષધરી ૩૨૧
૨૫૭ ,, નેમિજિન ,, ભક્તિ વેલીયો રોપાવ તારા ૩૨૨
૨૫૮ ,, પાર્શ્વનાથ ,, આવો હર્ષધરી ગાવો હર્ષધરી ૩૨૩
૨૫૯ ,, મહાવાર ,, યાચું યાચું મે વીરપ્રભુજી ૩૨૩

(૪૦) શ્રી લલિત મુનિજી પરિચય ૩૨૫

૨૬૦ શ્રી ઋષભદેવ સ્તવન આદી જિનેશ્વરા સ્થાપક ધર્મના ૩૨૬

| | | | |
|---|---|---|---|
| ૨૬૧ શ્રી | શાંતિનાથ સ્તવન | તુમ કરલે ખુશીસે આજ | ૩૨૭ |
| ૨૬૨ ,, | નેમનાથ ,, | નેમ જિનજી સૂણલો | ૩૨૮ |
| ૨૬૩ ,, | પાર્શ્વનાથ ,, | તુમે તો જુઓ જરા સામું | ૩૨૯ |
| ૨૬૪ ,, | મહાવીરજિન ,, | વીર સુણો સ્વામિન કહુ વાત | ,, |
| ૨૬૫ ,, | આદિનાથજિન ,, | પૂજો પૂજો આદીશ્વર પૂજો | ૩૩૦ |
| ૨૬૬ ,, | શાંતિનાથજિન ,, | સમકિતવિણુ નહિ જાઉં હવે હું | ૩૩૧ |
| ૨૬૭ ,, | નેમિનાથજિન ,, | તેરે શરણમે આયો હું | ૩૩૨ |
| ૨૬૮ ,, | પાર્શ્વપ્રભુ ,, | આજ પ્યારે પાસ હમારે કોઇ | ૩૩૩ |
| ૨૬૯ ,, | મહાવીર ,, | મહાવીર તારી ધીરજતાનો | ૩૩૪ |
| | **(૪૧) પંન્યાસજી શ્રી મહિમાવિજયજી પરિચય** | | ૩૩૬ |
| ૨૭૦ ,, | ઋષભજિન સ્તવન | ઋષભજિણંદજીરાય | ૩૩૮ |
| ૨૭૧ ,, | શાંતિનાથજિન ,, | શાંતિજિનેશ્વર વંદતા રે | ૨૩૮ |
| ૨૭૨ ,, | નેમિનાથજિન ,, | નેમિજિનેશ્વર ભેટીયે રે | ૩૩૯ |
| ૨૭૩ ,, | પાર્શ્વજિન ,, | સૂર્યપુરેજિન શોભતા રે | ૩૪૦ |
| ૨૭૪ ,, | મહાવીરજિન ,, | વાણી સુધા પ્રભુ તાહરી રે | ૩૪૧ |
| ૨૭૫ ,, | હિતોપદેશ કાવ્ય | દો દિનકા મેમાન મુસાફીર | ૩૪૨ |
| | **(૪૨) શ્રી વિજયભુવન તિલકસૂરિ પરિચય** | | ૩૪૪ |
| ૨૭૬ ,, | ઋષભજિન સ્તવન | શાંત સુધામય મુદ્રા નીરખી | ૨૪૫ |
| ૨૭૭ ,, | શાંતિજિન ,, | દિવ્યધામ કૈસે પાવું | ,, |
| ૨૭૮ ,, | નેમિનાથજિન ,, | નેમિનાથજિણંદ ગિરનારી | ૩૪૬ |
| ૨૭૯ ,, | પાર્શ્વનાથજિન ,, | પાર્શ્વદર્શન તરસે ભવિજન | ,, |
| ૨૮૦ ,, | મહાવીરજિન ,, | વીર પ્રભુ કરુણા મુજ પર કીજે | ૩૪૭ |
| ૨૮૧ ,, | કલશજિ ,, | અચલશાસન જગવીરતણું જયકાર | ,, |
| ૨૮૨ ,, | વીરાગી વાણી ,, | જન્મ્યા પછી આ જગતમાં | ૩૪૮ |
| | **(૪૩) પં. શ્રી હંસસાગરજી પરિચય** | | ૩૫૦ |
| ૨૮૩ શ્રી | ઋષભજિન સ્તવન | આદિજિનની સેવા | ૩૫૪ |

૨૮૪ શ્રી શાંતિનાથજિન સ્તવન શાંતિજિન શાંતિના દાતા ,,
૨૮૫ ,, નેમિનાથજિન ,, સેવો નેમિનાથ પ્રસન્ન વદન ૩૫૫
૨૮૬ ,, પાર્શ્વનાથજિન ,, નવખંડા પાસ પ્યારા ૩૫૬
૨૮૭ ,, મહાવીરજિન ,, મનમોહનની એ મૂર્તિ ૩૫૭

## (૪૪) શ્રી રૂપકવિજયજી પરિચય ૩૫૮

૨૮૮ ,, ઋષભદેવ સ્તવન તારક વારક મોહનો ,,
૨૮૯ ,, શાંતિનાથજિન ,, શ્રી અચિરાસુત સાહિબમેરા ૩૫૯
૨૯૦ ,, નેમિનાથજિન ,, પ્રભુ તુહિ પર ઉપકારે ૩૬૦
૨૯૧ ,, પાર્શ્વનાથજિન ,, પુરૂસાદાણી રે પાર્શ્વ વિચારીએ ૩૬૧
૨૯૨ ,, વીરજિન ,, સેવનાવીરની ખેવનાપૂરવે ,,

## (૪૫) શ્રી કીર્તિવિજયજીગણિ પરિચય ૩૬૩

૨૯૩ શ્રી ઋષભદેવ સ્તવન આનંદ આનંદ ખુબ છાયા ૩૬૫
૨૯૪ ,, શાંતિનાથજિન ,, ભવોદધિમાં બુડતાં પ્રભુ ૩૬૬
૨૯૫ ,, નેમનાથજિન ,, તોરણુ આઈ નેમજી ચાલ્યા ૩૬૭
૨૯૬ ,, પાર્શ્વપ્રભુનું ,, લાખ લાખ વાર પ્રભુ પાર્શ્વને ૩૬૮
૨૯૭ ,, મહાવીર ,, હે કરૂણાનાધર હે સમતાસાગર ૩૬૯
૨૯૮ ,, સજ્ઝાય વૃથી કરે તું ગુમાન મનવા ૩૭૦
૨૯૯ ,, સુંદરભાવના કરી સમતાનાં પાનવર્યા મુક્તિ ૩૭૧

## (૪૬) શ્રી જિનેંદ્રવિજયજી પરિચય ૩૭૩

૩૦૦ શ્રી ઋષભજિન સ્તવન આદિજિન પ્રણમતાં મારૂં હૈયું ,,
૩૦૧ ,, શાંતિનાથજિન ,, અચિરાનો નંદન દીન દયાળ ૩૭૪
૩૦૨ ,, નેમનાથજિન ,, વીતરાગી મારે લત લાગી ૩૭૫
૩૦૩ ,, પાર્શ્વનાથજિન ,, પાર્શ્વજિનેશ્વર વંદીએ ૩૭૬
૩૦૪ ,, મહાવીરજિન ,, દૂર કરો ફંદન પ્રભુજી ,,
૩૦૫ કલશ વર્તમાનજિનેશ્વર સયલ ૩૭૭

(૪૭) પં. શ્રી પદ્મવિજયજી પરિચય ૩૭૮

| | | | |
|---|---|---|---|
| ૩૦૬ | શ્રી આદિનાથજિન સ્તવન | સોનાનો મુગટ હીરાઝગમગ થાય | ,, |
| ૩૦૭ | ,, શાંતિનાજિન ,, | ચક્રવર્તીની સાહ્યબીરે ધરે | ૩૭૯ |
| ૩૦૮ | ,, નેમિનાથજિન ,, | નેમિજિણંદ ભગવાન લાગે | ૩૮૦ |
| ૩૦૯ | ,, પાર્શ્વનાથજિન ,, | પાર્શ્વજિણંદારે અરજી ઉર ધારના | ૩૮૧ |
| ૩૧૦ | ,, મહાવીરજિન ,, | બોલો બોલોને મીઠડા બોલ | ૩૮૨ |

(૪૮) શ્રી સુદર્શનવિજયજીગણિ પરિચય ૩૮૩

| | | | |
|---|---|---|---|
| ૩૧૧ | શ્રી ઋષભજિન સ્તવન | ઋષભજિનેશ્વર ભેટીયેરે | ,, |
| ૩૧૨ | ,, શાંતિનાથ ,, | સોલમાજિનેશ્વર તે ભલોરે | ૩૮૪ |
| ૩૧૩ | ,, નેમનાથ ,, | નેમ ચલે ગિરનાર ત્યાગી | ૩૮૪ |
| ૩૧૪ | ,, પાર્શ્વનાથ ,, | તુમેતો ભલે પધારોજી | ૩૮૫ |
| ૩૧૫ | ,, મહાવીર ,, | ગાવો ત્રિશલાનંદ કેરો | ૩૮૫ |
| ૩૧૬ | કલશ | ઈમ ત્રિજગનાયક અચલ શાસન | ૩૮૬ |

(૪૯) શ્રી ભદ્રગુપ્તવિજયજી પરિચય ૩૮૭

| | | | |
|---|---|---|---|
| ૩૧૭ | શ્રી આદિજિન સ્તવન | ઓ દેવ તમારો વેષ સજીને | ૩૮૮ |
| ૩૧૮ | ,, શાંતિનાથ ,, | આવી અચિરા રાણીના ઉદરે | ૩૮૯ |
| ૩૧૯ | ,, નેમનાથ ,, | મારા જીવનમાં પાંચ પાંચ ભૂલ | ૩૮૯ |
| ૩૨૦ | ,, પાર્શ્વ પ્રભુ ,, | વામાદેવીના નંદ તમે સુણજો | ૩૯૦ |
| ૩૨૧ | ,, વીરનાં લોચન ,, | જ્યારે જ્યારે જોઉં ઓલ્યું | ૩૯૨ |

(૫૦) મુનિશ્રી નિત્યાનંદવિજયજી પરિચય ૩૯૩

| | | | |
|---|---|---|---|
| ૩૨૨ | શ્રી આદિનાથજિન સ્ત. | નાભિકુલકર વંશ દીપાવ્યો | ૩૯૪ |
| ૩૨૩ | ,, શાંતિનાથ ,, | શાંતિજિન સોલમા અચિરાના | ૩૯૪ |
| ૩૨૪ | ,, નેમિનાથ ,, | ફીજીએ ફીજીએ ફીજીએ નેમિ. | ૩૯૫ |
| ૩૨૫ | ,, પાર્શ્વનાથ ,, | પાર્શ્વ જિનંદ મનોહારી | ૩૯૬ |
| ૩૨૬ | ,, મહાવીર ,, | વીર જિનેશ્વર વંદુ પાયા | ૩૯૭ |

૩૨૭ કલશ શ્રી વીર પાટપરંપરાએ ૩૯૮

(૫૧) શ્રી અશોકવિજયજી પરિચય ૩૯૯

૩૨૮ શ્રી આદિજિન સ્તવન નાભિ નરિંદ કુલ ચંદલો ૩૯૯

૩૨૯ ,, શાંતિજિન ,, શાંતિ જિનેશ્વર અરજ ૪૦૦

૩૩૦ ,, નેમિજિન ,, નાથ નિરંજન ભવભય ભંજન ૪૦૧

૩૩૧ ,, પાર્શ્વજિન ,, વ્હાલા મારા પાસજી દિલ ૪૦૨

૩૩૨ ,, મહાવીર ,, મૂરતિ મહાવીરની ભાળી રે ૪૦૩

૩૩૩ પશસ્તિ કલશ શ્રી વીરશાસન મોહનાશન ૪૦૫

(૫૨) શ્રીમદ્ બુદ્ધિવિજયજી (બુટેરાયજી) પરિચય ૪૦૭

૩૩૪ ,, ચોવીસતીર્થંકરોનુ સ્તવન આદિનાથ આદિસરું ૪૧૦

૩૩૫ ,, પાર્શ્વનાથ સ્તવન સાંવલીયા પ્રભુ જૈસે બને વૈસે ૪૧૧

(૫૩) શ્રી વિજયનંદન સૂરીશ્વરજી પરિચય ૪૧૨

૩૩૬ ,, આદીશ્વર સ્તવન નાભિનૃપ સુત વંદીએ રે ૪૧૭

૩૩૭ ,, ઋષભજિન ,, આદીશ્વર આદી તીર્થપ્રવર્તક ૪૧૮

૩૩૮ ,, શાંતિજિન ,, શાંતિ જિનેશ્વર તારક માહરા ૪૧૯

૩૩૯ ,, નેમિજિન ,, રાજીમતિ રંગે ભણે ૪૨૦

૩૪૦ ,, પાર્શ્વજિન ,, આજ આનંદ અતિ થયો રે ૪૨૧

૩૪૧ ,, મહાવીરજિન ,, ત્રિશલાનંદન પ્રભુ મહારી ૪૨૨

(૫૪) ઊ શ્રી જયંતવિજયજી પરિચય ૪૨૪

૩૪૨ શ્રી આદિનાથ પ્રભુ સ્તવન સિદ્ધ ગિરિનું દર્શન ભાગ્યે લર્યું ૪૨૬

૩૪૩ ,, શાંતિજિન ,, આવો ગજાવો દાદાનો દરબાર ૪૨૬

૩૪૪ ,, નેમિજિન ,, પ્રભુ ચરણોમેં ચિત્ત લગાના ૪૨૭

૩૪૫ ,, પાર્શ્વજિન ,, શ્રી શંખેશ્વર ચરણની સેવા ૪૨૮

૩૪૬ ,, મહાવીરજિન ,, વીર પ્રભુ મુજ હૃદયના હારી ૪૨૮

---

શ્રી જૈન ગૂર્જર સાહિત્ય રત્નો ભા. ૧ લો તથા પૃષ્ઠ

શ્રી જંબુકુમાર રાસ વિષેના અભિપ્રાયો ૧

## ફંડના ટ્રસ્ટીઓના નામ

૧. પાનાચંદ ચુનીભાઇ ઝવેરી
૨. ભાઇચંદ નગીનભાઇ ઝવેરી
૩. કુસુમચંદ મોતીચંદ ઝવેરી
૪. ગુલાબચંદ બાલુભાઇ ઝવેરી
૫. રમણીકલાલ મુલચંદ ઝવેરી
૬. નરેંદ્રકુમાર ભાઇચંદ ઝવેરી

श्री शंखेश्वरपार्श्वनाथाय नमः

# જૈન ગૂર્જર સાહિત્ય-રત્નો
## અને
# તેમની કાવ્ય-પ્રસાદી

ભાગ ૨જો

[ ૧ ]

## શ્રી જિનકીર્તિસૂરિ

ચોવીસી રચના સંવત ૧૮૦૮

### બીકાનેર

શ્રી ખરતરગચ્છમાં શ્રી જિનસાગરસૂરિની પટ્ટપરંપરામાં શ્રી જિનવિજયસૂરિના શિષ્ય કવિ શ્રી જિનકીર્તિસૂરિનો જન્મ મારવાડમાં ફલોધી ગામમાં થયો હતો. તેઓના પિતાશ્રીનું નામ ઉગ્રસેન હતું, માતાનું નામ ઉછરંગદેવી હતું.

સંવત ૧૭૯૭માં જેસલમેરમાં તેઓશ્રીને ભટ્ટારક પદવી આપવામાં આવી હતી.

સાહિત્ય રચનામાં ચોવીસી ઉપરાંત શ્રીલોદ્રવા પાર્શ્વનાથનું સ્તવન ચાર ઢાળનું બનાવ્યું છે. ચોવીસી નાની તથા સાદી ભાષામાં રચેલી છે. તેઓશ્રીનો સ્વર્ગવાસ બીકાનેરમાં સંવત માં થયો હતો.

આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા ચોવીસીનો કલશ મળી છ કાવ્યો લીધાં છે.

૧

## શ્રી આદિજિન સ્તવન

સાહિબ નૈં જબ ભેટીયૈં, તબ એસૌ મુઝ નેહ;
ભીંજી માહરી મન તણી, તિહાં જાય લાગૈ તેહ સાહિબ૦ ૧
રૂપૈ તૌ રૂડા ઘણા, ન લગૈ ત્યાં સું રંગ;
ભમરૌ તો રસ લેઇવા, સેવૈ કમલસું રંગ સાહિબ૦ ૨
સુગુણા નૈ દોવણ મણી, મિલીયૈ જિમ તિમ જાય;
પ્રાપત હવૈ લો પામીયૈ, હર્ષિત હીયડૌ થાય સાહિબ૦ ૩
નિર્મલ સંખતણી પરૈ, સાગર જેમ ગંભીર;
ચંદ તણી પરિ સૌમ્યતા, તોડયા કર્મ જંજીર સાહિબ૦ ૪
પ્રથમજિનેસર પરગડૌ, શ્રી શ્રી આદિ જિનેન્દ્ર;
ભવ વારિધિથી તારજ્યૌ, પભણે કીર્તિસૂરીન્દ્ર સાહિબ૦ ૫

૨

## શ્રી શાંતિજિન સ્તવન

(ઢાળ-વીર વખાણી રાણી ચેલણાજી. એહની)

શાંતિ મૂર્તિ જિન સોળમોજી,
સેવતાં મન હુવે શાંતિ;
વાત એ લોક સહુ કો વદે જી,
કવિ પણ એમ કહંત શાંતિ૦ ૧

મારિકને સંકટ મેટિયૌજી,
મહીય વાધી તિગ નામ;
ગુણીવન એહ વિનતી કરૈ જી,
નામ જિલા પરિણામ શાંતિ૦ ૨
હરખ ધરી ધર્યો હિરણીલો જી,
નિરખ નિરખ સુખદાયક ઠામ;
સેવક સદા ચરણુનીજી,
લંછન મિળ અભિરામ શાંતિ૦ ૩
માંહરી સેવ મન આણીજ્યો જી,
કરીય કરુણા મનમાંહિ;
બાંહ ગ્રહ્યા થકાં બાલિકાં જી,
લીજીયો સદા નિરવાહી શાંતિ૦ ૪
વિજયવંતા તણી વિનતીજી,
પ્રીછજ્યો સ્વામિ ગુણપુર;
મન વચ કાયા કરિને સદા જી,
કહે જિનકીર્તિ સૂર. શાંતિ૦ ૫

3

## શ્રી નેમિજિન સ્તવન

(ઢાળ – બે બે મુનિયા વિહરણ પાંગુર્યા રે – એહની)

નેમિ જિણેસર જગમેં તું જ્યો રે,
દોષ નિવારણ દીનદયાલ રે;
તુલ્ય ન દીઠો કોઇ તાહરૈ રે,
પશુ પંખી સહુનો પ્રતિપાલ રે ૧
પણધારી સબલો બાલકપણે રે,
જીત લીયો તે કામ જો ધાર રે;

ઔર ન કોઇ ઇવડો કરિ સકૈ રે,
સગલૌ મેં જોયો સંસાર રે ૨
પ્રતિબોધી પહિલી રાજુલ પ્રિયા રે,
પહુચાઈ વલિ ભવનેં પાર રે;
નવ ભવ સાથ નિવાહયૌ સાહિબા રે,
કહીયે તું ઇણવિધ કરતાર રે ૩
મો ઊપરિ આંણીને મયા રે,
દરસણરી સફલાઈ દેવ રે;
અરજ ઈતી માહરી અવધારજ્યો રે,
ચરણારી મુઝ દેજ્યો સેવ રે ૪
બોધબીજદાયક બાવીસમૌ રે,
જિનવર તું સહુ વિધિનૌ જાણે રે;
શ્રી જિનકીર્તિ કર જોડી કરૈ રે,
મતિવંત જે સેવૈ માહરાણ રે ૫

૪

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(ઢાળ – પ્યારો માંનુ લાગે દોલતોં – એહની)

પ્રભુ પારસ જગિ પરગડો,
મહિમા તાહરી કલિમાંહિ રે વાલ્હા;
સહુ કો સેવા સાચવેં,
આણી મનમાંહિ ઉમાંહિ રે વાલ્હા પ્રભુ૦ ૧
હો રે વાલ્હા પન્નગની પ્રતિપાલના;
આણી મનમાંહિ ઉદાર રે વાલ્હા;
ધરણીપતિ તેહને કીયૌ,
એ મોટાનો ઉપગાર રે વાલ્હા પ્રભુ૦ ૨

ઇણુ યુગ આસ્યા ઇહિ કાં,
પૂરણુ તું પારસનાથ રે વાલ્હા;
આવૈ હો પાત્ર ઉમાંહીયા,
સકજી સુત લીધાં સાથ રે વાલ્હા પ્રભુ૦ ૩
ફણધારી થારી ફેંટ મેં,
આયૌ તેહનૌ ઉદ્ધાર રે વાલ્હા;
સઘળાં સુખ સંસારનાં,
પરભવ પિણ પામેં પાર રે વાલ્હા પ્રભુ૦ ૪
મૂરતિ મોહનવેલ જ્યું,
સુરતરુ કુંભ સવાય રે વાલ્હા;
જિનકીરતિ જાજો જુગતિ સું,
પ્રણમેં અહનિસિ પાય રે વાલ્હા પ્રભુ૦ ૫

૫

## શ્રી વીરજિન સ્તવન

( ઢાળ – નાયક મોહન આવીયૌ – એહની )

શાસનપતિ ચઉવીસમો, વીર જિણંદ વરદાઇ રે;
ભેટયોં મેં મન ભાવસું, પ્રગટ હુઈ પુણ્યાઈ રે શા૦ ૧
રાતિદિવસ ઊભા રહૈ, અણહું તૈ ઈક કોડી રે;
ભવન પત્યાદિક ભાવસું, જય બોલેં કર જોડી રે શા૦ ૨
તાહરે વચને લાગતાં, અભવ્યતિ કૈ ઉદ્ધર્યા રે;
ભવ્યતણી ગિણતી કિસી, નરનારી નિસતાર્યા રે શા૦ ૩
ઈન્દ્રાદિક આવૈં સદા, ચરણ કરણ નિત સેવા રે;
મહિમાની પામેં મુદા, મનવંછિત ફલ મેવા રે શા૦ ૪
સુક બીજે ઓલગ સકૈં, પ્રાપતિ સારૂ પાવે રે;
શ્રી જિનકીરતિ સૂરીસરૂ, દિન દિન ચઢતે દાવેં રે શા૦ ૫

૬

કલશ

ઈમશ્રી જિનમતનેં અનુસારેં, ભાવ ભગતિ મન ભાઈ;
વિક્રમપુર વાંધા સુવિવેકેં, પ્રબલ સુજસ પુણ્યાઇ રે
જિનરાજ સદા વરદાઈ ૧

સંવત વસુ શર્વ સિદ્ધિ શશી, તિથિ ઇગ્યારસ અધિકાઈ;
ચિત્ત હર્ષિત ફાગુણ ચૌમાસે, ગુણીયણ હિલમિલ ગાઇ રે
જિન૦ ૨

શ્રી જિનસાગર સૂરિ પાટોધર, શ્રી જિનધર્મ્મ સુહાઈ;
શ્રી જિનચન્દ્રસૂરિ સૂરીશ્વર, શ્રી જિનવિજય સવાઈ રે
જિન૦ ૩

પદપંકજ તેહનેં પરસાદેં, પા ઉત્તમ મતિ આઈ;
શ્રી જિનકીરતિ જિનગુણ ગાવતાં, કરીય સફલ કવિતાઈ રે
જિન૦ ૪

સુખ કારણ જિનવરની સ્તવના, ચૌવીસી ચિત્ત લાઈ;
અધિક વિનોદ ધામેં આણંદે, ચતુર નરાં ચતુરાઈ રે
જિન૦ ૫

[ ૨ ]

# અનુયોગાચાર્ય પંડિત શ્રી ઉત્તમવિજયજી

ચોવીસી રચના સંવત ૧૮૧૦ આસપાસ

શ્રી તપગચ્છમાં પ્રખર ક્રિયોદ્ધારક મહાતપસ્વી પં. સત્યવિજયજીના શિષ્ય શ્રી કપૂરવિજયજી તેમના શિષ્ય શ્રી ક્ષમાવિજયજી તેમના શિષ્ય શ્રી જિનવિજયજી તેમના શિષ્ય શ્રી ઉત્તમવિજયજીનો જન્મ સં. ૧૭૬૦માં અમદાવાદમાં શામળાની પોળમાં થયો હતો. પિતા લાલચંદ્ર તથા માતા માણેકબાઇ હતાં. તેમનું નામ પુંજાશા હતું. શ્રી ખરતરગચ્છના અધ્યાત્મજ્ઞાની મુનિવર શ્રી દેવચંદ્રજી પાસે ધાર્મિક અભ્યાસ કર્યો ને સંસારીપણામાં તેમની સાથે સુરત ગયા. ત્યાંથી શાહ કચરા કીકાના સંઘમાં સમેતશિખરજી યાત્રાર્થે ગયા. ત્યાંથી આવી અમદાવાદમાં શ્રી જિનવિજયજીના વ્યાખ્યાનશ્રવણથી બોધ પામી વૈરાગ્યવાસિત થઇ સંવત ૧૭૯૬ના વૈશાખ માસમાં દીક્ષા લીધી. ત્યાંથી પાદરા ચોમાસું કરી શ્રી ભગવતીજી વાંચ્યું. ગુરુશ્રી જિનવિજયજી સંવત ૧૭૯૯માં દેવગત થયા બાદ ખંભાત, પાટણ થઇ ભાવનગર આવ્યા. ત્યાં ફરી શ્રી દેવચંદ્રજી પાસે સૂત્રો ધાર્યાં. ત્યાંથી શ્રી સુરતના સંઘવી શાહ કચરા કીકાના સંઘમાં શ્રી સિદ્ધાચળજી ગયા. સંવત ૧૮૦૮માં રાજનગર જઈ બે ચોમાસાં કર્યાં; શ્રી ભગવતીજી વાંચ્યું. ત્યાંથી સુરત ચોમાસું સં. ૧૮૧૦નું કર્યું. નવસારી, ખંભાત, અમદાવાદ, ભાવનગર થઇ ફરી શ્રી સિદ્ધાચલજી, ગીરનારની જાત્રા કરી નવાનગર ચોમાસું કર્યું. ત્યાંથી રાધનપુર, શંખેશ્વરજીની યાત્રા કરી પાલીતાણે આવી પ્રતિષ્ઠા કરી. ત્યાંથી શાહ તારાચંદ કચરાના સંઘ સાથે શ્રી તારંગાજી, આબુજી, શ્રી શંખેશ્વર થઇ

રાધનપુર રહી સુરતમાં ચોમાસું કર્યું. તે વખતે તેમના ગુરુભાઇ શ્રી ખુશાલવિજયજી સુરતમાં હતા. આંખમાં પીડા થવાથી રાજનગર આવ્યા. ત્યાં સંવત ૧૮૨૭માં ૬૭ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા.

**: ગ્રંથરચના :**

૧. સંયમશ્રેણી ગર્ભિત મહાવીર સ્તવન સં. ૧૬૯૯માં સુરત.

૨. શ્રી જિનવિજયજી નિર્વાણરાસ.

૩. અષ્ટપ્રકારી પૂજા સંવત ૧૮૧૩માં.

સંયમશ્રેણી ગર્ભિત શ્રી મહાવીર સ્તવનમાં કવિશ્રી પોતાની ભાષામાં સ્તવનની પ્રશસ્તિમાં નીચે મુજબ લખે છેઃ—

"શ્રી સૂરત બંદરે સૂર્યમંડણ પાર્શ્વનાથની સ્મૃતિ પ્રણતિ મહિમાએ તથા પંડિત શ્રી ક્ષમાવિજયગણિ શિષ્યરત્ન સંપ્રતિ વિદ્યમાન, ચિરંજીવી પરમોપકારી પંડિત શ્રી જિનવિજયગણિએ ઉદ્યમ કરી મને પ્રથમ અભ્યાસ કરાવ્યો. તે જેમ માતાપિતા પુત્રને પ્રથમ પગ માંડવા તથા બોલવા શિખવે તેમ ગુર્વાદિકે મને ઉપકાર કીધો. એ શ્રી તપગચ્છાધિરાજ ભટ્ટારકજી શ્રી વિજય દયાસૂરીશ્વરના રાજમાં જગત્પતિ જગત્પરમેશ્વર શ્રી વીરસ્વામીને મુનિ ઉત્તમવિજયે મલ્હાયો-ગાયો-સ્તવનાગોચર કીધો. એ સ્તવન અમચ્છરી ગીતાર્થ પુરૂષો, તમે શોધજો-ભણાવજો. ભણતાં ભણાવતાં સંયમશ્રેણીએ ભૂષિત થઈ સહજાનંદ પામજો.

ઇતિ અનુયોગાચાર્ય પંડિત શ્રી ઉત્તમવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞ વિવરણસહિત સંયમશ્રેણીગર્ભિત મહાવીર સ્તવન સમાપ્ત."

તેઓના બે શિષ્યો શ્રી રત્નવિજયજી તથા શ્રી પદ્મવિજયજીએ પણ ચોવીસીઓ બનાવી છે.

આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા કલશ લીધાં છે.

૧

## શ્રી ઋષભજિન સ્તવન

પરમ પુરૂષ પરમેષ્ઠિમાં રે, જે પરમાતમ જ્યોતિ;
પાપતિમિર આગળ કહે રે, જેહને કવિ ઉદ્યોત
અતુલ બલ અરિહા રિષભ જિનેસ ૧

જેણે વઇરાગ્ય સ મોહથી રે, છેદ્યો ભવ ભય પાસ;
જેહ ભણી અહનિસિ નમે રે, સુર નર વાસવરાસિ
અતુલ૦ ૨

પુરુષારથ સાધન ક્રિયા રે, જિણથી પ્રગટ સ્વરૂપ;
જેહના જ્ઞાન સમુદ્રમાં રે, ષટ્ દ્રવ્ય રત્ન અનુપ
અતુલ૦ ૩

રત્નત્રયી જેહનેં વિષે રે, જિમ ત્રિપદી જગમાંહિ;
ધ્યેય સકલ સાધક તણો રે, સદ્દહું તે મનમાંહિ
અતુલ૦ ૪

સરણ પણે તે પ્રતે ગ્રહું રે, તેણે હું નાથ સનાથ;
તેહ ભણી વંદન કરૂં રે, તિણથી લહું નિજ આથિ
અતુલ૦ ૫

ભવ ભવ કિંકર તેહનો રે, તસ ચરણેં મુઝ વાસ;
તાસ વિષઇ ગુણ બોલતાં રે, ચિર સિંચિત અઘનાશ
અતુલ૦ ૬

પ્રથમ મહિપ પહિલો મુનિ રે, પ્રથમ જિણંદ દયાલ;
ખિમાવિજય જિન સેવતાં રે, ઉત્તમ લહે ગુણમાલ
અતુલ૦ ૭

૨

## શાંતિનાથ જિન સ્તવન

(નણુદલહે કે નણુદલ–એ દેશી)

**શાંતિ જિણંદ** દીઈ દેશના, સુણે પરખદા ખાસ નણુદલ;
ભુખતરસ લાગેં નહી, જાઈજો ખટ માસ નણુદલ શાંતિ૦ ૧
જીવાદિક નવતત્ત્વને, નયગમ ભંગ સંયુત નણુદલ;
જ્ઞાનાવરણ ખય ઉમસમૈ, જાણે કેઈક જંતુ નણુદલ શાંતિ૦ ૨
કાળ અનાદિની આકરી, રાગદ્વેષની ગ્રંથ નણુદલ;
તે ભેદી સમકિત લહે, નિરમલ શિવનો પંથ નણુદલ શાંતિ૦ ૩
વિષયા વિષય કષાયથી, પામ્યા દુઃખ અનંત નણુદલ;
ઈમ જાણી ચારિત્ર લીઈ, કેઈક શ્રદ્ધાવંત નણુદલ શાંતિ૦ ૪
નણુદલ ખિપક શ્રેણી માંહે ભલુ, ધ્યાતા નિરમલ ધ્યાન ન૦;
ઘાતિ કરમ ખયથી લહે, કેઇક કેવલજ્ઞાન ન૦ શાંતિ૦ ૫
પંચવીસ સહસ વરસ લગેઈ, ગામ નગર પુર સાર ન૦;
પુષ્કર મેઘતણી વરઈ, કરતા ભવી ઉપગાર ન૦ શાંતિ૦ ૬
વિશ્વસેન રાજા પિતા, અચિરારાણીનંદ ન૦;
સમેતશિખર સિદ્ધિ ગયા, પામ્યા પરમાનંદ ન૦ શાંતિ૦ ૭
નામ ગોતર જસ સાંભળ્યાં, થાયે કરમનો નાશ ન૦;
તો જિનવર સેવા દીઈ, ઉત્તમપદ સુખ વાસ ન૦ શાંતિ૦ ૮

૩

## શ્રી નેમિનાથ જિન સ્તવન

બાવીસ પરિસહ જીતવા હું વારી લાલ,
બાવીસમો જિનરાય રે હું વારી લાલ;
પ્રગટયો અપરાજિતથી હું૦, પાળી મધ્યમ આય રે હું૦
શ્રી નેમિને કરૂં વંદના હું૦ ૧

જાદવ વંશને તારવા હું૦, સિવા કુખે અવતાર રે હું૦;
શ્રાવણ સુદિ પંચમી દિને હું૦, જન્મ્યા જગદાધાર રે હું૦
શ્રી નેમિ૦ ૨

અષ્ટ ભવંતરિ નેહથી હું૦, રાજુલ સન્મુખ જાય રે હું૦;
માનું કહેવા આપણે હું૦, રહેસુ એકણ ઠાય રે હું૦
શ્રી નેમિ૦ ૩

શ્રવણ શુદિ છઠી દિને હું૦, દેઇ સંવચ્છરી દાન રે હું૦;
સંયમ શ્રેણિ ફરસતાં હું૦, મનપર્યવ લહે જ્ઞાન રે હું૦
શ્રી નેમિ૦ ૪

ચઉપનદિન છદમસ્થથી હું૦, ઘાતિકર્મ ખપાય રે હું૦;
લોકાલોક પ્રકાસતા હું૦, કેવલજ્ઞાન પસાય રે હું૦
શ્રી નેમિ૦ ૫

સાતમી નરકથી આણીયો હું૦, ત્રીજી નરકે હેવ રે હું૦;
જિનપદ દાયક દરસણી હું૦, કીધો કૃષ્ણ વાસુદેવ રે હું૦
શ્રી નેમિ૦ ૬

દેવકીનંદન ષટ ભલા હું૦, પુનરપિ આઠ દસાર રે હું૦;
સંબ પ્રદ્યુમ્ન કુમર વળી હું૦, પોહચાડયા ભવપાર રે હું૦
શ્રી નેમિ૦ ૭

વસુદેવ નરિંદની હું૦, રાણી ને થઇ સિદ્ધ રે હું૦;
બિઉં નિ બોતેર સહસ ને હું૦, તુમ ઉપગાર પ્રસિદ્ધ રે હું૦.
શ્રી નેમિ૦ ૮

અગ્ર માહષી કૃષ્ણની હું૦, અંતેઉર સિરતાજ રે હું૦.
ચાર મહાવ્રત દેઇને હું૦, આપુ અક્ષય રાજ રે હું૦.
શ્રી નેમિ૦ ૯

૪

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

ભવગદ પીડિત જીવને રે, અગદંકાર સમાન રે જગતરાય;
પાસ પ્રભુ ત્રેવીસમો હો લાલ, શિવશ્રી વરગુણવાણુ રે
જગતરાય નાથ નિરંજન વાલહો લાલ ૧
કરમાં શસ્ત્રધરૈ નહી રે, અંક વધુઇ શુન્ય રે જગ૦;
નેત્ર તે સમરસૈં ઝીલતાં હો લાલ, સેવૈં જે કૃત પુન્ય રે
જગ૦ નાથ૦ ૨

અપરાધી સુર ઉપરે રે, પૂજક ઉપર જાસ રે જગ૦;
સમચિત્તવૃત્તિ વરતૈ સદા હો લાલ, નમો નમો તે ગુણ રાસ રે
જગ૦ નાથ૦ ૩

અશ્વસેનકુળ દિનમણિ રે, વામા ઉયરસર હંસ રે જગ૦;
ફણીધર લંછન દીપતો હો લાલ, લોકોત્તર તુમ વંશ રે
જગ૦ નાથ૦ ૪

અનુક્રમૈ ગુણ ફરસી કરી રે, પારંગત હુયો દેવ રે જગ૦;
સિદ્ધ બુધ પરમાતમા હો લાલ, ગઇ અસિદ્ધતા હેવ રે
જગ૦ નાથ૦ ૫

લોકોત્તર ગુણવંત છો રે, અજરામર ગત શોક રે જગ૦;
ખિમાવિજય જિનરાયનો હો લાલ, સેવૈ ઉત્તમ લોક રે
જગ૦ નાથ૦ ૬

૫

## શ્રી વીરજિન સ્તવન

ત્રિસલાનંદન જિન જયકારી, જગજંતુ હિતકારી જી;
અનુપમ આતમ અનુભવધારી, ઘાતિકર્મ નિવારી જી ત્રિસલા૦ ૧

કેવલજ્ઞાન લહી જગનાયક, દેશના અમૃતધાર જી;
વરસી સંઘ ચતુરવિધ થાપ્યો, ત્રિભુવન જન આધાર જી ત્રિ૦ ૨
શ્રી ગૌતમ પ્રમુખા જિનવરને, ચઉદ હજાર મુણિંદ જી;
છત્રીસ સહસ અજ્જાનો પરિકર, નમતાં નિત્ય આણંદ જી ત્રિ૦ ૩
એક લખ ઓગણસાઠ સહસ, વ્રતધારી શ્રાવકસાર જી;
ત્રણ્ય લક્ષ સહસ અઢાર, પ્રભુને શ્રાવિકા સુધા ચાર જી ત્રિ૦ ૪
સાતસૈ કેવલજ્ઞાની વૈક્રિય, લબ્ધિધર અણગાર જી;
પંચસૈ વિપુલમતિ મણનાણી, ત્રણસૈ પૂરવધાર જી ત્રિ૦ ૫
તેરસૈ સાધુ અવધિજ્ઞાની, વાદી મુનિ સૈચ્યાર જી;
સાતસૈ સાધુ ચઉદસે અજ્જા, પામ્યા ભવનો પાર જી ત્રિ૦ ૬
આઠ સઈ સાધુ અનુત્તર સુર સુખ, પામ્યા સેસ મુનિસ જી;
આરાધક તે સત અડ ભવમાં, લહેસે શિવ જગીસ જી ત્રિ૦ ૭
સુસમ કાલ થકી પણ મારે, દુસમ કાળ પ્રધાન જી;
જેમાં મુઝ ઉદયાચલ પ્રગટયો, સમકિત અભિનવ ભાણ જી ત્રિ૦ ૮
પંચમે આરે પણ ધન્ય તે નર, જે જિન આણ વહેસે જી;
શ્રદ્ધા જ્ઞાન ચરણ ગુણ ફરસીને, ઉત્તમ ભવ તરસે જી ત્રિ૦ ૯

૬

## કલશ

ઇમ ચોવીસ જિનવર, અતિ હરખે હુલરાયા;
જસ સ્તવના કરતાં, શ્રદ્ધા બોધ વધાયા. ૧
નામ ગોત્ર સુણત જસ મહા, જ ન રા ધા યા;
તો સહ ગુણ થુણતાં, સિદ્ધ વધુ કરશાયા. ૨
ગ ર્ભા શ્ર યે જેહના, સ્તવન કરઇ સુરરાયા;
જન્મ સમયે મેરૂગિર, સિ ખ રે ન્હવરાયા. ૩
ગિ હા વ સ્થા છાં ડિ, ખમદમ સમણા જાયા;
તપે કરમ ખમાવી, કેવલ લછી પાયા, ૪

દેશનામૃત વરસી, સીતલ કીયા જીયા;
સમકિત ચારિત્રના, દાન અનોપમ દીધા. ૫
શૈલેસી કરણે, ચોરી મધ્ય સુહાયા;
ધ્યાનાનલ માંહિ, કરમ ચ્યાર જલાયા. ૬
સુધંતા કંસારજ, અતિ મધુર નીપાયા;
આસ્વાદન કરતાં, આણંદ અંગ ન માયા. ૭
ગુણ મંગલ વરતી, સિવરમણી ઘર લાયા;
અક્ષય થિતિ સૈજે, મળતાં ભેદ ગમાયા. ૮
જિહાં જનમ મરણ નહી, નહી સંતાપન કાયા;
નહી કામ કદર્થન, નહી મદ મછર માયા. ૯
નહી હાસ્ય ન અરતિ, નહી ભય સોગન વાયા;
નહી ક્રોધ ન લોભા, નહી રતિ રીસ પસાયા. ૧૦
અવ્યાહત શકિત, પસરૈ ગુણસમુદાયા;
નહી સાધન સાધક, નહી કારજ ન ઉપાયા. ૧૧
કેવલ આદર્શ માં, લોકાલોક જણાયા;
ઇમ દાનાદિક ગુણ, અખય અનંત કહાયા. ૧૨
ગુણસાયર જલલવ, સ્તવના કુંભ ભરાયા;
સમજિન ઘરમાંહિ, મંગલ કલશ ઠરાયા. ૧૩
મુનિરત્નવિજયના, કહણથી જિનગુણ ગાયા;
આતમ અરથી, જન મન મણિ હોય સૂસવાયા. ૧૪
આચારી પંડિત, સત્યવિજય ગુરુરાયા;
વર કપૂરવિજય કવિ, સુવિહિત મુનિ સુખદાયા. ૧૫
શ્રી ખિમા વિજય બુધ, શાસન અધિક દિવાયા;
શિષ્ય જિતવિજયે બહુ, લાયક શિષ્ય નિમાયા. ૧૬
તસ કરુણા દ્રષ્ટિ, અમૃતદ્રષ્ટિ પસાયા;
મુનિ ઉત્તમ વિજયે, જુગતૈં જગપતિ ગાયા. ૧૭

[ ૩ ]

# શ્રી સુજ્ઞાનસાગર

**ચોવીસી રચના** સં૦ ૧૮૧૪

તપગચ્છમાં શ્રી વિજયધર્મસૂરિના સમયે શ્રી શ્યામસાગરના શિષ્ય શ્રી સુજ્ઞાનસાગર થયા છે. તેઓએ ઉદયપુરમાં સં. ૧૮૨૨માં શ્રીરામરાસ રચ્યો છે. તેઓની ચોવીસી રચના સુંદર ભાવાર્થવાળી છે.

આ સાથે પાંચ સ્તવનો લીધાં છે.

૧

## શ્રી ઋષભજિન સ્તવન

(બાહુડી નૈ બાહુડિ ગોપીચંદ રાજા – એ દેશી)

સમરસ સાહિબ **આદિ જિણંદા** ભેટણુ હૈ ભવફંદા રે;
શુદ્ધ નયાતમ અમૃતકંદા, પ્રવર પ્રતાપ દિણંદા રે. ૧
આજિ લગૈં તુમ આદિ ન આયે, તિનહું બહુ પરિધાય રે;
આપણુપો યદિ આપ દિખાયે, મૈ તબ ઓર ન ગાયે રે. ૨
રત્નત્રયાત્મક અન્તરજામી, વિમલ ઉપાદેય નામી રે;
ગેય પ્રમાણિત હેય વિરામી, નિજલા ગુણ વિશ્રામી રે. ૩
હેય દશા ગુણ રાશિ રુકાણો, આપણુપો વિસરાણો રે;
તિણથી ત્રિપદી ભાવ વિકાણો, કહુ ન વિસાદિ કહાણો રે. ૪
અલગ અખંડિત ભાવ પ્રકાશી, છાંડિ ઉપાધિ કહાસી રે;
નિરૂપાધિક કો હોય વિલાસી, આતમતત્ત્વ નિવાસી રે. ૫

નિજ ઉપયોગ સહાય સધીરો, જ્ઞાન ગુણોદય હીરો રે;
તિહુંકાળ પરતાપ અભીરો, હરણ વિભાવ સભીરો રે. ૬

વિમલ સ્વભાવ વિભાવ નિવારી, સમરસ ભાવ વિહારી રે;
ઓલગીયા ઓલગ ગુણધારી પરમ સુજ્ઞાન પિયારી રે ૭

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

(શ્રી ઋષભ જિનેસર ત્રિજગઈસર એ ઢાળ)

શ્રી શાંતિ જિનેસર તેજ ખગેશર, સૈજ સુભાવ વિહારી જી
આતમ અધિકારીજી;
આતમ અધિકારી જી,ભો પદ હારી, નિજ ગુણ જ્ઞાન વિચારી જી
આતમ૦ ૧

ત્રિગુણ નિવાસી જ્યોતિ ઉજાસી, વિકલ્પ ભાવ વિનાસી જી આ૦;
અને વિકલ્પદરસી કેવલપરસી, એકસમૈ સહુ ભાસી જી;
આતમ૦ ૨

જબ તરફ કરીજે ભાવ ગહીજે, ત્રિગુણ ભાવ તિહું ધારા જી;
દરસણ નીરાગી જ્ઞાન સરાગી, ચારિત ચિરગુણભારા જી
આતમ૦ ૩

આપણ ગુણ છાંડે ઔર ન માંડે, યું જિન વચન વખાણે જી આ૦;
જહા શાંતિ જાગીસૈ સમરસ દીસૈ, ભાવવિરોધ ન આણે જી
આતમ૦ ૪

ગોપતિ પરકાસૈ કમલ વિકાસૈ, સૈજ ઉજાસૈ તમૈ ન્હાસૈ જી આ૦;
આલિની મુડિ જાવૈ, સીત દૂરા વૈ, ચોર ગયા વનિવાસૈ જી
આતમ૦ ૫

યો ગુણ સહુ થારે પ્રગટ વિથારે, આપણ આપ દિખાવે જી આ૦;
જ્યું ઔષધ ગુણ દોડે રોગ મરોડે, સાતા સકલ મિલાવે જી
આતમ૦ ૬

મુઝ ઓગુણ ટાળી પ્રીતિ સંભાળી, વચન તણે પ્રતિપાળે જી આ૦;
હું તો રત તોસું તું રત મોસું, ભેદ સુજ્ઞાન સંભાળે જી
આ૦ ૭

૩

## શ્રી નેમિનાથ જિન સ્તવન

( ઇણ સખરિયા પાલિ ઉભા દોય રાજવી – એ દેશી )

**નેમીશ્વર** મહારાજ જિનેશ્વર જગધણી મ્હારા લાલ જિને૦
ઉભે **ધર્મરથ** નેમિ દિખાવણ દિનમણી મ્હારા લાલ દિન૦ ૧

નિજ પર ભાવ સ્વરૂપ નિવેદિક જાણીયો મ્હારા૦
ગુણરાશી પરદેશક તેજ પિછાણીયો મ્હારા૦ ૨

બોધ અનંત વિથાર અલોકે આગલો મ્હારા૦
તિણસું સુગત સુદેવ કહાવે નિરમલો મ્હારા૦ ૩

સુચરાચર જગ બીજ સ્વાવણ રૂખહીયો મ્હારા૦
બ્રહ્મા વિવિધ વિવેક લિયા તે જગ કીયો મ્હારા૦ ૪

કુસુમ પરે મકરંદ ગિહું જગવ્યાપીયો મ્હારા૦
વિસણ તણો અવતાર ઇણિ ગુણિ થાપીયો મ્હારા૦ ૫

સુખકારી સંસારી સરૂપ સુહાવણો મ્હારા૦
તિણથી સંકર નામ કહે મનભાવણો મ્હારા૦ ૬

કરમ સ્વાભાવિક સંગિ મીમાંસે માનિયા મ્હારા૦
આવણ સગતિ સંભાલિ મહા અરિ ભાનિયા મ્હારા૦ ૭

નય ગુણ કે વિસતાર બહુવિધિ જાણીયે મ્હારા૦
કરતા તૂં જગદીશ કે ન્યાય પિછાણીયે મ્હારા૦ ૮
કરમ ત્રિધાદલ તોડી થયો પ્રભુ ઇકરસી મ્હારા૦
અરિગાહણ અરિહંત ઉદૈ ગુણસું શશી મ્હારા૦ ૯
ઘણનામી અઙ રૂપ સદા થિતિ સાસતી મ્હારા૦
પરમ સુજ્ઞાન પવિત્રદશા પરકાસતી મ્હારા૦ ૧૦

૪

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(ધર્મ જિનેન્દ્ર થાંસુ રંગ છે જી રાજી—એ ઢાળ)

પરભાવિક સહુ તપતિ બુઝાવી, ગુણ શશિ સીતલ તેમ છે જી રાજિ
પ્રભુ તેમ છે જી રાજિ પ્રભુ૦

પાર્શ્વજિનેન્દ્ર થાસુ પ્રેમ છે જી રાજિ પ્રભુ૦
ભોજાં સમંદ થાસુ પ્રેમ છે જી રાજિ પ્રભુ૦

મહિમા સુરેન્દ્ર થાંસુ પ્રેમ છે જી રાજિ, પ્રેમ છે જી પ્રભુજી પ્રેમ છેજી
રાજિ૦ પ્રભુ૦ પાર્શ્વ૦;
શુદ્ધ સ્વાભાવિક અમલ ઉજાસેં, ષોડશ વાની હેમ છે જી
રાજિ પ્રભુ૦ ૧

ઉદિત પ્રભાકર તેજ પ્રભાવે, સોમ સુખાકર ચંદ છે જી
રાજિ પ્રભુ૦;
ત્રિહુંભવન આધાર અરૂપી, દુઃખ સહુ કરણ નિકંદ છે જી
રાજિ પ્રભુ૦ ૨

ઘાત્યાઘાતિક તેજ કરીને, સાચો તું વરજોર છે જી
રાજિ પ્રભુ૦;
એક રસીગત અંતર ભાસી, સીસ સુધારસ દોર છે જી
રાજિ પ્રભુ૦ ૩

તારક સહજ સ્વભાવે નીકો, તું પ્રભુ સાચો એમ છે જી
રાજિ પ્રભુ૦;
દુરજન મારિ સબલ દુવિધા પણ, જગત નિવાજણ નેમ છે જી
રાજિ પ્રભુ૦ ૪

રૂપ ન રેખ સબલ પરતાપી, સુછિમતા અતિરેક છે જી
રાજિ પ્રભુ૦;
ઉર બસીયો આનંદઘન ઓપે, એક સુભાવિક ટેક છે જી
રાજિ પ્રભુ૦ ૫

ભેદભાવથી સ્વપર વિચારી, નિત્ય સ્વભાવી ધામ છે જી
રાજિ પ્રભુ૦;
નામ નિરંતર તું ઘણુ નામી, નિકલંકી વિણિ નામ છે જી
રાજિ૦ પ્રભુ૦ ૬

છેદિ વિનાસ થયો અવિનાસી, નિરગુણતા ગુણરાશિ છે જી
રાજિ પ્રભુ૦;
સહજ સુજ્ઞાન સુથિર ગુણ સાધન, જ્યોતિ ભલે પરકાશિ છે જી
રાજિ પ્રભુ૦ ૭

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

(જાડો લાગે પ્રેમકો—એ દેશી)

સેવ્યા સુરતરુ સરિખો પ્રભુ, ગુણજ્ઞાયક **મહાવીરજી**
પ્યારો લાગે જી સાહિબો;
અચલ દશા ગિરિ મેર સો પ્રભુ, સાયર જેમિ ગહીર જી પ્યારો૦ ૧

સકલપદારથ જગધણી પ્ર૦, ચેતન સહજ ઉદાર જી પ્યા૦;
એક અનેક વિથાર સું પ્ર૦, તામૈ વિવિધ પ્રકાર જી પ્યા૦ ૨

એક થઈ જગ ઉપીયો પ્રભુ, લોક શિખરિ બહુ ભેદી જી પ્યા૦;
ફૂલ વિના મકરંદ જ્યું પ્રભુ, સુથિર થયો ઓર છેદિ જી પ્યા૦ ૩

તિહું જગિ એક કહે બહુ પ્ર૦, ભાંજણ ઘડણ સજોર જી પ્યા૦;
પ્રવચન અંજન અંજીયા પ્ર૦, લખીયો સદાઈ કિશોર જી પ્યા૦ ૪

આગૈ જોયો જી જ્યોગ મૈ પ્ર૦, જ્યોગ તિમર કે જ્યોગિ જી પ્યા૦;
તિણથી તું પાયો નહી પ્રભુ, અણજ્યોગૈ ઉપયોગિ જી પ્યા૦ ૫

જ્યોગ મિલ્યાંથી જાણીયો પ્રભુ, ઘટિર એકણિ નૂર જી પ્યા૦;
હિવ અંતર ગમિયે નહીં પ્રભુ, પ્રગટ્યો પુણ્યપંડૂર જી પ્યા૦ ૬

કાચી ધાત કલંક જ્યું પ્રભુ, નિપજૈ ગુણ પરકાસ જી પ્યા૦;
ગુણ સહુ જાણી **સુજ્ઞાન** કો પ્રભુ, સકલ ફલિ સહુ આસ જી પ્યા૦ ૭

[ ૪ ]

# શ્રી પદ્મવિજયજી

રચના સં. ૧૮૨૦ આસપાસ

શ્રી તપગચ્છમાં અનુયોગાચાર્ય શ્રી ઉત્તમવિજયજીના શિષ્ય કવિ શ્રી પદ્મવિજયજીનો જન્મ સં. ૧૭૯૨માં અમદાવાદમાં થયો હતો. તેમના પિતાનું નામ ગણેશ, માતા ઝમકુબેન અને તેમનું નામ પાનાચંદ હતું. તેઓશ્રીએ સંવત ૧૮૦૫માં રાજનગરમાં દીક્ષા લીધી. સુરતમાં શ્રી સુવિધિવિજય પાસે શબ્દશાસ્ત્ર, કાવ્ય, અલંકારાદિનો અભ્યાસ કર્યો. ભટ્ટારક શ્રી વિજયધર્મસૂરિએ રાધનપુરમાં સં. ૧૮૧૦માં તેમને પંડિતપદ આપ્યું. સં. ૧૮૧૩-૧૪નાં ચોમાસાં સુરતમાં કર્યાં. સં. ૧૮૧૫માં દક્ષિણમાં બુરાનપુરમાં સ્થાનકવાસીઓ સાથે વાદ કર્યો હતો. **શ્રી શત્રુંજય** તીર્થ પર શા. રૂપચંદ ભીમજીના જિનપ્રાસાદમાં અનેક બિંબોની પ્રતિષ્ઠા કરી છે. ઘોઘાબંદરમાં શ્રી ચંદ્રપ્રભુજીની પ્રતિષ્ઠા કરી. સંવત ૧૮૨૨માં સુરતના તારાચંદ સંઘવીએ ભરાવેલી ૨૯૫ બિંબોની પ્રતિષ્ઠા શ્રી સિદ્ધાચલજીમાં શ્રી પદ્મવિજયજીએ કરી. ત્યાંથી શ્રી સમેતશિખરજી યાત્રા કરી. ગુરુ શ્રી ઉત્તમવિજયજી પાસે અમદાવાદ રહ્યા. ૧૮૨૭માં ગુરુશ્રીએ કાળ કર્યો તે પછી સાણંદમાં સં. ૧૮૩૦નું ચોમાસું કરી રાજનગરમાં ત્રણ ચોમાસાં કર્યાં. શ્રી પ્રેમચંદ લવજી સાથે શ્રી સિદ્ધાચલના સંઘમાં ગયા. સંવત ૧૮૪૩માં રાધનપુર ચોમાસું કરી, વીરમગામમાં પ્રતિષ્ઠા કરી, જેઠ માસમાં રાધનપુરના શેઠ **શ્રી દેવરાજ મસાલીએ**

શ્રી ગોડીજીની યાત્રા માટે કાઢેલા સંઘમાં ગયા. સં. ૧૮૪૪માં પાટણમાં પ્રતિષ્ઠા કરી. સં. ૧૮૪૮માં સુરત, રાંદેરમાં સ્થાનકવાસી સાથે વાદ કર્યો. ત્યાંથી ફરી પાછા શેઠ હૃદયરામ દિવાને તથા મસાળીઆ ગોવીંદજી તથા સુરતના પારેખ પ્રેમચંદ લવજી ત્રણ જણાએ ભેગા કાઢેલ સંઘમાં શ્રી મોરવાડના ગોડીપાર્શ્વનાથજીની યાત્રા કરી. લીંબડી ચોમાસું કર્યું. સંવત ૧૮૫૩માં રાજનગરમાં રહી શ્રીમાળી શેઠ લક્ષ્મીચંદે બંધાવેલી સહસ્રફણા પારસનાથની પ્રતિષ્ઠા સંવત ૧૮૫૪ના મહા વદ પાંચમે કરી. તેમાં ૪૭૨ જિન-પ્રતિમાઓ અને ૪૯ સિદ્ધચક્રની પ્રતિષ્ઠા કરી હતી સં.૧૮૫૭માં શ્રી સમેતશિખરજીમાં જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૧૮૫૯માં અમદાવાદમાં પ્રતિષ્ઠા કરી. તેઓશ્રી પાટણમાં સં. ૧૮૬૨ના ચૈતર સુદ ૪ને દિવસે સ્વર્ગવાસ પામ્યા. તેઓશ્રીએ નીચે મુજબ યાત્રાઓ કરી હતી.

શ્રી વિમલાચલ તેર વાર    શ્રી ગોડી પાર્શ્વનાથ પ્રભુ ત્રણ વાર
શ્રી ગીરનારની ત્રણ વાર    શ્રી તારંગાજી પાંચ વાર
શ્રી શંખેશ્વરજી એકવીસ વાર શ્રી આબુજી એક વાર

તેઓશ્રી એક મહાન કવિ હતા. ૫૫૦૦૦ હજાર નવા શ્લોકો રચ્યા છે. ઉ. શ્રી યશોવિજયજીના શ્રી સીમંધર સ્તવન પર સં. ૧૮૩૦માં તથા શ્રી વીરની હુંડીના સ્તવન પર સં. ૧૮૪૯માં ગૂજરાતીમાં બાલાવબોધ રચ્યા છે. તેઓએ ઘણા રાસો, પૂજાઓ, સ્તવનો, સજ્ઝાયો, ચૈત્યવંદનો તથા સ્તુતિઓ રચી છે.

## શ્રી પદ્મવિજયજી કૃત ગ્રંથરચના

૧ અષ્ટપ્રકારી પૂજા ૧૮૧૯ ઘોઘાબંદર
૨ નેમિનાથ રાસ ૧૮૨૦ રાધનપુર
૩ શ્રી ઉત્તમવિજય નિર્વાણરાસ ૧૮૨૮
૪ શ્રી મહાવીર સ્તવન ૧૮૩૦ સાણંદ

૫ શ્રી જિનના કલ્યાણક સ્તવન ૧૮૩૭ પાટણ
૬ શ્રી પંચકલ્યાણક મહોત્સવ ૧૮૩૭
૭ શ્રી નવપદ પૂજા ૧૮૩૮ લીંબડી
૮ શ્રી સમરાદિત્ય કેવલી રાસ ૧૮૪૧ વીસનગર
૯ શ્રી સિદ્ધાચલ નવાણું યાત્રાની પૂજા ૧૮૫૧
૧૦ મદનધનદેવરાસ ૧૮૫૭ રાજનગર
૧૧ જયાનંદ કેવલી રાસ ૧૮૫૭ લીંબડી
૧૨ ચોવીસી બે.
૧૩ ચોમાસીનાં દેવવંદન
૧૪ વીરજિન સ્તવન ( ૨૪ દંડક ગર્ભિત )
૧૫ શ્રી ખંભાત ચૈત્યપરિપાટી
૧૬ સમકિત પચ્ચીસી સ્તવન
૧૭ સિદ્ધદંડિકા સ્તવન ૧૮૧૪ સુરત
૧૮ પંચકલ્યાણક સ્તવન ૧૮૧૭
૧૯ શ્રી યશોવિજયકૃત સીમંધર સ્તવન પર બાળાવબોધ ૧૮૩૦
૨૦ શ્રી ગૌતમકુલક બાળાવબોધ ૧૮૪૬
૨૧ યશોવિજયકૃત મહાવીર સ્તવન બાળાવબોધ ૧૮૪૯ રાધનપુર
૨૨ શ્રી ગૌતમપૃચ્છા
૨૩ સંયમશ્રેણિ સ્તવનપર સ્તબક

આ સાથે તેમનાં દશ સ્તવન લેવામાં આવ્યાં છે.

૧

## શ્રી ઋષભજિન સ્વતન

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશી)

**ઋષભ** જિનેસર ઋષભ લંછન ધરુ, ઉંચા જે સાત રાજ્યો જી;
નિરલંછન પદને પામીયા, શિવપુરનો સામ્રાજ્યો જી
ઋષભ૦ ૧

અવ્યય અચળ અચિંત અનંત છે, અશરીરી અણાહારી જી;
અવિનાશી–શાશ્વત–સુખનો ધણી, પરપરિણતિ નિવારી જી
ઋષભ૦ ૨

જ્ઞાન અનંત અનંત દર્શનમયી, લોકાલોક સ્વભાવો જી;
દેખે કર આમલ પરે પણ નહીં, રમતા જે પરભાવો જી
ઋષભ૦ ૩

નિજરુપે રમણ કરતા સદા, સાદિ અનંત હો ભાંગો જી;
અવ્યાબાધ અજર અમર થયા, પુદ્ગલ ભાવની સંગો જી
ઋષભ૦ ૪

પુદ્ગલ રહિતપણે સુખ ઉપનું, તે કિમ જીભે કહાયો જી;
વર્ણાદિક નહી જાસ સ્વરૂપ છે, જોગાગીત જિનરાયો જી
ઋષભ૦ ૫

કરતા ભોકતા રે નિજ ગુણનો પ્રભુ, અવગાહી નિજ ખેતો જી;
અછે અનંતા નિજ ઠામે રહ્યા, ભીડી ન કોયને દેતો જી
ઋષભ૦ ૬

એ જિનવર ઉત્તમ પદ રૂપ જે, પદ્મને અવલંબીજે જી;
તો પરભાવ કરમ દૂરે કરી, ઠાકુર પદવી લીજે જી
ઋષભ૦ ૭

૨

## શ્રી ઋષભજિન સ્તવન

( મહાવિદેહ ક્ષેત્ર સોહામણું – એ દેશી )

જગચિંતામણી જગગુરુ, જગતસરણ આધાર લાલ રે;
અઢાર કોડાકોડિ સાગરે, ધરમ ચલાવણહાર લાલ રે
જગચિં૦ ૧

આસાઢ વદિ ચોથે પ્રભુ, સ્વર્ગથી લીએ અવતાર લાલ રે;
ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર લાલ રે
જગચિં૦ ૨

પાંચસે ધનુષની દેહડી, સોવનવરણ શરીર લાલ રે;
ચૈતર વદિ આઠમે લીએ, સંજમ મહાવડવીર લાલ રે
જગચિં૦ ૩

ફાગુણ વદિ અગ્યારસે, પામ્યા પંચમનાણ લાલ રે;
મહા વદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી જાણ લાલ રે
જગચિં૦ ૪

ચોરાશી લખ પૂરવનું, જિનવર ઉત્તમ આય લાલ રે;
**પદ્મવિજય** કહે પ્રણમતાં, વહેલું શિવસુખ થાય લાલ રે
જગચિં૦ ૫

૩

## શ્રી શાંતિનાથ સ્તવન

(સુણો મેરી સજની, રજની ન જાવે રે એ દેશી)

શાંતિ જિનેસર સોળમો સ્વામી રે,
એક ભવમાં દોય પદવી પામી રે;
પોણું પલ્યોપમ ઓછું જાણો રે,
અંતર ત્રણ સાગર મન આણો રે. ૧

ભાદ્રવા વદ સાતમ દિન ચ્યવન રે,
જનમ તે જેઠ વદિ તેરસ દિન રે;
ચ્યાલીશ ધનુષ કાયા તજી માયા રે,
જેઠ વદિ ચૌદસ વ્રત નિપાયા રે. ૨

સુદિ નવમી પોષમાં લહે જ્ઞાન રે,
અતિશય ચોત્રીશ કંચન વાન રે;
લાખ વરસ આયુ પરમાણુ રે,
જેઠ વદિ તેરસ દિન નિરવાણુ રે. ૩

જિન પારંગત તું ભગવંત રે,
સ્યાદવાદી શંકર ગુણવંત રે;
શંભુ સ્વયંભુ વિષ્ણુ વિધાતા રે,
તુંહી સનાતન અભયનો દાતા રે. ૪

પિતા ત્રાતા માતા ભ્રાતા રે,
જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતા રે;
ઇણિ પરે ઓપમા ઉત્તમ છાજે રે,
પદ્મવિજય કહે ચઢત દિવાજે રે. ૫

૪

## શ્રી શાંતિનાથ સ્તવન

(હાંરે માહરે યોવનીયાનો લટકો દહાડા ચ્યારજી.) એ દેશી.

હાંરે મ્હારે શાંતિ જિનેસર અલવેસર આધાર જો,
લેઇ દીક્ષા દિયે શિક્ષા ભવિજન લોકને રે લોલ;
હાંરે મ્હારે પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંત જો,
ત્રણ ભુવન અજુવાળે ટાળે શોકને રે લોલ. ૧

હાંરે મ્હારે શૈલેશીમાં થઈ અલેશી સ્વામી જો,
નિજ સત્તાનો ભોગી શોકી નહિ કદી રે લોલ;
હાંરે મ્હારે ગુણ એકત્રીશ જગીશ અતિ અદભૂત જો,
પ્રગટ થયા અવગુણ ગયા સવિ સાદિ સદા રે લોલ. ૨

હાંરે મ્હારે ગત આકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચ જો,
વરણવી ચિત્ત અતીતથી ગુણ પણ પામીયા રે લોલ;
હાંરે મ્હારે દોય ગંધ સંબંધ ટળ્યાથી દોય જો,
અરસ સરસથી ગુણ રસ પણ પ્રભુ પામીયા રે લોલ. ૩

હાંરે મ્હારે ફરસ આઠના નાશથી ગુણ લહ્યા અષ્ટ જો,
ત્રણ વેદનો ખેદ પ્રભુ દૂરે કર્યો રે લોલ;
હાંરે મ્હારે અશરીરી અસંગી વળી અરુહ જો,
એકત્રીસ ગુણ વરીઓ ભવદરીઓ નિસ્તર્યો રે લોલ. ૪

હાંરે મ્હારે પામ્યા સિદ્ધ સ્વરૂપ અનૂપ જિણંદ જો,
તિમ સેવકના કારક તારક ભવ તણા રે લોલ;
હાંરે મ્હારે જિન ઉત્તમ વર ગુણભર પદકજ નિત્ય જો,
પદ્મવિજય કહે ભાવો ભાવે ભવિ જના રે લોલ. ૫

૫

## શ્રી નેમિનાથ સ્તવન

(ભોલિ ડારે હંસા વિષય ન રાચિએ એ દેશી)

નેમિ જિનેસર નમીયે નેહ શું, બ્રહ્મચારી ભગવાન;
પાંચ લાખ વરસનું આઊખું, શ્યામવરણ તનુ વાન.
નેમિ૦ ૧

કારતિક વદિ બારસ ચવિયા પ્રભુ, માતા શિવાદેવી મલ્હાર;
જનમ્યા શ્રાવણ સુદિ પાંચમ દિને, દશ ધનુષ કાયા ઉદાર
નેમિ૦ ૨

શ્રાવણ સુદિ છઠ દીક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ;
અષાડ સુદિ આઠમે સિદ્ધિ વર્યા, વરસ સહસ આયુ પ્રમાણ
નેમિ૦ ૩

હરિ પટરાણી શાંબ પ્રદ્યુમ્ન વળી, તિમ વસુદેવની નાર;
ગજસુકુમાલ પ્રમુખ મુનિરાજિઆ, પહોંચાડયા ભવપાર
નેમિ૦ ૪

રાજિમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરુણા રે આણ;
**પદ્મવિજય** કહે નિજ પર મન કરો, મુજ તારો તો પ્રમાણ
નેમિ૦ ૫

૬

## શ્રી નેમિનાથ સ્તવન

(સુણ ગોવાલણી ગોરસડાવાલી રે ઉભી રહે ને એ દેશી)

શામલીયાલાલ તોરણથી રથ ફેર્યો, કારણ કહો ને,
ગુણ ગિરૂઆલાલ મુજને મુકી ચાલ્યા, દરશન દ્યો ને,
હું છું નારી તે તમારી, તુમે સેં પ્રીતિ મૂકી અમ્હારી;
તુમે સંયમસ્ત્રી મનમાં ધારી શામળીયા૦ ૧

તુમે પશુ ઉપર કિરપા આણી, તુમે મારી વાત કો ન જાણી;
તુમ વિણ પરણું નહિ કો પ્રાણી શામળીયા૦ ૨

આઠ ભવોની પ્રીતલડી મૂકીને ચાલ્યા રોતલડી;
નહિ સજ્જનની એ રીતલડી શામળીયા૦ ૩

નવિ કીધો હાથ ઉપર હાથે, તો કર મૂકાવું હું માથે;
પણ જાવું પ્રભુજીની સાથે શામળીયા૦ ૪

ઇમ કહી પ્રભુ હાથે વ્રત લીધો, પોતાનો કારજ સવિ કીધો;
પકડયો મારગ એણે શિવ સીધો શામળીયા૦ ૫

ચોપન દીન પ્રભુજી તપ કરીઓ, પણ પન્ને કેવળ વર ધરીઓ;
પણ સત છત્રીશ શું શિવ વરીઓ શામળીયા૦ ૬

ઇમ ત્રણ કલ્યાણક ગિરનારે, પામ્યો તે જિન ઉત્તમ તારે;
જો પાદ પદ્મ તસ શિર ધારે શામળીયા૦ ૭

૭

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(રાગ ધમાલ)

પાસ પ્રભુ ત્રેવીસમા રે, સહસ ત્યાશી સય સાત લલના;
પચાસ ઉપર વરસનું રે, આંતરું અતિહિ વિખ્યાત
સુખકારક સાહિબ સેવીયે હો,
અહો મેરે લલના રે, સેવતાં શિવસુખ થાય સુખ૦ ૧
ચૈત્ર વદિ ચોથે ચવ્યા રે, કરવા ભવિ ઉપગાર લલના;
પોષ વદિ દશમ અગ્યારશે રે, જનમ ને થયા અણગાર, સુખ૦ ૨
નવ કર જેહની દેહડી રે, નીલ વરણ તનુ કાંતિ લલના
ચૈત્ર વદિ ચોથે લહ્યા રે, ક્ષાયક જ્ઞાન નિરભ્રાંતિ. સુખ૦ ૩
શ્રાવણ સુદિ આઠમ દિને રે, પામ્યા ભવનો પાર લલના;
આઉખું સો વરસાં તણું રે, અશ્વસેનસુત સાર. સુખ૦ ૪
આદેય નામ તણો ધણી રે, મહિમાવંત મહંત લલના;
પદ્મવિજય પુણ્યે કરી રે, પામ્યો એહ ભગવંત સુખ૦ ૫

૮

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(આધા આમ પધારો પૂજ્ય અમર ઘર વોહરણ વેળા–એ દેશી)

પરવાદી ઉલુકો પરિહરી સમ, હરિ સેવે જસ પાયા;
હરિત વાને પ્રભુની ગતિ ગજ સમ, હરિ સેવે જસ પાયા,
પ્રભુજી મહેર કરી મહારાજ, કાજ આજ મુજ સારો. ૧
જિમ ઔષધિપતિ દેખી મનમાં, કૌષિક આણંદ પામે;
તિમ પ્રભુ વકત્ર તે દ્વિજપતિ દેખી, કૌષિક આણંદ પામે. ૨

જિમ ઔષધિપતિ દેખી મનમાં, સચ્ચકોર પ્રીતિ પામે;
તિમ પ્રભુ વક્ત્ર તે દ્વિજપતિ દેખી, સચ્ચકોર પ્રીતિ પામે ૩

જેમ રોહિણીપતિ જગમાં જાણો, શિવને તિલક સમાન;
તિમ પ્રભુ મોક્ષ ક્ષેત્ર શોભા કરૂ, શિવને તિલક સમાન. ૪

જિમ રાજા ઝળહળતો ઉગે, નિજ ગોથી તમ ટાળે;
તિમ પ્રભુ સમવસરણ બેસીને, નિજ ગોથી તમ ટાળે. ૫

જિમ સિતરૂચિ નભમાં ઉગીને, કુવલય કરે ઉલ્લાસ;
તિમ જિનવર જગમાં પ્રગટીને, કુવલય કરે ઉલ્લાસ. ૬

નિશપતિ જબ ઉગે હોયે, પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી;
**થંભણપાસ** પદ **પદ્મ**ની સેવા, પુણ્ય સમુદ્ર વૃદ્ધિકારી. ૭

૯

## શ્રી મહાવીરજિન સ્તવન

(ગિરુઆ રે ગુણ તુમતણા—એ દેશી)

વીરજિણેસર પ્રણમું પાયા, ત્રિશલાદેવી માયા રે;
સિદ્ધારથરાજા તસ તાયા, નંદિવરધન ભાયા રે વીર૦ ૧

લેઈ દીક્ષા પરિસહ બહુ આયા, ખમદમ સમણ તે જાયા રે;
બાર વર્ષ પ્રભુ ભૂમિ ન ઠાયા, નિદ્રા અલ્પ કહાયા રે વીર૦ ૨

ચંડકૌશિક પ્રતિબોધન આયા, ભય મનમાં નવિ લાયા રે;
ત્રણ પ્રકારે વીર કહાયા, સુર નર જસ ગુણ ગાયા રે વીર૦ ૩

જગત જીવ હિતકારી કાયા, હરિલંછન જસ પાયા રે;
માન ન લોભ ન વળી અકસાયા, વિહાર કરે નિરમાયા રે વીર૦ ૪

કેવલજ્ઞાન અનંત ઉપાયા, ધ્યાનશુક્લ પ્રભુ ધ્યાયા રે;
સમોસરણે બેસી જિનરાયા, ચઉવિહ સંઘ થપાયા રે વીર૦ ૫

કનક કમળ ઉપર ઠવે પાયા, ચઉવિહ દેશન દાયા રે;
પાંત્રીસ ગુણ વાણી ચઉરાયા, ચોત્રીસ અતિશય પાયા રે વીર ૬

શૈલેશીમાં કર્મ જલાયા, જયત નિસાણ વજાયા રે;
પંડિત ઉત્તમવિજય પસાયા, પદ્મવિજય ગુણ ગાયા રે વીર૦ ૭

૧૦

## શ્રી મહાવીરજિન સ્તવન

(સંભવજિન અવધારીએ—એ દેશી)

ચરમજિણંદ ચોવીસમો, શાસનનાયક સ્વામી સસનેહી;
વરસ અઢીસેં આંતરો, પ્રણમો નિજ હિતકામી સ૦ ચરમ૦ ૧

આષાઢ સુદિ છઠિ ચવ્યા, પ્રાણત સ્વર્ગથી જેહ સ૦;
જનમ્યા ચૈતર સુદિ તેરસિં, સાત હાથ પ્રભુ દેહ સ૦ ચતુર૦ ૨

સોવનવરણ સોહામણો, બોતેર વરસનું આય સ૦;
માગસિર વદિ દસમી દિને, સંયમસુ ચિત લાય સ૦ ચતુર૦ ૩

વૈશાખ સુદિ દસમી પ્રભુ, પામ્યા કેવલનાણ સ૦;
કાર્તિ અમાવાસને દિહાડલે, લહિઆ પ્રભુ નિરવાણ સ૦ ચતુર૦ ૪

દિવાળી એ જિન થકી, ઉત્તમ દિવસ કહાય સ૦;
પદ્મવિજય કહે પ્રણમતાં, ભવભવનાં દુઃખ જાય સ૦ ચતુર૦ ૫

[૫]

# શ્રી જિનલાભસૂરિ

ચોવીસી રચના સંવત ૧૮૨૦ આસપાસ

પિતા પચાયણદાસને ત્યાં માતા પદ્માવતીની કુક્ષિએ આ પુત્રરત્નનો જન્મ સંવત ૧૭૮૪ના શ્રાવણ સુદ પાંચમે થયો. નામ લાલચંદ્ર હતું. તેઓશ્રીની દીક્ષા સંવત ૧૭૯૬માં જેસલમેરમાં થઇ.

એક વિશ્રી ખરતરગચ્છમાં અડસઠમી પાટે થઇ ગયા છે. તેઓશ્રીએ ઘણી યાત્રાઓ તથા પ્રતિષ્ઠાઓ કરી છે.

તેઓશ્રીએ સં ૧૮૧૯ના જેઠ વદ પાંચમે ૭૫ સાધુ સાથે શ્રી ગોડીપાર્શ્વનાથની યાત્રા કરી. સં. ૧૮૨૧ના ફાગણ સુદ બીજે ૮૫ સાધુ સાથે શ્રી **અર્બુદાચલની** યાત્રા કરી. સં. ૧૮૨૫ના વૈશાખ સુદ પાંચમે ૮૮ સાધુ સાથે શ્રી **કેશરીઆ-જીની** યાત્રા કરી. ત્યાંથી વિહાર કરી શ્રી શંખેશ્વરની યાત્રા કરી શેઠ ગુલાબચંદ તથા શેઠ ભાઇદાસ તથા શ્રી સંઘના આગ્રહથી સુરત ગયા. ત્યાં સં. ૧૮૨૭ના વૈશાખ સુદ ૧૨ને દિને શા નેમિદાસ સુત ભાઇદાસે કરાવેલ ત્રણ ભૂમિના પ્રાસાદમાં શ્રી **શીતલનાથ**, શ્રી **સહસ્રફણા પાર્શ્વનાથ**, શ્રી **ગોડી પાર્શ્વનાથ** આદિ ૧૮૧ બિંબોની પ્રતિષ્ઠા કરી. ભરૂચ, રાજનગર, ભાવનગર, ઘોઘા થઇ ૭૫ મુનિવર સાથે સંવત ૧૮૩૦ના મહા વદ પાંચમે શ્રી સિદ્ધાચલજીની યાત્રા કરી. ત્યાંથી જુનાગઢ ફાગણ સુદ નોમે ૧૦૫ સાધુ સહિત શ્રી **ગીર-નારજીની** યાત્રા કરી. ત્યાંથી આવી વેરાવળ થઇ, નવાનગર જઇ, કચ્છ દેશના માંડવીમાં ગુરુપદ સ્થાપનાને વંદી, તથા ઊપર ચિંતામણ

પાર્શ્વનાથને વંદી સંવત ૧૮૩૩ના ચૈતર વદ ૨ શ્રી ગોડીપાર્શ્વ-નાથની યાત્રા કરી. તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૮૩૪માં થયો.

### ગ્રંથરચના

| | |
|---|---|
| ૧ ચોવીસી | ૫ દાદાજી સ્તવન |
| ૨ ,, | ૬ આબુજી સ્તવન ગાથા ૧૯ |
| ૩ સૂરત પ્રતિષ્ઠા સ્તવન ૧૮૨૮ | ૭ વરકાણા સ્તવન ૧૮૨૧ |
| ૪ પાર્શ્વનાથ સ્તવન ૧૮૧૮ | ૮ નવપદ સ્તવન |

આ સાથે તેઓશ્રીનાં નવ સ્તવનો તથા કળશ લીધા છે.

૧

## શ્રી ઋષભદેવજિન સ્તવન

ઋષભ જિણંદ દિણંદ મયા કરુ, નાગરુ નિજ ગુણ ભૂપ જિનેસર;
પરમારથ સારથપતિ સાહિબા,
પરગટ સિદ્ધ સ્વરૂપ જિનેસર ઋષ૦ ૧

રીઝ પખી કિમ થાયે પ્રીતડી,
રીઝે થાયે રે પ્રીત જિનેસર;
ઇક રીઝે પિણ પ્રીત ન પાલવે,
એ જગ પ્રીતની રીત જિનેસર ઋષ૦ ૨

માહરી રીઝ અહો પ્રભુ પ્રીતસું,
તિમ જો પ્રભુની રે થાય જિનેસર;
સિદ્ધયો હું શિવસુખ ભોગવું;
તો જિનરાય પસાય જિનેસર ઋષ૦ ૩

હું રાગી પ્રભુજી નીરાગીયા,
ઇમ કિમ બનૈય બનાવ જિનેસર;
પોતે પોતાથી પ્રભુ રાખજ્યો,
મુઝ સેવક પર ભાવ જિનેસર ઋષ૦ ૪

પ્રભુની પ્રીત લહી કેઇ થયા,
પ્રભુતાયે પ્રભુ જેમ જિનેસર;
**શ્રી જિનલાભ**સૂરીંદના પ્રભુ થકી,
વિનતી વચન છે એમ જિનેસર ઋષ૦ ૫

૩

## શ્રી શાંતિનાથ સ્તવન

**શાંતિ** જિણંદ શાંતિકર સ્વામી, પામી ગુણ મહી ધામી;
નિઃકામી કેવલ આરામી, શિવ પરિણતિ પરિણામી રે
પ્રાણી શાંતિ નમો ગુણખાણી ૧

નમન પંચવિધ પંચે અંગે, અંગે જિનજી ભાખ્યું;
પંચાંગે જિન પ્રણમ્યા જેણે, તેણે શમસુખ ચાખ્યું રે પ્રા૦ ૨

પંચાંગે પ્રભુ નમન કરીને, શુદ્ધાતમ મન ભાવૈ;
અમલ આનંદી સુમતિ મનાવૈ, કલુષિત કુમતિ રીસાવૈ રે પ્રા૦ ૩

આતમ જે પરમાતમ પરખે, તે પરમાતમ પરસૈ;
તેહિજ પરમાતમા પામૈ, પરમાતમને દરસૈ રે પ્રા૦ ૪

મુઝ આતમ પરમાતમ પરસ્યો, પરમાતમતા વરસે;
લોહ લોહતા મૂકી કંચન, થાયે પારસ ફરસે રે પ્રા૦ ૫

પરમાતમ થઇ પોતે રમસ્યું, નિજપદ જિનપદના રાગે;
**શ્રી જિનલાભ** શાંતિ જિન આગે, પરમાતમતા માંગે રે પ્રા૦ ૬

૪

## શ્રી શાંતિનાથ સ્તવન

શાંતિ દાંતિ કાંતિ સોહૈ, શાંતિ સુખકાર રે;
વિશ્વસેન તાત માત, અચિરા મલ્હાર રે શાંતિ૦ ૧

વંશ હૈ ઇખ્યાગ, હસ્તિનાગ અવતાર રે;
લંછન કુરંગ રંગ સોવન સુપ્યાર રે શાંતિ૦ ૨

જનમતે અરિષ્ટ કષ્ટ, દુષ્ટકો વિડાર રે;
પંચમ ચક્કીસ ઈશ, સોભમ સુચારૂ રે શાંતિ૦ ૩

ભવિક તારન તરી, અરિ અપહાર રે;
શ્રી જિનલાભ ધ્યાયો, પાયો ભવપાર રે શાંતિ૦ ૪

૫

## શ્રી નેમિનાથ સ્તવન

નેમ જિણંદની કિણ પરે સેવના રે, કહો કરિયે ધરી નેહ;
દ્રવ્યૈં ભાવૈં પૂજા કહી રે, બે ભેદે ધુરી તેહ નેમ૦ ૧

દ્રવ્યૈં સય ઉત્તર અડ ભેય છે રે, ભાવેં ભેદ અભાવ;
મોક્ષ ગમનનો ઉત્તમ અંગ છે રે, બાહ્યાભ્યંતર દાવ નેમ૦ ૨

દ્રવ્યૈં ભાવૈં જિનપૂજા કરી રે, જિન હુઆ કેઈ જાણ;
પ્રગટ પાઠ છે એ સિદ્ધાંતમેં રે, જિનવરજીની વાણ નેમ૦ ૩

દ્રવ્ય શુચૈં કરી દ્રવ્ય પૂજા કરે રે, ભાવ શુચૈં કરે ભાવ;
તે પ્રાણી ભવજલનિધિ તરૈ રેં, પામી જિનમત નાવ નેમ૦ ૪

દ્રવ્યૈં જિનપૂજા માનૈં નહીં રે, ભાવૈં ન કરે જેહ;
તે પ્રાણી કિણ ત્રીજૈ કારણૈ રે, પામૈં શિવપદ રેહ નેમ૦ ૫

ભાવ રહિત જે જે કરણી કરે રે, તે તુષ ખંડન જાન;
ભાવ રહિત જે જપ આચરે રે, તે શિવ સાધન માન નેમ૦ ૬

દ્રવ્યૈં ભાવૈં જે ભવિ પ્રાણિયા રે, પૂજે શ્રી જિન અંગ;
**શ્રી જિનલાભ** કહે તે રંગસું રે, પામે શિવપદ સંગ નેમ૦ ૭

૬

## શ્રી નેમિનાથ સ્તવન

નિત નિત પ્રણમીજે નેમિનાહ,
જાકી સુરનર નાગ કરે સરાહ નિ૦ ૧

વય જોબનમેં તજી કે વિવાહ,
વહ્યો ધર્મ મારગ વાહવાહ નિ૦ ૨

ધરીકે વ્રત બ્રહ્મ સુદૃઢ સનાહ,
મદનાદિક શત્રુકો કીધ દાહ નિ૦ ૩

પાયો થાનક અવિચલ અબાહ,
સંસાર સમુદ્ર તર્યો અથાહ નિ૦ ૪

**જિનલાભ** કહ્યો અધિકો સલાહ,
મિલ્યો મુગતિનગરકો સાર્થવાહ નિ૦ ૫

૭

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

પાસ પ્રભુ વંછિત પૂરિયે, ચૂરિયેં કર્મની રાશ રે;
દાસને ફલ સુખ દીજિયે, એહવી દાસની આશ રે. પા૦ ૧

અમિત સુખ મોક્ષની પ્રાપ્ત જે, તે સફળી મુઝ આશ રે;
તેહ વિણ આશ સફળી નહીં, એમ કર જોડ કહે દાસ રે. પા૦ ૨

એહવા મોક્ષ સુખ પામવા, હુવે જેહ ઉપાય રે;
તેહ હિવ સહજ સુભાવથી, કહો પાસ જિનરાય રે; પા૦ ૩

જ્ઞાનક્રિયા થકી મોક્ષની, પ્રાપ્તિની સિદ્ધિ તૂં જાણ રે;
સ્વમુખ શ્રી જિનવર ઉપદિશી, ઇસી આગમ વાણ રે. પા૦ ૪

એહવું આગમ અનુસરી, ધરૈ સુમતિ મતિમંત રે;
તે શિવ સાધુ પદવી વરૈ, કરૈ કર્મનો અંત રે. પા૦ ૫

**શ્રી જિનલાભ** પ્રભુ આગળૈ, કરી પ્રશ્ન અરદાસ રે;
ભવ્ય ભણી સુખ આલિવા, કર્યો વચન પ્રકાશ રે. પા૦ ૬

૮

## શ્રી વીરજિન સ્તવન

મનમોહન નિરખ્યો મહારાજ, મનમોહન નિરખ્યો મહારાજ;
ચોવીસમા શાસનપતિ સંપ્રતિ, શ્રી **વર્દ્ધમાન** નમો જિનરાજ
મન૦ ૧

પંચાનન લાંછન પરમેશ્વર, સેવિત સુર નર અસુર સમાજ;
કંચનવરણ કરણ શિવ સંપતિ, કારણ સુખ ભવજલધિ જહાજ
મન૦ ૨

ચરમ તીર્થંકર જ્ઞાન દિવાકર, સમરણ કરત સરત શુભ કાજ;
**શ્રી જિનલાભ** વદત જગનાયક, અબ દીજે મોહે અવિચલરાજ,
મન૦ ૩

૯

## સુરત મંડન શ્રી સહસ્રફણાપાર્શ્વનાથ સ્તવન

શ્રી **સહસ્ર**ફણા પ્રભુ પાસજી, જય ત્રિભુવન સ્વામી;
ચરણ કમલ યુગ તાહરા, પ્રણમું શિર નામી.
જગ અંતરજામી, સહસ્રફણા પ્રભુ પાસજી. ૧

શ્રી અશ્વસેન કુલાંબરે, ચંદોપમ ધારી;
વામા કુખે અવતર્યો, જગજન હિતકારી. સહસ્રફણા૦ ૨
જિમ જલમાં દળ પદ્મનો, તિમ પ્રભુ સંસારે;
ભોગાદિક સુખ ભોગવ્યાં, અવિલુબ્ધ પ્રકારે. સહસ્રફણા૦ ૩
ચાર મહાવ્રત આદર્યાં, દુદ્ધર તપચારી;
કેવલ કમલા સંગ્રહી, વસુ પદ્મ વિહારી. સહસ્રફણા૦ ૪
અકળ અગોચર તું સદા, ચિદ્રૂપ વિલાસી;
અવ્યાબાધ દશા ઉદય, અક્ષય પદવાસી. સહસ્રફણા૦ ૫
અવિનાશી મુદ્રા લહી, અનુભવ રસ ભીનો;
અવિકારી કરૂણાનિલો સમતા ગુણ લીનો. સહસ્રફણા૦ ૬
તૂં અવિચળ સુખ સાગરૂ, તૂં સિદ્ધ સ્વરૂપી;
તૂં ઊજવલ ગુણ આગરૂ, જયો અગમ અરૂપી. સહસ્રફણા૦ ૭
સંવત સય અઢારમાં, શુભ સત્તાવીસે
માધવ ઊજ્જવળ દ્વાદશી, થાપ્યા સુજગીશે. સહસ્રફણા૦ ૮
સૂરતમંડણ સાહિબા, કરૂણાહિવ કીજે;
શ્રી જિનલાભ કહે મુદા, અવિચલ સુખ દીજે
સહસ્રફણા પ્રભુ પાસજી જય ત્રિભુવન સ્વામી ૯

## ૧૦
## ચોવીસી કલશ

ગાયા રે ગાયા મૈ તો ચોવીસે જિન ગાયા.
ખરતરપતિ જિન ભક્તિસૂરિદ ગુરૂ, તાસ ચરણ ચિત્ત લાયા રે
મૈ તો ચોવીસે૦ ૧

આતમ બોધ પ્રકાશન કાજૈ, ચૌવીસે જિનરાયા રે
મૈં તો ચોવીસે૦ ૨

ગુણ વરણન તસુ રંગે કીધો, ભવિકજીવ સુખ દાયા રે
મૈં તો ચોવીસે૦ ૩

શ્રી જિનલાભ કહે જિન ગાતાં, હરખ્યા આતમરાયા રે
મૈં તો ચોવીસે૦ ૪

ભવિક જીવ જાણસ્યે ને સુણસ્યે, જિન આતમ તત્ત્વ પાયા રે
મૈં તો ચોવીસે૦ ૫

[ ૬ ]

# શ્રી સુમતિપ્રભસૂરિ (સુંદર)

(ચોવીસી રચના સંવત ૧૮૨૧, અમદાવાદ)

શ્રી વડગચ્છમાં શ્રી સુખપ્રભસૂરિના શિષ્ય શ્રી સુમતિપ્રભસૂરિ (સુંદર)ની ચોવીસી અમદાવાદમાં સં. ૧૮૨૧માં બની છે. કારતક સુદ પાંચમ–સૌભાગ્ય પંચમીના દીવસે રચી છે. તેઓશ્રીની બીજી કૃતિ જાણવામાં નથી. તેઓશ્રીનાં પાંચ સ્તવનો તથા કળશ આ સાથે લીધા છે.

૧

## શ્રી ઋષભદેવ જિનનું સ્તવન

(રાજહંસ-મોતી ચૂગે, એ દેશી)

**આદીસર** અવધારીયે, દાસ તણી અરદાસ રીષભજી;
આસ નિરાસ ન કીજીયે, લીજીયે જગ જસવાસ. રીષભજી
આદીસર અવધારીયે. ૧

મેં તો તોસું માંડીઓ, પૂરણ અવિહડ પ્રેમ રી૦;
ચાહું ચરણારી ચાકરી, જલધર ચાતક જેમ રી૦ આ૦ ૨

ભમર કમલ ઉપર ભમે, રહે લીનો દિનરાત રી૦;
પ્રીત જિકે નવિ પાલટે, પલિય પટોળે ભાત રી૦ આ૦ ૩

મન મોહ્યો ઘણું માહરો, તોસું લાગો તાંન રી૦;
પ્રેમ નિજ્જર ભર પેખીયે, દીજીએ વંછિત દાન રી૦ આ૦ ૪

જાણી સેવક જગધણી, આપો અવિચલ વાસ રી૦;
તરણતારણ પ્રભુ તારીયે, દાખે સુંદર દાસ રી૦ આ૦ ૫

૨

## શ્રી શાન્તિનાથ જિન સ્તવન

(વીંછીયાની દેશી)

હાંરે લાલા શાંતિ જિણેસર સાહેબા,
સાંભળ માહરી વાત રે લાલા;
સંગ ન છોડું તાહરો, ગુણ ગાવું દિન ને રાત રે લાલા
શાંતિ જિણેસર સાહિબા. ૧

હાંરે લાલા ઉત્તમ સંગ મેલું નહિ,
જગમાંહે જિનરાજ રે લાલા;
ચંદન પાસે રૂંખડા, સોઈ સુગંધા હોઈ રે લાલા. શાં૦ ૨

હાંરે લાલા નીરખી સંગત નીચકી,
લુણ ભળ્યા જાણે ગંગ રે લાલા;
કસ્તુરીની વાસના, જિમ જાયે લસણ પ્રસંગ રે લાલા શાં૦ ૩

હાંરે લાલા નીચ સંગત કીધા થકાં,
ગુણ સઘળા ગળી જાય રે લાલા;
ઉત્તમ સંગત આદર્યાં, દુઃખ દોહગ દૂર પલાય રે લાલા, શાં૦ ૪

હાંરે લાલા તુમ સરીખા જગમેં પ્રભુ,
બીજો કોઇ નહી દેવ રે લાલા;
ભાવ ધરીને વંદણા, કહે સુંદર નિતમેવ રે લાલા, શાં૦ ૫

૩

## શ્રી નેમનાથ જિન સ્તવન

( ઈડર આંબા આંબલી રે. એ દેશી )

તોરણથી પાછા વળ્યા રે, કહો અવગુણ મુજ કંત;
મુજને મેલી એકલી રે, રોસ ધરી ગુણવંત
**નેમીસર** આવોને મંદિર આજ, હાંજી થે છો મુજ સિરતાજ;
હાંજી સારોને વંછિત કાજ, હાંજી સાહિબ ગરીબ નવાજ,
નેમીસર આવોને મંદિર આજ. ૧

તુમ્હે તો સંજમ આદર્યો રે, પસુઆ સુણી પુકાર;
શિવરમણી વરવા ભણી રે, જાય ચડયો ગિરનાર નેમી૦ ૨

હુંસ ઘણી મનમે હુંતી રે, દરસણરી યદુરાય;
અંતર પડીયો અતિ ઘણો રે, કિમ કર મિલીયો જાય. નેમી૦ ૩

વાત ન ( કામનરી ) કહી રે, દીધો નહી કો દોસ;
નયન નહેજો નાહલો રે, રાખ્યો તુજ મન રોસ. નેમી૦ ૪

નવભવાંરો નેહલો રે, ત્રટકે દીધો છોડ;
મુજ મન આસ ફળી નહી રે, કોઈ ન પૂગી કોડ. નેમી૦ ૫

જનમારો કિમ જાયસે રે, ભોગી વિણ ભરતાર;
જગમેં ખોટો જાણીયે રે, અબળાનો અવતાર. નેમી૦ ૬

ઈમ વિલવંતી એકુલી રે, ચાલી રાજુલ નાર;
દેવર ચૂકો દેખને રે, સમજાયો તિણવાર. નેમી૦ ૭

ગિરનાર પોહતી ગોરડી રે, નેમ જિણંદરે વાસ;
*સૂધે મન સંજમ લીયો રે, પોહતા સિવપુર વાસ. નેમી૦ ૮*

**નેમ રાજુલ** દોનું મિલ્યા રે, મુકિત મંદિર કે પાસ;
કર જોડી **સુંદર** કહે રે, ભવભવ તુમચે દાસ નેમી૦ ૯

૪

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(નદી યમુના કે તીર ઉડે દોય પંખીયા એ દેશી)

વામાનંદન એહ સુણી જે વિનતી,
હુંસ ઘણી જિનરાજ કે મુજ મનમેં હુંતી;
આયો અવસર આજ કહું વાયક ઈસા,
દિલ રંજન સુભ નયણ દેખો સેવક દસા. ૧

હું ભમીઓ ભવમાંહિ, ઘણા ભવ હારીઓ,
ભજ્યો નહી ભગવાન, કે ધંધે ભારીઓ;
લાલચ વાયો જીવ કે, હૂઓ બહુ લોભીઓ,
થાપણ મોસા માંહિ, ઘણું મન થોભીઓ. ૨

પાપે નિજર ભરાય, દેખી અસ્ત્રી પારકી,
મદન તણી વળી ફોજ, જીતી નહી મારકી;
દયા નવિ પાળી મૂલ, ન કો ઈંદ્રી દમી,
ખોયો નર અવતાર, રંગે ખેલી રમી. ૩

કીધાં ક્રોધ અપાર, માયામેં દિલ કીયો,
લોક તણો બહૂ માલ, અન્યાયે લુંટી લીયો;
કીધા સઘળાં પાપ, કહું હવે કેટલાં,
જાણે તું જગદીસ, કહ્યા મેં જેટલાં. ૪

તારક સાહિબ નામ, તાહરો સાંભળી,
આયો હું તુમ પાસ, કે મોસર અટકલી;
દીજે દરિસન દેવ, હિવે કરને દયા,
મો પર શ્રી જિન પાસ, સહી કીજે મયા. ૫

બાંહે ગ્રહીને આપ, તારો બહુ હિત કરી,
દાસ તણી અરદાસ, એતી મનમેં ધરી;
આણો મન બહુ ભાવ, ઘણી વળી આસતા,
**સુંદર** ને સિવવાસ, દીજે સુખ સાસ્વતા. ૬

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

(શ્રેણિક મન અચરિજ ભયો એ દેશી)

**શ્રી વીર** જિણેસર સાહિબા, અરજ સુણો ઇક મોરી રે;
હું મુરખ ધંધે પડયો, મૈં સેવા ન કીધી તોરી રે શ્રીવીર૦ ૧
ઈતરા દિન ભૂલો ભમ્યો, વંધા દેવ અનેરા રે;
તિણથી તો મુજ નવિ ટળ્યા, ભવભવ કેરા ફેરા રે શ્રીવીર૦ ૨
તરણ તારણ બિરૂદ તાહરો, સાંભળીયો મૈં શ્રવણે રે;
ઉલટ ધરીને હું આવીયો, નિરખવા સૂરત નયણે રે શ્રીવીર૦ ૩
મહિર કરીને મૌં ભણી, દ્યો દરિસણ જિનરાજો રે;
ભવ સાગરથી તારીયે, સાહિબ ગરીબ નવાજો રે શ્રીવીર૦ ૪
સિદ્ધારથ કુળ ચંદલો, તિસલા-રાણીરો-જાયો રે;
**સુંદરને** પ્રભુ દીજીયે, વંછિતદાન સવાયો રે શ્રીવીર૦ ૫

૬

## કળશ

( આદર જીવ ક્ષમા ગુણ આદર એ દેશી )

એહવા રે જિન ચઉવીસે નમતાં, હુવૈ કોડ કલ્યાણજી;
ભવ સઘળાઇ ભાગી જાયે, અરિહંત માની આણજી. એહવા૦ ૧

નવનિધિ સિદ્ધ થાએ જિન નામે, પાવે રિદ્ધિ ભરપૂરજી,
પુત્ર કલત્ર પરિવાર પ્રસરે, ઉગે પુણ્ય અંકૂરજી. એહવા૦ ૨

પૂજ્યાં તે જિનવરની પ્રતિમા, હોવે નિરમલ દેહજી;
ભવ ભવ કેરા પાપ પલાયે, વાધે ધરમ સનેહજી. એહવા૦ ૩

અરિહંતરા ગુણ છે અનંતા, જીભે કિમ કહિવાયજી;
સુર ગુરુ તે પિણ પાર ન પાવે; જિમ વારો વહી જાયજી. એહવા૦ ૪

**રાજનગર** ચોમાસું રહીને, એ મેં કીધી જોડજી;
કવિયણને હું અરજ કરૂં છૂં, મત કાઢીજો ખોડજી. એહવા૦ ૫

કાલાવાલા જે મેં કીધા, લેખે આયા તેહજી;
મોટારા ગુણ કરતાં મુખથી, ઉવેખે કુણ એહજી. એહવા૦ ૬

ગુણતાં શ્રી જિનવરની કીરતિ, વાધે જગ જસ વાસજી;
લુખો તેહી પિણ તરધારી, ખંડલ ગસથી પાસજી એહવા૦ ૭

સંવત **અઢાર ઇકવીસા** માંહે, ઉત્તમ કાર્તિક માસજી,
સૌભાગ્ય પાંચમ પરવ તણો દિન, ગાયા ગુણ ઉલાસજી. એહવા૦ ૮

શ્રી વડગચ્છ તણા પાટો ધર,
**શ્રી જિન પ્રભ સૂરીંદજી;**
તાસ પટે **સુખપ્રભ સૂરીસર,**
તેજે જિમ દિણયંદજી. એહવા૦ ૯

તાસ પસાય **સુમતિપ્રભ** સૂરે. ગાયા જિન ચોવીસ જી;
ભણતાં ગુણતાં સુણતાં ભવી જન,
હોવે સીયળ જગીસજી. એહવા૦ ૧૦

卐

[ ૭ ]

## શ્રી રત્નવિજયજી

(રચના સંવત ૧૮૨૪, સુરત)

તપગચ્છમાં શ્રી વિજયસિંહ સૂરિની પરંપરામાં આ કવિરાજે સુરતમાં આ ચોવીસી બનાવી છે. તેમના ગુરૂ પંડિત શ્રી ઉત્તમવિજયજીએ પણ ચોવીસી રચી છે. તથા તેમના ગુરૂભાઈ શ્રી પદ્મવિજયજીએ બે ચોવીસી રચી છે. બીજી ગ્રંથ રચના જોવામાં આવી નથી. ચોવીસીનાં સ્તવનો સુંદર રાગ રાગિણીમાં ગવાય એવાં છે.

૧

### શ્રી રૂષભદેવ જિન સ્તવન

( સિદ્ધચક્રવર સેવા કીજે, નર ભવ લાહો લીજે જી—એ દેશી )

રૂષભ જીનેસર વંછિતપૂરણ,
જાણું વિસવા વીશ;
ઉપગારી અવનીતલે મોટા,
જેહની ચડતી જગીશ; જગગુરૂ પ્યારો રે
પુન્ય થકી મેં દીઠો મોહનગારો રે,
સરસ સુધાથી મીઠો. જગગુરૂ પ્યારો રે ૧
નાભિનંદન નજરે નિરખ્યો,
પરખ્યો પૂરણ ભાગ્યે;

નિર્વિકારી મુદ્રા જેહની,
દીઠે અનુભવ જાગે જગગુરૂ પ્યારો રે ૨

આતમ સુખ ગ્રહવાનું કારણ,
દર્શન જ્ઞાન ચારિત્ર;
તેને ભય વળી મિથ્યા અજ્ઞાન
અવિરતિ જેહ વિચિત્ર જગગુરૂ પ્યારો રે ૩

સકળ જીવ છે સુખના કામી,
તે સુખ અક્ષય મોક્ષ;
કર્મજનિત સુખ તે દુઃખ રૂપ,
સુખ તે આતમ ઝાંખ જગગુરૂ પ્યારો રે ૪

નિરુપાધિક અક્ષયપદ કેવલ,
અવ્યાબાધ તે થાવે;
પૂરણાનંદ દશાને પામે,
રૂપાતીત સ્વભાવે, જગગુરૂ પ્યારો રે ૫

અંતરજામી સ્વામી મારો,
ધ્યાન રૂચિમાં લાવે;
જિન **ઉત્તમ** પદને અવલંબી,
**રત્નવિજય** ગુણ ભાવે. જગગુરૂ પ્યારો રે ૬

૨

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

(ઢંઢણ ઋષિજીને વંદના હું વારી–એ દેશી)

અચિરાનંદન વંદિએ હું વારી લાલ,
ગુણનિધિ **શાંતિ** જિણંદરે હું વારી લાલ;

અભયદાન ગુણ-આગરૂ હું૦,
ઉપશમ રસનો કંદ રે હું વારી લાલ અચિ૦ ૧

મારી મરકી વેદના હું૦,
પસરી સઘળે દેશ રે હું વારી લા૦;
દુઃખદાયક અતિ આકરી હું૦,
પામે લોક કલેશ રે હું૦ અચિ૦ ૨

પુણ્યાનુબંધિ પુણ્યથી હું૦,
ઉપન્યા ગર્ભ મોઝાર હું૦;
શાંતિ પ્રવર્તી જનપદે હું૦,
હુઓ જયજયકાર રે હું૦ અચિ૦ ૩

દોય પદવી એકે ભવે હું૦,
ષોડશમો જગદીશ રે હું૦;
પંચમ ચક્રી ગુણનીલો હું૦,
પ્રહ ઉઠી નામું શીશ રે હું૦ અચિ૦ ૪

દીક્ષા ગ્રહે તે દીન થકી હું૦,
ચઉનાણી ભગવાન રે હું૦;
ઘાતિ કરમના નાશથી હું૦,
પામ્યા પંચમ જ્ઞાન રે હું૦ અચિ૦ ૫

તીર્થપતિ વિચરે જિહાં હું૦,
ત્રિગડું રચે સુરરાય રે હું૦;
સમવસરણ દિયે દેશના હું૦,
સુણતાં ભવદુઃખ જાય રે હું૦ અચિ૦ ૬

પણવીસ સય તે આગળે હું૦,
જોયણ લગે નિરધાર રે હું૦;

સ્વચક્ર પરચક્રનાં હું૦,
  ભયે થાયે વિસરાલ રે હું૦ અચિ૦ ૭
જીવ ઘણા તિહાં ઉદ્ધરી હું,૦
  શિવપુર સનમુખ કીધ રે હું૦;
અક્ષય સુખ જિહાં શાશ્વતાં હું૦,
  અવિચલ પદવી દીધ રે હું૦ અચિ૦ ૮
સહસ મુનિ સાથે વર્યા હું૦,
  સમેત શિખરગિરિ સિદ્ધ રે હું૦;
**ઉત્તમ** ગુરૂ પદ સેવતાં હું૦,
  **રતન** લહે નવનિધ રે હું૦ અચિ૦ ૯

૩

## શ્રી નેમનાથ સ્તવન

(હાંરે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો–એ દેશી)

હાંરે મારે **નેમિજિનેસર** અલવેસર આધાર જો,
સાહિબ રે સોભાગી ગુણમણિ આગરૂ રે લો;
હાંરે મારે પરમપુરૂષ પરમાતમ દેવ પવિત્ર જો,
આજ મહોદય દરિસણ પામ્યો તાહરૂં રે લો. ૧

હાંરે મારે તોરણ આવી પશુ છોડાવી નાથ જો,
રથ ફેરીને વળીયા નાયક નેમજી રે લો;
હાંરે મારે દેવ અઢારે એ શું કીધું આજ જો,
રઢીયાલી વર રાજુલ છોડી કેમ જી રે લો. ૨

હાંરે મારે સંયોગી ભાવ વિયોગી જાણી સ્વામી જો,
એ સંસારે ભમતાં કો કહેતું નહિ રે લો;

હાંરે મારે લોકાંતિકને વયણે પ્રભુજી તામ જો,
વરસીદાન દીયે તિણુ અવસર જિન સહી રે લો. ૩
હાંરે મારે સહસાવનમાં સહસ પુરૂષની સાથ જો,
ભવ દુઃખ છેદન કારણુ ચારિત્ર આદરે રે લો;
હાંરે મારે વસ્તુતત્ત્વે રમણુ કરંતા સાર જો,
ચોપનમે દિન કેવલજ્ઞાન દશા વરે રે લો. ૪
હાંરે મારે લોકાલોક પ્રકાશક ત્રિભુવન ભાણુ જો,
ત્રિગડે બેસી ધરમ કહે શ્રી જિનવરૂ રે લો;
હાંરે મારે શિવાનંદન વરસે સુખકર વાણી જો,
આસ્વાદે ભવિ ભાવ ધરીને સુંદરૂ રે લો. ૫
હાંરે મારે દેશના નિસુણી બુઝયાં રાજુલ નાર જો,
નિજ સ્વામીને હાથે સંયમ આદરે રે લો;
હાંરે મારે અષ્ટભવોની પાળી પૂરણુ પ્રીત જો,
પિયુ પહેલાં શિવ લક્ષ્મી રાજીમતી વરે રે લો. ૬
હાંરે મારે વિચરી વસુધા પાવન કીધી સાર જો,
જગ ચિંતામણિ જગ ઉપગારી ગુણુનિધિ રે લો;
હાંરે મારે જિન **ઉત્તમ** પદ પંકજ કેરી સેવ જો,
કરતાં **રતન વિજયની** કીરતિ અતિ વધી રે લો. ૭

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(પર્વ પજુસણુ આવીયાં રે લાલ–એ દેશી)

ત્રિભુવન નાયક વંદીયે રે લો, પુરીસાદાણી પાસ રે–જિનેસર;
સુરમણિ સુરતરૂ સારીખો રે લો, પૂરતો વિશ્વની આશ રે–જિને૦
જયો જયો પાસ જિનેસરૂ રે લો. ૧

પુષ્ટાલંબન ભવિકને રે લો,
મહિમાનિધિ આવાસ રે જિને૦
વાસવપૂજિત વંદીયે રે લો,
આણી ભાવ ઉલ્લાસ રે જિને૦ જયો૦ ૨

શ્રી જિન ! તુજ દરિસણ વિના રે લો,
ભમીયો કાળ અપાર રે જિને૦
આતમ ધર્મ ન ઓળખ્યોરે લો,
ન લહ્યો તત્ત્વ વિચાર રે જિને૦ જયો૦ ૩

પ્રવચન અંજન જે કરે રે લો,
પામી સદ્‌ગુરૂ સંગ રે જિને૦
શ્રદ્ધા ભાસન પ્રગટતાં રે લો,
લહીયે ધર્મ પ્રસંગ રે જિને૦ જયો૦ ૪

સાધન ભાવે ભવિકને રે લો,
સિદ્ધને ક્ષાયક હોય રે જિને૦
પ્રગટયો ધર્મ તે આપણો રે લો,
અચળ અભંગ તે જોય રે જિને૦ જયો૦ ૫

તુજ ચરણાંમેં ભેટીયા રે લો,
ભાવે કરી જિનરાજ રે જિને૦
નેત્ર યુગલ જિન નિરખતાં રે લો,
સિધ્યાં વંછિત કાજ રે જિને૦ જયો૦ ૬

નીલ વરણ નવકર ભલું રે લો,
દીપે તનુ સુકુમાળ રે જિને૦

જિન **ઉત્તમ** પદ સેવતાં રે લો,
**રતન** લહે ગુણમાળ રે જિને૦ જયો૦ ૭

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

( આવો આવો જસોદાના કંથ—એ દેશી )

ચોવીશમો શ્રી મહાવીર, સાહિબ સાચો રે;
રત્નત્રયીનું પાત્ર, હીરો જાચો રે. ૧
આઠ કરમનો ભાર, કીધો દૂરે રે;
શિવવધૂ સુંદર નાર, થઇ હજુરે રે. ૨
તુમે સાર્યાં આતમ કાજ, દુઃખ નિવાર્યાં રે;
પહોતા અવિચલ ઠામ, નહિ ભવ ફેરા રે. ૩
જિહાં નહિ જન્મ મરણ, થયા અવિનાશી રે;
આતમ સત્તા જેહ, તેહ પ્રકાશી રે. ૪
થયા નિરંજન નાથ, મોહને ચૂરી રે;
છોડી ભવભય કૂપ, ગતિ નિવારી રે. ૫
અતુલ બલ અરિહંત, ક્રોધને છેદી રે;
ફરસી ગુણનાં ઠાણ, થયા અવેદી રે. ૬
એહવા પ્રભુનું ધ્યાન, ભવિયણ કરીએ રે;
કરીએ આતમ કાજ, સિદ્ધિ વરીએ રે. ૭
સેવો થઇ સાવધાન, આલસ મોડી રે;
નિદ્રા વિકથા દૂર, માયા છોડી રે. ૮

મૃગપતિ લંછન પાય, સોવન કાયા રે;
સિદ્ધારથ કુલ આય, ત્રિશલાએ જાયા રે. ૯

બહોતેર વરસનું આય, પૂરણ પાળી રે;
ઉદ્ધરીયા જીવ અનેક, મિથ્યાત્વ ટાળી રે, ૧૦

જિન ઉત્તમ પદ સેવ, કરતાં સારી રે;
રતન કહે ગુણમાલ, અતિ મનોહારી રે. ૧૧

૬

## કલશ

(આતમ ભક્તિ મળ્યા કેઈ દેવા—એ દેશી)

ચોવીસ જિનેસર ભુવન દિનેસર, નિરૂપમ જગઉપગારી જી;
મહિમા નિધિ મોટા તુમે મહીયલ, તુમચી જાઉં બલિહારી જી. ૧

જન્મકલ્યાણક વાસવ આવી, મેરૂ શિખર નવરાવે જી;
માનું અક્ષય સુખ લેવા સુર, આવી જિનગુણ ગાવે જી. ૨

ગૃહવાસ છંડી શ્રમણપણું લહી, ઘાતિ કરમ ખપાયા જી;
ગુણમણિઆકર જ્ઞાન દિવાકર, સમવસરણ સુહાયા જી. ૩

દુવિધ ધરમ દયાનિધિ ભાખે, તારે ગ્રહીને હાથે જી;
વાણી સુધારસ વરસી વસુધા, પાવન કીધી નાથે જી. ૪

ચોત્રીસ અતિશય શોભાકારી, વાણી ગુણ પાંત્રીસે જી;
અષ્ટ કરમ મલ દૂર કરીને, પામ્યા સિદ્ધિ જગીશ જી. ૫

ચોવીસ જિનનું ધ્યાન ધરંતાં, લહીયે ગુણ મણિ ખાણ જી;
અનુક્રમે પરમ મહોદય પદવી, પામે પદ નિરવાણ જી. ૬

તપગચ્છ અંબર ઉદયો ભાનુ, તેજ પ્રતાપી છાજે જી;
**વિજયદેવ સૂરીશ્વર** રાયા, મહિમા મહિયલ ગાજે જી. ૭

તાસ પાટ પ્રભાવક સુંદર, **વિજયસિંહ સૂરીશ** જી;
વડભાગી વૈરાગી ત્યાગી, **સત્યવિજય** મુનીશ જી. ૮

તસ પદપંકજ મધુકર સરીખા, **કપૂરવિજય** મુણિંદા જી;
**ખિમાવિજય** તસ આસન શોભિત, **જિનવિજય** ગુણચંદા જી. ૯

ગીતારથ સારથ સોભાગી, લક્ષણ લક્ષિત દેહા જી;
**ઉત્તમવિજય** ગુરૂ જયવંતા, જેહને પ્રવચન નેહા જી. ૧૦

તે ગુરૂની બહુ મહેર નજરથી, પામી અતિ સુપસાયા જી;
**રતન વિજય** શિષ્ય અતિ ઉછરંગે, જિન ચોવીસ ગુણ ગાયાજી. ૧૧

સૂરજ મંડન પાસ પસાયા, ધર્મનાથ સુખદાયા જી;
વિજય ધર્મસૂરીશ્વર રાજ્યે, શ્રદ્ધા બોધ વધાયા જી. ૧૨

અઢારસે ચોવીસે વરસે, સુરત રહી ચોમાસ જી;
માધવ માસે કૃષ્ણપક્ષમાં, ત્રયોદશી દિન ખાસ જી. ૧૩

[૮]

# શ્રી ભાણુવિજયજી

( ચોવીસી રચના સંવત **૧૮૩૦** આસપાસ )

શ્રી તપગચ્છમાં શ્રી **વિજયપ્રભસૂરિની** પરંપરામાં પંડિત **પ્રેમવિજયજીના** શિષ્ય આ મુનિરાજ થયા છે; તેઓશ્રીની ચોવીસી **શૈલી** સાદી તથા **સરળ** ભાષામાં છે. તેઓશ્રીની બીજી સાહિત્ય રચના**માં** **વિક્રમાદિત્યપંચદંડ** રાસ સંવત ૧૮૩૦માં **ઔરંગાબાદમાં બનાવ્યો છે.**

આ સાથે તેઓનાં પાંચ સ્તવનો તથા શ્રી વિક્રમાદિત્યરાસની પ્રશસ્તિ કલશ મલી કુલ્લે ૭ કાવ્યો લેવામાં આવ્યાં છે.

**૧**

## શ્રી ઋષભજિન સ્તવન

મોરા સ્વામી હો શ્રી પ્રથમજિણંદ કે, **ઋષભજિનેશ્વર** સાંભળો;
મુઝ મનની હો જે હું કહું વાત કે,
છોડી મનનો આમળો મોરા૦ ૧

ગુણ ગિરુઆ હો અવસર લહી આજ કે, તુઝ ચરણે આવ્યો વહી;
સેવકને હો કરુણાની લહેર કે,
જુઓ જો મનમાં ઉલહી મોરા૦ ૨

તો હોવે હો અંગોઅંગ આહ્લાદ કે, ન કહી જાએ તે વાતડી;
દયા સિંધુ હો સેવકને સાથ કે,
અવિહડ રાખો પ્રીતડી મોરા૦ ૩

હવે અંતર હો નવિ ધરવો ચિત્ત કે, નિજ સેવક કરી લેખવો;
સેવા ચરણની હો દેજો વળી મુઝ કે,
નેહ ભર નિજ રે પેખ જો મોરા૦ ૪

ઘણું તુમને હો સ્યું કહું ભગવાન કે, દુઃખ દોહગ સહુ ચૂર જો;
**પ્રેમવિબુધ**ના હો **ભાણવિજય**ના સ્વામી કે,
મનવાંછિત તુમે પૂરજો મોરા૦ ૫

૨

## શ્રી શાંતિનાથજિન સ્તવન

સાહિબ હો તુમ્હે સાહિબ **શાંતિ** જિણંદ,
સાંભળો હો પ્રભુ સાંભળો વિનતી માહરી જી;
મનડું હો પ્રભુ મનડું રહ્યું લપટાય,
સૂરતિ હો પ્રભુ સૂરતિ દેખી તાહરી જી. ૧

આશા હો પ્રભુ આશા મેરૂ સમાન,
મનમાં હો પ્રભુ મનમાં હુતી મુજ અતિ ઘણી જી;
પૂરણ હો પ્રભુ પૂરણ થઈ અમ આશ,
મૂરતિ હો પ્રભુ મૂરતિ દીઠે તુમ તણી જી. ૨

સેવક હો પ્રભુ સેવક જાણી સ્વામી,
મુજશું હો પ્રભુ મુજશું અંતર નવિ રાખીએ જી;
વિલગા હો પ્રભુ વિલગા ચરણે જેહ,
તેહને હો પ્રભુ તેહને છેહ ન દાખીએ જી. ૩

ઉત્તમ હો પ્રભુ ઉત્તમ જનશું પ્રીત,
કરવી હો પ્રભુ કરવી નિશ્ચે તે ખરી જી;
મૂરખ હો પ્રભુ મૂરખશું જશવાદ,
જાણી હો પ્રભુ ઈમ જાણી તુમશું મેં કરી જી. ૪

નિરવહવી હો પ્રભુ નિરવહવી તુમ હાથ,
મોટાને હો પ્રભુ મોટાને ભાખીએ શું ઘણું જી;
પંડિત હો પ્રભુ પંડિત પ્રેમનો ભાણ,
ચાહે હો નિતુ ચાહે દરિશણ તુમ તણું જી. ૫

૩

## શ્રી નેમનાથ સ્તવન

( જટણી દેશી )

નયન સલુણા હો વાહલા, સસનેહા પ્રભુ નેમ;
તોરણ આવીને તુમ્હે, પાછા વળી ગયા કેમ. નયન૦ ૧

આસો વાદળની પરે, એવડો આડંબર કીધ;
જાન લઈને આવ્યા વહી; પિણ થયા અપ્રસિદ્ધ. નયન૦ ૨

નેહ નિવાહી નવિ શકયા, ક્ષણમાં દીધો છેહ;
એ શી જાદવ રીત છે, જે પૂરણ પાળો ન નેહ. નયન૦ ૩

લાલચ દેઈને તુમ્હે, કરી નિજ નારી નિરાશ;
વચન સહુનાં અવગણી, ગિરનાર કીધો વાસ. નયન૦ ૪

સિદ્ધ અનેકે વિલસી જે, તેહથી કીધો પ્રેમ;
ભવભવની નાર જે મૂકો, રીતી શી છે તુમ એમ. નયન૦ ૫

ઈણ પરે વિલપતી બહુ પરે, પહુતી ગઢ ગિરનાર;
કેવલ દરિશણ અનુભવે, પહોતી મુગત આગાર. નયન૦ ૬

ધન ધન નેમ રાજુલ જેણે, પાળી પૂરણ પ્રીત;
ભાણ ભણે બુધ પ્રેમનો, સાચી એ ઉત્તમ રીત. નયન૦ ૭

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(ધન ધન ધનની દેવી એ દેશી)

વામાનંદન શ્રી પાસ,
મ્હારી સાંભળો તુમે અરદાસ સા૦ સસનેહા;
અમે સેવક તુમારા,
તુમ્હે છો સાહિબ હમારા હો સા૦ ૧

સુંદર પ્રભુ તુમ રૂપ,
જસ દીઠે હાર્યો રતિ ભૂપ હો સા૦;
પ્રભુ મુખ વિધુ સમદીસે,
દેખી ભવિયણનાં મન હીસે સા૦ ૨

કમલદલ સમ તુમ નયણાં,
અમૃતથી મીઠાં વયણાં હો સા૦;
તુમ અર્દ્ધચંદ્ર સમ ભાલ,
માનુ અધર જિસ્યા પરવાલ હો સા૦ ૩

શાંતિ દાંતિ ગુણ ભરીયો,
એ તો અગણિત ગુણનો દરિયો સા૦;
સાચો શિવપુર સાથ,
પ્રભુ તું છે અનાથનો નાથ હો સા૦ ૪

એ તો ભજન કરવા તાહરૂં,
પ્રભુ ઉલસ્યું છે મન માહરૂં હો સા૦;
એ તો **પ્રેમ** વિબુધનો સીસ,
**ભાણવિજય** નમે નિશદિશ હો સા૦ ૫

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

આનંદમય નિરુપમ ચોવીસમો,
પરમેશ્વર પદ નિરખ્યો રે;
પરમેશ્વરપદ જેહને છાજે,
અંતરચિત્તથી મેં પરખ્યો રે આણંદ૦ ૧

ધારક છે દેવ શબ્દ ઘણેરા,
પિણ દેવત્વ તે ન ધરે રે;
જેમ કનક કહીએ ધંતુરને,
હેમની ગત તે ન સરે રે આનંદ૦ ૨

જે નર તુમ ગુણગણથી રસિયા,
તેમ કિમ અવરને સેવે રે;
માલતી કુસુમે જે લીના મધુકર,
અવર સુરભિ ન લેવે રે આણંદ૦ ૩

ચિત્તપ્રસન્ને જિનજીની ભજના,
સર્જન કહો કિમ ચૂકે રે;
ઘર આંગણ ગંગા પામીને,
કુણ ઉવેખીને મૂકે રે આનંદ૦ ૪

ધ્યેય સ્વરૂપે ધ્યાયે તમને જે,
મન વચ કાય આરાધે રે;
પ્રેમવિબુધ ભાણ પભણે તે નર,
વર્દ્ધમાન સુખ સાધે રે આણંદ૦ ૫

૬

## વિક્રમાદિત્ય પંચ દંડ રાસ ચાર ખંડમાં છે.

તેની ગાથા ગાથા ૫૭૯૭ છે.

તે રાસની પ્રશસ્તિની છેલ્લી ૭ ગાથાઓ :—

પુરણ રાસ એ તે દિન કીધો, હર્ષ અમૃતરસ પીધો જી;
અવરંગાબાદમાં કારજ સીધો, ગુણીઈ અંગીકરી લીધો જી ૧૬

શ્રી ગોઠીપાર્શ્વજીની સુનીજરે, નિજ ગુરૂની કૃપાથી જી;
ઇચ્છા વંછા થઇ એ પુરણ, વિક્રમ ગુણ ગાવા જી. ૧૭

ચિત્ત પ્રમોદે મતિ કલ્પનાએ, ન્યૂનાધિક વાત કહેવાઈ જી;
મિચ્છા દુક્કડં ત્રિકરણ શુદ્ધિ, મુઝને હોજો સુખદાઇ જી. ૧૮

વળી જિનવાણી વિરુદ્ધ કહાણી, તસ મિચ્છાદુકૃત હોજો જી;
સંઘ સમક્ષ કર જોડી કહું હું, સાંત સુધારી લેજો જી. ૧૯

નિશ્ચલ રહો એ રાસ તિહાં લગિં, જીહાં લગી ધ્રુવનો તારો જી;
જિહાં લગી મેરૂ શશિ રવિ; તિહાં લગિં જિનધર્મ સમાચારી જી. ૨૦

એ ગુણીના ગુણ ભણસે ગુણસે, તસ ઘર મંગલમાળા જી;
કહ્યો ખંડ ચોથો તેંતાળીસ ઢાળે, ભાણ લહે રૂદ્ધિ નિશાન જી. ૨૧

[ ૯ ]

# શ્રી વિજયલક્ષ્મી સૂરિ

( ચોવીસી રચના સં. ૧૮૩૦ આસપાસ )

શ્રી તપગચ્છમાં શ્રી આણંદસૂરિની પરંપરામાં આ સૂરિ થયા છે. તેઓશ્રીના પિતાનું નામ હેમરાજ તથા માતાનું નામ આણંદે હતું. તેમનો જન્મ પાલડીમાં સં. ૧૭૯૭ માં થયો. સીનોર ( ગૂજરાત ) ગામે સં. ૧૮૧૪માં દિક્ષા શ્રી સૌભાગ્યસૂરિ પાસે લીધી. દિક્ષાનામ શ્રી સુવિધિવિજય હતું. શ્રી દીપવિજયકવિ કૃત સોહમકુલ પટ્ટાવલી રાસમાં તેમના જીવન ચરિત્ર વિષે હકીકત છે. તેઓશ્રીએ **સુરત ગોપીપુરા**માં સં. ૧૮૪૩માં **શ્રી વાસુપૂજ્યસ્વામી**ના દેરાસરની પ્રતિષ્ઠા કરી છે. તેમનો સ્વર્ગવાસ સંવત ૧૮૫૮માં સુરતમાં થયો હતો.

## સાહિત્ય રચના

૧ જ્ઞાન દર્શન ચારિત્રવાદ ૩૫ વીરજિન સ્તવન. સં. ૧૮૧૭

૨ ૭ અટ્ઠાઇનું સ્તવન. સં. ૧૮૩૪

૩ ઉપદેશ પ્રાસાદ વૃત્તિસહિત સં. ૧૮૪૩ સંસ્કૃત

૪ જ્ઞાનપંચમી દેવવંદન.

૫ વીસસ્થાનક પૂજા સં. ૧૮૪૫ સંખેશ્વર

આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા અટ્ઠાઇ સ્તવનની પ્રશસ્તિ મળી ૭ કાવ્યો લીધા છે.

[ ૧ ]

## શ્રી ઋષભ જિન સ્તવન

(અરજ અરજ સુણો ને રૂડા રાજિયા હોજી—એ દેશી)

**ઋષભ ઋષભ** જિણંદ નિરખી લોયણે હો જી,
અભિનવ ઉદયો આણંદ;
જિનવર જિનવર સુખકર સાહિબો હો જી,
પરમેશ્વર મુનિચંદ ઋષભ૦ ૧

અનોપમ અનોપમ રમણતા તાહરે હો જી,
જ્ઞાન વિલાસી સમાજ;
અવિચલ અવિચલ સ્થાનક પામીને હો જી,
અનુભવ શિવપુર રાજ ઋષભ૦ ૨

અનેક અનેક સુગુણમય સુંદરુ હો જી,
નિઃસંગીત નિરાબાધ;
આતમ આતમ અસંખ્ય પ્રદેશમાં હો જી.
અક્ષય ધર્મ અગાધ. ઋષભ૦ ૩

સ્વરૂપ સ્વરૂપ સ્થાનથી એકતા હો જી,
શુલતા અવધ રૂપ;
યોગ યોગ રહિત અકંપતા હો જી,
અનેક ત્રિભંગી અનુપ. ઋષભ૦ ૪

અશરણ અશરણશરણ હરણ ભવભયતણો હો જી,
અવિસંવાદિત મિત્ત;
અતિશય અતિશય ધારી ગુણાવલી હો જી,
તત્ત્વ વિલાસી જગમિત્ત ઋષભ૦ ૫

પ્રભુગુણ પ્રભુગુણ રંગી થઈ ચેતના હો જી,
અવિલંબે જિન દેવ;
કારણ કારણ કર્ત્તાપણે આરોપીને હો જી,
વિઘટે અનાદિ કુદેવ ઋષભ૦ ૬

ઇણવિધ ઈણવિધ પરખી સ્વામીને હો જી,
આદરે શુભ પ્રણિધાન;
સોભાગ્ય **સૌભાગ્યલક્ષ્મી**સૂરિ જિન થકી હો જી,
પામે દર્શન ગુણ જ્ઞાન ઋષભ૦ ૭

## ૨

## શ્રી શાંતિ જિન સ્તવન

જી રે **શ્રી શાંતિ** નિરુપમ ચક્રી, સવિ જનપદ પ્રભુ સદગુણીજી
જી રે જી;
જી રે વિગત વિકાર કિરતાર, અજરામર નિર્ગુણ ગુણી
જી રે જી. ૧

જી રે બ્રહ્મ વિધાતા મહેશ, ચેતના અચલ સુતાપતિ
જી રે જી;
જી રે શબ્દથી શંભુ જન માંહ, ગુણથી જૈન વેદિ કૃતિ
જી રે જી ૨

જી રે હરિહર શક્ર નાગેશ, તેહનો જે તારતિ પતિ સુણ્યો
જી રે જી;
જી રે અચિંત્ય બળે કરી નાથ, ક્ષણમાં તે મદન દહન મુણ્યો
જી રે જી ૩

જી રે સદાશિવ વિધિ વિષ્ણુ, વિષ્ણુ પુરૂષોત્તમ સ્વયંપ્રભુ
જી રે જી;
જી રે દમી ક્ષમી નિરદંભ, અંતરજામી નામી વિભુ
જી રે જી ૪

જી રે અનેક કલ્પના જાલ, વરજિત ધ્યેય અવિનય સ્વરૂપ
જી રે જી;
જી રે સિદ્ધ બુદ્ધ નિર્લેપ, અલખ અજોગી વિશ્વંભરૂ
જી રે જી ૫

જી રે અગમ અરૂજ મહાગોપ, સનાતન અગુરૂ લઘુ
જી રે જી;
જી રે તીરથાધિપ ભગવાન, પામી તુરીય દશા નઘુ
જી રે જી ૬

જી રે માધવ વરૂણ બિડાલ, નિલકંથ સુરગુરૂ ગુણી
જી રે જી;
જી રે ત્રિવિધ જોગે પ્રણમંત, તેહ જ ધામ તું જગધણી,
જી રે જી ૭

જી રે નાસ્તિક સઉગત સાંખ્ય, યોગાચાર વૈશેષિકા
જી રે જી;
જી રે એકાંતે કરી તેહ, તુજ કલના નવિ કરી શક્યા
જી રે જી ૮

જી રે ઈત્યાદિક શુભ નામ, યથારથ પ્રગટ્યા સદા
જી રે જી;
જી રે તસુ ધ્યાને વિકસંત, **સૌભાગ્ય લક્ષ્મીસૂરિ** સંપદા
જી રે જી ૯

૩

## શ્રી નેમનાથનું સ્તવન

॥ થારા મેહલા ઉપર મેહ ઝબૂકે વીજળી સાહિબજી એ દેશી ॥

શ્રી નમિ જિનવર અભયંકર, પદસેવના, સાહિબજી.
પ્રભુ મહોદય કારણ વારણ ભવ ભય વાસના સાહિબજી.
જિનવર સેવન તે હીજ નિજ સેવન જાણીયે સાહિબજી.
પ્રભુ શશી અવલોકન નયન કાંતિ જિન માનીયે. સા૦ ॥ ૧ ॥

પ્રભુપર કૃત સેવન વાંછા દુગંછા તુજ નહિ સા૦
છે દોષ વિલાસી વાંછા અભ્યાસી ભવ મહી સા૦
પ્રભુ પૂજ્ય સ્વભાવ વિભાવ અભાવે નીપનો સા૦
તેહ પૂર્ણાનંદ મય પૂરણ નય સુખ દીપનો સા૦ ॥ ૨ ॥

પ્રભુ વંદન ચંદન સુમનાદિકે દ્રવ્ય પૂજના સા૦
તુજ ગુણ એકતાને ભાવે બહુ માને સૂજના સા૦
સ્વરૂપથી દીસે નિરવદ્ય સાવદ્ય અનુબંધી રે સા૦
વિધિ યોગે હિંસા ખિસા વિણુ શિવ સંધિ રે સા૦ ॥ ૩ ॥

પ્રભુ સમયમાં પૂજન દ્રવ્ય ભાવ ભેદે લહ્યો સા૦
જિણ આણા જોગે આગાર અણગારે તે નિરવહ્યો સા૦
સુખ દ્રવ્યથી સ્વર્ગ લહે અપવર્ગ તે ભાવથી સા૦
ઈમ ફલ દો દાખ્યા ભાખ્યા સમયાનુભાવથી. સા૦ ॥ ૪ ॥

અંગાદિક ત્રિવિધ અડવિધ અક્ષતાદિક ભેદ રે સા૦
ઇમ સગ દસ ઈગવિશ કીજે પૂજા અખેદ રે સા૦
જિનવર અનુરાગ રંગી સંગી કરી ચેતના સા૦
શુભ કરણી કીજે લીજે અનુભવ નિકેતના. સા૦ ॥ ૫ ॥

ઈમ પૂજ્ય પૂજન પૂજક ત્રિકયોગ સંયોગરે; સા૦

મિટે સેવક ભાવ અનાદિનો પ્રગટે સંભોગરે; સા૦
ઇમ વીનતી પ્રકાશે અભ્યાસે **સૌભાગ્યસૂરી શીષ** રે, સા૦
પ્રભુ સવિ દુઃખ ચૂરો પૂરો સયલ જગીશ રે. સા૦ ॥ ૬ ॥

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

વીરે વખાણી રાણી ચેલણાજી એ દેશી.

**પાર્શ્વજિન** પૂરણતા તાહરીજી, શુભ થીરતામાં સમીપ;
પરમ ઇશ્વર વિભુ જિનવરૂજી, સહજ આનંદ વીયરાય. પા–૧

શુદ્ધશુદ્ધતામેં રાજતાજી, કર્મ રહિત મહારાય;
પામી અશુભને વામતાજી, નીરીહપણે સુખદાય. પા–૨

વિશ્વનાયક તુંહી સારહીજી, ત્યાગી ભોગી જિનરાજ;
ચઉબંધને પ્રભુ છાંડીનેજી, થયો માહરો શિરતાજ. પા–૩

ભવગીરી ભંજન પવી સમોજી, તારક બિરૂદ ધરાય;
અમરપતિ નિત્ય નમે તુજ પદેજી, ભાવ ધરી નિરમાય. પા–૪

અમ સરીખા જે મોહે ગ્રહ્યાજી, તેહને તુંહી સહાય;
**સૌભાગ્યલક્ષ્મીસૂરી** પદ વરેજી, જેહ તુજને નિતુ ધ્યાય. પા–૫

૫

## શ્રી મહાવીરજિન સ્તવન

( રાગ–**ધન્યાસી** )

**(આજ માહરા પ્રભુજી સાહમું રે જુવો સેવક કહીને બોલાવો–એ દેશી)**

**આજ માહરા પ્રભુજી** મહિર કરીને, સેવક સાહમું નિહાળો;
**કરુણાસાયર** મહિર કરીને, અતિશય સુખ ભૂપાળો આ૦ ૧

ભગતછલ શરણાગત પંજર. ત્રિભુવનનાથ દયાળો;
મૈત્રીભાવ અનંત વહે અહનિશ, જીવસયલ પ્રતિપાલો આ૦ ૨

ત્રિભુવનદીપક જપિકઅરિગણ, અવિઘટ જ્યોતિ પ્રકાશી;
મહાગોપ નિર્યામક કહીએ, અનુભવ રસ સુવિલાસી આ૦ ૩

મહામાહણ મહાસારથિ અવિતથ, અપના બિરૂદ સંભાળો;
બાહ્ય અભ્યંતર અરીગણ જોરો, વ્યસન વિઘન ભય ટાળો આ૦ ૪

વાદી તમહર તરણી સરિખા, અનેક બિરૂદના ધારી;
જીત્યા પ્રતિવાદી નિજમતથી, સકલ જ્ઞાયક યશકારી આ૦ ૫

યજ્ઞકારક ચઉવેદના ધારક, જીવાદિ સત્તા ન ધારે;
તે તુજ મુખ દિનકર નિરખણથી, મિથ્યાતિમિર પરજાળે આ૦ ૬

ઈલિકા ભ્રમરી ન્યાયે જિનેસર, આપ સમાન તે કીધા;
ઇમ અનેકયશ ત્રિશલાનંદન, ત્રિભુવનમાંહે પ્રસિદ્ધા આ૦ ૭

મુઝ મન ગિરિકંદરમાં વસિયો, વીર પરમ જિનસિંહ;
હવે કુમત માતંગાના ગણથી, ત્રિવિધ યોગે બિટિબિહ આ૦ ૮
અતિ મનરાગે શુભ ઉપયોગે, ગાતાં જિન જગદીશ;
સૌભાગ્સૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ લહે, પ્રતિદિન સયલ જગીશ આ૦ ૯

---

૬

## છઅઠાઇ સ્તવનનો અંતે

અંતે—

આઠ કર્મ અડદોષને એ, અડવિધ પદ પરમાદ
પરિહરિ આઠ કરણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. ૪

ગૂર્જર દેશા દેશ ભલોએ; અકબર સુલતાન; રે
હીરજી ગુરૂના વયણુથી, અમારી પડહ વિતાંન ૫

સેનસૂરિ તપગચ્છ મણિએ, નિલક આણંદ મૂણિંદ,
રાજ માન રૂદ્ધિ લહે, એ સૌભાગ્ય લક્ષ્મી સૂરીંદ
હરખ ધરી સેવીએ રે. ૬

સેવો સેવો પર્વ મહેંદ, પૂજીત પદ અરિવૃંદ,
પુણ્ય પર્વ સુખ કંદ, પ્રગટે પરમાનંદ કહે ઈમ લક્ષ્મી સુરિંદ
હરખ ધરી સેવીએ રે. ૭

---

**કલશ**

ઈમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામી અઠાઈ ગુણ કહ્યા,
ભવિ જીવ સાધો નીત આરાધો, આત્મધર્મે ઊમહ્યા,
સંવત જીન અતિશય, વસુ શશી, ચૈત્રી પુનમે ધ્યાઈયા,
૩૪ ૮ ૧
સૌભાગ્યસૂરિ શિસ લક્ષ્મિ સૂરિ; બહુ સંઘ મંગલ પાઈયા.

---

**પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિધ**
**પ્રભુદર્શનથી પામીએ, સકલ પદાર્થ સિદ્ધ**

[ ૧૦ ]

# શ્રી ભાણચંદ્ર (ભાનુચંદ્ર)

( ચોવીસી રચના સં. ૧૮૩૦ આસપાસ )

કરમાવાસ ગામમાં પિતા ઓસવાલ ભણશાલી શાપ્રેમરાજને ત્યાં માતાપ્રેમાદેની કુક્ષિએ શ્રી ભાનુચંદ્રનો જન્મ સંવત ૧૮૦૩માં ગયો. તેઓશ્રીની બીજી કૃતિઓ જાણવામાં નથી. તેઓશ્રીએ સંવત ૧૮૧૫માં બીકાનેરમાં દીક્ષા લીધી ને આચાર્યપદ ૧૮૨૩ ૧૩ ગામમાં આપવામાં આવ્યું હતું તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૮૩૭માં શ્રી વીરમગામ મુકામે થયો. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

૧

## શ્રી ઋષભજિન સ્તવન

પઢમ જિણેસર પ્રણુત સુરેસર કેસર સમવલી દેહ,
એહ સમ સુખકર અવર કોઈ નહીં મહીયલ ગુણમણિ ગેહ;
હો સ્વામી તુંહિ સદા સુખકાર તું જગજીવ આધાર,
હો સ્વામી તુહિ સદા સુખકાર. ૧

પાર સંસાર સાગર તણો તે લહે, જે વહે શિર પ્રભુ આણ,
પાણ પાટક અન્ય દેવો તજી, ભજીલ્યો ત્રિભુવન ભાણ હો સ્વામી. ૨

જ્ઞાન પૂરણ તુજ રવિ સમ જલહલે, ખલહલે વચન પયોધિ;
બોધ લહિવા પિયે જે ભવિ શ્રુતસુધા,
તે ખુધા કરે નિજ શોધિ હો સ્વામી. ૩

યોધ જિમ મોહ રિપુ દૂર કરી તું જ્યો, થયો શિવસુંદરી કંત;
અંત નહીં જેને તેહવા સુખ લહ્યો મેં ગ્રહ્યો તું ભગવંત.
હો સ્વામી૦ ૪

સંત સુધારસ અશરીરી સાગર, જગત દિવાકર દેવ;
સેવક **ભાણુ** કહે મુનિ વાઘનો, ભવભવ તાહરી સેવ હો સ્વામી૦ ૫

---

૨

## શ્રી શાંતિજિન સ્તવન

શોલમા શાંતિજિનેશ્વરૂ હો રાજ, ચક્રી પંચમ એહહો.
મનમોહન સ્વામી.
વીનવું હું શિરનામી હો રાજ,
તું મુજ અંતરજામી હો મન૦
ઉપકારી ત્રિહું લોકના હો રાજ,
જિમજગ રવિ શશિ મેહરે. મન૦ ૧

માહરે તુમશું પ્રીતડી હો રાજ,
તું તો સદા વીતરાગ હો મન૦;
ભિન્ન સ્વભાવ તે કિમ મિલે હો રાજ,
ઈમ નહિ પ્રીતિનો લાગ હો મન૦ ૨
હું મોહે મુંઝયો ઘણું હો રાજ,
તું નિરમોહી ભદંત હો મન૦;
તું સમતા સુખસાગરૂ હો રાજ,
હું જગ મમતાવંત હો મન૦ ૩

હું જડ સંગે રંગીઓ હો રાજ,
તું ચિદાનંદ સ્વરૂપ હો મન૦;

ભવ તૃષ્ણા મુજને ઘણી હો રાજ,
તું શીતલ જગ ભૂપરે મન૦ ૪

ઈમ બિહુ ભિન્ન પણા થકી હો રાજ,
કિમ એક તાન મિલાય હો મન૦;
સ્વામી સેવક અંતરે હો રાજ,
કિમ લહું સ્વામી પસાય રે મન૦ ૫

પણ ભક્તિ નિર્મલ કરી હો રાજ,
અહનિશિ કરૂં તુમ સેવ રે મન૦;
આશ્રિત જાણી સંગ્રહો હો રાજ,
પાર ઉતારો દેવ હો મન૦ ૬

તુમ નાથે હું સનાથ છું હો રાજ,
ધન્ય ગણું અવતાર હો મન૦;
વાઘજી મુનિના **ભાણ**ને હો રાજ,
આપો શિવસુખ સાર હો મન૦ ૭

---

૩

## શ્રી નેમિનાથ સ્તવન

બાવીસમા **નેમિજિણંદા**, મુખ દીઠે પરમ આણંદા હો
જિનવર સુખ કંદા;
ભવી કુમુદ ચકોરી ચંદા, સેવે વૃંદારક વૃંદા હો. જિનવર ૧

પરમાતમ પૂરણ આનંદા, પુરૂપોત્તમ પરમ મુણિંદા હો જિ૦
જય જય જિન જગત દિણંદા; ગુણગાવે ત્રિભુવન વૃંદા હો જિ૦ ૨

ધારીમ જેત મેરૂ ગિરિંદા, ગંભીરમ શયન મુકુંદા હો જિન૦;

સદા સુપ્રસન્ન મુખ અરવિંદા, દંત છબિ ચત મસિ કુંદા હો જિન૦૩
શ્રી સમુદ્રવિજય નરિંદા, માતા શિવાદેવીના નંદા હો જિન૦
વારંતા પ્રભુ ભવ ભયફંદા, દૂરે કર્યા દુખ દંદા હો જિન૦ ૪

જેણે જિત્યા મોહ મૃગેંદા, શિવ સુખ ભોગી ચિંદાનંદા હો જિ૦
વાઘજી મુનિ શિષ્ય ભાણચંદા, ઈમ વીનવે હર્ષ અમંદા હો જિન૦૫

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

શ્રી પાર્શ્વજિનેશ્વર પરમ દયા નિધિ, દુઃખહર સુખકર સ્વામી
કુમત નિશા તિમિરાંતક દિનમણિ, શિવમંદિર વીસરામી.
અંતરજામી તું પરિણતી નિઃકામી, તેં નિજપ્રભુતા પામી ૧

તું સુખદાયક ત્રિભુવન નાયક, નત સુરનાયક વૃંદ,
મોહ મહા તસ્કર પતિ ઘાતક, જ્ઞાયક સકલ જિણંદ અંત ૨

અસુરાધમ કમઠાસુર શઠ તર, હઠભર દલન ધરટ્ટ;
જયકૃત કર્મસમૂહ વિજય જિમ, મર્દિત મદન મરદ અંતર૦ ૩

અશ્વસેન નૃપકુલ તિલકોપમ, લંછન જાસ ફણિંદા;
લબ્ધ પસાય કસાય બહુલજે, ફણિધર હુવો ધરણિંદ અંતર૦ ૪

વામા સુત અદ્‌ભુત ગુણગણ યુક્ત, ઇંદ્રિનીલ સમકાય
વાઘજી મુનિનો ભાણુ કહે પ્રભુ, કરો શિવ સુખ પસાય અંતર૦ ૫

૫

## શ્રી વીરજિન સ્તવન

**શ્રી વીરજિન** કેવલનાણી, લોકોત્તર ગુણગણ ખાણી;
જસુ પાંત્રીશ ગુણયુત વાણી, ગણધરમતિ જલધિ સમાણી.
સુહંકર દેવ એ જગદીવો, શાસનનાયક ચિરંજીવો. ૧

ધન્ય સિદ્ધારથ નૃપ વંશ, ત્રિશલા કુખે રાજહંસ;
જેહમાં નહિ પાપનો અંશ, જસ ત્રિભુવન કરે પ્રશંશ સુહં૦ ૨

જસ મૂલ અતિશય ચાર, ઉત્તર ચોત્રીશ પ્રકાર;
ત્રિભુવન સુખકારી વિહાર, સવિ ભવ્ય તણા આધાર. સુ૦ ૩

જસ નિર્મલ ભાસુર અંગ, ચામીકર સમવડ રંગ;
નિતુ તેજ પ્રતાપ અભંગ, જોતાં વાધે ઉછરંગ. સુ૦ ૪

જય ચોવીશમા જગભાણ, શિર છત્ર ધરી પ્રભુ આણ;
વાઘજી મુનિ સેવક ભાણ, લહે દિન દિન કોડી કલ્યાણ. સુ૦ ૫

[ ૧૧ ]

# શ્રી ખુશાલમુનિ

સંવત ૧૮૬૦ આસપાસ

શ્રી અખયચંદસૂરિના શિષ્ય શ્રી ખુશાલમુનિ થયા છે. તેઓની બીજી કૃતિ જાણવામાં નથી. તેઓ પ્રાયે પાયચંદ ગચ્છના હતા. તેઓનાં પાંચ સ્તવનો આ સાથે લીધાં છે.

## શ્રી ઋષભજિન સ્તવન

પ્રભુજી આદીસર અલવેસર, જિન અવધારીયે રે લો,
પ્રભુજી સુ નજર કરીને, સેવક માન વધારીયે રે લો,
પ્રભુજી તારક એહવો બિરૂદ, તુમારો છે સહીરે લો,
પ્રભુજી તિણે મનમાંહી વસિયા, ઓર ગમે નહી રે લો. ૧

પ્રભુજી મરૂદેવીના નંદન, મહેર કરીજી એ રે લો;
પ્રભુજી કરમ કસાઈ ભારી, દૂર નિવારીયેરે લો
પ્રભુજી ઓલગિયા જાણીને, સમકિત દીજીએ રે લો.
પ્રભુજી નિરમલ મુજને કરીને, પાર ઉતારિયે રે લો, ૨

પ્રભુજી મનમંદિરીયે માહરે, વહેલા આવજો રે લો,
પ્રભુજી નિજ અનુચર જાણીને, ધરમ બતાવજોરે લો,
પ્રભુજી ઇણ જગમાં ઉપગારી, ભવિને તારજો રે લો,
પ્રભુજી ધ્યેય સ્વરૂપે તું છે, ભવ ભય વારણોરે લો. ૩

પ્રભુજી અહનિશિ મુજને, નામ તુમારૂં સાંભરે રે લો,
પ્રભુજી તિમતિમ માહરો, અંતર આતમ અતિ ઠરે રે;
પ્રભુજી બહુ ગુણનો તું દરિયો, ભરિયો છે ઘણું રે લો,
પ્રભુજી તેમાંથી શું દેતાં, જાયે તુમ તણું રે લો, ૪

પ્રભુજી તુમ પદકજની, સેવા કલ્પતરૂ સમીરે લો,
પ્રભુજી મુજને આપજો તેહ, કહું પાયે નમીરે લો,
પ્રભુજી **શ્રી અખયચંદ સૂરીશ** પસાય તે સાધશું રે લો,
પ્રભુજી દુશ્મન દૂર કરીને સુખથી વાધશું રે લો, ૫

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

સકલ સુખકર સાહિબોરે, **શ્રી શાંતિ** જિનરાયરે,
ભાવ સહિત ભવિ વંદવારે, શ્રી. ઉલસિત તનમન થાય છે રે;
શ્રી. વદન અનોપમ રાજતોરે. શ્રી શાંતિ જિ૦ ૧

તે દીઠાં ભવદુઃખ જાય છે રે, શ્રી. જગગુરૂ મહિમા જાગતોરે શ્રી૦
સંપૂર્ણ સુખકંદ રે, શ્રી. ભવિજનને હિતદાય છે રે. શ્રી૦ ૨

મુજને તાહરા નામનો રે, શ્રી. પરમ રસરમતોઠામ છે રે, શ્રી૦
નિશી સૂતાં દિન જાગતાં રે, શ્રી. હિયાથી ન વેગલો થાય છે રે.શ્રી૦૩

સાંભલતાં ગુણ તાહરા રે, શ્રી. આનંદ અંગ ન માયછે રે; શ્રી૦
તું ઉપકાર ગુણે ભર્યો રે, શ્રી. અવગુણ કોય ન સમાય છે રે. શ્રી૦ ૪

મેઘરથ રાજા તણે ભવે રે, શ્રી. પારેવો ઉગારીયો રે; શ્રી૦
તિમ મુજને નિરભય કરો રે, શ્રી. સ્વામી સુપ્રસન્ન થાય છે રે. શ્રી૦ ૫

**શ્રી અખયચંદ સૂરીસરૂ** રે, શ્રી. ગુરુજી ગુણમણિ ખાણ રે; શ્રી૦
તેહના ચરણ પસાયથીરે, શ્રી. **ખુશાલ મુનિ** ગુણ ગાય છે રે. શ્રી૦ ૬

---

३

## श्री नेमनाथ स्तवन

શિવાદેવી સુત સુંદરૂ વાહલો નેમ જિણંદરાજ, રાજુલ નારીનો સાહિબો,
યદુવંશી શિર સેહરો, સમુદ્રવિજય કુલચંદરાજ. રાજુલ૦ ૧
મ્હોટો ઉત્સવે **શ્રીકૃષ્ણજી** તેહનો વિવાહ કરવા રાજ. રાજુલ૦
તેડી જોરાવરી આણીયા; ઉગ્રસેન પુત્રી વરવા રાજ રાજુલ૦ ૨
વિણ પરણે જે પાછો વલ્યો, તોરણેથી રથ ફેરવી રાજ રાજુલ૦
તે શું કારણ જાણીએ, પશુની વાત ઉદેરી રાજ રાજુલ૦ ૩
હલધર કાન્હા આડા ફરી, બાંધવ ઇમ નવી કીજે રાજ રાજુલ
છોકરવાદ શાણા થઇ, કરતાં લજ્જા છીજે રાજ રાજુલ૦ ૪
ઉભો ઉગ્રસેન વિનવે, વહેલા મહેલ પધારો રાજ રાજુધ૦
માન વધારો મ્હોટો કરો, અવગુણ કોન વિચારો રાજ રાજુલ૦ ૫
કોઈનું વચન ન માન્યું, દુલહન રોતી મૂકી રાજ રાજુલ૦
રૈવત ચઢી શિવને વર્યા, રાજુલ પણ નવિ ચૂકી રાજ રાજુલ ૬
હક હક હાણ ઇણે કરી, જે બીજે નવિ થાયે રાજ રાજુલ૦
**શ્રી અખયચંદ્રસૂરીશનો;** ખુશાલમુનિ ગુણ ગાયે રાજ રાજુલ૦ ૬

४

## श्री पार्श्वनाथ स्तवन

પુરિસાદાણી પાસજી અવધારો મુજ અરદાસરે;
પ્રભુ સેવા શું મન ઘણું,
અહનિશિ હિયડામેં વસ્યા રહી, કુસુમે જેમ સુવાસરે. પ્રભુ૦ ૧

પરમ પુરૂષ શું પ્રીતડી. કરતાં આતમસુખ થાયે રે; પ્રભુ૦
કામી ક્રોધી લાલચી, નયણે દીઠા ન સુહાય રે. પ્રભુ૦ ૨

આઠ પહોર ચોસઠ ઘડી, સંભારૂં તાહરૂં નામરે; પ્રભુ૦
ચિત્તથી ન કરૂં વેગલો, બીજું નહિ માહરે, કામરે. પ્રભુ૦ ૩

અવની ઇછિત પૂરવે, સહુ સેવકનો મહારાયરે; પ્રભુ૦
મહેર કરી જે સાહિબા, દીજે વંછિત સુપસાયરે. પ્રભુ૦ ૪

અવિનાશી અરિહંતજી, વામા નંદન દેવરે; પ્રભુ૦
**શ્રી અખયચંદસૂરીશનો**, શિષ્ય ખુશાલ કરે તુજ સેવરે. પ્રભુ૦ ૫

---

૫

## શ્રી વીરજિનસ્તવન

જિન માહરા રે **શ્રી મહાવીરજી** રે જિનપતિ ચોવીસમારે,
જિન માહરા રે શાસનનાયક દક્ષિણ ભરતમાં રે,
જિન માહરા રે કરમ ખપાવી પહોંચ્યા શિવમંદિરે રે,
જિન માહરા રે વીરજી વિના શાસન સંભાલ કુણ કરે રે, ૧

જિન માહરા રે અતિશય ધારી નહિ હમણાં ઈણ જગ રે
જિન માહરા રે વીરજી વિના રે દીઠાં ચિત્ત ઠરે રે;
જિન માહરાં રે દુર્લભ બોધી રે પ્રાણી ભૂલ્યા ભમે રે
જિન માહરા રે વીરજી વિનારે સંશય કોણ હરે ૨

જિન માહરા રે ઈણ પંચમ આરે વિરહો જિન તણો
જિન માહરા રે દુર્ગતિ માંહેરે પડતાં કુણ ઉદ્ધરે રે,
જિન માહરા રે કુમતિ કુતીર્થના રે થાપક છે ઘણા રે,
જિન માહરા રે વીરજી વિના રે તે બીજાથી નવિ ડરે રે ૩

જિન માહરા રે મુગતિપુરીનો મારગ વસમો થયો રે,
જિન માહરા રે વીરજી વિના રે કોણ તેહને સુખ કરે રે,
જિન માહરા યે ધરમ તણો રે નાયક દૂરે રહ્યો રે,
જિન માહરા રે ભવિજન તેહને રે નામે ભવજલ તરે રે. ૪

જિન માહરા રે ત્રિશલા દેવીનો રે નંદન સાહિબો રે,
જિન માહરા રે મુજશું રે હવે મહેર કર્યા વિણ નહિ રહે રે,
જિન માહરા રે શ્રી અખયચંદસૂરીશ સુગુરૂની સેવના રે,
જિન માહરા રે ખુશાલમુનિ તેહને સુપસાથે સુખ લહે રે, ૫

[ ૧૨ ]

# શ્રી ચતુરવિજયજી

સંવંત ૧૮૯૦ આસપાસ

શ્રી તપગચ્છમાં શ્રી નવલવિજયના શિષ્ય શ્રી ચતુરવિજયજી થયા છે.

આ મુનિરાજે ચોવીસીની રચના સુંદર અને સરળ ભાષામાં બનાવી છે. તેઓશ્રીની બીજી કૃતિઓમાં—

૧ કુમતિવારક સુમતિ ને ઊપદેશ સંવત ૧૮૭૮માં સિદ્ધપુરમાં બનાવી છે.
૨ બીજનું સ્તવન ,, ,,

તેમનાં પાંચ સ્તવનો તથા કુમતિવારક સ્તવનની એક કડી તથા બીજના સ્તવનની એક કડી તથા કલશ લીધા છે.

૧

## શ્રી આદિજન સ્તવન

( મહાવિદેહ ક્ષેત્ર સોહામણું – એ દેશી )

જગતગુરૂ જિન માહરો, જગદીપક જિનરાય લાલ રે;
શાંતિ સુધારસ ધ્યાનમાં, આતમ અનુભવ આય લાલરે. જગ૦ ૧
ચિત્ત પ્રસન્નતા દઢથી, ક્રીડતિ ખેલાખેલ લાલ રે;
તે દ્રગ દ્રગ તે જ્ઞાનથી, વધતી વેલ કલોલ લાલ રે. જગ૦ ૨
પ્રભાવિક પાંચે ભલા, અવર ન એકાએક લાલ રે;
ષટ્ દ્રવ્ય દ્રવ્યે કર્યા, દેખત શોભાદેખ લાલ રે. જગ૦ ૩

તે તુજ દરિસણ જાણીએ, આણીએ ચિત્તઆણંદ લાલ રે;
વીહસિત વદનકમળ મુદા, જિમ સુરતરુ સુખકંદ લાલ રે. જગ૦ ૪

ઈમ ગુણ જિનજી તાહરા, માહરા ચિત્તમાં આય લાલ રે;
**નવલવિજય** જિનધ્યાનથી, ચતુરાનંદ પદ પાય લાલ રે. જગ૦ ૫

---

૨

## શાંતિનાથ જિન સ્તવન

શાંતિ હો જિન શાંતિ કરો **શાંતિનાથ**; આચિરા હો જિન
અચિરાનંદન વંદનાજી
કેવલ હો પ્રભુ કેવળ લહીયે દીદાર, ભાગીહો જિન ભાગી
ભાવઠ ભંજનાજી ૧

પ્રગટી હો જિન પ્રગટી રિદ્ધિ નિદાન, માહરે હો જિન
માહરે જસ સુરતરૂ ફલ્યોજી;
તોરણ હો જિન તોરણ બાંધ્યા બાર, અભય હો જિન
અભય દાનદાતા મલ્યોજી. ૨

દાયક હો જિમ દાયક દીન દયાલ, જેહને હો જિન જેહને
બોલે હુએ મુદાજી;
જિનની હો જિન જિનની વાણી મુજ, પ્યારી હો જિન પ્યારી
લાગે તે સદાજી. ૩

ઉદયો હોજિન ઉદયો જ્ઞાનદિણંદ; ધાઠો હો જિન ધાઠો અશુભ
દિન વલ્યોજી;
મલીઓ હો જિન મલીયો ઇષ્ટ સંયોગ, સુંદર હો જિન
સુંદરલા તન મન ભલ્યોજી. ૪

સાખી હો જિન સાખી ઈંદ નરિંદ, અવર હો જિન અવર
અનુભવ આતમાજી;
પ્રેમે હો જિન પ્રેમે ચતુર સુજાણ, ગાયા હો જિન
ગાયા ગુણ એ તાતનાજી, ૫

---

૩

## શ્રી નેમનાથ સ્તવન

॥ દેશી ભટીયાણીની ॥

વીનતડી અવધારો હોજી, પધારો વહાલા નેમજી, અરજ સુણો
મુજ દેવ;
તુમે છો જગના તારૂ હો ભવ બારૂ મોહન માહરૂ,
અહનિશ કરસ્યાં સેવ. વી૦ ૧

જાદવ કુલના ધારી હો. અધિકારી સુરત તાહરી, સુરતમોહનવેલ;
દેખત દિલડું હરખે હો અતિ નિરખે વરસે મેહૂલો
અષાડો ગજ ગેલ. વી૦ ૨

દીસો છો જગન્યારા હો દિલ પ્યારા વાર્યા નવિ રહો,
કિમ કરી દાખવું પ્રીત;
જિમ જુઓ કેતકી વનમાં હો વલી દિલમેં મનને
ભમર જ્યું, ઈમ અમ કુલવટ રીત. વી૦ ૩

સમુદ્રવિજય સુત ઈંદા હો શિવાનંદા હંદા સાહિબા,
નયણ રહ્યાં લોભાય
તુમે મુજ અંતરજામી હો શિવગામી સ્વામી મારા,
સુગુણનિધિ કહેવાય. વીન૦ ૪

પશુની કરૂણા પેખી હો ઉવેખી દેખી નવિ રહ્યા,
આણી રૂદય વિચાર;
મન માચ્યા તિહાં રાચ્યા સવિ આશા મુજ મનમાં રહી,
કુણ ઘર એહ આચાર. વીન૦ ૫

મેં જાણ્યું તુમે રાગી હો સૌભાગી ત્યાગી પ્રેમના,
પુન્ય તણા અંકુર;
મુજ મંદિરીયે આવો હો દિલ લાવો ન આવો કિમ નહિ,
જિમધર હિયે હજૂર. વીન૦ ૬

દીજે સાહિબ સેવા હો સુખ મેવા દેવા હેજથી,
અષ્ટકરમ મદ મોડ;
ચતુરવિજય ચિત્ત ધરવા હો સુખ કરવા વરવા નેમને,
સુંદર બે કર જોડ. વીન૦ ૭

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

( પદમણ પાણીડાં સંચરી મારૂજી વાવખોદાવ ) એ દેશી

નયરી વણારસી સાહિબો, પ્રભુજી પાર્શ્વજિણંદ;
જગદાનંદન ચંદ જગત ગુરૂ,
રાજતો ભવિજન નયણાનંદ. ૧

કામિત પૂરણ સુરતરૂ, પ્રભુજી પરમ આધાર;
દુઃખ દાવાનલ વાર જગત ગુરૂ,
તું જયો સજલ દલ (જલદ) સુખકાર. ૨

તુજ દરિશણ રૂચિ રાગથી, પ્રભુજી પરમ કૃપાલ;
પામું ગ્યાનરસાલ જગત ગુરૂ,
સેવતાં ચારિત્રગુણ સુવિશાલ. ૩

મુખ મટકે જગવશ કર્યો, પ્રભુજી પરમ પુનીત;
વામાદેવી સુત પ્રીત જગત ગુરૂ,
મ્હારો અશ્વસેન સુવિનીત. ૪

અતીત અનાગત જિનપતિ, પ્રભુજી જે વર્તમાન,
તુજ વંદન ગુણ ગ્યાન જગત ગુરૂ,
તે સવે પ્રણમું પરમનિધાન. ૫

ગણધર મુનિવર પ્રમુખ જે, આદ્ય અંત પરિવાર;
તે વંદુ સુવિચાર જગતગુરૂ ધ્યાઇયે,
ફણિપતિ લંછન સાર. ૬

પાર્શ્વ પ્રભુખ જે યક્ષ છે, પ્રભુ તીરથ રખવાલ;
દીજે દીનદયાલ જગતગુરૂ,
**ચતુરને** ચરણની સેવા રસાલ. ૭

---

૫

## શ્રી મહાવીર સ્તવન

(પદ્મપ્રભુજીના નામને—એ દેશી

**શાસનપતિ વંદના, હોજો વાર હજાર હો સાહેબ;
ગંગાજલમાં જે રમ્યા, તે કિમ છીલર છાર હો સાહેબ ૧**

**જાઇજુઇજસ સેવતા, માલતી મોગર માલ હો સાહેબ;
ચંપક ગુલાબની વાસના, તે આઉલે કરે કિમ આલ હો સાહેબ ૨**

સતીય અવરઈ છે નહી નરભોગી ભરતાર હો સાહેબ;
અવર કદાગ્રહી આતમા, તાર તાર મુઝ તાર હો સાહેબ ૩
મૃગ મદ ઘન જિમ વાસના, વાસિત બોધ અગાધ હો સાહેબ;
મૃગપતિ જે જસ સેવના, દૂર ગયાં દુઃખદંધ હો સાહેબ ૪
નિર્યામીકસથ સાહેબા, આલિંબન તુજ લીધ હો સાહેબ;
ભવિજન મન જિન તું વસ્યો, **ત્રિસલાનંદન** રીધ હો સાહેબ ૫
એ રીધ એ સિધ તાહરી, પામી પરમાણંદ હો સાહેબ;
અજ્ઞાન તિમિરતા ભયહરૂ, પ્રગટયો જ્ઞાનદિણંદ હો સાહેબ ૬
સૂરિપ્રતાપે રાજ્યમાં, ગુણયલ જિન ગુણગાય હો સાહેબ;
**ચતુરવિજય** જિનનામથી દિન દિન દોલત થાય હો સાહેબ ૭

૬

## કુમતિ વારક સ્તવવની આદિઅંત નીચે મુજબ છે

(કુમતિ કાં પ્રતિમા ઉથાપી એ દેશી)

આદિ સુધો મારગ જિનવર ભાખે, **સાશ્વતી પડીમા** જેહ,
ઊર્ધ્વ અધો ત્રીછે લોકે દોય, કોડી પનરસત તેહેરે,
લોકો ભોલવીયા મતભુલો,

બીજના સ્તવનની **આદિ**

૭

સરસ વચનરસ વરસતી, સરસતીકલા ભંડાર
બીજતણો મહિમા કહું, જિન કહ્યો શાસ્ત્રવિચાર

**કલશ**

ઈમવીરજીનવર સયલ સુખકર, ગાઇયો અતિ ઊલટભેર,
આષાડ ઉજલ દસમી દીન, સંવત **૧૮૭૯** તરે,
બીજ મહિમા એહ વર્ણવ્યો, રહી સીધ્ધપુર ચોમાસુએ,
જે ભવીક પ્રાણીભણે ગુણે, તસઘર લીલવિલાસએ,

૧૩

# શ્રી જ્ઞાનસારજી

ચોવીસી રચના ૧૮૭૫

આ મુનિવરનો જન્મ સંવત ૧૮૦૧માં થયો. તેઓના પિતાશ્રીનું નામ ઊદયચંદ તથા માતાનું નામ જીવણદેવી હતું. જન્મસ્થાન જૈણલેવાસ (બિકાનેર) હતું. તેઓશ્રીનું નામ નારાયણ હતું. તેઓશ્રીની દિક્ષા સં. ૧૮૨૧માં પાદરૂ ગામમાં માહા સુદિ ૮ને દિવસે આચાર્યશ્રી જિનલાભસૂરિના હાથે થઇ. અને શ્રી જ્ઞાનસાર નામ રાખ્યું તેઓશ્રી મસ્ત કવિ તરીકે ગણાતા અને અધ્યાત્મજ્ઞાની હતા. તેઓશ્રીએ **શ્રીમદ્ દેવચંદ્રજીની અધ્યાત્મગીતા** પર બાલાવબોધ કર્યો છે; તેમ જ સમર્થયોગી અધ્યાત્મજ્ઞાની શ્રીમદ્ **આનંદઘનજીના** સ્તવનો પર પણ બાલાવબોધ કર્યો છે. જે માટે તેઓશ્રીએ જણાવ્યું છે કે સં. ૧૮૨૯થી શ્રી આનંદ ઘનજીના સ્તવનો પર મનન ચિંતન કરતાં કરતાં છેવટે સં. ૧૮૬૬માં ભાદરવા સુદ ૧૪ને દીવસે સંપૂર્ણ બાલાવબોધ કર્યો. બિકાનેર નરેશ **શ્રી સુરનસિંહજી**, તથા જયપુર નરેશ શ્રી **પ્રતાપસિંહજી** તેમના પરમ ભક્ત હતા. તેઓની કાવ્ય રચના પ્રાયે હિંદીમાં થઇ છે. તેઓશ્રીએ શ્રી **ગોડીપાર્શ્વનાથના** સ્તવનમાં જણાવે છે કે—

સાડી બુદ્ધ નાડી સબ કહિ હૈ, **અસિય** જિસિ લોકોકિત કહી,
મૈં તો અડાણું ઊપર ઝોરું, મો મેં બુદ્ધિ કહી કહાં તે રહી,
**ગૌડીરાય** કહો બડી બેર ભઇ

કહેવાય છે કે તેઓશ્રીને પાર્શ્વયક્ષ પ્રત્યક્ષ થતા હતા અને વારંવાર દર્શન આપતા.

જે મહાપુરુષને **શ્રી આનંદઘનજી**ના સ્તવનોની ધૂન તથા લગની **સાડત્રીસ વર્ષ** સુધી એકસરખી કરી હતી તેવા અધ્યાત્મજ્ઞાની શ્રી જ્ઞાનસારજીએ શ્રી કૃષ્ણ ગઢમાં શ્રી ચિંતામણ પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો ને ધ્વજા દંડનો સમારંભ મોટો થયો હતો.

તેઓશ્રી પાછલી અવસ્થામાં બિકાનેરમાં રહેતા હતા. શ્રી આનંદઘન ચોવીસી બાલાવબોધમાં અન્તે લખે છે કે.

કિ. વૈ. ૫૦ જ્ઞાનસાર પ્રથમ ભટ્ટારક ખરતરગચ્છ સંપ્રદાયી શુદ્ધ-વચોન્મુજિમૈ સર્વ ગચ્છ પરંપરા સંબંધી હઠવાદ સ્વેચ્છાયે મુકી એકાકી વિહારીયે કૃષ્ણગઢે સં. ૧૮૬૬ બાવીસોનું અર્થ લિખ્યું." આવી રીતે શ્રી દેવચંદ્રજી કૃત સાધુપદ સઝાયના બાલાવબોધમાં અંતે લખે છે કે.

'હું મહાનિર્બુદ્ધિ કો વજડા છું જૈન એ જિન્દો છું મ્હારો માજણો અતિ અલ્પ છે, સઝાય કર્તાનો માજણો મોટો છે.

આ ઉપરથી તેઓ કેટલા નિરાભીમાની હતા એ સમજાશે તેઓશ્રી ઊપનામથી "નારાયણબાબા" તરીકે જાણતા હતા.

તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૮૯૯ માં અઠાણું વર્ષની ઊમરે થયો હતો તેમની ચરણપાદુકા વર્તમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરની પાછળ છે જ્યાં અગ્નિ સંસ્કાર થયો હતો

આ સાથે તેઓના પાંચ સ્તવનો તથા કલશ આપવામાં આવ્યો છે.

## તેઓની સાહિત્ય રચના

| | |
|---|---|
| ૧ શ્રી આનંદઘન બહુત્તરી | ૪ દંડક ભાષાગર્ભિત સ્તવન ૧૮૬૧ જયપુર |
| ૨ શ્રી સંબોધ અષ્ટોતરી ૧૮૫૮ ૧૦૮ દુહા | ૫ જિન પ્રતિમા સ્થાપિત ગ્રંથ ૧૮૭૪ |
| ૩ આત્મા નિંદા સં. ૧૮૭૦ | |

૬ હેમ દંડક સં. ૧૮૬૨
૭ શ્રી અધ્યાત્મ ગીતા બાલાવબોધ
૮ બાસઠ માર્ગણા યંત્ર રચના ૧૮૬૨
૯ ભાવ છત્રીસી સં. ૧૮૬૫
૧૦ આત્મ પ્રબોધ છત્રીસી
૧૧ નવ પદપુજા ૧૮૭૧
૧૨ માલાપિંગલ સં. ૧૮૭૬
૧૩ ૪૭ બોલગર્ભિતચોવીશી સં. ૧૮૭૮
૧૪ પ્રસ્તાવિક અષ્ટોત્તરી ૧૮૮૦
૧૫ શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન ૧૮૯૯

---

૧

## શ્રી ઋષભ જિન સ્તવન

**ઋષભ જિણંદા** આનંદ કંદ કંદા,
ચાહીં તૈં ચરણ સેવે કોટિ સુરઇંદા ઋષ૦ ૧

મરૂદેવા નાભિનંદ, અનુભૌ ચકોર ચંદ;
આપ રૂપ કૌ સરૂપ, કોટિ જ્યું દિણંદા. ઋષ૦ ૨

શિવશક્તિ ન ચાહું ચાહું ન ગોવિન્દા;
**જ્ઞાનસાર** ભક્તિ ચાહું, મૈં હું તેરા બન્દા ઋષ૦ ૩

---

૨

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

**જબ સબ જનમ ગયૌ તબ ચૈત્યૌ,**
પાછલ વુહી પીઠે લાગે, ચેત્યૌ સોહી નચેત્યો, જબ સબ૦ ૧

શબ્દ રૂપ રસ ગંધ ફરસમૈં, અજ હું રહિત અચેત્યૌ;
સંવર કરણી સુણતાં સિરકે, આશ્રવ માંહી અગેત્યૌ. જબ૦ ૨

સંયમ માર્ગ પ્રવર્તન સમયે, આતમ રહિત પછેત્યૌ;
**શાંતિ** જિનેસર **જ્ઞાનસાર** કૌ, મન કબહું નહિ જેત્યૌ. જબ૦ ૩

૩

## શ્રી નેમિજિનસ્તવન

ઐસે વસંત લખાયૌ, નેમિજિન ઐસૌ વંસત લખાયૌ;
ધરમધ્યાંન સિઘરીકા તાવૈ, મિથ્યા સીત ઘટાયૌ.
કિંચિત સીત રહ્યૌ ભવથિતકૌ, યાનૈં માંગણુ આયૌ ઐ. ૧
શુકલધ્યાંન ગુદરી બગસૈંવિન કૈસે સીત ન જાવૈ;
ઠંડ ઘટયાં વિનપાંચું ઈંદ્રી, મનગરમી નહિ પાવૈ. ઐ. ૨
વિનગરમી વિન હાથ પૈરસું, શાધુ ક્રિયા કિમકીજૈ;
સાધુ ક્રિયા વિન જ્ઞાનસારગુન, સિવસંપદ કિમ લીજૈ. ઐ. ૩

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

પાસજિન તૂં હૈ જગ ઉપકારી તૂં હૈ.
જગ ઉપગારી બિરૂદ ધારકૈ, લીજે ખબર હમારી, પાસ૦ ૧
જગવાસી મૈં જો મોહી રાખો, તો મોકું હી તારો;
બિરૂદૈ ધારૌ જો નહિ તારો, મોહિ કરનકૌ સારૌ. પાસ૦ ૨
પતિત ઉધારન બિરૂદ તિહારૌ, વાકૂં કયું વિસરી જૈ;
જ્ઞાનસારકી અરજ સુણીજૈ, ચરણ સરણ રાખીજૈ. પાસ૦ ૩

---

## શ્રી વીર જિનસ્તવન.

વીતરાગ કિમ કહિ પ્રવમાંન, વીત૦
સમ વિસમી વિન સમતા રાખૈ,
હીનાધિકનૌ સ્યૌ અભિધાન. વી૦ ૧

પ્રતક્ષ ઋદ્ધાદિક દેખી, પરષદ મૈ આપૈ સનમાંન;
અયમત્તૌ જલક્રીડા કરતૌ; તાર્યૌ સીસ વિનીતૌ માંન. વી૦ ૨
ગોસાલૈ નૈ અવિનીતૌ લખ, અસંખ ભવે દીધૌ સિવથાંન;
જ્ઞાનસાર નૈ હજિય ન આપૈ, દો દીઉં, દે ખે ન સનમાંન. વી૦ ૩

---

### કલશ

ગોડેચાજી નૈં મુહિ સુધિ બુદ્ધિ દીધી;
તુમ્હ સહાયૈ બુદ્ધિ પંગરથી, જિન ગુણ નગ ગતિ કીધી. ગો૦ ૧
અક્ષર ઘટના સ્વપદ લાટની, ભાવ વેધ રસ નીધિ.
અંધ બધિર આસય નહી સમજું, શ્રી શ્રુત ઊંધી સીધી. ગો૦ ૨
કાલાવાલા સહૂથી કરનૈ, ભક્તિ વૃત્તિ રસ પીધી,
સુમતિ સમય તિમ પ્રવચન માતા, સિદ્ધિ વામગતિ લીધી. ગો૦ ૩
વડ ખરતર ગચ્છ રતનરાજગણિ. જ્ઞાનસાર ગુણ વેધી,
વિક્રમપુર માગસર સુદ પુનમ, ચૌવીસું સ્તુતિ કીધી. ગો૦ ૪

---

## સાથીઆ કરતી વખતે બોલવાના દુહા

ચિહુગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાલ;
અષ્ટકર્મ નિવારવા, માંગું મોક્ષ ફલ સાર—૧
અક્ષત પૂજા કરતાં થકાં, સફલ કરૂં અવતાર;
ફલ માગું પ્રભુ આગળે, તારતાર મુજ તાર—૨
દર્શન જ્ઞાન ચારિત્રના, આરા ધનથી સાર;
શિદ્ધ શિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર—૩

---

## કવિરાજ બહાદુર પંન્યાસ શ્રી દીપવિજયજી

**શ્રી ઋષભદેવ સ્તવનમાં શ્રી સમોસરણનું આબેહુબ ચિત્ર ખડું કર્યું છે.**

શ્રી વિજય આણસુર ગચ્છના શ્રી પં. પ્રેમ વિજયગણિના શિષ્ય પં. શ્રી રત્નવિજયજીગણિના શિષ્ય પં. કવિરાજ દીપવિજયજી થયા છે.

ઓગણીસમી સદિમાં થઈ ગએલા આ કવિ બહાદુરની જન્મ સંવત મલતો નથી. તેઓને ગાયકવાડ નરેશે કવિ બહાદુરનું બિરૂદ આપ્યું હતું. તેઓ શ્રી સોહમકુલપટ્ટાવલિરાસ જે સંવત ૧૮૭૭માં સુરતમાં બનાવ્યો હતો તે ખરેખર એક સુંદર ઐતિહાસિક રાસ છે તે રાસ પૂર્ણ કરતાં નીચે મુજબ લખે છે.

"ઇતિ શ્રી પ્રાગવાટ (પોરવાડ) જ્ઞાતિય સા કલા શ્રીપત કુલોત્પન્ન શાહ અનોપચંદ વ્રજલાલ આગ્રહાત્ શ્રી વિજયઆણંદસૂરિગછે. સકલ પંડિત પ્રવર પં. પ્રેમવિજય ગ. પં. રત્નવિજયગણિના શિષ્ય પં. દીપ-વિજય કવિરાજ બહાદુરેણ વિરચિતાયા શ્રી સોહમ કુલ રત્ન પટ્ટવલી રાસ...

એજ વરસમાં તેઓશ્રીએ બનાવેલી પાંચ ગજ્જલ વિષે નીચે મુજબ ઉલ્લેખ લખ્યો છે.

"ઇતિ શ્રી પં. દીપવિજય કવિરાજ બહાદરેણ વિરચિતાયા સૂરતકી ગજ્જલ **સૂરતકી** ગજ્જલ ૮૩ ગાથાકી, **ખંભાતકી** ગજ્જલ ૧૦૩ ગાથાકી, **જંબુસરકી** ગજ્જલ ૮૫ ગાથાકી **ઉદેપુરકી** ગજ્જલ ૧૨૭ ગાથાકી ગજ્જલ એ પાંચ ગજ્જલ બનાઇ હે સં. ૧૮૭૭ શાકે ૧૭૪૨ પ્રવર્તમાને માગસિર શુદ ૫ રવિવાસરે લિ. પં. દીપ-વિજય કવિરાજ બહાદરેણ.

આ સિવાય બીજા સ્તવનો પૂજાઓ તથા છંદો રચ્યા છે. તેઓની વર્ણન શક્તિ ઘણી સુંદર તથા આલ્હાદક છે. આ સાથે તેઓશ્રીનું રૂખભદેવ સ્તવન તથા સોહમકુલપટ્ટાવલીની પ્રશસ્તિ તથા શ્રી માણિભદ્ર-છંદનો કલશ મલી કુલે ત્રણ કાવ્યો આપ્યા છે.

[ ૭૩ ]

## સાહિત્ય રચના

૧ વટપ્રદીપ ગઝળ ગ્રંથ રચના સં. ૧૮૫૨
૨ રોહિણી સ્તવન સં. ૧૮૫૯ ખંભાત
૩ કેશરીઆજી લાવણી સં. ૧૮૭૫
૪ શ્રી સુરતકી ગઝલ સં. ૧૮૭૭ હિંદી ગાથા ૮૩
૫ શ્રી રૂષભદેવ સ્તવન સં. ૧૮૮૦
૬ સોહમ કુળપટ્ટાવલી રાસ ૧૮૭૭ સુરત
૭ શ્રી પાર્શ્વનાથના પાંચ વધાવા ૧૮૭૯
૮ શ્રી કાવી તીર્થ વર્ણન ૧૮૮૬
૯ અડસઠ (૪૫) આગમ અષ્ટ પ્રકારી પુજા ૧૮૮૬ જંબુસર
૧૦ શ્રી નંદીસર મહોત્સવ પુજા ૧૮૭૯ સુરત
૧૧ શ્રી ખંભાતકી ગઝલ ગાથા ૮૩, ૧૮૭૭
૧૨ જંબુસરકી ગઝલ ગાથા ૮૫, ૧૮૭૭
૧૩ ઉદેપુરકી ગઝલ ગાથા ૧૨૭. ૧૮૭૭
૧૪ શ્રીમાણિભદ્રછંદ
૧૫ શ્રી મહાવીર પંચકલ્યાણકના વધાવા.
૧૬ શ્રી ચંદનો ગુણાવલી પર કાગળ. ૩૨ કડી

---

૧

## શ્રી રૂષભદેવ સ્તવન

### રચના સંવત ૧૮૮૦

ભરતજી કહે સુણો માવડી, પગટયા નિધાનરે;
નિતનિત દેતાં ઓલંભડા, હવે જુઓ પુત્રના માનરે.
રૂષભની શોભા હું શી કહું (૧)

અઢાર કોડા કોડી સાગરે, વસીયો નયર અનુપ રે;
ચાર જોયણનું માન છે, ચાલો જોવાને રુપ રે. રૂ. ૨

પહેલો રૂપાનો કોટ છે, કાંગરા કંચન સાજરે;
બીજો કનકનો કોટ છે, કાંગરા રત્ન સમાન રે. રૂ. ૩

ત્રીજો રતનનો કોટ છે, કાંગરા મણિમય જાણુ રે;
તેમાં મધ્ય સિંહાસને. હુકમ કરે પ્રમાણ રે. રૂ. ૪

પૂરવ દિશાની સંખ્યા સુણો, પગથીઆ વીસ હજાર રે;
એણી પરે ગણતાં ચારે દિશા, પગથીઆ એંસી હજાર રે. રૂ. ૫

શિર પર ત્રણછત્ર જલહળે, તેહથી ત્રિભુવનરાય રે;
ત્રણ ભુવનનો બાદશાહ, કેવલ જ્ઞાન સોહાય રે. રૂ. ૬

વીસ, બત્રીસ, દસ, સુરપતિ, વળી દોય ચંદ્રને સૂર્ય રે;
દોય કરજોડી ઊભા ખડા, તુમસુત રૂષભ હજુર રે. રૂ. ૭

ચામર જોડી ચોવીસ છે, ભામંડળ ઝળકંત રે;
ગાજે ગગને દુંદુભિ, ફુલ પગરવ સંત રે. રૂ. ૮

બાર ગુણો પ્રભુ દેહથી, અશોકવૃક્ષ શ્રીકાર રે;
મેઘ સમાણી દે-દેશના, અમૃતવાણી જયકાર રે. રૂ. ૯

પ્રાતિહારજ આઠથી, તુમ સુત દીપે દેદાર રે;
ચાલો જોવાને માવડી, ગયવર ખંધે અસવાર રે. રૂ. ૧૦

દૂરથી રે વાજાં સાંભળી, જોતાં હરખ ન માય રે;
હરખના આંસુથી ફાટીયાં, પડલ તે દૂર પલાય રે. રૂ. ૧૧

ગયવર ખંધેથી દેખીયો, નિરૂપમ પુત્ર દેદાર રે;
આદર દીધો નહીં માયને, માય મનખેદ અપાર રે. રૂ. ૧૨

કેના છોરૂ ને માવડી, એ તો છે વિતરાગ રે;
એણિ પરે ભાવના ભાવતા, કેવલ પામ્યાં મહાભાગ રે. રૂ. ૧૩

ગયવર ખંધે મુક્તે ગયાં, અંતગડ કેવલી એહ રે;
વંદો પુત્ર ને માવડી, આણી અધિક સ્નેહ રે. રૂ. ૧૪

રૂષભની શોભા મેં વર્ણવી, સમકિત પુર મોઝાર રે;
સિદ્ધિગિરિ માહાતમ્ય સાંભળો, સંઘને જય જયકાર રે. રૂ. ૧૫

સંવત અઢાર એંસીએ, માગસર માસ સોહાય રે;
દીપવિજય કવિ રાયનો, મંગલમાળ સોહાય રે. રૂ ૧૬

---

## સોહમકુલ પટ્ટાવલી રાસ. ૧૮૭૭ સુરત

રાગ ધન્યાશ્રી)

તુઠો તુઠો રે સાહેબ જગનો તુઠો
તુઠો તુઠો રે મુઝ અનુભવ સાહિબ તુઠો
સોહમ કુલનો રાસ કરંતાં, જ્ઞાન અમૃતરસ વુઠો રે....
મુજ સાહેબ અનુભવ તૂઠો રે,

દોય હજારને ચાર સૂરીસર પહેલા ઊદયમેં વીસ,
બીજા ઉદયમેં ત્રેવીસ સૂરી, ત્રીજે અઠાંણુ જગીસ રે મુ. (૨)

તે અઠાંણુમે સંપ્રતિ વંદો, એકાદસમો સૂરી,
સરવાલે ચોપન સૂરી પ્રગટયા, એકાવતારી સનૂર રે,.... (૩)

સુરત બંદિર સેહેર નિવાસી, પોરવાડ કૂલ સણગાર,
કલાશ્રીપત શ્રાવક જિનધર્મિ, પ્રભુ આણાં સિરધારી રે,.... (૪)

સાહ વધુ સુત વ્રજલાલ સાહજી, તસ સુત જિન ગુણ ધારી,
અનોપચંદ સાહ આગ્રહથી કીધો, એહ પ્રબંધ વિચારી રે, (૫)
મુનિસુંદર સૂરિ કૃત પટ્ટાવલી, ધરમ સાગર ઉવઝાય,
દુપ્પસહ યંત્ર દેવેન્દ્ર સૂરી કૃત, પ્રભાવક ચરિત્ર કહાય રે, (૬)
કલ્પસૂત્ર થેરાવળી દેખો, પરંપરાગત જાંણુ,
ગુરૂમુખ બહુ પંડિત જન સુણિયા, પ્રાચીન સૂરી વખાણ રે, (૭)
ચ્યાર ગ્રંથ અનુસારે કીધો, એહ પ્રબંધ સવાઈ,
સોહમકુલ પટ્ટાવલી ગાતાં, મંગલ ગીત વધાઈ રે. (૮)
એકેંદ્રિયાદિ પંચેન્દ્રિયદુહવ્યા હાસ્ય તણે રસ જાંણુ,
જ્ઞાન-દેવ દ્રવ્ય ભક્ષણ કીધો; ભાગ્યાં વ્રત પચક્ખાણ રે (૯)
ગુણી આચારજ વાચક મુનિના અવર્ણવાદ કહાયા,
શ્રાવક શ્રાવિકા જિન ધર્મિ તેહના મર્મ બતાયા રે, (૧૦)
નહી અણુવ્રત નહી મહાવ્રત મોંમે, નહી ગુણ શીલ સંતોષ રે;
થાનક પાપ અઢારે સેવ્યાં, આતમ કીધો પોસ રે, (૧૧)
જિન આગમ પ્રરૂપણ કરતા નિજ મતિ અધિક સુનાયા રે,
ઉત્સુત્ર ભાષણ પાતિકમોટો, જાણીને હઠ લ્યાયા રે. (૧૨)
કવેસર બિરુદ ધરાવી જગમે; બહુ નૃપ સસ વખાણ્યા,
ભુજબલ ફોજ સંગ્રામ વખાણ્યા, આતમદોષ ન જાણ્યાં રે (૧૩)
મેં આ ભવમેં તપ નહી કીધાં, નહી વ્રત નહી પચક્ખાણ
મુનિ મારગની નહી આચરણાં, નહી કાંઈ સુકૃત કમાણી રે.... (૧૪)
આતમ તારણ દોષ નિવારણ શ્રી સોહમકુલ ગાયો,
જીભ પવિત્ર કરિ સૂરિ સ્તવનાથી, ભવ ભવ સુકૃત કમાયોરે. ૧૫
સોહમ કુલ ને સંઘની સાખે એ સહુ પાપ પલાઉં
ત્રિકરણ સુદ્ધે મિચ્છામિદુક્કડં ભવભીરૂ કહેવાઉ રે, ૧૬

શ્રી સોહમ કુલ રત્ન પટ્ટાવલી, એહ રાસનું નામ,
એ હમેં રત્ન સૂરીશ્વર ગાયા; સોહમ પટધર સ્વામ રે ૧૭

વીર જગગુરૂ સાસન અવિચલ, વરસ એકવીસ હજાર.
ભગવતી સૂત્રમેં જગપતિ સરખો, વરતસ્યૈં જયજયકાર. ૧૮

તિહાં લગ એહ રાસ જયવંતો, વલિ રહો સસિનભ સૂર,
મેરૂ મહિધર લગ જયવંતો, એ પુસ્તક વડનૂર રે, ૧૯

સંવત અઢાર સતોતેર વરસે, શક સતરસેં હે બહેંતાલ,
શ્રી સુરત બંદિરમેં ગાઈ, સોહમ કુલ ગણ માલ રે. ૨૦

પ્રેમરત્ન ગુરૂરાજ પસાઈ, સોહમ પટધર ગાયા,
મન ઇચ્છીત લિલા સહુ પ્રગટે, દીપવિજય કવિરાયા રે, ૨૧

## શ્રી મણિભદ્ર છંદનો કલશ

માણીભદ્ર માહારાજ મેં સંથુણ્યો તુઝને,
અષ્ટ સિદ્ધ નવનિધવંછિત દેજ્યો મુજને;

વાહન હે ગજરાજ, તા ઉપર બેઠા સોહે,
મગરવાડ નગરે સદૈવ, દાનવ મન મોહે.

મેં ગાયો ભક્ત કરી, ઇચ્છા પૂરજો મન તણી,
દીપ વિજય ઈમ ઊચ્ચરે, સો લછી દેજો અતિ ઘણી.


[ ૧૫ ]

# પંડિત વીરવિજયજી

શ્રી ગૂર્જર ભૂમિના મુખ્ય શહેર રાજનગર એટલે કે અમદાવાદમાં ઘી કાંટા–શાંતિનાથના પાડામાં ઔદિચ્ય બ્રાહ્મણ જજ્ઞેશ્વરની ભાર્યા વીજકોરબાઇની કુક્ષીએ આ પ્રખ્યાત કવિનો જન્મ સવત ૧૮૨૯ આસો શુદિ ૧૦મે થયો. તેઓનું સંસારી નામ કેશવરામ હતું એક સમયે તેઓ બહારગામ ગયા હતા. ત્યાંથી પાછા આવતાં ઘરમાં ચોરી થયાની ખબર માએ આપી અને સખત ઠપકો આપ્યો. આથી તેઓ ઘર છોડી નાસી ગયા. રસ્તામાં ભીમનાથ ગામમાં શ્રી **શુભ વિજયજી** નામના જૈન સાધુનો સમાગમ થયો અને તેમની સાથે શ્રી શત્રુંજય યાત્રા માટે પાલીતાણા ગયા. અને ત્યાંથી પાછા ફરતાં અમદાવાદ પાસે પાનસર ગામમાં સંવત ૧૮૪૮માં તેઓશ્રી સંસાર છોડી ત્યાગી બન્યાં, શ્રી શુભવિજયજીએ તેમને દિક્ષા આપી **વીર વિજયજી** નામ રાખ્યું. તે સમયે તેમની ઉમર ઓગણીસ વર્ષની હતી. તે પછી અભ્યાસ ચાલુ કર્યો અને ટુંક સમયમાં ૭ દર્શન અને પાંચ કાવ્યનો અભ્યાસ પૂરો કર્યો બાર વર્ષ સુધી ગુરૂની સાથે રહી અનેક ગ્રંથો વાંચ્યા. તે દરમ્યાન તેઓએ કાવ્યો રચ્યાં તેમનામાં કાવ્ય ચાતુરી જોઇને ગુરૂ મહારાજે તેમને જુદા જુદા દેશોમાં વિચરવા આજ્ઞા આપી તેઓશ્રીએ સંવત ૧૮૬૨માં 'શ્રી સ્થુલિભદ્રની શિયળવેલ'ની રચના કરી જે અમદાવાદ ઘેર ઘેર ગવાવા લાગી, અને જૈન તેમજ જૈનેતર વર્ગમાં ખૂબ પ્રસિદ્ધિ પામી. આ પહેલાં સુર સુંદરી રાસ તથા અષ્ટ પ્રકારી પૂજા પણ સુંદર રાગ–રાગણીમાં તેઓશ્રીએ રચ્યાં હતાં તેઓની વિદ્વતાથી પ્રસન્ન થઇ ગુરૂશ્રીએ તેઓશ્રીને અમદાવાદમાં શ્રી સંઘ

## મહાકવિ શ્રી પંડિત વીરવિજયજી મહારાજ

પંન્યાસ પદ ૧૮૯૭



દીક્ષા સં. ૧૮૪૮

જન્મ સં. ૧૮૨૯, અમદાવાદ     સ્વર્ગવાસ ૧૯૦૮, અમદાવાદ

(તેમની પરંપરામાં વ્યાખ્યાન વખતે મુહપત્તિ બાંધવાનો રિવાજ છે.)

સમક્ષ સંવત ૧૮૬૭ લગભગમાં પન્યાસ પદવી આપી તેઓ અમદાવાદમાં ભઠ્ઠીની પોળના ઉપાશ્રયમાં રહેતા હતા તે ઉપાશ્રય આજે પણ 'શ્રી વીરવિજયજીના ઉપાશ્રય' તરીકે ઓળખાય છે. સંવત ૧૮૭૮માં સાણંદના કોઈ સ્થાનકવાસીએ અમદાવાદમાં શ્રી વીશાશ્રીમાળી જ્ઞાતિ પર દાવો કરેલો, તેમાં કોર્ટમાં કવિશ્રીએ અગત્યની ધર્મચર્ચા કરી વિજય મેળવ્યો હતો. સંવત ૧૮૭૮માં મુંબઈ ભાયખલાની પ્રતિષ્ઠાના વર્ણનના ઢાલીયાં બનાવ્યાં છે. સંવત ૧૮૯૩માં શ્રી શત્રુંજય ગિરિરાજ પર શેઠ મોતીશાહે બંધાવેલી ટૂંકની અંજન શલાકા પ્રતિષ્ઠા વિધિ પણ કરી હતી તેઓએ પાલીતણામાં શેઠ '**મોતીશાના** ઢાળીયા'ની રચના કરી હતી જેઓ તે સમયે થયેલી પ્રતિષ્ઠા તથા ટૂંક બંધાવી તેનું સુંદર વર્ણન આપ્યું છે. (વિ. સ. ૧૮૯૯માં શ્રી વીરવિજયજી મહારાજની નિશ્રામાં એક સંઘ પંચ તિથિની જાત્રાએ જતો હતો, પરંતુ ગુજરાત પ્રાંતની સરહદ પર પહોંચતા પહેલા જ ચારે તરફ કોલેરાનો ભયંકર વ્યધિ પ્રસરી ગયો, અને બધાં લોકો વીખરાઈ ગયાં. તે વખતે શ્રીવીરવિજયજી મહારાજ સાથે જે માણસો રહ્યાં તેઓ બધાંને પદ્માવતી દેવીની સહાયથી સહીસલામત રીતે અમદાવાદ પાછા લાવવામાં આવ્યા હતા. મુસાફરીમાં મહારાજ સાહેબ વખતોવખત તંબૂઓની આસપાસ પદ્માવતી દેવીના જાપથી મંત્રેલું પાણી છંટાવતા હતા. આ ઊપરથી જણાશે કે તેઓએ પદમાવતીદેવીની આરાધના કરી હતી. સંવત ૧૯૦૩ માં અમદાવાદમાં શેઠ હઠીસીંગ કેશરીસીંગની વાડીમાં બંધાયેલા દેહરાસરની પ્રતિષ્ઠામાં કવિશ્રીએ પંડિત રૂપવિજયજીની સાથે ભાગ લીધો હતો. જેનાં ઢાલીયાં પણ શ્રી વીરવિજયજીએ બનાવ્યાં છે.

## સાહિત્ય-રચના

| | સંવત |
|---|---|
| ૧ ગોડીપાર્શ્વનાથના ઢાળીયાં | ૧૮૫૩ |
| ૨ સુરસુંદરીનો રાસ | ૧૮૫૭ |
| ૩ સ્થૂલીભદ્રશિયલી વેલ | ૧૮૬૨ |

| | | |
|---|---|---|
| ૪ | ચોમાસી દેવવંદન | ૧૮૬૫ |
| ૫ | ચોસઠ પ્રકારી પૂજા | ૧૪૭૪ |
| ૬ | પીસ્તાલીસ આગમ પૂજા | ૧૮૮૧ |
| ૭ | નવાણુ પ્રકારી પૂજા | ૧૮૮૪ |
| ૮ | બારવ્રતની પૂજા | ૧૮૮૭ |
| ૯ | મુંબાઈ ભાયખલાના ઢાળીયાં | ૧૮૮૮ |
| ૧૦ | પંચ કલ્યાણકની પૂજા | ૧૮૮૯ |
| ૧૧ | શેઠ મોતીશાની ટુંકના ઢાળીયાં | ૧૮૯૩ |
| ૧૨ | ધમ્મિલ રાસ | ૧૮૯૬ |
| ૧૩ | ચંદ્રશેખરનો રાસ | ૧૯૦૩ |
| ૧૪ | હઠીસંગ કેશરીસંગ દેરાસર બહારની વાડી અમદાવાદ તેના ઢાળીયાં | ૧૯૦૩ |
| ૧૫ | પ્રેમાભાઈ હેમાભાઈનો સોરઠના સંઘના ઢાળીયાં | ૧૯૦૫ |
| ૧૬ | અષ્ટ પ્રકારી પૂજા | ૧૮૫૮ |

૧૭ સ્નાત્ર પૂજા ૧૧ સઝઝાયોની સંખ્યા

૫૪ સ્તવનોની સંખ્યા ૧૬ ગંહૂલીઓની સંખ્યા

તે શિવાય લાવણીઓ ચૈત્યવંદનો પણ રચ્યાં છે.

તેઓ માટે સ્વર્ગસ્થ સાક્ષર શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીયા નીચે મુજબ લખે છે :

"એમની કવિ તરીકેની ખ્યાતિ અત્યંત વિશાળ છે. પ્રત્યેક કાવ્યમાં શબ્દાલંકાર અને અર્થાલંકાર ભરેલા છે. એમના પ્રત્યેક રાસોમાં રસમય અદ્દભૂત આખ્યાયિકાઓ Romances છે, એમની પ્રત્યેક કૃતિ 'ધ્વનિ–કાવ્ય'ની કક્ષામાં આવે છે. એમના વર્ણનો આનંદ, પ્રેમ અને આહ્લાદ ઉત્પન્ન કરનાર હોઈ પ્રેરક બને છે. એમણે સર્વ રસોનું અદ્દભુત રીતે પોષણ કર્યું છે. એમના પ્રત્યેક કાવ્યો ગેય હોવા ઉપરાંત

એમાં શબ્દ ચમત્કૃતિ એવી સુંદર છે કે એક વખત સાંભળ્યા પછી એનો રણઝણાટ કાનમાં ગુંજારવ કરે છે, અને હૃદયમાં તાન કરે છે. એમની 'શ્રી સ્થુલભદ્રની શિયળવેલ' ગુજરાત કાઠિયાવાડમાં ઘેર ઘેર રસ-પૂર્વક ગવાય છે. એમના ગરબા અને ગહુંલીઓ સો વર્ષ પછી પણ અસાધારણ રસ ઉત્પન્ન કરે છે કવિ તરીકે ગૂર્જર કવિઓમાં શ્રી વીરવિજયજીનું સ્થાન અનોખું છે. એમની પ્રત્યેક ઢાળો ગૂર્જરીને કંઠે અત્યાર સુધી વહે છે."

આ કવિને મહાકવિ કહેવા, કવીશ્વર કહેવા કે કવિ કુલ કિરિટ કહેવા, કયા શબ્દોથી નવાજવા એ વિદ્વાનો તથા કવિઓ માટેજ રહેવા દઈએ. એ મહાકવિએ લગભગ પંચાવન વર્ષ સુધી એકધારી કાવ્યરચના ગૂર્જર ગિરામાં કરી છે. સંવત ૧૮૫૩માં શ્રી ગોડીજી પાર્શ્વનાથના ઢાલીયાં રચ્યાં. છેલ્લી કૃતિ સંવત ૧૯૦૫માં શેઠ હેમાભાઈ પ્રેમાભાઈએ ઊભી સોરઠનો સંઘ કાઢ્યો તેનાં ઢાલીયાં બનાવ્યાં છે તેઓશ્રીએ ઢાલીયાં, રાસો, પૂજાઓ, સ્તવનો, ચૈત્યવંદનો, સજ્ઝાયો, સ્તુતિઓ, લાવણીઓ, વિવાહલાં, વેલીઓ વગેરે જુદા જુદા પ્રકારે ઉત્તમ કાવ્યો રચી ગૂર્જર સાહિત્યની અનુપમ સેવા કરી છે, એમની પૂજાઓ આજે ઊમંગભેર ભણાવાય છે. આ વાંચતા, ભણાવતા અને સાંભળતા જો ચિત્તની એકાગ્રતા હોય. સુંદર વાજિંત્રો તથા ઉત્તમ ગાયકોનો સંજોગ હોય તો આત્મા ખરેખર કર્મની નિર્જરાકરે છે. અને શુભ ભાવની ઊંચી કોટી પ્રાપ્ત કરે છે. ઓગણીસમી સદીના ત્રીજા દાયકામાં જન્મેલા આ મહાપુરુષ વીસમી સદીની શરૂઆતમાં સંવત ૧૯૦૮ના ભાદરવા વદ ત્રીજના દિવસે ૭૯ વર્ષની ઉમરે અમદાવાદ શહેરમાં કાળધર્મ પામ્યા. આ દિવસે હજુ સુધી પાખી પાળવામાં આવે છે. તેઓશ્રીના ભક્તિરસ ભરપૂર, વૈરાગ્ય વાસિત તથા અનેક રસોમાં લખાયેલા કાવ્યોના નમુના જે આ સાથે મુકયા છે તે વાંચી વાચકો વૈરાગ્ય વાસિત બનો એ જ અભિલાષા.

આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો તથા બીજા ચાર સઝાય વીગેરે મલી કુલ નવ કાવ્યો લીધાં છે.

## ૧

## શ્રી ૠષભજિનસ્તવન

ઉભો રહેને હો જીઉરા, જિનચરણ શીતલ છાંહી;
ભવદાવાનલ ઝગિત ઝાલેં, કુણ ગ્રહેગો બાંહિ. ઉભો૦ ૧

કાકા કુંપલ કામિનિ ધન, માયા મંદિર માઢ;
દુઃખ વિયોગે ધુઆં બલે, નીલાં સુકાં ઝાડ. ઉભો૦ ૨

ગર્ભ જનમ જરા મરણ, વ્યાલ ચિતર ફાલ;
ફોગટ મેલા અંતવેલા, પશુઓનો પોકાર. ઉભો૦ ૩
સંપદ વેલા સહુ ભેલા, નવાનવા આણંદ,
તારામંડલ ઝગઝગંતાં, રાહુ ગ્રહે ચંદ. ઉભો૦ ૪
ચરણ શરણ શીતલ છાયા, શીતલ પૂનમ ચંદ;
શીતલ પરમાણું નિપાયો, મરુદેવીકે નંદ ઉભો૦ ૫
સ્વામી સદ્ગુણા દરશન પામી, અંતરજામી દેવ;
યોગક્ષેમંકર સાંઈ સુહંકર, કીજે સાચી સેવ. ઉભો૦ ૬
રાજા રીઝેં વાંછિત સીઝેં ભીંજે જો જિન રેહ;
શ્રી શુભવીર સનેહી સાહિબ, કેમ ન દાખે નેહ. ઉભો૦ ૭

---

## ૨

## શ્રી શાંતિનાથ સ્તવન

(ઋષભ જિણંદા ઋષભ જિણંદા—એ દેશી)

તુમ દેખત અમ આશ ફલીરી, પ્રભુજી પરમ દયાલ;
ભમતા ભવ અન્ય દેવ કહાવે, ઇશ્વરને હરિબાલ હરીરી. તુમ૦ ૧
ઇતનેં દિન અમ તાકી નોકરી, કરતે મિથ્યાપૂર;
અબતુમ શરણ લીયો મેં તાકું, લોકત લંછન દૂર કરીરી તુમ૦ ૨

કેવલ હોઈ અખૂટ ખજાને, નહિ છાને જિનરાજ;
તાકો લવદાયક મોય દીજે, બાંહિ ગ્રહ્યાકી લાજ ધરીરી. તુમ૦ ૩

મદમદનોઝિટ નાથ સદાની, દીનોદ્ધાર કૃપાલ,
વિજિતાઽઘાતાઽઘાભયી સાંઈ, શિવવહૂકી વરમાલ વરીરી તુમ૦ ૪

તુંહિ અનલ્પગરીમા હૃદયે, ધરત તરત ભવિજંત;
ભાર સહિત જલ તરિયા, કિમ હો, સંતપ્રભાવ અત્યંત તરીરી
તુમ૦ ૫

ભવ પ્રતિકૂલ ભયે પ્રભુ તોભી, જે જન પૂંઠે લગંત;
તાકું ભવજલ પાર ઉતારત, કર્મ હણી દુરદંત અરીરી તુમ૦ ૬

કુલાલ કર પાર્થિવ નિપ ચઢયો, સહત હુતાસન તાપ;
અદ્‌ભુત કયા તબ પૂંઠ લગત જન, ઓરકું તારત આપ તરીરી

કર્મવિપાકસેં વંધ્ય જગતગુરુ, તારતચિત્ર કરંત;
પાર્થિવનિપકો અર્થ વિચારત, ઓપમ તોકું ઘટંત ખરીરી. તુમ૦ ૮

ઈમ ગુરૂ ઉપમ જો ધરો સાહિબ, તો કર મુજ દુઃખ ભંગ;
સુણ અચિરાસુત શાંતિ શુભંકર વીર કહે રસરંગ ભરીરી તુમ૦ ૯

---

૩

## શ્રી નેમનાથ સ્તવન

(ઋષભદેવ હિતકારી જગતગુરુ–એદેશી)

સુણો સખી સજ્જન ના વિસરે, એ આંકણી૦
આઠ ભવાંતર નેહ નિરવાહી નવમે કયું બિછરે, સુણો૦
નેહવિલુધા આ દુનિયામેં, ઝંપાપાત કરે. સુ૦ ૧

ઘર છંડી પરદેશમેં ભમતા, પૂરણ પ્રેમે ઠરે; સુ૦
જાન સજી કરી જાદવ આયે, નયનેં નયન મિલે. સુ૦ ૨

તોરણ દેખ ગયે ગિરનારે, ચારિત્ર લેઈ વિચરે સુ૦
દૂષણ ભરિયા દુરજન લોકા, દયિતા દોષ ભરે. સુ૦ ૩

માત શિવા સુત સાંભલ સજ્જન, સાચા ઈમ ઠરે. સુ૦
તોરણ આઈ મુજ સમજાઈ, સંયમ સાન કરે. સુ૦ ૪

રાજુલ રાગ વિરાગે રહેતી, ધ્યાન વધાઈ વરે સુ૦
પ્રીતમ પાસે સંયમ વાસે, પાતિક દૂર હરે. સુ૦ ૫

**સહસાવનકી** કુંજ ગલનમેં, જ્ઞાનસેં ધ્યાન ધરે, સુ૦
**કેવલ** પામી શિવગતિ ગામી, આ સંસાર તરે સુ૦ ૬

**નેમિજિણેસર** સુખસજ્યાએ, પોઢયા શિવનગરે, સુ૦
**શ્રી શુભવીર** અખંડ સનેહી, કીરતિ જગ પસરે. સુ૦ ૭

---

## ૪
## શ્રી પાર્શ્વનાથ સ્તવન

( જગપતિ નાયક નેમિ જિણંદ—એ દેશી )

હિતકર **પાસ જિનેસર** દેવ. સેવકરણ મન ઉલ્લસ્યો;
હિતકર ગુણ નિધિ જગત દયાલ, દીઠો તિહાંથી દિલ વસ્યો. ૧

હિ૦ અવિહડ લાગ્યો નેહ, દેહ રંગાણી રાગશું;
હિ૦ પલક ન છોડયો જાય, સજ્જનતા ગુણ રાગશું. ૨

હિ૦ નિરગુણ દુરજન સાથ, રાગરંગ રસ આચર્યા;
હિ૦ ક્ષણ સંયોગ વિયોગ, એક પક્ષી બહુ ભવકર્યા. ૩

હિ૦ હવે તું મલિયો નાથ, સાથ ન છોડું તુમ તણો;
હિ૦ વીતરાગ અરિહંત, એક પખો પણ ગુણ ઘણો. ૪

હિ૦ ગંગા યમુના નીર, સ્નાને તરશ મલ પરિહરે;
હિ૦ દર્શન ફરસન તુઝ, ભવ મૃગ તૃષ્ણા સંહરે. ૫

હિ૦ જાણો જગતના ભાવ, પ્રીત રીત મુઝ સવિ લહો;
હિ૦ રાગી ફ્લે સંસાર, તો મુઝ સાધ્ય દિશા કહો. ૬

હિ૦ રાગ વિનાશી પ્રીત, પ્રીતિ ભક્તિયે સાંકલી;
હિ૦ ભક્તિ વશ્યે ભગવાન, ભક્તિ પ્રેમ ભાવે ભલી. ૭

હિ૦ પ્રેમ બન્યો તુમ સાથ, નાથ હૃદય ઘરમાં રમે;
હિ૦ વિશ્વંભર લઘુ ગેહ, ગજ દરપણમાં સંક્રમે. ૮

હિ૦ અંતર વાત એકાંત, પ્રેમ મેલાવા નિત કરૂં;
હિ૦ શ્રી શુભવીર વિનોદ, નિરભય સુખ સંપદ વરૂં. ૯

---

## ૫

## શ્રી મહાવીર સ્તવન

(મોહ મહિપતિ મહેલમેં બેઠે—એ દેશી)

ચૌદ સહસ મુનિ વણીજ વેપારી, ત્રિશલાસુત સત્થવાહ લલના;
અટવી ઓલંઘી નિગોદ અનાદિ, સંસાર સમુદ્રે જુએ રાહ;
નરભવમાં દીઠા નાથજી હો. આંકણી. ૧

જનમ મરણ બહુલાં જલ ખારાં, ક્રોધાદિક પાતાલ લલના;
સાત વ્યસન મચ્છકચ્છ અટારા, ચિંતા વડવાનલ કેરી જાલ. નર૦ ૨

મોહાવર્ત ગતિ પરવાહા, બંધકર્મનો છોલ લલના;
કર્મ ઉદય કલસાને પવને, સંયોગ વિયોગાદિ કલ્લોલ. નર૦ ૩

ચારિત્ર નાવા તરણુ સભાવા, સમક્તિ દર્શન બંધ લલના;
જિન આણા સઢ દોર ચઢાયા, સંવરે કીધી જિહાં સંધ. નર૦ ૪

જ્ઞાન સુતારો પવન તપ રૂડો, વૈરાગી શિવ પંથ લલના;
પ્રભુ નિર્યામક દેખી ચઢીયા, શીલાંગમાલશું નિગ્રંથ. નર૦ ૫

ધર્મ ધ્યાન ધ્વજ ચાર ફરકે, જહાજ તે ચાલ્યાં જાય લલના;
રહ્યા રતન દ્વીપ સોવન દ્વીપે, કોઇ નિર્યામક સાથે ધાય. નર૦ ૬

સાયર તરિયા તીરે ઉતરીયા, ચઢિયા ઘાટ જિણંદ લલના;
ચરમ ખપક શ્રેણિ શિર ભૂમિ, ઉજ્જવલ પાયાદીપ ચંદ. નર૦ ૭

યોગ રોધ શૈલેશી ટાણે, ફરસી ચરમ ગુણઠાણ લલના;
પંચાસી રણીયા રણ ઘેર્યા, વેર્યાં છે જિમ તમ ભાણ. નર૦ ૮

જિમ એક નગરે છે એક રાજા, રાણી ઘણી છે તાસ લલના;
બાવીસ નંદન એક અપમાની, રાણી છે મંત્રી કેરે પાસ. નર૦ ૯

રાણી સગર્ભા પુત્ર જનમીયો, પામ્યો યૌવન વેશ લલના;
વંછિત વર વરવા નૃપ બેટી, રાધાવેધ માંડયો એક દેશ. નર૦ ૧૦

મંદ મતિ બાવીશ કુમરશું, પહોતા રાજા ત્યાંહ લલના;
મૂરખ બાવીસ બાણ ન લાગ્યો, ભાગ્યો છે રાજાનો ઉછાહ. નર૦ ૧૧

મંત્રી નજરથી તે લઘુ પુત્રે, સાધ્યો રાધાવેધ લલના;
રાજકુમરી વરી તે રાજકુમરે, બાવીસ ગયા તે કરતા ક્રોધ. નર૦ ૧૨

તિમ પ્રભુ ચરમ સમય દુગ પહેલે, દૂર કર્યા બહોંતેર લલના;
શિવરમણી પરણી જિન રાજે, ભાજે ચરમ સમે તેર. નર૦ ૧૩

ગુણ અનંત વસંત ૠતુએ, કાલે નવિ પલટાય લલના;
**શ્રીશુભવીર** પ્રભુ ગુણ સમરી, અમરી ભમરી લલકંતીગાય. નર૦ ૧૪

---

તેઓના કાવ્યોમાં કેવી વ્યવહાર દક્ષતા હતી તે નીચેના કાવ્યથી જણાશે.

૬

## શ્રી હિતશિક્ષાછત્રીસી

સાંભળજો સજ્જન નરનારી, હિત શીખામણ સારીજી;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્ય દશા પરવારી, સુણજો સજ્જનોરે

બે જણ વાત કરે જ્યાં છાની, ત્યાં ઉભા નવી રહીએજી;
વરો ન કરીજે ઘર વેચીને, જુગરડે નવી રમીએજી.
બે હાથે માથું નવી ખણીએ, કાન નવી ખોતરીએજી;
ભોંય ચિત્રામણ નાગો સુવે, તેહને લક્ષ્મી છોડેજી.

૭

## શ્રી ધમ્મિલરાસનો કાવ્ય નમુનો

શેઠ કહે સુણ સુંદરી, તેં સાચી કહી વાત;
પણ સંગતિ વ્યસની તણી, ગુણીજનને ગુણઘાત ૧
**માંસ** પ્રસંગે દયા નહી, **મદિરાએ** યશ નાશ;
કુલક્ષય **વેશ્યા** સંગતે, **હિંસા** ધર્મ વિનાશ ૨
મરણ લહે **ચોરી** થકી, સર્વનાશ **પરદાર**;
જુગટીઆની સોબતે, ઘર ધનનો અપહાર, ૩
**નળદમયંતી** હારીયાં, રાજકાજ સુખવાશ;
**પાંડવ** હાર્યા **દ્રૌપદી**, વળી વસીયા વનવાસ ૪
નીચ જુગટીઆ જાતની, સંગતિ ન ઘટે સાર;
ઊંચ પ્રસંગે પામીએ, સુખ સંપદ સંસાર. ૫

૮

## શ્રી ધમ્મિલરાસની પ્રશસ્તિ

રચના સં. ૧૮૯૬

(જેમાં શ્રી સત્ય વિજય પંન્યાસના ક્રિયા ઉદ્ધારનું વર્ણન છે)

તપગચ્છ કાનન કલ્પતરૂ સમ, **વીજયદેવસૂરી** રાયાજી;
નામદશોદિશ જેહનું ચાલ્યું, ગુણીજન વૃંદેગાયાજી. ૧

વિજયસિંહસૂરિ તસ પટધર, કુમતિ મતંગજ સિંહોજી,
તાસ શિષ્ય સૂરિ પદવી લાયક, લક્ષણ લક્ષિત દેહોજી. ૨

સંઘ ચતુર્વિધ દેશ વિદેશી, મળીયા તિંહાં સંકેતેજી;
વિવિધ મહોત્સવ કરતાં દેખી, નિજ સૂરિ પદને હેતેજી. ૩

પ્રાય શિથિલ મુનિ બહુ દેખી, મન વૈરાગ્યે વાસીજી;
સૂરિ વર આગે વિનય વિરાગે, ચિત્તની વાત પ્રકાશીજી. ૪

સૂરિ પદવી નથી લેવી સ્વામી કરશું ક્રિયા ઉદ્ધારજી;
સૂરિ ભણે આ ગાદી છે તુંમચી તુમવશ ગણ અણગારજી. ૫

સત્યવિજય પન્યાસની આણા, મુનિ ગણમાં વરતાવીજી. ૬

સંઘની સાથે તેણે નિજ હાથે, વિજય પ્રભસૂરિ થાપીજી;
ગચ્છ નિશ્રાએ ઊગ્ર વિહારી, સંવેગતણા ગુણ વ્યાપીજી. ૭

રંગિત વસ્ત્ર લહી જગ વંદે, ચૈત્ય ધ્વજાએ લક્ષ્મીજી;
સૂરિ પાઠક વહે સન્મુખ ઊભા, વાચક જશ તસ પક્ષીજી. ૮

મુનિ સંવેગી, ગૃહી નિર્વેદી, ત્રીજો સંવેગ પાખીજી;
મુક્તિ માર્ગ એ ત્રણે કહીએ, જિહાં સિદ્ધાંત છે સાખીજી. ૯

આર્યસુહસ્તિસૂરી જેમ વંદે, આર્ય મહાગિરિ દેખીજી;
દો તિન પાટ રહી મર્યાદા, પણ કળિયુગ વિશખીજી. ૧૦

અહીલ જળાશી જનતા પાશી, નૃપ મંત્રી પણ ભળીયાજી;
સત્ય વિજય ગુરૂ શિષ્ય બહુશ્રુત, કપૂરવીજય મતિબળિયાજી. ૧૧

તાસ શિષ્ય શ્રી ખીમાવિજય બુધ, વિદ્યાશક્તિ વિશાળીજી;
જાસ પસાયે જગતમેં ચાવો, કપુરચંદ ભણશાલીજી. ૧૨

તાસ શિષ્ય શ્રી સુજસવિજય બુધ, તાસ શિષ્ય ગુણવંતાજી;
શ્રી શુભવિજય વિજય જસ નામે, જે મહીમાંહે મહંતાજી. ૧૩

પંડિત વીરવિજય તસ શિષ્યે, રચના રચી સુરસાલજી;
ધમ્મિલ ચરિત્ર ઈતસ્તત વિખર્યાં, મેળી કરી ફુલ માલજી. ૧૪

વિજય દેવેંદ્રસૂરીશ્વર રાજ્યે, ઠવી ભવી કંઠે પ્રસિદ્ધિજી;
રાજનગરમાં રહીય ચોમાસુ, રાસની રચના કીધીજી. ૧૫

સંવત અઢારસેછન્નું વરસે, શ્રાવણ ઊજલી ત્રીજેજી;
આ ભવમાં પચ્ચખાણતણું ફળ, વરણવીયું મન રીઝેજી. ૧૬

રહનેમિ અને રાજીમતિ સંવાદરૂપ સઝાય

૯

રહનેમિ અંબર વિણ રાજુલ દેખીજો,
મદનોદય મોહ્યા મુનિ ચિત્ત ગવેખીજો,
કહે સુંદરી સુંદર મેળો સંસારમાંજો. ૧

રહનેમિ જશે ખરા પણ બાળપણાના જોગીજો
વાત ન જાણે સંસારી કે ભોગી જો,
ભુકત—ભોગી થઈ અંતે સંયમ સાધશું જો. ૨૩

રાજુલ૦ સાધશું અને સંજમ તે સવિ ખોટું જો,
જરાપણાનું દુઃખ સંસારે મોટું જો,
વ્રત ભાંગીને જીવ્યા તે નરકે ગયા જો. ૨૪

રહનેમિ૦ ગયા નરકે તે જેણે ફરી વ્રત નવિ ધરિયા જો,
ભાગ્યે પરિણામે સંયમ આચરિયો જો,
ચારિત્ર ચિત્ત ઠરશે ઈચ્છા પૂરશે જો, ૨૫

રાજુલ૦ ઈચ્છા પૂરણ કોઈ કાળે નવિ થાયે જો,
સ્વર્ગતણા સુખવાર અનંતા પાવે જો,
ભવભય પામી પંડિત દીક્ષા નવી તજેજો, ૨૬

રહનેમિ૦ નવિ તજે તો પૂરવધર કિમ ચૂકયા જો;
રહી ઘરવાસને તપજપ વેશ જ મુકયા જો;
અરિહા વાત એકાંતે શાસન નવિ કહીજો. ૨૭

રાજુલ૦ કહે એકાંતે બ્રહ્મચર્ય જિન વરીયા જો,
વ્રત તજી પૂરવધર નિગોદે પડિયા જો,
વિષ ખાતાં સંસારે કોણ સુખિયા થયા જો! ૨૮

રહનેમિ૦ થયા જિનેશ્વર સુખવિલાસી સંસારે જો,
કેવળ પામી પછી જગતને તારે જો,
દીક્ષા લેશું આપણે સુખ લીલા કરીજો. ૨૯

રાજુલ૦ કિરિયા સંજમ જિન આણા શિર ધારોજો,
ચળ ચિત્ત કરીને ચરણ તણું ફળ હારો છો,
વમન ભખંતા શ્વાન પરે વાંછા કરો જો. ૩૦

सामायिक विशुद्धात्मा, सर्वथा घाति कर्मणः ।
क्षयात्केवलमाप्नोति, लोकालोक प्रकाशकम् ॥

**અર્થ**:-આવા સામયિકથી વિશુદ્ધ થયેલો આત્મા સર્વ પ્રકારે ઘાતી કર્મને ક્ષય કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન મેળવે છે.

[૧૬]

# શ્રી હરખચંદજી

તેમના પિતાનું નામ શગનાશાહ ને માતાનું નામ વખતાદે હતું. તેમની દીક્ષા સંવત ૧૮૮૧માં થઈ અને આચાર્યપદ સં. ૧૮૮૩માં આપવામાં આવ્યું હતું.

શ્રી નાગપુરીયતપગચ્છમાં શ્રી લબ્ધિચંદ્રના શિષ્ય થયા છે. તેમના ઉપદેશથી મુર્શિદાબાદવાળા બાબુપ્રતાપસિંહે ૧૯૦૪માં શ્રી કેશરીઆજીનો સંઘ કાઢયો હતો. તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૯૧૩માં થયો હતો. આ સાથે તેમનાં પાંચ સ્તવનો લીધાં છે.

૧

## શ્રી આદિજિન સ્તવન

(રાગ ભૈરું)

ઉઠત પ્રભાત નામ જિનજીકો ગાઈએ,
નાભિજીકેનંદ કે ચરણ ચિત્ત લાઈએ,
ઉઠત પ્રભાત નામ જિનજીકો ગાઈએ;

આનંદ કે કંદ જાકે, પૂજિત સુરિંદ વૃંદ,
ઐસો જિનરાજ છોડ ઓરકું ન ધ્યાઈએ ઉઠત૦ ૨

જનમ અજોધ્યા ઠામ, માતા મરૂદેવાનામ,
લંછન વૃષભ જાકે ચરણ સુહાઈએ ઉઠત૦;

પાંચસે ધનુષ માંન, દીપત કનકવાન,
ચોરાસી પુરવ લાખ આયુસ્થિતિ પાઈએ ઉઠત૦ ૨
આદિનાથ આદિદેવ. સુરનર સારે સેવ,
દેવનકે દેવ પ્રભુ શિવસુખદાઈએ ઉઠત૦;
પ્રભુકે પાદારવિંદ, પૂજત હરખચંદ,
મેટો દુખદંદ સુખસંપત્તિ બઢાઈએ ઉઠત૦ ૩

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવવ

ચિત ચાહત સેવા ચરનકી,
વિશ્વસેન અચિરાજીકે નંદા, શાંતિનાથ સુખ કરનનકી. ચિત૦ ૧
જનમ નગર હથિનાપુર જાકો, લંછન રેખા હિરનનકી;
તીસ અધિક દશ ધનુષ પ્રમાણે, કાયાકંચન બરનનકી. ચિત૦ ૨
કુરૂવંશ કુલ લાખ વરસથિતિ, શોભા સંજમ ધરનનકી;
કેવલ જ્ઞાન અનંત ગુનાકર, કીરત તારન તરનનકી. ચિત૦ ૩
તુમ બિન દેવ અવર નહિ ધ્યાઉં, મેં અપને મન પરનનકી;
હરખચંદ દાયક પ્રભુ શિવ સુખ, ભીત મિટાવો મરનનકી. ચિત૦ ૪

---

૩

## શ્રી નેમનાથ સ્તવન

રાગ સોરઠ

**નેમજી** થેં કાંઈ હઠ માંડયો રાજ, નેમજી૦
રાજુલ ઉભી વીનવેજી, મેરી અરજ સુણો મહારાજ. નેમ૦ ૧

સમુદ્ર વિજેજી કે લાડલેજી તુમ, યાદવકુલ શિણગાર;
નાયક તીનુ લોકકેજી, તું સબ ગુણનિધિ ગરીબ નિવાજ. નેમ૦ ૨
તુને ભલી બરાંતેં બનાયકે, આયે વ્યાહત કાજ;
તોરણુસે રથ ફિરકેજી, તુમ, ફિરત ન આઈ થાંને લાજ. નેમ૦ ૩
આવો ઉલટ ઘર આપણેજી, હઠ છોડો નણદીરા વીર;
તુમ બિન યે સંસારમેંજી, કવણુ મિટાવે પીર. નેમ૦ ૪
તુમ પશુ અન પર કરૂણા કરીજી, મોં પર કીધો રોસ;
દીનદયાળ કહાયકેજી, તુમને નિપટ લગેગો દોસ. નેમ૦ ૫
પ્રીત પુરાણી જાણીકે, તુમ રાજુલ રાખો પાસ;
**હરખચંદ** પ્રભુ, રાજુલ વીનવે, દ્યો માંને મુગતિનો વાસ. નેમ૦ ૬

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

રાગ સોરઠ

**વામાજી કે નંદ** અરજ સુનો વામા૦
અશ્વસેનકે લાડલે હો, શ્રી જિન પાસ જિણંદ અરજ૦ ૧
જનમ પુરી બનારસી હો, લંછન ચરન ફનિંદ;
સો વરસનો આઉખો હો, કુલ ઈખ્યાગ નરિંદ, અરજ૦ ૨
નીલ બરન નવ હાન કો હો, દીપત દેહ દિનંદ;
એક ધ્યાન પ્રભુકો જપું હો, મન ધરી અધિક આનંદ અરજ૦ ૩
મેં સેવક હું તિહારો હો, તું સાહિબ સુખકંદ;
દીજે સેવા ચરનકી હો, ચાહે નિત **હરખચંદ** અરજ૦ ૪

---

## શ્રી મહાવીર જિન સ્તવન

( રાગ—પરજ ખ્યાલ )

મનમાન્યો મહાવીર મેરે મનમાન્યો મહાવીર
સિદ્ધારથ નૃપકુળ તિલો હો, પ્રભુત્રિશલાનંદન વીર મેરે મન૦ ૧

ક્ષત્રીકુંડ પ્રભુ જનમીયો હો, સુરગિરિવર સમ ધીર;
વરસ બહુતર આઉખો હો, લંછન પગ સઉડીર મેરે મન૦ ૨

સાત હાથ તનુ દીપતો હો, કંચન વરણુ શરીર;
કાશપકુલ ઉજવાલ કે હો, પ્રભુ પુહતા ભવજલતીર મેરે મન૦ ૩

શાશનનાયક સમરીએ હો, ભંજે ભવભય ભીડ;
હરખચંદ કે સાહીબાહી, તુમ દુર રહો દુખપીર મેરે મન૦ ૪

तेषां कर्मक्षयोत्थैरतनुगुणगणैर्निर्मलात्मस्वभावै—,
र्गायं गायं पुनीमः स्तवनपरिणतैरष्टवर्णास्पदानि ।
धन्यां मन्ये रसज्ञां जगति भगवतः स्तोत्रवाणीरसज्ञा—
मज्ञां मन्ये तदन्यां वितथजनकथां कार्यमौखर्य मग्नाम् ॥ १ ॥

—शान्तसुधारस प्रमोदभावना

**અર્થાત્**—કર્મના નાશથી ઉત્પન્ન થયેલા મહાન્ ગુણોના સમૂહ વડે અને નિર્મલ આત્મ સ્વભાવ વડે સ્તુતિ કરવામાં મગ્ન બનેલા વર્ણોના આઠે સ્થાનોને તેઓનું ( તીર્થંકરોનું ) વારંવાર ગાન કરીને અમે પવિત્ર બનાવીએ છીએ. પરમાત્માના સ્તોત્રની વાણીના સ્વાદને જાણનારી તે જીભને સંસારમાં હું ધન્ય માનું છું. બાકી વ્યર્થ લોકનિંદા અને વાચાળપણાના કાર્યમાં ડૂબેલી જીભને હું ખરા સ્વાદથી અજાણ જાણું છું.

[૧૭]

# શ્રી મહેન્દ્રસૂરિ

( ચોવીસી રચના સં. ૧૮૫૮ )

શ્રી ખરતરગચ્છમાં શ્રી હર્ષસૂરિના શિષ્યશ્રી મહેંદ્રસૂરિ થયા છે. તેઓની બીજી રચના જાણવામાં આવી નથી.

૧

## શ્રી ઋષભ જિન સ્તવન.

સુરત અતિ સુખદાઈ, જિનંદા તેરી સુરત અતિ સુખદાઇ;
જ્યું જ્યું મુદ્રા નયણે નિરખું, ત્યું ત્યું અંગ ઉલસાઈ. જિનંદા ૧
જુગલા ધરમ નિવારક તારક, વારક કરમ ચઢાઈ;
સિદ્ધ સરૂપી તું જગદીસર, પેખત પાપ પુલાઈ જિનંદા૦ રસ ૨
ભગવતવછલ રિષભેસ તિહારી, કીરતિ ઉજલ છાઈ;
શ્રી જિનમહેન્દ્રસૂરિસરવંદિત, ચઢતી દૌલત પાઈ. જિનંદા૦ ૩

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

શાંતિ કરો શ્રી શાંતિ જિણેસર, તુમ હો દીન દયાલા;
પારેવૌ જિમ સરણે રાખ્યો, કાટૌ દુઃખ જંજાલા શાંતિ૦ ૧

ઇતની દેર ન કરો તુમ્હી, અપનૌ બિરૂદ સંભાલા;
મૈં હું ભક્ત તુમારો સાહિબ, કીજૈ મહિર કૃપાલા શાંતિ૦ ૨
હરિહર બ્રહ્માદિક કું છાંડે, લાગૌ તેરી ચાલા;
કહે જિનમહેન્દ્રસુરિંદ પ્રભુ તુમ્હી, મેરી કરો પ્રતિપાલા. શાંતિ૦ ૩

---

૩

## શ્રી નેમિનાથ સ્તવન

**નેમ** થયૌ વૈરાગીરીમાઇ. નેમ૦
ભર યૌવનમેં વનિતા સુંદર, છિનમૈં દિ છિટકાઈ;
અવિચલ સગપણ રાખણ કારણ, મુગતિ વધુ ચિત્ત લાઈ. નેમ૦ ૧
પૂરવ ભોગ નહી થા બાકી, માટે કરીય સગાઈ;
આઠ ભવાંરી પ્રીત સોપાધિક, તુરત દઇ પલટાઈરી. માઈ નેમ૦ ૨
જિમ અખંડિત રાજુલ નેમી, પાયૌ ચિત્ત સવાઈ;
કહે જિન મહેન્દ્રસૂરિંદ પ્રભુકી, કીરત ત્રિભુવન છાયિરી, માઇનેમ૦ ૩

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

આજ દિહાડૌ રૂવડૌ, ભેટયો પાસ જિણંદા
પાપતિમિર દૂરે ટલ્યો, પ્રગટયો પરમાનંદા. આજ૦ ૧
કાલ અનાદિ અનંત મૈ, સહીયા દુઃખ દંદા;
પુન્ય સંયોગ પામીયૌ, તુમ દરસણ સુખકંદા. આજ૦ ૨
જન્મ સફલ ભયૌ માહરૌ, ઉગ્યો કનકદિણંદા;
કરજોડી વંદન કરૈ, શ્રા જિનમહેન્દ્રસુરિંદા આજ૦ ૩

૫

## શ્રી વીરજિન સ્તવન

શાસન નાયક જગધણી, જગગુરૂ વીરજિણંદ;
ચરણકમલ તસુ સેવિતા, ઈંદ મુણિંદ નરિંદ. શાસન૦ ૧
જિણ દિન પરતિખવિચરતા, તિરતા ભવિજન વૃંદ;
હિવણાં વરતૈ સંઘમૈ, વાણીનૌ સુખકંદ શાસન૦ ૨
આજ કૃતારથ હું થયૌ, દુર ટલ્યાં દુઃખ દંદ;
જિનપડિમા નિરખી મુદા, કહે જિનમહેન્દસૂરિંદ. શાસન૦ ૩

૬

## કળશ

ઈમ સિદ્ધ નિધિ વસુ ચંદ્ર વર્ષે, જેઠ ઊજવલ પ્રતિપાલ,
(૮ ૯ ૮ ૧)
ચોવીસ જિનવર તણી સ્તવના, જાણી કવિ ચિત્ત ધરી મુદા;
બડગચ્છ ખરતર સૂરિ સેહર, જીન હર્ષ સૂરિંદએ,
તસુ પાટ ધારિ સુખકારિ, જયો મહેન્દ્ર મુણિંદએ.

**आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति ।**
**तीव्रातपो पहतपान्थजनान्निदाघे,**
**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥**

**—कल्याणमन्दिर स्तोत्र श्लोक-७**

**અર્થ**—હે જિનેશ્વર! અચિન્ત્ય મહિમાવાળું આપનું સ્તવન તો દૂર રહો, તમારૂં નામ પણ ત્રણે જગતના જીવોને સંસારથી તારે છે. ગ્રીષ્મ ઋતુમાં તીવ્ર તાપથી પીડાયેલા પથિકોને કમળયુક્ત સરોવરનો જળકલ્લોલવાળો પવન પણ પ્રસન્નતા ઉપજાવે છે.

[ ૧૮ ]

# શ્રી દાનવિમલગણિ

શ્રી જ્ઞાનવિમલસૂરિની પરંપરામાં પંડિત ઉદ્યોતવિમલગણિના શિષ્ય પંડિત **દાનવિમળગણિ** થયા છે. તેઓશ્રીના ઉપદેશથી અમદાવાદવાલા શેઠ મનસુખભાઈ ભગુભાઇના પિતાશ્રી શેઠ ભગુભાઈએ સંવત ૧૯૧૧ માં શ્રી સિદ્ધચળજીનો સંઘ અમદાવાદથી કાઢ્યો હતો. તેઓની બીજી કૃતિ જાણવામાં નથી.

૧

## શ્રી ઋષભજિન સ્તવન

( શાંતિસલુક્ષણા સાહિબા એ દેશી )

**પ્રથમ** જિણંદ મયાકરી, અવધારો અરદાસોરે,
આપે પ્રસન્ન થઈ સદા, પૂરો વંછિત આશોરે. પ્રથમ૦ ૧

વિમલ કમલ મધુકર સહિ, પ્રાણજીવન પર મોહેરે;
તીમ તું મુજ જીવન જડી, પ્રાણ તણી પરે સોહેરે; પ્રથમ૦ ૨

આપ રૂખાપણ સાહેબા, સેવકને સુખદાતારે;
લહેજો કમોજ કર્યા થકી, દિયો આપ સરીખી શાતારે. પ્રથમ૦ ૩

તુમ્હ સંગતે મહિમા ધરે, નિર્ગુણ ગુણવંત થાવેરે;
મલયગિરી રૂખડાં, ચંદન ઉપમા પાવેરે. પ્રથમ૦ ૪

ભાગ્યદશા મ્હારી ફલી, જો દરિશણ દીઠો તાહરોરે;
વિમલ નવે નિધિ આજથી, દાન દોલત નિત્ય માહરેરે પ્રથમ૦ ૫

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

( યાં પરવારી સાહિબા, કાબલી મત જાવો એ દેશી )

**શાંતિ જિનેશ્વર** તાહરી, મૂરતિ અતિ મીઠી;
જગ પરખી જોતાં થકાં, એહવી નવિ દીઠી. શાંતિ૦ ૧

સહજ સલુણા શાંતિજી, વિનતડી અવધારો;
બાંહ્ય ગ્રહીને બાપજી, ભવ દુક્કર તારો. શાંતિ૦ ૨

આઠ પહોર અંદેસડી, ધ્યાન તાહરું મનમાં;
ક્ષણ એક દીલથી ન વિસરે, જીવ જ્યાં લગી તનમાં. શાંતિ૦ ૩

શું સાહિબ સેવક મુખે, કહાવે કહે તું;
પલ એકમાં કહી નહિ શકું, વીતક દુઃખ જેતું શાંતિ૦ ૪

તારી જાણ પણા તણી, વાત ભલી અસમાન,
જાણું છું વિમલે દીલ ભરી, દેશો વાંછિત દાન શાંતિ૦ ૫

---

૩

## શ્રી નેમિનાથ સ્તવન

( થેં તો ન આયા ઓલગું ઓલગાણાજી એ દેશી )

**નેમિ** જિણેસર સાહિબા સુણ સ્વામીજી, કરૂં વિનતિ કરજોડ ખરી;
કાલો પણ રતનાલિઓ સુ૦ દિલરંજન દીદાર સરી. નેમિ૦ ૧

વિણ પૂછે ઉત્તર દીયો સુણ૦ કહેતાં આવે લાજ ઘણી;
પૂછ્યાવિણ કહો કિમસરે સુ૦ તું હિજ ઉત્તર યોગ્ય ધણી. નેમિ૦ ૨

ભવભમતાં આ દુઃખનો સુણ૦ પામીશ પારહું કિમ કહો;
હલવો કે ભારે અછું સુણ૦ ડાહપણ કહીને જિમ લહો. નેમિ ૩

ઘણુ વિચારી જોવતાં સુણ૦ તું હિજ સુખનો ઠામ મિલે;
મનપણ સ્થિર નહિ તેહવો સુણ૦ જ્ઞાનિ વિણ કહો કુણ કલે નેમિ૦ ૪

દાયક સુખના જ્ઞાનનો સુણ૦ વિમલ હૃદયમાં તુંહી વસ્યો;
મીઠી સાત ધાતમાં સુણ૦ તિલમાં પરિમલ તેલ જસ્યો. નેમિ૦ ૫

---

## ૪

## પાર્શ્વનાથ સ્તવન

(કરેલ ના ઘડીએ રે એ દેશી)

શ્રી કર શ્રી જિનપાસજી, અરજ સુણો મહારાજ;
પરભવ ધન પુણ્ય યોગથી, પાયો દરશણ આજ
નામિ જી શિરનામિરે, દીઠી દોલત થાય નામિ૦ ભેટીયે ભાવઠ જાય ૧

નામિ૦ સમરે સંપત્તિ આપ નામિ૦ ઈચ્છાપૂરણ સુરતરૂ,
પરતખ પરતો પેખ;
શરણે આવ્યો તાહરે; દાણમાં ન મીનને મેખ નમિ નામિ ૨

સ્વપ્ને સુતે જાગતે, નામ જપું એકતાન,
હારિ લલકરી ગ્રહી રહો, જનમથી જીવતમાન નામિ૦ ૩

નિરખી નજર પાવન થઈ, જપતે જીભ પવિત્ર;
વડિમ કેતી ઘણી કહું, અકલ સ્વરૂપ ચરિત્ર નામિ૦ ૪

મહેર કરી મીઠી જરા, દુઃખ ગયાં સવિ દૂર;
વિમલ નીપાયો આતમા, દેઈ દાન સનૂર નમિ૦ ૫

---

૫

## શ્રી વીરજિન સ્તવન

( રાગ—ધન્યાશ્રી )

સમવસરણ શ્રી **વીર** બિરાજે, સરસ મધુર ધ્વનિ ગાજેરે;
પૂરી પરીષદ બાર મનોહર, છત્ર ત્રય શિર છાજેરે. સમવ૦ ૧

અષ્ટ મહાપ્રતિહારજ સુંદર, દીઠે દારિદ્ર ભાજેરે;
લુણ ઉતારતી ભમરીય ફરતી, ઈંદ્રાણી નાટક છાજેરે. સમવ૦ ૨

જયકારી દુઃખ પાર ઉતારણ, માલિમ ધર્મ જાહાજે રે;
મુકિત તણું બંદર આપવા, સેવક ગરીબ નિવાજેરે; સમવ૦ ૩

ઈંદ્રિ છડી લઈ દરબારે, ઉભા સેવા કાજેરે;
પ્રભુ મુખ પંકજ નિરખી નિરખી, હરખિત હોવે બાજેરે. સમવ૦ ૪

**વિમલ** સ્વરૂપી વિલસતી જેની, કીર્તિ મીઠી આજેરે;
**દાન** દીયો અક્ષય સુખ સઘલાં, દિન દિન અધિક દિવાજેરે સમવ૦ ૫

---

**ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन,**
**देहं विहाय परमात्मदशां व्रजन्ति ।**
**तीव्रानलादुपलभावमपास्य लोके,**
**चामीकरत्वमचिरादिव धातु भेदाः ॥**

**कल्याणमन्दिर स्तोत्र श्लोक-१५**

**અર્થ**—હે જિનેશ્વર ! આપના ધ્યાનથી ભવ્ય પ્રાણિઓ ક્ષણવારમાં શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. જેમ લોકમાં ધાતુભેદેમાટી પાષાણુમાં મળેલ ધાતુઓ પ્રબળ અગ્નિ વડે પાષાણપણાનો ત્યાગ કરીને તત્કાળ સુવર્ણપણાને પ્રાપ્ત કરે છે.

૧૯

# શ્રી આત્મારામજી મહારાજ

ચોવીસી રચના સં. ૧૯૩૦

આ મહાન પુરૂષનો જન્મ સંવત ૧૮૯૩ ચૈ. સુ. ૧ પંજાબ દેશમાં **ફીરોજપુરના લેહરા** ગામમાં થયો હતો. પિતાનું નામ **ગણેશચંદજી** ને માતાનું નામ **રૂપાદેવી** હતું. પિતાશ્રીના સ્વર્ગવાસ પછી પિતાના મિત્ર શ્રાવક જોદ્ધામલને ત્યાં રહી જીરા ગામમાં જૈન ધર્મના મૂળતત્ત્વો શ્રી નવતત્ત્વો વિગેરેનો અભ્યાસ કર્યો.

સં. ૧૯૧૦માં સ્થાનકવાસી મતના સાધુ જીવનરામ પાસે દીક્ષા લીધી. ૩૨ સૂત્રો ઉપરાંત સંસ્કૃત તથા વ્યાકરણનો અભ્યાસ કર્યો. શાસ્ત્રાભ્યાસ દ્વારા મૂર્તિપૂજાનો સુત્રોમાં નિર્દેશ છે. તે જાણુતા અને મૂર્તિઓ પ્રાચીન કાલથી જોવામાં આવે છે એ વાતનો નિશ્ચય થતાં સ્થાનકવાસી મતનો ત્યાગ કરી પંજાબથી પંદર સાધુઓની સાથે આબુ અને શ્રી શત્રુંજય તીર્થની જાત્રા કરી. સં. ૧૯૩૨માં **મણિવિજય** દાદાના શિષ્ય **બુટેરાયજી** (શ્રી બુદ્ધિવિજયજી) પાસે મૂર્તિપૂજક પંથની દીક્ષા લીધી, શ્રી આનંદવિજયજી થયા. સાથેના પંદર સાધુઓને પોતાના શિષ્ય કર્યા, ગૂજરાત મારવાડમાં વિચરી સં. ૧૯૩૫માં પંજાબમાં આવ્યા, ત્યાં નવા શિષ્યો કર્યા. ૧૯૩૭માં ગુજરાંનવાલામાં ચોમાસુ કર્યું. અને પાંચ વર્ષ પંજાબમાં રહી ૧૯૪૦માં વિકાનેર ચોમાસુ કર્યું સં. ૧૯૪૧માં અમદાવાદ આવ્યા. ત્યાંથી ખંભાત જઈ પ્રાચીન ભંડારોમાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. સં. ૧૯૪૨માં સૂરત ચોમાસુ કર્યું ત્યાં **હુકમમુનિ** સાથે ધર્મચર્ચા કરી. સં. ૧૯૪૩માં પાલીતાણામાં ચોમાસું કર્યું અને સંઘે તેમને **આચાર્યપદ** અર્પણ કર્યું અને નામ **વિજયાનંદસૂરિ** રાખ્યું.

## શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ
## (શ્રી આત્મારામજી મહારાજ)

સ્થાનકવાસી દીક્ષા સં. ૧૯૦૧ સંવેગી દીક્ષા ૧૯૩૨



આચાર્યપદ સં. ૧૯૪૩, કારતક વદ ૫ પાલિતાણા

જન્મ સં. ૧૮૯૩, લેહરા (પંજાબ) સ્વર્ગવાસ સં. ૧૯૫૨

તપગચ્છમાં પ્રથમ આચાર્ય થયા. ત્યાંથી પાટણ આવી પ્રાચીન ભંડારોમાંથી અનેક ગ્રંથોનો અભ્યાસ કર્યો ત્યાંથી રાધનપુર થઈ મહેસાણામાં ૧૯૪૫માં ચાતુર્માસ કર્યું. ત્યાં ડો. હોર્નલ (Hornle) નામનાં વિદ્વાને જૈનધર્મ સંબંધી પુછેલા પ્રશ્નોના ઉત્તર આપ્યા. (મગનલાલ દલપતરામ મારફત) ત્યાંથી ગૂજરાત, કાઠિયાવાડ, મારવાડ વિગેરે પ્રાંતોમાં વિચરી ફરી પંજાબમાં પધાર્યા. લુધિયાનામાં આર્યસમાજ-વાલા સાથે ચર્ચા કરી ૧૯૪૮માં અમૃતસરમાં અરનાથ ભગવાનનાં દેરાસરની પ્રતિષ્ઠા કરી, જીરામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથની તથા હોશિયારપુરમાં શ્રી વાસુપૂજ્યનાં દેરાસરની પ્રતિષ્ઠા કરી.

સં. ૧૯૫૦માં ચિકાગોમાં વિશ્વધર્મ પરિષદ તરફથી આમંત્રણ મળ્યું. અને ત્યાં જૈન ગ્રેજ્યુએટ શ્રી **વીરચંદ રાઘવજી** ગાંધીને મોકલ્યા.

ચિકાગો વિશ્વધર્મ પરિષદ તરફથી નીચે મુજબ અભિપ્રાય મળ્યો.

## અમેરિકાના ચિકાગો શહેરમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદનો રિપોર્ટ ભાગ ૧લો પૃ. ૨૧

No man has so peculiarly identified himself with the interests of the Jain Community as Muni **Atmaramji.**

He is one of the noble band, sworm from the day of initiation to the end of life, to work day & night, for the high misson they have undertaken. He is the high priest of the Jain Community & is recognized as the highest living "Authority" on Jain Religion & lilerature by oriental Scholars.

## ગૂજરાતી

મુનિશ્રિ આત્મારામજીએ જૈનધર્મી પ્રજાના હિતાર્થે જેટલું કામ કર્યું છે તેટલું ખરેખર કોઈ પણ માણસે કર્યું નથી.

અમુક દિવ્ય ધ્યેયથી, જે ઊમદા વર્ગે દીક્ષા લઈને આખી જીંદગી

પર્યંત રાત્રી દિવસ સતતપણે પવિત્ર જીવન ગાળવાનું વ્રત લીધું છે, તેમાંના તેઓ એક છે. તેઓ જૈન ધર્મી પ્રજાના ઉચ્ચ કોટિના ધર્મગુરુ છે, તેમજ પૌર્વાત્ય વિદ્વાનોએ તેમને જૈન ધર્મ અને સાહિત્યના પ્રશ્નોમાં પ્રમાણભૂત લેખાતા જીવંત પુરુષોમાં સર્વ શ્રેષ્ઠ માન્યા છે.

**પરમહંસ** પરિવ્રાજકાચાર્ય સ્વામીશ્રી યોગજીવાનંદ સરસ્વતી જેવા સમર્થ વિદ્વાન મહાત્માએ, અને ડૉ. એ. એફ. રૂડોલ્ફ હોનલ જેવા પાશ્ચાત્ય વિદ્વાનોએ ઊંડા ધર્મજ્ઞાન તથા સચ્ચારિત્રથી, તેમજ પ્રશ્નોના તેઓશ્રીના પ્રત્યુત્તર આપવાની અને શંકાનું સમાધાન કરવાની શક્તિથી મુગ્ધ બની, તેઓશ્રીની મુક્તકંઠે પ્રશંસા કરી છે; તથા પોતે સંપાદિત કરેલ પુસ્તકની અર્પણ પત્રિકા તેઓશ્રીને ચરણે ધરી છે.

તેઓશ્રીનું સંગીતનું જ્ઞાન કેવું ઊચ્ચ પ્રકારનું હતું તેનું એક દૃષ્ટાંત આ પ્રમાણે છે. એક દિવસ **આત્મારામજી** મહારાજ આવશ્યક ક્રિયા બાદ જ્ઞાન ગોષ્ઠી કરતા હતા. ત્યાં એક જણે પ્રશ્ન પૂછ્યો. મહારાજશ્રી **ઊત્તરાધ્યનસૂત્ર**માં **ત્રિતાલ ધ્રુવપદ** રાગમાં ગેય એક અધ્યયન છે તો એને કેવી રીતે ગાવું. તે સમયે એક ઊસ્તાદ પ્રસિદ્ધ ગવૈયો મહારાજ શ્રીનું નામ સાંભળી આવ્યો હતો. તેને જોઈને મહારાજશ્રીએ કહ્યું કે ભાઈ આ ઊસ્તાદજી ગાઈ સંભળાવશે. તે ઊસ્તાદજીએ ગાયું પણ તાલમાં ફરક પડવાથી રસ ન પડયો. પછી મહારાજશ્રીને વીનંતી કરતાં મહારાજશ્રીએ ગાવાનો આરંભ કર્યો. તેમની અનુપમ લયની ગર્જના સાંભળી બધા ડરી ગયા. ઊસ્તાદજી બોલી ઊઠયા. "મહારાજશ્રી આપને ઐસા સંગીતકા અભ્યાસ કહાં કિયા થા, મહારાજ ક્ષમા કરે, આપનો સંગીત કલાપાર ગામી હૈ. આપ તો ઊસ્તાદકે ભી ઊસ્તાદ હૈ.

આ રીતે આત્મારામજી એક અદ્ભુત કવિ તથા સંગીતના જાણકાર હતા. તેઓશ્રી એક નૈસર્ગિક કવિ હતા. અને તેઓશ્રી માટે સાક્ષર શ્રી મોતીચંદ ગિરધરલાલ નીચે પ્રમાણે લખે છે—"પૂ. આત્મારામજી મહારાજે અનેક સ્તવનો ગૂંથ્યા છે. તમે એક વાર એને સાંભળ્યા

હોય તો તમને તેમાં એક એવા પ્રકારનો રસ જામશે કે તમે તેને વારંવાર ગાયા કરશો. જ્યારે તમે એકાંતમાં આનંદ લેતા તે પદ્યોને સંભારશો ત્યારે તમને ખૂબ લહેર આપશે, અને સાથે અંતરાત્મા, જાણે કોઇ અપૂર્વ ઉદાત્ત દશા અનુભવતો હોય એમ લાગશે.

એમણે બનાવેલી પુજાઓ અને સ્તવનોમાં ભાવવાહી શબ્દ–ચિત્ર જરૂર દેખાય છે. તેમનામાં નૈસર્ગિક કાવ્ય શક્તિ હતી. અને તે ઉપર ઉપરની નહિ પણ ખરેખરી રસસિદ્ધ ગેયશક્તિ હતી. તેનો પ્રત્યક્ષ ચમત્કાર નીરખવો કે અનુભવવો હોય તો આવા જ કાવ્યો તમને ડોલાવી શકે. મદમસ્ત મોહરાયની જાળ તો એવી ફેલાયેલી છે. કે એ પોતાની જાળમાં પ્રાણીને સફળ રીતે પકડી શકે છે, પણ જિંદગીની જંજાળની વિસરી જઈ આત્મરમણતા કરાવે તેવા **કવનો** બહુ અલ્પ છે, **આત્મા** ડોલાવે તેવાં **કવનો** તેથી પણ અલ્પ છે. અને તેવાં પ્રકારનાં **કવનો** આ નૈસર્ગિક કવિના હોઈ ખાસ નોંધવા લાયક છે."

શ્રી આત્મારામજીની પૂજાઓ ભાવવાહી અર્થ ગંભીર શબ્દલાલિત્યથી ભરપૂર હતી અને તે ઠેર ઠેર ભણાવાતી હતી. ખાસ કરીને ભાવનગરમાં આજથી ચાલીસ વર્ષ પહેલાં બહુ આનંદપૂર્વક શ્રાવકો ભણાવતા હતા. જેનું દૃષ્ટાંત રૂપે એક હકીકત રજુ કરવામાં આવે છે. સંવત ૧૯૭૧માં ભાવનગરથી સિદ્ધગિરી જતાં છરીપાલતા શેઠ ફત્તેહચંદ જવેરભાઇએ પોતાના પિતાશ્રીના સંકલ્પ અનુસારે સંઘ કાઢયો હતો, તે પ્રસંગે રસ્તામાં **શાણા** મુકામે આત્મારામજી મહારાજના મુખ્ય પટ્ટધર પૂ. ઉ. શ્રી વીર વિજયજીએ તેઓની શ્રી નવપદપૂજા ભણાવી હતી અને તે પૂજા ઉપાધ્યાયજીએ એવા સુંદર આલાપથી ભણાવી હતી કે લગભગ બેહજાર માણસોને અપૂર્વ આલ્હાદ સાથે ચિત્તમાં આનંદ ધ્વનિ ઉપજાવી આધ્યાત્મિક શાંતિ આપી હતી. પૂજા ઉપર સંઘપતિ શ્રી ફત્તેહચંદભાઇએ વિવેચન ૧૯૭૨માં કર્યું હતું. અને તે ભાવનગરથી પ્રગટ થતા માસિક શ્રી આત્માનંદ પ્રકાશમાં પ્રગટ થયું હતું. આ વરસે શ્રી ભાવનગર આત્માનંદ સભા તરફથી અન્ય લેખોવાલા પુસ્તકમાં પ્રગટ થાય છે.

આવા મહાન કવિ તથા વીસમી સદીના પ્રથમ આચાર્યશ્રીએ સં. ૧૯૫૧માં જીરામાં ચતુર્માસ કર્યું ત્યાં પંજાબમાં હજુ સુધી સાધ્વીઓ નહોતી તેમને જીરા ગામમાં એક બાઇને દિક્ષા આપી. પટ્ટીમાં **શ્રી મનમોહનપાર્શ્વનાથ**ની પ્રતિષ્ઠા કરી, અંબાલામાં સં. ૧૯૫૨માં **શ્રી સુપાર્શ્વનાથ**ની પ્રતિષ્ઠા કરી સં. ૧૯૫૨માં સનતખતરામાં ૧૭૫ જિનબિંબોની અંજન શલાકાકરીને ત્યાં પ્રતિષ્ઠા કરી.

સં. ૧૯૫૨ના જેઠ સુદ ૮ને દિને ગુજરાનવાલા સ્વર્ગવાસ પામ્યાં.

આ સાથે તેમના પાંચ સ્તવનો પ્રગટ કર્યાં છે.

## શ્રી આત્મારામજી મહારાજની ગ્રંથ રચના

૧ શ્રી નવતત્ત્વ તથા ઉપદેશ બાવની, રચના સં. ૧૯૨૭
૨ શ્રી જૈન તત્ત્વાદર્શ, રચના સં. ૧૯૩૯ હોશિઆરપુર ગુજરાતી ભાષાંતર થયું છે.
૩ અજ્ઞાનતિમિર ભાસ્કર, રચના સં ૧૯૪૨ ખંભાત
૪ શ્રી સમ્યકત્વ શલ્યોદ્ધાર, રચના સં. ૧૯૪૧ અમદાવાદ
૫ શ્રી જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર, રચના સં. ૧૯૪૫
૬ જૈનમતવૃક્ષ. પ્રકાશન સં. ૧૯૫૨
૭ ચિકાગોપ્રશ્નોત્તર, ૧૯૪૯ આસપાસ
૮ શ્રી ચતુર્થ સ્તુતિનિર્ણય ભા.૧ ૧૯૪૪ રાધનપુર, ભા. ૨ ૧૯૪૮ પટ્ટી
૯ જૈનમતકાસ્વરૂપ, ૧૯૪૨ સુરત
૧૦ ઇસાઇ મત સમીક્ષા
૧૧ શ્રી તત્ત્વનિર્ણયપ્રાસાદ, રચના સં. ૧૯૫૧ ભા. સુદ ૪ છેલ્લી કૃતિ જીરા–પંજાબ

આ ઉપરાંત (૧) સ્નાત્ર પૂજા, (૨) અષ્ટ પ્રકારી પુજા ૧૯૪૩ પાલીતાણા. (૩) વીસ સ્થાનકપદ પુજા ૧૯૪૦. (૪) સતરભેદી પુજા ૧૯૩૯ અંબાલા (૫) નવપદ પુજા (૬) ચોવીસી ૧૯૩૦ તથા અનેક સ્તવનો ચૈત્યવદનો પદો સઝાયો રચ્યાં છે.

૧

(શ્રી વિજયાનંદ સૂરિકૃત)

## શ્રી ઋષભજિન સ્તવન

(આસણરા યોગી – એ દેશી)

પ્રથમ જિનેસરમરૂ દેવીનંદા, નાભિગગનકુલચંદારે મનમોહનસ્વામી;
સમવસરણ ત્રિકોટ સોહંદા, રજત કનક રત નંદારે મન૦ ૧

તરુ અશોક તલે ચિહુ પાસે. કનક સિંહાસન કાસે રે મન૦
પૂર્વદિસિ સુર છંદે ભાસે, બિંબ ત્રિહુ દિશ જાસે રે મન૦ ૨

મુનિ સુરનારી સાધવી સારી, અગનકોન સુખકારી રે મન૦
જ્યોતિ ભવન દેવી નિરતે ઇનપતિ વ્યાયવ થિરતે રે મન૦ ૩

સુરનરનારી કુણ ઇશાને, પ્રભુ નિરખી સુખ માને રે મન૦
તુલ્યનિમિત્ત ચિહુ વર થાને, સમ્યગદરસી જાને રે મન૦ ૪

આદિનિક્ષેપા ત્રિજગઉપગારી, વંદકભાવ વિચારી રે મન૦
વાગ જોગ સુન મેઘ સમાનો, ભવ્ય સિખી હરખાનો રે મન૦ ૫

કારણ નિમિત્ત ઉજાગર મેરો, સરણ ગહો અવતેરો રે મન૦
ભગતવચ્છલ પ્રભુ જગતઉજેરો,તિમર મોહહરો મેરો રે મન૦ ૬

ભગતિ તિહારી મુઝમન જાગી, કુમતિ પંથદિયો ત્યાગી રે મન૦
આતમ જ્ઞાન ભાન મતિ જાગી, મુઝતુઝ અંતર ભાગી રે મન૦ ૭

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

(ભવિકજન નિત્ય યે ગિરિવંદો એદેશી)

ભાવિકજન શાંતિ હે જિનવંદો, ભવભવના પાપ નિકંદો. ભવિ૦ ૧
પૂરવ ભવ શાંતિ શાંતિ કરીનો, કાપોત પાલ સુખ લીનો,
કરૂણા રસ સુધ મન ભીનો, તેતો અભયદાન બહુ દીનો. ભવિ. ૨

અચિરાનંદન સુખ દાઈ, જિન ગર્ભે શાંતિ કરાઈ;
સુરનર મિલ મંગલ ગાઇ, કુરૂ મંડનર મારીનસાઈ. ભવિ. ૩

જગ ત્યાગ દાન બહુદીના, પામર કમલા પતિકીના;
શુદ્ધ પંચમહાવ્રત લીના, પાયા કેવલજ્ઞાન અઈના. ભવિ. ૪

જગ શાંતિક ધરમ પ્રગાસે, ભવ ભવના અધ સહુ નાસે;
સુદ્ધજ્ઞાન કલા ઘટ ભાસે, તુમનામે અરે ૨ પરમ સુખ પામે. ભવિ. ૫

તુમ નામ શાંતિ સુખ દાતા. તું માત તાત મુઝ ભ્રાતા;
મુઝ તાત હરોગુણ જ્ઞાતા,તમ શાંતિક અરે ૨ જગત વિધાતા ભવિ. ૬

તુમ નામે નવનિધ લહિયે, તુમ ચરણ શરણગહિ રહિયે;
તુમ અર્ચન તન મન વહિયે, એહી શાંતિક અરે ૨
ભાવના કહિયે ભવિ. ૭

હું તો જન્મ મરણ દુઃખ દહિયો,અબ શાંતિ સુધારસ લહિયો;
એક **આતમ** કમલ ઉમહિયો, જિન શાંતિ અરે ૨
ચરણ કજ ગહિયો. ભવિ૦ ૮

---

૩

## શ્રી નેમનાથ સ્તવન

ચેતમેં સોહાગ સહિયા, ફલીયો સબ રૂપમે,
જ્ઞાનફુલ ચારિત્ર ફલભર લાગીયો ચિદ્રુપમે;
પુન્ય યોવન ચરયો નીકો કરણ પંચ સનૂરી,
અબ દેખ **નેમ** વિયોગ સેતી ભયે છિનકમેં દૂરિયાં ॥૧॥

વિશાખ તામસ ઉડીયો સબ ફુલ ફલ મુઝાઈયા,
ચિત દાહ ભસ્મીભૂત કીનો શાંતિ રસ સુસાઇયા;
મન શૈલ રાજ કઠિન કીનો દંભ નાગ ન ધ્યાઇયા,
અબ પ્યાસ શાંત ન હોત કિમહી ત્રિભોવન જલ ધ્યાઇયા. ॥૨॥

જેઠ જાગી કુગુર વાયુ અંધીયાં બહુ આઇયા,
તન મન સખિ મલીન કીને નયન રજ બહુ છાઇયા;
કછુ આપ પરકી સુઝ નાહી પરે ઘોર અંધેરમેં,
સબ રૂપ સુંદર છાર કીને મોહ મહામત ઘેરમે. ॥૩॥
આષાઢ કુગર પ્રદાન કીનો તપ્ત વાત ચૌરાસીયા;
માનસી તન રોગ પીરા ધરમ ગરમી ફાસીયા,
અધો ભૂમિ નરક તાતી છાતીયાં બહુ દુઃખ ભરે,
અબ નેમ સમરણ કીજીયે તન તપત ટારે દુઃખ રે; ॥૪॥
સાવન ઘટા ઘનઘોર ગાજી નેમ બાની રસ ભરી,
અપછંડ નિંદક સંગમે તિન જાત સિર વીજરી પરી;
સત્તા સુભૂમિ ભવ્યજનકી અંસ અંસે સબ હરી;
અબ આશ પૂન્ય અંકુરકી મનમોદ સહીયાં ફિર ખરી. ॥૫॥
ભાદો ભયે કુનપુન્ય પૂરે ધરમવારી વહ લહી,
સહસ અષ્ટાદશ દલે સીલાંગ સંગ્યા ઝુમ રહી;
સરધાન જલ સુદ્ધ સીંચતા અતિગ્યાન તરવર ફૂલ રહે,
લાગેંગે અજારામર ફ્લ મધુ નેંમ આણા સિર વહે; ॥૬॥
આસુ પુકારે કુગુરૂ પિતરા હમરી ગત તુમ કીજીયે,
ભવ્ય બ્રાહ્મણ ખીર જિન વચ ચાખીયે રસ પીજીયે;
કુગુરૂ ખાલી હાથ બેઠે પાયે નરભવ ખોયકે,
પૂજો દોષ હરો ધરમ દશવિધ ગ્યાન દરશન જોયકે. ॥૭॥
કાતિક દિવાલી ગ્યાન દીપક ભરમ તિમિર ઉડાઇયા,
અબ ગ્યાનપંચમી નિકટ આઈ કરણ ત્રિક શુદ્ધ પાઇયા;
અષ્ટ દૃષ્ટિ જોગ સાધી ભાવના ત્રિક ભાઇયા,
અબ ભઈ કુમતિ તમ દૂરે સીત જિન વચ પાઇયા. ॥૮॥
મગસિર ભયે સબ છાર મમતા જાન મહાદુઃખ રાસીયા,
સુત તાત ભ્રાતા મિત્ર જનની જાન મહાદુઃખ ફાંસીયા;

કોઈ ન તેરા મિત્ત દુર્જન સજન સંગી હિત કરો,
ઈક નેમ ચરણ આધાર શિવ મગ આશ મન માંહિધરો. ॥૯॥

પોષે તનુ પરિવાર પરિજન ચિત્ત તેરે હે નહિ,
તડિત દમક જ્યું કાન કરિ વર રાગ સંધ્યા છિન રહિ;
ચક્રી હલધર સંખ ભૃત જન દેખ સુપના રૈનકા,
કોઈ ન થિરતા જાન અબ મન આસર જિન વૈનકા, ॥૧૦॥

માહ મદકી વાસના મન ગ્યાન દરસન મેલીયા,
યામ સુમતિ તપ કુઠારે કરમ છીલક છેલીયા;
જારકે સબ મદન વન ઘન મોક્ષ મારગ ઝેલીયા,
અબ દેખ ચંગ અખંગ રાજુલનેમ હોરી ખેલીયા ॥૧૧॥

શીલ સજ તનુ કેસરી પિચકારીયા શુભ ભાવના,
ગ્યાન માદલ તારસમરસ રાગ શુધ ગુણ ભાવના;
ધૂર ઉડી કરમકી સબ સાંગ સગરે ત્યાગીયા,
નેમ **આત્મારામકા** ધરી ધ્યાન શિવ મન લાગીયા. ॥૧૨॥

---

૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

રંગ વટંસ

મૂરતિ **પાસ** જિનંદકી, સોહની મોહની જગત ઉધારણ હારી,
નીલકમલદલ તન પ્રભુ રાજે,
સાજે ત્રિભુવન જન સુખકારી;
મોહ અગ્યાન માન સબ દલની,
મિથ્યા માન મહા અઘ જારી, મૂરતિ ૧

હું અતિ હીન દીન જગ વાસી,
માયા મગન ભયો શુધ બુધ હારી;
તો બિન કૌન કરે મુજ કરૂણ,
વેગા લેયો અબ ખબર હમારી. મૂરતિ૦ ૨

તુમરે દરશન બિન બહુ દુઃખ પાયે,
આયે કનક જૈસે ચરી મતવારી;
કુગુરૂ કુસંગ રંગ વસ ઉરઝ્યો,
જાની નહિ તુમ ભક્તિ પ્યારી. મૂરતિ૦ ૩

આદિ અંત બિન જગ ભરમાયો,
ગાયેસ કુદેવ કુપંથ નિહારી;
જિન રસ છોર અન્યરસ ગાયો,
પાયો અનંત મહા દુઃખ ભારી. મૂરતિ૦ ૪

કૌન ઉદ્ધાર કરે મુઝ કેરો,
શ્રી જિન બિન સહુ લોક મઝારી;
કરમ કલંક પંક સબ જારે,
જો જન ગાવત ભગતિ તિહારી. મૂરતિ૦ ૫

જૈસે ચંદ ચકોરન નેહા,
મધુકર કેતક દલ મન પ્યારી;
જનમ જનમ પ્રભુ પાસ જિનેસર,
વસો મમ મેરે ભગતિ તિહારી. મૂરતિ૦ ૬

અશ્વસેન વામાકે નંદન,
ચંદન સમ પ્રભુ તપ્ત બુઝારી;
જિન આતમઅનુભવ રસ દીજો,
કીજો પલક મેં પ્રત સંસારી. મૂરતિ૦ ૭

---

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

(ગીતકી-દેશી)

ભવોદધિ પાર ઉતારણી જિનવરની વાણી,
પ્યારી હે અમૃત રસકેળ જિનવરની વાણી;

ભરમ મિથ્યાત નિવારીયો જિન૦,
ધીધા હે અનુભવ રસ મેળ પ્યારી૦ ૧
અમ સરીખા અતિદિનને જિન૦
દૂષમ હે અતિઘોર અંધાર પ્યારી૦;
જ્ઞાનપ્રદીપ જગાવીયો જિન૦,
પામ્યા હે અતિમાર્ગ સાર પ્યારી૦ ૨
અંગઉપંગ સરૂપસું જિન૦
પઈન્નેહે છ છેદ ગ્રંથ પ્યારી૦;
ચૂર્ણિ ભાષ્ય નિર્યુક્તિસુ જિન૦
વૃત્તિહેનીકી મોક્ષનો પંથ પ્યારી૦ ૩
સદ્‌ગુરૂની એ તાલકા જિન૦
જસુહે ખુલે જ્ઞાન ભંડાર પ્યારી;
ઇનવિન સૂત્ર વખાણીયો જિન૦
તસ્કર હે તિણુ લોપીકાર પ્યારી૦ ૪
સોહમ ગણુધર ગુણનીલો જિન૦
કીધો હે જિન જ્ઞાન પરકાસ;
તુઝ પાટોધર દીપતા જિન૦,
ટાર્યો જિન દુરનય પાસ પ્યારી૦ ૫
અમસરીખા અનાથને જિન૦
ફિરતા હે વીત્યો કાળ અનંત પ્યારી;
ઈન ભવીની તક જે થયા જિન૦
તુ જાણે હે તો સુ કૌન કહંત પ્યારી૦ ૬
જિનવાણી વિણુ કૌન થા જિન૦
મુઝને હે દેતા મારગસાર પ્યારી૦;
જ યો જિનવાણી ભારતી જિન૦
જાર્યો હે મિથ્યામત ભાર પ્યારી૦ ૭

હું અપરાધી દેવનો જિન૦
કરી હે મુઝને બગસીસ પ્યારી૦;
નિંદક પાર ઉતારના જિન૦
તુહી જગનિર્મલ ઈસ પ્યારી૦ ૮
બાલક મુરખ આકરો જિન૦
ધીઠો હે વલી અતિ અવિનીત પ્યારી૦;
તોપિણ જનકે પાલીયે જિન૦
ઉત્તમ હે જનની એ રીત પ્યારી૦ ૯
જ્ઞાનહીન અવિવેકીયા જિન૦
હઠી હે નિંદક ગુણ ચોર પ્યારી;૦
તોપિણ મુઝને તારિયે જિન૦
મેરી હે તેરો મોહની દોર પ્યારી૦ ૧૦
ત્રિસલાનંદન **વીરજી** જિન૦
તુ તો હે આસાવિસરામ પ્યારી૦
અજર અમર પદ દીજિયો જિન૦
થાવુ હે જિમ **આતમરામ** પ્યારી૦ ૧૧

૬

## કલશ

ચૌવીસ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહગહે, સંઘરંગ
ઉમંગ નિજગુણ ગાવતા શિવપદ લહે.
નામે અંબાલાનગર જિનવર જૈન રસ ભવિજન પિયે,
સંવચ્છરો ખ૦મુ અષ્ઠિ૦ નિધિ ૯ વિધુ ૧ રુપ આતમ જસ કિયે, ૧

## દોહા

જિનવર જસ મનમોદથી, હુકમ મુનિ કે હેત;
જો ભવિ ગાવત રંગસું, અજર અમર પદ દેત. ॥

૨૦

# પંન્યાસ શ્રી ગંભીર વિજયજી

( ચોવીસી રચના સં. ૧૯૪૪ ઘોલેરા )

શ્રી બુટેરાયજી મહારાજના શિષ્ય શાંતમૂર્તિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના શિષ્ય પંન્યાસજી શ્રીમદ્ ગંભીરવિજયજીનો જન્મ ૧૯૦૦માં ગ્વાલીઅર જીલ્લા માં **સોનાગીર** ગામમાં થયો હતો.

તેઓશ્રીએ યતિ પણાની દિક્ષા સં. ૧૯૨૪માં સ્વીકારી હતી ત્યારબાદ સં. ૧૯૩૧માં સંવેગી દિક્ષા લીધી હતી. સં. ૧૯૪૪માં ઘોલેરા ગામમાં ચોવીસીરચના કરી. સંવત ૧૯૪૮માં તેમને **પંન્યાસ** પદ અર્પણ કરવામાં આવ્યું હતું તેઓનું આગમો વિષેનું જ્ઞાન ઘણું સારૂ હતું. આ મહાપુરૂષે પોતાના જીવનનો મોટો ભાગ જ્ઞાન ધ્યાનમાં પસાર કર્યો હતો. વિશુદ્ધ ચારિત્રવાન હતા અને સદાએ ક્રિયાકાંડમાં રકત રહેતા. ભાઈશ્રી મોતીચંદભાઈ શ્રી આનંદઘનજીના પદોનું વિવેચન લખ્યુ છે. તેનું સંશોધન પં. ગંભીરવિજયજીએ કરી આપ્યું હતું. સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિનિ આચાર્ય પદવી એમના હસ્તે ભાવનગર મુકામે થઇ હતી. સંવત ૧૯૫૬માં ભાવનગરમાં દાદાસાહેબની વાડીમાં શ્રી મહાવીર સ્વામીના દેરાસરની પ્રતિષ્ઠા એમના હાથે થઇ હતી. તેઓશ્રી માટે સાક્ષર શ્રી મોતીચંદ ગીરધરભાઇ લખે છેઃ

"મારા સર્વસહાધ્યાયીયો પણ પં. મહારાજ શ્રી ગંભીરવિજયજીના શ્રી આનંદઘનજીના પદોના અર્થ બતાવવાનો ચાતુર્ય અને વિચાર બળ માટે બહુ વખાણ કરતા હતા. જે મહાત્મા પુરૂષે આખું જીવન ધર્મ-

શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના
શિષ્ય
પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજ

દીક્ષા સં. ૧૯૩૧



પંન્યાસપદ સં. ૧૯૪૮

જન્મ સં. ૧૯૦૦ સોનાગીર–ગ્વાલીયર

સ્વર્ગવાસ સં. ૧૯૬૯

કાર્યમાં ગાળ્યું હતું. જેમનો શાસ્ત્ર બોધ આ કાળમાં એક મતે અતિ ઉચ્ચ મનાતો હતો."

તેઓશ્રીનો સ્વર્ગવાસ સં. ૧૯૬૯ના પોસ વદ ૮ને દિવસે થયો હતો. આ સાથે તેમના પાંચ સ્તવનો તથા કલશ એમ ૭ કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

## સાહિત્યરચના

| સંસ્કૃત | ગુજરાતી |
|---|---|
| ૧ શ્રી અધ્યાત્મસારની ટીકા ૭૦૦૦ રચના સં. ૧૯૫૨ | ૧. શ્રી ચોવીસી રચના સં. ૧૯૭૪ બોલેસ |
| ૨ શ્રી જ્ઞાન સારની ટીકા ૩૦૦૦ શ્લોક | ૨. પુજાઓ— |
| ૩ શ્રી શાંતસુધારસની ટીકા ૩૦૦૦ શ્લોક | |
| ૪ શ્રી નયકર્ણિકા પ્રકરણની ટીકા | |

૧

## શ્રી રૂષભદેવ સ્તવન

(રાગ ખ્યાલ ટપ્પો)

પ્રભુ મેરી અરજ સુનો વિસરામી. પ્રભુ૦
રાગ વિષ વિષમ હરણ પ્રવીણ, ભવરોગ વૈદ્ય શિવગામી પ્રભુ૦ ૧
કામ તપત હર ચૂરણ દીજે, કીજે સમ પરિણામી. પ્રભુ૦ ૨
રાગી અનાદિ આ ટેવ નઠારી, મિટે જિમ મેરી સ્વામી. પ્રભુ૦ ૩
મોહવિષ શક્તિ હત કરી સ્વામી, નામ વિદ્યા જપ પામી. પ્રભુ૦ ૪
એહિજ શરણ ઉગારણ ભવથી, નાભિ સુત અંતરજામી. પ્રભુ૦ ૫
દુઃખ હર સુખ વૃદ્ધિ મીલે તુમથી, ગંભીર નમે શિરનામી. પ્રભુ૦ ૬

૨

## શ્રી શાંતિનાથજિન સ્તવન

( રાગ – દેશ સોરઠ. )

( " પુદ્ગલકા કયા વિશ્વાસા૦ " એ દેશી. )

**અચિરા સુત** અંતરજામી, મેરી અર્જ સુણો વિસરામી.
એ આંકરણી

મેરૂ કઠિનતાથી પણું ગાઢી, થિરતા નંદન પામી,
ગુણ સુરતરૂ ફુલે તાપે, દેવ રમણ ભયે સ્વામી. અચિ૦ ૧

અદ્દભુત રૂપ સજી શચિ નાચે, રાચે ન ત્રિભુવન સ્વામી;
પ્રદેશ હલે ન ઘન ઉપસર્ગે, ક્ષાયક ભાવને પામી. અચિ૦ ૨

અચલ રહ્યો નિજ ગુણમેં નિશદિન, પરગુણ સઘલે વામી;
તે થિરતા દેખી મેરો, મન લલચાનો સ્વામી. અચિ૦ ૩

કિન વિધ પાઉં આતુર એસો, નિરખી રહું જ્યું કામી;
રમણી દ્રગ વેંધ્યો પણ જાણું, મોહ ખપે તુમ પામી. અચિ૦ ૪

વૃદ્ધિ **ગંભીર** આશા પૂરો, દેતાં નહીં તુમ ખામી;
તે વિણુ કરણી ન આવે કામે, તિણે માગું શિર નામી. અચિ૦ ૫

---

૩

## શ્રી નેમનાથજિન સ્તવન

( રાગ–ઠુમરી–કેરબો )

સહસફણા મોરા સાહીબા તોરી સામરી સુરતપર વારી જાઉરે.
-એ ચાલ.

આવો આવો નગીના **નેમજી**, મનમોહન. નિશદીન ધ્યાઉરે
એ આંકણી

દિનાનાથ દિનની અરજી, ગુણમચ્છર હરો ગુણી થાઉરે. આ૦ ૧

તુચ્છ બુદ્ધિ અનાચારી અન્યાયી, પરમહીમા સુણી ખેદાઉંરે, આ૦ ૨
સર્વધર્મ રહિત છું સાહિબ, અધમો જાગધર્મિ મનાઉંરે, આ૦ ૩
ગુણ હિણો શિક્ષા સુણિ કોપું, ચાહું ગુણી પૂજા કેમ પુજાઉંરે. આ૦ ૪
વૃદ્ધિ ગંભીર જિન કરૂણા કીજે, જિમ અનાથ સનાથ હું થાઉંરે.
આ૦ ૫

---

૪

## પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ કલ્યાણ)

(સુગણ બિહારી સિદ્ધહી નિજ પદ ધારી) એ રાગ.

પારસનામ સદા ધરો દિલમેં, પારસનામ જપેં ખપેં પાપ પલકમે;
નિશિનો અંધારો જ્યું પ્રાત સમયમેં. પારસ૦ ૧
સંકટ વિકટ અડભય નહિ આવે; પેશે ન છાયા જ્યું આતપમે. પા.૨
પુષ્કરાવર્ત મેઘકી ધારા, સુકૃત વન સિંચન મેં પા.૦ ૩
મંગલ માલ સદા જિન નામે,અડસિદ્ધિ નવનિધિ નિવસે ઘટમે. પા.૪
આતમ લોહ કનક કર પારસમણિ, સમ
વૃદ્ધિ ગંભીર ગુણ જગમે. પા. ૫

---

૫

## મહાવીર જિન સ્તવન

(રાગ ઠુમરી 'શરદ રયણ ઝુક રહી વનમે'' એ રાગ)

સમવસરણ સુર રચિત વિરાજે, ચતુરાનન વીર વદેરે, સમ૦
દેવ વિમાને ગગન સબ છાયો, દુંદુભિ નાદ નંદેરે;
છત્ર ચમર ગંધાદિક વરસે, ફલ્યા ષટ રિતુ સેવે મુદેરે. સ૦ ૧
જલ થલ ફુલ ભરે રચિ ભૂમિ, જોજન જાનુ કદેરે;
પ્રભુ પદે ફરસિત તાસે પૂજી, સુરપતિ સંઘે મુદેરે. સ૦ ૨

રજત હેમ રત્નમય ત્રિગઢ, ધ્વજ તોરણ નીર રૂહે રે;
ધર્મચક્ર જિનદ્વારે દીપે, પરમત ગર્વ ભિદે રે; સ૦ ૩
સુરાસુર નર હંસ બિલાડી, અહિ કેકી મૃગ મૃગઈંદરે;
નિજ ભાષા જિનવાણી સમઝી, વૈરગત સમપ્રીત રહેરે સ૦ ૪
જનમ મરણ દુખહર **ત્રિસલાકે, સુતપૂજી** હરખે વદે રે;
જયકારી તુમ શાશન વરતો, ચિરવૃદ્ધિ **ગંભીર** મુદે રે. સ૦ ૫

---

૬

## કલશ

રાગ – ધન્યાશ્રી

( એણીપરે ચોવીશે જિન ગાયા ) એ આંકણી

૧ ૨ ૩ ૪ ૫ ૬
રીષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મ દેવ સવાયા. એણી૦ ૧

૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨
સુપાસ ચંદ્ર સુવિધિ શીતલ શ્રેયાંસ, વાસુપૂજ્યમેં ધ્યાયા;
૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
વિમલ અનંત ધર્મશાંતિ કુંથુ અર, મલ્લી મુનિસુવ્રત સુહાયા. એણી૦ ૨


૨૧ ૨૨ ૨૩ ૨૪
નમિ નેમિ શ્રીપાસ વીરજિનને, ગુણ કુલનસેં વધાયા;
ધર્મધ્યાન તત્ત્વશશિ ઉજ્જવલ **૧૯૪૪** વિજય દશમિ દિનપાયા, એણી૦ ૨

**વૃદ્ધિવિજય** સુગુરૂ કૃપાસેં **ધોલેરાનગર** મલ્હાયા,
રિષભ શાંતિ નેમી જિનવંદી. પુન્ય અતુલ નિપજાયા. એણી૦ ૪
જૈન સભા જિન ગુણરસ ઇચ્છે, ભક્તિ સેવન ભાયા;
સંઘ સકલ હરખિત શિવ રીઝે, **ગંભીરવિજય** પદ ધ્યાયા. એણી૦ ૫

---

## ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ

દીક્ષા સં. ૧૯૩૫ અંબાલા



ઉપાધ્યાયપદ સં. ૧૯૫૭ પાટણ

જન્મ સં. ૧૯૦૭ વડવા (ભાવનગર)

સ્વર્ગવાસ સં. ૧૯૭૫

૨૧

# ઉપાધ્યાય શ્રી વીરવિજયજી

ચોવીસી રચના સં. ૧૯૪૪ ભરૂચ.

મહાગૂજરાતનો–એક પ્રાંત જેને સૌરાષ્ટ્ર–અથવા સોરઠ દેશ કહે છે ભાવનગરનું પરું. વડવા ગામ આ મહાત્માનું જન્મ સ્થાન હતું. સંવત ૧૯૦૭માં ભાવસાર જ્ઞાતિમાં મીઠાભાઈને ત્યાં તેમની પત્ની રામબાઇની કુક્ષિએ–એ રત્નનો જન્મ થયો. તેમનું નામ **વીરજી** પાડ્યું.

નાનપણમાં તે વખતની ગામઠી શાળામાં અભ્યાસ કર્યો, ઊમર લાયક થતાં તેઓના લગન કરવામાં આવ્યાં અને તેઓ પોતાના મામા મૂળજીભાઇને ત્યાં વ્યાપાર અર્થે ભાવનગર ગયા. મુળજીભાઇને ત્યાં અનેક જૈન સાધુઓના પરિચયમાં તેઓ આવ્યા. અને મામા પાસે ધાર્મિક અભ્યાસ સારી રીતે કર્યો.

સંવત ૧૯૩૦માં તેઓશ્રીના મામા મુળજીભાઈએ શ્રીમાન મુક્તિવિજયજી (મુલચંદજી) ગણી પાસે દિક્ષા લીધી ને તેમનું ભાગ્યવિજયજી નામ રાખવામાં આવ્યું. ત્યારથી વીરજીભાઇના મનમાં વૈરાગ્ય વાસના પેદા થઇ ને દિક્ષા લેવા માટે આતુર થયા અને એક દિવસે એકાએક ઘોઘા બંદરેથી વહાણમાં બેસી સુરત ગયા. ત્યાંથી જબલપુર રેલ્વે દ્વારા પંજાબ ગયા. તે વખતે સમર્થ ગીતાર્થ વિદ્વાન મુનિરાજ **શ્રી આત્મારામજી** મહારાજ લુધીઆનામાં હતા. અને તેમના વિદ્વાન શિષ્ય શ્રી લક્ષ્મીવિજયજી મહારાજ **અંબાલા** શહેરમાં હતા ત્યાં આપણા નાયક વીરજીભાઈ પહોંચી ગયા. અને ગુરૂજીને શરણે રહી સર્વ વિરતિની ભાવના ભાવવા લાગ્યા.

આ તરફ તેમના સગા સંબંધી શોધ કરતાં કરતાં તેઓ પંજાબ ગયા છે એ ખબર પડી તેમના મામાના છોકરા ગીલાભાઈ ત્યાં આવી પહોંચ્યા તેમને બહુ સમજાવ્યા પણ માન્યા નહી. અને ગીલાભાઈ શેઠ પાછા ફર્યા.

અને સંવત ૧૯૩૫માં કારતક માસમાં અંબાલા શહેરમાં મહાત્મા શ્રી આત્મારામજીને હાથે દિક્ષા આપવામાં આવી ને શ્રી લક્ષ્મીવિજયજીના શિષ્ય તરીકે સ્થાપી નામ **વીરવિજય** સ્થાપન કર્યું. ત્યાંથી હુંશીઆરપુર પ્રથમ ચાતુર્માસ કરી બીજું જીરામાં કર્યું હતું. અને સં. ૧૯૩૭નું ચાતુર્માસ જીરામાં કર્યું હતું. તે દરમ્યાન પ્રકરણ, વ્યાકરણ, ન્યાય કાવ્ય, આદિ શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો. ત્યાંથી શ્રી કાંતિવિજયજી તથા શ્રી હંસવિજયજી સાથે **જયપુરમાં** ચોથું ચોમાસું કર્યું. ને તે સમયે જયપુરમાં શ્રી હીરાચંદજી નામના એક વિદ્વાન યતિવર્ય પાસે કેટલાક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. અને ત્યાર બાદ ગુરૂમહારાજ પાસે સૂત્રોનો અભ્યાસ કર્યો. ફલોધી પારસનાથ નવલખા પાર્શ્વનાથની યાત્રા કરી આબુ તીર્થની યાત્રાએ પધાર્યા, તે સમયે પોતાના ગુરૂશ્રી લક્ષ્મીવિજયજી પાલીમાં સ્વર્ગ ગમન થયાના સમાચાર સાંભળ્યાં મનને ક્ષોભ થયો પણ અનિત્ય ભાવના વિચારી ક્ષોભને સમાવ્યો. આબુથી ગૂજરાત તરફ વીચરી શ્રી ભોયણીજી તીર્થમાં શ્રી મલ્લીનાથ સ્વામીના દર્શન કરી પાવન થયા ત્યાંથી અમદાવાદ પધારી શ્રી મુલચંદજીગણી પાસે યોગોદવહન કર્યા. ત્યારબાદ ગૂજરાતમાં વિચરતાં સંવત ૧૯૪૧માં **સુરતમાં** ચોમાસું કર્યું. આ ચોમાસામાં તેઓશ્રીએ ઊંચા અભિગ્રહો ધારણ કર્યા, તેમાં પકવાનને લીલોતરીનો સર્વથા ત્યાગ, ને રોજ એકાસણું કરવું એ મુખ્ય હતા. આવા તપથી પોતાના ચારિત્રને વધું નિર્મળ બનાવ્યું. ત્યાંથી વિહાર કરી ગીરિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાર્થે પધાર્યા. ને સં. ૧૯૪૨નું ચોમાસું પાલીતાણામાં કર્યું: તે સમયે ચતુમાસમાં ને તે પછી તીર્થાધિરાજની યાત્રાર્થે સુશ્રાવકો પધાર્યા હતા. કલકત્તા નિવાસી રાયબહાદુર બદ્રિદાસજી, ભરૂચવાલા શેઠ અનુપચંદ મલુકચંદ, ખંભાતના શેઠ પોપટભાઈ

અમરચંદ, સુરત નિવાસી શેઠ કલ્યાણજીભાઈ શંકરદાસ, વડોદરા નિવાસી ગોકુળભાઈ, ધુલીઆના શેઠ સખારામ દુર્લભદાસ વિગેરે મહોટો સમુદાય હતો. અને ૧૯૪૩ના કારતક વદ પાંચમને દીવસે ભારતના સકળસંઘ મલી શ્રી આત્મારામજી મહારાજને આચાર્ય પદ અપર્ણ કરવામાં આવ્યું હતું. ત્યાંથી વિહાર કરી ૧૯૪૫માં ઘોઘા બંદરે ચોમાસું કર્યું.

સંવત ૧૯૪૬માં ઝીંઝુવાડાના શ્રાવક દીપચંદભાઇને દિક્ષા આપી નામ શ્રી **દાનવિજયજી** રાખ્યું. જેઓ પાછળથી શ્રી વિજયદાનસૂરિના નામથી પ્રખ્યાત થયા છે. ત્યાર બાદ પાંચ છ વરસ પંજાબ દેશમાં જ વિચર્યા. ત્યાંથી ગૂજરાત કાઠિયાવાડ તરફ આવી ૧૯૫૫માં ગોઘામાં ચોમાસું કર્યું. ત્યાંથી સીહોર મુકામે આવ્યા. ત્યાં એક ચમત્કારી બનાવ બન્યો જેની અત્રે નોંધ લઇએ છીએ.

લીંબડીનો એક વણીક નામે **પોપટલાલ** નિર્વાહ માટે સીહોર આવ્યો હતો. તે તદ્દન **બહેરો** અને **મુંગો** હતો. તે વણીક પુત્ર મહારાજશ્રીના દર્શન કરી પાવન થઈ તેમની તન મનથી ભક્તિ કરવા લાગ્યો અને ગુરૂમહારાજની સેવાચાકરી કરતાં અકસ્માત તે સાંભળતો અને બોલતો થઈ ગયો. આ વાતની ખબર સીહોર શહેરમાં પડતા જૈન જૈનેતર લોકોના ટોળેટોળા મહારાજશ્રીના દર્શન કરવા આવવા લાગ્યાં. રાજ્યાધિકારીઓ પણ આ વૃતાંત પ્રત્યક્ષ જોઇ મહાત્મા વીરવિજયજીને અભિનંદન આપવા લાગ્યા. ત્યાંથી વિહાર કરી સીદ્ધક્ષેત્રમાં ચોમાસું કરી. ૧૯૫૭ કારતક વદ ૨ને દીવસે પીંડવાડા વગેરેના શ્રાવકો પ્રેમચંદ આદિ ચાર જણાને દિક્ષા આપી નામ શ્રી પ્રેમવિજયજી આદિ રાખ્યું. આજના (શ્રી વિજયપ્રેમસૂરિ) ત્યાંથી પાટણ પધાર્યા. ત્યાં મોટો પદવી દાન ઉત્સવ થયો.

પાટણના સંઘે શ્રી કમલવિજયજીને શ્રી આત્મારામજીની પાટે સ્થાપી આચાર્ય પદ આપ્યું. ને ચરિત્રનાયક વીરવિજયજીને ઊપાધ્યાય પદ આપ્યું. ને શ્રી કાંતિવિજયજીને પ્રવર્તક પદવી અર્પણ કરી ૧૯૫૭ માહા

સુદ પુનમનો પવિત્ર દિવસ હતો. ગૂજરાતમાં ચાર વરસ વિચરી માલવા તરફ પધાર્યા. ૧૯૬૧ ગ્વાલીઅર ચોમાસું કર્યું. ત્યાંથી શ્રી સમેતસીખરજી તરફ યાત્રા માટે પધાર્યા. ને ભગવાન શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક ભૂમિ આદિ યાત્રા કરી, કલકત્તા ચતુર્માસ કરી અજીમગંજ આદિ યાત્રા કરી આગ્રા પધાર્યા. ત્યાંથી દિલ્હી થઈ પંજાબ ગયા. ત્યાં ગૂજરાનવાળામાં આચાર્ય શ્રી વિજયકમલસૂરિની સાથે શ્રી આત્મારામજી મહારાજની સ્તુભ તથા પાદુકાની સ્થાપના કરી ૧૯૬૪માં.

ત્યાંથી વિહાર કરી હસ્તિનાપુર સંઘ સાથે પધાર્યા. ત્યાંથી બીકાનેર ચતુર્માસ કરી પ્રતાપગઢ થઈ રતલામ પધાર્યા. ત્યાં ઘણા ઢુંઢક મતાનુયાયિઓને મૂર્તિપૂજક બનાવ્યા. ત્યાર બાદ ખંડવા થઈ બુરાનપુર આદિ પ્રદેશમાં વિચરી શ્રીપુર પધાર્યા. ત્યાંથી આકોલા વીગેરે જાત્રા કરી ૧૯૬૮ વડોદરા પધાર્યા. ત્યાં ચાતુર્માસ કરી કાઠિયાવાડ તરફ વિચર્યા. ત્યાંથી સંવત ૧૯૭૦માં ભાવનગર પધાર્યા. શેઠ ફતેચંદ જવેરચંદના સંઘમાં શ્રી સિદ્ધક્ષેત્રની યાત્રા કરી, ચતુર્માસ કર્યું. પછી ગૂજરાત તરફ વિચર્યા. ૧૯૭૩માં ભરૂચમાં શ્રી મોતીવિજયજી મહારાજને પંન્યાસ પદ અર્પણ કર્યું. ત્યાંથી ૧૯૭૪નું ચોમાસું ખંભાતમાં કર્યું. ત્યાં તેમની તબીયત નરમ થઈ મહારાજશ્રીની માંદગીના સમાચાર સાંભળી શ્રી વિજયકમલસૂરિજી બોરસદથી ખંભાત પધાર્યા તથા આચાર્ય શ્રીમદ્‌વિજયસિદ્ધિસૂરિશ્રીના શિષ્ય પં. મેઘવિજયજી પણ મેસાણાથી ખંભાત આવ્યા. લગભગ ત્રીસ મુનિવરોનો સમુદાય ભેગો થયો હતો. મહારાજશ્રીની તબીયત વધુ લથડવા લાગી અને ૧૯૭૫ના માગસર વદ આઠમને દિવસે ૩૯ વર્ષના ચારિત્ર પર્યાયપાલી સ્વર્ગવાસ પામ્યા.

તેઓશ્રીને સંગીતનું ઊંચા પ્રકારનું જ્ઞાન હતું ને સાહિત્ય ને શાસ્ત્રોનો સારો બોધ હતો. તેઓશ્રીએ **ચોવીસી** સ્તવનોની રચના સં. ૧૯૪૪માં ભરૂચમાં કરી હતી. બીજી સાહિત્ય રચના જાણવામાં આવી નથી. આ સાથે તેમનાં પાંચ સ્તવનો તથા ચોવીસી કળશ પ્રસિદ્ધ કરીએ છીએ.

**વંદન હો એ મહાપુરૂષને.**

૧

## શ્રી આદિજિન સ્તવન

(રાગ-જે જે વંતી)

ચોવીસી રચના ૧૯૪૪ સરૂચ

આદિ મંગળ કરું, આદિજિન ધ્યાન ધરું,
ફેર નહી પાસ પરું, ભવવન જાળમેં;
લાગી તોરી માયા જોર, દેખત હું ઠોર ઠોર,
દરિસણ દુરલભ લીયો બહુકાળમેં આદિ૦ ૧
માતા મરુદેવાનંદ, નાભિરાય કુલચંદ
ઋષભજિનંદ આદિકો કરણ હે;
છોડી સબ રાજ રીધી સંજમસે પ્રીતી કીધી,
જગતકી નીતિ સબ રીતિ બતલાઈ હે આદિ૦ ૨
દુરધર તપ કરી અષ્ટાપદોપરિ ચડી
અણુશણ કરી વરી શિવપટરાણી હે
ઐસી ગતિ તિહારી દેવ તુંહી જાણે નિત્યમેવ
અકલ અલખ તેરો અગમ સ્વરૂપ હે આદિ૦ ૩
અહનિશ તેરે વિચ કીયે જિન સમચિત્ત
ભયિતિને નીરભીક સુગતિ સોભાગી હે
ભકતકી સુણી રાવ ચિત્તમે કિજે ઠરાવ
આતમ આનંદ વીરવિજય માંગુત હે આદિ૦ ૪

---

૨

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ દેશ સોરઠ)

પ્રભુ શાંતિ જિનંદ સુખકારી ઘટ અંતર કરુણા ધારી. પ્રભુ૦ (આંકણી
વિશ્વસેન અચિરાજીકો નંદન, કર્મકલંક નિવારી;
અલખ અગોચર અકલ અમરતું મૃગલંછન પદધારી. પ્રભુ૦ ૧

કંચન વરણુ શોભા તનું સુંદર, મુરતી મોહનગારી;
પંચમો ચક્રી સોલમો જિનવર, રોગ શોગ ભયવારી. પ્રભુ૦ ૨

પારાપત પ્રભુ શરણુ ગ્રહીને અભયદાન દીયો ભારી;
હમ પ્રભુ શાંતિ જિનેશ્વર નામે લેશું શીવપટરાણી પ્રભુ૦ ૩

શાંતિ જિનેશ્વર સાહિબ મેરા શરણુ લીયા મેં તેરા;
કૃપા કરી મુજ ટાલો સાહિબ જનમ મરણુના ફેરા પ્રભુ૦ ૪

તન મન થીર કરે તુમ ધ્યાને અંતર મેલને વામે;
**વીરવિજય** કહે તુમ સેવનથી આતમ આનંદ પામે. પ્રભુ૦ ૫

---

૩

## શ્રી નેમનાથ જિન સ્તવન

(રાગ ઠુમરી પંજાબી)

મેરે પ્રભુસેં એહી અરજ હે નેક નજર કરો દયા કરી મેરે૦
—એ આંકણી

સમુદ્રવિજય શિવાદેવીના જાયા, છપ્પન દિગકુમરી હુલરાયા
અનુક્રમે પ્રભુ જોબન પાયા પરણી નહીં એકનાર
થયા અનગાર કે તૃષ્ણા દૂર કરી. મેરે૦ ૧

તુમે તો સઘળી માયા તોડી, રાજેમતી સ્રીને છોડી
સહસાવનપે રથડો જોડી ગયે પ્રભુ ગિરનાર
લિયે વ્રત ભાર કે ઝગડા દૂર કરી, મેરે૦ ૨

તપ જપ સંજમ કિરિયા ધારી, પ્રભુજી વસિયા ગઢ ગિરનારી
નેમપ્રભુકી હું બલિહારી, પામી કેવલજ્ઞાન થયા
શિવરાણુકે અઘ સબ દૂર કરી. મેરે૦ ૩

તુમે તો હો પ્રભુ સાહિબ મેરા, હમ તો હે પ્રભુ સેવક તેરા
અમને ઘાલે તુમસેં ઘેરા, મુજે ઉતારો પાર
મેરા સરદાર કે જેમ દુખ જાય ટળી. મેરે૦ ૪

શ્યામ વરણ તનુ શોભા સારી મુખ મટકાળું છબી હે ન્યારી.
નેમપ્રભુકી મૂરતિ પ્યારી **વીરવિજય** બાત
સુણો એક નાથ કે ભવોભવ તુંહિ ધણી. મેરે૦ ૫

૪

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(રાગ—પંજાબી ટપો)

મોરી બઇયાં તો પકડ સુખકારી સ્વામ તોરું પાર્શ્વનાથ પરતક્ષ
નામ મોરી૦ —એ આંકણી

અશ્વસેન વામાજીકો નંદન વણારસી નગરીમેં જનમઠામ મોરી૦ ૧
બાલપણમેં અદ્ભુતજ્ઞાની જીવદયાકા હો કરુણા ધામ મોરી૦ ૨
કષ્ટ કરંતા કમઠ સમીપે આયે પ્રભુ તુમે ધારી હામ મોરી૦ ૩
કાષ્ટમે જ્વલતો ફણી નિકાળી મંત્રસેં દિયો પ્રભુ સ્વર્ગધામ મોરી૦ ૪
અવસરે દીક્ષા તપ જપ સાધી પ્રભુજી લીયો તુમ મોક્ષઠામ મોરી૦ ૫
**વીરવિજય**કી એહી અરજ હૈ હમકો હે પ્રભુ એ હી કામ મોરી૦ ૬

૫

## શ્રી વીરજિન સ્તવન

(રાગ-ધન્યાસરી)

વીરહસેં ભયો રે ઉદાસી **વીરજિન** વિરહસેં ભયો રે ઉદાસી વીર૦
દુષમ કાળમેં દુખિયો છોડી, તુમ ભયે શિવપુરવાસી રે વીર૦ ૧
પ્રભુ દરિસણ પરતક્ષ ન દીઠું ઈણશું ભયો રે નિરાશી રે વીર૦ ૨
કરમરાય સુભટેં મુજ ઘેર્યો મ્હારી કરે સબ હાંસી રે વીર૦ ૩
તુમ વિના એકાકી મુજ દેખી ડારી ગલે મોહ ફાંસી રે વીર૦ ૪
પ્રભુ વિના કો ન કરે મુજ કરુણા દેખો દિલમે વિમાસી રે વીર૦ ૫

પીણ તુ જ આગમને તુજ મુરતિ એ હી શરણ મુજ થાસી રે વીર૦ ૬
એ હી ભરોસો મુજ મન મોટો ભાંગી ભવકી ઉદાસી રે વીર૦ ૭
**વીરવિજય** કહે વીર પ્રભુકી મૂરતિ શરણ જ થાસી રે વીર૦ ૮

---


૬

## ચોવીસીનો કલશ

ચૌવીસ જિન રાજ મૈં ગાયા, પરમ આનંદ સુખ પાયા
પ્રભુ ગુણ પારના પાવે, જો સુરગુરુ વર્ણવા આવે ચો૦ ૧
અલપસી બુદ્ધિ હૈ મોરી, કરી પિણ વર્ણના તોરી
પ્રભુ તુમ્હિ માનજો સાચી, ન થાયે જગતમેં હાંસી ચૌ૦ ૨
મેરી અબ લાજ તુમ હાથે, બાંહે ગ્રહી લિજિયે સાથે
કહો પ્રભુ જોર કયા તુમસે, જગ ઉદ્ધારતાં હમને ચૌ૦ ૩
પ્રભુ ચૌવીસ જગસ્વામી, પુરવલે પુણ્યથી પામી
હરો સબ દુખનો ઘેરો, નાસે જરામરણનો ફેરો ચૌ૦ ૪
૪ ૪ ૯ ૧
વેદ યુગ અંક ઇંદુ વર્ષે, આષાઢે માસ શુકલપક્ષે
તિથૌ ભલી પૂર્ણિમા પૂરી, ભયો સોમવાર સુખ ભૂરી ચૌ૦ ૫
વિજે આનંદ ગુરુ પાયો, બહુ મન વીર હરખાયો
ભૃગુકચ્છપુર ચૌમાસી, રહી કરી વિનતિ સાચી ચૌ૦ ૬

---

શ્રી મુલચંદ મહારાજના શિષ્ય
શ્રી વિજયકમલસૂરિજી મહારાજ




દીક્ષા સં. ૧૯૩૬ અમદાવાદ

આચાર્યપદ સં. ૧૯૭૩ અમદાવાદ

જન્મ સં. ૧૯૧૩ પાલીતાણા

સ્વર્ગવાસ ૧૯૭૪ બારડોલી

(૨૧)

## શ્રી મુલચંદજી મહારાજના શિષ્ય—
# શ્રીમદ્ વિજયકમલસૂરિજી

ચોવીસી રચના સં. ૧૯૪૬ વઢવાણ

પરમશાંત મહાભદ્રિક એવા આચાર્ય શ્રીમદ્ વિજયકમલસુરિજીનો જન્મ સં. ૧૯૧૩માં પાલીતાણામાં થયો હતો. તેઓના પિતાશ્રીનું શુભ નામ શ્રેષ્ઠી દેવચંદભાઇ અને માતુશ્રીનું નામ મેઘબાઇ હતું. તેઓશ્રીનું નામ કલ્યાણચંદભાઈ હતું.

પૂ. શ્રીમદ્ વૃદ્ધિચંદ્રજી મહારાજના સદુપદેશથી તેમનો આત્મા વૈરાગ્ય વાસિત બન્યો હતો. સંવત ૧૯૩૬માં ભાવનગરમાં બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. અને તેજ વરસમાં અમદાવાદમાં ઉજમબાઈની ધર્મશાલામાં ગચ્છાધિરાજ પં. શ્રી મુલચંદજી મહારાજ ગણિવરને હાથે ભાગવતી દિક્ષાનો સ્વીકાર કર્યો. તેઓનું નામ મુનિશ્રી કમલવિજયજી રાખવામાં આવ્યું. સંવત ૧૯૩૭માં કારતક વદ ૧૨ને દિને પૂ. ગુરૂદેવના હસ્તે વડી દીક્ષા થઇ.

સં. ૧૯૪૭માં લીંબડી મુકામે તેમના વડીલ ગુરૂભાઇ શ્રી લબ્ધિવિજયજી તથા શ્રી થોભણવિજયજીની સંમતીથી પં. શ્રી હેતવિજયજીએ ગણિ–પન્યાસ પદ અર્પણ કર્યું હતું તે સમયે લીંબડી નરેશ તથા અમદાવાદના નગરશેઠ મણીભાઈ પ્રેમાભાઈ, શેઠ જેસીંગભાઈ હઠીસીંગ વીગેરે હાજર હતા. એમ કહેવાય છે કે તપગચ્છમા પૂ. બુટેરાયજી મહારાજના સમુદાયમાં યોગોદવહન પૂર્વક સૌથી **પહેલા પંન્યાસ** તેઓશ્રી હતા.

સંવત ૧૯૬૨માં માગસર વદિ ૧ દિવસે શ્રી મુળબાઈ ગોડીજી મહા-

રાજના ઊપાશ્રયમાં શિષ્ય સમુદાય સાથે પ્રવેશ કર્યો ને ચતુર્માસ પણ ત્યાંજ કર્યું. તેઓશ્રી ઊગ્રવિહારી હતા. ને તેઓ ગૂજરાત, કાઠીયાવાડ, ગોડવાડ, મારવાડ, માલવા, મેવાડ, અને દક્ષિણઆદિ દરેક પ્રાંતમાં વિચર્યા હતા.

લીંબડી, પીલવાઈ, મંચર, પાબલ, વ્હેરાડ તથા માંડવી (સુરત જીલ્લા) વીગેરેમાં જિન પ્રતિષ્ઠાઓ કરાવી હતી.

તેઓશ્રીએ પોતાના ગુરૂભાઈ મુનિશ્રી દાનવિજયજી પંજાબી તથા પૂ. શ્રી આત્મારામજીના પટ્ટધર આચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરિ, તથા તપસ્વી મુનિશ્રી ગુણવિજયજી તથા શ્રી સાગરજી મહારાજના ગુરૂ શ્રી ઝવેરસાગરજી વીગેરે પાસે સંસ્કૃત, પ્રાકૃત અને જૈનાગમોનો સારો અભ્યાસ કર્યો હતો.

તેઓશ્રીએ અનેક મુનિરાજોને પં. પદથી વિભૂષિત કર્યા હતા.

પં. ચતુરવિજયજીગણિ, પં. સંપતવિજયજીગણિ, પં. સુંદર-વિજયજીગણિ, આચાર્ય શ્રી વિજયકેસરસૂરિ, આ. શ્રી વિજયદેવસૂરિ, આ. શ્રી વિજયમોહનસૂરિ, આ. શ્રી વિજયલાભસૂરિ. તેમાંના પં. ચતુરવિજયજીએ આ. વિજયસિદ્ધિસૂરિને પંન્યાસ બનાવ્યા હતા, આ. શ્રી સિદ્ધિસૂરિએ પં. ભાવવિજયજીને પંન્યાસ પદવી આપી હતી. અને પં. ભાવવિજયજીએ આ. આ. શ્રી વિજયનિતીસૂરિને પં. પદ અર્પણ કર્યું હતું. પૂ. આચાર્ય કમલસૂરિએ પંન્યાસ થયા બાદ તેજ વરસે પૂ. શ્રી ઝવેરસાગરજી મ.ના શિષ્યરત્ન મુનિશ્રી આનંદસાગરને ૧૯૪૭માં લીંબડીમાં વડી દિક્ષા આપી હતી.

સંવત ૧૯૭૩માં અમદાવાદના શ્રી સંઘે આચાર્યપદ અર્પણ કર્યું હતું તે વખતે નગરશેઠ કસ્તુરભાઈ મણિભાઈ, નગરશેઠ વિમલભાઈ વગેરે મોટો સમુદાય હાજર હતો.

સંવત ૧૯૭૪માં શ્રી સુરતમાં વૈશાખ સુદ ૧૦ને દિવસે તેઓશ્રીના વરદહસ્તે પં. શ્રી આનંદસાગરજીને ખૂબ ધામધૂમ પૂર્વક આચાર્ય પદ અર્પણ કરવામાં આવ્યું હતું અને શ્રી સુરતના સંઘમાં કુસંપ દૂર કરાવ્યો હતો. આચાર્ય પદ વખતે શ્રી સુરતના સંઘે મહાન અઠાઈ

ઓચ્છવ કર્યો હતો તથા આઠે દિવસ સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

તેઓશ્રીએ વડોદરામાં કોઠીપોળના જૈન દેરાસરમા ગુરૂદેવ પં. શ્રી મુલચંદજીગણિની મૂર્તિની પ્રતિષ્ઠા સં. ૧૯૬૨માં કરાવી હતી. આચાર્યદેવે ઊજમણાં, ઊપધાન મહોત્સવો, નવા દેરાસરો, તથા જીર્ણોદ્ધારો ઘણાં કરાવ્યાં હતાં. શ્રી વઢવાણ કેંપમાં પોતાના ગ્રંથો સંઘને સોંપી મોટો જ્ઞાન ભંડાર સ્થપાવ્યો હતો. તેઓશ્રીના ઉપદેશથી દાંતા, સેમરિયા મોઘર અને જશોરના ઠાકોરોએ પોતપોતાના રાજ્યમાં પજુસણમાં તથા દશેરાને દિવસે પશુવદ્ધ બંધ કરાવ્યો હતો.

તેઓશ્રી જીવન પર્યંત પંદર દ્રવ્યથી વધારે વાપરતા નહિ. તેઓ પરમત્યાગી, વૈરાગી ને ભદ્રિક પરિણામી તથા પરમશાંત સ્વભાવિ હતા.

આ મહાન તપસ્વિ આચાર્યદેવ સંવત ૧૯૭૪ના આસો શુદ્ધ ૯ને દિવસે પ્રતિક્રમણ કરતાં કરતાં ઇરિયાવહિના કાઊસગ્ગમાં ચતુર્વીશનિ સ્તવનના ધ્યાનમાં બારડોલીમાં સ્વર્ગવાસ પામ્યા હતા.

આ સાથે તેઓશ્રીના ૭ સ્તવનો તથા કલશ મળી કુલ્લે સાત કાવ્યો પ્રકાશિત કરીએ છીએ.

## સાહિત્ય રચના

૧ ચોવીસી રચના સં. ૧૯૪૬ વઢવાણ
૨ જિન ગુણસ્તવનાવલી ભાગ ૧
૩ „ „ ભાગ ૨
૪ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ માહાત્મ્ય સં. ૧૯૬૪
૫ શ્રી તપાવલી સંગ્રહ
૬ શ્રી અષ્ટપ્રકારી પૂજા સં. ૧૯૭૦
૭ શ્રી કેશરીઆજીના ઢાલીઆ સં. ૧૯૭૨
૮ શ્રી સિદ્ધાચલજી રાસ કોલીયાક ગામમાં ૧૯૭૩

૧

## શ્રી રૂષભદેવ સ્તવન

શ્રી સંખેશ્વરજી પયનમી, પામી સુગુરૂપસાય ॥
જિન ચોવીશી વર્ણવું. સુણતાં સમકિત થાય ॥ ૧ ॥
સમકિત પામે જીવડા, ભવગણતીમાં ગણાય ॥
જો વલી સંસારે ભમે, તો પણ મોક્ષે જાય ॥ ૨ ॥

(જિમ જિમ એ ગીરી ભેટીએ રે, તિમ તિમ પાપ પલાય સલૂણા)
એ દેશી

પ્રાણજીવન પરમેશ્વરુ રે, આદીશ્વર અવધાર સલૂણા ॥
મરૂદેવી માતા, ઉરે રે જનમ્યા જગદાધાર સલૂણા ॥
જિમ જિમ એ પ્રભુ સેવીયે રે,
તિમ તિમ પાતિક જાય સલૂણા ॥ આંકણી ॥
નાભિરાય કુલ અવતર્યા, પાંચસે ધનુષની કાય સલૂણા ॥
વનિતા નગરીના ધણી રે, વૃષભ લંછન જિનરાય સલૂણા ॥૧॥
લાખ ચોરાસી પૂર્વનું રે, જિનવર આયુષ વિશાલ સલૂણા ॥
યુગલા ધર્મ નિવારીયો રે. પ્રભુજી પરમ દયાલ સલૂણા ॥૨॥
અઢાર કોડા કોડી સાગર રે, ધર્મ ચલાવણહાર સલૂણા ॥
જ્ઞાન કલાસવિ શીખવી રે, કરે ભવિને ઉપકાર સલૂણા ॥૩॥
એમ અનંત ગુણે ભર્યા રે, કહેતાં ન આવે પાર સલૂણા ॥
વિજય મુકિત, વર પામવા રે ચરણકમલ આધાર સલૂણા ॥૪॥

---

૨

## શ્રી શાંતિનાથ સ્તવન

(હાંરે મારે કામ ધર્મના સાડી પચવીશ દેશ જો એ-દેશી)

હાંરે મારે શાંતિ જિણંદશું લાગ્યો અવિહડ રંગ જો,
ભંગ ન પાડશો ભકિતમાં કોઈ જાતનો રે લોલ ॥

હાંરે મારે નામ જપંતા ઉછલે હરખ તરંગ જો. ॥
રંગ વધ્યો ઘણો સુખકારી ભલી ભાતનો રે લોલ ॥૧॥
હાંરે મારે સ્થાપના દેખી અનુભવ પ્રભુનો થાય જો.
સમવસરણની રચના સઘલી સાંભરે રે લોલ,
હાંરે મારે ભાવ અવસ્થા ભાવતાં પાતિક જાય જો,
પ્રતિહાર્યની શોભા કહું હવે ભલી પરે રે લોલ ॥૨॥

હાંરે મારે વૃક્ષ અશોકે સુરપુષ્પવૃષ્ટિ ઘણી હોય જો,
દીવ્યધ્વની સૂર ચામર વિંઝાયે ઘણાં રે લોલ,
હાંરે મારે આસનને ભામંડલ પૂંઠે જાય જો,
દુંદુભી દેવને છત્ર તણી કાંઈ નહીં મણાં રે લોલ ॥૩॥

હાંરે મારે જઘન્ય થકી પણ કોડ દેવ કરે સેવ જો,–
હાંરે મારે ભગતી ભાવથી પામે શાશ્વત સેવજો;
ભાવ અવસ્થા વરણવી દ્રવ્ય કહું હવે રે લોલ ॥૪॥

હાંરે મારે માતા અચિરા વિશ્વસેન મહારાય જો,
હસ્તીનાપુર નગર નિવાસ જાણીએ રે લોલ ॥
હાંરે મારે મૃગલંછન પ્રભુ લાખ વર્ષનું આયુજો,
ચાલીસ ધનુષનું દેહમાન વખાણીએ રે લોલ ॥૫॥

હાંરે મારે સમચઉરસ સંસ્થાને શોભિત કાય જો,
ચોત્રીસ અતિશય પાંત્રીશ વાણી ગુણે ભર્યાં રે લોલ ॥
હાંરે મારે દોષ અઢાર રહિત શિવપુરના સાથ જો,
આશ્રય કરતાં ભવિજન ભવસાગર તરે રે લોલ
હાંરે મારે સૂત્ર ઠાણાંગે કહ્યા નિક્ષેપા ચાર જો.
મુઢ મતિ નવિ માને શું કરવું તિસેરે લોલ ॥
હાંરે મારે વિજયમુક્તિ ગુરૂ ચરણ આધાર જો,
સૂત્ર ઉવેખી નવ દંડકમાં તે જશે રે લોલ ॥૭॥

૩

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(મુજ મંદિર આવોરે, કહું એક વાતલડી ॥
અજ્ઞાનીને સંગેરે, રમ્યા રાતલડી ॥ (દેશી) ॥

**નેમિનાથજી** સેવોરે સહુ એક ચિત્ત ધરી, રાજીમતી રાણીરે તોરણથી ત્યાગ કરી, સંક્ષેપે સુણજોરે પ્રમાદ દૂર કરી ॥ નેમિનાથ. ॥ ૧ ॥

અપરાજિત સેવીરે સોરીપુર વાસકરે, સમુદ્રવિજય ગેહેરે શિવાદેવી કુખ ધરે ॥ નવ માસાંતરે જનમ્યારે ઈંદ્રાદિ ઓચ્છવ કરે, પર્વત મેરૂ ઉપર રે અભિષેક ભાવે કરે ॥ ૨ ॥

અનુક્રમે જિનજીરે તરૂણવય પામ્યા વલી, ભોલવવા ભામિનીરે સત્ય ભામા આદેમલી ॥ દેવરજી પરણોરે કન્યા કોઈ પ્રેમે કરી, આગ્રહથી પ્રભુરે રહ્યા વ્રત મૌન ધરી ॥ ૩ ॥

માન્યું માન્યું સહુ કહે રે નિશ્ચે નેમ પરણશે. ઉગ્રસેન રાજા ઘેરરે કૃશ્ણ ગયા ધરમસી ॥ રાજીમતી નેમનોરે વિવાહ ઓચ્છવ કરે, શ્રાવણ વદ છઠે રે તોરણ પગલા ધરે ॥ ૪ ॥

શબ્દ સુણી પશુનો રે તોરણથી પાછા વલ્યા, ઘેર આવીને આપ્યાંરે વરસી દાન ઉજવલા ॥ લોકાંતિક દેવતારે આવી ત્યાં અરજ કરે, રેવતગીરી ઉપર રે સહસાવન દિક્ષા વરે ॥ ૫ ॥

પંચાવન દિવસે રે ઘાતિકર્મ દૂર કરી, રૈવતગિરી સાખે રે કેવલ શ્રી ભાવે વરી ॥ રાજીમતી રાણી પણરે સૂણી વાત જ્ઞાન તણી, સંવેગ રસભીની રે દિક્ષા લેવા હોંશ ઘણી ॥ ૬ ॥

આખંડર વડે કરી, સંજમ પદ વરિયારે રાજીમતી ભાવે કરી ॥ અવિચલ પદ પામ્યારે ભઈ અવિચલ જોડી, મુકિત વિજય પસાયે રે કમલ કહે કરજોડી ॥ ૭ ॥

---

૪

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

( ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિન તણી ચરણ સેવા ) **દેશી**

**પાર્શ્વજિન** સેવતા કોટી ગણદેવતા, ખેવતા કર્મના પાસ એવા ।।૧।।

દેવ લોક દશમા થકી અવતર્યાં નગરી વણારશીયે જન્મ લીધા ।।
વ્યાધ્રયોની પ્રભુ રાક્ષસગણ વસ્યા,અશ્વસેન તણા કાર્ય સિધ્યાં.પા.૨।।

રાસી તુલા રીખ વિશાખા જન્મીયા,લંછન અહી તેતણું અધિક સોહે ।।
દેવ દેવી મલી હુલરાવીયા, અનોપમ રૂપ જગ જીવ મોહે ।।પા.।। ૩

ઇમ અનુક્રમે યોવન પામીયા, ભોગ કર્મનો પ્રભુ ઉદય જાણી ।।
માતપિતાના આગ્રહથકી પરણ્યા,રાણી પ્રભાવતી ગુણની ખાણી.પા.।।૪

કમઠ તાપસ થકી નાગને ઉદ્ધર્યો, બલતી જવાલા થકી બહાર આણી।।
સેવક મુખ થકી નવકારને સાંભલી,થયો ધરણીપતિ ઉરગ પ્રાણી.પા.।।૫

નેમી રાજુલના ચિત્રને જોવતાં,પામી વૈરાગ પ્રભુ ચરણ વરીયા ।।
દીન ચોરાસી છદમસ્થમાં વર્તતાં કર્મ પરીસહ સહન કરીયા. પા.।। ૬

ધવતરૂ આગલે કેવલ પામ્યા, તેત્રીશ મુનિસહ મોક્ષ પામ્યા ।।
વિજય મુક્તિપદ પામ્યા તે દિનથી કમલવિજય સત્વ દુઃખ વામ્યા.૭

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

।। એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો (એ દેશી)
ચોવીશમા જિન સેવો ભવિપ્રાણી,ચોવીશમા જિન સેવો (એ આંકણી)
દેવલોક દશમા થકી આવ્યા, ક્ષત્રિકુલ અવતાર ।।
માતા ત્રિશલાએ પ્રભુજાયા પિતા સિદ્ધારથ ધારો ।।ભ.।।૧।।
અનુભવ રંગ વધ્યો ઉપયોગે. પ્રભુ–ગુણ સમરણ જપતાં ।।
અનુભવ સહિત દર્શન કરીને, ભવિજન કર્મને ખપતાં ।।ભ.।।૨।।

અનુભવ વિણુ ભટકયો હું. ભવ. ભવ,પ્રભુ ગુણ લેશ ન જાણ્યો
અબ પ્રભુ ચરણ પસાયે કરીને, અનુભવ મન ઘર આણ્યો, ॥ભ.॥૩॥

અમૃત લેશ એક વાર જો પામે તો ફરી રોગજ નાવે ॥
તિમ પ્રભુ ગુણની સ્તવના કરતાં, ભવ ભ્રમણ દુઃખ જાવે ॥ભ॥.॥૪॥

દેવ, કુદેવની સેવા કરતાં, કાલ અનાદિ ગમાવ્યો ॥
પણ દેવાધિદેવની ભક્તિ કરવા, અવસર ના આવ્યો ॥ભ.॥૫॥

અબ પ્રભુ ભક્તિનો અવસર, આવ્યો, કુણુ રાખે મન ખામી ॥
શાસન નાયક શિવસુખદાયક, અંતર જામી પામી ॥ભ.॥૬॥

શિવ વધુ ઉત્તમ વરીયા પ્રભુજી વીર જિનેશ્વર રાયા ॥
વિજય મુક્તિ પદ પામવા કાજે, કમલ વિજય મન ધ્યાયા ॥૭॥

---

૬

## શ્રી ચોવીશે જિનનો કલશ

ગાયા ગાયા રે મેં જિન ચોવીશે ગાયા,
મુકિતવિજય ગણીશ્વર રાજ્યે દિન દિન હર્ષ સવાયા ॥
તેહના લઘુબાંધવ ગુણ દરીયા વૃદ્ધિવિજય ગુરૂ રાયા રે ॥ મેં૦ ।૧।

તેહનો હુકમ લઈને આવ્યા, લબ્ધિવિજય મુનિ રાયા ॥
ચોમાસું કરવાને કાજે, વઢવાણનગર સુહાયારે ॥ મેં૦ ।૨।

તેની આજ્ઞા. મસ્તકે ધારી, કમલ વિજય મુનિ આયા ॥
ચોમાસું કરવાને કાજે, વઢવાણ કાંપમાં છાયા રે ॥ મેં૦ ।૩।

સવંત ઓગણીસે પીસતાલીસ, સાલમાં જિનગુણ. ગાયા ॥
લબ્ધિ વિજયની સહાય લહીને એ અધિકાર બનાવ્યા રે ॥મેં૦ ।૪।

સવંત ઓગણીસેં છેંતાલીસ, મૃગશર માસ સોહાવા ॥
વઢવાણનગરમાં સ્થિરતા કરીને, પૂર્ણમનોરથ પાયા રે ॥ મેં૦ ।૫।

---

૭

## (શ્રી સૂરતમાં) સૂરજમંડન પાર્શ્વનાથજીનું સ્તવન

(નેમિ જિનેશ્વરનિજ કારજ કરયાં છાંડી સકલ વિભાવજી (એદેશી)

સૂરજમંડન પારસ સેવીયે, સૂરતનગર મોઝારજી ॥
તે પ્રભુ કેરાંરે ચરણકમલનમી, સફલ કરો અવતારજી ॥
સૂરજમંડન પારસ સેવીયે ॥૧॥ (એઆંકડી)

કમઠ હઠેથી નાગ ઉગારીયો, વલી આપ્યા નવકારજી ॥
તે ધરણેંદ્રની પદવી પામીયો જાણી પ્રભુ ઉપગારજી સૂ૦ ૨

ઉપસર્ગ કરવા એ આવ્યો દેવતા, મેઘમાલી એક વારજી ॥
કલ્પાંત કાલ રે મેઘ તણી પરે, વરસાવે જલધારજી સૂ૦ ૩

પ્રભુ નાસાયેરે પાણી આનીયું, તે દેખી તતકાલજી ॥
આવ્યો ધરેણેંદ્ર ત્યાં ઉતાવલો; કષ્ટ હર્યું વિસાલજી સૂ૦ ૪

પ્રભુ પસાયે રે સમક્તિપામીયો, મેઘમાલી તેણીવારજી ॥
અપરાધી પણ નાથે ઉદ્ધર્યો, વલી કીધા ઉપગારજી સૂ૦ ૫

સવંત ઓગણીસે તે પચાસમાં ચૈત્રસુદિ મોઝારજી ॥
સૂરત બંદરની જાત્રા કરી, દેખ્યો પ્રભુ દેદારજી સૂ૦ ૬

શ્રી બુદ્ધિવિજય મહારાજના, મુક્તિવિજય પટધારજી ॥
કમલ કહે પ્રભુ પારસ સેવંતાં, પામી જે ભવપારજી સૂ૦ ૭

( ૨૩ )

# મુનિ શ્રી હંસવિજયજી

વડોદરાના શ્રેષ્ઠી ભાઈ જગજીવનદાસની ધર્મપત્ની બાઈ માણેક-બાઈની કુક્ષિએ આ મુનિવરનો જન્મ સંવત ૧૯૧૪ના અષાડ વદ અમાવાસ્યાને દિવસે થયો હતો. તેઓનું સંસારી નામ છોટાલાલ હતું.


નાનપણથી તેઓનો આત્મા વૈરાગ્યવાસિત હતો છતાં પિતાશ્રીની આજ્ઞાથી સંસારમાં જોડાયા પણ કયારે સંજોગ મલે કે ભાગવતી દિક્ષા અંગીકાર કરૂં એવી ભાવના ભાવતા હતા.

એક પ્રસંગે તેમના એક સંબંધી મિત્રને ત્યાં કોઈ શુભ પ્રસંગે જમણમાં ગયા તેમનું નામ **ગોકુળભાઈ** હતું. તેઓ પણ દિક્ષાર્થી હતા બે જણાએ નક્કી કરી ત્યાંથી સીધા જ ગાડીમાં બેસી પંજાબ દેસમાં અંબાલા શહેરમાં પહોંચ્યા ને બંને જણાએ સંવત ૧૯૩૫ માહા વદ ૧૧ને દીવસે દિક્ષા અંગીકાર કરીને શ્રી લક્ષ્મીવિજયજીના શિષ્ય તરીકે મુનિશ્રી કાંતિવિજયજી તથા મુનિશ્રી હંસવિજયજી નામ રાખવામાં આવ્યું

અત્રે પિતાશ્રીએ ઘણી શોધ કરી પણ કંઇ પત્તો લાગ્યો નહી. બે મહીના બાદ શ્રી જગજીવનદાસના આડતીઆ શહેર અમરતસરમાં હતા. તેમની મારફતે ખબર પડી. તે પછી તેઓ પંજાબ ગયા ને જલદીપુત્રને પાછો લાવું એવો સંકલ્પ કર્યો. પણ ત્યાં ગયા પછી મુનિશ્રી હંસવિ-જયજીની મક્કમતા જોઈને છેવટે શાંત થઈ ગુરૂને વીનંતી કરી કે વડી દીક્ષા વડોદરામાં આપશો જ. નક્કી કર્યા મુજબ સંવત ૧૯૪૯ના જેઠ સુદ ૧૦ને દીવસે ગણિવર્ય મુલચંદજી મહારાજના હાથે શહેર વડોદરામાં

## મુની શ્રી હંસવિજયજી મહારાજ

દીક્ષા સં: ૧૯૩૫



જન્મ સં. ૧૯૧૪ વડોદરા    સ્વર્ગવાસ સં. ૧૯૯૦

વડી દિક્ષા આપવામાં આવી તે ચોમાસુ ત્યાં જ કર્યું. ત્યાંથી અમદાવાદ સુરત પાલીતાણા ચતુર્માસ કરી પાટણ પધાર્યા.

ત્યાંથી શેઠ જવેરચંદ ગુમાનચંદના સંઘમાં શ્રીસિદ્ધાચળ યાત્રા કરી શ્રી ગીરનારજી, પ્રભાસપાટણ થઇ જામનગર પધાર્યા ત્યાંથી શ્રી આબુજી તીર્થની યાત્રા કરી. મારવાડમાં વિચરી લશ્કર શહેરમાં પધાર્યા ત્યાંથી ચોમાસાબાદ શ્રી શિખરજીની યાત્રાએ જતાં શૌરિપુરી, સિંહપુરી, બનારસ. વીગેરે થઈ પટણા થઇ શ્રી સમેતશિખરજી પહોચ્યા ત્યાં કલકત્તા નિવાસી રાયબહાદુર બદ્રિદાસજીની વિનંતીથી કલકત્તે પધાર્યા ને ધામધૂમથી સામૈયું કરવામાં આવ્યું. ત્યાં રોયલ એસીઆટીક સોસાયટીના સેક્રેટરી **શ્રી ડાક્ટર ભટ્ટ** તથા **એફ. રૂડોલ્ફ હારનલ** નામના યુરોપીઅન સાથે મુલાકાત થઇ. ત્યાંથી અજીમગંજ પધાર્યા ને ત્યાં સુંદર સામૈયું કરવામાં આવ્યું હતું. ચોમાસા બાદ રાજગ્રહી નગરીના વૈભારગીરી પર્વત પર જતાં દેરાસર ખંડિત થયેલું જોયું ને મૂર્તિ ઘાસમાં પધરાવેલી દીઠી. શ્રી વડોદરાનો સંઘ ત્યાં હતો તેમને ઉપદેશ આપી નીચે ધર્મશાળામાં પધરાવી. તે શ્રી મુનિસુવ્રતસ્વામીની મૂર્તિને લેપ કરાવી મંદિર બંધાવી તીર્થની સ્થાપના કરી, ત્યાં રાયબહાદુર ધનપતસિંહજી તરફથી મોટો ઉત્સવ કરવામાં આવ્યો. એમ કહેવાય છે રાણી મીનાકુમારીએ તે સમયે **સોનાના જવ, ચાંદીના ચોખા** તથા **મોતીના સાથીયા** કર્યા. ને **રત્નજડીત સોપારી** મૂકયા હતા. ત્યાંથી મીનાકુમારીએ શ્રી સમેતશીખરજીનો સંઘ કાઢ્યો તેમાં પધાર્યા. ત્યાંથી તેઓશ્રી પંજાબ તરફ વિહાર કર્યો ત્યાં અંબાલા શહેરમાં ગુરૂવર્ય શ્રી આત્મારામજીના દર્શન કરી કૃતાર્થ થયા. ત્યાંથી વિહાર કરી બીકાનેર થઈ ફલોધીપાર્શ્વનાથ યાત્રા કરી ઓશીયાનગરી થઈ પાલણપુર આવ્યા. ચોમાસા બાદ શેઠ અમુલખચંદના સંઘમાં સવંત ૧૯૫૨માં શ્રી સિદ્ધાચલજી પધાર્યા. તે સમયે વીસ વિહરમાનના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો ને શ્રી અષ્ટાપદજીના દેરાસરમાં રાવણ તથા મંદોદરીની મૂર્તિઓ પધરાવી. તથા શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિની સ્થાપના કરી. ત્યાંથી વિહાર કરી ગૂજરાત તરફ

વિહાર કરી દક્ષિણ દેશમાં ધુલીઆ ખાનદેશ થઇ શ્રી અંતરિક્ષની તીર્થનીયાત્રા કરી. ત્યાંથી અમરાવતી થઇ વર્ધા નાગપુર થઇને તેલ્હારા ગામમાં શ્રી પદ્મપ્રભુના દેરાસરની પ્રતિષ્ઠા કરી ત્યાંથી બુરાણપુર પધાર્યા ત્યાંથી માલવા તરફ વિચરતાં શ્રી **માંડવગઢ તીર્થની** યાત્રા કરવા ગયા. ધર્મશાળાનું સાધન ન હોવાથી લોકો મસજીદમાં ઉતરતા હતા. ત્યાં ઉપદેશ આપી ધર્મશાળા બનાવવાનું કામ શરૂ કરાવ્યું. ને ધર્મશાળાનો પાયો ખોદતાં નવી મૂર્તિઓ નીકળી તેની પ્રતિષ્ઠા કરાવી સં. ૧૯૫૮માં ધર્મશાળા બુરાનપુરવાળી બાઈ ચુન્નીબાઈ તરફથી બંધાવવામાં આવી. ત્યાંથી ઇંદોર ચોમાસુ કરી ૧૯૬૦માં પાટણમાં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી સાથે ચતુર્માસ રહ્યા. ત્યાંથી પાલીતાણે પધાર્યા ત્યાં પોતાના શિષ્ય શ્રી સંપતવિજયજીને. પં. શ્રી કમલવિજયજીને હાથે પન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાથી કચ્છમાં માંડવી બંદર પધાર્યા. જૈન પાઠશાલા ચાલુ કરી. ત્યાંથી કચ્છ ભદ્રેશ્વરની યાત્રા કરી ત્યાં ભદ્રેશ્વરમાં શ્રી સુધર્માસ્વામી તથા શ્રી આત્મારામજીની મૂર્તિની સ્થાપના કરી. ત્યાંથી વિહાર કરી ભાવનગર પધાર્યા તે વખતે જૈન કોન્ફરંસનું અધિવેશન ત્યાં થયું. પ્રમુખ અમદાવાદવાળા શેઠી શ્રી મનસુખભાઇ ભગુભાઇ હતા. ત્યાંથી પાછા અમદાવાદ ધંધુકા વડોદરા થઇ સુરત પધાર્યા. સંવત ૧૯૬૭માં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી સાથે સુરત ચોમાસું કર્યું. ત્યાંથી દમણ ચોમાસું કરી ફરી પાછા સુરત થઇને વડોદરે પધાર્યા, ત્યાં ૧૯૬૮માં શ્રી આત્મારામજીના સંઘાડાના લગભગ ૫૦ સાધુઓનું એક સંમેલન કર્યું, આચાર્ય શ્રી વિજયકમળસૂરિ, ઊપાધ્યાય શ્રી વીરવિજયજી, શ્રી હંસવિજયજી પ્રવર્તક કાંતિવિજયજી, મુનિ વલ્લભવિજયજી, વીગેરે હતા, ત્યાંથી વિહાર કરી પાટણ, પાલણપુર વીગેરે થઈ પેથાપુર પધાર્યા ત્યાંના બાવન જિનાલય દેરાસરમાં ૧૪–ચૌદ દેરીની પ્રતિષ્ઠા કરી ત્યાંથી શ્રી કેશરીઆની યાત્રાર્થે પધારી રતલામ આવ્યા. ત્યાં શ્રી વલ્લભવિજયજીના શિષ્ય શ્રી સોહનવિજયજીને પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાંથી પરતાપગઢ પધાર્યા ત્યાંના રાજાસાહેબની હાજરીમાં શ્રી હંસવિજયજીના પ્રમુખપદે એક મોટી સભા થઈ. તેમાં મુનીરાજ શ્રી

લબ્ધિવિજયજીએ જાહેર ભાષણ આપ્યું. હજારો જૈનેતરોની હાજરી હતી ત્યાંથી શ્રી વહીપાર્શ્વનાથની યાત્રાએ પધાર્યા. ત્યાંથી આવતાં રીંગણોદ ગામમાં પાંચ નવી મૂર્તિ પ્રગટ થઈ હતી. તથા શ્રી અંબિકાદેવીની મૂર્તિ પણ પ્રગટ થઈ તેના દર્શન કરી મંદસોર પધાર્યા ત્યાં ચતુર્માસ કર્યું. ચોમાસાબાદ બોતલ ગામમાં શ્રી પદમપ્રભુની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી મહિદ-પુરમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી ઊજ્જયનની શ્રી અવંતી-પાર્શ્વનાથની યાત્રાએ પધાર્યા આવી રીતે જ્યાં જ્યાં તેઓનો વિહાર થયો. ત્યાંના મુખ્ય દેરાસરોના મુલનાયકોના સ્તવનો રચ્યા છે તેમજ ઐતિહાસિક સઝાયો પણ ઘણી રચી છે તેઓશ્રીની ચોવીસી રચના સુંદર રાગોમાં થઇ છે. તેમનો સ્વર્ગવાસ સં. ૧૯૮૦માં થયો છે.

આ સાથે તેમના પાંચ સ્તવનો તથા એક ઐતિહાસિક ગંહૂલી લીધી છે.

## શ્રી હંસવિજયજીની સાહિત્ય કૃતિ

### સંસ્કૃત

૧. ચતુર્વિંશતિજિન સ્તુતિ
૨. શ્રી સમ્મેત શિખરતીર્થ સ્તોત્ર
૩. શ્રીપંચ પરમેષ્ઠિ સ્તોત્ર
૪. શ્રી આદિનાથ—અજીતનાથ સાંભવનાથ સ્તોત્ર

### ગૂજરાતી

૧. શ્રી ચોવીસજિન સ્તવનો
૨. સૌભાગ્ય પંચમી સ્તવન બે ઢાલ. ૪૧ ગાથા વડોદરા
૩. શ્રી અષ્ટમીતપ સ્તવન બેઢાલ ૨૪ગાથા સં: ૧૯૭૨ મંદસોર
૪. મૌન એકાદશી સ્તવન વડોદરા
૫. શ્રી ઊપધાનતપ સ્તવન સં. ૧૯૬૬
૬. કાઠીયાવડના જુદા જુદા શહેરના ૧૩ સ્તવનો
૭. પૂર્વદેશના ૨૧ સ્તવનો
૮. મારવાડ દેશના ૨૦ સ્તવનો
૯. ગૂજરાત દેશના ૨૪ સ્તવનો
૧૦. દક્ષિણ વરાડ ૧૬ સ્તવનો
૧૧. માલવા દેશના ૨૧ ,,
૧૨. મેવાડ દેશના ૫ ,,
૧૩. કચ્છ દેશના ૭ ,,
૧૪. ગહૂલીઓ ,, ૨૫ ,,

( ૧ )

## શ્રી આદિનાથ સ્વામી સ્તવન

( કુમકુમને પગલે પધારો રાજ કુમ૦ એ દેશી )

આતમ તું તો આદિજિણંદ ભજલે, આતમ તું તો આદિજિણંદ
ભજલે એ આંકણી)

જુગલા ધર્મ નિવારણ સ્વામી, શીલ્પ કલાં સજલે આતમતું. ૧
પ્રથમ રાય આદિનાથ કહાવે, પ્રથમ મુનિ સઘલે. આતમતું. ૨
પ્રથમ તીર્થના નાથ નકી છે, ઝટ દર્શન કર લે. આતમતું. ૩
સંયમ લઈ નિરાહાર જગત્ પ્રભુ, વરસ ફર્યા પગલે. આતમતું. ૪
શ્રેયાંસ ઘર પ્રભુ દાન થકી થયું, દ્રવ્ય ઘણું ઢગલે. આતમતું. ૫
કેવલજ્ઞાન દિવાકર થઈ ગયા, મોક્ષ એક ડગલે. આતમતું. ૬
એ પ્રભુનું હંસ ધ્યાન ધરીને, શિવસુખડાં મંગલે આતમતું. ૭

---

(૨)

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

॥ રાગ જંગલો ॥

( "મહાવીર તોરે સમવસરણકીરે એ દેશી" )

શાંતિજિનમૂર્તિ તોરી લાગે મુને પ્યારી રે,
હું નીરખું દીલમાં ધારી. શાં૦ એ આંકણી.

કંચન સમકાયારે, શાંતિનાથ કહાયારે,
પ્રણમું હું તોરે પાયા, તુમ અજબ ધ્યાન લગાયા શાંતિ૦ ૧
શાંત વદન તુમ સોહે રે, ઇંદ્ર ચંદ્ર મન મોહે રે;.
તુમનયન યુગલ કજ તોલે, મૃગનેત્ર નહિં જન બોલે. શાંતિ૦ ૨

પદવી બે પામીરે ચક્રીજિન સ્વામીરે,
વંદુ છું હું શિર નામી નહીં તુમ દર્શનમાં ખામી. શાંતિ૦ ૩
તુઝ સમો કોઇ દાની રે, જગમાં નહીં પ્રાણી રે;
તુમ મુક્તાફલસમવાણી, ચાખી, હંસે ગુણ ખાણી. શાંતિ૦ ૪

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

॥ રાગ ભૈરવી ॥

(લાગી લગન કહો કેસે છૂટે, પ્રાણજીવન પ્રભુ પ્યારસે લા. એ દેશી)

નેમીજિણંદ જુહાર રે પ્રાણી. નેમીજિણંદ જુહારરે
॥ એ આંકણી ॥

શિવા દેવી ઉર જન્મ લીયો હે, તીન જ્ઞાન દિલ ધાર રે, તીનજ્ઞા.ને ૧
ગદાકૌમોકીવાલકેં ક્રીની, જેસી વૃક્ષક્રીડાલરે. જે. ને. ૨
અદ્ભુત્ બલ દેખી ચિત ચમકયો, હરિ ભયો હરિવત કાલ રે. હ.ને. ૩
રાજુલ રૂડી છોડ ચલે પ્રભુ, જાઈ ચઢે ગિરનારરે. જા. ને. ૪
અદ્ભુત્ ધ્યાન ધરિ તિહાંકીનો, શિવલક્ષ્મી સ્વીકાર રે. શિવ. ને. ૫

(૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

[ રાગ ખમાચ ]

॥ શાંત વદન કજ દેખ નેન મધુકર મનલીનોરે એ દેશી ॥

પાર્શ્વનાથ મહારાજ આજ દુર્ગતિ દુઃખ વારો રે;
ભલા દુર્ગતિ દુઃખ વારો રે (એ દેશી)

તેં પ્રભુ રાગ ઉરગ મહાક્રૂર, વક્ર દારૂણ કર્યો ચકચૂર,
વિનતા નંદનની પરેં, ભલા. નિર્ભય સુખ લીનોરે ભલા. પાર્શ્વ૦૧

અત્યંત દ્વેષો રોષી દ્વેષ, ભિષણને પ્રભુ તુમેં વિશેષ;
મહાભટની પરેં જિનેશ, ભલા. જીત્યો જગસ્વામી રે ભલા. પાર્શ્વ૦૨

છલ ગવેશી માહા વિકરાલ મોહ પિશાચ જગતનો કાલ;
તેં પ્રભુ નિગ્રહ કીધો લાલ, ભલા. સુધિ મંત્રવાદી પરેરેભલા. પાર્શ્વ૦૬

અશ્વસેન કુલકમલ ઉલ્લાસ, કરવામાં પ્રભુ રવિ પ્રકાશ;
વામા ઉદર દરોમાં ખાસ ભલા. કેશરી કિશોર સમરે ભલા. પાર્શ્વ૦૪

ઇક્ષ્વાકુ કુલભૂષણ સમાન, ગત દૂષણ દૂરીકૃતમાન;
ઉભય પક્ષ જસ હંસ સમાન, ભવકૂપની વારો રે ભલા. પાર્શ્વ૦૫

---

(૫)

## શ્રી મહાવીર જિન સ્તવન

॥ સિદ્ધાચલગિરિ ભેટયારે ધન્ય ભાગ્ય હમારાં–એ દેશી ॥

**મહાવીરજિન** જગ પ્યારારે, મનમોહનગારા;
ત્રિશલાનંદન પ્યારારે મનમોહનગારા । એ આંકણી ।

પ્રાણુત દેવલોકથી ચવીયા, જગજનના આધારા;
ત્રિશલા ઉદર સરોજ હંસ જ્યું, સ્વામી લહ્યો અવતારારે. મન. ૧

માતા ચૌદ સુપન તવ દેખે, અનુક્રમે મંગલ કારા;
ગજવર વષભ સિંહને દેવી, દામ શશી રવિ સારારે. મન. ૨

ધ્વજ કુંભ પદ્મસરોવર સાગર, દેવ વિમાન ઉદારા;
રત્નસમૂહ વન્હિની જ્વાલા, રાણી કહે સુણ વાહાલારે. મન. ૩

શું ફલ હોશે કહો મુઝ સ્વામી, તવકહે રાય બિચારા;
રાજ્યપતી રાજા તવ નંદન, હોશે જિન મનોહારારે. મન. ૪

ચૈતર શુદી તેરશને દિવસેં. જન્મ હુવો સુખકારા;
નારકને પણ આનંદ તે દિન, હંસા દિક જયકારારે. મન. ૫

(૬)

## શ્રી વિજયકમલસૂરિગુણ સ્તુતિ

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત. એ દેશી)

**વિજયકમલસૂરિ** વંદો મારા પ્યારા, વિ૦ એ આંકણી !
**વિજયાનંદસૂરિ** ક્રમ કમલા, કરમાં કમલ સમાન;
કમલાચાર્યના ભમર સમા, ભવ્ય ગાવે છે ગુણજ્ઞાન. મા૦ ૧

વડોદરામાં પચાસમુનિનું, સંમિલન કર્યું પ્યારૂં;
**સંવત ઓગણીસ અડસઠ** કેરા, વૈશાખ જેઠમાં સારૂં; મા૦ ૨

ઉપાધ્યાય **શ્રીવીરવિજયજી**, વીરવ્રત ધરનારા,
પૂર્ણ પ્રતિજ્ઞા કરીને પોતે, વડોદરામાં પધાર્યા. મા૦ ૩

પ્રવર્તક **શ્રી કાંતિવિજયજી**, આદિ મુનિવર મોટા;
પંન્યાસપદને ગણિપદ ધારી, આવ્યા કાઢવા ગોટા. મા૦ ૪

કોઇ મુનિ ન્યાય વ્યાકરણ ભણે છે, કોઇ મુનિ ધ્યાન ધરે છે;
કોઇ મુનિ કાવ્ય તર્કમાં કુશલા, વાદ વિવાદ કરે છે. મા૦ ૫

**હંસતો** હંસવિનોદ છપાવવા, પૂર્ણ પ્રેમ ધરાવે;
**વલ્લભવિજય** આક્ષેપો નિવારણ, ગ્રંથ ગુંફન કરાવે. મા૦ ૬

કેવલબેનની પુત્રી તરફથી, પ્રભુ પ્રતિમા પધરાવે,
અઠ્ઠાઇ મહોચ્છવ શાંતિ સ્નાત્ર કરી, ખુબચંદ હરખાવે. મા૦ ૭

દિક્ષા મહોચ્છવને વડી દીક્ષા એજ પ્રસંગમાં થાય;
**વિજયાનંદસૂરીશ્વર** કેરી. સ્વર્ગ તિથિ ઉજવાય રે. મા૦ ૮

તે જોવા દેશદેશના લોકો ત્યાં જાવા લલચાયા;
પંજાબ ને બંગાલ દિલ્લીના, શ્રાવકો ઝટપટ આયા. મા૦ ૯

કચ્છ અને કાઠિયાવાડ પૈકી, ભાવનગરથી આવ્યા,
જેપૂર મારવાડ માલવા કેરા, પટણી સ્વકાર્યમાં ફાવ્યા. મા૦ ૧૦

ઈત્યાદિક બહુ ગામ નગરના, નરનારી ઉભરાયા;
ગુરૂવંદન કરી જિનવાણી સુણી, મનમાં બહુ હરખાયા. મા૦ ૧૧
દેશદેશાંતરીની પંચરંગી, પાઘડીયોથી રંગીલા;
સભામંડપમાં પધાર્યા પોતે, આચાર્ય મુનિ સંમીલા. મા૦ ૧૨
બેઠક ત્રણ કરીને સુધારા, ચોવીશ ઠરાવથી કીધા;
આદિનાથ મંડલે ગુણ ગાઈને, હંસસમા યશ ડંકા દિધા મા૦૧૩

---

**ચિર-સંચિઅ-પાવ-પણાસણીઇ,**
**ભવ-સય-સહસ્સ-મહણીએ ।**
**ચઉવીસ-જિણ-વિણિગ્ગય-,**
**કહાઇ વોલંતુ મે દિઅહા ॥**
**—શ્રી વંદિતા સૂત્ર ગાથા ૪૬**

અર્થ—લાંબા કાળથી સંચિત થયેલાં પાપોને નાશ કરનારી, લાખો ભવોનો અન્ત કરનારી એવી ચોવીશ જિનેશ્વરોનાં મુખમાંથી નીકળેલા ધર્મ કથાઓના **સ્વાધ્યાય દ્વારા** મારા દિવસો પસાર થાઓ. ૪૬

પરમ પૂજ્ય પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ

દીક્ષા સં. ૧૯૩૫

પ્રવર્તક પદ સં. ૧૯૫૭



જન્મ સંવત ૧૮૯૨ વડોદરા

સ્વર્ગવાસ સં. ૧૯૯૪

( ૨૪ )

# પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી

મહાગૂજરાતના એક મુખ્ય શહેર શ્રીમન્ ગાયકવાડ નરેશની રાજધાની વડોદરામાં આ મહા પુરુષનો જન્મ સંવત ૧૯૦૭માં થયો હતો નામ ગોકુલભાઈ પાડવામાં આવ્યું હતું. નાનપણમાં વૈરાગ્ય વાસિત હોવાથી તેઓશ્રી વડોદરેથી તેઓના મિત્ર છોટાલાલ સાથે પંજાબ જઇ અંબાલામાં શ્રી આત્મારામજી મહારાજ પાસે સં. ૧૯૩૫માં દિક્ષા લીધી. નામ **શ્રી કાંતિવિજય**જી રાખવામાં આવ્યું. તેઓશ્રીનો વિહાર મારવાડ પંજાબ ગૂજરાત વિગેરે દેશોમાં થયો છે. પાટણ જ્ઞાન ભંડારમાં વર્ષો સુધી રહીને સુવ્યવસ્થિત કર્યો, એ તેમનું સાહિત્ય સંરક્ષણનું કાર્ય ભાવિપ્રજા કદિ ભૂલી શકે એમ નથી.

પ્રવર્તક શ્રી કાંતિવિજયજીને આપણી પ્રાચીન હસ્તપ્રતોના સંશોધનમાં ઘણો રસ હતો. તેઓ જ્યાં જ્યાં વિહાર કરતા ત્યાંથી ત્યાંથી જે કોઈ હસ્તપ્રતો મળતી તે મેળવી લેતા. સં. ૧૯૬૬માં જ્યારે તેઓ સૂરતમાં ચોમાસું હતા ત્યારે ત્યાં રહેવા આવેલા શિરોહીના નિવૃત્ત દીવાન શ્રી મેળાપચંદ પાસેથી તેમને કીમતી હસ્તપ્રતોના ૩૦–૩૫ દાબડા મળેલા. જેમાંથી 'જંબૂસ્વામી રાસ'ની ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીની સ્વહસ્તલિખિત પ્રત પણ મળી આવી હતી.* પ્રવર્તક શ્રી કાંતિવિજયજીએ આ

* આ રાસ અમારા ફંડ તરફથી સને ૧૯૬૧માં પ્રગટ થયેલ છે, અને તે મુંબઇ યુનિવર્સિટીએ ૧૯૬૩–૬૪ના વર્ષ માટેની એમ. એ.ની પરીક્ષા માટે પાઠ્યપુસ્તક તરીકે મંજૂર કરેલ છે.

રીતે આપણી વેરવિખેર પ્રાચીન હસ્તપ્રતોનો સંગ્રહ કરવામાં મૂલ્યવાન ફાળો આપ્યો છે.

તેઓશ્રી સાથે વિહારમાં મોટે ભાગે શાંતમૂર્તિ **હંસવિજયજી** રહેતા હતા. ઘણા ચતુર્માસો પ્રાયે સાથે જ કર્યા છે.

વડોદરામાં શ્રી વિજયાનંદસૂરિના સંઘાડાના સાધુ સંમેલનમાં અગ્ર ભાગ લીધો હતો. તેમના પ્રશિષ્ય આગમદિવાકર **મુનિશ્રી પુણ્યવિજયજી** આજે સાહિત્ય પ્રકાશનમાં સર્વસ્વ અરપી રહ્યા છે. તેમના પ્રશિષ્ય સાહિત્ય પ્રેમી મુનિશ્રી પુણ્યવિજયજી તેઓની કાવ્ય રચના માટે શ્રી આત્મ કાંતિપ્રકાશ ગ્રંથમાં નિચે મુજબ જણાવે છે.

પ્રસ્તુત આત્મકાંતિપ્રકાશ સ્તવનાવલિમાં પૂજ્યપાદ જ્ઞાન ચરણ વૃદ્ધ પ્રભાવસંપન્ન બહુ જન માન્ય વૃદ્ધ ગુરૂદેવ પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજશ્રીની ભક્તિરસ ભરી વિવિધ કૃતિઓ સંબંધમાં કાંઇ કહેવાનું છે.

પૂજ્યપાદ પ્રવર્ત્તકજી મહારાજની પ્રસ્તુત કૃતિઓમાંની કેટલીક કૃતિઓ પ્રવજ્યાની પ્રથમ વયમાં રચાએલી છે, કેટલીક મધ્યમ વયમાં અને કેટલીક પાછલી પરિણત વૃદ્ધ વયમાં રચાએલી છે. કવિ માત્રની દરેક કવિતા અને લેખક માત્રનું બધું યે લખાણ એક સરખુ ભાવવાહી કે પ્રતિભાપૂર્ણ કયારે ય નથી હોતું એ રીતે પ્રવર્તકજી મહારાજની દરેક કૃતિમાં એક સરખાપણું ન હોય. એ સ્વભાવિક છે; તે છતાં તેમની કૃતિઓમાંની ઘણીખરી કૃતિઓ મધ્યમ વયમાં તેમ જ પરિણત વયમાં રચાયલી હોઈ તેમાં આપણે અનુભવ પૂર્ણતા તેમજ હૃદયની ગંભીર ઊર્મિઓનુ સ્વભાવિક સ્ફુરણ જોઈ શકીએ છીએ. કેટલીક કૃતિઓ તો તેઓશ્રીએ પોતાની શારીરિક તેમજ નેત્રની નિર્બળ સ્થિતિમાં એકલા બેઠાં થએલ સહજ ચિંતનને પરિણામે રચી છે.

પ્રસ્તુતકૃતિનું વર્તમાન યુગમાં વિકાસ પામતા કવિતા સાહિત્યની નજરે અથવા ભાષા સાહિત્યની નજરે ગમે તેવું સ્થાનહો તે છતાં લગભગ નેવું વર્ષની અતિ વૃદ્ધ વયે પહોંચતા મહાપુરૂષના અંતકરણમાં તેમની

શમપ્રધાન વૃત્તિઓને પ્રભાવે કેવી અને કેટલી સ્ફુરણા ઉત્પન્ન થાય છે, એ દૃષ્ટિએ આ કૃતિ અતિ મહત્વની છે. આવડી વયે આટલું સ્ફુરણ અને સ્મૃતિમાં ઓજસ એ પૂ. વૃદ્ધ ગુરૂદેવની સ્થિત પ્રજ્ઞતા અને તેમના દૃઢ જ્ઞાન અને ચરણને જ આભારી છે. પ્રવર્તકજી મહારાજની કૃતિઓમાં મુખ્યત્વે બે પ્રકારની કૃતિઓનો સમાવેશ થાય છે. એક સ્તવનાત્મક ને બીજી સઝાયરૂપ. સ્તવનોમાં પાંચ સાતને બાદ કરીને બધાં ય જુદાં જુદાં ગામ તીર્થ અને પર્વ વિષયક જ સ્તવનો છે સઝાય સંગ્રહમાં કેટલીક શાસ્ત્રીય; કેટલીક અધ્યાત્મિક ઊપદેશાત્મક, અને કેટલીક ગુરૂ સ્તુતિરૂપ છે. આ કૃતિઓમાં કોઈ કોઇ કૃતિ ફારસી, પંજાબી, દક્ષણી, આદિ ભાષામાં પણ છે.

અંતમાં હું ઇચ્છુ છું કે પ્રસ્તુત રચનાને ભક્તિ રસથી ગ્રહણ કરો અને તે દ્વારા અંતરાત્માભિમુખ દશાને મેલવો.

**નિવેદક–મુનિશ્રી પુણ્યવિજયજી**

આ મહાપુરૂષનો સ્વર્ગવાસ સં. ૧૯૯૮ માં પાટણ શહેરમાં થયો હતો.

## સાહિત્ય રચના

૪૮ સ્તવનો જુદા જુદા શહેર તથા તીર્થના

૧૯ પાટણ શહેરના જુદા જુદા દેરાશરના સ્તવનો

૨૪ સઝઝાયો શાસ્ત્રીય

૨૪ અધ્યાત્મિક પદો

૮ મહાપુરૂષોની ઐતિહાસિક સઝાયો

૧૪ શ્રી આત્મારામજી મહારાજની સઝાયો

૯ જુદી જુદી ભાષામાં લખેલા

આ સાથે તેઓનાં ૭ સ્તવનો એક સઝાય તથા એક પદ તથા એક ગુરૂ સ્તુતિ કાવ્ય મલી કુલ્લે નવ કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

(૧)

## શ્રી આદિનાથ જિન સ્તવન

(રાગ. જીરે મારે......)

જીરે મારે દરશન દિનમણિ આજ,
મરૂદેવી નંદન મન રમ્યો જીરેજી
જીરે મારે અંતર તિમિર નિવાર,
તિમિરારિ તિમિરને ના ગમ્યો. જીરેજી ॥૧॥
જીરે મારે તું ગુણમણિ ભંડાર,
સુરમણિ મૃન્મણિ થઈ ગયો. જીરેજી.
જીરે મારે તું નિજ પદ દાતાર,
દેખી સુરતરૂ તરૂ થયો. જીરેજી ॥૨॥
જીરે મારે સમસરણની સીખ,
ભગવતી ભગવતી દિલ ધરૂં. જીરેજી,
જીરે મારે તાર્યા પ્રાણી અનેક,
હું પણ આસા એ કરૂં. જીરેજી ॥૩॥
જીરે મારે ભરતાદિક સંતાન,
શિવ સંપત સરિખા કર્યા. જીરેજી,
જીરે મારે તુમ આગમ પરિમાણ,
ભાવ ભજન ભગતિ ભર્યા, જીરેજી. ॥૪॥
જીરે મારે હું રે અનાથી જીવ,
નાથ નિહારો નયણથી, જીરેજી,
જીરે મારે આતમ રંગ કલ્લોલ,
કાંતિ કહો નિજ વયણથી, જીરેજી. ॥૫॥

(૨)

## શ્રી શાન્તિનાથ જિન સ્તવન

( રાગ–આંગણુ કલ્પ ફલ્યોરી..... )

અચિરાનો નંદ મલ્યોરી, હમારે આજ અચિરાનો....અંચલી.
સંવર જલ નિર્મલ ભરી કલશે, સિંચન પાપ ટલ્યોરી. હમારે૦૧
ચિદ્દઘન ચંદન રૂચિ ઘનસારા, મૃગમદ ભાવ ભલ્યોરી. હમારે૦૨
હાર મનોહર સંયમ કરણી, શીલ સુગંધ ઢલ્યોરી. હમારે૦૩
ધ્યાન સુવાસિત ધૂપકી ધારા, કુમતિ કુગંધ બલ્યોરી. હમારે૦૪
જ્યોતિ પ્રકાશી તિમિરવિનાશી, જ્ઞાનાવરણી ગલ્યોરી. હમારે૦૫
નિજગુણ તંદુલ સમરસ મેવો, તપતરૂ સફળ ફલ્યોરી. હમારે૦૬
આરતી મંગલ અનુભવ દીવો, કાંતિ સ્વભાવ કલ્યોરી. હમારે૦૭

---

(૩)

## શ્રી આબૂતીર્થમંડન શ્રી નેમિજિન સ્તવન

(દેશી–પનીહારી–માવડી)

આબૂ અચલ નિર્મળ ભલો મારા વાલાજી રે,
દેલવાડો દિલદાર સ્વર્ગ વિસાર વાલાજી;
નેમિજિન નિરંજન નાથનું મારા વાલાજીરે,
ચૈત્ય અતિ મનોહર બોધિકાર વાલાજી. ૧

મૃગપતિ આસન શોભ તો મારા વાલાજી રે,
ત્રિભુવન તારણહાર ગિરિ શૃંગાર વાલાજી;
શાંત સમાધિસે ભર્યો મારા વાલાજી રે;
સમરસનો દાતાર ધર્મોદ્ધાર વાલાજી. ૨

પૂરણ પુણ્યે પામીઓ મારા વાલાજી રે,
કર કરૂણા મહારાજ શિવપુર સાજ વાલાજી;

પંચમ આરે પ્રાણીનાં મારા વાલાજી રે,
કર્યું કર સરશે કાજ રાખો લાજ વાલાજી. ૩

રાજિમતી રથનેમિજી મારા વાલાજી રે,
જયું દીધો આધાર ત્યું મુજ તાર વાલાજી;
પશુ પર તમે કરૂણા કરી મારા વાલાજી રે,
મુજ પર કયું ન લગાર ટલવલું દ્વાર વાલાજી. ૪

યદુપતિ નંદન વંદના મારા વાલાજી રે;
ચંદન શીત શરીર યોગી પીર વાલાજી;
કાંતિ વિજય કર દીજિએ મારા વાલાજી રે,
જાવે જંગમ પીર ભાંગે ભીર વાલાજી. ૫

---

૪

## ગોઘા મંડન શ્રીનવખંડા પાર્શ્વનાથ જિન સ્તવન.

( રાગ. પ્યારા પાસજી હો રાજ...... )

**નવખંડાજી હો** પાસ. મનડું લોભાવી બેઠા આપ ઉદાસ.
( અંચલી. )

તારે તો અનેક છે ને, મારે તો તું એક,
કામી ક્રોધી દેવ જોઈ, કાઢી નાંખી ટેક. નવખંડાજી....૧
કોઈ દેવી દેવતાતો, ઝાલી ઉભા હાથ,
મોંઢે માંડે મોરલીને, નાચે રાધાનાથ. નવખંડાજી....૨
જટાજુટ શિર ધારે, વળી ચોળે રાખ,
ગળે તો ગિરિજાને રાખે, જોગીયનો ખાખ. નવખંડાજી....૩
પીરને ફકીર જોયા, નિરગુણી દેવ,
કાચકણી મણિ ગણી, આ તો ખોટી ટેવ. નવખંડાજી....૪
દેવ દેખી જુઠડાને, આવ્યો છું હજુર,
ગુણ આપો આપના તો, **કાંતિ** ભરપૂર. નવખંડાજી....૫

---

(૫)

## મહુવા મંડન શ્રી મહાવીર જિન સ્તવન.

**વીર** સુનો મોરી વિનતિ, તુમ ત્રિભુવન તારણહાર,
મધુમતી નગરી વિરાજતા, સવિ સેવકને આધાર. ॥ ૧ ॥
લૌકિક પંથ મેં પરિ હર્યો, મારે તુમરો પંથ પ્રમાણ,
તન મન વચને માનીયો, દિજો સુગુણ ગુણાવલી દાન. ॥ ૨ ॥
સંગમ દેવ સુરાધમે, ઉપસર્ગ કર્યા વિકરાલ,
ગોસાલે નિંદા કરી, તુમ શાસનનો વાચાલ. ॥ ૩ ॥
ફણિધર કૌશિક આકરો, દીધો ડંખ સહ્યો અસરાલ,
કર્ણે ખીલા પોરવ્યા, વળી ચરણે પચાવ્યો થાલ. ॥ ૪ ॥
દીન દયાલ દયા કરી, એવા ક્રૂર ઉપર મહારાજ,
વળી ચંદન બાલાને આંગણે, ગયા શિવ સંકેતને કાજ. ॥ ૫ ॥
ધર્મનું બીજ આરોપવા, ભૂમંડલ કીધ વિહાર,
કર્મ કર્યોરે વેગળો, અબ ચરણ અડયાને શી વાર ॥ ૬ ॥
નિજપદ દાયક સાંભળી, આવી ઉભો નાથ હજૂર,
**આતમરામ** સુહંકરો, કરો **કાંતિવિજય** ભરપૂર. ॥ ૭ ॥

---

(૬)

### મુંબાઈ પાયધોની મંડન –

## શ્રીગોડી પાર્શ્વનાથ જિન સ્તવન

રચના. સં. ૧૯૭૪

( રામકલી—આંગણે કલ્પ ફલ્યોરી )

પાસ ગોડીજી મલ્યો રે,
મારે તો પ્રભુ પાસ ગોડીજી મલ્યો રે.......આંચલી

કાંતિ મનોહર વલ્લભ જગને
ચતુરને લાભ ફલ્યો રે................(૧) મારે
સોહન વિમલ કસ્તૂર સુગંધી,
ઉમંગ કુરંગ ગલ્યો રે,................(૨) મારે
મેઘ વિજ્ઞાન જિન વિદ્યા વિચારો,
પુણ્ય સમુદ્ર છલ્યો રે................(૩) મારે
ગુણસાગર ભવસાગર તારક
આતમ કાંતિ કલ્યો રે................(૪) મારે
૪ ૭ ૯ ૧
વેદ મુનિ નિધિ શશિ દર્શન પામી
મોહકો જોર ટલ્યો રે................(૫) મારે

---

(૭)

## જિભલડીની સઝાય

(રાગ આશાવરી–સોરઠ–માઢ–ગોડી)

રસના તું છે મોહ ધુતારી, સવિ જગને ઠગનારી આંકણી
રસના રસીલી સબ રસ,હીલી, રસવતી ગમતી જમતી,
ષટરસ ખીલી અપેયાપીલી, તે જગ કીધું ભિખારી રસના તું છે (૧)
મહાબલવંતો સંત મહંતો, તુજ આંણા શિર ધારી
ઘર ઘર ભટકે ભિક્ષા લટકે, ધર્મરતન ગયા હારી રસના તું છે (૨)
સુરવર નરવર તપસી પદધર, તુંજ કથને સહચારી
પ્રભુ ભકતો થઇ ભકિત ભૂલ્યા, જીભલડી ચટકારી રસના તું છે (૩)

તું પટરાણી કાયારાણી, તું સુખીયે સુખિયારી
તું બગડે તો કાયા બગડી, ચેતન ચલત બિહારી રસના તું છે (૪)
તુજ જયથી આતમ જયવંતા, મુગતિની જુગતી સારી
કાંતિ વિજય ગુરૂચરણ કમલમેં, વંદત વાર હજારી રસના તું છે (૫)

---

(૮)

૫૬

( રાગ-વઢંસ—નાથ કૈસે ગજકો બંધ છુડાયો )

હું તો મારા ગુરૂનું જ્ઞાન સંભારૂં
જેથી જાય જનમ અંધરૂં, હુ તોઃ ઓકણી

સુરત શહેર તાપીની લહેરે, ધર્મનું ધામ છે સારૂ,
ચાલીસ એક એકુણવિંશતિ વરસે, ગુરૂજીના પગલા વારૂં—હુ તો ૧
૪૧ ૧૯
આચારાંગ છે પ્રભુજીની વાણી, ગુરૂજીનું મુખ કહેનારૂં,
સંઘ સર્વની વાણી માની, વદે વદન શણગારૂં—હું તો ૨
મુનિ મંડળ પુસ્તક લઇ બેસે, તર્ક કરે અતિ સારૂં,
સભા જનોના મન હરી લેતાં, ન્યાય ન્યાય ઊજિઆરૂં.—હું તો ૩
શ્રોતાજન સરદાર ફુલાભાઈ, નામ કલ્યાણ કરનારૂં,
કપુરચંદ કપુરના ભાઇ, તપસી શિવચંદ ભારૂં.—હું તો ૪
ઈત્યાદિક વ્યાખ્યાનના રસિયા, દેખી દિલડા ઠારૂં,
પુણ્ય સુરતરૂ આંગણે ઊગ્યો, પુણ્ય ગયું સંભારૂ.—હું તો ૫
ગુરૂજી ઊઠી સ્વર્ગે સિધાવ્યા, બંધુ વર્ગ ગયો તારૂં,
સુરતરૂ સરિખા દાની માની, સ્વર્ગ ગયાં વિસરારૂં.—હું તો ૬
આતમરામ સદાગમ દીવે, નિર્વાણે અંધારૂં,
કાંતિવિજય પર કરૂણા લાવી, શાસન કરો અજવારૂં.—હું તો ૭

( ૨૫ )

# આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી

( ચોવીસી રચના સં. ૧૯૬૧ )

ગૂજરાતના પાટનગર જેવા શહેર વડોદરામાં આ મહાપુરૂષનો જન્મ સં. ૧૯૨૭માં થયો હતો તેઓનું સંસારી નામ છગનભાઈ હતું.

સંવત ૧૯૪૩માં રાધનપુરમાં શ્રી આત્મારામજી મહારાજના શુભ હસ્તે દિક્ષા આપવામાં આવી તેઓશ્રીને શ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે સ્થાપી. નામ શ્રી વલ્લભવિજયજી રાખવામાં આવ્યું. સંવત ૧૯૪૬ ગુરૂદેવ સ્વર્ગવાસ પામતાં તેઓશ્રી પંજાબ તરફ વિહાર કરી પૂજ્ય આચાર્ય દેવશ્રી આત્મારામજી મહારાજના ચરણમાં શિર ઝુકાવે છે. શ્રી આત્મારામજી મહારાજ તેમને પ્રતિષ્ઠા કરવાની ક્રિયા શિખવાડે છે ને અક્ષરો મોતીના દાણા જેવા હોવાથી પત્રોની નકલો પણ તેમની પાસે કરાવે છે. તેઓશ્રી ગુરૂ પાસે રહી અમરકોષ, આચાર પ્રદીપ, ન્યાય શાસ્ત્ર, ચંદ્રોદય ગ્રંથો, સમ્યક્‌ત્વસપ્તતિ, ચંદ્રપ્રભા વ્યાકરણ જ્યોતિષ વિદ્યા, આવશ્યક સૂત્ર વીગેરેનો અભ્યાસ કરે છે.

પંજાબમાં લુધીઆનામાં શ્રી હર્ષવિજયજી જ્ઞાનભંડારની સ્થાપના કરાવે છે પૂજ્ય આત્મારામજીના સ્વર્ગવાસ પછી પંજાબમાં તેમનું અધુરૂં કામ આગળ ધપાવે છે ને જ્ઞાનમંદિરો પાઠશાળાઓ વિદ્યાલયો વીગેરે સ્થાપવા ઊપદેશ આપે છે. નાભા નરેશના દરબારમાં મૂર્તિપૂજા પ્રાચીન છે એમ સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રાર્થ કરી સિદ્ધ કરે છે. જીરામાં જૈન સાહિત્ય સમીતિની નીમણુક કરે છે. આમ ઓગણીસ વર્ષ સુધી

## શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજ

દીક્ષા સં. ૧૯૪૦




આચાર્યપદ સં. ૧૯૮૧

જન્મ સ. ૧૯૨૭

સ્વર્ગવાસ સં. ૨૦૧૦

પંજાબના ગામે ગામમાં અહિંસાનો સંદેશ પહોંચાડે છે. સં. ૧૯૬૩માં અંબાલામાં ચોમાસુ કરે છે ત્યાં તેમના સંસારી મોટાભાઈ વડોદરા પધારવા વિનંતી કરે છે. ને તેઓશ્રી ગૂજરાત તરફ વિહાર કરે છે. હજી દિલ્હી પહોંચ્યા નથી ત્યાં ખીવાઈ ગામે શ્રી વિજયકમલસૂરિજી તરફથી "ગૂજરાનવાલા આવો પત્ર વાંચો એવો તાર મલે છે. ભર ઊનાળામાં અગ્નિ વરસાવતી ગરમીમાં સવારના ૨૦ માઈલ સાંજે ૧૦ માઈલ એમ ત્રીસ માઈલનો વિહાર કરે છે. અમૃતસર પહોંચતા શ્રી આત્મારામજીના ગ્રંથો સત્ય છે એમ પંચે ગૂજરાનવાલામાં ફેસલો આપ્યાના સમાચાર મલે છે.

શ્રી ગૂજરાનવાલાનો સંઘ તેમનું ભવ્ય સ્વાગત કરે છે. ત્યાં તેઓ શ્રી **વિશેષનિર્ણય,** અને ભીમજ્ઞાનત્રિંશિકા નામના બે પુસ્તકોની રચના કર છે. ત્યાંથી વિહારકરી સં. ૧૯૬૫ માં રાધનપુર પધારે છે શેઠ મોતીલાલ મુળજીભાઇના શ્રી સિદ્ધગિરિજીના સંઘમાં જાય છે તે સંઘમાં ૧૬૦૦ યાત્રાળુઓ હતા. સંવત ૧૯૬૬ માં વડોદરા પધારે છે ને ત્યાં શ્રી વિજયકમલસૂરિજીના અધ્યક્ષમાં સંઘાડાના મુનિઓનું સંમેલન ભરાય છે ને ૨૪ ઠરાવો થાય છે. ત્યાંથી કાવી ગાંધાર–ભરૂચ પાસે યાત્રાર્થે જાય છે ને ગાંધાર તીર્થમાં તેઓ શ્રીએ એક**વીસ પ્રકારની પૂજા**ની રચના કરી છે. ત્યાંથી વિહાર કરી વડોદરા સુરત વિગેરે રોકાઇને સં. ૧૯૬૯ માં મુંબાઇ લાલબાગમાં ચતુર્માસ કરે છે. ને સંવત ૧૯૭૦ માં **શ્રી મહાવીર જૈન વિદ્યાલય**ની સ્થાપના કરે છે. ત્યાંથી વિહાર કરી પાછા સૌરાષ્ટ્રમાં પધારે છે. ત્યાં જુનાગઢમાં **આત્માનંદ જૈન લાઇબ્રેરી,** વેરાવલમાં **શ્રી આત્મનંદ જૈન સ્ત્રી શિક્ષણ શાલા** તથા ઔષધાલયની સ્થાપના કરાવે છે. વંથલીમાં શેઠ દેવકરણ મુલજી વિશાશ્રીમાલી જૈન બોર્ડીંગની સ્થાપના કરે છે. ત્યાંથી શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરી પાછા ૧૯૭૩ માં મુંબાઈ પધારે છે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ફંડમાં રૂપીઆ એક લાખ બીજા ભેગા થાય છે. મુંબાઇથી વિહાર કરી અમદાવાદ પાલનપુર થઇ ગોડવાડ–મારવાડ તરફ વિહાર કરે છે જ્યાં

રસ્તામાં રાતા મહાવીર જતાં નાણા–બેડા નજીક લુટારાઓ તેમના કપડા આદિ લુંટી લે છે ને કડકડતી થંડીમાં ઊઘાડે શરિરે ગામમાં પ્રવેશે છે.

ગામેગામથી તેમની શાતા પૂછાવતાં તારો અને પત્રો મલે છે. ગોડવાડમાં અઢીલાખ રૂપીઆનું ફંડ કરાવી વિદ્યાલય સ્થપાય છે. ખુડાલા-બયાવર, પાલી, ગુંદોજ, મુંડારામાં પાઠશાલાઓની સ્થાપના કરાવી શ્રી **કાપરડાજી તીર્થ**માં ધર્મશાલા તેમના ઉપદેશથી કરાવાય છે. ત્યાંથી શ્રી કેશરીઆજી તીર્થની યાત્રા કરે છે. ત્યાં તેઓશ્રી શ્રી **આદીશ્વર પ્રભુની પૂજા,** તથા પાલીમાં **ચૌદરાજ લોકની પૂજા**ની રચના કરે છે. રસ્તામાં ઊદયપુરમાં શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજીની તબીયતની ખબર કાઢવા જાય છે. ને ત્યાં મુનિ સંમેલન ભરવા માટે આચાર્ય શ્રીને વિનંતી કરે છે. બીકાનેરમાં **સમ્યક્દર્શન** તથા **પાંચ જ્ઞાનની** પૂજાઓ રચે છે. ૧૯૭૭નું ચોમાસુ બીકાનેર કરે છે. ત્યાંથી પંજાબના સંઘની વિનંતિથી **હુશીઆરપુર** પધારે છે. ત્યાં ઊપદેશ આપી **શ્રી આત્માનંદ જૈન કોલેજ**ની સ્થાપના કરી બે લાખ રૂપીઆનું ફંડ કરાવે છે. અંબાલામાં શ્રી આત્માનંદ જૈન વિદ્યાલયની સ્થાપના કરી સં. ૧૯૮૦માં લાહોર પધારે છે. ત્યાં શ્રી સંઘ આચાર્ય પદવી લેવા વિનંતિ કરે છે. ને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી તથા શાંતમૂર્તિ શ્રી હંસવિવજયજીના આગ્રહથી લાહોરમાં આચાર્ય પદ અર્પણ કરવામાં આવે છે. તે જ વર્ષે લાહોરમાં શ્રી શાંતિનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવ તેઓશ્રી કરે છે. ત્યાંથી **બીનૌલીમાં** પ્રતિષ્ઠા મહોત્સવને અંજનશલાકા કરાવે છે. ત્યાંથી **અલવરમાં** પ્રતિષ્ઠા કરાવી ગોડવાડ તરફ વિહાર કરે છે. તેમના શિષ્ય લલિતવિજયજી વગેરે સાથે રહી **વરકાણામાં** વિદ્યાલય માટે ફંડ કરાવે છે. ત્યાંથી પાલણપુર થઈ. પાટણમાં **પ્રવેશ** કરે છે ત્યાં પ્રવર્તક શ્રી કાંતિવિજયજી તથા શાંતમૂર્તિ શ્રી હંસવિજયજીનું મીલન થાય છે. પાટણમાં એ વર્ષે વિદ્યાર્થીસંમેલન ભરાય છે. ત્યાંથી વિહાર કરી અમદાવાદ થઈ નવસારી પાસે **કરચલીઆમાં**

પ્રતિષ્ઠા મહોત્સવ કરાવી સં. ૧૯૮૫માં પાછા મુંબઈ પધારે છે ત્યાં તેઓશ્રીનું ભવ્ય સામૈયું કરવામાં આવે છે. ત્યાંથી ચોમાસાબાદ પુના શહેરમાં પધારે છે. ત્યાં ઊપધાન તપની આરાધના થાય છે. ત્યાંથી **ચેવલા** તથા **આકોલામાં** પ્રતિષ્ઠા મહોત્સવો કરાવે છે ત્યાંથી પાછા **શ્રી** કેશરી-આજી તીર્થની યાત્રા કરવા જાય છે ત્યાં ઊદયપુરના મહારાણાના આગ્રહથી ગુલાબ બાગમાં પ્રવચન આપે છે. ત્યાંથી શ્રી રાણકપુર તીર્થના દર્શન કરી. સાદડીમાં વિદ્યાલય તથા લાયબ્રેરીની સ્થાપના કરાવે છે. ત્યાંથી શ્રી ઓસીયામાં શ્રી મહાવીર પ્રભુના દર્શન કરી સંઘમાં ફલોધી પાર્શ્વનાથની યાત્રા કરે છે. ત્યાંથી **જેસલમેર** સંઘ સાથે આવી જેસલમેરના રાજાના રાજમહેલમાં જાહેર વ્યાખ્યાન આપે છે. શેઠ પાંચુલાલના આ સંઘમાં પચીસ સાધુઓ, સીતેર સાધ્વીઓ, ૬૫૩ ગાડાં, ૩૯૬ ઊંટ હતાં. ત્યાંથી વિહાર કરી બ્રાહ્મણવાડમાં પોરવાડ સંમેલનમાં હાજરી આપે છે. ત્યાંથી પાછા પાટણ થઈને પાલણપુર સં. ૧૯૮૯નું ચતુર્માસ કરે છે. ત્યાંથી શ્રી સિદ્ધગિરીજીની યાત્રા કરી સંવત ૧૯૯૦માં અમદાવાદ પધારે છે ને **નગરશેઠના વંડામાં ભરાએલ સાધુ સંમેલનમાં** હાજરી આપે છે. સંમેલન પુરૂથએ તેઓશ્રી મુંબાઈ પધારી શ્રી મહાવીર જૈન વિદ્યા-લયના જિનાલયની પ્રતિષ્ઠા કરાવે છે. ત્યારબાદ ગૂજરાત તરફ પાછા વિહાર કરી વડોદરામાં શ્રી આત્મરામજી શતાબ્દિ મહોત્સવમાં ભાગ લે છે. ત્યાંથી વિહાર કરી રાધનપુરમાં શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ તરફથી તેમના પીતાશ્રીના સ્મરણાર્થે તૈયાર થએલી જૈન બોર્ડીંગના ઉદઘાટન પ્રસંગે પધારે છે. ત્યાથી ફરી વિહાર કરી પાટણ આવે છે. શેઠ હેમચંદભાઈ જવેરી તરફથી શ્રી હેમચંદ્રાચાર્યજ્ઞાનમંદિર બંધાવવામાં આવે છે. ત્યાંથી પંજાબ તરફ વિહાર ફરી અંબાલા પધારે છે. ને શ્રી આત્માનંદ જૈન કોલેજનું ઊદઘાટન થાય છે. તેઓશ્રીની દીક્ષા લીધે પચાસ વર્ષ પુરાં થતાં હોવાથી પંજાબ સંઘ દીક્ષાર્ધ–શતાબ્દિ મહોત્સવ ઊજવે છે. ૧૯૯૪નું ચોમાસું અંબાલામાં કરે છે ત્યાર બાદ પંજાબમાં પટીયાલા, માલેરકોટલા, લુધીઆના, હોશીઆરપુર

વિગેરે ગામોમાં વિચરી ૧૯૯૬માં ગૂજરાનવાલામાં ચતુર્માસ કરે છે. ત્યાં પજુષણમાં આઠે દીવસ કસાઈઓ કતલખાના બંધ કરે છે. ત્યાંથી વિહાર કરી **ભગવાન મહાવીરે** જાતે આવી **ઊદયન રાજાને** દીક્ષા આપી હતી ત્યાં **ભેરામાં** દર્શન કરી શિયાળકોટ થઈ ફરી ગૂજરાનવાલા આવી સમાધિ મંદિર, શ્રી ગૌતમસ્વામિની મૂર્તિ, શ્રી આત્મારામજીની મર્તિ તથા વિજયકમલસૂરિની મૂર્તિની સ્થાપના કરે છે–ત્યાંથી વિહાર કરી બીકાનેરમાં પધારી પાર્શ્વનાથ ભગવાન તથા બીજી ગુરુ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવે છે. પાછા પંજાબ તરફ જાય છે–૭૫ વર્ષની ઊમરે પગપાળા રેતીવાલા રણમાં થઈને જાય છે. **શિયાલકોટ**માં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઊજવાય છે. ગૂજરાનવાલામાં હિંદુસ્થાનના ભાગલાના સમાચાર આવે છે. પર્યુષણપર્વ શાંતિથી પસાર થાય છે. પણ પછી ગામે ગામના સંઘોના આગ્રહથી તેઓશ્રીને સંઘ સાથે લાવવા માટે ભાદરવા સુદ ૧૧ પંદર ટ્રકો તથા મીલીટરીના ૩૪ માણસો લેવા આવે છે. ૨૫૦ શ્રાવકો સાથે તેઓશ્રી હિંદુસ્થાન તરફ આવવા નીકળે છે. રસ્તામાં ૨૦૦૦) મુસલમાનોનું ટોળું લુંટવા ઊભું છે પણ શાસન દેવની સહાયથી એક શીખ સરદાર ૨૦૦) મીલીટરી સાથે મદદમાં આવે છે ને સહીલામત લાહોર પહોંચાડે છે. ત્યાંથી બહાર જંગલમાં રાત્રિ પસાર કરી. સવારે અમૃતસર શહેરમાં ભવ્ય સ્વાગત થાય છે. આચાર્યશ્રીને સહીસલામત લાવવા માટે મુંબાઈ શ્રીગોડી ઊપાશ્રાયમાં મલેલા ચતુર્વિધ સંઘ તરફથી ભાઈશ્રી ફુલચંદ નગીનભાઈ ઝવેરી તથા બીજા ભાઈઓને લાહોર મોકલવામાં આવ્યા હતા. તેઓએ જાનના જોખમે આ કામ પાર પાડયું હતું.

ત્યાંથી સં. ૨૦૦૪ બીકાનેર તથા સં. ૨૦૦૫ સાદડી ચતુર્માસ કરી. ફાલનામાં જૈન શ્વેતાબંર કોન્ફરંસના અધિવેશનમાં હાજરી આપે છે. ત્યાંથી સં. ૨૦૦૬માં પાલણપુર ચતુર્માસ કરી પાટણ પધારે છે. ત્યાંથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની યાત્રા કરવા જાય છે ત્યાં આચાર્ય શ્રીમદ ઉદય-સૂરિજીની, શ્રી દર્શનસૂરિજી તથા નંદનસૂરિજી સાથે મેળાપ થાય છે. ત્યાંથી તેઓશ્રી પાલીતાણા પધારે છે. ત્યાં **નવાણુ અભિષેકની પૂજા**

રચે છે. ત્યાં આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિ, આચાર્ય શ્રી મહેંદ્રસૂરિ, આચાર્ય શ્રી ભુવનતિલકસૂરિ, તથા શ્રી દર્શનવિજય ત્રિપુટિ આદિ મુનિવરો સાથે શાસન સેવાના કાર્યોની ચર્ચા વિચારણા કરે છે. ત્યાંથી વિહાર કરી વડોદરે પધારે છે. ત્યાં શ્રી નેમિનાથ તથા શ્રી આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા કરાવે છે ત્યાં મુંબઈ શ્રી ગોડીજી ઊપાશ્રયમાં ચાતુર્માસ કરવા વિનંતી કરવા ટ્રસ્ટીઓ વિગેરે વડોદરે આવે છે. વિનંતીનો સ્વીકાર થાય છે ને ૨૦૦૮નું ચાતુર્માસમાં મુંબાઈમાં શ્રી ગોડીજી ઊપાશ્રયમાં પધારે છે તે સમયે શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનો સુવર્ણમહોત્સવ શ્રી ભાયખલાની મોતીશાશેઠની વાડીમાં ઊજવાય છે ને તેઓના ઊપદેશથી શ્રાવક શ્રાવિકા ઊત્કર્ષ ફંડની શરૂઆત થાય છે ને મુંબાઈમાં પાંચ લાખ રૂપીઆનું ફંડ થાય છે. સંવત ૨૦૦૯માં તેઓશ્રીને બંને આંખે દેખાતું નહોતું તેની સારવાર માટે મુંબાઈના નિષ્ણાતો ડો. સર દેશાઇ વીગેરેની સલાહ લઈ ડોકટર ડગને તેમની ડાબી આંખે ઓપરેશન કર્યું અને તે સફળ નીવડયું. આમ મુંબાઈ શહેરમાં લુધીઆનાના હાઈસ્કુલ, શ્રી હસ્તિનાપુર તીર્થ જીર્ણોદ્ધાર આદિ શાસન સેવાનાં અનેક કાર્યો થાય છે. છેવટે તેઓની તબીયત વધુ નરમ થાય છે. મુંબાઈનો શ્રી સંઘ ખડે પગે તેમની સેવા ચાકરી કરે છે. ને સંવત ૨૦૧૦ ના ભાદરવા વદ ૧૧ના દિવસે ૮૪ (ચોર્યાસી) વર્ષની ઊમ્મરે ૬૭ વર્ષનો ચારિત્ર પર્યાય પાળી આ મહાત્મા સ્વર્ગવાસી થયા. તેઓશ્રીની પાલખી પાયધોની શ્રી ગોડીજી ઊપાશ્રયેથી નીકળી મુંબાઈના મુખ્ય બજારોમાંથી પસાર થઈ શ્રી ભાયખલાની વાડીએ. લઈ જવામાં આવે છે. જ્યાં તેઓશ્રીના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો છે. ને આજે ત્યાં એક ભવ્ય આરસપહાણનું સમાધિ મંદિર બાંધવામાં આવ્યું છે.

વંદન હો એ યુગવીર આચાર્યને—

આ સાથે તેઓશ્રીના ૧૪ કાવ્યો પ્રગટ કરવામાં આવે છે.

તેઓશ્રીની સાહિત્ય રચના

ચોવીસી સ્તવનો ૧૯૬૧
૧ વિશેષ નિર્ણય ૧૯૬૩ ગુજરાનવાલા
૨ ભીમજ્ઞાન ત્રિંશિકા ૧૯૬૩ ગુજરાનવાલા
૩ એકવીસ પ્રકારની પૂજા ૧૯૬૬ ગાંધાર
૪ આદીશ્વરપ્રભુની પૂજા ૧૯૭૪ કેશરીઆજી
૫ ચૌદ રાજલોકની પૂજા ૧૯૭૫ પાલી
૬ સમ્યગ્દર્શનની પૂજા ૧૯૭૭ બીકાનેર
૭ પાંચજ્ઞાનની પૂજા ૧૯૭૭ બીકાનેર
૮ નવાણુ અભિષેકની પૂજા ૨૦૦૬ શ્રીશંખેશ્વરજી

---

(૧)

## રૂષભદેવ જિનસ્તવન

(ચાલ અંગ્રેજી વાજેકી)

આદિ જિનંદ ચંદ પ્રભુ અરજ મ્હારી હૈ આંચલીઃ
મરૂદેવી માત તાત નાભિ નૃપ સુખારી હૈ,
જન્મે વનીતામેં પ્રભુજી તું અવતારી હૈ. આ૦ ૧
મેરૂશિખર ઈન્દ્ર મિલે આઠ ચારી હૈ,
કરે વિધિસુ સ્નાત્ર ભવપાર કારી હૈ. આ૦ ૨
ચોરાસી લક્ષ પૂર્વ પ્રભુ આયુ ધારી હૈ,
પાંચસેં ધનુષ દેહ હેમ શોભાકારી હૈ. આ૦ ૩
લક્ષણ સહસ એક આઠ બાહ્ય ભારી હૈ,
અનંત અંતરંગ નહીં જાસ પારી હૈ. આ૦ ૪
તજ રાજપાટ લીન પ્રભુ દીક્ષા ધારી હૈ,
ઘાતી કરમ ટાલ કેવલ જ્ઞાન ધારી હૈ. આ૦ ૫

રચ્યા સમોસરણ ઇન્દ્ર શોભા સારી હૈ,
કરે દરસન ભાવસે ભવ ભ્રાંતિ ટારી હૈ. આ૦ ૬
નહીં દોષ દશ આઠ ગુણ ધારે બારી હૈ,
સંઘ થાપ ચાર આપ ધર્મકે દાતારી હૈ. આ૦ ૭
પ્રભુ તું દયાલ દીનનાથ સુખકારી હૈ,
સુખી કિયે સબ આપને અબ મેરી વારી હૈ. આ૦ ૮
અપને કો તારે મેરી વારી મૌન ધારી હૈ,
ચાહિયે ન રાગદ્વેષ યહી દોષ ભારી હૈ. આ૦ ૯
જગ ત્યાગ દે પ્રપંચ કામ ક્રોધ લારી હૈ,
ધરદાન દમન દયા વધૂ મુક્તિ પ્યારી હૈ. આ૦ ૧૦
મુઝે ન આસ ઔર પ્રભુ આજ્ઞા પ્યારી હૈ,
આતમ-લક્ષ્મી-હર્ષ-વલ્લભ સેવા થારી હૈ આ૦ ૧૧

---

(૨)

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

(પહાડ-ચાલ-ચંદા પલપલ વેજાના વૈજાના રે)

પલપલ ગુણ ગાના ગુણ ગાના રે,
જીયા પલપલ ગુણ ગાના ગુણગાના રે.
વે પ્રભુદા ગુણવે પ્રભુદા ગાતાં શિવ—
સુખ પાના....પાના પલપલ૦ અંચલી
વિશ્વસેન અચિરાજીકે નંદા, મુઝ મન કુમુદ ખિલનકો ચંદા;
જિમ પંકજ વન ભાના ભાના પલપલ૦ ૧
જૈસે ચંદ્ર ચકોર સનેહા, મધુકર માલતી શિખી મન મેહા;
તિમ મેરે મન માના માના. પલપલ૦ ૨

શાંતિનાથ પ્રભુ શાંતિકારી, આવત જગમેં મારિ નિવારી;
શાંતિ શાંતિકા થાના થાના પલપલ૦ ૩

શુદ્ધ મનસેં જો પ્રભુ ગુણ ગાવે, ગુણીજન સંગત ગુણીજન થાવે;
પારસ સંગસે વાના વાના. પલપલ૦ ૪

તુમ પ્રભુ રાગદ્વેષ કે ત્યાગી, મેં પ્રભુ નિશદિન તુમારા રાગી;
નહીં કુછ તુમસે છાના છાના, પલપલ૦ ૫

દૃઢ કર પકડી મેં તુમરી બાંહાં, નિશદિન ચાહું મેં તુમરી છાંહાં;
ઔર નહીં મન લાના લાના. પલપલ૦ ૬

આતમ–લક્ષ્મી–નિજ સમ કીજે, હર્ષધરી વલ્લભ કો દીજે;
મારગ મોક્ષકા જાના જાના. પલપલ૦ ૭

---

(૩)

## શ્રી નેમિનાથ જિન સ્તવન.

(લાવણી–ચાલ સિમરનર અરે નાથ ચરનન)

નમો નિત નેમિનાથ દેવા, કરે નિરંતર ઈંદ્ર સુરાસુર નરપતિ સેવા,
નમો. અંચલી ।

નામ હરિવાસક્ષેત્ર કહિયે,હેતુ પૂર્વલે વૈર અમર લ્યાયે યુગલિક રહિયે,
ભરતમેં તિસકી સંતાના,હરિવંશ કે નામજગતમેં પ્રખ્યાતિ પાના;
જૈન આગમ અચરિજ ગાના । દોહા ।

ક્રમસે તિસ સંતાનમેં, યદુ નામ પરસિદ્ધ; નૃપ હોયે તિસ કારણે;
યદુવંશ જગ સિદ્ધ, જિહાં હોયે કૃષ્ણ વાસુદેવા ન. ૧

વંશ તિસહી મેં પ્રભુ જાયા,
શિવા દેવી શુભ માત તાત સમુદ્રવિજય રાયા;
દેખ છબી પ્રભુકી હર્ષાયા,

સખીસજન ગુણવાન નહીં સૂરજ મન મૈં ભાયા;
ગગનમેં જા ડેરા લાયા । દોહ ।

અંબુજ દલ સમ નેત્ર હૈ,
અષ્ટમી શશિસમ ભાલ; મુખ શારદકા ચંદ્રમા,
વાણી અતિ રસાલ, નહિં જગ હૈ જિસ સમ મેવા ન. ૨

પ્રભુ બાલાપન બ્રહ્મચારી,
નહિં કરમથા ભોગ્ય તો ભી માતા કરલી ત્યારી;
કૃષ્ણ બલભદર સમજાયે, વિના કિયે મંજૂર આપ ઘર ઉગ્રસૈન ધાયે;
કૃષ્ણજી રાજુલ મંગ આયે. । દોહા ।

રૂપે રંભા સરખી, રાજુલ કરે વિચાર; અહોભાગ્ય મમ થાઉંજી.
નેમિ કુમરકી નાર, જનમ માનવ ફલ સુખ લેવા. ન. ૩

પ્રભુકી જાન ચડી ભારી, દશોં દશારહ સાથ કૃષ્ણ બલભદર નરનારી;
છુડાયા પશુગણકા વારા,
તુરત લિયા રથ મોડ છોડ ઘર સંજમ ચિત્તધારી;
રૂદન કરે માત તાત ભારી. । દોહા ।

કહે નેમિ માતા પિતા, સુનો હમારા વૈન; ભોતિક કર્મ હમ હૈ નહિં,
લેસું સંજમ ચૈન, લોકાંતિક આપે તબી દેવા. ન. ૪

પ્રભુ જય જય નંદા ભદ્રા,
ધરમ તીર્થ વરતાઓ કરે દેવન જય જય સદા;

દાન વરસી પ્રભુજી દીના,
કિયે ધની કંગાલ જગત અનુકંપા મગ કીના,
છોડ ઘર સંજમ ચર લીના. । દોહા ।

સહસાવન ગિરનાર પર,
જ્ઞાન ધ્યાન ચિત્તડાય; રાગદ્વેષ કો ક્ષય કરી,
કેવલ જ્ઞાન ઉપાય, ભયે પ્રભુ દેવનપતિદેવા. ન. ૫

ધરમ ઉપદેશ પ્રભુ દીના,
સમોસરણ કે બીચ સુની ભવી જનમ સફલ કીના;
શોક ભવિજન મનસે નાસે,
રહિત શોક ફલફૂલ સહિત અશોક વૃક્ષ કાસે.
નિરંતર રહે પ્રભુ પાસે । દોહા ।
પાંચ વરણુ અધોબિંટ હે,
પુષ્પન જાનુ પ્રમાન; પાપ અધો જાવે સહી,
અચરિજ નહી કછુ જાન સુમન જન દરસન કરે દેવા. ન. ૬
દેવધ્વનિ મનહર સુર બાજે,
પ્રભુ વચન રસપાન; સુધાસમ ભવિજન મન રાજે,
પાન કરનેસે તૃપ્તિ થાવે,
જનમ, મરણુ દુઃખટાર શીઘ્ર પદ અજર અમર પાવે,
ચમર દો પાસે પ્રભુ થાવે. । દોહા ।
નીચે ઝુક ઉપર ચઢે,
ભવિકો યહ સમઝાય; નમન કરે પ્રભુ ભાવસે,
નિશ્ચય ઊર્ધ્વગતિ જાય, પાર હો ભવસાગર ખેવા. ન. ૭
મણિમય સિંહાસન છાજે,
શ્યામ ઘટા પ્રભુ નેમિ દેખ ભવિજન શિખિ સમગાજે.
પીછે ભામંડલ સુખકારી,
નહીં બરાબર તેજ સૂર્ય નમતે નિત નરનારી.
પાવે નિજ તેજ તમો ટારી. । દોહ ।
દેવ દુંદુભી ગાજતી;
દેવે ભવિકો સુનાય; સાર્થવાહ પ્રભુ મુક્તિ કે,
સેવા કરો ભવિ આય; નિરંતર નિત શિવ સુખ લેવા. ૮
પ્રભુ શિર તીન છત્ર સોહે,
તીન ભુવન કે બીચ નહીં કોઇ ઔર સવિ મોહે;

આઠ પ્રાતિહારજ યેહ કહિયે,
રહે નિરંતર દેવ જઘન પદ કોટિ ઈક લહિયે.
વિચરતે સાથ સદા રહિયે. । દોહા ।
જિન અતિશય ચઉતિસ હૈ,
વાણી ગુણ પણતીસ, પર્ષદ બારાં શોભતી;
કહે ધરમ જગદીસ, આતમ વલ્લભ શિવ પદ લેવા. ન. ૯

---

(૪)

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

॥ રેખતા ॥

પારસ પ્રભુ નાથ તૂં મેરા, રટું મૈં નામ નિત તેરા;
વિના તુમ નાથ જિનરાયા; ભવોભવ દુઃખ બહુ પાયા ॥૧॥
આનંદ ગુરૂકી નિગેવાની, પૂરવ કછુ પુણ્ય સે માની;
દિયા તજ દેવ જગજ્ઞાની, યથારથ રૂપ કો જાની. ॥૨॥
તૂહી જગનાથ જગદેવા, કરૂં નિશ દિન તુમ સેવા;
પંચમ ગતિ દાન કર સ્વામી, નિજાતમ રૂપકો પામી. ॥૩॥
પરમ કિરપાલ જગનામી, પરમ કરૂણાનિધિ ધામી;
પરમ પુરૂસોત્તમારામી, પરમ પદ આતમારામી. ॥૪॥
તુંહિ ભવ દુઃખ કો ભંજન, તુંહિ ભવિ જીવકો રંજન;
જગત આધાર તૂં કહિયે, નિરંતર સરણાં તુમ લહિયે. ॥૫॥
પરમ સત ચિત આનંદી, પરમ શિવ સુખ શુભ કંદી;
કનક ભવિ જીવકો કરતા, પારસ સમ ઉપમા ધરતા. ॥૬॥
જગદ્ગુરૂ દેવ તું સોહે, જંગમ સુર વૃક્ષ મન મોહે;
મનો વાંછિત તૂં દાતા, ચિંતામણિ સમ જગ ગાતા ॥૭॥

અનંતિ ઉપમા તોરી, સહિત અંત શક્તિ પ્રભુ મોરી;
કરૂં મેં ઉપમા કેતી, નહીં પ્રભુ મુઝ શક્તિ એતી. ॥૮॥
તુંહિ જગ તાત જગ માતા, આતમ આનંદ પદ દાતા;
પૂરણ કરો આશા સબ મોરી, કહે વલ્લભ કર જોરી ॥૯॥

---

## (૫)

## શ્રી વર્ધમાન જિન સ્તવન

॥ ચાલ—સ્યામ વિન ઔગુન રથ પરતાયા ॥

**વીર** પ્રભુ તુમ ચરણી ચિત્ત લાયા, તુમ ચરણ મૈં આયા;
વી૦ અંચલી

પૂરવ ભવમેં નાથજી, સેવી થાનક વીસ,
તીર્થંકર શુભ નામકો,
બાંધ લિયા જગદીસ, પ્રાણત દેવસે આયા. વીર૦ ૧

કુલ સિદ્ધારથ રાય કે, ક્ષત્રી કુંડ મઝાર,
ત્રિશલા રાણી કૂખસેં;
સુદિ તેરસ તિથિ સાર, માસ મધુ જિનરાયા. વીર૦ ૨

આસન કંપ્યા ઇંદ્રકા, જન્મે વીર જિનંદ,
જન્મ મહોત્સવ કારણે;
મિલિયા ચૌસઠ ઈંદ્ર, મેરૂ શિખરગિરિ રાયા. વીર૦ ૩

અનંત બલી પિણ દેખકે, લઘુતર બાલકસાર,
ઈકિ કોટિ સઠલાખ કી;
કૈસે સહસી ધાર, સુરપતિ મન શંકાયા. વીર૦ ૪

અવધિજ્ઞાને દેખ કે, સૂરપતિ કો જિનરાજ,
સંશય મનગત ઈંદ્રિ કે,
દૂરકરન કે કાજ, અંગુષ્ઠે મેરૂ કંપાયા. વીર૦ ૫

થરહર કંપે સુરગિરિ, હરિ શોચે તતકાલ,
કયા ઉપદ્રવ યહ હુઆ;
શુભ અવસર વિન કાલ, શચિપતિ અતિ ઘબરાયા. વીર૦ ૬

અવધિજ્ઞાને દેખકે, કામ કિયો જિનરાજ,
બલ તુમારા જાનિયા,
ખમો ખમો મહારાજ, નિજ અપરાધ ખમાયા. વીર૦ ૭

જન્મોત્સવ કરકે ગયે, નંદીશ્વર સુરઈંદ્ર,
કરકે અષ્ટાન્હિક હુએ,
મનમેં અતિ આનંદ, નિજ નિજ ધામ સધાયા. વીર૦ ૮

ક્રમસે પ્રભુ દીક્ષા ધરી, અષ્ટ કર્મ કરી દૂર,
અચલ અટલ પદવી વરી,
સુખ પાયે ભરપૂર, આતમ **વલ્લભ** પાયા. વીર૦ ૯

---

## (૬)

## કલશ

ઇમ ચાર વીસ જિનંદ થુનિયા ભક્તિભાવે હિત કરં,
શશી મીન યુગ દો વીર સંવત આત્મ સંવત નવ ધરં,
તપગચ્છ નાયક **વિજયઆનંદસૂરિ** નામ સુહં કરં,
તસ શિષ્ય **લક્ષ્મીવિજય વાચક** કુમતિ કૌશિક દિનકરં ૧

તસ શિષ્ય વાચક **હર્ષ** વિજયા તાસ સેવક લઘુતરં,
મુનિ આદિ **વલ્લભ** વિજયા અંતે અલ્પ બુદ્ધિ થુતિ કરં;
શ્રી **વિજયકમલસૂરીસ** રાજ્યે સુરચના પૂરણ કરં,
જે પઢે ભાવે પાપ જાવે ભૂલ મન સબ સુધકરં, ૨

ઇંદુ રસ નિધિ ચંદ્ર વિક્રમ સાલ ગિનતી આપિયે,
૧ ૬ ૯ ૧
માસ ફાગન તિથિ દશમી પક્ષ ઉજ્જલ માનિયે;
શ્રી આત્મઆનંદ જૈન સભા પંજાબ અર્પણ જાનીયે,
લિખી પ્રથમાદર્શ માંહી, વિમલવિજય વખાનિયે. ૩

---

(૭)

## ઝઘડીયા મંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન

( ચાલ : વારી જાઉં રે સાવરીયા તોપે વારના રે )

પ્રભુ **આદીશ્વર** સ્વામીજી પાર ઉતારનારે. પ્રભુ૦
તીર્થંકર જિનવર અરિહંતા, પુરુષોત્તમ તારક ભગવંતા,
આદિકર નિજ તીરથ નામ સુધારનારે. પ્રભુ૦૧
લોકનાથ નાયક હિતકર્તા દેશક ધર્મ કે ભવ ભય હર્તા,
નમન કરું ધરું શરણ પ્રભુ મોહે તારનારે. પ્રભુ૦૨
મોહ માયા મદ માન નિવારી, રાગ દ્વેષ મલ દંભ વિડારી
વીતરાગ પ્રભુ તુમ પર જાઉં વારના રે. પ્રભુ૦૩
તારક જાની શરણે આયો, તારો પ્રભુ નિ સમજ સુખદાયો
તારણ તરણ પ્રભુ નિજ નામકો પારનારે પ્રભુ૦ ૪
અપને જન સબ તુમને તારે, મૌન કિયા પ્રભુ સેવક વારે
એસા નાથ ન ચાહિયે આપ વિચારના રે. પ્રભુ૦ ૫
તીર્થ ઝઘડિયા મંડન સ્વામી, આતમ લક્ષ્મી હર્ષે પામી,
**વલ્લભ** સેવક આવાગમન નિવારનારે. પ્રભુ૦૬

---

(૮)

## કેશરીયાજી ઋષભદેવ સ્તવન

(રાગ : ગોપીચંદકે નાટકકી દેશી—"પિતાજી એ કોપ તમે શા કર્યો ?")

પ્રસિદ્ધ પ્રતાપ જગતમેં ઘણો, થયો નાથ કેસરીયાજી તણો,
સુરાસુર નરપતિ ગુણને ગણો, નહિ પાર પામે ગમે તે ભણો ૧

કરું હું શી શોભા પ્રભુ તારી, નહીં એતી શક્તિ પ્રભુ માહરી,
કહું પિણ ભક્તિતણે વસ પરી, લવે જિમ બાલક મતિ આસરી. ૨

અતિ દૂરથી જન આવે ધસી, કરે તન મન પ્રભુ સેવા હસી,
લગન મન પ્રભુ વંદનમે વસી, ખુશી હોવે દેખી ચકોર જિમ સસી.૩

અજર અમર અજ અવિનાસી, ચિદાનંદ સદ્‌રૂપ પરકાસી,
પ્રકાશ કરો કટે ભવ ફાંસી, મિટે જન્મ મરણની દુખરાસી, ૪

ઉદય પુણ્ય જે પ્રભુદર્શન કરે, નિજાતમ લક્ષ્મી ભવી તે વરે,
હોવે દર્શ પ્રભુ મન હર્ષ ધરે, સરે કામ વલ્લભ ચરણી પરે. ૫

---

(૯)

રચના–સં. ૧૯૮૮

## ભોપાવર તીર્થમંડન–શાંતિનાથ સ્તવન

### રાગ–ધનાશ્રી

બિગરી કૌન સુધારે ? નાથ બિના, બિગરી કૌન સુધારે ? અંચલી

શાંતિનાથ પ્રભુ શાંતિ કરતા, બિગરી આપ સુધારે. નાથ૦ ૧

યોગ ક્ષેમકારક જો હોવે, નાથ નામ વહ ધારે નાથ૦ ૨

પ્રાપ્તિ–અપ્રાપ્તિ કી કરાવે, પંડિત યોગ વિચારે નાથ૦ ૩

પ્રાપ્ત હુઈ કી રક્ષા કરે જો, કવિજન ક્ષેમ ઉચ્ચારે નાથ૦ ૪

દોનોં કરતા શ્રી પ્રભુ શાંતિ, નાથ સાથ અવધારે. નાથ ૫
જો ભવિ બિગડી ચેતનતા કો, નાથ પસાય સુધારે નાથ૦ ૬
આતમ લક્ષ્મી પ્રભુતા પ્રગટે, વલ્લભ હર્ષ અપારે. નાથ૦ ૭
સોપારક મંડન પ્રભુ શાંતિ, દર્શન જય જય કારે નાથ૦ ૮
૮ ૮ ૯ ૧
વસુ વસુ નિધિ ઈન્દુ ફાગણસુદિ, દરસ ચોથ રવિવારે. નાથ૦ ૯

---

## (૧૦)

## જાલના મંડન શ્રી નેમિનાથ સ્તવન

(હોઈ આનંદ બહાર. એ રાગ)

નેમનાથ ભગવાન રે મોહે, પાર ઉતારો પાર ઉતારો
અરજ અવધારો નેમનાથ અંચલી૦

બાવીસમા પ્રભુ નેમજી રે, કરુણા કે હો નિધાનરે. મો૦ ૧
તોરણસે રથ ફેર લિયારે, પશુઓંકી દયા જાનરે. ,, ૨
ઠાકર અબ તો ચાકર કો રે, તારો પ્રભુ ગુણવાનરે ,, ૩
વીતરાગ પ્રભુ આપ ભયે રે, ભક્તિ ભક્ત પ્રમાનરે ,, ૪
શીત નિવારણ આગ કોરે, સેવે પ્રાણી આન રે ,, ૫
તિમ સેવે ભવિ આપકો રે, પરમારથ કો પીછાન રે ,, ૬
હંસ કાંતિ નિર્મલ પ્રભુ દર્શન, પાયો જાલના પૂરાન રે ,, ૭
૭ ૮ ૯ ૧
સાત આઠ નવ એક કે સાલે, પુનમ ફાલ્ગુન માન રે ,, ૮
આતમ લક્ષ્મી નાથસે રે, વલ્લભ હર્ષ અપાર રે ,, ૯

(૧૧)

રચના સં. ૧૯૭૩

## શ્રી અજારા પાર્શ્વનાથ સ્તવન

(દેશી—સુંદર શામળીયા)

શરણા ધાર લિયા, ચિદ્દઘન આતમરામી રૂપ પિછાન લિયા.
પાસ અજારા સ્વામી.

તેવીસમા પ્રભુ **પાર્શ્વ** કહાયા, પુરિસાદાની નામ ધરાયા.
ઘટ ઘટકે વિસરામી શરણા—૧

કલ્યાણક પ્રભુ પાંચ તુમારે, આરાધક કો પાર ઉતારે,
કરે નિજ સમ શિવગામી શરણા—૨

જિનવર કો જિન બનકર ધ્યાવે, ધ્યાતા ધ્યાનસે જિનપદ પાવે,
અજરામર પદ ધામી શરણા—૩

પ્રભુદર્શન મે ષટ્દર્શન હૈ, ષટ દર્શન મેં ન પ્રભુ દર્શન હૈ
નહિ નદી મેં નદી સ્વામી શરણા—૪

ષટ્દર્શન એકાંગ મનાવે, પ્રભુ દર્શન સર્વાંગે કહાવે,
જય જય અંતરયામી શરણા—૫

પુણ્ય ઉદય પ્રભુ દર્શન પાયો, આતમ લક્ષ્મી હર્ષ સવાયો,
ભેદ ન સેવક સ્વામી શરણા—૬

ઓગણીસો તોતેર પોષ માસે યાત્રા લાભ મળ્યો ઉલ્લાસે
**વલ્લભ** આતમરામી—૭

(૧૨)

## શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તવન

(દેશી-બલિહારીકી)

હિતકારી સુખકારી દુઃખહારી,
પ્રભુ અંતર્યામી કરૂણાકર કરૂણા સેવક કીજિએજી.
ગોડિ પારસ જિન સેવું મૈં રાત દીન,
સરણા તુમરા મૈં લિયા ધારી. પ્રભુ પાર્શ્વ ૧
પાસ રહિત પાસ પાસમેં મેરા વાસ,
પાસ કરો અબ પાસ મ્હારી „ „ ૨
પ્રભુ નિરાગી રાગી, સેવક તુમ વડભાગી,
અપના કહેકી લાજ ભારી „ „ ૩
આશ ધરી મૈં વાસ, કીના હૈ તુમરે પાસ,
પૂરણ કરો આશ સારી „ „ ૪
રૂપ પ્રભુ જો આપ, વોહી હે મારા બાપ,
અપનાસા કીજે બાલ ધારી „ „ ૫
દૃષ્ટિ સુધારસ વર્ષે આતમ લક્ષ્મી હર્ષે,
**વલ્લભ** હોવે જય જયકારી „ „ ૬

---

(૧૩)

## મધુમતિ (મહુવા) મંડન શ્રીજીવિત સ્વામી (મહાવીર સ્વામી) સ્તવન

(દેશી—ગિરિવર દર્શન વીરલા પાવે)

પ્રભુ દર્શન કોઇ ભવિજન પાવે,
આતમ દર્શન જેહથી થાવે, પ્ર૦ ૧

દર્શનથી દર્શન ગુણ પ્રગટે,
જિન દર્શન વિન દર્શન નાવે. પ્ર૦ ૨
પ્રભુ દર્શન વિન જીવ અભવિયા,
ઉપરિમે ગ્રૈવેયક સુધી જાવે ,, ૩
પણ આતમ દર્શન વિન પ્રગટે,
ચાર ગતિમાં ગોથા ખાવે ,, ૪
પ્રભુ દર્શન **મહાવીરનું** દર્શન,
સ્યાદ્વાદ વસ્તુ બતલાવે ,, ૫
**જીવિત સ્વામીના** દર્શન કરતાં,
**મધુમતી નગરી**માં આનંદ આવે ,, ૬
આતમ લક્ષ્મી નિજ ગુણ પ્રગટે,
વલ્લભ પ્રભુ દર્શન હર્ષાવે ,, ૭

(૧૪)

## જૈન ઝંડા

ઝંડા ઉંચા રહે હમારા, જૈન ધર્મકા બુલંદ સિતારા ઝંડા ઉંચા.
ધર્મ અહિંસા જગમે મોટા, દયા ધર્મકા મોટા સોટા
જિસને જગમેં કિયા સુધાર ઝંડા ઉંચા. ૧
આદિનાથને ઇસકો બતાયા, ભરત ચક્રીને ખૂબ બઢાયા,
જગ સારે મેં કિયા પસારા ઝંડા ૨
ઋષભદેવને જો ફરમાયા, મહાવીરને વો અપનાયા
જીવદયા કા કિયા પ્રચારા. ઝંડા ૩
ગૌતમ આદિ બુધ સમજાયા, દયાધર્મકા પાઠ પઢાયા,
જૈન ધર્મકા બજા નગારા, ઝંડા ૪
સંપ્રતિ રાજાને વહ પાલા, જૈન ધર્મકા કિયા ઉજાલા,
દેશ વિદેશમેં કિયા વિસ્તારા. ઝંડા ૫

હેમચંદ્ર સે બોધ કો પાયા, કુમારપાલને ખૂબ દીપાયા,
જીવ દયા કા કિયા પુકારા ઝંડા ૬

હીર વિજયસૂરી મહારાયા, દિલ્લીપતિ અકબર સમજાયા,
બંદ કિયા જીવોં કા મારા ઝંડા ૭

આનંદ ગુરુને ઉસે ઉઠાયા, હિન્દ વિલાયતમેં ફરકાયા,
ધન્ય જિન્હોને દિલ મેં ધારા. ઝંડા. ૮

લોક વિરૂદ્ધ કો ત્યાગે શ્રાવક, દેશ વિરૂદ્ધ કો ત્યાગે ઉપાસક,
જૈન શાસ્ત્રમેં યે ઉચ્ચારા, ઝંડા. ૯

આતમ લક્ષ્મી આનંદ પાવે **વલ્લભ** મનમેં અતિ હરખાવે;
જિનશાસન જગમેં જયકારા. ઝંડા. ૧૦

---

(૧૫)

## આત્મ વિચારની સજઝાય. (સોહિણી)

કરતા નહીં કુછ સોચ અબ, **માનુષ** હુઆ તો કયા હુઆ ? કરતા૦
મોતી વા ચજા હીરલા, પુખરાજ નીલમ મૂનિયા, અપના હીરા
દેખા નહી, **જહોરી** હુઆ તો કયા હુઆ ? કરતા૦ ૧

સોના સુહાગા આગસે, દેખ ખોટ સગરી જારતા, અપના સુવર્ણ
સોધા નહી, **સરાફ** હુઆ તો કયા હુઆ ? કરતા૦ ૨


ચાંદી વ સોના વેચના, હુંડી બજાજી દેખાતા, પરલોકકા
દેખા નહી, **વ્યાપારી** હુઆ તો કયા હુઆ ? કરતા૦ ૩

મુદ્દઈ મુદ્દાલા દેખના, કાનૂન કિતાબેં ખોલના, અપના ગુન્હા
દેખા નહી, **મુન્સિફ** હુઆ તો કયા હુઆ ? કરતા૦ ૪

માતા પિતા સુત બહિન ભાઈ ઔર તિરિયા જમાઈ રે, નિજ રૂપ
આતમ કે વિના, **વલ્લભ** હુઆ તો કયા હુઆ ? કરતા૦ ૫

## યોગનિષ્ઠ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી

દીક્ષા સં. ૧૯૫૭



આચાર્યપદ સં. ૧૯૭૦

જન્મ સં. ૧૯૩૦ વીજાપુર    સ્વર્ગવાસ સં. ૧૯૮૧

( ૨૬ )

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ

( ચોવીસી રચના સં. ૧૯૬૪ માણસા
,, ,, સં. ૧૯૬૫ ડભોઈ )

મહાન ગૂર્જર કવિ, સંત યોગી, એકસો ને અગીઆર મહાગ્રંથોની રચના કરી ગૂર્જર-સાહિત્ય જેણે સમૃદ્ધ કર્યું છે એવા આ ચરિત્ર નાયકનો જન્મ મહાગૂજરાતના વિજાપુર નગરમાં એક કણબી કુંટુંબમાં થયો હતો. સંવત ૧૯૩૦ના માહા મહીનાની શિવરાત્રિ એ એમનો જન્મદિન. પિતાનું નામ શિવદાસ. માતાનું નામ અંબાબાઈ હતું. તેમનું શુભનામ **બેચરદાસ** રાખવામાં આવ્યું હતું.

તે મુજબ દૈવયોગે સદ્ગુરૂ શ્રી રવિસાગરજી વિજાપુર પધારતાં તેમના સંસર્ગથી-ભાઈ બેચરદાસ વૈરાગ્ય રંગે રંગાયા, ને તેમની પાસે ધાર્મિક અભ્યાસ કરવા માંડ્યો. આ વખતે વિજાપુરના સુશ્રાવક શેઠ નથ્થુભાઈ મંછારામ ગુરૂ મહારાજને વંદન કરવા આવ્યા ને શ્રીયુત્ બેચરદાસને જોઈ વાત્સલ્યભાવથી પોતાને ઘેર તેડી ગયા. અને માતાપિતાની અનુમતિથી પોતાને ઘેર રાખી વિદ્યાઅભ્યાસ કરાવ્યો અને વધુ અભ્યાસ માટે મેસાણામાં ચાલતી "શ્રી યશોવિજયની જૈન પાઠશાળામાં" દાખલ થયા. ત્યાં સંસ્કૃત વ્યાકરણ, પ્રાકૃત વ્યાકરણ. તર્ક, ન્યાય, કર્મગ્રંથ, કમ્મપયડી વીગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો, ને પાછળથી તેજ પાઠશાળામાં અધ્યાપક તરીકે રહ્યા.

પોતાના માતાપિતા સ્વર્ગસ્થ થયાં તે પછી પાલણપુર જઈ ગુરૂજી રવિસાગરજીના પટ્ટધર શિષ્ય શ્રી સુખસાગરજી પાસે સં. ૧૯૫૭માં માગશર

માસમાં દીક્ષા અંગીકાર કરી નામ શ્રી બુદ્ધિસાગરજી રાખવામાં આવ્યું. ત્યાંથી સુરત પધાર્યા, ત્યાં પં. શ્રી ચતુરવિજયજીએ વડી દીક્ષા વૈશાખ માસમાં આપી. તે વખતે પૂજ્ય મુનિશ્રી **મોહનલાલજી** મહારાજ સુરત હતા: તેમના એક શિષ્યે જૈનધર્મ છોડી ક્રીસ્ચીયનધર્મ અંગિકાર કરી જૈન-ધર્મની નિંદા કરવા લાગ્યો આ વાતની શ્રી બુદ્ધિસાગરજીને ખબર પડતાં તેની સાથે ચર્ચા કરી સચોટ જવાબ આપી બોલતો બંધ કર્યો. ને તે સમયે "જૈનધર્મ અને ખ્રિસ્તીધર્મનો મુકાબલો" એ નામનું પુસ્તક લખી મુનિશ્રી પ્રતાપમુનિ સાથે રહી પ્રસિદ્ધ કર્યું. તે સમયે સુરતમાં મુનિશ્રી મોહનલાલજીએ "શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળા"ની સ્થાપના કરી હતી. ત્યાંથી વિહાર કરી પાદરા પધાર્યા ત્યાં પ્રવર્તક **કાંતિવિજયજીનો** સમાગમ થયો. સંવત ૧૯૫૯નું ચોમાસુ માણસા ગામે કર્યું ને સં. ૧૯૬૦માં મેસાણે ચતુર્માસ કર્યું. ત્યાં કાશીના પંડિત પાસે સમ્મતિ-તર્ક, સ્યાદ્વાદરત્નાકર, અનેકાંતજયપતાકા, વિગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો ત્યાંથી સંવત ૧૯૬૧ની સાલ વિજાપુર ચતુર્માસ કરી. ૧૯૬૨માં અમદાવાદ પધાર્યા ત્યાં વ્યાખ્યાનમાં જ્ઞાનસારનું વાંચન કર્યું. તે સમયે ઝવેરી લલ્લુભાઈ રાયજીને ઊપદેશ આપી. છાત્રાલય સ્થાપન કર્યું. "શેઠ લલ્લુભાઈ રાયજી જૈનશ્વેતાંબર બોર્ડીંગ તથા ધાર્મિક શિક્ષણશાળા"ની સ્થાપના કરી ત્યાંથી જુદા જુદા સ્થળે વિચરી સં. ૧૯૬૪માં માણસા પધાર્યા ત્યાં પોતાની પ્રથમ **ચોવીસી** રચના અત્રે કરી ત્યાંથી તેઓશ્રી સં. ૧૯૬૫માં ડભોઈ પધાર્યા ને ત્યાં બીજી **ચોવીસીની** રચના કરી. ને ચોમાસુ અમદાવાદમાં કર્યું ત્યાં **ભજનપદસંગ્રહ**, **સમાધિશતક**, વીગેરે ગ્રંથો બનાવ્યા. ત્યાંથી વિહાર કરી સં. ૧૯૬૬માં સુરત પધાર્યા ને ત્યાં ચતુર્માસ કર્યું ને ધર્મપ્રભાવના સારી રીતે થઈ. ત્યાંથી સંવત ૧૯૬૭માં મુંબઈ પધાર્યા લાલબાગમાં ચતુર્માસ કર્યું. મુંબાઈ આવતાં સં. ૧૯૬૭ના માહા સુદ ૧૦ને દિવસે શ્રી મોતીશા શેઠે બંધાવેલા શ્રી અગાસી તીર્થના દેરાસરનો જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા કરી. મુંબાઈથી ચોમાસા બાદ વિહાર કરી સં. ૧૯૬૮માં અમદાવાદ પધાર્યા. ને ત્યાં ચોમાસુ કર્યું ત્યાંથી

ચોમાસા બાદ વિહાર કરી સાણંદ આવ્યા—ત્યાં ગુરૂમહારાજ શ્રી સુખ-સાગરજી તથા સર્વ સંઘાડાના સાધુઓ ભેગા થયા. ત્યાં અમદાવાદવાલા ચોમાસા માટે વિનંતી કરવા આવ્યા ને સં. ૧૯૬૯માં મહારાજશ્રી ગુરૂજી સાથે અમદાવાદ આવ્યા. ત્યાં ગુરૂજીની તબીયત બગડી અને સ્વર્ગવાસ પામ્યા. અમદાવાદના સંઘે પાખીપાળી અને મીલો વીગેરે બંધ રાખવામાં આવી હતી. આ રીતે આખા સંઘાડાના સાધુ સમુદાયની જવાબદારી શ્રી બુદ્ધિસાગરજી સંભાળે છે.

આ સમયે ચરિત્રનાયક "શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રચારક મંડળ" સ્થાપના કરે છે ને તેની જવાબદારી સુરત વાસી ઝવેરી જીવણચંદ ધરમચંદ. વિજાપુરવાસી ભાઈ લલ્લુભાઈ કરમચંદ મોહનલાલ પાદરાકર આ દિને સોપે છે.

સંવત ૧૯૭૦માં પેથાપુરના સંઘની વિનંતિથી પેથાપુર પધાર્યા ત્યાં બાવન જિનાલયના દેરાસરની પ્રતિષ્ઠાનું નક્કી કરવામાં આવ્યું. ને શ્રી નેમિનાથના દેરાસરની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક કરવામાં આવી હતી. ત્યાર બાદ શ્રી પેથાપુરના સંઘે મુનિશ્રી બુદ્ધિસાગરજીને આચાર્યપદ અર્પણ કર્યું. જે સમયે – મુંબાઈ, અમદાવાદ, સુરત, માણસા, વિજાપુર આદિ ગામોમાંથી પ્રતિષ્ઠિત ગૃહસ્થો આવ્યા હતા, ને મહોત્સવપૂર્વક આચાર્ય-પદની ક્રિયા થઈ હતી. તે દિવસે સુરતના ઝવેરી જીવણચંદભાઈ તથા અમદાવાદના ગૃહસ્થો તરફથી નવકારશી જમણ કરવામાં આવ્યું હતું.

તેઓની વિદ્વતાથી આકર્ષાઈ ગૂર્જરેશ્વર શ્રીમંત સયાજીરાવ ગાયક-વાડ બહુમાનપૂર્વક આમંત્રણ આપે છે ને પોતાના લક્ષ્મીવિલાસ રાજ-મહાલયમાં બોલાવી વંદન કરી વ્યાખ્યાન શ્રવણ કરે છે. તેઓશ્રીએ દેશ નાયકો મહાત્મા ગાંધીજી, લાલા લજપતરાય પંડિત માલવીયાની સાથે પણ ધર્મચર્ચાઓ કરી છે.

ગૂર્જર સાક્ષરો રણછોડભાઈ ઉદયરામ, શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, તથા કવિ સમ્રાટ શ્રી ન્હાનાલાલ જેવા સાથે ગૂર્જર સાહિત્યની ચર્ચા કરી શ્રી મહાવીરનો સંદેશો સમજાવે છે.

તેઓશ્રીએ ચોવીસ વર્ષ સુધી સાહિત્ય રચના કરી. ને યોગ, અધ્યાત્મ, વૈરાગ્ય, કર્મયોગ, તત્વજ્ઞાન, વીગેરે ઉપર એકસોઆઠ ઉપરાંત ગ્રંથ બનાવ્યા છે. જેમાંના કેટલાક ગ્રંથો–બ્રીટીશ તથા ગાયકવાડરાજ્યના કેળવણી ખાતાએ મંજુર કર્યા હતા. તેઓના કાવ્યોમાં ખાસ કરી ભજન પદ સંગ્રહ ભાગ ૧૧ ગુજરાતી ભાષામાં છપાયા છે, જે સાદાભાષામાં છે સરળ છે તથા લોકગીતો તરીકે પ્રખ્યાત છે. વિજાપુરમાં તેમના ઊપદેશથી એક જ્ઞાનમંદિર બાંધવામાં આવ્યું છે. તેઓશ્રી સુરત ક્રિયાપાત્ર હતા આ જીવન ખાદી જ વાપરી હતી; દિવસે નિંદ્રા લીધી નથી, એક જ પાત્રમાં આહાર આવતો અને વપરાતો.

સંવત ૧૯૮૧ માં મહુડી ગામમાં જેઠ માસમાં હતા ત્યારે પોતાનું મૃત્યુ નજીક જાણી એક વિદ્વાન જોશીને બોલાવી રાજયોગ કયારે છે તે પૂછે છે. બીજે જ દીવસે સવારે આઠ અને નવ વચ્ચે રાજયોગ છે એમ જણાવવામાં આવે છે. મહુડી નાનુ ગામ હોવાથી સંઘના આગ્રહથી વિજાપુર પધારે છે ને અંતિમ ઊપદેશ આપી **ૐઆ અર્હમ્‌મહાવીર**ના ઉચ્ચાર સાથે જેઠ વદ ૩ના પ્રાતકાળે શ્રીમદ્ કાલ ધર્મ પામે છે. સ્વર્ગવાસી બને છે. ગચ્છનો ભાર શ્રી અજીતસાગરસૂરિજીને સોંપે છે. દેશ દેશાંતરથી મોટો સમુદાય ભેગો થાય છે, ને અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે. શ્રી વિજાપુરમાં તેમની સ્મૃતિમાં સમાધિ મંદિર કરવામાં આવ્યું છે. ને શ્રી બુદ્ધિસાગરસૂરિની દિવ્ય પ્રતિમા કરાવી ૧૯૮૩ના ફાગણ શુદ ૪ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ગૂજરાતના આ મહાકવિએ કવિ પ્રેમાનંદની માફક ગૂર્જર સાહિત્યની મહાન્ સેવા કરી છે. આવા સમર્થ વિદ્વાન મહાન યોગી સંતને ભૂરિ ભૂરિ વંદન હો.

આ સાથે તેમના દસ સ્તવનો, બે કલશો, તથા એક સ્વતંત્ર કાવ્ય મલી કુલ્લે તેર કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

## સાહિત્ય રચના

१ **ભજનપદ સં.** ભા.૧-૨
० २ ભજનસંગ્રહ ભાગ २ જો
० ३ ભજનસંગ્રહ ભાગ ३ જો
० ४ ભજનસંગ્રહ ભાગ ४ થો
० ५-६ ભજનસંગ્રહ ભાગ ५-६
० ७ ભજનપદ સગ્રંથ ભા. ७
० ८ કાવ્યસંગ્રહ ભાગ ७ મો
० ९ ભજનસંગ્રહ ભા. ८
१० ભજનસંગ્રહ ભા. ९
११ ભજનપદસંગ્રહ ભા. १०
१२ ભજનપદ સંગ્રહ ભા.११
० १३ અધ્યાત્મવ્યાખ્યાનમાળા
* १४ સમાધિશતકમ્
० १५ અનુભવપચ્ચીશી
० १६ આત્મપ્રદીપ
० १७ પરમાત્મદર્શન
* १८ પરમાત્મજ્યોતિ
० १९ તત્ત્વબિંદુ
० २० ગુણાનુરાગ
० २१ તીર્થયાત્રાનું વિમાન
० २२ અધ્યાત્મભજનસંગ્રહ
० २३ ગુરુબોધ (આ २)
* २४ તત્ત્વજ્ઞાનદીપિકા
० २५ ગહુંલીસંગ્રહ ભા. १
० २६-२७ શ્રાવકધર્મસ્વરૂપ ભા. १-२
० २८ વચનામૃત
० २९ **યોગદીપક**
* ३० જૈન ઐતિહાસિક રાસમાળા
३१ **આનંદઘનપદ** ભાવાર્થ
३२ **અધ્યાત્મશાંતિ**
* ३३ જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ
३४થી ३५ સુખસાગર ગુરુગીતા
* ३६ ષડ્દ્રવ્યવિચાર
० ३७ વિજાપુર વૃત્તાંત ન્હાનું
* ३८ સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય
० ३९ પ્રતિજ્ઞાપાલન
० ४०-४१ જૈનગચ્છમતપ્રબંધ, સંઘપ્રગતિ, જૈનગીતા
० ४२ જૈનધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભાગ १
० ४३ મિત્રમૈત્રી
० ४४ શિષ્યોપનિષદ્
* ४५ જૈનોપનિષદ્
० ४६-४७ ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદ્ઉપદેશ ભા. १
४८ શ્રીમદ્ દેવચંદ્ર ભા. १
४९ **કર્મયોગ**
० ५० આત્મદર્શન
* ५१ ભારત સહકાર શિક્ષણ કાવ્ય
५२ શ્રીમદ્ દેવચંદ્ર ભા. २

* ૫૩ ગહુલી સંગ્રહ ભા. ૨
* ૫૩-૫૪ ગહુંલી સંગ્રહ ભા. ૧-૨
० ૫૫ કર્મપ્રકૃતી ટીકા ભાષાંતર
* ૫૬ ગુરુગીતા ગહુંલીસંગ્રહ
* ૫૭-૫૮ આગમસાર અને અધ્યાત્મગીતા
० ૫૯ દેવવંદન સ્તુતી સ્તવનસંગ્રહ
* ૬૦ પુજા સંગ્રહ ભા. ૧ લો
૬૧ પત્રસદુપદેશ ભા. ૨
० ૬૨ ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભા. ૨
૬૩ જૈન દષ્ટિએ ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ વીવેચન
० ૬૪ પૂજાસંગ્રહ ભા ૧–૨
० ૬૫ સ્નાત્રપૂજા
* ૬૬ શ્રીમદ્ દેવચંદ્રજી અને તેમનું જીવનચરીત્ર
૬૭-૭૨ શુદ્ધોપયોગ વી. સંસ્કૃત ગ્રંથ ૪
૭૩-૭૭ સંઘકર્તવ્ય વી. સંસ્કૃત ગ્રંથ ૫
० ૭૮ લાલા લજપતરાય અને જૈન ધર્મ
* ૭૯ ચિન્તામણી
* ૮૦-૮૧ જૈનધર્મ અને ખ્રીસ્તી ધર્મનો મુકાબલો તથા જૈન ખ્રીસ્તી સંવાદ
* ૮૨ સત્યસ્વરૂપ
* ૮૩ ધ્યાનવીચાર
૮૪ **આત્મશક્તિ પ્રકાશ**
૮૫ **સાંવત્સરી ક્ષમાપના**
० ૮૬ આત્મદર્શન (મણીચંદ્રજી કૃત સજ્ઝાયોનું વીવેચન)
० ૮૭ જૈનધાર્મિક સંકાસમાધાન
० ૮૮ કન્યાવીક્રયનીષેધ
* ૮૯ આત્મશીક્ષા ભાવના પ્રકાશ
૯૦ **આત્મપ્રકાશ**
० ૯૧ શોકવીનાશક ગ્રંથ
* ૯૨ તત્વવિચાર
૯૩-૯૭ અધ્યાત્માગીતા વી. સંસ્કૃત ગ્રંથ ૫
० ૯૮ જૈનસૂત્રમાં મૂર્તીપૂજા
* ૯૯ શ્રી યશોવીજયજી નીબંધ
० ૧૦૦ ગુજરાત બ્રહદ્ વીજાપુર વૃત્તાંત
૧૦૨-૪ શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવીલાસ
૧૦૫ મુદ્રીતજૈન શ્વે. ગ્રંથગાઈડ
૧૦૬ કક્કાવલી–સુબોધ
૧૦૭ સ્તવનસંગ્રહ (દેવવંદન સહીત)
૧૦૮ પત્રસદુપદેશ ભાગ ૩

૧૦૯ શ્રી બુદ્ધીસાગરસૂરીશ્વર સ્મારક ગ્રંથ
૧૧૦ પ્રેમગીતા સંસ્કૃત
૧૧૧ અધ્યાત્મસાર

---

## (૧)

## શ્રી વૃષભજિન સ્તવન

( પ્રથમ જિનેશ્વર પ્રણમીએ–એ રાગ )

વૃષભ જિનેશ્વર! વંદના, હોશો વારંવાર;
પુરૂષોત્તમ ભગવાન નિરાકાર સંત છો, ગુણપર્યાય આધાર એ ટેક
ઉત્પત્તિ–વ્યય ધ્રુવતા, એક સમય માંહિ જોય;
પર્યાયાર્થિકનયથી વ્યય–ઉત્પત્તિ છે, દ્રવ્ય થકી ધ્રુવ હોય. ઋષ. ૧
સત્ કરતાં સામર્થ્યના, હોય પર્યાય અનન્ત;
અગુરૂ લઘુની શક્તિ તે તેહમાં જાણીએ, અનન્તશક્તિસ્વતંત્ર ઋ. ૨
પરમ ભાવ ગ્રાહક પ્રભુ, તેમ સામાન્ય વિશેષ;
જ્ઞેય અનન્તનું તોલ કરે પ્રભુ ? તાહરો, ક્ષાયિક એક પ્રદેશ. ઋ. ૩
સ્થિરતા ક્ષાયિક ભાવથી, મુખથી કહી નહિ જાય;
અનન્તગુણ નિજ કાર્ય કરે લહી શક્તિને, ઉત્પત્તિ-વ્યયપાય. ઋ. ૪
ગુણ અનન્તની ધ્રુવતા, દ્રવ્યપણે છે અનાદિ;
ગુણની શુદ્ધિ અપેક્ષી પર્યાયે કરી, ભંગની સ્થિતિ છે સાદિ. ઋ. ૫
સાદિ અનંત મુક્તિમાં, સુખ વિલસો છો અનંત;
સુખ જ્ઞેયાદિક જ્ઞાનમાં જ્ઞાતા જગગુરૂ, જ્ઞાન અનંત વહંત. ઋ. ૬
રાગદ્વેષ–યુગલ હણી, થઈયા જગ મહાદેવ;
**બુદ્ધિસાગર** અવસર પામી ભક્તિથી, પામે અમૃતમેવ. ઋ. ૭

---

(૨)

## શ્રી શાંતિજિનસ્તવન

(રાગ-કેદારો)

શાંતિ જિનેશ્વર અલખ અરૂપી, અનન્તશાન્તિ સ્વામી રે;
નિરાકાર-સાકાર દો ચેતના-ધારક છો નિર્નામીરે. શાંતિ૦ ૧

પરબ્રહ્મસ્વરૂપી વ્યાપક, જ્ઞાન થકી, જિનરાયા રે;
વ્યક્તિથી વ્યાપક, નહિ જિનજી, પ્રેમે પ્રણમું પાયા રે. શાંતિ૦ ૨

આનંદ ઘન-નિર્મલ પ્રભુ વ્યક્તિ, ચેતનશક્તિ અનંતી રે;
સ્થિરોપયોગે શુદ્ધરમણતા, શાન્તિજિનવર ભક્તિ રે. શાંતિ૦ ૩

કર્મ ખર્યાંથી સાચી શાન્તિ, ચેતન દ્રવ્યની પ્રગટે રે;
શાન્તિ સેવે પુદ્ગલથી ઝટ, ચેતન-ઋદ્ધિ વછૂટે રે. શાન્તિ૦ ૪

ચઉનિક્ષેપે શાન્તિ સમજી, ભાવ-શાન્તિ ઘર ધારો રે;
**બુદ્ધિસાગર** શાન્તિ લહીને, જલ્દિ ચેતન તારો રે. શાંતિ૦ ૫

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

(થાંવર વારી મારા સાહિબા કાબીલ મત જાજો-એ રાગ)

રાજુલ કહે છે શામલા, કેમ પાછા વલિયા;
મુજને મૂકી નાથજી, કોનાથી હલિયા. ૧

પશુ દયા મનમાં વસી, કેમ મ્હારી ન આણો;
સ્ત્રીને દુઃખી કરી પ્રભુ! હઠ ફોગટ તાણો. ૨

લગ્ન ન કરવાં જો હતાં, કેમ આંહી આવ્યા;
પોતાની મરજી વિના, કેમ બીજા લાવ્યા. ૩

ઋષભાદિ તીર્થંકરા, ગૃહવાસે વસિયા;
તેનાથી શું તમે જ્ઞાની કે, આવી દૂરે ખસિયા. ૪

શુકન જોતાં ન આવડયા, કહેવાતા ત્રિજ્ઞાની;
બનવાનું એમ જો હતું, વાત પહેલાં ન જાણી. ૫

જાદવ કુલની રીતડી, બોલ બોલી ન પાલે;
આરંભી પડતું મૂકે, તે શું અજુવાલે. ૬

કાલા કામણગારડા, ભીરૂ થઈશું ? વલિયા;
હુકમથી પશુઆં દયા, આણ માનંત બલિયા. ૭

વિરાગી જો મન હતું, કેમ તોરણ આવ્યા;
આઠ ભવોની પ્રીતડી, લેશ મનમાં ન લાવ્યા. ૮

મારી દયા કરી નહિ જરા, કેમ અન્યની કરશો;
નિર્દય થઈને વાલ્હમા, કેમ ઠામે ઠરશો. ૯

વિરહવ્યથાની અગ્નિમાં, બલતી મને મૂકી;
કાલાથી કરી પ્રીતડી, અરે પોતે હું ચૂકી. ૧૦

જગમાં કોઈ ન કોઈનું, એમ રાજુલ ધારે;
રાગિણી થઈ વૈરાગિણી, મન એમ વિચારે. ૧૧

સંકેત કરવા પ્યારીને, પ્રાણપતિ ? અહિ આવ્યા;
હરિણ દયાથી બહુ દયા, પ્રભુ મુજ પર લાવ્યા. ૧૨

ભવનાં લગ્ન નિવારવા, જાન મુક્તિથી આણી;
આંખે આંખ મિલાવીને, મને મુક્તિમાં તાણી. ૧૩

હું ભોલી સમજી નહિ, સાચી જગમાં અબલા;
નાથે નેહ નિભાવિયો, ધન્ય સ્વામી સબલા. ૧૪

ભોગાવલીના જોરથી, ગૃહવાસમાં ફસિયા;
ઋષભાદિક તીર્થંકરા, લલના સંગ રસિયા. ૧૫

ભોગાવલીના અભાવથી, મારો સંગ ન કીધો;
બ્રહ્મચારી મારા સ્વામીજી, જશ જગમાં લીધો. ૧૬

સ્રીને ચેતાવવા આવિયા, સ્વામી ઉપકારી;
આઠ ભવોની પ્રીતડી, પૂરીપાલી સારી. ૧૭

હાથો હાથ ન મેળવ્યો, સ્વામી ગુણરાગી;
સ્વામીના એ કૃત્યથી, હું થઈ વૈરાગી. ૧૮

ત્રિજ્ઞાનીના કાર્યમાં, કાંઈ આવે ન ખામી;
રાજુલ વૈરાગણ બની, શુદ્ધ ચેતના પામી. ૧૯

જૂઠાં સગપણ મોહથી, મોહની એ શંકા;
ભ્રાંતિથી જગ જીવડા, નાહક લલચાયા. ૨૦

નરકે નારી હું નહિ, પુદ્ગલથી હું ન્યારી;
પુદ્ગલ-કાયા ખેલમાં, શુદ્ધ બુદ્ધતા હારી. ૨૧

નામ રૂપથી ભિન્ન હું, એક ચેતન જાતિ;
ક્ષત્રિયાણી વ્યવહારથી, કોઈ મારી ન જ્ઞાતિ. ૨૨

અનંતકાલથી આથડી, સંસારમાં દુઃખી;
વિષય વિકારો સેવતાં, કોઈ થાયે ન સુખી. ૨૩

જડસંગે પરતંત્રતા, મોહ વૈરીએ તાણી;
ઉપકારી સાચા પ્રભુ! સત્ય પંથમાં આણી. ૨૪

બની વૈરાગણ નેમિની, પાસે ઝટ આવી;
ઉપકારી સ્વામી કર્યા, સંયમલય લાવી. ૨૫

શોભા સતીની મોટકી, જગ રાજુલ પામી;
રહનેમિને બોધથી, થઈ ગુણ વિશ્રામી. ૨૬

એક ટેકી થઈ રાજુલે, ભાવ-સ્વામી કીધા;
અદ્ભુત ચારિત્ર ધારીને, જગમાં જશ લીધા. ૨૭

સાચી ભક્તિ સ્વામીની, અંતરમાં ઉતારી;
નવરસ–રંગે ઝીલતી, લહે સુખ ખુમારી. ૨૮

ચેતન–ચેતના ભાવથી, એક સંગે મલિયા;
ક્ષપકશ્રેણિ–નિસ્યરણિથી, શિવમંદિર ભલિયાં. ૨૯

કર્મ કટક સંહારીને, નેમ–રાજુલનારી;
શિવપુરમાં સુખિયાં થયાં, વંદુ વાર હજારી. ૩૦

શુદ્ધ ચેતન સંગમાં, શુદ્ધ ચેતના રહેશે;
બુદ્ધિસાગર ભક્તિથી, શાશ્વત સુખ લહેશે. ૩૧

---

## (૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

( સાહિબ સાંભલોરે સંભવ–એ રાગ )

પૂર્ણાનંદ મારે, પાર્શ્વ પ્રભુ ? જયકારી;
ધ્રુવતા શુદ્ધતારે, શાશ્વત સુખ ભંડારી, પૂ. ૧

કેવલજ્ઞાનથીરે, લોકાલોક પ્રકાશો;
ધ્યાતા ધ્યાનમારે, સાહિબ નિજઘર વાસો. પૂ ૨

સહજાનંદનારે, સમયે સમયે ભોગી,
રત્ન ત્રયી પ્રભુરે ક્ષાયિક ગુણગણુ યોગી. પૂ. ૩

વ્યકિત તુજ સમીરે, ભકિત તુજ મુજ કરશે,
તુજ આલંબનેરે, ચેતન શિવપુર ઠરશે. પૂ. ૪

સાચા ભાવથીરે, જિનવર સેવા કરશુ;
શુદ્ધ સ્વભાવમાંરે, ક્ષાયિક સદ્ગુણ વરશું. પૂ. ૬

ઝટપટ ત્યાગીનેરે, ખટપટ મનની કાચી;
મલશું ભાવથીરે, અનુભવ યુકિત એ સાચી પૂ. ૬

હલિયો દેવશું રે, તે જન શિવ સુખ પાવે;
સાચી ભક્તિથીરે, આવિર્ભાવ સુહાવે. પૂ. ૭
પાસ જિનેશ્વરારે, આપો આપ સ્વભાવે;
આતમ ભાવથીરે, **બુદ્ધિસાગર** ગાવે. પૂ. ૮

---

## (૫)
## શ્રી મહાવીર સ્તવન

( સાહિબ સાંભલોરે સંભવ અરજ હમારી—એ રાગ )

શ્રી મહાવીર પ્રભુ ? રે, લલી લલી પાયે લાગુ;
શ્રી મહાવીરપણું રે, પ્રભુ ? તુજ પાસે માગું. શ્રી. ૧
દ્રવ્ય ભાવ બે ભેદથીરે, નિક્ષેપે તેમ જાણો;
સાતનયો વડેરે, મહાવીર મનમાં આણો. શ્રી. ૨
નવધા ભક્તિથીરે, મહાવીર પ્રભુથી હલશું;
સ્વજાતિ ધ્યાનથીરે, આવિર્ભાવે મલશું શ્રી. ૩
શ્રુત ઉપયોગથીરે પ્રગટે વીર્ય સ્વભાવે;
ધ્રુવતા યોગનીરે, મહાવીર ઘટમાં આવે શ્રી. ૪
ધાતો ધાતથીરે, હલતાં મલતાં શાંતિ;
શુદ્ધ સ્વભાવમાંરે રમતાં લેશ ન ભ્રાન્તિ શ્રી. ૫
સત્તાએ રહીરે, વીરતા ધ્યાને પ્રગટે;
શબ્દાદિક નયેરે; કર્મ મલીનતા વિઘટે શ્રી. ૬
અનુભવ યોગમારે, મહાવીર નયણે દેખે;
મિથ્યા મોહનેરે, આપ સ્વભાવે ઉવેખે શ્રી. ૭
શુદ્ધ સ્વભાવમાંરે, મહાવીર પ્રભુ ઘર આવે;
વીર્ય અનન્તતારે **બુદ્ધિસાગર** પાવે શ્રી. ૮

---

(૬)

## ચોવીશી કલશ

(ઓચ્છવ રંગ વધામણાં પ્રભુ પાસેને નામે–એ રાગ)

ચોવીશ જિન વર ભક્તિથી, ગાયા ગુણુ રાગે;
ગાશે ધ્યાશે જે પ્રભુ, તે અન્તર જાગે. ૧

અન્તરના ઉદ્યોતથી, હોય મંગલ માલા;
મનમંદિર પ્રભુ આવતાં, ટલે મોહના ચાલા. ૨

જિનભક્તિ નિજ રૂપ છે, ચેતન ઉપયોગી;
અનંત ગુણુ–પર્યાયનો, સમયે હોય ભોગી. ૩

ઝલહલ જ્ઞાનની જ્યોતિમાં, જડ ચેતન ભાસે;
ચેતન પરમેષ્ઠી સદા, એમ જ્ઞાની પ્રકાશે. ૪

ચેતનની શુદ્ધ ભક્તિથી, શુદ્ધ ચેતન પરખું;
અનેકાન્તનય–દૃષ્ટિથી, પ્રભુ ગાઇને હરખું. ૫

સંવત ઓગણીશ ચોસઠે, પુનમ દિન સારો;
અષાડ શુકલ પક્ષમાં, ગામ માણુસા ધારો. ૬

સોમવાર ચઢતા દિને, ચોવીશ જિન ગાયા;
અંતરના ઉપયોગથી, સત્ય–આનંદ પાયા. ૭

સુખસાગર ગુરૂ પ્રેમથી, બુદ્ધિસાગર ગાવે;
ગાશે ધ્યાવશે જે ભવી, તે શિવસુખ પાવે. ૮

(૭)

## શ્રી ઋષભજિન સ્તવન

(રાગ દેશાખ)

પરમ પ્રભુતા તું વર્યો, સ્વામી ઋષભ જિણંદ;
ધ્યાને ગુણુ ઠાણે ચઢી, ટાલ્યાં કર્મના ફંદ. પરમ૦ ૧

અંતરંગ પરિણામથી, નિજ ઋદ્ધિ પ્રકાશી;
ક્ષાયિકભાવે મુક્તિમાં, સત્યાનંદ વિલાસી. પરમ૦ ૨

કર્તા કર્મ કરણ વલી, સંપ્રદાન સ્વભાવે;
અપાદાન અધિકરણતા, શુદ્ધ ક્ષાયિકભાવે. પરમ૦ ૩

નિત્યાનિત્ય સ્વભાવને, સદસત્ તેમ ધારો;
વકત્વ્યા વકત્વ્યને, એકાનેક વિચારો. પરમ૦ ૪

અઠ પક્ષ પ્રભુ વ્યક્તિમાં ષડ્ગુણ સામાન્ય;
સાતનયોથી વિચારતાં, પ્રભુ વ્યક્તિ સુમાન્ય. પરમ૦ ૫

સ્મરણ—મનન એક તાનમાં, શુદ્ધ વ્યક્તિમાં હેતુ;
તુજ સરખું મુજ રૂપ છે, ભવસાગર સેતુ. પરમ૦ ૬

સાલંબનમાં તુંવડો, નિરાલંબન પોતે;
બુદ્ધિસાગર ધ્યાનથી, નિજને નિજ ગોતે. પરમ૦ ૭

---

## (૮)

## શ્રી શાંતિ જિનસ્તવન

(સાહિબ સાંભલો રે સંભવ અર્જ હમારી—એ રાગ)

શાન્તિનાથજી રે, શાન્તિ સાચી આપો;
ઉપાધિ હરી રે, નિજપદમાં નિજ થાપો. શાન્તિ૦ ૧

શાન્તિ કેમ લહું રે, તેનો માર્ગ બતાવો;
વિનતિ માહરી રે, સ્વામી દિલમાં લાવો. શાન્તિ૦ ૨

શાન્તિ પ્રભુ કહે રે, ધન્ય તું જગમાં ધન્ય પ્રાણી;
શાન્તિ પામવા રે, મનમાં ઉલટ આણી. શાન્તિ૦ ૩

જડતે જડપણે રે, ચેતન જ્ઞાન સ્વભાવે;
ભેદજ્ઞાનનાં યોગથી રે, સમકિત—શ્રદ્ધા થાવે શાન્તિ૦ ૪

સદ્ગુરૂ પરંપરા રે, આગમના આધારે;
ઉપશમ ભાવથી રે, શાન્તિ ઘટમાં ધારે. શાન્તિ૦ ૫
સાધુ સંગતે રે, પામી જ્ઞાનની શક્તિ;
સમતા યોગથી રે, પ્રગટે શાન્તિ–વ્યક્તિ. શાન્તિ૦ ૬
ચેતન દ્રવ્યનું રે, કરવું ધ્યાન જ ભાવે;
ચંચલતા હરે રે, સાચી શાન્તિ આવે. શાન્તિ૦ ૭
સત્ય–સમાધિમાં રે, શાન્તિ સિદ્ધિ બતાવે;
રસિયા યોગિયો રે, શાન્તિ સાચી પાવે. શાન્તિ૦ ૮
સિદ્ધ સમા થઈ રે, શાન્તિરૂપ સુહાવે;
સ્થિર ઉપયોગથી રે, બુદ્ધિસગર પાવે. શાન્તિ૦ ૯

---

(૯)

## શ્રી નેમિજિનસ્તવન

(તુમ બહુ મંત્રીરે સાહિબા–એ રાગ)

નેમિજિનેશ્વર ? વંદના, હોશો વાર હજાર;
ત્રિકરણયોગેરે સેવના, પ્રીતિ ભક્તિ ઉદાર. નેમિ૦ ૧
સાલંબન ધ્યાને પ્રભુ ? દિલમાં આવો સનાથ;
ઉપયોગે તુજ ધારણા, આવાગમન તે નાથ ? નેમિ૦ ૨
નામાદિક નિક્ષેપથી, આલંબન જયકાર;
નિરાલંબન કારણે, તુજ વ્યક્તિ સુખકાર. નેમિ૦ ૩
સવિકલ્પ સમાધિમાં, ભાસો હૃદયમઝાર;
અનન્તર અનુભવ–જ્યોતિમાં, નિર્વિકલ્પ વિચાર. નેમિ૦ ૪
ભેદાભેદ સ્વભાવમાં, અનન્ત ગુણપ્રર્યાય;
છતિ સામર્થ્ય પર્યાયની, શક્તિ વ્યક્તિ સુહાય. નેમિ૦ ૫
ઝલહલજ્યોતિ જ્યાં જાગતી, ભાસે સર્વપદાર્થ;
બુદ્ધિસાગર જ્ઞાનમાં, સિદ્ધ બુદ્ધ પરમાર્થ. નેમિ૦ ૬

(૧૦)

## શ્રી પાર્શ્વજિનસ્તવન

(થાંપર વારી મારા સાહિબા કાબિલ મત જાજો—એ રાગ)

પાર્શ્વપ્રભુ પ્રભુતામયી, મારે મોટું શરણું;
મેરૂ અવલંબી કહો, કોણ ઝાલે તરણું. ૧
ભાવચિંતામણી તું પ્રભુ, શાશ્વત સુખ આપે;
ચઉનિક્ષેપે ધ્યાવતાં, ભવનાં દુઃખ કાપે. ૨
તારૂં મારૂં આંતરૂ, એકલીનતા ટાલે;
સાદિ—અનંતિ સંગથી, દુઃખ કોઈ ન કાલે. ૩
શુદ્ધ દશા પરિણામથી, નિશદિન તુજ ભેટું;
શુદ્ધ દૃષ્ટિથી દેખતાં, લેશ લાગે ન છેટું. ૪
તુજમુજ અંતર ભાગશે, સંયમ ગુણ યુક્તિ
ક્ષેત્રભેદને ટાલીને, સુખ લહિશું મુક્તિ. ૫
મુક્તિમાં મલશું પ્રભુ, એમ નિશ્ચય ધાર્યો;
ધ્યાને રંગ વધામણાં, મોહભાવ વિસાર્યો. ૬
તુજ સંગી થઈ ચેતના, શુદ્ધ વીર્ય ઉલ્લાસી;
બુદ્ધિસાગર જાગિયો, ચેતન વિશ્વાસી. ૭

---

(૧૧)

## શ્રી મહાવીર સ્વામિસ્તવન

(થાંપર વારી મારા સાહિબા કાબિલ મત જાજો-એ રાગ)

ત્રિશલાનંદન? વીરજી? મનમંદિર આવો;
ભાવ—વીરતા માહારી, પ્રભુ? પ્રેમે જગાવો. ૧

ભાવ–વીર સંચારથી, પ્રભુ ! મોહ ન આવે;
દ્રવ્ય–વીર સંચારમાં, મોહનું જોર ફાવે. ૨
ચાર નિક્ષેપે ધ્યાઈએ, ભાવ–વીર્યના ધારી;
સમકિત ગુણ ઠાણા થકી, પ્રભો ? તું સંચારી. ૩
ભાવ–વીર્ય પ્રગટાવવા, આલંબન સાચું;
ક્ષયોપશમ–ક્ષાયિકમાં, મન મારું રાચ્યું. ૪
ક્ષયોપશમે તે હેતુ છે, ક્ષાયિક ગુણ કાજ;
ક્ષાયિક–વીર્યતા આપીને, રાખો મુજ લાજ. ૫
અસંખ્ય પ્રદેશે ક્ષાયિક, ભાવ વીર્ય અનંત;
યોગ ધ્રુવતા ધારીને, લહે વીર્યને સંત. ૬
મતિસંગી પુદ્ગલ વિષે, જે વીર્ય કહાતું;
યોગતણી ધ્રુવતા થકી, ધ્યાને લેશ ન જાતું. ૭
ભાવ–વીર ? પ્રભુ આતમા, અંતર ગુણ ભોગી;
લઘુતા એકતા લીનતા, સાધનથી યોગી. ૮
ભાવ–વીર્ય નિજમાં ભલ્યું, વાગ્યું જિતનગારૂં;
ફરકયો વિજયનો વાવટો, ક્ષાયિક સુખ સારૂં. ૯
આનંદ મંગલ જીવમાં, જ્ઞાન–દિનમણિ પ્રગટયો;
દર્શન–ચંદ્ર પ્રકાશિયો, તબ મોહજ વિઘટયો. ૧૦
અનંત ગુણ–પર્યાયનો, જીવ ભોગી સવાયો;
બુદ્ધિસાગર મંદિરે, ચેતન ઝટ આયો. ૧૧

---

## (૧૨)
## ચોવીશી કલશ

ગાઈ ગાઈ રે એ જિનવર ચોવિશી ગાઈ,
અન્તર–અનુભવ યોગે રચના, જિન આણાથી બનાઈ રે. એ૦
જિનભક્તિથી શક્તિ પ્રગટે, પ્રગટે શુદ્ધ સમાધિ;
મિથ્યા–મોહક્ષયે સમક્તિગુણ, નાસે ચિત્તની અધિરે. એ૦ ૧
જિનગુણના ઉપયોગે નિજગુણ, પ્રગટે અનુભવ સાચો;
તિરોભાવનો આવિર્ભાવ છે, પ્રેમધરી ત્યાં રાચો રે. એ૦ ૨
અનેકાન્તનય–જ્ઞાન પ્રતાપે, પંચાચારની શુદ્ધિ;
ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક, ભાવે પ્રગટે ઋદ્ધિ રે. એ૦ ૩
પ્રભુ ગુણગાવે ભાવના ભાવે, નાગકેતુપરે મુક્તિ;
શુદ્ધ રમણતા ભાવપૂજા છે સાલંબનની યુક્તિ રે. એ૦ ૪
સાલંબન યોગી જિનધ્યાને, નિરાલંબન થાવે;
કારણ–કાર્યપણું ત્યાં જાણો, જ્ઞાની હૃદયમાં ભાવે રે. એ૦ ૫
જિન ભક્તિ નિજ શક્તિ વધારે, શુભ ઉપયોગના દાવે;
શુદ્ધોપયોગે સહેજે આવે, સ્યાદવાદી મન ભાવે રે. એ૦ ૬
ગામ ડભોઈ યશોવિજય ગુરૂ, ચરણની યાત્રા કીધી;
ઉપાધ્યાયની દેરીમાં રચના, પૂર્ણ ચોવીશીની સિદ્ધિ રે. એ૦ ૭
ઉપાધ્યાય ગુરુ–ચરણપસાયે, ભક્તિ–રંગ ઉર ધારી;
ભાવપૂજા જિનવરની કરતાં, જય જય મંગલકારી રે. એ૦ ૮
સંવત ઓગણીશ પાંસઠ સાલે, ફાલ્ગુનપૂર્ણિમા સારી;
રવિવાર દિન ચઢતે પહોરે, પૂર્ણ રચી જયકારી રે. એ૦ ૯
લોઢનપાર્શ્વ જિનેશ્વર પ્રેમે, જે ભણશે નરનારી;
બુદ્ધિસાગર પગપગ મંગલ, પામે સંઘ નિર્ધારી રે. એ૦ ૧૦

(શ્રીમદ્ રચિત ભજનસંગ્રહ ભાગ ૮ પાનું ૪૨૦)

## સ્વાતંત્ર્ય નાદ

રચના સંવત ૧૯૬૭

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે;
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે.
સ્વાતંત્ર્ય જગમાં થાવશે. એક દિન ૧

સહુ દેશમાં સ્વાતંત્ર્યના, શુભ દિવ્ય વાદ્યો વાગશે;
બહુ જ્ઞાનવીરો, કર્મવીરો, જાગી અન્ય જગાવશે. એ૦ ૨

અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે;
અશ્રુ લુહી સૌ જીવના, શાન્તિ ભલી પ્રસરાવશે. એ૦ ૩

સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાની જનો બહુ ફાવશે;
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે. એ૦ ૪

સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે;
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભૂત વાત જણાવશે. એ૦ ૫

રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે;
હુન્નર કળા સામ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે. એ૦ ૬

એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે;
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘરસમ થાવશે. એ૦ ૭

એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે;
બુદ્ધ્યબ્ધિ પ્રભુ મહાવીરનાં, તત્વો જગતમાં વ્યાપશે. એ૦ ૮

(૨૭)

# શ્રી વિજયલબ્ધિસૂરિ

ચોવીસી રચના સં. ૧૯૬૫ આસપાસ

કવિકુલકિરીટ શ્રી વિજલબ્ધિસૂરિએ શ્રી મલ્લિનાથ સ્તવનમાં ગાયું છે—કે

"આર્ય દેશે શ્રાવક કુલે, પુણ્ય ઊદય હું આયો;
અઢી વર્ષની બાલ ઊમરમાં, દરબાર તુમ પાયો રે.
મલ્લિજિન સ્વામિ આવ્યો તુમ દરબારમાં"

આવી અતિ તેજ સ્મરણ શક્તિવાલા—પૂ. આ મહાપુરૂષનો જન્મ ઊત્તર ગૂજરાતમાં અમદાવાદ પાસે શ્રી ભોયણીજી તીર્થથી પાંચ માઇલ દૂર **બાલશાસન** નામના ગામડામાં થયો હતો. પિતાજીનું નામ પિતાંબરદાસ અને માતાજીનું નામ મોતીબાઇ હતું. તેઓશ્રીનું શુભ નામ **લાલચંદ** હતું. સંવત ૧૯૪૦ એ તેમનું જન્મ વર્ષ હતું. નવ વર્ષની ઊમરે પિતાજી સ્વર્ગવાસ થતાં માતાજીએ ઊછેર્યા. ગામમાં નિશાળ ન હોવાથી એક સદ્‌ગૃહસ્થ ભાઇ દોલતરામ પાસે ત્રણ ગૂજરાતી ચોપડી જેટલો અભ્યાસ કર્યો.

સંવત ૧૯૫૪માં શ્રી આત્મારામજી મહારાજના પટ્ટાલંકાર શ્રીમદ્ વિજયકમલસૂરિજી શ્રી ભોયણીજી શ્રી મલ્લિનાથ ભગવાનની જાત્રા કરી બાલશાસન ગામે આવ્યા ત્યાં તેઓશ્રીના વ્યાખ્યાનથી ભાઇ લાલચંદમાં વૈરાગ્યના બીજ રોપાયાં. ત્યારબાદ વ્યવહારીક અભ્યાસ માટે તેમની ફોઇ દલસીબેનને ત્યાં માણસા રહેવા ગયા. ત્યાં સં. ૧૯૫૬માં શ્રી

આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ



દીક્ષા સં. ૧૯૫૯

આચાર્યપદ સં. ૧૯૮૧ છાણી

જન્મ સં. ૧૯૪૦ બાલશાસન (ગુજરાત)

સ્વર્ગવાસ ૨૦૧૭

ઉદ્યોતવિજયજીનું માણસામાં ચતુર્માસ થયું. ત્યાં તેમના પરિચયથી દિક્ષા લેવાની ભાવના થઇ. વડાલી ગામમાં મહારાજશ્રીને પોતાની ઇચ્છા જણાવી પણ સગાવહાલાં આવીને પાછા લઇ ગયા. સં. ૧૯૫૮માં શ્રી વિજયકમલસૂરિજીનું ચતુર્માસ માણસામાં થયું. સૂરિજીને પાછી પોતાને દીક્ષા આપવા માટે વિનંતી કરી. ત્રણ વખત પોતે પાછા આવ્યા એ વાત રજૂ કરી. સૂરિજીએ આશ્વાસન આપ્યું ને ત્યાંથી વિહાર કરી બોરૂ ગામમાં આવ્યા. ને ત્યાં સં. ૧૯૫૯માં તેમને દીક્ષા આપી તેમનું નામ **શ્રી લબ્ધિવિજય** રાખવામાં આવ્યું.

શ્રી ઊંઝા ગામમાં બીજા નવ સાધુઓની સાથે તેમને વડી દીક્ષા આપવામાં આવી તે વખતે ઉ. શ્રી વીરવિજયજી, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી તથા શાંતમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજ ઊંઝામા સાથે હતા.

ત્યારબાદ સં. ૧૯૬૦માં શ્રી ઇડરગામમાં આવશ્યક સૂત્રો તથા પ્રકરણાદિનો અભ્યાસ કરવા માંડ્યો. વડોદરાના સુશ્રાવક ગોકુળભાઇના પરિચયમાં તથા ભરૂચના સુશ્રાવક અનુપકાકાના પરિચયમાં આવતાં શાસ્ત્રની ઊંડી વાતોની ચર્ચાવિચારણા કરતાં. ત્યાંથી ગુરૂદેવ સાથે માલવા પ્રાંતમાં વિચરી શ્રી સમેતશિખરજી તરફ વિહાર કરતાં સં. ૧૯૬૨માં શ્રી અજીમગંજમાં ચતુર્માસ કર્યું. ત્યાંથી પંજાબ તરફ પધારતાં સં. ૧૯૬૪માં શ્રી ગુજરાનવાળામાં ચોમાસુ કર્યું. ત્યાં સ્યાદ્વાદરત્નાકર મૂળગ્રંથ કંઠસ્થ કર્યો. મૂક્તાવલિ આદિ ન્યાયના ગ્રંથોનો અભ્યાસ કર્યો. હવે તેઓશ્રીએ જાહેરમાં વ્યાખ્યાન આપવાની શરૂઆત કરી. ને પ્રમાણમિમાંસા, ન્યાય-દીપિકા, રત્નાકરાવતારિકા સ્યાદ્વાદમંજરી વીગેરે ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો. આ અવસરે જીરાવાલા શ્રાવક હરદયાલમલ હકીમજીએ મુનિ શ્રી વલ્લભવિજયજીને કે જેઓ આ ચતુર્માસમાં સાથે હતા તેમને એક પ્રશ્ન કર્યો કે "મહારાજજી નિગોદમાંથી નીકળેલો જીવ ફરી નિગોદમાં ઉત્પન્ન થાય ખરો ? અને ઉત્પન્ન થાય તો વ્યવહાર રાશિનો ?" મુનિ શ્રી વલ્લભવિજયજી પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિચાર કરતા હતા ત્યાં પાસે

બેઠેલા મુનિશ્રી લબ્ધિવિજયજીએ જવાબ આપ્યો કે "નિગોદના જીવો નિગોદમાંથી બહાર નીકળીને પાછા નિગોદમાં જાય છે અને ત્યાં ગયેલા તે વ્યવહાર રાશિના જીવો કહેવાય છે." મુનિશ્રી વલ્લભવિજયજીએ પૂછ્યું કે આવો પાઠ ક્યાં છે. તરત જ શ્રી લબ્ધિવિજયજીએ લોકપ્રકાશનો પાઠ બતાવ્યો. જીરા ગામમાં **દયાનંદકુતર્કતિમિર** ગ્રંથની રચના કરી. ત્યાર બાદ હોશીયારપુર, લુધીઆના, મુલતાન વિગેરે ગામોમાં ચોમાસા કરી આર્યસમાજી પંડીતો સાથે ચર્ચા કરી પોતાનો પક્ષ સાચો સાબિત કર્યો- અંબાલામાં હિંદુ કોન્ફરંસનું પાંચમું અધિવેશન હતું. ત્યાં દયા ઊપર સુંદર ભાષણ કરી માસાહારનું ખંડન કર્યું. અહિંસા ઉપર એવું જોરદાર ભાષણ યુક્તિપૂર્વક કર્યું કે શ્રોતાઓ મોટા ભાગના માંસાહારી હોવા છતાં શાંતિથી સાંભળી રહ્યા. તે વખતે એક યુવકે પ્રમુખ ઉપર ચીઠ્ઠી લખી કે 'ભાષણ બંધ કરાવો." છતાં પ્રમુખે ચાલુ સમય ઊપરાંત દસ મીનીટ વધારે આપી. પ્રમુખ હતા, ડીસ્ટ્રીકટ જજ શ્રી કેદારનાથ અને ચીઠ્ઠી લખનાર હતા શ્રી લાલા લજપતરાય. પંજાબમાં ૭ વર્ષ સુધી વિચર્યા અને ધર્મપ્રભાવના કરી. સંવત ૧૯૭૦માં દિલ્હી ચતુર્માસ કર્યું. ત્યાં પણ જાહેર વ્યાખ્યાનો એક માસ સુધી સુપ્રસિદ્ધ રામા થિએટરમાં આપ્યાં. એ પ્રસંગે બિકાનેર નિવાસી શ્રી દોલતરામભાઈ નામના યુવકને વ્યાખ્યાનની એવી અસર થઇ કે દીક્ષા લેવા તત્પર થયા અને સં. ૧૯૭૧માં આગ્રા મુકામે દીક્ષા લીધી નામ શ્રી લક્ષ્મણવિજયજી રાખ્યું. (હાલમાં શ્રી વિજયલક્ષ્મણસૂરિજી) ત્યારબાદ ત્યાંથી વિહાર કરી ગૂજરાતમાં ધડર ગામમાં આવ્યા. ત્યાં શ્રી સંઘે વિનંતિ કરતાં ગુરુશ્રીએ તેમને **વ્યાખ્યાન વાચસ્પતિની** પદવી આપી. સંવત ૧૯૭૨ થી ૧૯૮૦ સુધી ગૂજરાતના જુદા જુદા શહેરોમાં ખંભાત, કપડવંજ, બોરસદ, ડભોઇ, વડોદરા, છાણી વીગેરેમાં ચતુર્માસ કર્યાં. છાણીમાં ભાઈ જીવણભાઇ નામના શ્રાવકને દીક્ષા આપી. નામ શ્રી જયંતવિજયજી રાખ્યું. હાલમાં ઊપાધ્યાય જયંતવિજયજી) ત્યાંથી સિદ્ધગિરી, રૈવતાચલ, શંખેશ્વરજી વિગેરે યાત્રા કરી છાણીમાં પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં પં. દાનવિજયજી સાથે ચોમાસું કર્યું.

છાણી ગામના સંઘની વીનંતીથી શ્રી વિજયકમલસૂરિજીને હાથે પં. શ્રી દાનવિજયજી તથા શ્રી લબ્ધિવિજયજીને ૧૯૮૧માં આચાર્ય પદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાંથી ગુરૂશ્રી સાથે સુરતમાં પધાર્યા. ને ત્યાંજ ચતુર્માસ કર્યું. ત્યાં લેખકને આચાર્યશ્રીનો પ્રથમ પરિચય થયો. તેમની વ્યાખ્યાન વાણીથી એ વરસમાં સુરતમાં શાસન પ્રભાવનાના સુંદર કાર્યો થયાં. ગુરૂજીના નામથી **'શ્રી વિજયકમલસૂરિ પ્રાચીન હસ્ત લિખિત જૈન પુસ્તકોદ્ધાર ફંડ'**ની સ્થાપના કરવામાં આવી. જેમાં આજ દીન સુધી નાનામોટા ૧૧૫૬ ગ્રંથો લખવામાં આવ્યા છે. ને કુલ્લે ખરચ આશરે ૨૮૮૮૫ થયો છે. તે જૈન આનંદકાર્તિકલયમાં પ્રતો મુકવામાં આવી છે.

આ ત્રિપુટી આચાર્યદેવોના દર્શનથી પ્રભાવિત થઇ સ્થાનિક પોલીસ સુપરીન્ટેન્ડન્ટે તાપી નદીમાં એક માઇલ જેટલા વિસ્તારમાં માછીની જાલ નહિ નાંખવાનો હુકમ બહાર પાડયો હતો. અને મહારાજશ્રીની હાજરી સુધી કુતરાને ઝેરના પડીકા અપાતાં હતાં તે ઉપર પ્રતિબંધ મુકયો. સંવત ૧૯૮૨માં ત્રણે મહાત્મા પુરૂષોએ સુરતથી બે માઇલ દૂર અઠવા લાઇન્સમાં શા નગીનભાઈ મંછુભાઇ જૈન આરોગ્ય ભૂવનમાં સપરિવાર પધારી. અમોને આભારી કર્યા હતા. ને આઠ દિવસ રોકાયા હતાં. સુરત શહેરના સેંકડો જૈનોએ વંદન દર્શનનો લાભ લીધો હતો. ત્યાંથી વિહાર કરી સુરત પાસે બુહારી ગામમાં પધાર્યા જ્યાં તેઓશ્રીએ 'વૈરાગ્યરસમંજરી' નામનો ૭૦૦ સાતસો શ્લોકનો એક ગ્રંથ સંસ્કૃતમાં રચ્યોઃ જેમનું ગૂજરાતી ભાષાંતર અમારા આ ફંડ તરફથી કરાવી સં. ૧૯૮૬ માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેનું વિવેચન જૈન સાક્ષર પ્રોફેસર હીરાલાલ રસિકદાસે કર્યું છે. કીંમત સવા રૂપીઓ છે. આજે પાંચ રૂપીએ પડે. ક્રાઉન આઠ પેઇજી પાના ૪૭૦ છે.

ત્યાર બાદ બુહારીથી વિહાર કરી ગુરૂદેવ સાથે નવસારી પધાર્યા ત્યાં આચાર્ય શ્રીમદ્‌વિજયકમળસૂરીશ્વરનો સં. ૧૯૮૭માં સ્વર્ગવાસ થયો.

જ્યાં તેઓશ્રીની સ્મૃતિમાં ગુરુમંદિર બાંધવામાં આવ્યું છે. ત્યાંથી વિહાર કરી આચાર્યશ્રી સં. ૧૯૮૪માં મુંબઈમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ચતુર્માસ કર્યું. તે સમયે સારી ધર્મ પ્રભાવના થઈ. મુંબઈથી પાછા ગૂજરાત તરફ પધાર્યા, ને શેઠ જીવતલાલ પ્રતાપશીના શ્રી સિદ્ધગિરીજીના છરી પાલતા સંઘમાં લીંબડી મુકામે પધાર્યા સં. ૧૯૮૫ સાવરકુંડલા, ૧૯૮૬ પાટણ, ૧૯૮૭ કપડવંજ, ૧૯૮૮ ખંભાત કરી સં. ૧૯૯૦ માં અમદાવાદ મુનિ સંમેલનમાં પધાર્યા ત્યાંથી પાલીતાણા પધારી શહેરમાં શ્રી ગોડીપાર્શ્વનાથના દેરાસરની પ્રતિષ્ઠા કરી ત્યાંથી બે વરસ મારવાડ વિચરી સં.૧૯૯૩માં શિહોરમાં શ્રી લક્ષ્મણવિજયજીને આચાર્ય પદ અર્પણ કર્યું. સં. ૧૯૯૪ ઈડર ચતુર્માસ કરી, ૧૯૯૫ થી ૧૯૯૯ પાલી. ફલોધી બીકાનેર, જોધપુર ચાતુર્માસ કરી ૨૦૦૦ માં ખંભાત પધાર્યા, ૨૦૦૧ માં મુંબઈ પધાર્યા. જે વખતે શ્રી શાંતિનાથજી જ્ઞાનભંડારમાંથી મલ્લવાદી ક્ષમાશ્રમણે લખેલા **દ્વાદશારનયચક્ર** પરની સિંહસૂરિગણિની ટીકાની પ્રત મલી આવી હતી. આ ગ્રંથનું સંપાદન કાર્ય શરૂ કર્યું ને ચૌદવર્ષ મહેનત કરી ચાર ભાગમાં પ્રકાશન કરાવ્યું છે. સં. ૨૦૦૪-૨૦૦૫, ને ૨૦૦૬ પુનામાં ચાતુર્માસ કર્યા તથા પુનામાં પ્રતિષ્ઠા કરાવી. ત્યાર બાદ પાછા ગૂજરાતમાં સં. ૨૦૦૭થી ૨૦૧૩ ઇડર, અમદાવાદ, ખંભાત, પાલીતાણા વીગેરે ચાતુર્માસ કરી ૨૦૧૪ માં અમદાવાદ મુકામે ચાતુર્માસ વધુ, ત્યાંથી મુંબાઈ સં. ૨૦૧૫ ને ૨૦૧૬ ચતુર્માસ કરી ૨૦૧૭ માં શ્રાવણ સુદ પંચમીની રાત્રિના ૭૮ વર્ષની ઊમરે ભૂલેશ્વર લાલબાગમાં સ્વર્ગવાસ પામ્યા જેમની સ્મશાનયાત્રામાં જૈન જૈનેતરો લાખ ઉપરાંત લોકો આવ્યા હતાં.

વીસમી સદીના આ મહાન્ ગૂર્જર કવિ, સાહિત્યરત્ન, કવિકુલ કિરિટ આચાર્ય દેવને વંદન હો. તેઓશ્રીના સ્તવનો તથા કાવ્યો આ સાથે પ્રકટ કરીએ છીએ. તેઓની સાહિત્ય રચનામાં
૮ સંસ્કૃત, ૩ સંસ્કૃત સંકલન, ૭ હિંદી, ૮ ગૂજરાતીમાં પૂજાઓ નૂતન સ્તવનાવલિ મળી કુલ્લે ૩૭ પુસ્તકો રચ્યાં છે.

# સાહિત્ય રચના

## સંસ્કૃત

૧ મેરુત્રયોદશી કથા

૨ વૈરાગ્યરસમંજરી

૩ તત્ત્વન્યાયવિભાકર–મૂલ

૪ ,, ન્યાયપ્રકાશ નામક વિસ્તૃત ટીકા

૫ ચૈત્યવન્દનચતુર્વિંશતિકા

૬ સ્તુતિચતુર્વિંશતિકા

૭ શુકરાજકથા

૮ દ્વાદશારનયચક્ર પરનાં ટિપ્પણો

૯ સંમતિતત્ત્વસોપાન
સન્મતિતર્ક અને તેની તત્ત્વબોધિની વૃત્તિનું સંક્ષિપ્તકરણું

૧૦ સૂત્રાર્થમુક્તાવલી

૧૧ દ્વાદશારનયચક્ર અને તેની વૃત્તિ, ભાગ ૧ થી ૪

## હિન્દી

૧૨ દયાનંદકુતર્કતિમિરતરણી

૧૩ મૂર્તિમંડન

૧૪ અવિદ્યાંધકારમાર્તંડ

૧૫ હી ઔર ભી

૧૬ વેદાંતવિચાર

## ગુજરાતી

૧૭ દેવદ્રવ્યાદિસિદ્ધિ
૧૮ વ્યાખ્યાન—લુધિયાના
૧૯ વ્યાખ્યાન—દેહલી
૨૦ ભગવતી સૂત્રનાં વ્યાખ્યાનો ગુજરાતી
ભાગ ૧–૨–(સં ૨૦૦૧–૨ માં મુંબઈમાં આપેલાં)
૨૧ પ્રગતિની દિશા

## પૂજાઓ

૨૨ પંચજ્ઞાનપૂજા
૨૩ તત્ત્વત્રયીપૂજા
૨૪ નવતત્ત્વપૂજા
૨૫ પંચમહાવ્રતપૂજા
૨૬ અષ્ટપ્રકારીપૂજા
૨૭ મહાવીર સ્નાત્રપૂજા
૨૮ દ્વાદશ ભાવનાપૂજા
૨૯ નવપદપૂજા
૩૦ એકવીશપ્રકારી પૂજા
૩૧ પંચપરમેષ્ઠી પૂજા
૩૨ શ્રી મહાવીરકલ્યાણકપૂજા
૩૩ શ્રી શાંતિનાથ કલ્યાણકપૂજા
૩૪ નવ્વાણું પ્રકારની પૂજા
૩૫ વિશસ્થાનકતપ પૂજા
૩૬ સત્તરભેદી પૂજા
૩૭ પાર્શ્વનાથપંચકલ્યાણક પૂજા

## સ્તવન—સજ્ઝાય-ગુરુસ્તુતિ વિગેરે

૩૮ નૂતન સ્તવનાવલી ખંડ ૧ થી ૫

(૧)

### ઋષભ જિન સ્તવન

( રાગ–અનન્તવીરજ અરિહન્ત )

ઋષભ જિનણંદ સુખકંદ, કાંત મુઝ મન વસ્યો,
મોહ અનાદિકુનાથ, હૃદયથી દૂર ખસ્યો;
સુખ ગંભીર પ્રભુ નામ, હૃદયમાં આપતું,
કર્મ કુટિલ દુઃખરૂપ, તરૂ મૂલ કાપતું. ઋષભ૦ ૧

વિષયારસની પ્રીત, અનાદિની ડંખતી,
સાદિ જિણંદની પ્રીત, પણ દીલ આનંદતી;
જુના નવાના વાદ, ન દિલમાં આવતા,
ગુ અવગુણ વિચાર શું મનમાં લાવતા. ઋષભ૦ ૨
મિથ્યાત્વ ઘનઘોર, અંધેર દૂરે ખસ્યું,
પ્રભુચરણોના રાગે, સમકિત દિલે વસ્યું;
લોકાલોકના ભાવ, શ્રદ્ધારૂપે ગ્રહ્યા,
અનંતા જિનનાથે, અનંતા જે કહ્યા. ઋષભ૦ ૩
ભવ ભ્રમણની ભીડ, તેથી હવે ભાગશે,
ઘટમાં કેવલ જ્યોત, ચારિત્રથી જાગશે;
એ ગુણને હું ચાહું, ઋષભ જિન ધ્યાનથી,
જાઉં છે તે સ્થાન, જ્યાં જન્મ મરણ નથી. ઋષભ૦ ૪
હું પાપી અતિ પાપ, કરી પ્રભુ છાકિયો,
કરી કૃપા સુધારે, હું દુઃખથી થાકિયો;
આ અવસર્પિણીમાંહી, કોડાકોડી સાગરૂ,
અઢાર અનંતર નાથ, પ્રગટ્યા છો દિવાયરૂ. ઋષભ૦ ૫
તુજ મુજ અન્તર ઉણ, કોટા કોટી એકથી,
પણ અવલંબી તુજ, ગ્રહીશ શિવ ટેકથી;
એ ખુબી પ્રભુ તારી, હૃદયથી ન વિસરે,
આત્મ-કમલ **લબ્ધિસૂરિ** એમ ઉચ્ચરે. ઋષભ૦ ૬

---

(૨)

## શ્રી શાંતિનાથ સ્તવન

(રાગ—માતા મરૂદેવીના નંદ)

માતા અચિરાદેવી નંદા અનુપમ શાંતિધારી;
મારું દિલડું ઠારોજી, કે મારાં દુઃખડાં વારોજી (આંચલી)

જ્ઞાન ગુણાકર સુખ રત્નાકર, દુઃખી દુઃખ હરનાર;
ગર્ભગતે પણ શાંતિ કીધી, વાર્યો રોગ વિકાર. માતા૦ ૧

શક્રાદિક સુરવર સવિ મલીને, મેરૂશિખર મોઝાર;
જન્મ મહોત્સવ જિનનો કરતાં, હૃદયે હર્ષ અપાર. માતા૦ ૨

ઈન્દ્રાણી કટીહાથ ધરીને, નાચે ઠમ ઠમ ઠામ;
પગે ઘુઘરા ઘમઘમ થમકે, ગાવે સ્વરોના ગ્રામ. માતા૦ ૩

એણિપરે રૂડો મહોત્સવ કરીને, જિન મૂકી જનની પાસે
નંદીશ્વર અષ્ટાન્હિક મહોત્સવ, કરી ગયા નિજ વાસ. માતા૦ ૪

અનુક્રમે પ્રભુ વૃદ્ધિ પામી કર્યું ષટ્ખંડે રાજ્ય;
ક્ષણ ભંગૂર તત્ક્ષણમાં ત્યાગી, લીધું સંયમ સામ્રાજ્ય. માતા૦ ૫

તપ કરીને પ્રભુ કેવલ પામ્યા, સ્થાપ્યું શાસન સાર;
ભવ્ય જીવોને ભવસાગરથી, પાર થવા આધાર. માતા૦ ૬

શાસન સ્થાપી અસત્ય કાપી, કરી ઘણો ઉપકાર;
આત્મ લબ્ધિ લેવા કાજે, ગયા મોક્ષ મોઝાર. માતા૦ ૭

---

(૩)

## શ્રી નેમનાથ સ્તવન

(રાગ–સોરઠ)

ભજી લે શ્રી નેમિ મનસું, આનંદ આનંદ જયું, ભજી૦ (આંચલી)
ઘડી ઘડી ભજીએ, પલપલ ભજીયે, હોય એકતા જ્યું;
નેમિ નેમિ રટન કરતાં, હોગા નેમિ તું. ભજી૦ ૧

જૂઠા તન હૈ જૂઠા ધન હૈ, શોચ મનમેં સું;
શરણ શ્રી જિનવરકા સાચા, કર્મ કાટનકું ભજી૦ ૨

કાલ ફાલ હૈ ભાલ એ જબરી, ધાર મનમેં તું;
અનંગ ભેદી ભાલા લગાવો, કાલ ભાગે જ્યું, ભજી૦ ૩
મોહજાલ નિહાલ તું ન્યારા, હો જલ્દી ઈન સું
તૂં હી ધ્યાતા ધ્યેય હોગા, લાગ જિનવર સું ભજી૦ ૪
ભોગ રોગ સંયોગ શોક હૈ, જિનવર ભાષિત યું
અખંડ નામ જિનવરકા જપતાં, અખંડ હોગા તું. ભજી૦ ૫
ઈંદ્રચાપ સમ દુનિયા આતમ, બિજલી ચમકત જ્યું;
કમલદલ ચંચલ જલબિન્દુ, અસ્થિર જીવન ત્યું. ભજી૦ ૬
અનુભવ રસકો અખૂટ ખજાનો. માન જિનવરસું;
આણમાલ મસ્તકપે ધરકે, શિવ લબ્ધિ વરતું ભજી૦ ૭

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ–વ્હાલા વેગે આવે રે)

પાર્શ્વ અજાર સ્વામી રે,શિવપદ ધામીરે, બહાલા શિવ દીજીએ હોજી
શિવપદ આપી કરો ભવપાર, તાર પ્રભુતાર સેવક નિજ તાર ૧

સાખી

કાશી દેશ વાણારસી, નગરી પાવન કીધ;
સ્વર્ગ થકી અહીં અવતરી, ભારત હિત શિખ દીધ.
વ્હાલા મારા કરમ કાષ્ટ કુઠાર, વ્હાલા મારા ભવિક હૃદયના હાર;
બ્હાલા મારા ભવોદધિ સેતુ પ્રકાર, બ્હાલા મારા અમન્દ આનંદ
ધાર. પાર્શ્વ૦ ૨

સાખી

સ્યાદ્વાદ વિદ્યા વડે, મિથ્યા વિષ ઉતાર;
મોહ ભુજંગ પરાજીઓ, ગારૂડી સુખકાર.
વ્હાલા મોરા મમ મોહ ભુજંગ નિવાર, વ્હાલા મારા દેવાધિદેવ શ્રીકાર;
વ્હાલા મોરા શેષ કર્મ કરો છાર, વ્હાલા મારા આતમ ઉજ્વલકાર પાર્શ્વ૦ ૩

સાખી

પાર્શ્વ લોહ સોનું કરે, તું કરે પાર્શ્વ સ્વરૂપ;
પુણ્ય ઉદયે પ્રભુ તું મલ્યો, તારક ભવ જલ કૂપ.
વ્હાલા મારા ભવભ્રમણા દુઃખ દૂર, વ્હાલા મારા જલ્દી કરો સુખપૂર;
વ્હાલા મારા બક્ષો આતમનૂર, વ્હાલા મારા કરો મજૂરને હજૂર પાર્શ્વ૦ ૪

સાખી

ભવજલ યાત્રિક દુઃખી હું, ભવદરિયે પડ્યું જહાજ;
નિર્યામક ભાગ્યે મલ્યો, આજ રુડો જિનરાજ.
વ્હાલા મારા રત્નત્રયી દાતાર, વ્હાલા મારા પહોંચાડો શિવપુરદ્વાર;
વ્હાલા મારા લાખો વરસના આધાર, વ્હાલા મારા ઋષિ તપસી સરદાર પાર્શ્વ૦ ૫

સાખી

કુંડલપુરથી આવિયો, દર્શન કરવાકાજ;
પાર્શ્વ અજારો ભેટિયો, થયોહર્ષ અતિ આજ
વ્હાલા મારા કદીય ન દેશો છેહ વ્હાલા મારા બિરાજો મુજ મન ગેહ;
વ્હાલા મારા આતમ-કમલ લહે રેહ, વ્હાલા મારા લબ્ધિ પાવન દેહ. પાશ્વર્૦ ૬

(૫)

## શ્રી વીરજિન સ્તવન

( રાગ—અબ મોહે ઐસી આય બની )

વીરજિન તેરા મૈં હું ઋણી; શાસન નાયક તું જગતિલો,
તું અદ્ભુત હૈ ગુણી વીર૦

તેરે નામે દુઃખ સવિ વિઘટે, આતમ ઋદ્ધિ ઘણી;
શિવ સંપદકા તુંહી દાતા, તું હૈ ચિંતામણી વીર૦ ૧

સમયવાદી સમયકો લોપે, કોપે દીક્ષા ભણી;
તેરા આગમ સાફ કહત હૈ, વો રહે ધર્મ હણી. વીર૦ ૨

મુજ મનમાં પ્રભુ ખેદ બહુત હૈ, ભારે મરે ધરણી;
હા ! હા ! કાલ દુષમ અતિ બૂરા, બૂરી કરે કરણી. વીર૦ ૩

શાસન અચલ.સ્થિતિ કહી તુમને, એકવીશ સહસ તણી;
શાસ્ત્ર સંયમ કે હૈ રાગી, ઈસસે સૂરિ ગણી. વીર૦ ૪

પારકર પ્રભુ શાશ્વત આનન્દ–દાયી બોધિતણી;
મહેર રહે મુજ પર હૈ ઐસી, હો નહીં ન્યૂન કણી. વીર૦ ૫

આત્મ–કમલમાં વીર વિભુ ધ્યાતાં, ઉજ્જવલ આત્મ મણિ;
**લબ્ધિસૂરિ** સુખ હોય અનન્તા, મિલે શિવરમણી. વીર૦ ૬

---

(૬)

## ગજસુકુમાલની સજ્ઝાય

( રાગ–ઝંડા ઉંચા રહે હમારા )

ગજસુકુમાલ મહા અણગારા, વંદન હોજો ક્રોડ હમારા,
વસુદેવ નંદન જગખ્યાતા. પ્રસિદ્ધ જેની દેવકી માતા.
ભ્રાતા કૃષ્ણ છે જેના પ્યારા, વંદન હોજો ક્રોડ હમારા. ગજ૦ ૧

નેમનાથ વચનામૃત પીધાં, સંયમ સ્થાનો લક્ષમાં લીધાં;
થયા બાલવયમાં વ્રત ધારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૨

અંગ ઉપાંગની શિક્ષા ધારી જ્ઞાન એકદાશ અંગ મનોહારી;
સંજમ અસિ ધારા અનુકારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૩

વિચરે છે પ્રભુના સહવાસે, સંજમ પાલનમાં ઉલ્લાસે;
દ્વારામતીમાં પુનઃ પધારા, વંદન હોજો કોડ હમારાં. ગજ૦ ૪

અનુમતી લીધી જિનવરકેરી, કરવા ધ્યાન એ મુક્તિશેરી,
જઈ સ્મશાને કાઉસ્સગ ધારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૫

સોમીલ સસરો આવી દેખે, કર્યો છોકરી જન્મ અલેખે;
મારી કરી દઉં અહીં જ ઠારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૬

માથે માટીની પાલ બનાવી, ખેર અંગારની જ્વાલ જલાવી;
સમરસ વૃદ્ધિ કરી અપારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૭

સસરો અમારો કેવો સારો, અનુપમ પાઘ બંધાવે પ્યારો;
શિવરમણી ભેટાવન હારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૮

એવી ભાવના મનમાં આવે, રોષ જરી નહીં દિલમાં લાવે;
અનિત્ય ભાવને દિલ ધરનારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૯

ચામડી ચટચટ તુટે જ્યારે, હાડો ફટ ફટ ફુટે ત્યારે;
નશો કરી રહી ત્યાં છટકારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૧૦

ક્ષમા હસ્તિ ઉપશમ અંબાડી, સ્વારી કરી હરી કર્મ લબાડી;
કેવલ જ્યોત વરી જયકારા, વંદન હોજો કોડ હમારા. ગજ ૧૧

અંતકૃત્ કેવલી મુક્તિ પામી, થયા સિદ્ધવર અવિચલ ધામી,
આત્મ કમલ લબ્ધિ ઝલકારા, વંદન હોજો કોડ હમારા. ગજ૦ ૧૨

## આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ

દીક્ષા સં. ૧૯૪૭



આચાર્યપદ સં. ૧૯૮૦

જન્મ સં. ૧૯૩૫ પાલીતાણા        સ્વર્ગવાસ સં. ૨૦૦૧ ડભોઈ

(૨૮)

# શ્રી વિજયમોહનસૂરીશ્વરજી

( ચોવીસી રચના સં. ૧૯૬૩ )

સદ્ગત આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજીનો જન્મ સિદ્ધાચલ–પાલીતાણા શહેરમાં ગાંધી કુટુંબમાં શ્રેષ્ઠિવર્ય મૂળચંદભાઈના ધર્મપત્ની જડાવબેનની કુક્ષિથી વિ. સં. ૧૯૩૨ ના વૈશાખ સુદિ ૧૩ ના રોજ થયો હતો. તેઓશ્રીનું સંસારી નામ મોતીચંદભાઈ હતું. બેરિસ્ટર વીરચંદ રાઘવજી ગાંધી તેઓશ્રીના નજીકના સગા કાકાના પુત્ર–ભાઈ હતા.

બાલ્યાવસ્થામાં વ્યાવહારિક શિક્ષણ સારી રીતે લેવા સાથે તપાગચ્છાધિપતિ મૂળચંદજી ગણિના સમર્થ શિષ્ય પંડિત દાનવિજયજી તથા શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ આદિ પવિત્ર મુનિવરોના સહવાસમાં રહી ધાર્મિક અભ્યાસ પણ ઘણી સારી રીતે સંપાદિત કરેલ. પરિણામે પવિત્ર ભૂમિ પાલીતાણામાં બુદ્ધિસિંહજી જૈન પાઠશાળાના પ્રધાન ધાર્મિક શિક્ષક અને સંસ્કૃત શિક્ષક તરીકે તેમની વરણી થયેલ. ધાર્મિક અભ્યાસ માટે તેમની પાસે અનેક સાધુ–સાધ્વીઓ આવતા. એ દરમિયાન ગચ્છાધિપતિ મૂલચંદજી મહારાજના હસ્તથી દીક્ષિત થયેલ પ્રવર્તિની સાધ્વીજી ગુલાબશ્રીજીના સંસર્ગથી પૂજ્ય આચાર્ય ત્યાગ–વૈરાગ્યના રંગે રંગાયા.

તેઓશ્રીની દીક્ષા વિ. સં. ૧૯૫૭ માં મહેસાણા મુકામે થયેલ. તેમના ગુરુવર્ય મૂલચંદજી મહારાજના પટ્ટધર શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ હતા. એમની આચાર્ય પદવી સ. ૧૯૮૦ માં થઇ હતી. તેઓશ્રીનો ચારિત્રપર્યાય લગભગ ૪૪ વર્ષનો હતો. તેમાં વિ. સં. ૧૯૬૩ થી ૧૯૮૫ સુધીનો સમય ધાર્મિક પ્રગતિની દૃષ્ટિએ યૌવનકાળ

હતો. શાસનની અનુપમ પ્રભાવના એ તેમના જીવનનું લક્ષ્યબિંદુ હતું. તેઓશ્રીની અધ્યક્ષતામાં અનેક અંજનશલાકા પ્રતિષ્ઠા-ઉપધાન-દીક્ષા-પદવીઓ વગેરે શુભ કાર્યો થયેલા. સીદાતા સ્વામી બંધુને ગુપ્ત મદદ માટે ઉપદેશથી દર સાલ કમતી પણ રૂા. દશ દશ હજાર ફાળે જતા. તેઓશ્રીની વ્યાખ્યાન શૈલી અજોડ હતી. ધીર-ગંભીર સ્વરે પ્રવચનો આપતાં અને તેમાં શાસ્ત્ર સિદ્ધાન્તોની વફાદારી અને શુદ્ધપ્રરૂપણાથી અનેક શ્રોતાજનો પ્રભાવિત બનતા.

સમ્યગ્જ્ઞાન અને સાહિત્યના સંરક્ષણ તેમજ પ્રચાર માટે તેઓશ્રીના અંતઃકરણમાં અથાગ પ્રેમ હતો. દીક્ષિત થયા બાદ બેત્રણ વર્ષ પછી વર્ષો પર્યંત કાયમ બબ્બે ત્રણ ત્રણ લહિયાઓ પોતાની સાથે રાખી પ્રાચીન હસ્તપ્રતિઓ ઉપરથી નૂતન પ્રતિઓ લખાવતા. તેમના સદુપદેશથી સ્થાપિત થયેલા પાલીતાણા-જૈનસાહિત્ય મંદિર અને વડોદરાના જ્ઞાન મંદિરમાં આજે પણ હજારોની સંખ્યામાં હસ્તપ્રતિઓ મળી આવે છે. એ સાહિત્ય મંદિરો આજે પણ આચાર્યશ્રીના જ્ઞાનપ્રેમને વ્યક્ત કરતાં કીર્તિસ્તંભ સમા ઉભા છે. મુદ્રિત સાહિત્ય પ્રચાર માટે આચાર્યશ્રીના દિલમાં સુંદર ધગશ હતી. પોતાના શિષ્ય-પ્રશિષ્યોને સ્વયં શાસ્ત્રાભ્યાસ કરાવતા. અનેક નામાંકિત આચાર્યો સાથે તેઓશ્રીનો સંબંધ હતો. સહુને તેમના ગુણો પ્રત્યે આદર હતો.

તેઓશ્રી કહેતા કે સંઘ એ સાચા મોતીની માળા છે. સંઘના પ્રત્યેક ભાઈઓ સાચા મોતીના દાણા છે. જો સંપરૂપી દોરો વિદ્યમાન હોય તો બધાય ભાઈઓ વ્યવસ્થિતપણે શોભા પ્રાપ્ત કરે અને એ સંપનો દોરો જો તૂટી જાય તો છુટા મોતીના દાણાઓની જેમ સંઘના બંધુઓ અવ્યવસ્થિત થઈ જાય. સંઘ એ તો ગુણરત્નોનો સમુદ્ર છે. સમુદ્રમાં મોતી પણ પાકે, અને છીપલા જેવી સામાન્ય વસ્તુઓ પણ પેદા થાય. પણ સમુદ્ર એ સારી ખોટી બધી વસ્તુઓને ગંભીરતાથી પોતાનામાં અપનાવી લે છે. એમ સંઘે પણ કોઈ વખતે કોઈ અલ્પબુદ્ધિવાળા આત્માઓ હોય તેને પણ ગંભીરતાદિ ગુણો વડે અપનાવી લેવા જોઈએ.

સં. ૨૦૦૦માં એમનું અંતિમ ચાતુર્માસ ડભોઈમાં થયું. ત્યાં સં. ૨૦૦૧માં પૌષ શુદ ૯ સમાધિપૂર્વક તેમનો સ્વર્ગવાસ થયો. અગ્નિ સંસ્કારની જગ્યાએ આજે સુંદર ગુરુસ્તૂપ બાંધવામાં આવ્યો છે.

## ગ્રંથરચના

| | |
|---|---|
| જીન ચોવિસી વગેરે સ્તવનો રચના. | સંવત ૧૯૬૩ |
| સૂક્ષ્મ વિચાર સારોદ્ધાર સંશોધન. | ,, ૧૯૬૭ |
| શ્રી કર્મ પ્રકૃતિ મહો૦ શ્રી યશોવિજયજી ગણીની ટીકાનું સંશોધન. | ,, ૧૯૭૧ |
| શ્રી માર્ગ પરિશુદ્ધિનું સંશોધન અને સંપાદન. | ,, ૧૯૭૭ |
| પ્રશ્નોત્તર મોહનમાળા. | ,, ૧૯૮૦ |

---

૧

## શ્રી ઋષભ જિનસ્તવન

રાગ–વિહરમાન જિનરાજ ( ગુણસ્તુતિ ગર્ભિત વિનંતિ )

સિદ્ધગિરિ મંડણ ઈશ સુણો મુજ વિનતિ,
મારૂદેવાના નંદ છો શિવરમણિપતિ;
પૂરક ઈષ્ટ અભીષ્ટ ચૂરક કર્માવલી,
ભવ ભયભંજન રંજન તુજ મુદ્રા ભલી. ૧

અનંત ગુણના આધાર અનંત લક્ષ્મી વર્યા,
ક્ષાયિક ભાવે દર્શન જ્ઞાન ચારિત્ર ધર્યા;
અજર અમર નિરૂપાધ સ્થાન પહોતા જિહાં,
ચ્યાર ગતિમાંહી ભમતો મૂકયો મુજને ઈહાં. ૨

ક્રોધ લોભ મોહ મત્સરવશ હું ધમધમ્યો,
પણ નિજ ભાવમાં એક ઘડી પ્રભુ નવિ રમ્યો;
સારકરો ઇણ અવસર પ્રભુજી ઉચિત સહી,
મોહ ગયે જો તારોતો તેહમાં અધિક નહીં. ૩

પણ તુજ દર્શન પામી અનુભવ ઉલસ્યો,
મિથ્યા તામસ સૂર્ય સરિખો તુંહી મિલ્યો;
ઉદય હુઓ પ્રભુ આજ ભાગ્ય મુજ જાગીયાં,
તુજ મુખ ચંદ્ર ચકોર નયણ મુજ લાગીયાં. ૪

તેહીજ જિહ્વા ધન્ય જેણે તુજ ગુણ સ્તવ્યા,
ધનધન તેહીજ નયણ જેણે પ્રભુ નિરખીયા;
મૂર્ત્તિ મનહર પદ્મ મન અલિ મોહીયો,
જાણું ભવ મહાસાયર ચૂલુકપણું લહ્યો. ૫

ભવ અટવી સથ્થવાહ કર્મ કરિ કેસરી,
જન્મ જરા મૃત્યુ રોગચ્છેદ ધનવંતરી;
જ્ઞાનરયણરયણાયર ગુણમણિ ભૂધરા,
રાગદ્વેષ કષાય જીતી થયા જિનવરા. ૬

તારક મોહ નિવારક કષ્ટ મુજ કાપજો,
ભવોદધિ પાર ઉતારી મુકિતપદ આપજો;
કમલવિજયજી પંન્યાસ ચરણ તસ કિંકરૂ,
કહે મોહન તુજ ધ્યાન ભવોભવ હું ધરૂં. ૭

---

(૨)

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

(રાગ—સાંભળજો તુમે અદ્ભુત વાતો)

શાંતિજિનંદ પ્રભુ ત્રિભુવન સ્વામી, શિવગામી યશનામીજી;
જેહને પરમ પ્રભુતા પામી, સિદ્ધિ વધૂ સુખકામીજી. શાંતિ૦ ૧
ચોસઠ ઈંદ્ર રહ્યા કરજોડી, પાય નમે માન મોડીજી;
અમરી ભમરી પરે મુખકમલે, રાસ લીયે હાથ જોડીજી. શાં૦ ૨

ભાવથી તાલ વીણા પ્રભુ પાસે, ધપમપ મૃદંગ બજાવેજી;
તનતન થેઇથેઇ નાટિક કરી નિજ, લળીલળી શિશ નમાવેજી. શાં૦ ૩

સમતા સુંદરીના પ્રભુ ભોગી, ત્રણ્ય રતન મુજ આપોજી;
દીનદયાલ કૃપાકર તારક, જન્મ જરા દુઃખ કાપોજી. શાં૦ ૪

નિર્મોહી પણ જગજન મોહી, દેશના ભવી પડિ બોહીજી;
અકલ અગમ્ય અચિંત્ય તુજ મહિમા, યોગીશ્વર નવિ જોઈજી. શાં૦ ૫

શાંતિજિનેશ્વર શાંતિ અનૂપમ, **મોહન** કહે મુજ આપોજી;
અચિરાનંદન બાંહે ગ્રહી મુને, સેવક રૂપે સ્થાપોજી. શાં૦ ૬

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

કર્મમલ દૂર કરતી પ્રભુની પૂજના

(રાગ—મુનિ મુનિસુવ્રતજિન વંદતાં)

નેમિ જિનેશ્વર પૂજના કર્મમલ ક્ષયની કરનાર રે,
ભવદાવાનલ જલ જેવા પ્રભુ મોહધૂલી હરનાર—પ્રભુ મોહ.
જગત્ ગુરૂ જાગતો સુખકંદરે સુખકંદ અમંદ આનંદ જગત્
ગુરૂ જાગતો સુખ કંદરે ૧

માયા ભૂમિ વિદારણે, હલ ધીરજ સુરગિરિધાર રે;
દોષ નિવારણ ગુણધરૂ, જય જય પ્રભ તું મનોહાર રે જય જય ૨

સંપદ કરણ વિપત્તિનો, હરનારો એકજ વીર રે
(અલખ) અજર અગોચર હિતકરૂ, નિરંજન સુખ ભંડાર રે નિ૦ ૩

મુનિવર ગણધર સુરનરા, નમે નિત્ય નમન સુખકાર રે;
નાયક ભવિ શિવ દાયકો, પદ અવિચલ દાને અમીર રે. પદઅ૦ ૪

ચરણકમલ કરૂં પૂજના, કરી પૂજના લહું ભવપાર રે;
મોહન શિવાદેવી લાડલા, પરતાપી જગત્ હિતકાર રે; પરતાપી૦ ૫

---

(૪)

## પાર્શ્વનાથજિન સ્તવન

### પ્રભુ ધ્યાન કરો

(રાગ–રે ઉર જાગો આતમ જ્ઞાની)

પ્રભુપાસ ધ્યાવો ગુણખાણી, જેહથી વરીએ શિવપદરાણી રે પ્રભુ૦ ૧

ઘોર અપાર ભવોદધિરુલીયો, પર પરિણુતિને પામી;
ચાર ચોર મુજ કેડે ચડીયા, જાણ્યો ન તુહિ શિવગામી રે. પ્રભુ૦ ૨

અજ અવિનાશી અકલ સ્વરૂપી, નિજગુણ આતમરામી;
અઘહર અઘમોચન તુજ મુદ્રા, પામી થયો ગુણકામી રે. પ્ર૦ ૩

નિરંજન મૂરતિ તુજ દેખી, અનુભવ લહરી જાગી;
અબ મુજ ભવની ભાવઠ ભાંગી, કર્યો તુજ ગુણનો રાગીરે પ્ર૦ ૪

દાયક ગુણ મણિનો પ્રભુ ક્ષાયિક, સમકિત સેવક આપી;
કર્મ પંજર મુજ દૂર કરો હવે, જન્મ જરા દુઃખ કાપી રે. પ્ર૦ ૪

મોહન કહે પ્રભુ પાય નમી હવે, મોહની કર્મ જે ભારી;
કાપી આપી નિજ પદ સ્વામી, અક્ષયપદ દાતારી રે. પ્ર૦ ૫

---

(૫)

## શ્રી મહાવીર જિન સ્તવન

### સંસારથી તારવા માટે અંતિમ પ્રાર્થના

(રાગ–સંવત એક અઠ્ઠલંતરે રે.)

વીર પ્રભુ તુજ માર્ગથીરે. તાર ભવિજનતાર (તાર હું ગરીબને તાર)
મારગ કેય છે વીરનો રે, મોક્ષ નગર દાતાર હો જિનજી
તુહિ સદા જનહિતકરુ રે, ધ્યાન ધરૂં નિત સુખકરું રે;
મનવચકાય વિશુદ્ધ ૧

રાત દિવસ પરમાદમાં રે, રહેવું કહ્યું નથી સાર;
ખબર નહી કાલ-પાશની રે, તેણે કહું તાર્ય તાર્ય હો૦ ૨
જડ ચેતનના જ્ઞાનથી રે, મિથ્યા ભ્રમ કરો દૂર;
અદ્વૈતવાદથી કદી નહી રે, થાયે કરમ ચકચૂર; હો૦ ૩
વ્યવહાર નિશ્ચય સાધકેરે, ગૌણ મુખ કારજ સિદ્ધ,
એકાંતવાદના ધર્મને રે, કર્યં દૂર અગ્નિ સમિધ હો૦ ૪
ચેતન ધ્યાતા નિશ્ચયે રે, ધ્યેય ને ધ્યાન કહેવાય;
વ્યવહાર જે સાધક ભલોરે, નિશ્ચયનો ગ્રહાય. હો૦ ૫
વર્ધમાન ચોવીશમોરે, શરણગ્રહી બનશું અમે મહાવીર;
કર્મશત્રુદલ તોડીને રે, બનશું અમે મહાવીર. હો૦ ૬
શુદ્ધ દેવ કમસરોરુહો રે, સેવું મોહન મહાવીર;
પરતાપ એ વીતરાગનો રે; જય જય શ્રી મહાવીર. હો૦ ૭

---

૨૯

# શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી

ચોવીસી રચના સં. ૧૯૭૩

પૂ. આચાર્યશ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજનો જન્મ વિ. સં. ૧૯૪૭માં વેરાવલ પાસે આદરિગામમાં શ્રેષ્ઠિવર્ય ઓધવજીભાઈના ધર્મપત્ની દુધીબાઈની કુક્ષિએ થયો હતો. બાલ્યવયમાં વ્યાવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ મેળવ્યા બાદ ૧૬ વર્ષ ઊગતી વયે ૧૯૬૩માં તા. મહેસાણા લીંચ મુકામે તેઓશ્રીની દીક્ષા થયેલ. સં. ૧૯૭૯માં સુરતમાં ગણિપંન્યાસપદ અને સં. ૧૯૯૨માં અક્ષયતૃતીયાના દિવસે પ્રભાસપાટણ તીર્થમાં તેઓશ્રીને આચાર્યપદથી વિભૂષિત કરવામાં આવ્યા.

એમના અનેક ગુણો પૈકી મુખ્ય ગુણ પોતાના પૂ. ગુરુદેવની હયાતી સુધી કરેલ અખંડ ગુરુભક્તિ છે અને એ ખૂબ જ પ્રશંસનીય તેમજ અનુકરણીય છે. શ્રી નન્દિસૂત્ર ઉત્તરાધ્યયનસૂત્ર અને જ્ઞાનસારનો સ્વાધ્યાય એ એમનું નિરંતરનું જ્ઞાનામૃત ભોજન છે નાના મોટા સહુ કોઈના દિલમાં ઠસી જાય એવા શાસ્ત્રીય તેમજ વ્યવહારૂ અનુભવ જન્ય દૃષ્ટાન્તોથી ભરપૂર તેઓની ધર્મ દેશના શ્રોતા વર્ગને શાસ્ત્ર બોધ સાથે અનુભવ અમૃત અને વૈરાગ્યના પાન પાનારી બને છે. લઘુતા એ એમનું જીવન સૂત્ર છે.

એમના શિષ્યમંડળમાં એમના પટ્ટાલંકાર પૂ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ મુખ્ય છે. એઓ કર્મશાસ્ત્રના પ્રખર અને

આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ

આચાર્યપદ સં. ૧૯૯૨



ગણિ પદ સં. ૧૯૭૮

જન્મ સં. ૧૯૪૭ દીક્ષા સં. ૧૯૬૩

અજોડ વ્યાખ્યાતા છે. એમની વક્તૃત્વ શૈલી અનોખી છે વ્યાખ્યાનમાં દ્રવ્યાનુયોગના ગહન તત્ત્વોની સરલતાથી રજુઆત કરવાની એમની કળા અસાધારણ અને વિરલ છે. એમના હૃદયસ્પર્શી સદુપદેશથી અનેકાનેક સ્થળોએ શાસન પ્રભાવના અને સંઘ હિતનાં વ્યાપક કાર્યો ઉપરાંત મહોત્સવો–પ્રતિષ્ઠાઓ–ઉજમણાં થયેલ છે દાનધર્મના ઉપદેશની એમની અદ્‌ભુત શૈલી અને પ્રતિભાશાળી વક્તૃત્વને લઇને અનેક ક્ષેત્રોમાં લાખો રૂપિઆના ફંડો થયાં છે. એઓ એક સારા લેખક પણ છે. એમના લેખો અને ગ્રન્થો રસભરી રીતે વંચાય છે.

**પ્રતિષ્ઠા :** તેઓશ્રીના શુભ હસ્તે ઘણા શહેરોમાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ કરવામા આવી છે.

૨૦૦૧–૨૦૦૩ શ્રી ડભોઇ શ્રી યશોવાટિકામાં શ્રી મહાવીર સ્વામી, શ્રી ગૌતમ સ્વામી, શ્રી સુધર્મા સ્વામી તથા શ્રી વિજયમોહનસૂરિની પાદુકાઓ.

૨૦૦૪ વડોદરામાં કોઠીપોળમાં શ્રી શાંતિનાથજીના દેરાસરમાં અંજન શલાકા તથા પ્રતિષ્ઠા

૨૦૦૫ શ્રી મુંબાઈ થાણાબંદર શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા.

૨૦૦૬ શ્રી કાંદીવલી મુંબાઈમાં શ્રી સંભવનાથજી દેરાસરની.

૨૦૦૬માં વલસાડ દેરાસરજીની ફરીને પ્રતિષ્ઠા

૨૦૦૭ દાદર મુંબાઇમાં શ્રી શાંતિનાથજીના દેરાસરમાં છુટક પ્રતિષ્ઠા.

૨૦૦૯ ધાંગધ્રામાં મોટા દેરાસર નિશ્રાયે અંજન શલાકા તથા પ્રતિષ્ઠા.

તેઓશ્રીનું આ સાલ એટલે વિ. સં. ૨૦૧૮નું ચાતુર્માસ શ્રી ગોડીજી ઉપાશ્રય મુબાઇમાં થયું છે. આજે તેઓશ્રીનો ચારિત્ર પર્યાય ૫૫ વર્ષનો છે આ સાથે તેઓના પાંચ સ્તવનો પ્રસિદ્ધ કરીએ છીએ.

તેઓશ્રીએ ઉપધાન તપની આરાધના મુંબાઈ ભાયખાલા, બીલીમોરા તથા પાલીતાણા વગેરેમાં કરાવી છે.

૨૦૧૦ શ્રી તલાજા ગિરિરાજ ઊપર ચોમુખીજીની પ્રતિષ્ઠા તથા તેની નજીકના ભદ્રાવલમાં દેરાસરની પ્રતિષ્ઠા.

૨૦૧૧ શ્રી મીવાંકરજણુ દેરાસરની પ્રતિષ્ઠા

૨૦૧૩ ગોરેગાંવ મુંબાઈ પાર્શ્વનાથજી દેરાસરની પ્રતિષ્ઠા.

૨૦૧૮ શ્રી વાલકેશ્વર મુંબાઈ શ્રી અમીચંદબાબુના દેરાસરમાં ઊપરના દેરાસરમાં અંજન શલાકા તથા પ્રતિષ્ઠા

## ગ્રંથ રચના

| | સંવત |
|---|---|
| અનિત્યાદિ ભાવના સ્વરૂપ પૃષ્ઠ ૨+૬+૭૨ | ૧૯૭૧ |
| શ્રી દેવગુરુ વંદનાદિ વિધિ સંગ્રહ | ૧૯૭૪ |
| સુબોધ પાઠ સંગ્રહ | ૧૯૭૪ |
| પૌષધ વિધિ પૃષ્ઠ ૧૦+૧૦૮ | ૧૯૭૫ |
| જિનેંદ્ર ચોવીશી સ્તવન, સઝાય તથા ગહુંલી સંગ્રહ | ૧૯૭૫ |
| તપ વિધિ સંગ્રહ | ૧૯૭૫ |
| મહો. શ્રી યશોવિજયજીગણી ચરિત્ર નિબંધ સંસ્કૃત પત્રાકારે | ૧૯૭૬ |
| સુરપ્રિય મુનિચરિત્ર ગુજરાતી ભાષાંતર | ૧૯૭૬ |
| શ્રી હરિભદ્રસૂરિ જીવન નિબંધ સંસ્કૃત પત્રાકાર | ૧૯૮૧ |
| હ્રીંકાર કલ્પ અર્થ નિબંધ | ૨૦૧૪ |

આ સિવાય સોલ ગ્રંથોનું સંશોધન સંપાદન કર્યું છે.

(૧)

## શ્રી આદિજિન સ્તવન

### જિન આજ્ઞા વિષયક

(રાગ અબ તો પારભયે હમ સાધો)

જિન આણા વહીએ ભવી પ્રાણી, જિમ સંસાર કદી ન પડો રે જિન૦
આણા વિણ કરણી શત કરીયે, પામે નહીં ભવ પાર જરી રે;
જીવદયા સુત સંજમ તપ કરે, સુખ ઊર્ધ્વ આકાશ ધરી રે. જિ૦ ૧

શીતલ જલ પાવક સેવે દુઃખ, સાધે યોગ અભ્યાસ સુધો રે;
દેવપૂજા તપજપ વ્રત કિરિયા, આણા લુંપક નાત્મ બુધોરે. જિ૦ ૨

જિન આણા શુદ્ધ ઉભય સ્વરૂપી, ઉત્સર્ગ અપવાદ ભરી રે;
વ્યવહાર શોભે નિશ્ચય નય થકી, કિરિયા જ્ઞાન સુવાદ વરી રે જિ૦ ૩

સુંદર વાણી ગુણમણી આણી, જગવત્સલ સવિ દોષ હરી રે;
ઉત્તમપદ ઉત્તમ સુખકારી, જુઓ ગ્રંથ વિચાર ધરી રે. જિ૦ ૪

ધન્ય કહીયે નરનારી સદા તે, આસન્ન સિદ્ધિક જાણ મુદા રે;
જ્ઞાતા શ્રોતા અનુભવ સંવરી, માને જે તુજ આણ સદા રે જિ૦ ૫

આદિ જિન અરજ એક માહરી, તુજ આણા મુજ શિર રહે રે;
વિજય મોહન સૂરિ પ્રતાપે, શિવ સુખડાં જિમ શીઘ્ર લહે રે જિ૦ ૬

---

(૨)

## શ્રી શાંતિજન સ્તવન

(રાગ-પ્રભાત)

શાંતિ જિનરાજ તુજ શશિમુખ દેખતાં, દુઃખ સવી ભવ્યનાં દૂર જાવે;
શાંતિ હોવે સદા જરા ન આવે કદા, જો તુજ ઉપરે ભક્તિ આવે. શાંતિ૦ ૧

હે પ્રભુ હું સદા વિષય રસમાં ડૂબ્યો, વલી ડસ્યો ક્રોધ ને લોભ માને;
માયા પણ છોડતી નથી, કદી મુજને, કહો પ્રભુ તે ક્યમ દૂર જાવે? શાંતિ૦ ૨

તુજ ગુણ ગાઈશું વિષય દુઃખ ટાલીશું, ટાલીશું દુષ્ટ અજ્ઞાન શત્રુ;
અધિક બલ તાહરું લેઈ ને પાલીશું વ્રત સદા મુક્તિ પણ મેલવીશું. શાં૦ ૩

રાગને દ્વેષ પાખંડ વલી વેષને, કદી ન રાખું પ્રભુ સેવ માટે
તો પ્રભુ તું હજુ દૂર શાને રહે ? સાથ સેવકની રહેજે વાટે શાં. ૪

મુક્તિપદ કમલની સેવના પામવા, દેજો મોહનસૂરિ શાંતિ દેવા;
તુજ પ્રતાપે પ્રભુગુણ ગાતાં થકાં, મુક્તિરૂપ પામીશું અખંડ
મેવા શાં૦ ૫

---

( ૩ )

## શ્રી નેમિનાથ જિનસ્તવન

### પ્રભુનાં અનેક નામો રૂપ

(રાગ–બલીહારી રસીઆ ગિરધારી સુંદર શ્યામ હો)

અવિકારી અવિકારી–અવિકારી પ્રભુ નેમ તું અવિકારી;
પ્રભુ હું નિત યાચું તુજ પદ સેવના–જી
અવ્યય વિભુ પ્રભુ, અચિંત્ય અસંખ્ય શંભુ; ઈશ્વર અનંત
બ્રહ્મચારી પ્ર૦ ૧

અનંગકેતુ શિવ આદ્ય યોગીશ્વર દેવ, અનેક અનુરૂપ કર્મહારી. પ્ર. ૨

જ્ઞાન સ્વરુપ જિન, રાગાદિ રિપુછિન્ન; ધીરાદિ ગુણગણધારી પ્ર. ૩

અનેક નામે કરી; નમેં બુધ કરજોરી; મૂર્ત્તિ અમૃત રસ તારી. પ્ર. ૪

રાજુલ નારી તારી, પૂર્વ સંબંધધારી માગું હું સેવા જિનજી તારી ૫

મોહનસૂરિ પામી, દેવ તું નેમ નામી; નમે પ્રતાપ શીર નામી પ્ર. ૬

---

(૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

### કેવલજ્ઞાન પ્રાપ્તિ રૂપ

(રાગ બલિહારી રસીઆ ગિરધારી સુંદર શ્યામ હો)

શીર નામી પારસ પ્રભુ ધ્યાવું, દીનાનાથ હો નમું તુજને
કર્મદલ ફેટી તુમે તીર્થંકર થયાજી.
સૌધર્માદિ ઈન્દ્રો આવે, રૂડી પરે ભાવભાવે;
સમવસરણુ ત્યાં રચાવે. દી૦ ૧

છત્ર ચામર ઢાલે, વજ બાજુ ઉલાળે;
નૃત્ય કિન્નરી કરે ભારે. દી૦ ૨

સુરનર વાસુદેવા, કરે નિત પાર્શ્વ સેવા;
મલશે કયાં એવા દેવ દેવા. દી૦ ૩

યોજન ગામી વાણી, પ્રગટે કેવલ નાણી;
ભવ્યો સુણે ભાવ આણી. દી૦ ૪

દેવી વામાના જાયા, અશ્વસેન કુલ આયા;
પ્રગટ પ્રભાવી જિન રાયા. દી૦ ૫

અરજ છે એક મારી, બીજ બોધિ દીયો ભારી,
મોહન પ્રતાપ દીલધારી. દી૦ ૬

---

(૫)

## શ્રી મહાવીરજિન સ્તવન

### છેવટની યાચના


(રાગ—શું કહું કથની મારી રા.. જ)

વિનવું હું પ્રભુ તુજને વીર, વિનવું હું પ્રભુ તુજને.
દયાનિધિ દીન ઉદ્ધારક ધી....ર વિ૦

ભવનાટકમાં વેષો ધરીને, દેહ માનવનો પામી;
પુન્ય ઉદયથી ધર્મ જ તારો, પામી રહી નહી ખામી. વીર ૧
ક્રોધી ચંડકૌશિકને તાર્યો, કરુણા દષ્ટિ લાવી;
મુજ સરીખા તો રંકને તારો, તેવી કરુણા ભાવી. વીર૦ ૨
રાય સિદ્ધારથ નંદન વીરજી, ત્રિશલા દેવી જાયો;
દાનદાયક જગનામ તમારું, સુણી સેવક હું આયો. વીર૦ ૩
ગુણ અનંતે ભર્યા તમે છો, ચિદ્દઘનરૂપી સ્વામી;
ગુણ માગું તુમથી હું એક જ, થાઉં સિદ્ધિગતિ ગામી વીર૦ ૪
ચરણકમલની સેવા આપો, મોહાદિઅરિ દુઃખ કાપો;
મોહન પ્રતાપે સેવક સ્થાપો, તો થાય હર્ષ અમાપો. વીર૦ ૫

## આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ

દીક્ષા સં. ૧૯૪૭ લીંબડી



આચાર્ય પદ સં. ૧૯૭૪ સુરત

જન્મ સં. ૧૯૩૧, કપડવંજ ]

[ સ્વ. સં. ૨૦૦૬, સુરત

૩૦

# શ્રીમદ્ સાગરાણંદસૂરીશ્વરજી

વિસમી સદીના જૈનાચાર્યોમાં પ્રથમ પંક્તિના સાક્ષર શિરોમણી આગમોદ્ધારક, આગમસમ્રાટ બહુશ્રુત, પુરૂષાર્થી, એવા **સાગરજી** મહારાજ જેમણે આગમોની વાંચના આપી આગમો પ્રકાશન કરાવ્યાં એટલું જ નહીં પણ આરસની શિલામાં અને તામ્રપત્રો પર આગમો તેમ સચિત્ર કલ્પસૂત્રને તામ્રપત્રમાં કોતરાવી ચિરંજીવ બનાવ્યા એવા મહાન પુરૂષનો જન્મ મહાગૂજરાતના એક શહેર **કપડવંજમાં** ગાંધી કુટુંબના મગનભાઈ ભાઈચંદના સુપત્ની જમનાબાઈની કુક્ષિએ સંવત ૧૯૩૧ ના અષાડ વદ ૦)) ને દિવસે થયો, તેમનું શુભ નામ **હેમચંદ** હતું.

નાનપણથી જ સત્યાગ્રહી, નિડર, અને ધર્મના સંસ્કારોવાલા હતા સોલ વર્ષની ઊમરે સં. ૧૯૪૭ માં લીંમડી મુકામે પૂ. મુનિશ્રી **ઝવેરસાગરજી** મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી નામ મુનિશ્રી આનંદસાગરજી રાખવામાં આવ્યું. વ્યાકરણનો અભ્યાસ શરૂ કર્યો. એક જ વર્ષમાં ગુરૂમહારાજશ્રી ઝવેરસાગરજી ૧૯૪૮માં સ્વર્ગવાસ પામ્યા. પણ હીંમત ન હારતાં અભ્યાસ વધાર્યો. ઓછામાં ઓછા પાંચસો ૫૦૦ શ્લોકો રોજ વાંચવાનો નિયમ હતો ત્રણ વર્ષ દીક્ષા લીધાને થયાં ને તેઓશ્રીને પાલીના સંઘે વિનંતિ કરી ચાતુર્માસ માટે પાલીમાં નગર પ્રવેશ કરાવ્યો મંગલાચરણનું વ્યાખ્યાન સાંભળીને ગામના વૃદ્ધ શ્રાવકો અત્યંત રાજી થયાં. ને શ્રી ઠાણાંગસૂત્રની ચોમાસામાં દેશના આપી. ત્યાંથી ચોમાસા બાદ વિહાર કરી સં. ૧૯૫૧. સોજત ને ૧૯૫૨ પેટલાદમાં ચાતુર્માસ કર્યું. સંવત ૧૯૫૩માં છાણી પધાર્યા ને ત્યાં પંડિત

રાજા રામ શાસ્ત્રી પાસે અભ્યાસ કરવા માંડયો. તે વખતે તેમની સાથે તેમના વડીલ બંધુ પં. મણિવિજયજી, તથા શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પણ શાસ્ત્રીજી પાસે અભ્યાસ કરતા હતા. એ ત્રણે મહાપુરૂષોની ત્રિપુટી કહેવાતી. સંવત ૧૯૫૪ થી ૧૯૫૯ સાણંદ, અમદાવાદ, પાટણ, ભાવનગર વીગેરે શહેરોમાં ચાતુર્માસ કર્યાં. સંવત ૧૯૬૦માં અમદાવાદમાં તેઓશ્રીને પંન્યાસ પદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાંથી ૧૯૬૧ પેથાપુર. ૧૯૬૨ ભાવનગર ચાતુર્માસ કરી સંવત ૧૯૬૩માં સુરત પધાર્યા.

* તે સમયે તેઓશ્રીને સુરતમાં કોઈ પણ ઓળખતું નહોતું માત્ર બે ચેલા સાથે શહેરમાં **ગોપીપુરામાં** શેઠ **નેમુભાઈની** વાડીનાં ઉપાશ્રયે રહેવું. પોતાની અપૂર્વ જ્ઞાન શક્તિથી તથા અસાધારણ વ્યાખ્યાન શૈલીથી લોકોનું આશ્ચર્યચકિત થવું. અને તેઓને માટે લોકોનો મનમાં એવો ભાવ થયો કે આ માહાત્મા ભવિષ્યમાં શાસનદીપક, શાસન નાયક, તથા ધર્મધુરંધર થશે. ધર્મના સિદ્ધાંતો ને નીતિના દ્રષ્ટાંતો સાથે શ્રોતાઓના મગજમાં ઉતારવાની સુંદર વ્યાખ્યાનશૈલી તેઓશ્રીની હતી. ત્યાર બાદ સંવત ૧૯૬૬ ને ૧૯૬૭માં ફરીથી સુરતમાં ચાતુર્માસ થયા. તે સમયે પ્રવર્તક શ્રી **કાંતિવિજય** શાંતમૂર્તિ શ્રી **હંસવિજયજી** શ્રીમદ **બુદ્ધિસાગરજી** તથા શ્રીમદ **વલ્લભવિજયજી** વિગેરે સાધુ સમુદાયનું સુરતમાં મીલન થયું હતું. તે સમયે સુરતના એક શ્રાવક શ્રી માણેકલાલ ઘેલાભાઈ એ સુરતના નામાંકિત જવેરી રા. બા. નગીનચંદ જવેરચંદ તથા બીજા પાંચ શ્રાવકો ઉપર બદનક્ષીની ફરિયાદી માંડી હતી ને સાગરજી મહારાજને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા. તે વખતના ન્યાયાધીશે જૈન સાધુઓના આવા અદ્ભૂત ચારિત્ર જીવનની પ્રશંસા કરી. અંતે પાંચે જણા નિર્દોષ છુટી ગયા. ત્યાંથી ફરી પાછા સંવત ૧૯૭૩માં

---

* આ લખાણ સંપાદકે આજથી ચાલીસ વર્ષ પહેલાં સાગરજી માટે લખેલું તે અક્ષરે અક્ષર અત્રે આપ્યું છે.

સુરતમાં ચાતુર્માસ કર્યું. ને શહેરમાં ચાલતી **શ્રી રત્નસાગરજી જૈન** વિદ્યાશાળા માટે ઉપદેશ આપી ચાલીસ હજાર રૂપીઆનું કાયમીફંડ થયું. ત્યારબાદ સંવત ૧૯૭૪માં તેમને આચાર્યપદવી લેવા માટે સુરતના શ્રી સંઘે વિનંતી કરી. અને મુળચંદજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રીમદ્ વિજયકમલસૂરિની ને સુરતમાં પધરામણી કરાવીને તેઓ શ્રીના હસ્તે આચાર્યપદ ભવ્ય મહોત્સવ પૂર્વક અર્પણ કરવામાં આવ્યુ. તે વખતે શ્રી સંઘનો અપૂર્વ ઉત્સાહ હતો. અઠ્ઠાઈ મહોત્સવ, મેરૂપર્વતની અનુપમ રચના અને આઠે દિવસ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. આસપાસના ગામોમાંથી તથા અમદાવાદ ભાવનગર, મુંબાઈ, કપડવંજ. વિગેરે ગામોમાંથી સેકડો ભક્ત વર્ગનું આવાગમન થયું હતું. લગભગ ૧૫૦ સાધુ સાધ્વીઓના સમુદાયની હાજરીમાં વૈસાખ સુદ ૧૦ ને દીવસે શ્રી ચતુર્વિધસંઘ સમક્ષ આચાર્યપદ આરોપણ કરવામાં આવ્યું. વિહાર કરી સં. ૧૯૭૪ મુંબાઈ શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં ચતુર્માસ કરી ૧૯૭૫માં ફરી સુરતમાં ચોમાસું કર્યું. તે સમયે **શ્રી જૈન આનંદપુસ્તકાલય**ની સ્થાપના કરવામાં આવી ને કાશીવાલા **શ્રીમદ્ વિજયધર્મસૂરિની** સાથે મેળાપ થયો. અને બન્ને આચાર્યનું શિષ્ય સમુદાય સાથે, પુસ્તકાલયના મકાન પાસે જાહેર વ્યાખાન રાખવામાં આવ્યું હતું. વિષય "જૈનોની પ્રાચીન અને અર્વાચિન સ્થિતિ" લોકોનો આનંદને આનંદનો જય."

આ સમય દરમ્યાન બેત્રણ હકીકતોની નોંધ લેવી જરૂરી છે. સં. ૧૯૬૪મા **શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડ** તેમના ઉપદેશથી સ્થાપવામાં આવ્યું. સં. ૧૯૬૫માં મુંબાઇથી સુરતવાલા ઝવેરી શેઠ અભેચંદ લીલા તરફથી **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથજીનો છરી** પાલતો સંઘ તેઓશ્રીની નીશ્રામાં કાઢવામાં આવ્યો હતો.

અને સંવત ૧૯૭૧માં **શ્રી આગમોદય સમિતિની** સ્થાપના **શ્રી ભોયણીજી તીર્થમાં** કરવામાં આવી, અને તે સમિતિ દ્વારા શ્રી

આગમોનું પ્રકાશન કરવાનો આરંભ થયો. સં. ૧૯૭૧માં પાટણમાં પહેલી આગમ વાંચના આપવામાં આવી. બીજી આગમ વાંચના કપડવંજમાં. ૧૯૭૨ ત્રીજી આગમ વાંચના **અમદાવાદ** ૧૯૭૨ ચોથી પાંચમી સુરતમાં સં. ૧૯૭૩ છઠ્ઠી વાંચના પાલીતાણા સં. ૧૯૭૬ સાતમી વાંચના રતલામ. સં. ૧૯૭૭માં આપી. આમ કુલ્લે સાત વાંચનામાં **૨૩૩૨૦૦** બેલાખ તેત્રીસ હજાર શ્લોકોની વાંચનાશ્રી શ્રમણસંઘને આ મહાત્માએ આપી હતી.

સંવત **૧૯૭૬**માં સુરતથી શ્રીમાન શેઠ જીવણચંદ નવલચંદ ઝવેરી એ શ્રી સિદ્ધક્ષેત્રનો છરી પાલતો સંઘ તેઓ શ્રીની નીશ્રામાં કાઢ્યો હતો. અને તે ચતુર્માસ પાલીતાણામાં થયું. જેમાં લગભગ બેલાખ રૂપીઆના ખર્ચ થયો હતો જે સંઘમાં લગભગ ૭૦૦ શ્રાવક શ્રાવિકા. સાધુ સાધ્વીઓ હતાં. સુરતથી મહાવદ ૮ મે સંઘ નીકળ્યો. ને ચૈતર વદ ૨ને દિવસે શ્રી સિદ્ધક્ષેત્રમાં પ્રવેશ થયો.

સંવત ૧૯૭૮માં રતલામમાં ચતુર્માસ કર્યું. ને તે વરસે રૂષભદેવજી કેશરીમલજીની પેઢીની સ્થાપના કરવામાં આવી. જે પેઢી તરફથી ઘણા પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ત્યાંથી વિહાર કરી **શ્રી ભોપાવાર** શ્રીતીર્થના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવા ઉપદેશ આપ્યો. ધાર પાસે **માંડવગઢ** તથા **ભોપાવાર** તીર્થ છે જ્યાં શ્રી શાંતિનાથ ભગવાનની બાર ફુટ ઊભી પ્રતિમા છે. તે તીર્થને પ્રકાશમાં લાવ્યા.

સંવત ૧૯૮૦–૧૯૮૧ શ્રી સમેતશીખરજીની યાત્રાર્થે પ્રયાણ કરી શ્રી અજીમગંજ ચતુર્માસ કર્યું. ને પાછા ફરતાં સં. ૧૯૮૨માં મારવાડ સાદડીમાં ચતુર્માસ કર્યું. ને ઉપધાન તપની આરાધના કરવામાં આવી. સં. ૧૯૮૩માં શ્રી કેશરીયાજી તીર્થની યાત્રા કરીને તે તીર્થમાં શ્રી ધ્વજાદંડ આરોપણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. **સં. ૧૯૮૪માં**

---

* આ છરી પાલનાં સંઘમાં યાત્રા કરવાનો લાભ સંપાદક મળ્યો જેનું આખું વર્ણન સ્વતંત્ર પુસ્તક તરીકે આપવાની ઇચ્છા છે.

શ્રી તારંગાજી તીર્થની યાત્રા કરીને ત્યાં બગીચામાં શ્રી અજીતનાથ ભગવાનના પગલાંની પ્રતિષ્ઠા કરવામાં આવી. અને અમદાવાદ પધાર્યા. અનેક દીક્ષાઓ આપી ચાતુર્માસ કર્યું ૧૯૮૪માં આસો મહિનાની ઓળી માકુભાઇ શેઠ તરફથી ધામધૂમથી થઇ.

સં. ૧૯૮૫માં જામનગરમાં ચતુર્માસ કર્યું. ને ત્યાં શ્રી વર્ધમાનતપ ખાતું સ્થાપવામાં આવ્યું અને શેઠ પોપટલાલ ધારશીભાઈ તરફથી શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગની સ્થાપના કરવામાં આવી હતી. તેમની નિશ્રામાં સંવત ૧૯૮૬માં સુરતમાં વૈશાખ માસમાં **શ્રી દેશ-વિરતિ આરાધક સમાજનું** સંમેલન ભરવામાં આવ્યું હતું. પ્રમુખ પદે અજીગગંજ નિવાસી બાબુ **શ્રી વિજયસિંહ દુધેડીઆ** બિરાજ્યા હતા. તે સંમેલનમાં ગામેગામના પ્રતિનિધિઓ સારી સંખ્યામાં આવ્યા હતા. પ્રેક્ષકો મલી પાંચ હજાર માણસોની હાજરી હતી.

સંવત ૧૯૮૭માં **અમદાવાદ** મુકામે તેમની પ્રેરણા અને ઊપદેશથી શ્રી જૈન સાહિત્ય પ્રદર્શન ભરવામાં આવ્યું હતું. તે વખતે જર્મન લેડી **ડો. ક્રાઊઝ** ત્યાં આવ્યા હતા ને મહારાજનો પરિચય થયો ને તેમને કહ્યું કે આ મહાપુરુષતો **જૈનોની જંગમ લાઇબ્રેરી છે.** ૧૯૮૮નું ચતુર્માસ મુંબાઈમાં થયું ને ઊપધાન તપની આરાધના કરાવવામાં આવી. અંધેરી ગામના દેરાસરની પ્રતિષ્ઠા તેમના હસ્તે કરવામાં આવી. ત્યાંથી વિહાર કરી સુરત સંવત ૧૯૮૯નું ચતુર્માસ કર્યું ને ચોમાસા બાદ અમદાવાદ પધાર્યા જ્યાં સંવત ૧૯૯૦માં **શ્રી જૈન શ્વેતાંબરસાધુસંમેલન** ભરાવવામાં તેઓ શ્રીનો મુખ્ય પ્રયાસ હતો. તે સંમેલનમાં ઘણા ઠરાવો કર્યા હતા. જેમાં તેઓ શ્રીએ આગમ ગ્રંથોની શાક્ષી આપી. શ્રી શ્રમણ સંઘમાં અગ્રભાગ લીધો હતો આ સંમેલનમાં મુખ્ય આચાર્યોમાં ૧ શ્રી વિજય નેમિસૂરિજી ૨ શ્રી સિદ્ધિસૂરિજી ૩ શ્રી સાગરજી મહારાજ ૪ શ્રી વિજય દાનસૂરિજી ૫ શ્રી વિજયવલ્લભસૂરિજી ૬ શ્રી વિજયનીતિસૂરિજીએ હાજરી આપી હતી.

સાધુઓની સંખ્યા ૪૦૦ લગભગ હતી ને ૩૪ દિવસ સંમેલનમાં ચર્ચાઓ ચાલી હતી.

ત્યારબાદ સંવત ૧૯૯૧ સિદ્ધક્ષેત્રની યાત્રાએ પધાર્યા ને ચાતુર્માસ કર્યું ચોમાસા બાદ એ ૧૯૯૨માં ઊ. શ્રી માણેકસાગરજી મહારાજ. ઊ. શ્રી કુમુદવિજયજી મહારાજ, પં. શ્રી ભક્તિવિજયજીમહારાજ સમીવાલા, તથા પં. શ્રી પદ્મવિજયજી ને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું ને ચતુર્માસ જામનગર થયું હતું ત્યાં સંવત ૧૯૯૩માં-મોટું ઊદ્યાપન કરવામાં આવ્યું હતું ને આયંબીલશાલા તથા ભોજનશાલાની સ્થાપના તેમના ઊપદેશથી કરવામાં આવી હતી.

સંવત ૧૯૯૪માં જામનગરથી દાનવીર શેઠ પોપટલાલ ધારશીભાઈ તથા તેમના ભત્રીજા શેઠ ચુનીલાલ લક્ષમીચંદ તરફથી મહારાજ શ્રીના ઊપદેશથી શ્રી સિદ્ધગિરિનો છરી પાલતો સંઘ કાઢવામાં આવ્યો હતો. ત્યાંથી વિહાર કરી સં. ૧૯૯૫માં અમદાવાદ ચતુર્માસ કર્યું. ત્યાં શેઠ મોહનલાલ છોટાલાલ તરફથી ભવ્ય ઊજમણું કરવામાં આવ્યું હતું.

સંવત ૧૯૯૬-૯૭-૯૮ ત્રણ વર્ષ પાલીતાણામાં ચતુર્માસ થયાં. સંવત. ૧૯૯૭માં **પં. શ્રી ક્ષમાસાગરજી** ને ઊપાધ્યાય પદવી તથા **મુનિચંદ્રસાગરજી** ને પંન્યાસ પદવી આપવામાં આવી હતી. સંવત ૧૯૯૯ માહાવદિ ૨ ને દિવસે શ્રી સિદ્ધગિરિરાજની તળેટીમાં **શ્રી આગમમંદિરમાં** હજારો બિંબોની **અંજનશલાકા** થઈ હતી અને માહા વદ ૫ ના ભવ્ય **પ્રતિષ્ઠા મહોત્સવ** કરવામાં આવ્યો હતો ગામેગામથી હજારો માણસો આ પ્રતિષ્ઠા સમયે ભેગા થયા હતા. ત્યાંથી વિહાર કરી કપડવંજ પધાર્યા. જયંત મેટળવાલા શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ તરફથી જયાં શ્રી નવપદની આરાધના કરવામાં આવી હતી ને **શ્રી દેશવિરતિધર્મારાધકસમાજનું** સંમેલન ભરવામાં આવ્યું હતું. ચોમાસું થયું ને મુનિ **શ્રી હેમસાગરજીને** ગણિપદ તથા પન્યાસ પદવી આપવામાં આવી. ત્યાંથી ગૂજરાતમા વિચરતાં ભરૂચ, વડોદરા, સુરત

પધાર્યા. ત્યાં ગામ યાત્રા કરવામાં આવી ને ત્યાંથી વિહાર કરી સં. ૨૦૦૦ માં મુંબઈ પધાર્યા સુંદર ને ભવ્ય સામૈયા સાથે તેઓશ્રીનો સ્વાગત કરવામાં આવ્યો ને તે ચતુર્માસ **શ્રી ગોડીજીના ઊપાશ્રયમાં** કરવામાં આવ્યું. તે વરસે શાસનના સુંદર કાર્યો થયા હતા ને શ્રી ગોડીજી મિત્ર મંડળની સ્થાપના કરવામાં આવી હતી. ચોમાસા બાદ તેઓ વિહાર કરી સુરત પધાર્યા ને તેમના જીવનના છેલ્લાં પાંચ વર્ષો સુરતમાં જ સ્થિરતા કરી. **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિર**ની સ્થાપના કરી. પ્રતિષ્ઠા સં. ૨૦૦૪ના માહા શુદ ૩ ને દિવસે કરવામાં આવી. સુરત-શહેરને માટે આ એક ચિરસ્મરણિય પ્રસંગ હતો.

સં. ૨૦૦૨થી તબીયત બગાડો શરૂ થયો હતો પણ સંવત ૨૦૦૫ માં તેમની તબીયત પોસ માસથી ખૂબ...બગડવા માંડી. છતાં આ માહાપુરુષે છેવટ સુધી સંશોધન ને શક્તિના અભાવે રચનાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. દિવસે દિવસે તબીયત વધું બગડતી ગઈ—ને ઘણા ઉપચારો કરવામાં આવ્યાં છતાં સંવત ૨૦૦૬ના વૈશાખ વદ ૫ ને શનિવારે આ મહાત્મા સ્વર્ગવાસ પામ્યા. ગોપીપુરામાં **જ્યાં તેમનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો—તે સ્થળે** ભવ્ય 'સમાધિ મંદિર બાંધવામાં આવ્યું છે. તેઓશ્રીની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. તે મંદિરમાં તેમનાં જીવન ચરિત્રનો આખો ચિતાર લેવામાં આવેલો છે.

મહોપાધ્યાય શ્રી. યશોવિજયજી પછી વીસમી સદીના સાહિત્યરત્ન આ મહાન જ્યોતિર્ધરને ભૂરિ ભૂરિ વંદન કરી વિરમું છું

તથા ૨૨૨ મુદ્રિત અમુદ્રિત સંસ્કૃત પ્રાકૃત ૪૫૦૦૦] પીસતાળીસ હજાર શ્લોકોની રચના કરી છે.

,, ૪૩ ગૂજરાતી કૃતિઓ મુદ્રિત

,, ૮૦ ગ્રંથોની પ્રસ્તાવના લખી છે.

તે શિવાય સંપાદિત ગ્રંથો ૧૭૭ ને સંકલનાને જુદી છે

આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવન તથા ચાર સઝાય મળી નવકાવ્યો પ્રગટ કરીએ છીએ

---

(૧)

## શ્રી રૂષભદેવ સ્તવન

(રૂષભ જિણંદા પ્રથમ જિણંદા=એ દેશી)

રૂષભ જિનંદ ભજ, રૂષભ જિનંદ ભજ,
જગ ઊદ્ધારક અચલ અમલ અજ;
શત્રુંજય તીરથ શણગારા,
નાભિ નરિંદ કુલ વિધુ અવતારા
મરૂદેવી ઊર માનસ હંસા,
યોગીશ્વર કરતા જશ સંસા રૂષભ–૧

શ્રમણ નિકર લીધો નિજ સાથ,
સેવ્યો ન વર્ષો સુધી નિજ હાથ;
શ્રમણ ધરમ સુણતા ગુણરાગી
અનહદ ઘૃત દઈ હુઆ વડભાગી. રૂષભ–૨

સ્થાનક વીસ આરાધી અરિહા,
તિર્થંકર પદ પામ્યા શુભ ઈહા
સાગર અડદશ કોડાકોડી,
ધર્મ વિચ્છેદ દીધો તે જોડી. રૂષભ–૩

વંશ સ્થાપન તુજ સુરપતિ કરતાં
શિશુ પાલન અપ્સર વૃંદ ધરતા;
ભોજન પ્રભુને સુરતરૂ ફલથી,
ગૃહસ્થપણે સુર લાવે કલથી. રૂષભ–૪

નીતિ નૃપ યતિધર્મ બતાયા,
દાન ધરમ જગમે સુખ દાયા;
વત્સર સહસે કેવલ પાયા,
નિજ માતાને ભેટ અપાયા. ઋષભ—૫

ગણધર પદ થાપ્યા નિજ પોતા,
પાટ અસંખ્ય કર્યો અઘ ધોતા;
તીરથ મહીમા વર્ધન કાજે,
ગણિવરને થાપ્યા ગિરિરાજે. ઋષભ—૬

સહ પરિવારે કેવળ લીધું,
પણ કોટી મુનિ કારજ સીધું;
પાવન પુરૂષે અન્ય તીરથ જગ,
નર પાવનથી તીરથ અબલગ. ઋષભ—૭

પાવન જનમ થયો મુજ આજ,
તુજ દર્શન લહી સીધાં કાજ;
ટાલો જનમ જનમના ફેરા,
ફેંકો ભવ બંધન મુજ ડેરા. ઋષભ—૮

હોજો જિનપતિ તુજ પરભાવે,
દેવ ધરમ ગુરૂ સેવ સુભાવે;
નવિ પામું શિવ પદ તુજ સેવે,
તબ લગ **આનંદ** રસ લેવે ઋષભ—૯

---

(૨)

## શ્રી ઇડરગઢ શાંતિનાથ સ્તવન

(સેવો પ્રભુ શાંતિજગ શાંતિકારી)

દૂર દેશાંતરથી હું આવ્યો, પ્રભુ ગુણ શ્રવણે ધારી ।
અવર દેવ સબિ ત્રિવિધ નિવારી, હજૂર રહ્યો અવધારી, સેવો ॥૧॥

ભિષગ સમૂહ કરે દ્રવ્ય શાંતિ, તે નહિ દિલમાં ધારી ।
એકાંતિક આત્યંતિક શાંતિ, કરણ પરુ દગ સારી, સેવો ॥૨॥

ધન કન કંચન દેઈ સુખ કરતા, જગમે જીવ હજારી ।
આતમ ઋદ્ધિ અનુપમ વિન, દેવે ન કોઈ દાતારી, સેવો ॥૩॥

વાર અનંતી લહ્યું જિનદર્શન, પણ પરખ્યું ન ગમારી ।
અબ તો પાય પ્રભુ દર્શન કો, હોય આનંદ આભારી સેવો ॥૪॥

ઈડર ગઢ પર પ્રભુજી બિરાજે, સેવ કરે લઘુ તારી ।
વેદ વસુ નંદ ભૂમિ વર્ષે, આનંદ અમૃત આભારી. સેવો ॥૫॥

---

(૩)

## પુરુષાદાનીય પાર્શ્વજિન સ્તવન

(રાગ–પુરુષાદાનીય પાસ હો)

પુરુષાદાનીય પાસજી જિનવરજી, વંદન કરીયે ત્રિકાલ હો,
શિવપદ ધર મોરા પાસજી જિનવરજી ।
લાખ ચોરાસી યોનિમાં જિનવરજી, ભમિયો અનન્તો કાલ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ॥ ૧ ॥

બિતિ ચઉરિંદય જાતિમાં જિનવરજી, સંખ્યાતા ભવ ભાવ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ।
પંચેદ્રિય તિર્યંચના જિનવરજી, પામી ન પામ્યો દાન હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ॥ ૨ ॥

સાતે નરકે હું રુલ્યો જીનવરજી, પામ્યો ગતસંખ્ય જન્મ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ।
સુરગતિ પામ્યો પણ નહિ જીનવરજી, શિવપદનો લહ્યો મર્મ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ॥ ૩ ॥

સફ્લો નરભવ મ્હેં લહ્યો જીનવરજી, દર્શનદાયક મોક્ષ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ।
ચરમ પરમપદ દાયકો જીનવરજી, લહી કરું કર્મ વિમોક્ષ હો,
શિવ૦ મોરા પાસજી જીનવરજી ॥ ૪ ॥

મ્હેર કરો મુજ તાતજી જીનવરજી, જન્મ મરણ દુઃખદાય હો,
શિવ૦ મોરા પાસજી જીનવજી ।
નિજરૂપ પામી તુજ સમો જીનવરજી, આનંદ દરીયો થાય હો,

---

(૪)

## પાવાપુરી શ્રી વીરજિન સ્તવન

(રાગ–વઢંસ, અબ તો પાર ભયે હમ સાધુ)

ચોતીસ અતિશય પ્રાતિહાર જ અડ, વાણી ગુણ પણતીશ રે
નામાકૃતિ દ્રવ્ય ભાવ નિરુપણ, સગ નય દુગ મતિ ઈશ ।
વીરજી પાર ભયે હમ આજ, દર્શન તુમ લહી ભવોદધિસેં ॥૧॥

પ્રાણતસેં દુગવીસ શાગરધર, 'ચ્યવન' લહ્યા ગુણ વંશ ।
સિદ્ધારથ કુલ નભતલચંદો, ત્રિશલા કુલ સરહંસ વીરજી૦ ॥૨॥

શૈત્ય દ્યુતિ કાંતિ પ્રમુખ જિમ, શોભે શારદચંદ ।
મતિ શ્રુતિ અવધિજ્ઞાને તિમ પ્રભુ, અપડિવાઈ અમંદ વીરજી૦ ॥૩॥

પંડિત સંશય હર કર ઈંદ્રિ, શબ્દ બનાયા આપ ।
પાય સ્વયં 'સામાયિક' બલસે, પરિસહ જીત અમાપાવી વીરજી૦ ॥૪॥

લહી 'કેવલ' ઉવવાઇ કથિત સબ, ધર્મ બતાયા શુદ્ધ ।
સુણકર સુરનરકિન્નર સમજે, અર્ધમાગધિસે બદ્ધ વીરજી૦ ॥૫॥

બરસ અધિક બહોતર નિજ આયુ, પાલનકર પ્રભુ વીર ।
ઈણુ હી પાવાપુર નગરીમેં, 'શાશ્વત' પદ ધરે ધીર વીરજી૦ ॥૬॥

વ્યાપકહે પ્રભુ ! બોધ વચન તુમ, તીણે જગદીશ્વર સત્ય
માન કરે અડદશ નૃપ પૌષધ, ઈણુ સ્થાનક ગુણુ ભવ્ય વીરજી૦ ।।૭।।

તુમ દર્શન તુમ કીરતી જગમેં, પુકાર કરે ગુણવંત ।
વીતરાગ કેવલ દુગધારક, ગાઉં તુમ ગુણુ સંત વીરજી૦ ।।૮।।

શશિ સિદ્ધ નવ ભૂમિ સંવત (૧૯૮૧) મેં, ઉજ્જવલ માસહે માહા ।
તુજ 'નિર્વાણનગર' મેં ગાયો, આનંદ મય તીજ સાર વીરજી૦ ।।૯।।

---

(૫)

## મૈત્રી ભાવના સજ્ઝાય

દોહા

મૈત્રી મનમાં જે ધરે, બાંધે કરમ ન ઘોર ।
પરહિત બુદ્ધિ ધારતા, રાગદ્વેષ નહિ થોર ।। ૧ ।।

જે જગ હીત મન ચિંતવે, તસ મન રાગ ન રોષ
ઈર્ષ્યા વન દાવાનલો, હોવે ગુણુ ગણુ પોષ ।। ૨ ।।

(મુંઝમાં મુંઝમાં મોહમા જીવ તું–એ રાગ)

મૈત્રી મન ભાવતો વૈર દવ સામતો
પામતો કર્મ ફલથી અચંબો
ક્રોધવશ જે કર્યાં હનન જૂઠ જે ભર્યાં
પારકા કનક મણિ રત્ન લંબો ।।૧।।

પરતણી કામિની પાપધન સામિણી
પેખતાં ચિત્તમાં પ્રબલ મોહો;
લોભવશ ધમધમ્યો, શુદ્ધ ગુણુ
નવિ'રમ્યો વૈરની અગ્નિમાં સમિધ દોહો ।।૨।।

સુગ્રિમભવ હારિયો, વ્યસન સાત ભરિયો,
યતિના સહસ જે નિશ્ચ સહેતો;
પૂર્વભવ સાલવી, કામિની ઓલવી,
વાવિઓ વૈર તસૂપાક લહેતો ॥૩॥

જનક દુહિતા હરી, વંશ નિજ ક્ષય કરી
રાવણે નરકમાં વાસ કીધો;
રામ ભ્રાતા હરી, દેખી ત્યાં થરથરી
વારતો ઈન્દ્ર શમવાસ દીધો ॥૪॥

પૂર્વભવ રાણીને દોષ કોઈ જાણીને,
વીર જીવે શયન વાસ વાર્યો;
વ્યંત્તરી ભવ લહી દોષ શત સંગ્રહી,
વેદના તીવ્રતર વીર ધાર્યો ॥૫॥

વાવિયો વૈરનો વૃક્ષ ગુરૂ સ્વૈરનો,
છેદ પામે ન જન્મે અનન્તે;
એકનું વૈર હોય વ્યાપતું સકલ જોય,
બીજ અંકૂર ન્યાયે વધતો ॥૬॥

હરિભવે ફાડિયો, સિંહ દરી કહાડિયો,
બોલતો વીરભવ નાવ દેખો;
કંબલ સંબલા, દેવ દો અતિબલા,
વીરને કીધ સરિપાર દેખો ॥૭॥

પૂર્વભવ વૈરથી મોક્ષગતી સારથી,
હલિક તે પેખને જાય ભાગી,
ગૌતમે બૂઝવ્યો, મોક્ષપંથે ઠવ્યો,
વારજો વૈરના બીજ જાગી ॥૮॥

વીર અવસાનમાં બોધ દેવશર્મમાં,
થાપવા મોકલ્યા ઈન્દ્રભૂતિ,
સિંહભવ શાન્તિનો લાભ શુભ ભાંતિનો
બોધિને અર્પતા આત્મભૂતિ ॥૯॥

જીવ સમ્યક્ત્વમાં, સત્ય શુભ તત્વમાં,
દેખતો વૈર જાલા નિવારે।
ક્રોધ કંડૂતિએ ધર્મ નવિ સુખ દીએ,
વારતો વિરહ સૂરી ગ્રન્થ સારે ॥૧૦॥

પાંચ લક્ષણ વર્યો જીવ સમકિત ભર્યો,
આદિમાં શમ ભર્યો સમય સારે;
શમ નવિ જો ધરે વૈર મનમાં ભરે,
સાધુ તપસી ભમે ભવ અસારે ॥૧૧॥

કુરૂટ ઉત્કુરૂટ પણ, સાધુ બે તપ રટણ,
વૈરથી નરકમાં વાસ વેઠે;
શાન્તિ ગુણસાગરુ વીર રયણા ગરુ,
દૃષ્ટિ વિષ સાપ પણ હોડ વેટે ॥૧૨॥

નયણ અમી સિંચિયો, વૈર દવ મીંચીયો,
કીટિકા સહસનું દુઃખ સહતો;
શાંતિ ધરી પક્ષમાં વીર જિન લક્ષમાં,
દેવ ભવ આઠમે ભુવન લહેતો ॥૧૩॥

ધર્મનું સાર એ સુજન ચિત્ત ધારએ,
ભાવના મૈત્રીની મોક્ષ દાઈ,
જિન કહે કાલ દો પડિક્કમે તે પદો,
સર્વ જીવ મૈત્રી નથી વેર કાંઈ॥૧૪॥

વિશ્વ નથી વાલ હો, શત્રુ વા જે લહો,
સર્વ સંસારમાં હોય તેવો;
મિત્ર પતિ પુત્રમાં પત્ની સખી ભ્રાતમાં,
નવનવો રંગ છે તે જ લેવો ॥૧૫॥

જીવ શીખ સાંભલી વૈર દઇ આંબલી,
આપ ભાવે સદા મગન થાજે,
બોધ સમતા રસી ચરણ ગુણ ઉલ્લસી,
શાશ્વતાનન્દ રસ ગાન ગાજે ॥૧૬॥

---

(૬)

## પ્રમોદ ભાવના સજ્ઝાય

દુહો

ગુણ ધ્યાને ગુણ પામીએ, ધ્યાન વિના ગુણ શૂન્ય;
પ્રમોદ ગુણીમાં ધારીએ, તો ગુણ ગણ સહ પૂન્ય ॥૧॥

ફલ વર્તનથી પામીએ, વર્તનમૂલ વિચાર;
વિચાર હોય સંસ્કારથી, ભાવ કરે સંસ્કાર ॥૨॥

( આદર જીવ ક્ષમા ગુણ આદર—એ રાગ )

ભાવ પ્રમોદ ધરો ભવિ મનમાં, જિમ ન ભમો ભવ વનમાં રે
કાલ અનાદિ વાસ નિગોદે, અક્ષર ભાગ અનન્તો રે,
ધરતો ચેતના જિનવર દીઠો, નવિ તેનો હોય અન્તો રે. ॥૧॥

નિર્જર તો ઘનકર્મ અકામે, દીસે પગ પગ ચડતો રે;
અધ્યવસાય તથા વિધ સાધિ, કર્મબન્ધે નવિ પડતો રે. ॥૨॥

બાદર વિકલેન્દ્રિયતા પામી, પંચેન્દ્રિયપણું પામે રે;
નરભવ આરજ ક્ષેત્ર ઉત્તમકુલ, શાસ્ત્રશ્રવણ સુખ ધામે રે. ॥૩॥

ગુરુ સંયોગે કરણી તરણી, ભવજલધિ સુખ શરણી રે;
લહે મિથ્યાત્વી પણ સુખવરણી; માર્ગ ગામી નિસરણી રે. ॥૪॥

દાન દયા ક્ષાન્તિ તપ સંયમ, જિનપૂજા ગુરુ નમને રે;
સામાયિક પૌષધ પડિક્કમણે, શુભ મારગને ગમને રે. ॥૫॥

પામે ભવિ સમકિત ગુણ ઠાણો, તેણે કિરિયારુચી નામો રે;
કરીયે અનુમોદન ગુણ કામો, લહીયે સુખના ધામો રે ॥૬॥

કાષ્ટ પત્થર ફલ ફૂલ પણામાં, જિન પડિમા જિન ઘરમાં રે;
શુભ ઉપયોગ થયો જે દલનો, તે આરાધના ઘટમાં રે ॥૭॥

હોય જે માર્ગ તજીને કરણી, અનુમોદન પરિ હરણિ રે,
સમકિત સાધન જે શુભ શરણી, તે ગુણરત્નની ધરણી રે ॥૮॥

દશ દ્દષ્ટાન્તે નરભવ પામ્યો, સત્ય મારગ નવી લાધ્યો રે;
પણ ગુણવન્ત ગુરુ સંયોગે, સમકિત અદ્ભૂત વાધ્યો રે ॥૯॥

જે વ્યવહાર કરે નહિ માર્ગનો, પણ જાણે ગુણ દોષો રે;
તે પણ જગમાં ઝવેરીકહિએ, સમકિત તિમ ગુણ પોષો રે ॥૧૦॥

હોય તે આદ્ય ચતુષ્ટય ક્ષયથી, આરાધે ભવ આઠ રે;
શાશ્વત પદવી લાભે તેહને, નમીએ સહસને આઠ રે ॥૧૧॥

સમોસરણમાં જિનવર બેસે, નમન કરી ધર્મ કથવા રે;
દેશ વિરતિ પણ જિનવર દીધી, ભવ જલ પાર ઉતરવા રે ॥૧૨॥

માત-પિતા સુત-દાર તજીને, રજત કનક મણિ મોતી રે;
હિંસા-અનૃત-ચોર સ્રીસંગમ, નમીએ તે જિન જ્યોતિ રે ॥૧૩॥

ઘાતિ કરમ ક્ષયે કેવલ વરતા, કરતાં બોધ અકામો રે;
જીવાજીવ નવ તત્ત્વ બતાવી, ભવિજન તારણ ધામો રે ॥૧૪॥

સકલ કર્મ ક્ષયથી સિદ્ધ પહોતા, સાદિ અનન્ત નિવાસો રે;
તે સિદ્ધ નિત્ય પ્રભાતે નમિએ, વરવા શમ સુખ ભાસો રે ॥૧૫॥

ચારિત્ર પાલી હોય ગ્રૈવેયક, પણ નવિ જાવે મુક્તિ રે;
જીવ અભવ્ય તે કારણ ગુણનો, રાગ ન લેશ સદુક્તિ રે ॥૧૬॥

જિન-ગુરુ-ધર્મ તણા ગુણ ભાવે, અવગુણ સતત ઉવેખે રે;
ક્ષણ ક્ષણ ગુણ ગણ ઉજ્જવલ પામી, આનન્દ વાસ તે પેખે રે ॥૧૭॥

---

(૭)

## કારુણ્ય-ભાવના સજ્ઝાય

(માયા કારમી રે માયા મ કરો ચતુરસુજાણ-એ રાગ)

કરુણા ધારજો રે, કરુણા સકલ ગુણોની ખાણ
કરુણા આદ્ય મહાવ્રત છાજે આદ્ય અણુવ્રત થાણ,
કરુણાવિણ હિંસકપણું પામે, દુર્ગતિ દુઃખ નિદાન, કરુણા ૧
ઈર્યાસમિતિ યોગે ચાલે, મુનિ પેખી શુભ ઠાણ;
જીવો આવે પગતલ હેઠે, જાયે સઘલા પ્રાણ; કરુણા ૨
શુભ ઉપયોગી મુનિવરને નહિ, બન્ધ દુરિત અવસાન;
કરુણા બુદ્ધિ પ્રતિ રોમે રહી, કર્મ નિર્જરા ખાણ; કરુણા ૩
શ્રાવક પણ કરુણા ધરતો જે, વૃક્ષ વધે પચ્ચકખાણ,
માટી ખોદે મૂલ વધે પણ, નહિ હિંસા લવવાન કરુણા ૪
કરુણા રહિત પ્રવૃત્તિ કરતાં, કોઈ મરે નહિ જાન,
તો પણ તે હિંસકમાં ગણિઓ, નહિ કરુણા બલવાન કરુણા ૫
ભવ્ય થકી પણ જાયે બોધ્યા, મુક્તિ અનન્તા ઠાણ,
ભવ જલધિ પરપામ ન પામે, અભવ્ય નહિ જસ ગાન કરુણા ૬
સમકિતવંતો નર ઘર સયણે, કરી આરમ્ભ વિધાન,
કરુણા ભાવે શુભ લેશ્યાએ, લહે વૈમાનિક માન કરુણા ૭
કરુણા ધરતો ધર્મકથી પણ ધર્મ લહે શું વિધાન,
શ્રોતા સર્વને નહિ એકાન્તે ધર્મ કહ્યો ભગવાન કરુણા ૮

અપરાધી જનમાં ધર કરુણા, જે સમકિત અહિઠાણ,
વીરપ્રભુ સંગમ કરુણાએ, અશ્રુનેત્ર મિલાણ કરુણા ૯
હીન દીન જનને જે દેખી, નાવિ કરુણા દિલ ભાન,
તેહને ઘટ નવિ ધર્મ વસ્યો છે, ભાખ્યો જિન ભગવાન કરુણા ૧૦
કૂપ વાવિ સર દ્રહન નિષેધે, ધરિ કરુણા અહિ નાણ,
દાન સંવચ્છરી જિનવર આપે, ધરતા જે ત્રણ જ્ઞાન કરુણા ૧૧
અધમ ઉદ્ધારણ તન-મન વર્તે; ધન વરસે અસમાન,
કુમાર નૃપ જગડુ પરદેશી, સંભવ વૃત્ત સુવાન કરુણા ૧૨
સંપ્રતિરાજ કરે પ્રતિ ગામે, દીન અનાથ વિહાણ,
દેશ અનાર્ય જિનઘર કરતો, કરુણા ભાવ સુભાણ કરુણા ૧૩
શ્રુત શિક્ષા ધરી મનમાં સુયણા, કરજો અભયનું દાન,
અનુકંપા ધરજો ભવિ કરજો, ધર્મે દઢતા ભાન કરુણા ૧૪
મેઘરથે પારેવો રાખ્યો, ગોશાલો જિન ભાણ,
વૈશ્યાયન તેજો લેશ્યાથી, ધરી કરુણા અમિલાણ કરુણા ૧૫
બ્રહ્મદત્ત સુભૂમાદિક નરપતિ, કરુણા વિણ દુઃખખાણ,
પેખી આત્મ સમા પર જીવો, ધારો કરુણા શાન કરુણા ૧૬
દ્રવ્ય ભાવ અનુકંપા ધરતા, ભવ ભવ સુખનું નિધાન
સત્ત્વસાર બલ રિદ્ધ પામી, લો **આનન્દ** અમાન કરુણા ૧૭

---

## માધ્યસ્થ ભાવના સજઝાય

( હિંસા ન કરજો કોઈની રે—એ રાગ )

ગુણવંતા મન ધારજો રે, માધ્યસ્થ્ય ગુણ મણિ ખાણ,
કરુણા મુદિતા મિત્રતા રે, હોવે ન જ્યાં સુખ ઠાણ ॥ ૧ ॥
ભવિકા ધરજો મધ્યસ્થભાવ, જેહથી શિવપૂર પાવ રે ॥ ભ૦॥
કાલ અનાદિથી આતમા રે, કર્મ બલે ગુણહીન
પામ્યોને સમકિત ઠાણને રે, રખડયો ચઉગતિ દીન રે । ભ૦ ।૨।

સંયમપદ વીતરાગતા રે, નહિ સ્વપ્ને પણ સિદ્ધ ।
કર્મ પ્રભાવ તે ધારતો રે, ગુણી માધ્યસ્થે લીન ।ભ૦।૩।
જિનવર સરિખા સારથી રે, પામ્યો વાર અનન્ત;
કર્મવિવર નવિ પામિયો રે, જીવ લહ્યો ગુણવંત રે ।ભ૦।૪।
માનથી નિજ ગુણ નાશતો રે, છોડે ભાવ મધ્યસ્થ;
પર પરિભવ કર બોલતો રે, વચન અવાચ્ય અસ્વસ્થ રે; ।ભ૦।૫।
કલ્પ્યો વીર જિનેશ્વરે રે, ભવ મરીચિ નવ વેષ;
ઋષભ પ્રભુ નવી વારિયો રે, જાણી કર્મનો રેશ રે ।ભ૦।૬।
વચન વદે ગુણ ધારીને રે, સન્તત ભાવ પ્રસન્ન;
દેખી જિન ગુણ શૂન્યતા રે, થાય મધ્યસ્થ પ્રપન્ન રે ।ભ૦।૭।
કેવલિપણું નિજ ભાખતો રે; વીરને કહે છદ્મસ્થ
ગૌતમ પ્રશ્ન ન છોડવે રે, તેહ જમાલી અવસ્થ રે ।ભ૦।૮।
લબ્ધિ ધરા દેવ-દેવીઓ રે, વળી જિનવર શુભ દીખ;
મધ્યસ્થભાવ વિમલ ધરી રે, ન દે તેહને શીખ ।ભ૦।૯।
ગોશાલો મુનિ યુગ્મને રે, બાળી જિન પર તેજ;
નાખે તેહથી વીરજી રે, ખટમાસિ લોહી હેજ ।ભ૦।૧૦।
વીર જિનેશ્વર સાહિબો રે, સહિ સુર નર ઉપસર્ગ,
કર્મ બન્ધન થતું દેખીને રે, અનુપાયે રહે મધ્યસ્થ ।ભ૦।૧૧।
જગનાશન રક્ષણ ક્ષમો રે, બલ ધરતો મહાવીર;
ધારે મધ્યસ્થ ભાવને રે, કોણ અવર જીવ ધીર ।ભ૦।૧૨।
સનત્કુમાર નરેશ્વરુ રે, ધરતો ભાવ મધ્યસ્થ;
વિવિધ વેદના વેદતો રે, નહિ ઔષધ ઉત્કંઠે રે ।ભ૦।૧૩।
જીવ જુદા કર્મ જૂજુઆ રે, સમજી જીવ વૃતાન્ત;
દેખી ભવિ મન ધારજો રે, ભાવ મધ્યસ્થ એકાન્ત ।ભ૦।૧૪।
સુખ-દુઃખકારી સમાગમે રે, નવિ મનમાં રતિ રોષ;
ધરીએ વરીએ સામ્યતા રે, જેહથી આનન્દ પોષ રે ।ભ૦।૧૫।

---

## સંસ્કૃત = પ્રાકૃત

## સાહિત્ય રચના

| નામ | સવંત | શ્લોકસંખ્યા |
|---|---|---|
| ૧ વિંશ વિંશતિકા ભાગ ૧ | ૧૯૬૧ | ૨૪૬૦ |
| ૨ ,, ,, ભાગ ૨ | ,, | ૪૨૦૦ |
| ૩ ,, ,, ભાગ ૩ | ,, | ૨૫૦૦ |
| ૪ મધ્યમ સિધ્ધપ્રભા વ્યાકરણ | ૧૯૬૪ | ૧૦૦૦ |
| ૫ લઘુ સિદ્ધપ્રભા વ્યાકરણ | ૧૯૬૪ | ૫૦૦ |
| ૬ કર્મ ગ્રન્થ સૂત્રાણિ | ૧૯૬૮ | ૧૨૫ |
| ૭ ન્યાયાવતાર દીપિકા | ૧૯૬૬ | ૩૨૧૫ |
| ૮ ગુણ ગ્રહણ શતક | ૧૯૬૮ | ૧૨૦ |
| ૯ સમ્યક્ત્વ ષોડશિકા | ૧૯૬૮ | ૨૨૦ |
| ૧૦ તત્ત્વાર્થ પરિશિષ્ટ | ૧૯૭૬ | ૧૦૦ |
| ૧૧ ચૈત્યદ્રવ્યોત્સર્પણ | ૧૯૮૩ | ૨૧૫ |
| ૧૨ નિક્ષેપ સતક | ૧૯૮૩ | ૧૦૧ |
| ૧૩ પંચ સૂત્રી | ૧૯૮૩ | ૨૦૨ |
| ૧૪ પુરુષાર્થ જિજ્ઞાસા | ,, | ૩૦૦ |
| ૧૫ સિદ્ધ પ્રભાવ્યાકરણ | ,, | ૩૫૦૦ |
| ૧૬ અમૃતસાગર ચરિત્ર | ,, | ૨૫૦ |
| ૧૭ બુદ્ધિ ગુણ સમુચ્ચયો | ૧૯૮૪ | ૨૮૦ |
| ૧૮ શ્રમણ દિન ચર્યા | ,, | ૨૯૦ |
| ૧૯ તાત્વિક પ્રશ્નોત્તરાણિ | (૧૯૦૦–૨૦૦૫) | ૧૪૪૬ |
| ૨૧ પર્વ તિથિ સૂત્રાણિ (૩૨૭–સૂત્રો) | ૨૦૦૨ | ૧૩૬ |
| ૨૦ શ્રુત શીલ ચતુભંગી | ૧૯૯૮ | ૧૮૫ |
| ૨૧ આગમ મહિમા | ૨૦૦૩ | ૫૧૬ |
| ૨૨ મિથ્યાત્વ વિચાર | ,, | ૧૪૪ |

| | | |
|---|---|---|
| ૨૩ આર્યરક્ષિત | ,, | ૧૪૪ |
| ૨૪ ભીત્સૂત્ર ભાષણ ફલ | ,, | ૧૧૭ |
| ૨૫ જિન મહિમા | ,, | ૧૬૮ |
| ૨૬ નક્ષત્ર ભોગાદિ | ૨૦૦૩ | ૧૪૭ |
| ૨૭ નિર્વાણ | ,, | ૧૬૩ |
| ૨૮ સામાયિકેર્યારિથાન નિર્ણય | ૨૦૦૩ | ૩૧૨ |
| ૨૯ જૈન ગીતા | ૨૦૦૪ | ૨૨૦૦ |
| ૩૦ શ્રમણ ધર્મ સહચરી | ૨૦૦૪ | ૧૦૩૬ |
| ૩૧ યતિધર્મ ઉપદેશ | ૨૦૦૫ | ૯૧૦ |
| ૩૨ પંચસૂત્ર તર્કવિચાર | ૨૦૦૧ | ૧૦૦૧ |
| ૩૩ પંચસૂત્ર વાર્તિક | ૨૦૦૫ | ૨૯૦૦ |
| ૩૪ આરાધના માર્ગ (છેલ્લી રચના) | ૨૦૦૬ | ૧૧૦૦ |

## ગુજરાતી પ્રકાશન

| નામ | સંવત | પ્રકાશક | |
|---|---|---|---|
| ૧ દીક્ષાનુ સુંદર સ્વરૂપ | ૧૯૮૯ | શ્રી હર્ષ પુષ્પામૃત ગ્રંથમાલા | |
| ૨ પ્રવચન પરિક્ષાની મહત્તા | ૧૯૯૩ | શ્રી રૂષભદેવજી કેશરીમલજી | રતલામ |
| ૩ પર્વ તિથિના શાસ્ત્રીય પુરાવા | ૧૯૯૩ | ,, ,, | રતલામ |
| ૪ તિથિ ક્ષયવૃદ્ધિ પ્રદીપ | ૧૯૯૪ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ | મુંબાઈ |
| ૫ તપ અને ઉદ્યાપન | ૧૯૯૨ | ,, ,, ,, ,, | મુંબાઈ |
| ૬ તત્ત્વાર્થ કર્તૃ તન્મત નિર્ણય | ૧૯૯૩ | શ્રી રૂષભદેવજી કેશરીમલજી પેઢી | રતલામ |
| ૭ આનંદસુધા સિંધુ ભાગ ૧ (વ્યાખ્યાનો) | ૧૯૯૪ | શેઠ નગીનભાઈ મંઘુભાઇ સા. ફંડ | સુરત |
| ૮ ,, ,, ,, ૨ ,, | ૨૦૦૬ | ,, ,, ,, ,, | સુરત |
| ૯ સાગર સમાધાન ભાગ ૧ | ૨૦૦૧ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ | મુંબાઈ |
| ૧૦ ,, ,, ભાગ ૨ | ૨૦૦૪ | ,, ,, ,, | ,, |
| ૧૧ સુધા સાગર ભાગ ૧ | ૨૦૦૦ | | |
| ૧૨ ,, ,, ભાગ ૨ | ૨૦૦૦ | ,, ,, ,, | ,, |
| ૧૩ સુયડાંગ સૂત્ર (વ્યાખ્યાનો) | ૨૦૦૩ | શ્રી રૂષભદેવજી કેશરીમલજીની પેઢી | રતલામ |
| ૧૪ પંચવસ્તુ ભાષાંતર | ૧૯૯૩ | ,, ,, ,, ,, | ,, |
| ૧૫ તત્ત્વિક પ્રશ્નોત્તર ભાગ ૧ | ૨૦૦૫ | શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા | |
| ૧૬ શ્રી નવપદ માહાત્મ્ય (વ્યા.) | ૨૦૦૫ | ,, ,, ,, ,, | |
| ૧૭ તિથિ ક્ષય વૃદ્ધિ વિચાર | ૨૦૦૫ | શ્રી રૂષભ દેવજી કેશરીમલજી પેઢી | રતલામ |
| ૧૮ શ્રી સ્થાનાંગ સૂત્ર (વ્યાખ્યાનો) | ૨૦૦૫ | શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા | સુરત |

| | | | |
|---|---|---|---|
| ૧૯ ષોડશક (વ્યાખ્યાનો ૩૩) | ૨૦૦૫ | ,, ,, | ,, |
| ૨૦ ,, (વ્યાખ્યાનો ૨૪થી ૫૮) | ૨૦૦૩ | ,, ,, | ,, |
| ૨૧ પ્રશમરતિ અને સંબંધ કારિકા (વ્યાખ્યાનો) | ૨૦૦૫ | ,, ,, | ,, |
| ૨૨ પર્વદેશના | ૨૦૧૪ | ,, ,, | ,, |
| ૨૩ દેશના સુધાસિંધુ ભા. ૧–ભગવતી વ્યાખ્યાન | ૨૦૦૫ | શ્રી રૂષભદેવજી છગનીરામજી પેઢી | ઉજ્જૈન |
| ૨૪ આચારાંગ ભા. ૧ (વ્યાખ્યાનો) | ૨૦૦૬ | શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા | સુરત |
| ૨૫ આનંદચંદ્ર સુધાસિંધુ ભા. ૧ | ૨૦૦૬ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ | સુરત |
| ૨૬ આનંદચંદ્ર સુધાસિંધુ ભા. ૨ | ૨૦૦૭ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ | ,, |
| ૨૭ આનંદ ઝરણા ભા. ૧ (વ્યાખ્યાનો) | ૨૦૦૭ | પંડિત સફતલાલ ઝવેરચંદ | અમદાવાદ |
| ૨૮ ,, ,, ભા. ૨ (વ્યાખ્યાનો) | ૨૦૦૯ | ,, ,, | ,, |
| ૨૯ આરાધના માર્ગ (ભાષાંતર સ.) | ૨૦૦૬ | શ્રી રૂષભદેવજી કેશરીમલજી | રતલામ |
| ૩૦ જ્ઞાન ઝરણું (વ્યાખ્યાનો) | ૨૦૧૪ | મીઠાભાઈ કલ્યાણચંદ પેઢી | કપડવંજ |
| ૩૧ ઢંઢેરો અથવા ગુરૂમંત્ર (વ્યાખ્યાન) | ૨૦૦૭ | રતનચંદ શંકરલાલ | પુના |
| ૩૨ પર્વ વ્યાખ્યાન સંગ્રહ | ૨૦૧૩ | ધનજીભાઈ દેવચંદ | મુંબઇ |
| ૩૩ આનંદ સુધાસિંધુ ભાગ ૩ જો | ૨૦૦૯ | શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ | સુરત |
| ૩૪ ,, ,, ભાગ ૪ થો | ૨૦૧૦ | | |
| ૩૫ આગમોદ્ધારક દેશના સંગ્રહ | ૨૦૦૮ | શ્રી આત્માનંદ જૈન ગ્રંથાલય | પૂના |
| ૩૬ ,, ,, ,, | ૨૦૦૯ | રતીલાલ પાનાચંદ ગાંધી | વેજલપુર |
| ૩૭ આગમોદ્ધારક ,, સમુચ્ચય ભગવતી–વ્યાખ્યાનો | ૨૦૧૨ | શ્રી આનંદ સાહિત્ય ગ્રંથમાલા | અમદાવાદ |

૩૧


# કવિદિવાકર પં. શ્રી રંગવિમળજી

રચના સં. ૧૯૮૦ આસપાસ.

રાજસ્થાનના આહોર ગામમાં શ્રેષ્ઠી વીશા ઓસવાળ બદાજીને ત્યાં બાઈ ખીમીબહેનની કુક્ષિએ સં. ૧૯૪૦ના આસો સુદ ૧૦ને દિવસે તેઓશ્રીનો જન્મ થયો હતો. તેઓનું શુભ નામ ગેનાજી હતુ. સંવત ૧૯૫૦માં સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધી. નામ રતનચંદજી રાખ્યું. પણ તેઓ એ સંપ્રદાયથી અલગ રહી સિદ્ધાંતચંદ્રિકા અને પંચકાવ્યાદિનો અભ્યાસ કરી સંસ્કૃત ભાષાનો બોધ કરી શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયના ગ્રંથોનું અવલોકન કર્યું. તેથી તેઓનું મન મૂર્તિપૂજાના વિધાન તરફ ઢળતાં ગુરુ પાસેથી વિદાય લઈ શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણે બિરાજતા પં. સૌભાગ્યવિમળજી તથા તેમના શિષ્ય પં. મુક્તિવિમળજીના પરિચયમાં આવ્યા. તેઓના વારંવાર સમાગમમાં આવવાથી સ્થાનકવાસી સંપ્રદાય છોડી સં. ૧૯૬૨માં સંવેગી દિક્ષા સ્વીકારીને નામ શ્રી રંગવિમળજી રાખ્યું ને શ્રી મુક્તિવિમળજીના શિષ્ય થયા. ત્યાર બાદ શાસ્ત્રોનો સુંદર અભ્યાસ ચાલુ રાખ્યો.

સંવત ૧૯૮૪માં વિજાપુરમાં **શ્રી અજીતસાગરસૂરીશ્વરના હાથે ગણિપદ મહોત્સવ કરવામાં આવ્યો.** અને ૫૦૦૦ માણસોની મેદની વચ્ચે ગણિપદ આપવામાં આવ્યું હતું. તેઓશ્રીએ દીક્ષાકાળમાં શાસનોન્નતિના સુંદર કાર્યો કર્યાં હતાં. સં. ૧૯૭૯માં કચ્છ માંડવીથી ભદ્રેશ્વરનો છરીપાલતોસંઘ શેઠ કાનજી નાથાભાઈએ કાઢ્યો. તેમાં તેઓશ્રી ગયા હતા.

પંન્યાસજી શ્રી રંગવિમલજી મહારાજ



પંન્યાસ પદ સં. ૧૯૮૪

જન્મ ૧૯૪૦ આહોર-(મારવાડ)

દીક્ષા ૧૯૬૬

સંવત ૧૯૮૫માં **દહેગામ**માં ઊપધાન તપની ક્રિયા કરાવી હતી. સં. ૧૯૮૬માં **બામણવા**માં પ્રતિષ્ઠા કરાવી હતી. સં. ૧૯૮૮માં **શાણોદા**માં દેરાસરની પ્રતિષ્ઠા તેઓશ્રીના વરદ હસ્તે થઈ હતી. સંવત **૧૯૮૯**માં અમદાવાદમાં દેવશાના પાડાના વિમળગચ્છના ઉપાશ્રયમાં રહેલા તથા કાળુશીની પોળમાં સંવેગી વિમળગચ્છના ઉપાશ્રયમાં રહેલા બંને ભંડારોના હસ્તલિખિત પ્રતોનું લીસ્ટ તૈયાર કર્યું ને તેઓના **ઉપદેશથી** તે ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. જ્ઞાનભંડારોના લીસ્ટો તૈયાર કરવાનું સુંદર ઊપયોગી કાર્ય તેઓના હાથે થયું.

તેઓશ્રીની સાહિત્ય રચનામાં ગૂર્જર ભાષામાં ચૈત્યવંદન ચોવીસી તથા સ્તવન ચોવીસીની રચના થઈ છે. તે સિવાય જુદા જુદા તીર્થોના સુંદર રાગરાગણીમાં સ્તવનો બનાવ્યાં છે. આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો લેવામાં આવ્યા છે.

---

(૧)

## શ્રી આદિજિન સ્તવન

(શત્રુંજય રૂષભ સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે. એ દેશી)

આદિ જિણંદ જુહારીએ, દુઃખ વારીયે રે; શત્રુંજા તીરથમોઝાર
પ્રભુને નિત નમું રે. ૧

સેવા પ્રભુની સુખકરે, સવિદુઃખ હરેરે, દ્રવ્યભાવ હોય ભેદ.
પ્રભુને૦ ૨

પ્રભુ દરિશણ અતિ દોહિલું, નહિ સોહિલું રે; જેમ મરૂધરમાં
અંબ. પ્રભુને૦ ૩

મોહ, અજ્ઞાનના જોરમાં, અતિ તોરમાં રે નહિ સેવ્યો જિનચંદ
પ્રભુને૦ ૪

કોઈ સદ્દજ્ઞાને કરી; મન સંવરી રે; ઓલખ્યો સાચો દેવ. પ્રભુને૦ ૫

હવે તુજ ચરણે આવીયો, મનભાવિયો રે; કરશું તુજપદ સેવ. પ્ર૦ ૬

દાયક દરિશણ દીજીયે, જશ લીજીયે રે; **રંગવિમલ** કહે એમ. પ્રભુ૦ ૭

---

(૨)

## શ્રી શાંતિનાથ સ્તવન

બલિહારી બલીહારી, જગનાથ હો જાઉં તોરી;
શાંતિ જિન શાંતિ સેવક કીજીયેજી.
કાલ અનાદિ કેરા, ફરતાં હું ભવમાં ફેરા;
અંત ન આવ્યો જિન ઉપગારી. જગનાથ૦ ૧

અચિરા દેવીના નંદા, મુખ સોહે પુનમચંદા;
કનકવરણ છબી તાહરી. જગ૦ ૨

માતાના ઉદરે આવ્યા, મરકીના રોગ મીટાયા;
શાંતિ નામ જગ હિતકારી. જગ૦ ૩

એ ઉપગારી સ્વામિ જાણ્યો મે આજનામી;
શરણે આવ્યો હું નાથ તુમારી. જગ૦ ૪

દીન અનાથ નાથ, ગ્રહ્યો મેં હાથ સાથ;
સેવકને લેજો સ્વામિ ઉગારી. જગ૦ ૫

ક્ષાયક દાન દીજે, દાસને સુખીયો કીજે;
તુજ માંહે કરૂણા અનંત અપારી. જગ૦ ૬

અંચલગચ્છ દેહરે, સોહે ત્રિભુવન જન મન મોહે;
સેવાથી દુઃખ નાસે સવિકારી. જગ૦ ૭

સોલમો જિનવરગાયો, હૃદયમાં આનંદ આયો;
**રંગ** છે સેવક તુજ શરણુારી. જગ૦ ૮

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

(કેશરીયા થાસું પ્રીત કરી રે સાચા ભાવસું એ દેશી)

**શ્રી નેમિ** જિણુંદ શું પ્રીતિ કરીરે સાચા ભાવશું;
સમુદ્ર વિજય કુલ ચંદલો રે, શિવાદેવીના નંદ;
યદુકુલભૂષણ શોભતોજી, નિરખે નયણાનંદજી. શ્રીનેમિ૦ ૧

પશુપુકાર સુણી કરીરે, ત્યાગી રાજુલ નાર;
શિવરમણી સાથે થયોજી, અનુપમ રાગ ઉદારરે, શ્રીનેમિ૦ ૨

સહસા વનમાં જાયે પ્રભુજી, સહસ પુરૂષ સંગાથે;
કરમ કટકદલ તોડવાજી, ચારિત્રગ્રહે શિવ નાથજી. શ્રીનેમિ૦ ૩

ચોપન દિવસ છમસ્થસાંરે, ધ્યાન અનલ સળગાઈ;
કર્મકક્ષ દહન કરીને, કેવલ જ્ઞાન ઉચ્છાહજી. શ્રીનેમિ૦ ૪

વરદત્ત આદિ ગુણાકરૂરે, મુનિવર સહસ અઢાર;
ચાલીસ સહસ તસ સાધ્વીજી, ગુણરત્ન ભંડારજી. શ્રીનેમિ૦ ૫

વૈરાગ્યે મન વાલતીજી, રાજે મતિ સુકામારી;
પ્રભુ હાથે સંજમગ્રહીજી, પામી શિવપુર સારજી. શ્રીનેમિ૦ ૬

શૈલેશીકરણે કરીજી, ચાર કર્મ અઘાતિ;
તોડી પંચમગતિ વર્યારે, થયા પરમાત્મજ્યોતિજી. શ્રીનેમિ૦ ૭

ગિરિ ગિરનારની ઉપરેરે, ત્રણ કલ્યાણક થયા;
શ્યામ સલુણી મૂરતિ મોહિની, નિરખી મનહરખાયજી. શ્રીનેમિ૦ ૮
મુક્તિવિમલ સુખ ભોગવેજી, ક્ષાયિક ભાવ ઉદાર;
રંગવિમલ દુઃખ ચુરવાજી, શરણગ્રહે ચિત્તસારરે. શ્રીનેમિ૦ ૯

---

(૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(ક્યાંથી આ સંભલાય મધુર સ્વર એ દેશી)

ભવજલ પાર ઉતાર, પાર્શ્વપ્રભુ ભવજલ પાર ઉતાર;
નિરમલ નેત્ર થયાં તુંજ નીરખત, પામ્યો હર્ષ અપાર. પાર્શ્વ૦ ૧
ભવસાગરમાં ભમતાં, પામ્યો દુઃખ અપાર;
હવે તો પ્રભુ તુજ શરણે આવ્યો, આવાગમનનિવાર. પાર્શ્વ૦ ૨
હું તુજ સેવક નિશ્ચલ મનથી, તારોહિ મુજ આધાર;
કામ ક્રોધ મદ મોહ ચોરટા, આપે દુઃખ અપાર. પાર્શ્વ૦ ૩
દીન દયાલ દયા કરી મુજ પર, દૂર કરો આવાર;
તુજ સમ સમરથ નહિ કોઈ બીજો, ભવ દુઃખ વારણહાર. પાર્શ્વ૦ ૪
ભુજપુરનગરમાં આપ બીરાજો, મૂર્તિ સુંદર સાર;
રંગ નમે તુજ ચરણકમલમાં, માંગે સુખ અપાર પાર્શ્વ૦ ૫

---

(૫)

## મહાવીર જિનસ્તવન

(મેરે મૌલા બોલાલે મદીને મૂજે. એ દેશી)

પ્રભુ વીરજિનંદ મૂજ વીર કરો, ભવ તાપ અમાપને દૂર હરો

સાખી

ભવ અનંત ભટકત પ્રભુ, પામ્યો દુઃખ અપાર;
શુદ્ધતત્વ મુજ નહિ મળ્યો, ભવ ભંજન કરનાર,
તુજ નામ મંત્ર મેં હૃદયે ધર્યો. પ્રભુ વીર૦ ૧

સાખી

મોહ વિદારણવીરતું, સર્વ દેવમાં વીર;
વીર વીર રટતા કરૂં, કાપો કર્મ જંજીર,
ભવસિન્ધુ ડુબત મુજ બાંહ્ય ગ્રહો પ્રભુ વીર૦ ૨

સાખી

ત્રણ ભુવન શિરતાજ તું ત્રણ તત્વ ધરનાર;
ત્રણ રત્ન મુજને દીયો, ઉતારો દુઃખ પાર.
દીનાનાથ અનાથનાં પાપ હરો. પ્રભુ વીર૦ ૩

સાખી

સુરનર નાયક સેવતા, તુજ પદકજ સુખકાર;
પ્રભુ ગુણ પરિમલ કારણે, આણી હર્ષ અપાર.
મેં તો આપ શરણમાં શીશ ધર્યો. પ્રભુ વીર૦ ૪

સાખી

મુક્તિ વિમલ સુખ સંપદા, દીજે દીન દયાલ;
અવર દેવ જાચું નહિ એ નિશ્ચય દીલધાર.
પ્રભુ રંગવિમલ દુઃખ દુર કરો. પ્રભુ વીર૦ ૫

(૩૨)

# શ્રી કલ્યાણમુનિ

રચના સં. ૧૯૮૦

શ્રીમદ્ શાંતમૂર્તિ શ્રી મોહનલાલજીના સંઘાડામાં થઈ ગયેલા મુનિરાજ શ્રી કલ્યાણમુનિજીનો જન્મ ગુજરાતના પેથાપુર ગામમાં થયો હતો. તેઓશ્રીનું નામ કેશવલાલ હતું. સંવત ૧૯૫૪ના વૈશાખ સુદ ૬ને દિવસે શ્રીમદ્ મોહનલાલજીના હાથે દીક્ષા અપાઈ ને શ્રી ઊદ્યોતમુનિજીના શિષ્ય તરીકે જાહેર કર્યા.

મુનિશ્રી મોહનલાલજી પાસે રહી જ્ઞાનાભ્યાસ કર્યો ને ગુજરાતમાં વિહાર કરતાં પાલણપુર પાસે વસુ ગામમાં જિનાલય કરવા રાજનગર નિવાસી શ્રેષ્ઠી જમનાદાસ ભગુભાઈને ઉપદેશ આપી નવીન જિનાલય કરાવ્યું. તેમજ તેઓના ઉપદેશથી ખેડા માતરમાં શેઠે જીર્ણોદ્ધાર કરાવ્યો. ઊંઝામાં શ્રાવકોને ઉપદેશ આપી જૈન પાઠશાળા સ્થાપી. મુંબાઈમાં શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી માટે સારી રકમ કરાવી આપી હતી.

એમ અનેક ધર્મના કાર્યો કરાવતાં સંવત ૧૯૯૧માં રાજનગર અમદાવાદમાં વીરને ઉપાશ્રયે ચતુર્માસ કર્યું. ત્યાં ભાદરવા વદ ૩ની પંડીત વીરવિજયજીની જયંતી ધામધુમપૂર્વક ઉજવી. તે પછી તેઓશ્રીને લકવાની બીમારી થઈ ને પં. હીરમુનિજીએ તેઓની વૈયાવચ્ચ કરી. છેવટે સં. ૧૯૯૧ના આસો વદ ૨ને દિવસે કાળધર્મ પામ્યા.

આ સાથે તેઓશ્રીના છ કાવ્યો પ્રગટ કરવામાં આવે છે. તેઓશ્રીએ ચોવીસી રચના તથા બીજા કાવ્યો ગહૂલી સઝઝાયો વિગેરેની રચના કરી છે. ભાષા સાદી તથા સરળ છે.*

*કાવ્યોમાં બીજાઓની કૃતિઓની કોપી કરી હોય એમ લાગે છે,

શ્રી કલ્યાણમુનિજી મહારાજ



જન્મ સં. ૧૯૩૮ દીક્ષા સં. ૧૯૫૪

(૧)

## શ્રી રીખવદેવ સ્તવન

માતા મરૂદેવીનાનંદ—એ રાગ

માતા મરૂદેવીનાનંદ, અનુપમ શાંતિ ધારી મારૂ દીલડું ઠારોજી.
કે મારાં દુખડાં વારોજી, અનુપમ શાંતિધારા, મારૂ દીલડું ઠારોજી.
જ્ઞાન ગુણાકર સુખ રત્નાકર, દુઃખી દુઃખ હરનાર,
યુગલા ધર્મનિવારણ કાજે સ્થાપ્યો નીતિ વ્યવહાર. માતા૦ ૧
ઈન્દ્રાદિ સુર સરવે મલીને, મેરૂ શિખર મોજાર;
જન્મ મહોત્સવ જિનને કરતાં, હૃદયે હર્ષ અપાર. માતા૦ ૨
ઈંદ્રાદિક કટિ હાથ ધરીને, નાચે ઠમઠમ ઠામ;
પાયે ઘુઘરા ધમધમ ધમકે, ગાયે સ્વરોના ગ્રામ. માતા૦ ૩
એણિપરે રૂડો મહોત્સવ કરીને, મુકી જનની પાસ;
નંદિશ્વર અષ્ટાન્હિક મહોત્સવ, કરી ગયા નિજ વાસ. માતા૦ ૪
અનુક્રમે પ્રભુજી વૃદ્ધિ પામી, કર્યું પોતાનું રાજ્ય;
ક્ષણભંગુર તે ક્ષણમાં ત્યાગી, લીધુ સંયમ સામ્રાજ્ય. માતા૦ ૫
તપ કરીને પ્રભુ કેવલ પામ્યા, સ્થાપ્યું શાસન સાર;
ભવ્ય જીવોને ભવસાગરથી, પારથવા આધાર. માતા૦ ૬
શાસન સ્થાપી અસત્યકાપી કરી ઘણો ઉપકાર;
કલ્યાણ લક્ષ્મી સઘલી લેવા, ગયા મોક્ષ મોજાર. માતા૦ ૭

---

(૨)

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

( તનમનધનસે કો કોણ બડાઈ—એ રાગ. )

શાંતિ જિનેશ્વર પ્રીતે ગાઉં, ગુણગાતાં મનમાં હર્ષાઉં—એ ટેક.
કાલ અનંતો મેં છે ગમાયો, નાથ નિરંજન હાથ ન આવ્યો. સાં૦ ૧

નાથ નિરંજન હવે હું પાયો, માંનું અધ સબફૂર ભગાયો. શાં૦૨
વિશ્વ સેન નંદન કરો અંજન, ભ્રમ નસાડી કરો મન રંજન. શાં૦૩
નિરંજન કરે અંજન કેવું, ન હોય ભવમાં મંજન તેવું. શાં૦૪
નિમિત્તના અવલંબનથી એ, નિજ વિચારે ઘટના કરીએ. શાં૦૫
કલ્યાણ લક્ષ્મીના હો વિલાશી, પામી હવે હું ન રહું ઉદાસી. શાં૦૬

---

(૩)

## શ્રી શાંતિનાથ સ્તવન

( આવો આવો પાસજી મુજ મલીઆરે–એ રાગ )

આજે મુને **શાંતિનાથ** જ મલીયારે,
મારા મનના મનોરથ ફલીઆ....આજે મુને....૧
પ્રભુ **શ્રીયામાં** આપ બિરાજો રે, ચૌતીસ અતિશય છાજે રે,
ચૌદ રાજના છો તમે સ્વામી....આજે મુને....૩
દેશ દેશના જાત્રુ આવે રે, મહીમા સુણી હરખાવે રે;
**નમી** વંદીને પાવન થાવે....આજે મુને....૪
કબજે આવ્યારે હવે નાથરે, સોલમા છો શાંતિ નાથરે;
મુને આપોને શિવપુર સાથરે....આજે મુને....૫
સંવત **ઓગણીસે સીતોતેર** સાલરે, જેઠ શુદ પુનમનો હારરે.
**કલ્યાણમુનિને** તારે રે........આજે મુને....૬

---

(૪)

## શ્રી નેમનાથ સ્તવન

મારા પ્યારા **નેમજી** શ્યાને છોડોને મુજને રોવતી,
ભોગ કરમનો અંત અમારે, અવસર લેશું જોગર. મારા૦ ૧

હવે તું કાલાવાલા કરીને, કિમ વલગાડે રોગરે;
મારી રાજુલ પ્યારી, સહેસાવનમાંરે દીક્ષા ધારશું. મારા૦ ૨
નવ ભવની તમે પ્રીત તોડો છો, માંડો હઠ અપાર;
તીર્થંકર સહુ નારી વરીને, પામ્યા ભવનો પારરે. મારા૦ ૩
તીર્થંકર જે ભોગી પરણ્યા, તેનો છે નહી રોષ;
ક્ષીણ ભોગી હું શાને કારણ, કરૂં હિંસાનો પોષ. મારા૦ ૪
હિંસાથી ભય પામો પ્રભુની, તો મુજને કીમ છોડો;
વેદના મન શું નહી ગણો, ઝટકે નેહ ન તોડોરે. મારા૦ ૫
નેહ ખરો તપ જપ પ્યારી, ઉતારે ભવ પાર;
અવર નેહ સહુ જુઠા જગમાં જિનવર વચન વિચાર. મારા૦ ૬
તો હવે સંજમ દઈને મુજને, આપો શીવપુર વાસ;
મારે તો પતિ પ્યારા તમે છો, પુરોને મનની આશ. મારા૦ ૭
પ્રથમ મૂક્તિ રાજુલને મેલી, દંપતિ પ્રેમ પ્રમાણ;
કહે કલ્યાણ છે સમરણ સાહિબ, સેવો થઈ સાવધાન મારા૦ ૮

---

(૫)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(ભેખ રે ઉતારો રાજા ભરથરી—એ રાગ)

સુખકર પાસ જિનેશ્વર, જગજીવન જગનાથજી.
આપ દિવાકર માહરા, મનપદ્મની સાથજી. સુખકર૦ ૧
નયરી વણારસીના ધણી, અશ્વસેન નૃપ નંદજી;
વામા દેવીના લાડલા, તોડો કર્મના ફંદજી. સુખ૦ ૨
દીક્ષા લઈ પ્રભુ રૂયડી, ધરતા અહોનીશ ધ્યાનજી:
રાગદ્વેષ દૂરેકરી, પામ્યા કેવલજ્ઞાનજી. સુખ૦ ૩

સમવસરણે બિરાજીને, દેતા શુદ્ધ ઉપદેશજી;
સાંભલતાં સુખ સંપજે, રહે નહિ દુઃખનો લેશજી. સુખ૦ ૪

સંખ્યાતીતોને ઉદ્ધર્યા, વચન તણો વિલાસજી;
શૈલેશી કરી ચૌદમે, પામ્યા પ્રભુ શીવવાસજી. સુખ૦ ૫

ગુરૂ **ઉદ્યોત** પ્રભાવથી, પુણ્યોદયે ગાયા પાસજી;
**કલ્યાણ** છે મોક્ષનો લાલચુ પૂરો આપી તસ આશજી. સુખ૦ ૬

---

(૬)

## શ્રી મહાવીર સ્તવન

ભવિ પૂજો શુદ્ધ મન ભાવસે. પ્રભુ **મહાવીર** હિતકારી હે,
**તીન** લોકમેં દેવ ન એસે, વીતરાગ મહાવીર હે જેસે.
**વરનન** મુખસે કરૂ મેં કેસે, સર્વ ગુણોં કે ધામ હે.
નહિ સંગમેં જસ નારી હે, પ્રભુ મહાવીર હિતકારી હે. ૧

અષ્ટાદશ દુષણકો ટારી, દ્વાદશ ગુણોકો લીના ધારી;
પારકીયે ભવજલ નરનારી, કરૂણા નજર નિહારકે;
પ્રભુ તુમારી બલિહારી હે, પ્રભુ મહાવીર હિતકારી હે. ૨

ક્રોધી માની દેવ વિકારી, કયા દેવેંગે આપ ભિખારી;
તુમ સે સબકી તાપ નિવારી, દાન દયા દીલ ખોલકે;
તુમ મૂર્તિ અતિ પ્યારી હે, પ્રભુ મહાવીર હિતકારી હે. ૩

અરજ કરૂ સુનો અંતર જામી, જ્ઞાન દાન દ્યો તુમ નહિ ખામી,
તારણ તરણ બિરૂદહે નામી, તારો સેવક જાનકે;
અબ અરજ યહી મ્હારી હે, પ્રભુ મહાવીર હિતકારી હે. ૪

**મોહન ઉદ્યોત** સુખસે પાવે, ગુરૂકે વચન સે જો ગુણ ગાવે;
**કલ્યાણ** કહે ભવ ભવ મિટ જાવે, દરિશનસે જિનરાજકે;
મહિમા જીનકી ભારે હે, પ્રભુ મહાવીર હિતકારી હે. ૫

---

श्री विजयनेमसूरीश्वरजी
शिष्य
श्री विजयअमृतसूरीजी महाराज



પંન્યાસ પદ સં. ૧૯૮૫

આચાર્ય પદ સં. ૧૯૯૨

જન્મ સં. ૧૯૫૨ દીક્ષા સં. ૧૯૭૦

( ૩૩ )

# શ્રી વિજયનેમિસૂરીશ્વર
શિષ્ય–
# શ્રી વિજયઅમૃતસૂરી

રચના : સં. ૧૯૭૮

શાસનસમ્રાટ્ શ્રી વિજયનેમિસૂરિજીના શિષ્ય કવિરત્ન શ્રી વિજય અમૃતસૂરિજીનો જન્મ મહાગુજરાતના સૌરાષ્ટ્રમાં બોટાદ ગામના દેશાઈ કુટુંબમાં થયો હતો. વિ. સંવત ૧૯૫૭નું એ વર્ષ હતું. ઉત્તમ સંસ્કારોને લીધે વૈરાગ્ય વાસિત થઈ સં. ૧૯૭૧માં રાજસ્થાન પ્રદેશના ગામ જાવાલમાં તેઓશ્રીને દીક્ષા આપવામાં આવી હતી ઉત્તરોત્તર શાસ્ત્રાભ્યાસ વધાર્યો ને સંવત ૧૯૮૫માં મહુવા મુકામે આચાર્યશ્રીએ તેમને પંન્યાસ પદ અર્પણ કર્યું. તેઓની વિદ્વત્તાથી પ્રસન્ન થઈ ગુરુશ્રીએ તેઓશ્રીને સં. ૧૯૯૨માં અમદાવાદ શહેરમાં આચાર્ય પદવી આપી હતી. સંસ્કૃતમાં તેઓશ્રીએ **સપ્તસંધાન મહાકાવ્ય** પર ટીકા કરી છે. જેમાં એક એક શ્લોકના સાત સાત અર્થ કર્યા છે. તે સિવાય બીજી સંસ્કૃત રચનાઓ પણ કરી છે. ગૂર્જરભાષામાં પણ તેઓશ્રીએ કાવ્ય રચનાઓ કરી છે. જેમાં વૈરાગ્ય શતક હરિગીત છંદમાં બનાવ્યું છે જે પ્રસિદ્ધ થયું છે. શ્રી કુમારપાળ મહારાજા કૃત આત્મનિંદા બત્રીશીનો ગૂજરાતીમાં હરિગીત છંદમાં અનુવાદ કર્યો છે. તેઓશ્રી પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર છે ને નૈસર્ગિક કવિ પણ છે. તેઓશ્રીને હસ્તે શાસનના સુંદર કાર્યો થયાં છે. ખાસ કરીને તેમના ઉપદેશથી મુંબઈના પરામાં **દોલતનગર**માં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની દેરાસરની પ્રતિષ્ઠા કરવામાં આવી છે ને દોલતનગરમાં જ્ઞાન મંદિર–આયંબિલ ખાતું પણ સ્થાપવામાં

આવ્યું છે, જ્યાં જૈનોની સારી વસ્તિ લાભ લે છે. અમદાવાદમાં ધનાસુતારની પોળમાં જ્ઞાનમંદિર સ્થાપવામાં આવ્યું છે. તેમજ બોટાદમાં શ્રી હર્ષવિજય જ્ઞાનમંદિર તેમના ઉપદેશથી થયું છે. તથા પાઠશાળા પણ કરવામાં આવી છે.

હાલમાં તેઓશ્રીનું ચાતુમાર્સ મુંબઈ દાદર મોટા દેરાસરના ઉપાશ્રયમાં છે. તેઓશ્રીના વિદ્વાન શિષ્ય ધુરંધરવિજયજી પણ એક મહાકવિ છે.

આ સાથે તેમના પાંચ સ્તવનો લેવામાં આવ્યા છે.

## સાહિત્ય રચના

### સંસ્કૃત

૧ સપ્તસંધાન મહાકાવ્ય પર–સરણી નામની ટીકા.
૨ સ્યાદવાદ કલ્પલતાવતારિકા.
૩ સર્વજ્ઞ સિદ્ધિ (સર્વહિતા–ટીકા)
૪ સંસ્કૃત ચૈત્યવંદન ચોવીશી.

### ગુજરાતી

૧ સ્તવન ચોવીશી. ૨ જિન સ્તુતિ ચોવિશી ૩ વૈરાગ્યશતક.
૪ મહારાજ કુમારપાલ કૃત આત્મનિંદા બત્રીશીનો અનુવાદ–કાવ્યમાં

---

(૧)

## શ્રી રૂષભદેવ સ્તવન

(શાસનનાયક શિવસુખદાયક જિનપતિ–એ રાગ)

શ્રીમન્નાભેય[૧] દેવ નમું નિત્ય નેહથી મહારા લાલ
અનુપમ અનુત્તર[૨] ધર્મ પ્રકટ થયો જેહથી ,, ,,
ભવિ હિતકર સર્વાર્થને[૩] ત્યાગી જે પ્રભુ– ,, ,,
ચવીયા દક્ષિણ ભરતે સુસેવ્ય એહિજ વિભુ ,, ,, ૧

જાણી જન્મ સુરેન્દ્ર સુરોથી પરિવર્યો મ્હારા લાલ
જઈ [૪]સુરશૈલ સુસ્નાત્રકરે ભકિત ભર્યો ,, ,,
[૫]અન્વર્થી અન્વર્થ કરે નિજ નામને– ,, ,,
ભૂલે [૬]સુમનસ કેમ વિવેકના ઠામને ,, ,, ૨

ત્યાગી રાજ્ય સામ્રાજ્ય ચારિત્રનું સ્થાપીને મ્હારા લાલ
લઈને ચોથું નાણુ કર્મને કાપીને ,, ,,
વર્જિત [૭]દ્વન્દ્વ જિનેન્દ્ર સમાધિથી ફરે– ,, ,,
મહિતલ માંહે ધ્યાન એકાગ્રપણે કરે ,, ,, ૩

[૮]ઉભયાવરણીય મોહ તથા અન્તરાયને મ્હારા લાલ
હણી લઈ દંસણ નાણ ચડીને સિંહાસને ,, ,,
દેશના દઈ જિનરાજ તાર્યો બહુ ભવ્યને ,, ,,
[૯]નિર્યામક ઉપમાન ન છાજે અન્યને ,, ,,

વેદનીય, નામ, ગોત્ર, આયુનો ક્ષય કરી મ્હારા લાલ
સિદ્ધ શિલા શણગાર તેં મુક્તિ વધૂ વરી ,, ,,
જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વિષે જે વર્ણવ્યા ,, ,,
પંચ કલ્યાણક સાર તે શ્રવણે સાંભળ્યાં ,, ,, ૫

સાંભળી સંતોષ થાય પરન્તુ દૃષ્ટિથી મ્હારા લાલ
દ્યો દર્શન મુજ દેવ કૃપાસર વૃષ્ટિથી ,, ,,
એ વિનતિ શ્રી રૂષભ જિનેસર ચિત્ત ધરે ,, ,,
નેમિ સૂરીશ્વર શિષ્ય **અમૃત** પદને વરે ,, ,, ૬

---

૧ શ્રીમદ્ નાભેય–કેવલ જ્ઞાનરૂપી લક્ષ્મીવાલા એવા, નાભિ રાજાના પુત્ર
૨ અનુત્તર=જેનાથી બીજું કંઈ મોટું નથી ૩ પાંચમુ અનુત્તર દેવવિમાન
૪ મેરુપર્વત ૫ નામ પ્રમાણે ગુણવાલા ૬ દેવ, પંડિત, ૭ જોડલું (રાગદ્વેષ)
૮ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય ૯ ખલાસી. ભવસમુદ્રનો પાર પમાડનાર

(૨)

## શ્રી શાંતિનાથ જિનસ્તવન

(પ્રથમ જિનેશ્વર પ્રણમીએ—એ રાગ)

શાંતિ જિનેશ્વર માહરો, ઈહ ભવ પરભવ દેવ;
શાંત રસેથી ભરીયો દરીયો, જિનપતિ નિત્ય કરૂં તુંજ સેવ. ૧
ગુણગણુ તુજ આશ્રય કરે, જસ નહિં આશ્રય કોય;
જે દોષોને દેવો પણ સંગ્રહ કરે, ચિંતા તસ કેમ હોય. ૨
હિંસક પ્રાણી જન્મનાં, શત્રુ સિંહ પ્રમુખ;
તે પણ શાન્ત બનીને, શત્રુતા તજે, દેખી પ્રભુ તુજ મુખ. ૩
મારૂં મનજલ મોહથી, મલિન નહિં શિવ યોગ્ય;
કતકે તુજ ધ્યાને જો નિર્મલતા ધરે, તો થાયે શિવ યોગ્ય. ૪
ષટ ખંડો નવનિધિ તથા, તજીને ચૌદે રત્ન;
ત્રિભુવન નાયકતાને પામ્યા છો પ્રભુ, અચરી જ આપ પ્રયત્ન. ૫
પારેવાને પરભવે, આપ્યું સર્વ શરીર;
હસ્તાલંબન આપો તો પણ મેલવું; આત્મરિદ્ધિ થઈ ધીર. ૬
ભવ અટવી સથ્થવાહ છો, કરુણા સાગર ઈશ;
**અમૃત** પદની આશ ધરે છે તુજથકી નેમિસૂરીશ્વર શિષ્ય. ૭

---

(૩)

## શ્રી નેમિનાથ જિનસ્તવન

(હાંરે મારે ઠામ ધર્મના સાડા પચવીસ દેશ જો)

હાંરે મારે નેમિ જિનેશ્વર સુમતિ દાયક દેવ જો,
દર્શન પુણ્ય ઉદયથી એહનું પામીયે રે લોલ;
હાંરે મારે વિજ્ઞાનાઢ્ય સુસિદ્ધિનાયક નાથ જો,
કુસુમ સુગંધ શરીર નિધાન દયા તણો રે લોલ. ૧

પ્રભુ પાદ પદ્મ પૂજીને ગુણ ગણ ગાય જો,
અમૃત ભ ક્ત કરતા નંદન વાસીયો રે લોલ;
હાંરે મારે અતિ લાવણ્ય પ્રકાશક સૂર્ય સ્વરૂપ જો,
નયન કમલથી દેખી ગીર્વાણો નમે રે લોલ. ૨
હાંરે મારે વિદ્યાધરનો વૃન્દ નમે બહુમાન જો,
પૂજી અક્ષય ધનને પામે પ્રેમથી રે લોલ;
હાંરે મારે કસ્તૂરી સમ શ્યામ સુનિર્મલ દેહ જો,
જિત નિશાન ચઢાવ્યું, જિતી મોહને રે લોલ. ૩
હાંરે મારે સોમ સુભદ્ર સુમિત્ર વલ્લભ વીતરાગ જો,
ત્રિભુવન તિલક વાચસ્પતિ મૌક્તિક માનીએ રે લોલ;
હાંરે મારે રામ સમેરૂ, જયન્ત ભરત મહારાજ જો,
હર્ષ ધરીને સેવા, દક્ષ બની કરે રે લોલ. ૪
હાંરે મારે રાજિમતી ત્યાગીને જઈ ગિરનાર જો,
ચોપન દિવસે ઘાતી કર્મો ભેદીયાં રે લોલ;
હાંરે મારે કેવલ પામી કીધો જગ ઉપકાર જો,
નેમિ સૂરિનો સેવક અમૃત એમ ભણે રે લોલ.

---

(૪)

## શ્રી પાર્શ્વનાથ જિનસ્તવન

(સિદ્ધચક્રવર સેવા કીજે નરભવ લાહો લીજેજી–એ રાગ)

પુરિસાદાણી પાર્શ્વજિનેશ્વર, નેક નજર જરી કીજેજી;
સેવક શરણે આવ્યો સાહિબ, વિનતડી તસ લીજે
સુણજો સાહેબજી. ૧
તુજ વિણ આ સંસારે ભમતાં, જે દુઃખો મેં સહીયાંરે;
સમરતાં પણ કંપે મનડું, મુખથી જાય ન કહીયા સુણ. ૨

ક્ષુલ્લક ભવ સાડાસત્તરમેં, શ્વાસોશ્વાસે કરીયારે;
બિ તિ ચઉરિન્દ્રિયપણામાં, જન્મ મરણ દુઃખ સહીયા. સુણ. ૩
પશુપંખી ભવ પારધિ પીડયો મચ્છભવે મચ્છી ગ્રહીયોરે;
પરમાધામીના પરિતાપો, બહુ વરસો હું સહીયો. સુણ. ૪
શરણ રહિત જાણી બહુ પીડે, આંતર વૈરી મુજનેરે;
કેવલજ્ઞાન દિવાકર દેવા, કાંઈ અજાણ્યું ન તુજને. સુણ. ૫
ભવ દુઃખોથી મુક્તિ જિનજી, દેવ દયાલુ દીજેરે;
નેમિસૂરિનો અમૃત બોલે, સેવક સુખીયો કીજે સુણ. ૬

---

(૫)

## શ્રી વીરજિન સ્તવન

(હો પિયુ પંખીડા નારી ગુણાવલી નામ જો-એ રાગ)

હો પ્રભુ મુજ પ્યારા, સાંપ્રતશાસન ઈશ જો;
વિશ્વોદ્ધારક તારક ભવ્ય સમૂહનો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા, ગુણરત્નાકર આપજો;
હું અજ્ઞાને ભરીયો, દરીયો દોષનો રે લોલ. ૧
હો પ્રભુ મુજ પ્યારા અંતર વૈરી વૃન્દ જો,
જીત્યો આપે જીતાયો હું એહથી રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા, શુદ્ધ સ્વરૂપ જિનેશ જો;
હું તો વિંટાયો છું અડવિધ કર્મથી રે લોલ. ૨
હો પ્રભુ મુજ પ્યારા આપ સદા વીતરાગ જો,
રાગી થઈ હું રખડું છું સંસારમાં રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા, મેરુ જિમ તુમ સ્થિર જો,
ચંચલતા છે અતિશય મહારા ચિત્તમાં રે લોલ. ૩

હો પ્રભુ મુજ પ્યારા આપ અખંડાનંદ જો,
સંસારિક સુખ દુઃખ હિંડોલે હું ચડયો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા, મુક્તિ સિધાવ્યાં આપ જો;
આ સંસાર મહોદધિ માંહે હું પડયો રે લોલ. ૪

હો પ્રભુ મુજ પ્યારા આપ દયા ભંડાર જો,
શ્રી મહાવીર દયાનું સ્થાનક હું ઠર્યો રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા ચંડકોશીયો નાગ જો,
અતિ દુઃખો સહીને પણ આપે બુઝવ્યો રે લોલ. ૫

હો પ્રભુ મુજ પ્યારા શ્રી ગૌતમ મહારાજ જો,
સ્નેહ કરાવી સાથી કીધા મોક્ષનાં રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા તીર્થંકર પદ દાન જો,
દીધું ભક્તિભરથી શ્રેણિકરાયને રે લોલ. ૬

હો પ્રભુ મુજ પ્યારા આનંદાદિક જેમ જો,
**અમૃત** દષ્ટિ વૃષ્ટિથી સીંચો મને રે લોલ;
હો પ્રભુ મુજ પ્યારા જેમ પામું ભવપાર જો,
નેમિસૂરિ સેવક એણીપરે ભણે રે લોલ. ૭

(૩૪)

# શ્રી બાલચંદ્રજી

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છમાં મુનિ શ્રી પુનમચંદ્રજીના શિષ્ય શ્રી બાલચંદ્રજીનો જન્મ સંવત ૧૯૫૩માં ગુજરાતના મકનુપુર નગરમાં થયો હતો તેઓશ્રીના પિતાનું નામ **માધવજીભાઈ** તથા માતાનું નામ ઝવેરબેન હતું. ૧૬ વર્ષની ઉમરે તેઓશ્રીએ દીક્ષા લીધી અને શાસ્ત્રનો અભ્યાસ ઉત્તરોત્તર વધાર્યો. તેઓશ્રીનો વિહાર કચ્છ પ્રદેશમાં વિશેષ છે. તેઓશ્રીની ચોવીસી સાદી ભાષામાં તથા નવીન રાગોમાં રચાએલી છે. તે સિવાય તેઓએ બીજી ઘણી સજ્ઝાયો પણ બનાવી છે. આ સાથે તેઓના **પાંચ** સ્તવનો લીધા છે.

---

(૧)

## શ્રી ઋષભજિન સ્તવન

**(ચોવીશી રચના ૧૯૭૭ જીરાવલા મારવાડ)**

(મથુરામાં ખેલ ખેલી—એ દેશીમાં)

આદિ જિણંદ બલિહારી, શ્રીકાર આનંદકારી;
આનંદકારી આનંદકારી, આદિજિણંદ. (ટેક.)

જગજન—મંડન પાપ—નિકંદન (૨)
પ્રાણજીવન જાઉંવારી, હો નાથ જગ ઉપારી. આદિ. ૧

પરમ કૃપાનિધિ પરમ દયાલુ (૨)
જગ દાવાનલવારી, હો નાથ જગહિતકારી. આદિ. ૨

સુખ કરનારા દુઃખ હરનારા (૨)
સેવું જિણંદ મનોહારી, હો નાથ શિવસુખકારી. આદિ. ૩
કર્મો હઠાવી નિજ ગુણધારી (૨)
ધર્મધુરંધર ધોરી, હો નાથ દિલ દુઃખ વારી. આદિ. ૪
ત્રિવિધ ત્રિવિધે વંદન કરૂં છું (૨)
બાલશશી સુખકારી, હો નાથ ભવદુઃખહારી. આદિ. ૫

(૨)

## શ્રી શાંતિનાથ સ્તવન

રચના સં. ૧૯૯૧ કચ્છ નવાવાસ

( ધનભાગ્ય અમારે આંગણુ આવ્યા-એ દેશી )

ધનભાગ્ય અમારે મંદિર આવ્યા, સોલમા શાંતિનાથ;
વધાવું આજ અર્ધ્યનો થાલ, ભરી ભાવ સાથ. (ટેક)
ચંદ્ર સૂરજ સમ રૂપે જગપતિ, શાંતિના કરનાર;
ધર્મદાતા તારૂં દરિસન પ્યારૂં, નરનારી સુખકાર. વધાવું૦ ૧
જૈનધર્મનો જય વરતાવ્યો, ધન્ય તુજ અવતાર;
શાંતિદાતા તારું શાસન લાગે, ભવિજનને હિતકાર. વધાવું૦ ૨
દાન શિયળ તપ ભાવે રમતા આતમગુણભંડાર;
શર્મદાતા તું ભવિજનત્રાતા, મનવાંછિત દાતાર. વધાવું૦ ૩
સ્યાદ્વાદ સમ ધર્મપ્રરૂપક, જ્ઞાનદર્શન ધરનાર;
શ્રેયદાતા તું જગજનત્રાતા, ભવદુઃખને હરનાર. વધાવું૦ ૪
કર્મશત્રુ સમ કો નહિ શત્રુ, હણી થયા અરિહંત;
સૌમ્યતામાં પુનમશશી સમ, બાલ પૂજે ભગવંત. વધાવું. ૫

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

**રચના સં. ૧૯૯૧ કચ્છ તુંબડી**

(રાગ માઢ, દેશી—વાસુપૂજ્ય વિલાસી)

શ્રી નેમિ જિનેશ્વર છો જગદીશ્વર વંદીએ વારંવાર,
જગતના આધાર ધર્મના દાતાર વંદીએ વારંવાર. (ટેક)

બાલ—બ્રહ્મચારી નેમિ જિનેશ્વર, નિરખત નયનાનંદ;
લક્ષણ લક્ષિત નિજવપુથી, સાધ્યું પૂર્ણાનંદરે. શ્રીને. ૧

ચંદન સમાન શાંતિ કરનારા, હર્તા કર્મના વૃંદ;
દ્રષ્ટિ સુધારસ વદન મનોહર, સેવે સુરનર વૃંદરે. શ્રીને. ૨

પરમ—કૃપાલુ પરમ—દયાલુ, સ્વભાવે પરમાનંદ;
પરમ – પુરૂષ પરમ – પ્રધાન, કેવલ – જ્ઞાનાનંદરે. શ્રીને. ૩

ભવ – બીજરૂપ રાગદ્વેષને, આપે કીધા દૂર;
અગમ અગોચર અમર વિભુ, આવ્યો શરણે હજૂરરે. શ્રીને. ૪

પુનમચંદ્રસમ યશકીર્તિ, મન – મધુકર અરવિંદ;
બાલચંદ્રસમ ચડતી છે કલા, પૂજીએ પાદારવિંદરે. શ્રીને. ૫

---

(૪)

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(રચના સં. ૧૯૭૯ અમદાવાદ)

(વીર કુંવરની વાતડી કેને—એ દેશી)

પાર્શ્વ જિણંદને પ્રીતથી નિત્ય વંદું, હાંરે નિત્ય વંદુરે નિત્યવંદું.
હાંરે કીધા પાપ તે સર્વ નિકંદું, હાંરે કરી દરિસણ આજ. પા૦ ૧

વણારસી નગરી અતિ મનોહારી, હાંરે સહુ જનને અતિ સુખકારી;
હાંરે અશ્વસેનરાય રઘનારી, હાંરે વામા દેવીના નંદ. પા૦ ૨

તસ કુખે પ્રભુ પાર્શ્વજી અવતરીયા, હાંરે ત્રણ જ્ઞાને કરીને ભરીયા;
હાંરે પૂર્ણ ગુણ તણા છે દરીયા, હાંરે જનમ્યા શુભ દિન. પા૦ ૩

જન્મ ઓછવ હરિ મેરૂએ જઈ કરતા, હાંરે ઈંદ્રિ ચાર રૂપને ધરતા;
હાંરે નીરે નીરમલ કલશો ભરતા, હાંરે કરતા અભિષેક. પા૦ ૪

સંજમ વેલા સુરપતિ ભાવે આવે, હાંરે પ્રભુ હાથે દાન દેવરાવે;
હાંરે રાય દીક્ષા ઓછવ કરાવે, હાંરે કરે સહુ ગુણગ્રામ. પા૦ ૫

ચારિત્રરત્નથી નાથજી અતિદીપે, હાંરે કામ ક્રોધાદિ શત્રુને ઝીપે;
હાંરે મમતા માયા અતિ છીપે, હાંરે કીધો કર્મનો ધ્વંસ. પા૦ ૬

નિર્મલ કેવલજ્ઞાનને પ્રભુ પામી, હાંરે થયા મુક્તિ રમણીના સ્વામી;
હાંરે પુનમરાશીને શિરનામી, હાંરે તારો બાલને નાથ. પા૦ ૭

---

(૫)

## શ્રી મહાવીર સ્તવન

### રચના સં. ૧૯૯૨ કચ્છ-ડોડાય

(શી કહું કથની મારી હો રાજ-એ દેશી)

શી કરૂં કીરતી ત્હારી હો વીર? શી કરૂં કીરતિ (ટેક)

જગચિંતામણિ? જગતના ગુરૂ? જગબાંધવ? જગનાથ?
જગતચૂડામણિ? જગતઉદ્ધારક? જગપાલક? જિનનાથ? હો. ૧

જગજનસજ્જન? જગઉપકારી?, જગવત્સલ? જયકાર?;
જગહિતકારક? જગજનતારક?, જગતજંતુ સુખકાર? હો. ૨

જગત – ઇશ્વર ? જગપરમેશ્વર ?, જગજન–રક્ષણહાર;
જગત ભાવતું જાણે સ્વરૂપ તું, જગતતાત ? દુઃખહારક. હો. ૩

અશરણશરણ ? ભવભયભંજન ? પરમદયાલ ? તુંહી દેવ ?,
ભવસિન્ધુમાં અનાથનો નાથ ? તું, કરૂણા બધું ? જગદેવ ? હો. ૪


મારારે મુખમાં એકજ જીભડી, કહી ન શકું ગુણ ત્હારા;
પુનમચંદ્ર સમ કીર્તિ ત્હારી, બાલ નમે પાય ત્હારા. હો. ૫

---

**सामायिक विशुद्धात्मा, सर्वथा घाति कर्मणः**
**क्षयात्केवलमाप्नोति, लोकालोक प्रकाशकम्॥**

**અર્થ**:–આવા સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા સર્વ પ્રકારે ઘાતી કર્મનો ક્ષય કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને મેળવે છે.

ઊ. શ્રી દક્ષવિજયજી મહારાજ



પંન્યાસ પદ ૨૦૦૭

જન્મ સં. ૧૯૬૮ મેસાણા

દીક્ષા સં. ૧૯૮૭

(૩૫)

# શ્રી દક્ષવિજયજીગણિવર્ય

રચના સં. ૧૯૯૧

શાસનસમ્રાટ-**શ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મ૦ શ્રીના પટ્ટાલંકાર કવિરત્ન **શ્રીમદ્ વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦** શ્રીના શિષ્ય આ મુનિરાજશ્રીનો જન્મ મહેસાણા (ગુજરાત)માં વિ. સં. ૧૯૬૮ની સાલમાં મહેતા ચતુરભાઈ તારાચંદની ધર્મપત્ની ચંચળબ્હેનની કુક્ષીથી થયેલ છે.

જેઓશ્રીએ ૧૩ વર્ષની બાલ વયે દીક્ષાને અર્થે ચાણસ્મામાંથી નીકળી પાંચ વર્ષ સુધી હિંદુસ્તાનમાં દૂરદૂરના અનેક સ્થળે પર્યટન કરી અનેક કષ્ટો સહી અને દીક્ષાની ભાવનામાં સુદૃઢ રહી, ૧૮માં વર્ષે ૧૯૮૭માં આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ શ્રીના શિષ્ય તરીકે આચાર્યશ્રી વિજયામૃતસૂરીશ્વરજીના વરદ હસ્તે કરેડાતીર્થમાં દીક્ષા, ઉદેપુર (મેવાડ)માં વડી દીક્ષા લીધેલ છે.

જેઓશ્રીની ગણી પદવી વિ. સં. ૨૦૦૭ના વેરાવળ (સૌરાષ્ટ્ર)માં પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વર મ૦શ્રીના વરદ હસ્તે થયેલ છે.

તેઓશ્રીની પંન્યાસ પદવી ૧૫ ગણિવરોની સાથે અમદાવાદમાં પોતાના સમુદાયના આઠ આચાર્યાદિ ચતુર્વિધ સંઘ સમક્ષ વિ. સં. ૨૦૦૭માં થયેલ છે.

જેઓશ્રી બાલબ્રહ્મચારી છે, આગમ–વ્યાકરણ–ન્યાય સાહિત્ય સંગીત આદિ અનેક શાસ્ત્રોના અભ્યાસી છે.

જેઓશ્રીએ-વ્યાકરણોપયોગી સ્યાદ્યન્તરત્નાકર, સ્યાદ્યન્તપયસ્વિની,

કષ્ટવાદિપ્રકાશ અને ધાતુપારાયણ સંક્ષેપ અનુસંધાન વગેરે સુંદર ગ્રંથો રચ્યા છે.

વિવરણ સહિત જીવવિચાર પદ્યાનુવાદ
,, નવતત્ત્વ ,,
,, કર્મગ્રંથ ,,
વગેરે ધાર્મિક પાઠશાળા ઉપયોગી ગ્રંથો બનાવ્યા છે.

શાસનસમ્રાટ જીવન-સૌરભ સુંદર શૈલીમાં આળેખેલ છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વર વિરચિત લઘુવૃત્તિ વ્યાકરણના બન્ને ભાગ, ધાતુપારાયણ સંક્ષેપ, કષ્ટવાદિ પ્રકાશ, સવિધિપંચપ્રતિક્રમણાદિ, વગેરે ગ્રંથોનું સંપાદન કાર્ય કરેલ છે અને અન્ય ગ્રંથોનું કરી રહ્યા છે. (સં. ૨૦૧૩માં શ્રી સંભવનાથ ચરિત્ર ગૂજરાતીમાં રચ્યું છે જે શેઠ નગીનભાઈ મંછુભાઈ સાહિત્યોદ્ધાર ફંડ તરફથી પ્રગટ થયું છે.

જેઓશ્રીની નિશ્રામાં બીલ્લીમોરા, ગણદેવી અને કલ્યાણ વગેરે સ્થળે શાસનપ્રભાવક પ્રતિષ્ઠાઓ થયેલ છે.

મુંબઈના ઉપનગર શાન્તાક્રુઝ, મુલુન્ડ અને બોરીવલી ચતુર્માસ કરી તેઓશ્રીએ શાસનશોભામાં અભિવૃદ્ધિ કરી છે. તથા અગાસી તીર્થના મુંબઈના ઉપનગર આંગણેથી પ્રથમવાર છરી પાળતા બે વાર સંઘો કઢાવી તીર્થમાળા પહેરાવી છે. તેઓશ્રી કવિ તરીકે પ્રખ્યાત છે અને સંગીત-સરિતાના સુંદર ગ્રંથનું નિર્માણ કરેલ છે. જેમાંથી રેકર્ડો પણ ઉતરી છે. દિવસે દિવસે એમની સુંદર લેખનશક્તિ વ્યાખ્યાનશક્તિ આદિ વધે અને નિર્મલ ચારિત્રની આરાધનાપૂર્વક શાસનની પ્રભાવના કરે એજ પ્રાર્થના

આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો તથા કલશ મલી ૭ કાવ્યો પ્રગટ કર્યા છે.

## બીજી સાહિત્ય રચના

૧ દીક્ષાનો દિવ્ય પ્રકાશ ૨ જૈન ધર્મ અને તેની પ્રાચીનતા

૩ ગૌતમાષ્ક વૃત્તિ સહિત

૪ આત્મનિન્દા દ્વાત્રિંશિકા વૃત્તિ સહિત

૫ સિદ્ધચક્ર કુસુમ-વાટિકા ૬ ઋષભ-પંચાશિકા

૭ વર્દ્ધમાન-પંચાશિકા ૮ મહાવીર જીવન-સૌરભ

૯ એ તારા જ પ્રતાપે ૧૦ એ ધર્મના જ પ્રતાપે

૧૧ સંગીત સરિતા

૧૨ શ્રી સંભવનાથ ચરિત્ર પ્રકાશક નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ-સં. ૨૦૧૩.

---

(૧)

## શ્રી રૂષભજિન સ્તવન

( રાગ ગઝલ )

કેસરીયાનાથ કા વંદન, અનાદિ પાપ નિકંદન;
ધુલેવા ગાંવ કે મંડન મરૂદેવીજી કે નંદન કે. (ટેક)
કેસરકે ઢેરસે ધૂજિત, કેસરીયા નામ હે પુનિત;
અઢારહ વર્ણસે વંદિત ભૂપાલોંસે સદા સેવિત કે. ૧
પ્રતિમા હૈ ચમત્કારી, જિસે હૈ તીર્થ યહ ભારી;
સભી દેશોં કે નરનારી, પૂજનસે લાભ લેં ભારી. કે. ૨
પતિત પાવન તરનતારન, દુઃખી કે દુઃખ નિવારન;
અનાથોંકે સદા પાલન, કરો ભવપાર ઉતારન. કે. ૩
તુંહિ હૈ આદિ ભૂપેશ, તુંહિ હૈ આદિ યોગીશ;
તુંહિ હૈ આદિ તીર્થેશ, તુંહિ હૈ આદિ દેવેશ. કે. ૪
નેમિ-લાવણ્ય ચરણોંકા, ઉપાસક દક્ષ ગાવત હૈ;
જિણંદકી ભક્તિ નૌકાસેં ભવોદધિ પાર પાવત હૈ. કે. ૫

---

(૨)

## શ્રી શાંતિજિન સ્તવન

( તુમ્હીને મુજકો પ્રેમ શીખાયા–એ રાગ ) ( રાગ ભીમપલાસ )

શાંતિદાયક શાંતિ જિનરાયા તોરે ગુણગુણ ગંગમેં ન્હાયા;
જેથી કરી મેં નિર્મલ કાયા, હર્ષભરાયા, જન્મ સુહાયા,
આનંદ આજ અપાર–જિનજી ૧ આનંદ આજ અપાર. શાંતિ. ૧
દુઃખ દોહગને દૂર ભગાયા, નીરખી હરખી ત્રિભુવનરાયા;
આનંદ આજ–અપાર જિનજી, આનંદ આજ અપાર. શાંતિ. ૨
શાંતિનિકેતન શાંતિજી પાયા, શાંતિ સુધારસ પાન કરાયા;
આનંદ આજ અપાર–જિનજી, આનંદ આજ અપાર. શાંતિ. ૩
પતિત–પાવન સોવન–કાયા, સુરપતિ સેવિત હૈં તુજ પાયા;
આનંદ આજ અપાર જિનજી, આનંદ આજ અપાર. શાંતિ. ૪
વિશ્વસેન નૃપ અચિરા જાયા, નેમિ–લાવણ્ય સેવકે ગાયા;
દક્ષવિજય જયકાર–જિનજી, દક્ષવિજય જયકાર શાંતિ. ૫

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

( રખીઆ બંધાવો ભૈયા, શ્રાવણુ આ . યા...રે એ રાગ )

ભવિયા ભવાબ્ધિ–નૈયા તારક પાયારે; તારક પાયારે
તારક પાયારે ભવિયા. (ટેક)

શિવા દેવીના જાયા, નેમિ જિણંદ રાયા;
સમુદ્ર કુલ સુહૈયા તારક પાયા રે. ભવિયા. (૧)

પશુઓને ઉગારી, તજી રાજુલ નારી;
ગિરનારે જઈ રહીયા, તારક પાયા રે. ભવિયા. (૨)

જિહાં સંજમ લીયા, કેવલ મોક્ષ પાયા;
ત્રેણુ કલ્યાણુક ગેયા તારક પાયા રે. ભવિયા. (૩)
શંખ લંછન ધારી, બાલથી બ્રહ્મચારી;
પૂજો સુધારો જૈયા–કારક પ્રાયા રે. ભવિયા. (૪)
નેમિ લાવણ્ય ધામી, પુણ્યે ઉદયે પામી;
દક્ષ સુકાની સૈયા–તારક પાયા રે. ભવિયા. (૫)

---

(૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(મેરે મૌલા બુલાયો મદીને મુઝે–એ રાગ)

વામાનંદનને ભવિ ભાવે ભજો, પૂજો થંભણુ પાસને પાપ તજો(ટેક)

શેર-

મૂર્તિ અનુપમ શાંતિકારી, જે સદા મંગલ કરી;
સંસાર સાગર તારનારી, તરણુ તારણુ ને તારી.
સેવો શાન્તસુધારસ પાન કરી. વામા૦ ૧

ધરણેંદ્ર દેવે ભાવથી, પાતાલ પતિએ પ્રેમથી;
સૌધર્મ ઇંદ્રે દીલથી, પૂજી પ્રતિમા માનથી.
લાખો વર્ષો સુધી મન નેહ ધરી. વામા૦ ૨

રામલક્ષ્મણુ ધ્યવતા, બસે ઓગણી દિનો થતા;
લંકાબ્ધિને થંભાવતા, સીતાસતીને પાવતા.
જેઓ સ્થંભનપાર્શ્વ એ નામ કરી. વામા૦ ૩

અભયદેવ સૂરીસરા, ધરણેંદ્રની વાણી સુણી;
જ્યતિહુઅણુથી થુણી, નિજ કુષ્ટ વ્યાધિને હણી.
દેવ દર્શનથી દિવ્ય દેહ ધરી. વામા૦ ૪

નાગાર્જુને નિજ સિદ્ધિ સાધી, કોટી વેધી રસ તણી;
જે મૂર્તિના આલંબને, કોટી ગયા મુક્તિ ભણી.
નેમિ લાવણ્ય દક્ષની મોક્ષ કરી. વામા૦ ૫

---

(૫)

## શ્રી મહાવીરજિન સ્તવન

(છોડી બડી ગૌઆ રે, ચરાવે પેલા કાનજી–એ રાગ)

મહાવીર સ્વામી રે, ભાવથી કરૂં વંદના,
ભાવથી કરૂં વંદના ભાવથી કરૂં વંદના મહા૦ (ટેક)
ત્રિશલાનંદન પાપ નિકંદન, વદન પુનમચંદ–ભાવથી. મહા૦ ૧
જગ જન રંજન તુંહિ નિરંજન, દર્શન નયનાંદન ભા. મહા૦ ૨
લોક અલોક પ્રકાશક લાયક, કેવલ નાણ દિણંદ–ભા. મહા૦ ૩
ભવ્ય કમલ જન બોધક તારી, જીવન જ્યોત અમંદ–ભા. મહા૦ ૪
શાસન નાયક શિવસુખદાયક, પાયક સેવક વૃંદ–ભા. મહા૦ ૫
તરણ તારણ ભવદુઃખ વારણ, કારણ શિવતરૂ કંદ–ભા. મહા૦ ૬
ગુણરયણ રયણાયર ધ્યાવું, વર્ધમાન જિણંદ–ભા મહા૦ ૭
નેમિસૂરીશ્વર પટ્ટપ્રભાકર, સૂરિ લાવણ્ય મુણીંદ–ભા. મહા૦ ૮
તસ પદપંકજ દક્ષ ભ્રમરનાં, કાપો ભવભવ ફંદ–ભા. મહા૦ ૯

---

(૬)

## ચોવીશીનો કળશ

(હરિગીત છંદ)

તપગચ્છ ગગને ગગનમણિસૂરિ–ચક્રવર્તિ જગગુરૂ,
શ્રીમદ્વિજયનેમિસૂરીશ્વર–પદનંદન સુરતરૂ;
સકલવિદ્યા–સાગર ગુરૂરાજ ગુણગણ આગરૂ,
શ્રીમદ્વિજયલાવણ્યસૂરિ રાજપદકજ મધુકરૂ. ૧

શિશુ દક્ષવિજયે એક રંગે ચિત્ત ચંગે એ રચી,
ચોવીશ જિનની સ્તવનમાલા રાગ નૂતનથી શુચી;
સરસ સુરભિ ભક્તિ કુસુમો, જિનતણા ગુણમાં ગુંથી,
ચોમાસુ રહી થંભણપુરે, નિજ પર હિતાર્થે હેતથી ૨

નિખિલ નિર્મલ અનલ નિધિનિધિ ચંદ્ર વિક્રમ સંવતે, ૧૯૯૧
જે વિબુધજન મનરંજની, શુભભાવ સંગત રંગતે;
નિજ કંઠમાં જે પ્રાણી એને પ્રેમથી ધારણ કરે,
તે સંપદા સૌ પામીને ભવસિન્ધુ સ્હેજે તરે. ૩

---

## સાથીઓ કરતી વખતે ભાવનાના દુહા.

**પ્રથમ ત્રણ ઢગલીઓ અને અર્ધશિલા કરતી વખતે ભાવવું કે—**

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર. ૧

### હવે સાથીઓ કરતી વખતે.

અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરે અવતાર;
ફળ માગું પ્રભુ અગળે, તાર તાર મુજ તાર. ૧

સંસારિક ફલ માગીને, રવડ્યા બહુ સંસાર;
અષ્ટ કર્મ નિવારવા, માગું મોક્ષ ફળ સાર. ૨

ચીહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાલ;
પંચમ ગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ. ૩

૩૬

# શ્રી કર્પૂરવિજયજી શિષ્ય-
# શ્રી વિજયઅમૃતસૂરિજી

ચોવીસિ રચના સં. ૧૯૯૪

આ મુનિવરનો જન્મ સં. ૧૯૫૫માં થયો હતો તેઓશ્રીએ સં. ૧૯૮૦માં શ્રી કપૂરવિયજજી પાસે દિક્ષા અંગીકાર કરી હતી ને ખેડામાં સં. ૧૯૯૧માં પંન્યાસ પદ અર્પણ કરવામાં આવ્યું હતું. સંવત ૧૯૯૯માં અમદાવાદમાં વિદ્યાશાળાના ઊપાશ્રયે પરમ પૂજ્ય શ્રી સિદ્ધિસૂરિદાદાના હાથે આચાર્ય પદવી આપવામાં આવી હતી.

તેઓશ્રીએ ૨૦ પૂજાઓ રચી છે. ને તે પૂજાઓ સુંદર રસપૂર્વક ભણાવે છે. પોતે કવિ છે ને ઘણાં સ્તવનો પણ રચ્યાં છે.


મોટે ભાગે કચ્છ હાલારમાં ઘણાં ચાતુર્માસ કર્યા છે. અને વડાણા જામનગર, કરિયાણી. ભાણાવાડ, રાસંગપુર, લાખાબાવળ, રાજકોટ સીટી, સદર, બગસરા વીગેરે સ્થળોએ તેઓશ્રીના સાનિધ્યમાં પ્રતિષ્ઠાઓ થઇ છે. તેઓશ્રીના પાંચ સ્તવનો આ સાથે પ્રસિદ્ધ કરીએ છીએ.

**સાહિત્ય રચના**

૧ સ્વાધ્યાય સુધારસ
૨ સ્તવનામૃત સંગ્રહ
૩ ચતુર્વિશંતિ જિન ચૈત્યવંદનાદિ
૪ જય વિજય કથાનક
૫ ૧૧ લેખામૃત સંગ્રહ ભા. ૧/૬
૧૨ આત્મપયોગીજ્ઞાનામૃત
૧૩ સોમ ભીમ કથા
૧૪ સંક્ષિપ્ત શ્રાદ્ધધર્મ ભાગ ૧
૧૫ હોલિકા વ્યાખ્યાન
૧૬ મંગળ કલશ
૧૭ પ્રભુ મહાવીર દેવ
૧૮ વિવિધ પૂજામૃત સંગ્રહ
૧૯ જિનેંદ્ર પૂજા સંગ્રહ
૨૦ જિનેંદ્ર પૂજા પિયૂષ
૨૧ મહા સતી સુલસા
૨૨ અક્ષય તૃતિયા ( સચિત્ર )
૨૩ જ્ઞાન ઝરણાં

શ્રી સિદ્ધિસૂરીશ્વર (બાપજી)ના પ્ર શિષ્ય–
શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ

પંન્યાસ પદ સં. ૧૯૯૨



આચાર્ય પદ સં. ૨૦૦૮, અમદાવાદ

જન્મ સં. ૧૯૫૫ ]

[ દીક્ષા સં. ૧૯૮૦

(૧)

## શ્રી આદિનાથ સ્તવન

(રાગ સિદ્ધાચલના વાસી)

અયોધ્યાના વાસી પ્રભુને વંદુ વારંવાર પ્રભુને.
પ્રથમ તિર્થપતિ આદિનાથ આદિરાય આદિ યમિનાથ
આદિ ભિક્ષાકાર પ્રભુને. ૧

માતા મરૂદેવીના નંદ, નાભિરાયા કુલ મંડનચંદ
દેવો સેવાકાર પ્રભુને. ૨

પ્રભુ તુજ મૂર્તિ મનોહારી, વીતરાગતા સમર્પનારી
સેવક મંગલકાર પ્રભુને. ૩

આંખડલી તુજ અવિકારી, ભવના તાપ નિવારનારી
નીરખી આનંદકાર પ્રભુને. ૪

મુખડું તારૂં હરખકારી, દર્શન કરતાં દર્શનકારી
આપે સુખભંડાર પ્રભુને. ૫

રામા હીન તુજ અંક છે પ્યારા, શસ્ત્ર રહીત તુજ કર છે સારા
નહી જપમાલા પ્રચાર પ્રભુને. ૬

વીતરાગ તું સ્વામી સાચો, પૂજે નહિ તે જ્ઞાનમાં કાચો
તેહ ભટકે સંસાર પ્રભુને. ૭

શંકર વિષ્ણુ બ્રહ્મા શુદ્ધા, તુંહિ પુરૂષોત્તમ તુહિ બુદ્ધા
તુંહિ જગ તારણહાર પ્રભુને. ૮

ત્રાતા તુંહિ તુંહિ ભ્રાતા, તુંહિ પ્રભુ જગ વિખ્યાતા
તું જગ પ્રાણાધાર પ્રભુને. ૯

બુદ્ધયાનંદને હર્ષ અપારા, ગુણ પુષ્પોના તું ભંડારા
સિદ્ધાચલ શણગાર પ્રભુને. ૦૧
કર્પૂર સમ તુજ નિર્મલ પાદા, સેવત પાવત સુખઅમંદા
પદ અમૃત દાતાર પ્રભુને. ૧૧

---

(૨)

## શ્રી શાંતિનાથજિન સ્તવન

(રાગ–માઢ)

શાંતિ જિન પ્યારા, દુઃખ હરનાર, દીજીએ મોક્ષનું ધામ
પ્રભુ શાંતિ પદકારા, ભવ ભયહારા, જીવનના આધારા
દીજીએ મોક્ષનું ધામ

સંસાર દાવાનલમાં બલીયો, આવ્યો તુમારે રાજ
જો બચાવો તો તુમે બચાવો, નહિ તો બલશું આજરે શાં૦ ૧
મેઘરથ ભવે તુજને વ્હાલું, અભયદન ખાસ
દેહની પણ પરવા વિન કીધે, રાખ્યો પારેવો પાસરે શાં૦ ૨
સાંભલી એમ જિન હું આવ્યો, તોડવા ભવનો પાસરે
તાયી રક્ષો રક્ષો મનેરે, થાશે પુરી મમ આશરે શાં૦ ૩
આટલી અરજી ઉરધરીને, નેહે નિહાલો દાસ
એકવાર જો સામું જુઓ તો, થાયે જ્ઞાન પ્રકાશરે શાં૦ ૪
તારી મૂરતિ મોહનગારી, નિરખી ચિત્તોલ્લાસ
સિજ્જંભવાદિક અનેક તરિયા, પંચાંગી લઈ વાસરે શાં૦ ૫
વચનના વૈરિનો સંગ પણ, દૂર્ગતિનો આપે વાસ
દયા કરીને કિંકર ઉપર, આપો મુક્તિ વાસરે શાં૦ ૬
બુદ્ધયાનંદને હર્ષ આપો, જ્ઞાન પુષ્પભંડાર
કર્પૂરસમ ઉજ્વલ તુજ ચરણો, અમૃતપદ દાતારરે શાં૦ ૭

(૩)

## શ્રી નેમનાથજિન સ્તવન

(રાગ–વીરજયંતિ વીરની)

ગઢ ગિરનારે નેમિ જિનને, વંદુ ક્રોડોવાર. જિનને.
ગુણગણના ભંડાર, જિનને વંદુ ક્રોડોવાર.
પશુડાંની પણ અરજ સુંણીને, રાજુલ રતિ સમનાર તજીને
ચલે ગયે ગીરનાર. જિનને૦ ૧
બાલપણે તુમે બ્રહ્મચારી, હું પાપી છું કામાચારી;
મુજ દોષ અપાર. જિનને૦ ૨
રાણી શિવા જનનીના જાયા, રાય સમુદ્ર વિજય કુલરાયા
યદુવંશ શણગાર. જિનને૦ ૩
નિરૂપાધિક તુજ મૂરતિ દેખી, હઇડામાં જે અતિશય હરખી;
પામ્યા ભવ નિસ્તાર. જિનને૦ ૪
હું પણ આવ્યો આશા ભરિયો, સંસાર મોટો ઝેરનો દરિયો;
મુજને પાર ઉતાર. જિનને૦ ૫
આપ તરી પર તરાવનારા, કર્મ જીતીને જીતાવનારા;
સુજ્ઞાન દર્શન ધાર. જિનને૦ ૬
બુદ્ધયાનંદ હરખ દેનારા, પુષ્પ કર્પૂર તુજ ભજનારા;
અમૃત પદ દાતાર. જિનને૦ ૭

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રા–સિદ્ધચકપદ સાર ભવિકા)

પાર્શ્વપ્રભુ મંગલકાર ભવિકા, પાર્શ્વ પ્રભુ મંગલકાર
અમે વંદિયે વારંવાર–ભવિકા.

વામા જાયા વાસવ ગાયા, ભવિ જીવ હિતકાર–ભવિકા
અશ્વસેનરાય કુલે આયા, પારસપતિ આધાર–ભવિકા ૧

કૃપાનિધિ તુમે કૃપા કરીને, નાગ બચાવણહાર–ભવિકા
તેમ દાવાનલ સમાન ભવથી, મુજને કાઢો બ્હાર–ભવિકા ૨

પ્રિયા પ્રભાવતી રોતી છોડીને, ક્રુર તજ્યો સંસાર–ભવિકા
ઉપસર્ગની તુમે ફોજ હઠાવીને, લીધુ કેવલ ઉદાર–ભવિકા ૩

આપ ગયા પ્રભુ શિવવહુ સેજે, હું રઝલ્યો સંસાર–ભવિકા
જે તુમારૂં નામ લીયે હેજે, તે ઘરે મંગલ સાર–ભવિકા ૪

તુજ મૂરતિ તુજ આગમ સારા, કાલ ઝેર ચૂસનાર–ભવિકા
જે સેવે તે શિવસુખ પાવે, પામે સુર અવતાર–ભવિકા ૫

બુદ્ધયાનંદને હરખ આપો, સુજ્ઞાન પુષ્પની લાર–ભવિકા
કર્પૂર સમામલ ચરણ સેવિને, પાવે પદ્માભૃત સાર–ભવિકા ૬

---

(૫)

## શ્રી વીરજિન સ્તવન

( રાગ સિદ્ધાચલના વાસી )

કુણ્ડલપુરના વાસી વીરને, વંદુ અપરંપાર. વીરને૦
ત્રીજાભવમાં તપ કરીને, ભાવદયા હૃદયે ધરીને
નિકાચ્યું તીર્થ ઉદાર. વીરને૦ ૧

જેહને પંચકલ્યાણક જાતા, ઉપજે નારકને પણ શાતા
લોક તિમિર દલનાર. વીરને૦ ૨

પ્રાણુત સુર લોકથી આવી, માતા ત્રિશલાકુખ દીપાવી
જ્ઞાત કુલે આધાર. વીરને૦ ૩

ચૈતરસુદિ તેરસે જાયા, છપ્પન દિક્કુમરી મન ભાયા
મહિમા જન્મ અપાર. વીરને૦ ૪
ઈન્દ્રાસન અચલ ચલૈયા, ઈન્દ્રે સુઘોષા ઘંટ બજૈયા
અમરોને સુખકાર. વીરને૦ ૫
દેવગિરિ પર ઈંદ્રો જાયે, સ્નાત્ર કરીને પાવન થાયે
સુંદર દર્શનકાર. વીરને૦ ૬
જન્મ થકી ત્રિજ્ઞાન ધરૈયા, પાઠકની પણ શંકા હરૈયાં
મુજ મોહ ટાલણ હાર. વીરને૦ ૭
દાન વરસી પ્રભુને દૈયા, જીવોના દલદર ટલૈયાં
ભવદુઃખ તે હરનાર. વીરને૦ ૮
ત્રીસે વરસે ઘર તજયા, સંયમ લઈ તપ તપૈયા
કર્મ અરિક્ષયકાર. વીરને૦ ૯
તીર્થપતિએ કેવલ લૈયા, દેવે સમવસરણ કરૈયા
દેશના મંગલકાર. વીરને૦ ૧૦
પાવન થૈં તુજ બિંબ કરૈયા, લઘુકરમી હૃદયે ધરૈયા
થાય ભીતિ સંહાર. વીરને૦ ૧૧
મૂરતિ તુજ દેખી બરૈયા, ભારે કરમી પાપ ભરૈયા
તે ભમિયા સંસાર. વીરને૦ ૧૨
આઠકરમનો નાશ કરૈયા, આનંદે શિવ વહુવરૈયા
હું પણ ચાહું અપાર. વીરને૦ ૧૩
બુદ્ધયઃનંદને હર્ષ ભરૈયા, પુષ્પ કર્પૂર કાજ સરૈયા
અમૃતને હિતકાર. વીરને૦ ૧૪

૩૭

# પંન્યાસ શ્રી ધુરંધરવિજયજી

ચોવીસી રચના સં. ૧૯૯૫

આ શિઘ્રકવિનો જન્મ ભાવનગરમાં સં. ૧૯૭૫માં શ્રેષ્ઠી. પીતાંબરદાસ જીવાભાઈ ને ત્યાં થયો હતો.

ચૌદ વર્ષની ઉમ્મરે પોતાના પિતાશ્રીની સાથે સં. ૧૯૮૮માં શ્રી વિજય નેમિસૂરિના શિષ્ય શ્રી વિજય અમૃતસૂરિને હાથે દીક્ષા અંગીકાર કરી નામ મુનિશ્રી ધુરંધર વિજયજી રાખવામાં આવ્યું પિતાશ્રીનું નામ મુનિશ્રી પુણ્ય વિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષા પછી આઠ વર્ષ સુધી વ્યાકરણ-સાહિત્ય ન્યાય-સિદ્ધાંત તથા જ્યોતિષ વગેરેનો સારો અભ્યાસ કર્યો તેઓશ્રીએ તિથિચિન્તામણી નામના જ્યોતિષ ગ્રંથની "પ્રભા" નામની વ્યાખ્યા બનાવી છે.

સૂરિ સમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પાસે તથા પોતાના ગુરુશ્રી પાસે રહી સારો અભ્યાસ કર્યો છે.

તેઓશ્રીએ મહાપુરુષોના સુંદર આખ્યાનો રચ્યા છે. બે ચોવીસી શાસ્ત્રીય રાગ રાગણીમાં રચી છે તેઓશ્રીની કૃતિ "પરમાત્મ સંગીત રસ સ્રોતસ્વીની" ઉપર—સુરતના સંગીત વિશારદ દીનાનાથ ઊપાધ્યાયે-નોટેશન કર્યું છે. જે સંગીતના અભ્યાસીઓને ઘણું ઊપયોગી છે. 'એ શિવાય ભરેહસર સઝઝાયમાં આવેલા સર્વ સતીઓ તથા મહાપુરુષોના કાવ્યો રચ્યા છે—જે પુસ્તકનું નામ **સ્વાધ્યાય રત્નાવલિ** છે. જેમાં દરેક મહાપુરુષોના ટુંકા ચરિત્રો તથા તેમની સઝાયો રચી છે. જે ખાસ વાંચવા જેવી છે. તેઓશ્રીની દસ કૃતિઓ લેવામાં આવી છે.

## (૧)

## ઋષભજિન સ્તવન

(મેરે મૌલા બુલાલે મદીને મુઝે) એ રાહ

નાભિ નરેન્દ્ર, નંદન વંદન હો, ભવો ભવના ભય નિકંદન હો....

શેર

પ્રથમ નરપતિ પ્રથમ મુનિપતિ, પ્રથમ જિનપતિ જે થયા;
દુષ્કર્મ કાપી સંઘ સ્થાપી, બોધ આપી તારીયા....
જે ભવ્ય જીવોને યોગ થયો....નાભિનરે૦

શેર

ત્રણ ભુવનના ભાવો બધાએ, બોધનારો તું પ્રભુ;
સુજ્ઞ જીવો બુદ્ધ કહી, તેથી તને પૂજે વિભુ.
સાચો બુદ્ધ જગતમાં તુંહી થયો....નાભિ૦

શેર

જન્મી જગતમાં તેં પ્રભો, જીવમાત્રને સુખી કર્યા;
નામ માત્રથી આ અન્ય દેવો, શંકરત્વ ધરી રહ્યા,
શુદ્ધ શંભુત્વ ધારક તુંજ થયો....નાભિ૦

શેર

સમવસરણે ચઉમુખે પ્રભુ, દેશના અમૃત આપતા;
તે કારણે આ વિશ્વમાં, ચઉમુખી બ્રહ્મ તમે હતા.
એવા વિધાતાનું શુભ ધ્યાન ધરો....નાભિ૦

શેર

નેમિ અમૃતની કૃપાથી, પુણ્ય પુંજને પામીને;
મેળવ્યા મેં આ જીવનમાં, ત્રણ જગતના સ્વામીને.
ધર્મોદ્ધાર ધુરંધર દેવ મલ્યો....નાભિ૦

(૨)

## શ્રી શાંતિનાથજિન સ્તવન

( મથુરામેં સહી ગોકુલમેં સહી એ પ્રમાણે )

મારા મનમાં વસી, મારા દિલમાં વસી;
તુજ મૂરતિ વસી, પ્રભુ હસીને હસી.
ગયું માન ખસી અભિમાન ખસી.
હવે દેખું તું ને હું હસીને હસી. એ ટેક.
જે શાંતિ તુજમાં દીસે છે, તે શાંતિ અન્ય નહિ છે;
જ્યારે જોઉં હું એક નજરે, તુજ મૂરતિ દીસે છે, હસીને હસી
હતા જે શાંત અણુ જગમાં, પ્રભો તે સર્વ તુજ તનમાં;
દીસે નહિં અન્ય તુજ ઉપમા, મુખ પદ્મ પ્રભા તુજ હસીને હસી.
પ્રભો તુજ નામ છે શાંતિ, છાઈ સર્વત્ર સુખશાંતિ;
નેમિ-અમૃત પ્રભુ પુણ્યે, કરે દર્શ ધુરંધર હસીને હસી.

---

(૩)

## શ્રી નેમિનાથજિન સ્તવન

( હું અરજ કરું શિર નામિ ) એ દેશી.

શ્રી નેમિ જિનેશ્વર પ્રભુને, હૃદયે ધાર ધાર ધાર,
તે સમ નહિં અવર આ જગમાં, બીજો સાર સાર સાર. એ ટેક.
તમે બાલપણાથી બાલ્યો, કામ શત્રુને મૂલથી ટાલ્યો;
મેં હાથ તમારો ઝાલ્યો, મુજને તાર તાર તાર. શ્રી નેમિ૦

જે રતિ મદની હરનારી, ઉગ્રસેનની રાજકુમારી;
અન્યા બાલથકી બ્રહ્મચારી, ત્યાગી નાર નાર નાર. શ્રી નેમિ૦
કર્યા નિર્ભય પશુના જીવને, સંવત્સરી દાનને દઈને;
લીધો ગિરનારે જઇને, સંયમ ભાર ભાર ભાર. શ્રી નેમિ૦
શ્રી સમુદ્રવિજય કુલચંદા, અમ કાપો ભવ ભવ ફંદા;
કરી જ્ઞાન જ્યોત અમંદા, ઉતારો પાર પાર પાર. શ્રી નેમિ૦
જે નેમિ અમૃતપદ ધ્યાવે, તે પુણ્ય પદોને પાવે;
ધુરન્ધર થઈને હઠાવે, ગતિઓ ચાર ચાર ચાર. શ્રી નેમિ૦

---

(૪)

## શ્રી પાર્શ્વજિન સ્તવન

(ધીર ધીર તું કરતા રે) એ રાહ

પાર્શ્વ નામ તું રટતા રે, તેરા રાગ હરેગા સો....ય પાર્શ્વ૦
પ્રભુ પાર્શ્વ નામકો જો ધ્યાવે, મંગલમય સ્થાનક સો પાવે;
ભવકે ભય સવિ દૂર ભગાકર, મુક્તિ મીલાવે સો....ય પાર્શ્વ૦
વામા નંદન જો મન આવે, ચિન્તા ભવકી તસદૂર થાવે;
ધર્મ ધ્યાનકી ધૂન જગાકર, કર્મ હઠાવે સો....ય પાર્શ્વ૦
ભય ભંજન ભવકે એહી હે, જન રંજન જગમેં સોહી હે;
શિવસુખ ફલકા દાયક જગમેં, ઔર ન દીસે કો....ય પાર્શ્વ૦
જો અનન્ત ગુણકે ખાણી હે, ભવજલતારક જસ વાણી હે;
અજરામરપદ પાવે જગમેં, શ્રવણ કરે જો કો....ય પાર્શ્વ૦
તપગચ્છ ગગન દિનેશ શશિ, નેમિ અમૃતપદ ચિત્ત વસિ;
પાર્શ્વ નામ સેં પુણ્ય મીલાકર, બને ધુરન્ધર સો....ય પાર્શ્વ૦

---

(૫)

## મહાવીર સ્વામી સ્તવન

( રખીયા બંધાવો ભૈયા ) એ રાહ

મહાવીર સ્વામી પ્યારા, સ્નેહથી ધ્યા....વો....ને.
અન્તિમ જિનવર વ્હાલા, પ્રેમથી ધ્યા....વો....ને.
સ્નેહથી ધ્યા....વોને, પ્રેમથી ધ્યા....વો....ને. મહાવીર
મૂરતિ છે મનોહારી, નયનાનંદન કારી;
સુંદર શોભા ભારી, સ્નેહથી ધ્યા....વો....ને.
સિંહલંછન ધર સ્વામી, ભવ્યોના આતમ રામી
તથાપિ છો નિષ્કામી, સ્નેહથી ધ્યા....વો....ને.
ક્રોધને ક્રોધ જગાવી, મારને માર મરાવી;
નસાડયા મૂલથી પ્યારા, સ્નેહથી ધ્યા....વો....ને.
સિદ્ધારથ કુલનો દીવો, મહાવીર ઘણું જીવો;
ત્રિશલાદેવીના નંદન, સ્નેહથી ધ્યા....વો....ને.
નેમિ અમૃત પદ ધ્યાયા, પૂરવ પુણ્યે પાયા;
ધર્મ ધુરંધર જિનને સ્નેહથી ધ્યા....વો....ને.

---

(૬)

## શ્રી આદિજિન સ્તવન

(સ્થાઇ) આદિ પ્રભુકી નજરીયાં દી....પે,
જીપે મોહનીકાં માન મેદાનમેં. આદિ૦

(અંતરો) લોક અલોકકે ભાવ દેખતહે,
ધીરી ધીરી ધસત સંસાર સદૈયા, આદિ૦

જ્યોતિ ભવોદધિ તારણ સે....તુ. આદિ૦

(સંચારી) રાગ તિમિરકું નાશ કરત હે,

જીતી જતી જગત દીપાવત હૈયા.

નાભિનરીંદ કે કુલમેં કે....તુ. આદિ૦

(આભોગ) નેમિસૂરીશ્વર પ્રેમે નમત હે,

નમી નમી અમૃત પુણ્ય ભરૈયાં,

ગાવે ધુરંધર હર્ષ કે હે....તુ. આદિ૦

(૭)

## શ્રી શાંતિનાથ સ્તવન

(સ્થાયી ) અબ મેં તરૂંગા ભવાબ્ધિ........શાન્તિ.

(અંતરા=) રામ બસે હે સીતાકે હૃદયમેં, ચંદ્ર બસે જ્યું ચકોરકા ચિત્તમેં.

ઐસે વિભુ મન આયે........શાન્તિ.

પદ્મિની જૈસે સૂર્યકું ચાહત, કુમુદિની મનને ચંદ્ર જ્યું આવત.

હમ ભી હૃદયમેં જિનવર ધ્યાયે........શાન્તિ.

આય વસે હે અચિરાજીકે નંદા—નેમિઅમૃત કે હૃદય કે ચંદા.

પુણ્ય ધુરન્ધર આનંદ પાયે........શાન્તિ.

(૮)

## શ્રી નેમિનાથ સ્તવન

(સ્થાયી=) પ્રેમ સુધારસ ઘોલ જીયરવારે, પ્રેમ સુધારસ ઘોલ.

(અંતરો=) કાલ અનાદિ કે વિષય કે, મનકે મર્મકું ખોલ. જીય૦

પ્રેમ પ્રભુજીકા પીયૂષ પાનસે, જીવન બને અણમોલ. જીય૦

નેમિ નાથકા દર્શનામૃતસે, ધુરન્ધર કલ્લોલ. જીય૦

(૯)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(સ્થાયી=) પાર્શ્વ પ્રભુને પ્રેમે પ્રણમીયે, વંદન કરીએ હૈડે ધરીયે....પાર્શ્વ૦

(અંતરો) અનન્ત ગુણાકર? શાન્તિદાયક? જ્ઞાન સુધારક ત્રિભુવન નાયક;
નિત્ય સમરિયે અઘચય હરીયે. પાર્શ્વ૦

પારંગત! પરમેશ્વર? પ્યારા? અચલ? અકલ? અવિકાર? ઉદારા?
વૈર વિસરીયે શિવપદ વરીયે પાર્શ્વ૦

ભકત વત્સલ! પ્રભુ! આનંદ સાગર! ધર્મ ધુરન્ધર? પ્રણયના! આગર?
નામ ઉચ્ચરીયે ભવજલ તરીયે પાર્શ્વ૦

(૧૦)

## શ્રી મહાવીરજિન સ્તવન

(સ્થાયી) વીરપૂજન મેં પ્રેમે કરત હું, ભક્તિસે ખુલ ગયે મુક્તિકે દ્વાર. વીર૦


(અંતરો) પ્રેમ પીયૂષકા મેં પાન કીયા હે, ઉતર ગયા મેરા મોહ વિકાર૦

ત્રિશલાનંદન નાથ મિલે મુઝે, ભવવનસે મેરા કરન ઉદ્ધાર વીર૦

નેમિ અમૃત પુણ્ય વચને પીછાણ્યા ધુરંધર જિન મેરે હૈયા કે હાર....વીર૦

આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીશ્વર મહારાજ

ઉ. પદ. ૧૯૯૨



આચાર્યપદ સં. ૧૯૯૮

જન્મ સં. ૧૯૫૫–ડભોઈ

દીક્ષા સં. ૧૯૭૮

૩૮

# આચાર્ય શ્રી વિજયજંબૂસૂરીજી

રચના સં. ૧૯૮૫ આસપાસ

વડોદરા પાસે ગૂર્જર ભૂમિની પ્રાચીન નગરી ડભોઈ (દર્ભાવતી) છે. પ્રખ્યાત કવિ દયારામ આજ નગરીના વતની હતા. રાજા વીરધવળના મહામંત્રીઓ શ્રી વસ્તુપાલ તેજપાલે દર્ભાવતીના રક્ષણ માટે સુંદર કિલ્લો બંધાવ્યો છે. જેના દરવાજાઓ શિલ્પકલા માટે જાણીતા છે જેમાં હીરાભાગોળ પ્રસિદ્ધ છે.

સહસ્રાવધાની શ્રી મુનિચંદ્રસૂરિજીનો જન્મ આ પ્રસિદ્ધ નગરીમાં જ થયો હતો. જ્યાં અર્ધ પદમાસને બિરાજતા **શ્રી લોઢણપાર્શ્વનાથ** અને શ્રી દર્ભાવતી પાર્શ્વનાથના બે પ્રાચીન મૂર્તિઓથી પ્રતિષ્ઠિત બે મુખ્ય જિનાલયો છે. જ્યાં સાક્ષર શિરોમણી મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનો સ્વર્ગવાસ થયો છે ને તેમનું સુંદર સમાધિ મંદિર છે તે પ્રાચીન નગરીમાં આ મુનિશ્રીનો જન્મ સં. ૧૯૫૫માં થયો હતો. પિતાશ્રીનું નામ મગનભાઈ ને માતુશ્રીનું નામ મુક્તાબાઈ અને તેમનું શુભ નામ **ખુશાલચંદ** હતું. કુટુંબ ધર્મ ભાવનાથી સંસ્કારિત હતું.

ખુશાલચંદની બુદ્ધિ બાલ્યવયથી તીવ્ર હતી. અભ્યાસ પણ સારો વધતો હતો. ધાર્મિક ક્રિયાઓમાં જરા પણ ચુકતા નહીં. કુટુંબીજનોના આગ્રહથી લગ્નગ્રન્થીથી જોડાયાં છતાં અમદાવાદ જઈ મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ધાર્મિક અભ્યાસ સારો હોવાથી ડભોઈની શ્રી આત્માનંદ પાઠશાળામાં સારી સેવા આપી હતી. સાધુ મુનિરાજોના સહવાસથી

સંસાર પ્રત્યે વારંવાર ઉદાસીનભાવ આવતો હતો. એક સમયે આચાર્ય શ્રીમદ્ કમલસૂરિજી તથા પં. શ્રી દાનવિજયજી સપરિવાર ડભોઈમાં ચાતુમાર્સ પધાર્યા તેમના પરિચયથી ભાઈ ખુશાલચંદ વૈરાગ્યના રંગે રંગાયા. ને સંસાર પરથી મોહ ઓછો થતો ગયો.

સં ૧૯૭૮માં ઘેરથી સોનું ખરીદવા જાઉં છું એમ કહી ૨૩ વર્ષની ભરયૌવન વયે મારવાડના શીરોહી ગામે જઈ ગામ બહાર શ્રી મહાવીરસ્વામીના પ્રાસાદમાં સ્વયં સાધુ વેષ પહેરી જીવનભર સામાયિક-વ્રતનું ઉચ્ચારણ કરી ખરે બપોરે ગોહિલી મુકામે પં. શ્રી દાનવિજયજી પાસે ગયા. ને નૂતન મુનિને અષાડ શુદ ૧૧ ને દિવસે વડી દીક્ષા આપી નામ શ્રી જંબૂવિજયજી રાખી પૂ. શ્રી પ્રેમવિજયજીના (હાલમાં શ્રી વિજયપ્રેમસૂરિજી) શિષ્ય તરીકે જાહેર કર્યા. દીક્ષા બાદ થોડા જ સમયમાં પ્રકરણો કર્મગ્રંથ—સાહિત્ય વ્યાકરણ ન્યાય આદિ અન્ય દર્શન શાસ્ત્રો વિગેરેનું સુંદર જ્ઞાન સંપાદન કર્યું. ગુરૂભક્તિ, વિનય, વૈયાવચ્ચ, આદિ ઉચ્ચગુણો ઉપરાંત વ્યાખ્યાનકલા તથા લેખનકલાનો પણ વિકાસ કર્યો. તેમની આ યોગ્યતા જોઈ અમદાવાદમાં સં. ૧૯૯૦ માં ગુરૂદેવોએ ગણિ—પંન્યાસ પદવીથી વિભૂષિત કર્યા. સં. ૧૯૯૨ માં મુંબાઈમાં પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરિજીએ પોતે ઉપાધ્યાય પદવી આપી અને સં. ૧૯૯૯ માં અમદાવાદમાં આચાર્ય પદવી આપવામાં આવી તેઓશ્રીના શિષ્ય પરિવારમાં આજે ચાર પંન્યાસો છે (૧) પં. શ્રી વર્ધમાન વિજયજી (૨) પં. શ્રી ચિદાનંદ વિજયજી (૩) પં. શ્રી જયંત વિજયજી (૪) પં શ્રી રૈવત વિજયજી—તેઓશ્રીની સંસારીપણાની બે બેનોએ દિક્ષા લીધી છે સાધ્વી શ્રી કલ્યાણશ્રીજી તથા સાધ્વી શ્રી રંજન-શ્રીજી નામે આજે વિચરે છે.

પૂ. આચાર્યશ્રીએ અત્યાર સુધીમાં મારવાડ, ગૂજરાત, માળવા, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રાંત વિગેરે દેશોમાં ઉગ્ર વિહારો કર્યા છે. વિહારો તથા ચાતુર્માસમાં શાસન પ્રભાવનાના સુંદર ધાર્મિક કાર્યો થયા

છે. પ્રતિષ્ઠા મહોત્સવો, અંજનશલાકા જીર્ણોદ્ધારો આદિ તથા જ્ઞાન મંદિરોની સ્થાપનામાં તેઓશ્રીની જન્મભૂમિ ડભોઈમાં–તેમનાં ઉપદેશથી "આર્ય જંબૂસ્વામિ જૈન મુક્તાબાઈ જ્ઞાન મંદિરની" સ્થાપના કરવામાં આવી છે. જેમાં ઘણી કીમતી હસ્તપ્રતિઓનો મોટો સંગ્રહ છે. જ્ઞાન-મંદિરની વ્યવસ્થા ઘણી સારી છે. તેઓશ્રીએ ચૂર્ણિ તથા ટીકાયુક્તથી કર્મપ્રકૃતિ આદિ ૨૫ ગ્રંથોનું સંપાદન કર્યું છે. તથા સાત ગ્રંથોના આમુખો લખ્યા છે. તથા અનુવાદો પણ કર્યા છે ગૂજરાતીમાં સ્તવનો તથા બીજી પણ પદ્ય રચનાઓ કરી છે. આજે તેઓશ્રીનો દીક્ષા પર્યાય ૪૦ વર્ષનો છે. ને તપશ્ચર્યા પણ સારી રીતે કરી રહ્યા છે વર્ધમાન તપની ૪૦મી ઓળી ચાલે છે. આ સાલ એટલે સં. ૨૦૧૮ નું ચાતુર્માસ સાવરકુંડળા (સૌરાષ્ટ્ર) માં છે. ઉત્તરોત્તર જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનામાં વધતા રહે એજ અભિલાષા.

આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો તથા બે ગંહૂલી મળી સાત કાવ્યો પ્રગટ કરીએ છીએ.

## સાહિત્ય રચના

### સંસ્કૃ

૧ કર્મપ્રકૃતિ ચૂર્ણિ અને ટીકા ભાગ–૧
૨ „ „ ભાગ–૨
૩ પંચ સંગ્રહ ભા–૧ ટીકાયુક્ત
૪ „ „ ભા–૨ ટીકાયુક્ત

### ગૂજરાતી

૧ દીક્ષામીમાંસા પર દષ્ટિપાત
૨ ન્યાય સમીક્ષા
૩ વિવિધ પ્રશ્નોત્તર ભા. ૧–૨
૪ આત્મસખા અને વિવેકદર્શન
૫ નિત્યનિયમ અને જીવનવ્રતો
૬ પ્રશ્નોતર ત્હોંતેરી
૭ શ્રી ભીલડીઆજી તીર્થ અને રાધનપુર ચૈત્ય પરિપાટી
૮ આદર્શ જીવનની ચાવી
૯ પ્રશ્નોત્તર શતવિંશીકા

(૧)

## શ્રી રૂષભદેવ સ્તવન

(રાગ- દેખી શ્રીપાર્શ્વતણીમૂરતિ)

**ઋષભદેવનું** ગુરૂ ચરિત્ર સુણાવે, ઉપજે આનંદ અપાર રે;
સુણો સહુ ગુરૂજીની દેશના.

દક્ષિણ ભારતાન મધ્ય વિભાગમાં, અયોધ્યાપુરી મનોહાર રે, સુ.
નાભિરાજા ને મરૂદેવી છે રાણી, શીલ ભૂષણે સોહાય રે, સુ.
સર્વાર્થસિદ્ધિથી ચ્યવીઆ પ્રભુજી, મરૂદેવી કુક્ષિ મોઝાર રે, સુ.
ફાગણ વદ આઠમ દિને જન્મ્યા; રૂષભજિણંદ જયકાર રે, સુ.
યૌવન વય પામી પરણ્યા પ્રભુજી, સુનંદા સુમંગલા નાર રે, સુ.
ભરત બાહુબલિ આદિ સો પુત્રને બ્રાહ્મી, સુંદરીનો જન્મ થાય રે, સુ.
રાજા પ્રથમ થયા સર્વ જગતમાં, ઇન્દ્રે કર્યો અભિષેક રે, સુ.
શિલ્પ કલાદિનો ઉપદેશ આપી, નિવાર્યો યુગલિક ધર્મ રે, સુ.
વૈરાગી પ્રભુ સહુ રાજ્ય ત્યજીને, રોતા મુકી નિજ માત રે, સુ.
ફાગણ વદ આઠમ દિવસે, કરે સંયમનો સ્વીકાર રે, સુ.
દાન વિધિ ન જાણે લોકો પ્રભુ પાસે, ધરે રત્નાદિનો થાલ રે, સુ.
યોગ્ય ભિક્ષા ન મલવાથી પ્રભુ કરે, એક વર્ષ સુધી ઉપવાસ રે, સુ.
અક્ષય તૃતીયા દિન શ્રેયાંસકુમાર ઘરે, કરે પારણુ ભગવાન રે, સુ.
ઇક્ષુરસ આપી એમ શ્રેયાંસકુમારે જગમાં પ્રવર્તાવ્યું દાન રે, સુ.
ખપાવી ઘાતી કર્મ પામ્યા પ્રભુ કેવલ જ્ઞાન અનંત રે, સુ.
એક લાખ પૂર્વ વર્ષ જગમાંહે વિચરી, કરી અનંત ઉપકાર રે, સુ.
મેરૂ તેરશ દિન અષ્ટાપદ ઉપર, પામ્યા પ્રભુ નિર્વાણ રે, સુ.
આ ચોવીશીમાં શ્રી ઋષભજિણંદનો, સૌથી મોટો ઉપકાર રે સુ.
પ્રથમ રાજાને પ્રથમ સાધુ, પ્રથમ તીર્થંકરનાર રે, સુ.
જંબૂ કહે એવા શ્રી ઋષભજિણંદ ને,વંદુ અનંતી વાર રે, સ.

# સુધારો

પૃષ્ટ ૩૦૮

પૂ. આ. વિજયજંબૂસૂરિજી મહારાજશ્રીના નામે જે સ્તવન ગહુંલી છપાયેલ છે તેમાં શ્રી શાંતિનાથજી સ્તવન એકજ કૃતિ પૂ. આ. મહારાજશ્રીની છે, બાકીની કૃતિઓ પૂ. સ્વ. બાપજી મહારાજ (તપસ્વી આ. શ્રી સિદ્ધિ-સૂરિજીદાદા)ના પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજીની કૃતિઓ છપાઈ ગઈ છે અને પૂ. આ. મહારાજની કૃતિનાં સ્તવનો હતાં તે છપાવવાનાં અમારી શરત ચૂકથી રહી ગયાં છે. એમ થવામાં અમારી શરત ચૂક થઈ છે. અમારી આ ભૂલ તરફ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએજ અમારૂં ધ્યાન ખેંચ્યું છે, તો વાંચકો આ મુજબ સુધારો ધ્યાનમાં લે, તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની કૃતિનાં સ્તવનો અમો તક મલતાં પ્રસિદ્ધ કરીશું, તેની નોંધ લે. તથા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયજંબૂસૂરિજી અને પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજી અમારી આ ભૂલ ક્ષમા કરે.

(૨)

## શ્રી શાંતિનાથજિન સ્તવન

(રાગ—અહા કેવું ભાગ્ય જાગ્યું)

ભાગ્ય જાગ્યું આજ મ્હારૂં, કલ્પતરુ આજે ફલ્યો;
શાંતિ પ્રભુનાં દર્શન થાતાં, પાપમલ દૂરે ટલ્યો. ભાગ્ય. ૧
વિશ્વસેન રાજ રાણી, અચિરા સુત વિશ્વંભરૂં;
ધર્મનાયક ચક્રવર્તિ, સોલમા જિનેશ્વરૂ. ભાગ્ય. ૨
અહિંસાનો ધર્મ મ્હોટો, દેહ પરવા ના કરી;
ધરી કરૂણા પારેવાની, બાજથી રક્ષા કરી. ભાગ્ય. ૩
સુરાસુર ગાંધર્વ નાયક, દેવપૂરી ભૂલી ગયા;
તુજ પ્રતિષ્ઠ ઉત્સવે તે, અમરવેલ આવી રહ્યા. ભાગ્ય. ૪
જંબૂવિજય ઉવઝાય સદ્ગુરૂ, શિષ્યો સાથે પરિવર્યા;
કરી પ્રતિષ્ઠા શુભ લગ્ને, હર્ષનાદ સ્વર્ગે ભર્યા. ભાગ્ય. ૫
ઓગણીસેં સત્તાણું વર્ષે, માઘ સુદ છઠ રવિ;
બાબુભાઈ પુણ્ય બાંધે, શાંતિજિનગાદી ઠવી. ભાગ્ય. ૬
સંઘસકલો હર્ષ પામ્યો, જય જયકાર વર્તી રહ્યો;
શાંતિ શાંતિ નામ જપતાં, રોગ શોક નાશી ગયો. ભાગ્ય. ૭

---

(૩)

## શ્રી નેમનાથ સ્તવન

(રાગ આવો આવો દેવ મારાં સૂનાં સૂનાં દ્વાર...)

બાવીશમા પ્રભુ નેમ, વંદુ ધરી અતિ પ્રેમ;
શિવાદેવી કેરા લાલ,
સમુદ્રવિજય રાજા પિતા, યાદવકુલ અભિરામ;
શ્રાવણસુદિ પંચમી દિન જન્મ્યા, શૌરીપુરી શુભ ઠામ. શિવદેવી. ૧

અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા, સાથે સહુ પરિવાર;
શૌરીપુરીથી નીકલી આવ્યા, દ્વારીકા મોઝાર શિવા. ૨

સંયમના અભિલાષી પ્રભુ કરે, વિવાહનો ઇન્કાર;
રાણીઓ દ્વારા કૃષ્ણ કરાવે, પણ પરાણે સ્વીકાર શિવા. ૩

જાન જમાડવા ભેગાં કીધાં, રાજાએ પશુ અપાર;
પશુઓ મૃત્યુ આવ્યું જાણી, કરે કરૂણ પોકાર શિવા. ૪

પશુઓના પોકાર સુણીને, કરૂણાથી જિનરાય;
પાછો રથ વાલી ગિરનારે, જઇને સંયમી થાય શિવા. ૫

રાજુલ ઉભી રાહને જોતી, કયારે આવે નેમ;
નેમને પાછા વલતા જોઈ, પોકારો કરે એમ શિવા. ૬

જવું હતું પાછાં તો શાને શાને, આવ્યા લઈને જાન;
આંશુઓની ધારે રોતી, રાજુલ થઈ બેભાન શિવા. ૭

ભાનમાં આવી ગિરનારે જઈ, સંયમ લઈ પ્રભુ પાસ;
રાજુલ નવ ભવ પ્રીત નિભાવી, પહોંચ્યા મુક્તિ નિવાસ શિવા. ૮

ગિરનારે પ્રભુ કેવલ પામી, ગયા મુક્તિ મોઝાર;
જંબૂ કહે નેમિચરિત સુણતાં, ઉપજે હર્ષ અપાર શિવા. ૯

---

(૪)

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(રાગ–જીયા બેકરાર હૈ, છાઈ બહાર હૈ)

આનંદ અપાર છે, વાણી મનોહાર છે;
**પાર્શ્વચરિત્ર** સુણતા સહુ, શ્રોતા ઇંતેજાર છે.

કાશિદેશ વણારસી નગરી, અશ્વસેન છે રાયા....હો રાયા....
વામાદેવી તસ પટરાણી શીલભૂષણ સોહાયા. આનંદ. ૧

તસકુક્ષીમાં પાર્શ્વપ્રભુજી, સ્વર્ગલોકથી આયા,
પોષવદિ દશમી દિન જન્મ્યા, મંગલગીત ગવાયા. આનંદ. ૨
અનુક્રમે પ્રભુ યૌવન પામ્યા, માત પિતા પરણાવે;
પ્રભાવતી કન્યાની સાથે, પાણિ ગ્રહણ કરાવે. આનંદ. ૩
એક દિવસ પ્રભુ કમઠ કાષ્ઠમાં, જલતો નાગ બચાવે;
નમસ્કાર મહામંત્ર સુણાવી, ધરણેંદ્ર બનાવે. આનંદ. ૪
ત્રીસવરસ ઘરવાસ વસીને, પ્રભુજી સાધુ થાવે;
એક દિવસ વિચરંતા તાપસ–આશ્રમમાંહે આવે. આનંદ. ૫
તાપસ કમઠ મરીને ત્યાંથી, દેવ થયો મેઘમાલી;
વડ નીચે કાઉસ્સગમાં પ્રભુને, જ્ઞાન વિભંગે નિહાલી. આનંદ. ૬
ઘોરકર્યા ઉપસર્ગ બહુવિધ, જલધારા વરસાવે;
પ્રભુજીની નાસિકા સુધી, જલની ધારા આવે. આનંદ. ૭
ધરણેંદ્ર સિંહાસન કંપે, પ્રભુની પાસે આવે;
નાગફણા શિર પર વિસ્તારી, જલવૃષ્ટિ અટકાવે. આનંદ. ૮
કમઠસુર ભયભીત બનીને, પાર્શ્વપ્રભુને ખમાવે;
ધરણેંદ્ર પ્રભુભક્તિ કરીને, નિજસ્થાનકે જાવે. આનંદ. ૯
એમ અનેક સહી ઉપસર્ગો, ઘાતિ કર્મ ખપાવે;
કેવલજ્ઞાન ને કેવલદર્શન, પાર્શ્વપ્રભુજી પાવે. આનંદ. ૧૦
સીત્તેરવર્ષ સુધી પ્રભુ વિચરી, સમેતશિખરે આવે;
શ્રાવણ સુદિ આઠમને દીવસે, મોક્ષમાં પ્રભુજી સિધાવે. આનંદ. ૧૧
એની મનોહર ગુરૂની વાણી, સુણવા દિલડું તલસે;
જંબુ કહે શ્રી પાર્વચરિત્રને, સુણતાં હૈયું હર્ષે. આનંદ. ૧૨

(૫)

## શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ–રાખના રમકડાંને)

વીરજિના મુખડાને જોવા, હાંરે જોવા હર્ષભરાયાંરે;
ઈંદ્રિ ઈંદ્રાણી દેવ દેવીઓ, સ્વર્ગલોકથી આવ્યારે વીર. ૧

રત્ન કનકમણિવૃષ્ટિ કરતા, સિદ્ધારથ ઘર ઉપરે;
દેવ દેવીનાં ટોલેટોલા, ગગનાંગણથી ઉતરે રે વીર. ૨

છપ્પન દિકકુમારી આવી, મંગલ ગીતો ગાવે;
પ્રભુના ચરણે શીર નમાવી, નિજનિજ ફરજ બજાવેરે વીર. ૩

પંચરૂપ કરી મેરૂ ઉપર, ઈંદ્રિ પ્રભુને લાવે;
વીર પ્રભુ જન્મોત્સવ કરવા, ચોસઠ ઈંદ્રો આવેરે વીર. ૪

તીર્થોદકના જલને લાવી, પ્રભુજીને ન્હવરાવે;
અસંખ્યદેવો પ્રભુની ઉપર, ક્ષીરની ધાર વહાવેરે વીર. ૫

મેરૂ પરથી જંબૂદ્વીપમાં, ઈંદ્રિ પ્રભુને લાવે;
માતાને સોંપી પ્રભુજીને, સ્વર્ગલોકમાં જાવેરે વીર. ૬

ક્ષત્રિયકુંડ નગરમાં ઓચ્છવ, ઠામ ઠામ મંડાયા;
ધ્વજ પતાક, તોરણ મંડપ; ઘેર ઘેર બંધાયારે વીર. ૭

બાર દિવસ વીત્યે રાજા, સહુ સાજનને બોલાવે;
જમાડીને સન્માન કરીને, વાણી એમ સુણાવેરે વીર. ૮

પુત્ર એ ગર્ભે આવ્યો ત્યારથી, લીલાલ્હેર જ થાવેરે;
ધન ધાન્ય ને સોનું રૂપું, સઘલું વધ વધ થાવેરે વીર. ૯

તે માટે એ કુમારનું અમે, વર્ધમાન એમ નામ;
સૌ સાજનની શાખે સુંદર, સ્થાપીએ અભિરામરે વીર. ૧૦

પારણીયે ઝુલુતા અંગુઠામાં, પાન અમૃતનું કરતા;
સર્વ જગતને આનંદ કરતા, વીર પ્રભુ ઉછરતારે વીર. ૧૧

બાલક વયમાં આમલકી, ક્રીડામાં સર્પ હઠાવે;
તાડપિશાચ હણીને પ્રભુજી, વીરનું નામ ધરાવેરે વીર. ૧૨
જંબૂ કહે ત્રણ ભુવનમાં એ, પ્રગટયો અનુપમ દીવો;
ત્રિશલાજીના નાનડીયા મારા, વીરકુંવર ઘણું જીવોરે વીર. ૧૩

---

(૬)

## બારસા સૂત્રની ગહુલી

(રાગ–રાખનાં રમકડાને)

બારસા એ સૂત્ર કેરા વચનો, હાંરે વચનો ગુરૂજી સુણાવે રે.
સંઘ સકલના દિલડાં ગુરુજી; આનંદથી હરખાવે રે. બા. ૧
ભદ્રબાહુસ્વામી છે કર્તા, ચૌદ પૂર્વના ધારી
શ્રુત જ્ઞાનથી કેવલી સરખા, શાસન શોભાકારી રે. બા. ૨
એક એક અક્ષર એનો સહુ, શ્રોતા સુણજો ભાવે;
બાર માસમાં એક જ આવો, મંગલ દિવસ આવે રે. બા. ૩
જિનવર ગણધરને સ્થવિરોના વૃત્તાંતો છે એમાં,
પર્યુષણ અંગેની સાધુ સમાચારી તેમાં રે. બા. ૪
ચૈત્ય પરિપાટી કરો મલીને, પ્રભુ આંગી રચાવો;
અહિંસા ધર્મનો ધ્વજ ફરકાવો, શાસન ડંકો બજાવો રે. બા. ૫
જુના કલેશ વિસારી સઘલા, ચિત્ત વિશુદ્ધ બનાવો;
સર્વ જીવોને ખમો ખમાવો, વેર ન દિલમાં લાવો રે. બા. ૬
ખમવા અને ખમાવવામાં, સર્વજ સાર સમાયો;
પર્યુષણનો તેથી જગમાં, મહિમા શ્રેષ્ઠ ગવાયો રે. બા. ૭
સંવત્સરી પ્રતિક્રમણ કરજો, ચિત્ત એકાગ્ર કરીને;
પાપ આલોચવા આવો અવસર, આવશે નહીં ફરીફરીને. બા. ૮
ખમી ખમાવી જેહ પરસ્પર, ચિત્તને નિર્મળ કરશે;
જંબૂ કહે તે મુક્તિસુખની, મંગલમાલા વરશે રે. બા. ૯

---

(૭)

## જ્ઞાનપંચમી ગહુંલી

(રાગ—લાખ લાખ દીવડાની આરતી ઉતારજો)

જ્ઞાનતણા દીવડાને ગુરુજી પ્રગટાવે, જ્ઞાનનો મહિમા અપાર,
આરાધો ભાવ ધરી જ્ઞાનને.
આત્મમંદિરથી મોહ હઠાવે, જાય અજ્ઞાન અંધકાર, આરા.
લોક અલોકને જ્ઞાન પ્રકાશે, જ્ઞાન પ્રકાશથી અજ્ઞાન નાસે;
જ્ઞાન છે ચક્ષુમનોહાર. આરાધો. ૧
જ્ઞાનપંચમીનો દિવસ છે આજે, પંચજ્ઞાનનો કહ્યો મહિમા ગુરુરાજે;
જ્ઞાન છે ગુણમાં સરદાર આરાધો. ૨
કોટી વર્ષે જેહ અજ્ઞાની, કર્મોની નિર્જરા તે કરે જ્ઞાની;
શ્વાસ—ઉચ્છવાસ મોઝાર, આરાધો. ૩
પંચવર્ષ પંચમાસની છે સાધના, એ તપની જે કરે આરાધના,
પામે તે જ્ઞાન અપાર. આરાધો. ૩
વરદત્ત ને ગુણમંજરીએ કીધી; આરાધના કરી મુક્તિજ લીધી,
પામ્યા શિવસુખ અપાર. આરાધો. ૫
પછી અહિંસા પહેલું જ્ઞાન જ ભાખ્યું,
જ્ઞાની એ સાચું શિવસુખ ચાખ્યું;
પંચજ્ઞાનને પૂજો નરનાર. આરાધો. ૬
શ્રુત જ્ઞાનને નિત્ય ભવિ તુમે સેવો, જેને પ્રણમે છે તીર્થંકર દેવો;
સ્વપર પ્રકાશ કરનાર. આરાધો. ૭
જ્ઞાનને વંદો જ્ઞાનીને વંદો, જ્ઞાન વિરાધના નિત્ય તમે છંડો;
ટાલી આઠ અતિચાર, આરાધો, ૮
અરિહંત ભાષિત આગમની વાણી, ગણધરદેવને હાથે ગુંથાણી;
જંબુ વંદે કોટિ વાર. આરાધો. ૯

——

39

# પંન્યાસ શ્રી યશોભદ્રવિજયજી

(ચોવીસી રચના સં ૧૯૯૬)

"શિયાળે સોરઠ ભલો, ઊનાળે ગૂજરાત;
વરસાદે વાગડ ભલો, કચ્છડો બારે માસ."

કચ્છ પ્રદેશના અબડાશા જીલ્લાના **સૂથરી** ગામમાં ચરિત્ર નાયકનો જન્મ ઓસવાલ વંશમાં શ્રીમાન શામજીભાઇ ઊકેડાને ત્યાં બાઈ સોનબાઇની કુક્ષિએ સં. ૧૯૬૪ માં થયોને શુભ નામ **શિવજીભાઈ** રાખવામાં આવ્યું.

સતર વર્ષની ઉમરે લગ્નગ્રંથીથી જોડાયા પણ કુદરતને એ વાત ન ગમી એક વર્ષમાં તેમની ધર્મપત્ની સ્વર્ગવાસી બન્યાં. તેઓ શ્રી ત્યાર બાદ તરત જ વેપારને બહાને અમદાવાદ ગયા. ત્યાં પાંજરાપોળને ઊપાશ્રયે બિરાજમાન શ્રીમદ્ વિજ્ઞાનસૂરિજી સપરિવાર બીરાજતા હતા ત્યાં શ્રીમદ્ કસ્તૂરસૂરિજીનો પરિચય થતાં વરાગ્ય રંગે રંગાયા. થોડા જ સમયમાં ૧૯૮૭માં **છત્રાલ** ગામે દિક્ષિત થઈ મુનિ શ્રી **યશોભદ્ર વિજયજી** બન્યા અનુક્રમે. વીરમગામ, ગોધરા, અમદાવાદ, જાવાલ મહુવા, કલોલ, જામનગર, અમદાવાદ, ખંભાત, સુરત, વલસાડ એમ ૧૧ ચોમાસા ગુરુવર્યાની સાથે કર્યા. અને શાસ્ત્રનો અભ્યાસ પણ ઉત્તરોત્તર વધાર્યો ૧૨મું ચોમાસુ ગુરુઆજ્ઞાથી સ્વતંત્ર રીતે સુરતમાં ૧૯૯૮માં વડાચૌટમાં કર્યું અને ૧૯૯૯માં વાપીમાં કર્યું. ૭૫ ઘરની વસ્તી છતાં લગભગ બારસો ભાઇ બ્હેનો વ્યાખ્યાન શ્રવણ કરતાં. અને કોઈ દિવસ એક

આયંબીલ ન કરનારા એવા ઘણા શ્રાવક શ્રાવિકાઓ આયંબીલની ઓળીની આરાધના કરી. ચોમાસું પુરૂ થયે ૨૦૦૦નું ચાતુર્માસ વલસાડમાં કર્યું ને સંઘમાં વર્ષોનો કુસંપ દૂર કરાવ્યો. અને ચાતુર્માસમાં સુંદર ધાર્મિક કાર્યો થયાં. ત્યાંથી વિહાર કરી મહારાજશ્રી અમલસાડ પધાર્યા ત્યાં ઊજમણું તથા અષ્ટોત્તરી સ્નાત્ર મહોત્સવપૂર્વક ભણાવવામાં આવ્યું આ પ્રસંગે બીલીમોરા ગામની ખૂબ વિનંતિ થઈ અને મહારાજશ્રી ત્યાં પધાર્યા ને ૨૦૦૧નું ચાતુર્માસ ત્યાં કર્યું ત્યાં તેઓશ્રીની પ્રેરણાથી સાઠ ઘરની વસ્તી છતાં સાધારણ ખાતાની રૂપીઆ પંદર હજારની ટીપ થઇ ત્યાર બાદ ૨૦૦૨નું ચોમાસું સંઘના આગ્રહને માન આપી નવસારી કર્યું. ત્યાં ચાતુર્માસમાં મહારાજશ્રીના ઊપદેશથી પજુસણમાં ૧૯ અઠાઇઓ થઈ. ચોમાસા બાદ વિહાર કરતાં સુરત, અંકલેશ્વર, ભરૂચ થઇ ગાંધાર તીર્થની યાત્રા કરી. દહેજ બંદર પધાર્યા ત્યાં શ્રી મહાવીરસ્વામિનું પ્રાચીન મંદિર છે. શ્રાવકના વીસ ઘર છે. ત્યાં મહારાજશ્રીના ઉપદેશથી એક નાની સરખી ધર્મશાળા બંધાવવામાં આવી. ત્યાંથી ખંભાત પધાર્યા ને ૨૦૦૩ નું ચાતુમાર્સ ખંભાતમાં કર્યું ને ત્યાં ગુરૂદેવોની નિશ્રામા યોગો-દ્દહવન કર્યા ચોમાસા બાદ વિહાર કરી. કપડવંજ પાસે સાઠંબા ગામમાં ૨૦૦૪ ૨૦૦૫ માં ચોમાસા કર્યાં. ચોમાસા બાદ શ્રી કેશરીઆજી તીર્થની યાત્રા કરી. શ્રી સિદ્ધગિરિની કદંબગીરિની યાત્રાર્થે પધાર્યા. ત્યાંથી ૨૦૦૬ માં પૂજ્ય ગૂરૂદેવ સૂરિસમ્રાટ શ્રી વિજય નેમસૂરિજીની જન્મભૂમિ તથા સ્વર્ગવાસ ભુમિ મહુવા પધાર્યા. જે સમયે બે ગગનચુંબી દેવાલયોમાં જિન બિંબોની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ વિશાળ મુનિમંડળની નિશ્રામાં ઊજવાયો. ૨૦૦૬માં બોટાદ ચોમાસું કર્યું. જ્યાં ચોમાસા બાદ ૨૦૦૭ માં મહોત્સવ પૂર્વક પૂજ્ય ગુરૂદેવોને હસ્તે ચરિત્ર નાયકને પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું. તે સમયે કચ્છ, વલસાડ, ખંભાત, બોરસદ, સુરત વીગેરે ગામોથી ઘણા ભક્ત શ્રાવકો આવ્યા હતા. તેઓશ્રી એક પ્રખર વક્તા છે તેમજ પ્રસિદ્ધ કવિ છે બેચોવીસીની રચના કરી છે, અને તે સુંદર રાગ રાગણીમાં ગાઈ શકાય છે—

ત્યારબાદ દક્ષિણમાં મદ્રાસ વીગેરે શહેરોમાં ચોમાસું કરી, હાલમાં સંવત ૨૦૧૮માં હુબલીમાં ચાતુર્માસ કરી રહ્યા છે. જ્યાં ઊપધાન તપની આરાધના કરાવવામાં આવી છે આ સાથે તેમના દસ કાવ્યો પ્રગટ કરીએ છીએ,

પં. યશોભદ્ર વિજયજી એક પ્રખર વકતા છે, વ્યાખ્યાન શૈલી સુંદર છે તેવા જ સુંદર કવિ છે.

## સાહિત્ય રચના

| | |
|---|---|
| ૧ સિરિ આરામ સોહા કહા } સંશોધન<br>૨ સિરિ ધણુવાલ કહા } | ૧ શ્રી સ્થંભન પાર્શ્વનાથ માહાત્મ્ય તથા |
| ૩ મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્ર ગણિચરિત્ર | ૨ શ્રી જિનગુણ સ્તવનમાલા |
| | ૩ આદર્શ સઝાયમાલા |
| ૪ સૂર્ય સહસ્ર નામ સ્તોત્ર | ૪ શ્રી મહાવીર જિન પંચકલ્યાણક-પૂજા |

(૧)

## શ્રી ઋષભજિન સ્તવન ૧૪ બોલનું

(બન ચલે રામ રઘુરાઈ—એ રાગ)

નમું ઋષભ પ્રભુ ૧ પ્યારા સિદ્ધગિરીના આધારા;
શ્રી આદિજિન સુખકારા નમું. ૧

માતા મરૂદેવીના ૨ નંદન, પિતા નાભી ૩ નૃપ રાયા;
રાયાએ વિનીતા ૪ નગરીનાં, વૃષભ ૫ લંછન સારા નમું. ૨

ધનુષ્ય છે ૬ પ્રભુની પાંચસેં, કંચન વર્ણિ ૭ કાયા;
હજાર ૮ સાથે બનીયા, પ્રભુજી સંયમી સારા નમું. ૩

જપ તપથી ઘાતીને ચૂરી, થયા તીર્થંકર રાયા;
માલવ રાગે દેશના આપે, પાતિક જગ નીવારા નમું. ૪

હજાર ૯ ચોરાશી સાધુ સૌ, પરિવારે બતલાયા;
સાધ્વી પણ ત્રણ લાખ ૧૦ કહ્યાં છે, દુઃખ વીદારણ હારા નમું. ૫
પારી લાખ ચોરાશી પૂરવ, આયુ ૧૧ શ્રી જિન રાયા;
અષ્ટાપદ ૧૨ ગિરિ ઉપર પ્રભુજી, પાયા શીવ સુખ સારા નમું. ૬
ગોમુખ ૧૩ યક્ષ ચક્કેશ્વરી ૧૪ દેવી સેવે શ્રી જિન રાયા;
ભવી જનનાં સંકટ નીવારે, મહિમા અપરંપારા નમું. ૭
કદંબ ઉદ્ધારક નેમિસૂરિજી, વિજ્ઞાન કસ્તુર રાયા;
ગુણગાયા શ્રી આદિપ્રભુના, યશોભદ્ર અણગારા નમું. ૮

---

(૨)

## શ્રી શાંતિજિન સ્તવન

(એની એ સડક પર સંસાર ચાલ્યો જાય છે–એ રાગ)

**દેખી શાંતિનાથ** ભવ બંધન કપાય છે, મન હરખાય છે. (ટેક)
વિશ્વસેન અચિરાના નંદન, નયરી ગજપુરીના પ્રભુ મંડન;
મૃગ લંછન મધુરૂં સોહાય છે, મન હરખાય છે. દેખી. ૧
પંચમ ચક્રી આનંદ કારી, એક સહસ્રે સંયમ ધારી;
તીર્થપતિ સોલમા જિનરાય છે, મન હરખાય છે. દેખી. ૨
સહસ્ર બાસઠ મુનિવર ગુણી; એકસઠ સહસને છસે સાહુણી;
શ્રી જિનનો પરિવાર એ મનાય છે, મન હરખાય છે. દેખી. ૩
ચાલીશ ધનુની કંચન કાયા, લાખ વરષ આયુ પ્રભુ રાયા;
શિખર સમેતે શીવપદ પાય છે. મન હરખાય છે. દેખી. ૪
યક્ષ ગરૂલ દેવી નીરવાણી, માણે પ્રભુ સેવાની લાણી;
મહિમા પ્રભુનો નવ અંકાય છે, મન હરખાય છે. દેખી. ૫
નેમિ વિજ્ઞાન કસ્તુર વસાયે, જિનનાં ગુણ યશોભદ્ર ગાયે;
પ્રભુ ભજીને શીવ સુખ પમાય છે, મન હરખાય છે. દેખી. ૬

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

(મથુરામાં ખેલ ખેલી આવ્યા–એ રાગ)

યાદવકુલ શણગારો હો નેમ ભવિજન પ્યારા. (ટેક)
પીતા પ્રભુના સમુદ્ર વિજય છે, માતા શીવા દેવી જાયા હો નેમ.
જન્મ પ્રભુનું શૌરીપુમાં, દેવ દેવીએ હુલરાયા હો નેમ. ૨
દશ ધનુષ્યની શ્યામ છે કાયા, શંખ લંછન સોહાયા. હો નેમ. ૩
જઈ ગિરનાર સહસ્રની સાથે, સંયમ લીયા સુખદાયા. હો નેમ. ૪
ચાર ઘન ઘાતીને દુરે કરીને, કેવલ જ્ઞાન તીહાં પાયા. હો નેમ ૫
જગ હીતકારી દેશના આપી, મોહ તિમિર હઠાયા. હો નેમ. ૬
વરસ સહસનું આયુષપાલી, ગિરનારે શીવ પાયા. હો નેમ. ૭
અઢાર સહસ સાધુ પરિવારે, પ્રભુજીના બતાયા. હો નેમ. ૮
ચાલીસ સહસ સધ્વી સારા, કર્મસું યુદ્ધ જગાયા. હો નેમ. ૯
અંબિકા દેવી ને સુર ગોમેધ, શાસન શાન્નિધ્ય દાયા. હો નેમ. ૧૦
નેમિ વિજ્ઞાન કસ્તુર પસાયે, **યશોભદ્ર** ગુણ ગાયા. હો નેમ. ૧૧

---

(૪)

## શ્રી પાર્શ્વજિત સ્તવન

(લાગી બાલપનાની પ્રીત- એ રાગ)

લાગી **પાર્શ્વ** પ્રભુની પ્રીત હું તો કદી ના છોડું (ટેક)
મેં તો સ્તંભતીરથમાં દીઠા દેવ નિરાગી, મનડું દેવના દેવને દેખી થાય વિરાગી;
ચંચલ ચિત્તડું થાય ચકિત–હું તો કદી ના છોડું. લાગી. ૧
જ્યોતિ ઝગે છે મુખ પર જાણે પુનમ ચંદા, નીરખી નયન કૃતારથ થાય પાર્શ્વ જિણંદા;
મૂર્તિ હૃદય મંહિ અંકિત–હું તો કદી ના છોડું. લાગી. ૨

માનસસરની પ્રીતિ જેમ હંસી કરતી, નિરાગી દેવની પ્રીતિ
તેમ મુજને ગમતી;
અંતે વીતરાગીની જીત–હું તો કદી ના છોડું. લાગી. ૩
પ્રભુના મહિમાનો નવપાર પામે જ્ઞાની, સૌથી ઉંચી મેં તો
ભક્તિ એની જાણી;
પ્રભુ ભક્તિથી મારું હિત–હું તો કદી ના છોડું. લાગી. ૪
જુઠા જગમાં શ્રી જિનવરનું શરણું સાચું, હરનિશ ધ્યાન લગાવું
મુખથી શિવપદ યાચું;
ગાવું **યશોભદ્ર** જિન ગીત–હું તો કદી ના છોડું. લાગી. ૫

---

(૫)

## શ્રી મહાવીર જિનસ્તવન

(મેં મનકી બાત બતાઉં–એ રાગ)

મેં ત્રિશલા નંદન ધ્યાઉં, મનહર મુરતિ જિન મંદિરમેં,
પ્રભુકી પૂજા રચાઉં. મેં ત્રિશ. ૧

કુસુમ મનોહર શ્રી જિનવરમેં, રસિક ભંવર બન જાઉં;
ગુંજત ગુંજત ભક્તિ બાગમેં, શિવસુખ મધુકો પાઉં. મેં ત્રિશ. ૨

પુનમચંદા તું બન જાયે, ચકોર મેં બન જાઉં;
ગીત મનોહર પ્રેમસેં ગાકર, પ્રભુજી તુઝે રીઝાઉં. મેં ત્રિશ. ૩

તું ગોવિંદ ગરૂડ બનુંમેં, હસત હસત ઉડ જાઉં;
ભવ અટવીકો પાર લગાકર, મુક્તિ મંદિર જાઉં. મેં ત્રિશ. ૪

સૂરિ નેમિ–વિજ્ઞાન ચરણુમેં કસ્તુરગણિકો પાઉં;
સાયર તીર ખંભાત નયરમેં, **યશોભદ્ર** ગુણ ગાઉં. મેં ત્રિશ. ૫

---

(૬)

## શ્રી રુષભજિન સ્તવન

(જ્યારે આવે નવીન જુવાની—એ રાગ)

જ્યારે દેખું મુરતિજિનની હૈડે હર્ષ નમાય,
મનનાં ભાવો પલપલ ચાહે શ્રી જિનવરનું ધ્યાન;
જ્યાં શમરશપાન કરાય ત્યાં ભાવે પૂજન થાય,
પ્રભુ પૂજન છે શિવશુખદાય. જ્યારે૦ ૧
છુપ્પન દિકકુમરી ગુણગાય ચોશઠ ઈંદ્રોથી સેવાય;
કરી જન્મોત્સવ પાવન થાય જ્યારે૦ ૨
માતા મરૂદેવી હરખાય પિતાશ્રીનાભિકુલકર રાય;
વિનીતા નગરીનો એ રાય. જ્યારે૦ ૩
જ્યાં સિદ્ધાચલ ગિરિરાય, ત્યાં આદિ જિણંદ સોહાય;
હરે ભવિજનનાં દુઃખ સદાય. જ્યારે૦ ૪
ચાંદ્રકુલ નેમિસૂરિગુરૂરાય, સૂરિવિજ્ઞાનને કસ્તુર પાય;
પ્રણમી યશોભદ્ર ગુણગાય. જ્યારે૦ ૫

---

(૭)

## શ્રી શાંતિજિન સ્તવન

(મોરે સૈયાકે ઘરમેં નહિ કીસીકા રાજ રે–એ રાગ)

ગાવો હર્ષધરી, ગાવો હર્ષધરી, શાન્તિનાથ ભગવાન રે. (ટેક)
મેઘરથ ભવ દયા મન ભાવી, ગર્ભમાંહિ જગ રોગ હઠાવી.
પ્રભુજી ગુણની ખાણ રે. ગાવો૦ ૧
ત્યાંગ્યું ચક્રીપદ થઈ રાજી, સંયમ રાગે દુનિયા ગાજી;
ચોત્રીશ અતિશય વાન રે, ગાવો૦ ૨

મૂરતિ છે જિનની મન ભાવિ, કામ ક્રોધ પલમાંહિ હઠાવી;
આપે મુકિત સ્થાન રે. ગાવો૦ ૩

પૂજનનો છે લાભ અનુપમ, તેથી જીવન સફલ થયા હમ;
પીયા અમીરશ પાન રે. ગાવો૦ ૪

કદંબ ઉદ્ધારક નેમિસૂરિજી, વિજ્ઞાન કસ્તુર છે મુજ ગુરૂજી;
યશોભદ્ર કરે ગાન રે. ગાવો૦ ૫

---

(૮)

## શ્રી નેમિજિનસ્તવન

( નાગર વેલીઓ રોપાવ–એ રાગ )

ભક્તિ વેલીઓ રોપાવ તારા બાગ જીવનમાં,
નેમિનાથને વસાવ તારા બાગ જીવનમાં (ટેક.)

રેવતગિરિ તીરથ પ્યારા, છે રાજુલનાર નીવારા;
શિવાનંદન વસાવ. તારા૦ ૧

તું ભવ અટવીમાં રૂલ્યો, જો સાચા દેવને ભૂલ્યો;
ધ્યાન સુંદર જગાવ. તારા૦ ૨

જિનની મુરતિ મંગલદાયી, કીધી સૂત્રે શીવ સુખદાયી;
પૂજન ભાવના જગાવ. તારા૦ ૩

દરશન પૂજન આનંદકારી, છે ભવિજનને સુખકારી;
આધિઉપાધિ હઠાવ તારા૦ ૪

પ્રણમી નેમિ વિજ્ઞાન પાયા, યશોભદ્ર જિન ગુણગાયા;
મુકિત મંદિર વસાવ. તારા૦ ૫

---

(૯)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(મોરે લૈયાકે ઘરમે એ રાગ)

આવો હર્ષ ધરી, ગાવો હર્ષધરી; પાર્શ્વજિન ભગવાનરે.
ગાવો૦ (ટેક)

અશ્વસેન વામાના નંદન, વાણારશી નગરીના મંડન;
સેવે સુર ભગવાનરે. ગાવો૦ ૧

પ્રભુની છે નવ હાથની કાયા, નીલવરણ સોહે સુખદાયી;
ફણી લંછન ભગવાનરે. ગાવો૦ ૨

ત્રણસેંની સાથે થઈ રાજી, બેઠા સંયમપદે બીરાજી;
પાયા કેવલ જ્ઞાનરે. ગાવો૦ ૩

સોલ સહસ મુનિના પરિવારી, સાધ્વી અડતીસ હજાર સારી;
પ્રભુજી મહિમા વાનરે. ગાવો૦ ૪

વરસ શતનું આયુપાલી, સમેત શીખરે શીવવધુ ભાલી;
પામ્યા મુક્તિ સ્થાનરે. ગાવો૦ ૫

ધરણરાજ પદ્માવતીદેવી, પ્રભુ શાસન જયકાર જગેવી;
ગાવે પ્રભુના ગાનરે. ગાવો૦ ૬

કદંબ ઉદ્ધારક નેમિસૂરિજી વિજ્ઞાન કસ્તુર છે મુજ ગુરૂજી;
**યશોભદ્ર** એક તારરે. ગાવો૦ ૭

---

(૧૦)

## શ્રી મહાવીરજિન સ્તવન

(જાઓ જાઓ ઓ મેરે સાધુ એ રાગ)

યાચું યાચું મે **વીર** પ્રભુજી, પ્રભુ સેવાકા રંગ. (ટેક)

સિદ્ધારથ ત્રિશલાકે દુલારે, ચુરે ભવિજન શોક;
ક્ષત્રિય કુંડ નયર કે ભૂષણ, કર દો મુજ મન ચંગ. ચાચું૦ ૧

સાત હાથકી કંચન કાયા, લંછન સિંહ સહિત;
બને સંયમી એકાકી તુમ, છોડ ચલે સબ સંગ. ચાચું૦ ૨

ઉપસર્ગો સહી ઘાતી નીવાર્યાં, બને સંયમી સૂર;
હુએ પ્રભુજી તીર્થપતિ અબ, સેવે સુરનર વૃંદ. ચાચું૦ ૩

ચઉદ સહસ મુનિવર પ્રભુજી કે, ખેલે કર્મથી જંગ;
આર્યા છત્રીસ સહસ રાજે, ધરી દયાસું રંગ. ચાચું૦ ૪

અપાપામેં પ્રભુ બહોંતેર વર્ષે, પાય જ્યોતિ સંગ;
ઉસ દીન પર્વ દિવાળી પ્રગટે, આનંદ મંગલ રંગ. ચાચું૦ ૫

માતંગ સંગ સિદ્ધાયિકા હય, શાસન કે રખવાલ;
સંકટ ચુરે ભવીજનકા સબ, હરે વિઘ્ન અઠંગ. ચાચું૦ ૬

સૂરિનેમિ વિજ્ઞાન કે મનમેં, સાચા દેવકા રંગ;
શ્રી જિનવરશેં યશોભદ્ર મેં, માગું મુક્તિ ગંગ. ચાચું૦ ૭

---

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ !,
तुभ्यं नमः क्षितितलामल भूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

भक्तामरस्तोत्र श्लोक २६

**અર્થ**—ત્રણ ભુવનની પીડાને હરણ કરનાર હે નાથ ! તમને નમસ્કાર હો, પૃથ્વીતલ પર નિર્મળ આભૂષણ સમાન તમને નમસ્કાર હો, ત્રણ જગતના પરમેશ્વર તમને નમસ્કાર હો, અને સંસાર સમુદ્રને સુકાવી નાખનાર એવા હે જિન ! તમને નમસ્કાર હો.

મુનિરાજ શ્રી લલિતમુનિજી મહારાજ



જન્મ સં. ૧૯૫૦ દીક્ષા સં. ૧૯૮૭

(૪૧)

# શ્રી લલિતમુનિજી

(રચના સં. ૨૦૦૧ પછી)

સૌરાષ્ટ્રના ઝાલાવાડ પ્રદેશમાં સાયલા સ્ટેટમાં લીયા ગામમાં આ મુનિશ્રીનો જન્મ કારભારી વાલજીભાઈને ત્યાં શ્રીમતી અંબાબાઈની કુક્ષિએ સં. ૧૯૫૦માં થયો હતો. તેઓશ્રીનું નામ લાલચંદભાઇ હતું. વ્યાપાર અર્થે પિતાશ્રીનું વઢવાણ કાંપ રહેવાનું થયું. નાનપણમાં ધાર્મિક અભ્યાસ કર્યો. ને તે પછી વીરમગામમાં જૈન પુસ્તકાલયમાં લાયબ્રેરીયન તરીકે બે વર્ષ કામ કર્યું. તે દરમ્યાન માતા પિતા સ્વર્ગવાસ પામતાં દસ બાર વરસ ખાનદેશ મુંબાઈ, કરાંચી વીગેરે સ્થળોએ રહી. સં. ૧૯૮૪માં શ્રી વિજયલબ્ધિસૂરિજી મુંબઈમાં શ્રી ગોડીજી ઊપાશ્રયે ચાતુર્માસ હતા તેમના પરિચયમાં આવ્યા. ચોમાસાબાદ આચાર્યશ્રી અંધેરી પધાર્યા. ત્યાં વૈરાગ્ય રંગે રંગાઈ ત્રણ મહીનામાં દીક્ષા લેવાનો નિયમ આચાર્ય શ્રીપાસે લીધો ને તે સમય દરમ્યાન ન લેવાય તો રોજ એકાસણાં કરવાનો નિયમ લીધો.

આવી રીતે નિયમ લીધા બાદ શ્રી સમેતશીખરજી યાત્રાએ ગયા ને ત્યાંથી શ્રી રાણકપુરજીની યાત્રા કરી અમદાવાદ પાસે ગોધાવી ગામે શ્રી મોહનલાલજી મહારાજના પરિવારમાં પ. શ્રી. ક્ષાન્તિમુનિજી મહારાજ પાસે સં. ૧૯૮૭માં દિક્ષા અંગીકાર કરી નામ શ્રી લલિતમુનિજી રાખ્યું. ત્યાંથી ગૂજરાત મારવાડ વિગેરે દેશોમાં વિચરી સં. ૨૦૦૧માં જામનગરમાં રહ્યા. ત્યાંથી નેમિસૂરીશ્વરના સંઘાડાના સાધુ મુનિ શ્રી કાંતિવિજયજીની પક્ષઘાતની બીમારી હતી તેની વૈયાવચ્ચમાં ૭ વર્ષ રહ્યા.

તે દરમ્યાન તેઓશ્રીએ બે ચોવીસી સ્તવનોની રચના કરી. તથા અઢાર પાપસ્થાનક ને બાર ભાવનાની સઝાયો બનાવી. તથા સુરતમાં શ્રી પુષ્પાવતી ઊર્ફે મંગલસીંહના રાસની રચના કરી. તે સિવાય બીજા રાસો પણ રચ્યા છે. હાલમાં તેઓશ્રી સં. ૨૦૧૮ના ચાતુર્માસ સુરતમાં બિરાજે છે ને શ્રી મોહનલાલજી જૈન જ્ઞાનભંડારની વ્યવસ્થા કરવામાં સુંદર ફાળો આપે છે. તેઓની કાવ્ય રચના સરલ અને નવીન રાગોમાં થએલી છે. આ સાથે તેઓશ્રીના દશ સ્તવનો પ્રસિદ્ધ કરીએ છીએ.

---

(૧)

## શ્રી ઋષભદેવ પ્રભુનું સ્તવન

( રાગ–પાસ શંખેશ્વરા સહાયકર સેવકા )

**આદિ જીનેશ્વરા,** સ્થાપક ધર્મના, જગતના જીવને આપ તારો
કામને અર્થમાં મુંઝી હું બહુ રહ્યો,
ન થયો જેથી ઉદ્ધાર મારો ॥ આદિ ॥૧॥

શેઠ ધનાવહ ભવે, સાર્થ લહી જાવતાં, દાન બહુ મુનિને ઘી નું દીધું
બોધિ બીજ મેળવી, અંતે ભવતેરમે,
કર્મો કાપીજ કેવળ લીધું ॥ આદિ ॥૨॥

વીશ સ્થાનક તપ, કીધો ત્રીજા ભવે, મોક્ષ પુરૂષાર્થ તેં સાચો માન્યો
જગતના જીવ તે, પાપે પાછા હઠે,
એહિ વિચાર મનમાંહી આણ્યો ॥ આદિ ॥૩॥

દેહથી જીવદયા, પાળી નહિ પુરી મેં, વચનથી કંઈક જુઠાને કૂડા
કર્મ કર્યાં વળી, બાંધ્યા મનથી ઘણા,
શું કહું કામ નહિ મુજ રૂડા ॥ આદિ ॥૪॥

નિયમ પચ્ચખ્ખાણ દઢતા નહી માહરી, નિર્બળ આતમા મેંજ કીધો
આપ ચારિત્રથી પ્રેરણા મેળવી,
દાન સુપાત્રમાં ચિત્ત દીધો ॥ આદિ ॥ ૫ ॥
જિન આલંબન મૂરતિ આગમો, પંચમ કાળમાં એહ ભાનું
આગમ બિંબને જે નહી માનતા,
ભાન ભૂલા બન્યા એમ માનું ॥ આદિ ॥ ૬ ॥
તુંહિ સાચો પ્રભુ, તુંહિ આદિ પ્રભુ, તુંહિ દાની ખરો મુક્તિ કેરો
**ક્ષાંતિસૂરી**શ્વર સાથ સેવા કરૂં,
લલિત ઈચ્છા કરે જાય ફેરો ॥ આદિ ॥ ૭ ॥

---

(૨)

## શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન

(રાગ-હમ ફીસકો સુનાયે હાલ યે દુનિયા પેસેકી)

તુમ કરલે ખુશીસે આજ, યે ભકિત શાં....તી....કી
ફીર નહિ મીલેંગે સાજ; યે ભકિત શાં....તી....કી

**સાખી—**

આજ અપની પાસમે મુખડા હે આંખો કાન હે
દેખ પ્રભુ દેદારને, જિન ગુણકો પીછાણ લે
સુધાકર કરલે કાજ, યે ભકિત શાંતિકી....તુમ કરલે. ૧

હાથો મીલા પૈસા મીલા, સુપાત્રમેં તું દાનદે
પાઉં મીલા તો ઘુમકે, યાત્રા કરો સુતીર્થમે
ભવિ આતમ દર્શન થાય યે ભકિત શાંતિકી....તુમ કરલે ૨

કલ્પવેલી કામધેનું, મૂર્તિ જીનરાજકી
શાંતિરસ ઝરાવતી, દેખી અચિરા નંદકી
દ્રષ્ટિ અમી ભરી દેખાય, યે ભકિત શાંતિકી....તુમ કરલે ૩

પંચમ ચક્રવર્તી થયા, તીર્થંકર પ્રભુ સોળમે
દોનુય પદવી ભોગકે, જિનજી ગયે શીવવાસમે
જીવ સમજ કરલે આજ યે ભકિત શાંતિકી....તુમ કરલે. ૪

કૂડ કપટ પ્રપંચ જાળી તોડકે ભજ ભગવાન
શીવ માર્ગ સ્હેજે મીલે. મીલે અક્ષય સુખતાન
ધરે ક્ષાન્તિ સદા લલિત, યે ભકિત શાંતિકી....તુમ કરલે. ૫

(૩)

## શ્રી નેમનાથ પ્રભુનું સ્તવન

(રાગ—એક દીલકે ટુકડે હજાર હુએ)

નેમ જીનજી સૂણલો અરજ તુમે, (૨)
કોઈ હરણ ભણે, કોઈ મયૂર ભણે....નેમ જિનજી સૂણલો

કહતે હમ તુમકો શરણ હુએ....કોઈ હરણ ભણે,
કોઈ મયૂર ભણે....નેમ જીનજી સૂણલો અરજ તુમે.

રાજુલકે વચન તુમ માનેંગે, સમજે થે તે સબ જુઠ્ઠ હુએ;
દશ કદમ ચલે, સબ ચમક ગયે. કોઈ હરણ ભણે....૧

સમુદ્ર વિજય મનાવેંગે, વળી માત શીવા સમજાવેંગે
નહી ભોગ કરમ, સમજાવે મરમ....કોઈ હરણ ભણે....૨

છૂટે જીવ મનમેં હર્ષ ધરે, જંગલમે જા કે મોજ કરે;
આશીશ દીએ અન્ન પાન લીએ....કોઈ હરણ ભણે....૩

નવ ભવકે સંગી રાજુલ થા, ચલતે ચલતે ગિરનાર ગયે;
વીતરાગ ભએ શીવ સાથ ગયે....કોઈ હરણ ભણે....૪

મુક્તિ મીલતે નેમ નામ લીએ, ભક્તિસે ક્ષાંતિ લલિત લહે;
ખસ કરમ દહે, પદ પરમ લહે....કોઈ હરણ ભણે....૫

(૪)

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

[રાગ–તુમે તો ભલે બીરાજોજી,] (માહા મરૂદેવીના નંદ)

તુમે તો જુઓ જરા સામું, સેવક ઉપર કરૂણા લાવો પાસજી
જુઓ જુઓ સેવકના હાલ, સેવક ઉપર કરૂણા લાવો પાસજી

કાલ અનાદિથી ભટકું છું, આપ નથી અણજાણ
હવે જરા મીઠી નજરોથી, આપો સુખની લ્હાણ....તુમેતો. ૧

નહિ ખુટે પ્રભુ આપ ખજાનો, આપે બમણું થાય,
આપ તણા વચનોથી જાણું, કહોને કેમ ભૂલાય....તુમેતો. ૨

રંક રાય અમીર ફકીરો, સરીખા તુમ દિલ માંય,
દીઓ જવાબ હવે તુમે તો, શાને ઢીલ કરાય....તુમેતો. ૩

આગમ વાણીના ઉપકારે, ભવિ ઉતરે ભવ પાર,
આપ વચનનો હું વિશ્વાસી, ખામી નહિ લગાર....તુમેતો. ૪

નવ તત્ત્વ સાતે નય સાથે, સપ્તભંગી પ્રમાણ,
સ્યાદ્વાદ વિસ્તાર કરીને, સમજાવો જગભાણ....તુમેતો. ૫

એજ વિનંતિ આ સેવકની, આતમ તરવા કાજ,
હવે ઘણું શાને બોલાવો. આપ દયાળુ તાજ....તુમેતો. ૬

પાર્શ્વ જીણંદા શાંતિ પસાયે. સમજ્યો છું કંઈ સાર,
હવે જરા જો મર્મ જણાવો, લલિત પામે પાર....તુમેતો. ૭

(૫)

## શ્રી મહાવીર પ્રભુનું સ્તવન

(રાગ–છોડ ગયે બાલમ મુઝે હાય અકેલા છોડ ગયે)

વીર સુણો સ્વામિન, કહું વાત જરૂરી....વીર સુણો
દીઓ મુને અર્હન, કહું જ્ઞાન જરૂરી....વીર સુણો.

શુદ્ધ શ્રદ્ધામાં ખામી-લાવે, દર્શન મોહની ભારે;
આત્મના જે મૂળ ગુણોને, ચારિત્ર મોહની વારે;
જિન....ચારિત્ર મોહની વારે........વીર સુણો સ્વામિન્ ૧

મોહ રાયને મારી હટાવું, નિર્મોહી બનવાને;
આપતણી કૃપા જો થાયે, જરૂર ફાવીશ ત્યારે;
જિન....જરૂર ફાવીશ ત્યારે........વીર સુણો સ્વામિન્ ૨

ક્ષયોપશમ ઉપશમને ક્ષાયિક, સમકિત ત્રીજું પાઉં;
અધ્યવસાયો રૂડા થાયે, દિલ માંહે હરખાઉં;
જિન .... દિલમાંહે હરખાઉં ........ વીર સુણો સ્વામિન ૩

ભવ ગણત્રી સમકિતિની, લેખામાંહે આવે;
ભવસાગરમાં ભમતા પણ તે, અંતે પાર ઉતારે;
જિન .... અંતે પાર ઉતારે .... ....વીર સુણો સ્વામિન ૪

હેય જ્ઞેયનું ભાન કરાવો; ઉપાદેય સમજાશે;
વિવેક બુદ્ધિ મુજમાં આવે, આત્મસ્વરૂપ વિકાશે;
જિન....આત્મ સ્વરૂપ વિકાશે........વીર સુણો સ્વામિન્ ૫

સાચું કહું હું લીધા વીણ નહિ, મૂકું ક્ષાંતિ પ્યારા
ભક્તિ તુમારી કરતા ધ્યાને, થાય લલિત સુખકારા
જિન....થાય લલિત સુખકારા........વીર સુણો સ્વામિન્ ૬

---

(૬)

## શ્રી આદિનાથ પ્રભુનું સ્તવન

(રાગ—ભવિ ભાવે દેરાસર આવો)

પૂજો પૂજો આદીશ્વર પૂજો; જીનંદજી ઉપગારી;
એહ સમો નહિ કોઇ દુજો, જિણંદજી ઉપગારી....પૂજો

સાખી—

નાભિરાયા મરૂદેવીનો, નંદન રૂષભ નામ;
રાજનીતિ કળા શીખવી, વળી શીલ્પ બીજા બહુ કામરે–જિણંદજી ૧

જાણે નહિ કોઈ ધર્મને, ન જાણે વ્યવહાર;
મુક્તિ મારગ પામવા, ધર્મ પંથે વાળ્યા ભવિપાર રે–જિણંદજી ૨

પૂર્વ ભવે બળદોતણા, મુખ બંધાવ્યા ધાર;
વરસ આહાર વિના રહ્યા, એમાં કારણ એ અંતરાય રે–જિણંદજી ૩

હે પ્રભુ મેં કીધા ઘણા, દાનાદિકના જાણ;
અંતરાયો પાંચે કર્યા, થઇશ દુખી ઘણો અજ્ઞાન રે–જિણંદજી ૪

શક્તિ નથી પ્રભુ માહરી, સહનશીલતા ધાર;
આવ્યો શરણે તાહરે, હવે પામીશ શાંતિ અપાર રે–જિણંદજી ૫

જ્ઞાન દાન સુપાત્રમાં, વળી અભયદાનમાં ખાસ;
આજ્ઞા માની આપની, હવે કરૂં ઉદ્યમ અભ્યાસ રે–જિણંદજી ૬

વાણી અમીરસ આપની, તત્ત્વોથી ભરપૂર;
**ક્ષાન્તિ** સૂરિ ગુણ ભાવથી, લહે શક્તિ લલિત બહુ નૂર રે
–જિણંદજી ૭

---

(૭)

## શ્રી શાંતિનાથ પ્રભુનું સ્તવન

(રાગ–પરણ્યા વિના સ્વામી ના જાશો)

સમકિત વિણ નહિ જાઉં હવે હું,
જિનજી સૂણજો આજ .... .... .... ....અરજી ઉરે ધરો ૧

કાળ અનાદિમાંહે ભટકતાં, મીલ્યા તુમે મહારાજ....અરજી
અનેક તાર્યા ભવિજનોને, મીઠી નજરથી ખાસ....અરજી ૨

જિણંદજી ઘણું શું કહેવરાવો. તુમ હાથે મુજ લાજ....અરજી
પૂર્વ ભવે કબુતર શરણમાં, રાખ્યું બચાવવા કાજ....અરજી ૩

માત અચિરાની કુંખ શોભાવી, રોગ ગયા તત્કાળ....અરજી
નામ શાંતિ રાખ્યું માત પીતાએ, ગુણ પ્રમાણે સાચ્ચ....અરજી ૪

અનંતનુબંધાદિક ચારે, કષાયો કાઢવા કાજ....અરજી
હાસ્ય શોકાદિક જે જે કષાયો, થાયે સ્હેજમાં રાજ....અરજી ૫

વેદોદયે જે વિષયો આવે, સ્વપ્ને ગણુ નારાજ....અરજી
નામ શાંતિનો જાપ જપ્યેથી, ધર્મ સફળ થાય કાજ....અરજી ૬

સહજ ગુણ એક શાંતિ તુમારી, મેળવું થઈ સિંહરાજ....અરજી
નહી ચાલે હવે વાયદે વાતો, જલદી કરો આજ આજ....અરજી ૭

એક પ્રદેશે ગુણો અનંતા, તુમારા છે મહારાજ....અરજી
**ક્ષાંતિ** કૃપાથી લેશેજ લેશે, **લલિત** મુકિતરાજ....અરજી ૮

---

(૮)

## શ્રી નેમનાથ પ્રભુનું સ્તવન

(રાગ–ખુને જીગરકા પ્રીતિ)

તેરે શરણમેં આયોહું, બસ મુજને પાર ઉતાર;
તેરે ચરણમેં આયોહું, બસ મુજને પાર ઉતાર.
મેં તાન તાનસે ગાઉં, બે કરજોડી શિર નમાઉં;
નેમ દર્શનથી હરખાઉં, ભકિત કરી મન ભાવું રે–બસ મુજને—૧

સાખી–આપ આગળ શ્રીકૃષ્ણજી હારી ગયા શરમાય હો
બલ અમાપ છે આપનું, સહુ જાણે જિનરાય હો
તીર્થંકર મેરૂ ડગાવે, ચક્રી પણ હારી જાવે,
ન વાસુદેવ તે ફાવે, પામે બીજા નહી પાર–તેરે શરણમે—૨

સાખી–બલ પ્રભુજી આપનું, જીવ દયાને કાજ હો
લેખે આપે લગાડીઉં, લેવા શીવપુર રાજ હો
મન દ્રઢતા મારી એવી, જો થાય તમારા જેવી
લાગે લેખે બહુ તેવી, ઇચ્છા ખરી છે ધાર–તેરે શરણુમે—૩

સાખી–પશુ પંખીને બચાવીયા, તુમે સૂણી પોકાર હો
રાજુલ સહ સંસાર છોડી, તુમે ગયા ગિરનાર હો
તેરી નજર જો સબસે ખડ ગઈ, મુકિત કે ધામે ચડ ગઈ
સંસારની ફેરી જલ ગઈ, બસ મુજને પાર ઉતાર–તેરે શરણુમે—૪

સાખી–બાવીશમાં જીનરાજજી બ્રહ્મચારી ભગવંત હો
અદ્ભુત મૂરતી આપની, સેવે ભવિજન વૃંદ હો
શુદ્ધ ભકિત ખરી જો થાયે, દુઃખ દારિદ્ર સઘળા જાયે
ક્ષાન્તિકા લાભ ઉઠાવે, બસ લલિતને સુખકાર–તેરે શરણુમે—૫

---

(૯)

## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

(રાગ–સર જો તેરા ચકરાયે, યા દિલ ડુબા જાયે
આજા પ્યારે પાસ હમારે કાહે, ગભરાયે)

મન યે મેરા પલટાયે, યા શુદ્ધ બની જાયે
આયા મેં તો પાસ તુમારે, લેલો મુક્તિ દ્વારે (૨)
દિલ લીયા હે ભકિત, પાર કરાદો જલ્દી
કીસકે કારણ ઢીલ કરાયા, દે દો મુજકો મુક્તિ
જિન જિન જિન, બનાદો જિન, પાસ ચિંતામણિ સૂણ જરા સૂણ
થોડી બાતમે બહોત કહા હે, શ્યાને ઢીલ કરાયે, લેલો મુકિતદ્વારે ૧
તીર્યંચમે યા નારક, નહી જાના હે તારક
ભવકે ફેરા નહીંજ અચ્છે, દેવ બને યા દાનવ

જિન જિન જિન, બનાદો જિન, પાસ શંખેશ્વર સૂણ જરા સૂણ
થોડી બાતમે બહોત કહા હે, શ્યાને ઢીલ કરાયે, લેલો મુક્તિદ્વારે ૨

જન્મ લીયે નહી સુખ, મરણ ભએ બિ દુઃખ
જન્મ મરણકા રોગ મીટા દો, ભાંગે સબહિ ભૂખ
જિન જિન જિન, બનાદો જિન, પાસ જીરાવલ સૂણ જરા સૂણ
થોડી બાતમે બહોત કહા હે, શ્યાને ઢીલ કરાયે, લેલો મુક્તિદ્વારે ૩

મનુષ્ય ભવ નહી સ્હેલ, મીલના હે મુશ્કેલ
આપ પસાયે જાણ લીયા હે, અબ તો મુક્તિ મહેલ
જિન જિન જિન, બનાદો જિન, પાસ અંતરીક્ષ સૂણ જરા સૂણ
થોડી બાતમે બહોત કહા મે, શ્યાને ઢીલ કરાયે, લેલો મુક્તિદ્વારે ૪

શ્રી ચિંતામણી પાસ, મુંબઈ ગોડી પાસ
આપ શરણમેં ક્ષાન્તિ ચાહુ, લલિતકી અરદાસ
જિન જિન જિન, બનાદો જિન, પાસ ચિંતામણી સૂણ જરા સૂણ
થોડી બાતમે બહોત કહા હે, શ્યાને ઢીલ કરાયે, લેલો મુક્તિદ્વારે ૫

---

(૧૦)

## શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

(રાગ—વાયુ તારા વીંઝણલાને કહેજે ધીરે વાય)

**મહાવીર** તારી ધીરજતાનો, કોઈ ન પામે પાર,
અસાર એવા સંસારમાંહે, એકજ તું આધાર....મહાવીર

નારક તીર્યંચ દેવ માનવમાં, પ્રકાશ તો થાવે,
કલ્યાણકો પાંચેમાં સુખો, જગ જીવો પાવો....મહાવીર ૧

ત્રણ જ્ઞાન સાથે લઈ આવ્યા, પૂર્વની કમાણી,
માતભક્તિ પણ આપેજ કીધી, હતાજ ત્રીજ્ઞાની....મહાવીર ૨

માત તાતને ભાઈનું જીવન, ટકાવવું છાજે,
કર્મો ભોગાવળી તેં ભોગવ્યા, સંયમને કાજે....મહાવીર ૩

વરસીદાન દેઈ પ્રભુજી, સંયમના રાગી,
અનુકંપા વિના નવિ શોભે, સમજાવ્યું ત્યાગી....મહાવીર ૪

આતમ તત્ત્વ ખીલવવા, મનઃપર્યવ જ્ઞાની,
ઉપસર્ગોના તોફાનમાંહી, ચળ્યા નહી સ્વામી....મહાવીર ૫

એક ઠામે બેઠા નહી વળી, નિંદર ન આણી,
તપશ્ચર્યા કરી કારમો કાપ્યા, બન્યા કેવળ નાણી....મહાવીર ૬

મોહી માની ક્રોધી જીવો, લોભે ભરી હઈયા,
અપરાધી એવા પણ આવે, આપ કરો સુખીયા....મહાવીર ૭

આતમ લક્ષ વિના હું ફરીયો, ખરે ખરી ખામી,
જ્ઞાન ક્રિયા હેતુ સમજીને, બનું સાચો નાણી....મહાવીર ૮

ઉપગારી મહાવીર પ્રભુજી, ક્ષાન્તિ ધરૂં જિનરાજ,
સંસારમાં ચાહુ શરણુ તારું, લલિત સીઝે કાજ....મહાવીર ૯

---

## શ્રી સીમંધરસ્વામિના દુહા

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતિ ક્રોડ;
કેવલ નાણી થિવિર સવિ, વંદુ બે કર જોડ. ૧
બે કોડિ કેવલધરા, વિહરમાન જિન વીશ;
સહસ યુગલ કોડિ નમું, સાધુ સરવ નિશ દિશ. ૨
જે ચારિત્રે નિર્મલા, તે પંચાનન સિંહ;
વિષય કષાયને ગંજીયા, તે પ્રણમું નિશદિહ. ૩
રાંક તણી પરે રડવડયો, નિધણીયો નિરધાર;
શ્રી સીમંધર સાહિબા, તુમ વિણ ઇણે સંસાર. ૪

૪૨

# પંન્યાસજી શ્રી મહિમાવિજયજી

રચના ૨૦૦૧ આસપાસ

મહાગૂજરાતના પ્રાચીન શહેર. સુરત બંદરમાં પ્રસિદ્ધ વીશા ઓશવાળ જ્ઞાતિમાં આ મુનિવરનો જન્મ ઝવેરી જયચંદ દયાચંદને ત્યાં બાઈ જશવંતીની કુક્ષિએ સં. ૧૯૬૫માં થયો. દસ વર્ષની ઊમરથી તેઓશ્રીના પૂર્વ ભવના દેવગતિ પામેલા એક મિત્રે દર્શન આપી કંઈક માંગવાનું કહ્યું. તેઓશ્રીએ એક જ માંગ્યું કે ધર્મધ્યાનમાં વૃદ્ધિ થાય એવું આપો. તેઓશ્રીના પિતાશ્રીનું ઊચ્ચ ધાર્મિક જીવનના સંસ્કારોથી તેઓએ પણ નાનપણથી ધાર્મિક અભ્યાસ સારો કર્યો. નિત્ય સામાયિક દર્શન પૂજાનો નિયમ હોઇ, સુરત ગોપીપુરામાં શેઠ જગા વીરના દેરાસરમાં એક દિવસ સિદ્ધચક્રના ગોખલે પૂજન કરતાં દેવાધિષ્ઠિત પૂજાની સામગ્રીનો થાલ નજરે પડયો. ને માથામાં વાસક્ષેપ નીકલવા લાગ્યો. દેરાસરમાં હાજર રહેલા ભાઈઓ આ દૃશ્યથી આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યાર બાદ ઘણી વખત તેઓશ્રીના મસ્તકમાંથી આવી રીતે અક્ષત ને વાસક્ષેપ નીકલતો હતો. કોઈક વખતે બેઠા હોય ને ખોળામાંથી શ્રીફળ નીકળે. આમ કેટલા વર્ષ ચાલ્યું. એક સમયે એક અદ્‌ભુત ચમત્કાર થયો. મુંબઈ શહેરમાં ચોપાટી ઊપરથી તેઓ પસાર થતા હતા ત્યાં રસ્તામાં તેમના દૈવી મિત્રે જિનમૂર્તિઓના દર્શન કરાવ્યાં. રસ્તામાં જ ચૈત્ય વંદન કર્યું. છતાં આવા ધોરી માર્ગ પર જરાએ અકસ્માત નડ્યો નહિ.

આમ વૈરાગ્ય વાસિત આત્માને ૨૧ વર્ષને ઊમરે સં. ૧૯૮૬માં સુરતમાં શ્રી સાગરજી મહારાજ હસ્તે દિક્ષા આપવામાં આવી ને પં.

પંન્યાસજી શ્રી મહીમાવિજયજી મહારાજ

દીક્ષા સં. ૧૯૮૬



પંન્યાસપદ સં. ૨૦૧૪

જન્મ સં. ૧૯૬૬ સ્વર્ગવાસ સં. ૨૦૧૮ (લીંબડી)

શ્રી પ્રવિણુવિજયજીના શિષ્ય બનાવી નામ શ્રી મહિમાવિજયજી રાખવામાં આવ્યું. તે દીક્ષાના વરઘોડામાં અંતરિક્ષમાં દેવદેવીઓની હાજરી હતી.

દિવસે દિવસે શાસ્ત્રાભ્યાસ કરવા માંડયો ને ગુરુમહારાજ સાથે ગામોગામ વિચરવા માંડ્યા. તેઓશ્રીનું ચાતુર્માસ મોટે ભાગે શહેર કરતાં ગામડામાં થતું. જે જે ગામોમાં ચાતુર્માસ કરતાં ત્યાંની જૈન જૈનેતર પ્રજા તેમના વ્યાખ્યાન વૈરાગ્યવાણીથી બોધ પામી ધર્મક્રિયામાં જોડાતાં હતાં. તેઓશ્રીએ ગૂજરાત, સૌરાષ્ટ્ર. રાજસ્થાન, મહારાષ્ટ્ર વિગેરે દેશોમાં વિચરી શાસન પ્રભાવનના અનેક કાર્યો કરાવ્યા હતાં. પ્રતિષ્ઠા, ઉપધાન, પણુ ઘણા ગામોમાં કરાવ્યા હતા.

તેઓશ્રીની શાંત પ્રકૃતી તથા ઊત્તમ ગુણોથી આકર્ષાઈ ગુરુશ્રીએ સં. ૨૦૧૪માં છાણી મુકામે પન્યાસપદ ધામધૂમપૂર્વક અર્પણુ કર્યું હતું. આ વરસે સં. ૨૦૧૮માં વૈશાખ માસમાં પાલીતાણા પાસે કુંભણુ ગામ પ્રતિષ્ઠા મહોત્સવ કરાવ્યો હતો. ત્યાંથી વિહાર કરી લીંબડી મુકામે ગુરુશ્રી પં. પ્રવિણુવિજયજી સાથે બિરાજતા હતા. પણુ હૃદય રોગની બીમારીથી અષાડ શુદ ૬ને દિવસે સ્વર્ગવાસ પામ્યા. તેઓની સ્મશાન યાત્રામાં જૈન જૈનેતરો વિગેરે મોટા સમુદાયે ભાગ લીધો હતો. ને તેમાં મુસ્લીમ ભાઈઓએ પણુ ભાગ લીધો હતો. તેઓનો અગ્નિસંસ્કાર રૂા. ૨૦૦૧) બે હજાર એકની બોલીથી તેમના અનન્ય ભક્ત ભાઈશ્રી છોટાલાલ મણીલાલ બકરીએ કર્યો હતો. તેમની યાદગીરી કાયમ રહે તે માટે લીમડીમાં તથા સુરતમાં તેમનું સ્મારક કરવાની યોજના થઈ રહી છે.

આવા સરળ હૃદયી, પ્રતિબોધ કરવાની સુંદર શક્તિવાળા. સદાયે હસમુખા. મહિમા સંપન્ન એવા પં. શ્રી મહિમાવિજયજીને ભૂરિ ભૂરિ વંદન હો.

તેઓના કાવ્યો ટુકા પણુ સુંદર બોધદાયકો છે આ સાથે તેઓશ્રીના પાંચ કાવ્યો લીધા છે.

૧

## શ્રી ઋષભ જિન સ્તવન

( રાગ–વિચરંતા ગામો ગામ )

ઋષભ જિણંદજીરાય, મરુદેવા જસ માય,
આછે લાલ, ભાવે ભેટો ભગવંતનેજી. ૧

પાંચસે ધનુષની કાય, કાઢયા ચાર કષાય,
આછે લાલ, એ પ્રભુનો મહિમા ઘણોજી. ૨

ચન્દ્ર સમ વદન સોહાય, ધ્યાતા પાપ પલાય,
આછે લાલ, હરખ ધરીને ભેટશુંજી. ૩

વિનીતા નયરી મોઝાર, જન્મ લીયો સુખકાર,
આછે લાલ, દેવો પણ મહોત્સવ કરેજી. ૪

સિદ્ધગિરિ જગમાં સાર, પૂર્વ નવ્વાણું વાર,
આછે લાલ, પ્રથમ જિણંદ સમો સર્યાજી. ૫

આત્મ કમલ સુખકાર, લબ્ધિ પ્રવિણને તાર,
આછે લાલ તુજ મહિમા જગમાં ગાજીયોજી. ૬

---

૨

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

( રાગ–ઉપદેશથી પામીયેરે )

શાંતિ જિનેશ્વર વંદતા રે, આનંદ ઉર ન માય,
તુજ મૂરતિને નીરખતાં રે, ભવોભવના દુઃખ જાય.
જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, તું શિવ સુખનો દાતાર. જિને૦ ૧

ઈડરગઢ પર શોભતા રે, સોલમા શ્રી જિનચંદ,
સેવા કરે એક ભાવથી રે, સુર નર નારીના વૃંદ. જિને૦ ૨

પુણ્ય ઊદય મુજ જાગીયો રે, આવ્યો તુમ દરબાર,
મહેર કરી રંક ઊપરે રે, આપો ચરણ આધાર. જિને૦ ૩

સંપ્રતિ મહારાજા થયા રે, કરાવ્યો એહ પ્રાસાદ,
જિનાલય બાવન ભલા રે, નિત્ય રહો એહ આબાદ. જિને૦ ૪

વિશ્વસેનના લાડકા રે, અચિરા દેવીના નંદ,
ચાલીસ ધનુષની દેહડી રે, દેતા પરમાનંદ. જિને૦ ૫

આત્મ કમલમાં આપજો રે, લબ્ધિ શિવ સુખકાર,
પ્રવીણ શિશુ **મહિમા** તણી રે, કરજો નૈયા પાર. જિને૦ ૬

---

૩

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ–સુખ દુઃખ સર્જ્યાં પામીયે રે)

**નેમિ જિનેશ્વર ભેટીયે રે,** બ્રહ્મચારી શૂરવીર,
એ પ્રભુનો મહિમા ઘણો રે, તસ વાણી ગંભીર રે,
જિનજી લાગ્યો અવિહડ નેહ, કદીય ન તુટે નેહ રે. જિનજી ૧

ગિરનારે પ્રભુ દીપતો રે, ઝીપતો કર્મનો માર,
લીપતો નહી રંગ રાગમાં રે, હરતો ભવિયણ ભાર રે. જિનજી ૨

ખીલતી કેવળ જ્યોતનો રે, ધારક વારક કામ,
કારક મન વંછિત તણો રે, રાણો ત્રણ જગ ધામ. જિનજી. ૩

દીક્ષા લીધી જ્ઞાનથી રે, સહેસાવન મોઝાર,
મન પર્યવ તવ ઊપન્યું રે, ધર્મ ધ્યાન મનોહાર. જિનજી ૪

શુકલ ધ્યાનને ધ્યાવતારે, પામ્યા કેવળ જ્ઞાન,
તીર્થંકર પદ પામીયા રે, સ્થાપ્યું શાસન મહાન રે. જિનજી ૫
નરક નિગોદે ભમતાં રે, ખોયો કાલ અનંત,
માનવનો ભવ પામીને રે, ભાવે ભેટો ભગવંત રે. જિનજી ૬
મનમાન્યા શ્રી જિનવરૂ રે, કરો મુજ પર અતિ મહેર,
મન વંછિત દેતા થકારે, થાયે લીલા લહેર રે. જિનજી ૭
મોહ મહિપ છે મોટકો રે, વારણ કરજો તેહરે.
તરણ કાજે ભાવના રે, કારણ મોક્ષનો નેહ રે. જિનજી ૮
આત્મ કમલે આપજો રે, લબ્ધિ અડવીશ જેહ,
પ્રવીણ **મહિમા** વિનવેરે, કરજો કર્મનો ખેહ રે. જિનજી ૯

---

૪

## શ્રી સૂર્યપુર મંડન પાર્શ્વજિન સ્તવન

(રાગ–સુખ દુઃખ સર્જ્યા પામીયે રે)

સૂર્યપુરે જિન શોભતા રે, વામાદેવીના નંદ;
દર્શન કરતા ભાવથી રે, મુજ મનને આનંદ રે.
જિનજી તુમ વિન દુજો ન કોય, તું મુજ મન હોયરે. જિનજી ૧
અશ્વસેન રાજા ગૃહે રે, જન્મ્યા શ્રી જિનરાજ,
સૂરજમંડન સાહિબા રે, ત્રણ ભુવન શિરતાજ. જિનજી ૨
નરક નિગોદે હું ભમ્યો રે, પામ્યો દુઃખ અનંત;
માનવ ભવમાં મે લયો રે, ભાગ્યોદયે ભગવંત. જિનજી ૩
સેવક જાણી આપનો રે, રાખો મુજ પર નેહ;
છોડું નહી તુજ ચાકરી રે, જે છે ગુણમણિ ગેહ. જિનજી ૪

નવ કર ઊંચી દેહડી રે, અહિ લંછન વિખ્યાત,
વર્ષ શતાયુ પાલીને રે, પામ્યા શિવપુર શાત રે. જિનજી ૫

આત્મ કમલમાં આપજો રે, લબ્ધિ તણો ભંડાર;
પ્રવીણ મહિમાની વિનતિ રે, ધરજો હૃદય મોઝાર રે. જિનજી ૬

---

૫

## શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ સૂર્યપુરે જિન શોભતા રે)

વાણી સુધા પ્રભુ તાહરી રે, પીએ જે ધરી રાગ,
પીવંતા સુખ ઊપજે રે, મળે મુક્તિમાં માગ;
જિનેશ્વર તું છે હૃદયનો હાર. (આંકણી)–૧

મનહર મૂર્તિ દીપતી રે, સોહે તેજ અપાર;
ભાવે પ્રભુ ભેટતા રે, થાએ સફલ અવતાર. જિનેશ્વર–૨

માતા ત્રિશલા સોહતી રે, પિતા સિદ્ધારથ રાય;
હરિ લંછન જિનજી તણું રે, સાત હાથની કાય. જિનેશ્વર–૩

ક્ષત્રિય કુંડે અવતર્યા રે, જિનજી પરમ દયાલ;
મહેર કરી મુજ ઊપરે રે, છોડાવો સબી જંજાલ. જિનેશ્વર–૪

માનવ ભવમાં પામિયો રે, જિનજી તુજ દેદાર;
સંસારે હું બહુ ભમ્યો રે, મર્યો અનંતી વાર. જિનેશ્વર–૫

આત્મ કમલમાં ધ્યાવતા રે, લબ્ધિ પ્રવીણ સુખકાર;
તુજ મહિમાથી મુજને રે, વર્તો સદા જયકાર. જિનેશ્વર–૬

---

## હિતોપદેશક કાવ્ય

( રાગ, સિદ્ધાચલનાવાસી )

દો દિનકા મહેમાન મુસાફીર, ભાથૂં બાંધી લે. મુસાફીર ભાથું બાંધી લે.

મોહ માયામાં મસ્ત બનીને, પાયા વિનાના ઘરો ચણીને,
પાવે દુઃખ અપાર. મુસા૦ ૧

ગર્ભોમાં તું ઉંધો લટકે, એ દુઃખ તુજને કેમ ન ખટકે,
કરને કાંઈ વિચાર. મુસા૦ ૨

તું માને છે મારૂં મારૂં, જ્ઞાની કહે છે કોઈ નહિ તારૂં,
**વીર** વચન દીલ ધાર. મુસા૦ ૩

દેવ ગુરૂને ધર્મ છે તારા, સ્નેહી સંબંધી સૌ છે ન્યારા,
સ્વારથીઓ સંસાર. મુસા૦ ૪

પુણ્ય પાપને નહિ પીછાણે, મારૂં એ તું સાચું માને,
સાચું મારૂં જાણ. મુસા૦ ૫

આ પરાયો આ છે મારો, તુચ્છ ભાવના દીલથી વારો,
સૌને અપના માન. મુસા૦ ૬

**ધર્મ ક્રિયાઓ કાલે કરશું, નહિ જાણે પણ કયારે મરશું,**
**ક્ષણનો નહિ વિશ્વાસ.** મુસા૦ ૭

**અભિમાનમાં અક્કડ ફરતો, ગુણીજન દેખી તું નહી**
**નમતો, રાવણ હાલ નિહાળ.** મુસા૦ ૮

એક દિન દુનિયા છોડી જાવું, ધર્મ ભાથાવિણ ત્યાં શું ખાવું
કરલે ધર્મ ધ્યાન. મુસા૦ ૯

માનવ ભવ અતિ દુર્લભ જાણો, શાસ્ત્ર વચન એ સત્ય પ્રમાણો,
મળે ન વારંવાર. મુસા૦ ૧૦

હિંસા જૂઠ ને ચોરી છોડી, જન્મ મરણની બેડી તોડી,
સ્વરાજ કરલો હાથ. મુસા૦ ૧૧
પરનારીને માતા માને, બ્રહ્મચર્યની કીંમત જાણે,
એહીજ ચતુરસુજાણ. મુસા૦ ૧૨
નિંદા વિકથા ને અદેખાઈ, કુડા આળ ન દેશો ભાઈ,
સારૂં નહિ પરિણામ. મુસા૦ ૧૩
વૈદ્યની આજ્ઞા શીરે ચઢાવે, પ્રભુ આજ્ઞામાં યુક્તિ લડાવે,
નહી ધર્મનો પ્રેમ. મુસા૦ ૧૪
તપજપની વાતોથી ભાગે, માંદો પડતા સઘળું ત્યાગે,
ડહાપણ નહી કહેવાય. મુસા૦ ૧૫
એકલો આવ્યો એકલો જાશે, વૈભવ સઘળો રહી જાશે,
ભજલે વીર ભગવાન. મુસા૦ ૧૬
વિષ થકી છે વિષયો ભૂંડા, તે તુજને કેમ લાગે રૂડા,
દુર્ગતિના દેનાર. મુસા૦ ૧૭
જીવનમાં સુશીલતા લાવો, સદ્‌ગતિ કેરા સુખડા પાવો,
સુંદર એ સંદેશ. મુસા૦ ૧૮
**આત્મ કમલને** ઝટ વિકસાવી, **લબ્ધિનો** ભંડાર વસાવી,
તર જાઓ સંસાર. મુસા૦ ૧૯
રાગ દ્વેષને શત્રુ જાણે, જ્ઞાની તેને **પ્રવીણ** પ્રમાણે,
**મહિમા** વેણ સ્વીકાર. મુસા૦ ૨૦

( ૪૩ )

# આચાર્યશ્રી લબ્ધિસૂરિજીના
શિષ્ય—
# શ્રી વિજય ભુવનતિલકસૂરિ

( ચોવીસી રચના સં. ૨૦૦૩ )


પૂ. પા. શ્રીમદ્વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પૂ. પા. આચાર્ય દેવવિજય ભુવનતિલકસૂરિજીનો જન્મ વિ. સં. ૧૯૬૨માં છાણી (વડોદરા) ગામમાં પિતા ખીમચંદભાઈને ત્યાં માતા સૂરજબહેનની કુક્ષિમાં થયો હતો. જેમનું શુભ નામ છબીલદાસ પાડવામાં આવ્યું હતું.

જેઓશ્રી વ્યવહારિક અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સંસારની અસારતા નિહાળતાં વિ. સં. ૧૯૭૮માં ઉમેટા ગામમાં ગુરુવર્ય વિજયલબ્ધિસૂરીશ્વરજીમહારાજ પાસે સંયમ ગ્રહણ કરી મુનિ ભુવનવિજય તરીકે વિખ્યાત થયા. છે. સતત ગુરુસેવા—સ્વાધ્યાય વિગેરે ગુણો વિકસાવી ગુરુના કૃપાપાત્ર બન્યા અને ગુરુવર્યે ક્રમસર પ્રવર્તક, ગણિ, પન્યાસ તેમજ વિ. સં. ૨૦૦૧ પાલીતાણામાં આચાર્યપદારૂઢ જેઓશ્રીને કર્યા ત્યારથી આચાર્ય વિજયભુવનતિલકસૂરિ તરીકે પ્રસિદ્ધ થયા છે.

તેઓશ્રી ગુજરાત, સૌરાષ્ટ્ર, રાજસ્થાન, કચ્છ, ખાનદેશ, વિદર્ભ (મહારાષ્ટ્ર) દેશોમાં વિચર્યા છે.

જેઓશ્રી સંગીત, લ્હાણુ, પ્રશાંત મુદ્રા, મધુર ઉપદેશથી બાલ, યુવક, વૃદ્ધ વિ. સૌનું આકર્ષ કરતા અને સંઘ, પ્રતિષ્ઠા, અંજનશલાકા, ઉપધાન, મહાન તપશ્ચર્યા વિગેરે શાસનના પ્રભાવનાના કાર્યો કરી રહ્યા છે.

## આચાર્ય શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ



દીક્ષા સં. ૧૯૭૮

આચાર્યપદ સં. ૨૦૦૧

જન્મ સં. ૧૯૬૨ છાણી (વડોદરા)

તેઓશ્રી આત્મનિદર્શન, વાકય–વાટિકા વિ. લેખોના પ્રસિદ્ધ લેખક તેમજ સ્તવન ચોવીસી વિ. શાસ્ત્રીય અને નવીન રાગોમાં સુશોભન કાવ્યોની રચના કરી છે અને સુંદર પ્રવચનકાર તરીકે આજે શાસનને સર્વ રીતે દીપાવી રહ્યા છે. આ સાથે તેઓના છ કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

(૧)

## શ્રી ઋષભ જિન સ્તવન

(રાગ વસંત)

આજ મીલે વીતરાગી જિનજી. એ ટેક
શાંત સુધામય મુદ્રા નીરખી, અંતર જ્યોતી જાગી. જિનજી૦ ૧
જુઠી માયા ભૂલ કે સબહી, એકહી લગની લાગી. જિનજી૦ ૨
દર્શન જ્ઞાન ચારિત્ર ખજાનો, ભવકી ભાંવટ ભાગી. જિનજી૦ ૩
આનંદ મંગલ દાયી મૂરતિ, ઘડીયાં મીલીમાં માગી. જિનજી૦ ૪
સુરતરૂ મુજ દિનદાર ફલીપો, દિવ્ય દુંદુભીયાં વાગી. જિનજી૦ ૫
આત્મકમલ લબ્ધિસુનિકેતન, ઋષભ જિણંદ સોહાગી. જિનજી૦ ૬

---

(૨)

## શ્રી શાંતિજિન સ્તવન

(રાગ–તિલક કામોદ)

દિવ્યધામ કૈસે પાવું, શાન્તિ જિણંદ શાન્તિ ધામ. ટેક
મુક્તિ મહેલમાં શાશ્વત સુખનો, ક્ષણ ક્ષણ અનુભવ ધામ. શાં૦ ૧
અદ્દ્ભુત શકિતનો મઝાનો ખજાનો, નિર્મમ ને નિષ્કામ. શાં૦ ૨
અચિરા દેવીના કુક્ષિસરોજનો, હંસ **શ્રી શાંતિ** સ્વામ. શાં૦ ૩
શાંતિ સ્વામી મુજ અંતર યામી, ત્રિજગ ઉજ્વલ નામ. શાં૦ ૪

શાંતિ સમર્થ ભકત જીવોને, ગુણી ગાવત ગુણ ગ્રામ. શાં૦ ૫
આત્મકમલ લબ્ધિની લહેરે, **ભુવન** વરે શિવધામ. શાં૦ ૬

---

(૩)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ—છાયાતટ)

નેમિનાથ જિણંદ ગિરનારી સ્વામ....એ ટેક
સમુદ્ર વિજય કુલચંદ્ર પ્રભુનાં, શિવા દેવી કુલહંસ સુનામ;
રાજપાટ સમૃદ્ધિ ત્યાગી, નાર રાજુલ છોડ જીત્યો કામ. નેમિ૦ ૧
પશુગણનો પોકાર સુણીને, આવીયા ગિરનાર ઠામ;
કેવલ પામી અંતરયામી, રાજુલ સહ મુક્તિ ધામ. નેમિ૦ ૨
નેમિ ચરણના શરણમાં આવો, નિત્ય ધ્યાવો કરો ગુણ ગ્રામ;
આત્મકમલ લબ્ધિને વરવા, **ભુવન** ભજે આઠો યામ. નેમિ૦ ૩

---

(૪)

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(રાગ-ગોડી મલહાર)

**પાર્શ્વ** દર્શન તરસે, ભવિજન....એ ટેક
વામાદેવી નંદન જગ મોહન, દેખત દીલ હર્ષે. પાર્શ્વ૦ ૧
ઇંદ્રિ ચંદ્ર નર રાજ ભકતગણ, ચરણ કમલ ફરસે. પાર્શ્વ૦ ૨
મોક્ષ સુખ અભિલાષી ભવિકજન, આણ શિર વહશે. પાર્શ્વ૦ ૩
ઘડી ઘડી પલ પલ પાર્શ્વ ગુણોમાં, જીવન મન ઉલ્લસે. પાર્શ્વ૦ ૪
આત્મકમલ લબ્ધિની લહેરો, શમ દમ જલ વરસે. પાર્શ્વ૦ ૫
શાશ્વત આત્મ ધર્મના સુખડાં, ભકત **ભુવન** લહેશે. પાર્શ્વ૦ ૬

---

(૫)

## મહાવીરજિન સ્તવન

(રાગ—સારંગ)

**વીર** પ્રભુ કરૂણા મુજ પર કીજે....(એ ટેક)
સાથમાં વાસ મુજ દીજે. વીર૦ ૧

તુજ શાસનના રાગે જાગો, ભક્તિ ઉરમા અનેરી;
એકવાર મુજને અંતરની, જ્યોત દીખાઓ સવેરી, વીર૦ ૨

કાલ ગયો આશ કરતાં અનંતો, આશા પુરો પ્રભુ મેરી;
અનુપમ આનંદ અનુભવ અર્પો, દૂર કરી ભવ ફેરી. વીર૦ ૩

ગરીબ દાસ છું પામી પુણ્યે, ત્હારા શરણમાં આવ્યો;
શ્રદ્ધા અવિચલ એક વસી છે, વીર શાસનમાં ફાવ્યો. વીર૦ ૪

ધર્મ વૃક્ષ જે આપે રોપ્યું, સ્થાન હેતે ત્યાં લીધું;
શ્રદ્ધા બલથી વીર બનીને, આજ્ઞા પાલન વ્રત કીધું. વીર૦ ૫

ત્રિશલા નંદન શીતલ ચંદન, ત્રિવિધ તાપ હરીને;
*કરૂણાવંત કરૂણા કરી દિન પર, સેવક વચન સુની જે. વીર૦ ૬*

આત્મકમલ લબ્ધિની સંગે, રંગે કર્મ જંગ જીત્યો;
વીર દર્શન કરી **ભુવન**ને આજે,
દુઃખનો દિવસ હવે વીત્યો. વીર૦ ૭

---

(૬)

### કલશ

અચલ શાસન જગ, વીર તણું જયકર;
સેવી લહે ભવિજન, સુખ શિવધામનું,
ગાઈ હેત ધરી મન દૃઢ કરી ભક્તિ ભરી
ચોવીશી સ્મરણ કર્યું, શુભ જિન નામનું.

આતમ આનંદ કર, **આત્મારામ** પટધર,
**કમલસૂરિજી** જગ કામ નહીં દામનું;
તસ પટધર ગુરુ **લબ્ધિસૂરિ** લબ્ધિધર,
**ભુવન-તિલકસૂરિ** કામ મન ઠામનું.
**આમોદનગર** રહી ભક્તિથી, કરી ચોવીશી સાર,
બે હજાર ત્રણ સાલમાં તરવા આ સંસાર;
ભવિજન શાસ્ત્રગીતનાં જ્ઞાની જન મનહાર,
પ્રભુ ભક્તિ તન્મય બની વર્તાવો જયકાર.

---

(૭)

## વિરાગી—વાણી

જન્મ્યા પછી આ જગતમાં, માયાની જંજીર,
મમતા વિવશ જીવડો બોજ ઉપાડે શીર;
ભૂલી મમતા આ વિશ્વની, કર પ્રભુની પીછાન,
નામ સ્મરણ કર પ્રભુતણું ભજે એના ભગવાન.
ચાર દિવસની ચાંદની, સમ સઘળો સંસાર,
ધન હવેલી સ્વજન પ્રીત, મુકી જવું નોધાર;
પઈ પૈસાને પામવા, કરે તું દોડાદોડ,
એકલા જઈ સ્મશાનમાં તાણી સુવું સોડ.
કંચન-કામિની સંગમાં, ભૂલી ગયો ભગવાન,
આંખ મીચીશ તું પલકમાં સમજ સમજ નાદાન,
ભકિત નથી તો કંઈ નથી, ભક્તિ તરવાનું ઝહાજ,
ભકિત સુધાનું પાન કર કાલે પણ નહીં આજ.

દારૂણ દુઃખ સંસારનાં ચંચલ જીવનને ધન,
ચાહે સુખ અથાગ તો પ્રભુમાં પોરવ મન;
વીરાગીના રાગમાં ટળે સંસારનો રાગ,
ફાંફાં નાહક માર મા, સુખ સાધન છે ત્યાગ.
આત્મ જ્યોતી ઝળહળે પ્રગટે અનંતું તેજ,
એકાકાર પ્રભુમાં થતાં મુક્તિધામ છે સહેજ;
માનવી ! જલ્દી છોડ તું, જુઠી જગની આશ,
**આત્મ–કમલ–લબ્ધિ** વસે પસરે **ભુવન** પ્રકાશ.

---

## શ્રી સિદ્ધચક્રની સ્તુતિ

(૧) સિદ્ધચક્રને સેવો, મન વચ કાય પવિત્ત,
અરિહંતાદિક પદ, સેવો એકણ ચિત્ત;
જિનવાણી સુણીને, ખરચો બહુલું વિત્ત,
વિમલેસર પૂરો, મન વાંછિત તુમે નિત્ય. ૧–૪

---

(૨) સિદ્ધચક્ર આરાધી, કીજે આંબિલ એકાશી,
અરિહંતાદિ જપમાલી, વીસ ગણિયે તે ખાસી;
નવ આંબિલતપ ભૂમિ સંથારો, ઈમ જિનવાણી પ્રકાશી,
પદ્મવિજયનાં વાંછિત પૂરે, વિમલેસર સોહમવાસી. ૧–૪

---

(૩) સિદ્ધચક્ર આરાધો, નિત્ય નવ દેહરાં જુહારો,
અરિહંતાદિક પદમાં, જિન આતમ અવતારો;
એક પદે શિવપદ લહે, એમ જિનવાણી વિચારો,
કહે પદ્મવિજય હોય, વિમલેસર-સુખકારો. ૧–૪

૪૪

# સાગરાનંદસૂરિજીના શિષ્ય-
# પં. શ્રી હંસસાગરજી

મહા ગૂજરાતના સૌરાષ્ટ્ર પ્રાંતમાં પવિત્ર ગિરિરાજ શ્રી **તાલધ્વજગિરિ** અને શ્રી **કદંબગિરિ**ની વચ્ચે મધ્ય ભાગે આવેલ **ઠળીયા** ગામે આ કવિશ્રીનો જન્મ વિ. સં. ૧૯૫૪માં થયો હતો. પિતાશ્રીનું નામ દીપચંદભાઈ ને માતુશ્રીનું નામ ઊજમબાઈ હતું. ને તેમનું શુભ નામ **હઠીચંદભાઇ** હતું.

બાળપણથી જ ધાર્મિક સંસ્કારો હતા. બે વર્ષની ઊમરે માતુશ્રી સ્વર્ગવાસ પામ્યા ને અઢાર વર્ષની ઉમરના થયા ત્યારે પિતાશ્રી સ્વર્ગવાસ પામ્યા. ત્યાર બાદ મુંબાઈ આવવાનું થયું. અને કાપડની લાઈનમાં જોડાયા. ધાર્મિક અભ્યાસ ચાલુ રાખ્યો. ને ધાર્મિક ક્રિયાકાંડ નિયમિત કરતા હતા. સાધુ મુનિરાજોના પરિચયમાં આવવા લાગ્યા ને સં. ૧૯૮૫માં મુંબાઈથી શરૂ થએલ **'શ્રી જૈનપ્રવચન'**ના આદ્ય તંત્રી બન્યા.

સંસ્કારી જીવન. નિત્ય વ્યાખ્યાન શ્રવણ અને પૂ. મુનિવરોનો નિકટ પરિચય થવાથી ત્યાગ ભાવના જાગી પણ કુટુંબીજનોના આગ્રહથી લગ્નગ્રંથીથી જોડાયા. આઠ વર્ષ સંસારી જીવનમાં રહ્યા તે સમયે તેઓએ સજોડે બ્રહ્મચર્યવ્રત ઊચ્ચરીને ચારિત્ર ન લેવાય ત્યાં સુધી 'છ' વિગઈ અને સર્વ સચિત્તનો ત્યાગ કર્યો. ને પોતાની જન્મભૂમિ ઠળીયા ગામમાં દેરાસરનું શિલા સ્થાપન કરવામાં અગ્ર ભાગ લીધો હતો ને જાતિ દેખરેખ

# પંન્યાસ શ્રી હંસસાગરજી-ગણિ

ગણિ પદ સં. ૨૦૦૫ પાલીતાણા



શાસન કંટકોદ્ધારક પદ સં. ૨૦૦૭–પાલીતાણા

જન્મ સં. ૧૯૫૪, કલીયા

દીક્ષા સં. ૧૯૮૭, મુંબઈ

નીચે દેરાસરનું કામ ચાલુ કરાવી પાયામાંથી મથાળે લાવવામાં અથાગ પરિશ્રમ કર્યો, તે પછી સર્વ કુટુંબી જનોની સંમતિ લઈ શ્રી ભાગવતી દીક્ષા લેવા માટે મુંબાઈ આવ્યા. ને સં. ૧૯૮૭માં પૂ. **આ. શ્રી વિજયદાનસૂરિ**ના વરદ હસ્તે શ્રી ભાયખાલા મધ્યે દીક્ષા લીધી. ને **પૂ. મુનિશ્રી ચંદ્રસાગરજી**ના શિષ્ય તરીકે જાહેર કર્યા ને તેમનું નામ શ્રી હંસસાગરજી રાખવામાં આવ્યું. પ્રથમ ચાતુર્માસ શ્રી દાનસૂરિજીની આજ્ઞાથી મુંબાઈ વીલાપારલા સેનેટરીયમમાં કર્યું ને પહેલે જ વરસે શ્રી કલ્પસૂત્રનું વાચન કર્યું હતું. બીજું ૧૯૮૮નું ચાતુર્માસ મુંબાઇ કોટમાં કર્યું હતું. ચોમાસા બાદ સુરત તરફ વિહાર કરતાં રસ્તામાં **ભાઈંદર**માં દેરાસર માટે ઉપદેશ આપી પ્રભુજીનો પ્રવેશ કરાવ્યો જ્યાં આજે સુંદર દેરાસર થયું છે. જેની પ્રતિષ્ઠા અમદાવાદ નિવાશી શ્રી બબલચંદ કેશવલાલ મોદીની માતુશ્રીએ કરી છે. આગલ ચાલતાં ગોલવડ પાસે **બોરડી** મુકામે દેરાસર કરાવવા ઉપદેશ આપ્યો. જ્યાં આજે પચાસ હજારને ખરચે શીખરબંધ દેરાસર તૈયાર થયું છે. ત્યાંથી સુરત સાગરજી મહારાજની સેવામાં રહ્યા ને ચાતુર્માસ–પૂ–માણેકયસાગરજી સાથે બીલીમોરા કર્યું. ને સં. ૧૯૯૦નું ચાતુર્માસ–વેજલપુર–(પંચમહાલ) માં કર્યું. ચાતુર્માસ બાદ શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ પધાર્યા. ને નવાણું યાત્રા આયંબિલની તપશ્ચર્યાથી કરી. યાત્રા કરી પોતાની જન્મભૂમિ **ઠલીઆ** ગામે પધાર્યા જ્યાં એક અભૂતપૂર્વ પ્રસંગ બન્યો સંસારી-પણાના પોતાના સહધર્માનુસારિણી અનુપબેન–૧૧ વર્ષની સુપુત્રી વિમલા અને આઠ વર્ષનો સુપુત્ર પરમાણંદને ભાગવતી દીક્ષા સ્વહસ્તે આપી. સં ૧૯૯૧માં આ બનાવ બન્યો ધન્ય છે. એ મહાપુરૂષને વિશેષમાં પોતાના ભત્રીજા મણીલાલને પણ સર્વ વિરતિને માર્ગે જોડયા. ઠલીઆના શ્રી સંઘે આ પ્રસંગ ધામધૂમ પૂર્વક ઉજવ્યો. ત્યાર બાદ પૂ. મુનિશ્રીએ ગોઘા, ભાવનગર, શીહોર, જેસર વીગેરે પાંચ વર્ષ ગોહિલવાડમાં વિચર્યા ને સં. ૧૯૯૭ માં મુંબાઈ કોટના ઉપાશ્રયે ચાતુર્માસ કર્યું. ત્યાંથી સં. ૧૯૯૮ પાલીતાણા સં. ૧૯૯૯ તળાજામાં. સં. ૨૦૦૦ અમદાવાદ

ફીકાભટની પોળમાં ને ૨૦૦૧ માં વેજલપુરમાં ચાતુંર્માસ કર્યાં. જ્યાં તિથિચર્ચાના પ્રકરણમાં. પૂ. આગમોદ્ધારકની સાથે અડગ સેનાની તરીકે કાર્ય કર્યું. ને નવો તિથિમત પરંપરાથી વિરૂદ્ધ છે. એમ સાબીત કર્યું. ત્યાંથી વિહાર કરી ૨૦૦૨ માં મુંબાઇના પરામાં શાંતાક્રુઝમાં ચાતુર્માસ કર્યું. ને સંવત ૨૦૦૩ માં શ્રી ગોડીજીના ઊપાશ્રયે ચાતુર્માસ કર્યું. તે ચોમાસમાં અપ્રતિમ શાસન સેવાનું કાર્ય થયું ભારત સ્વતંત્ર થયું ને પંજાબના ભાગલા થયાં ને ત્યાં હિંદુ મુસલમાનનું ભયંકર હુલ્લડ થયું તે પ્રસંગે પાકીસ્તાનમાં ગુજરાનવાલા ગામમાં પુ. આચાર્યથી વલ્લભ-સુરિ આદિ ચતુર્વિધ સંઘને ત્યાંથી ખસેડી અમૃતસર લાવવામાટે શ્રી ગોડીજી ઊપાશ્રયમાં જુસ્સાદાર શૈલીમાં રોમાચંક પ્રવચન કર્યું. ને શ્રી સંઘ તરફથી લગભગ રૂપિયા સાઠ હજાર જેટલું ફંડ કરવામાં

પં. શ્રી હેમસાગરજી નેં આચાર્ય પદ નગીનભાઈ ને ગણીલાલ જેમલ
પૂ. મુનિશ્રી હંસસાગરજીને **શાસન કંટકોદ્ધારક** બિરૂદ આપવાન
જાહેરાત કરવામાં આવી ને તે મુજબ પાલીતાણામાં વયોવૃદ્ધ મુનિશ્રં
અમરવિજયજીના હસ્તે મોટી મેદની વચ્ચે બિરૂદ અર્પણ કરવામાં આવ્યું
દરેક પ્રકારના [illegible] સાગરસૂરિના વરદ હસ્તે ચાણસ્મા ગામે પંન્યાર

ત્યાર બાદ સંવત ૨૦૦૭માં સુરતમાં પં. શ્રી ચંદ્રસાગરજી તથા પં. શ્રી હેમસાગરજી ને આચાર્ય પદ અર્પણ કરવામાં આવ્યું તે પ્રસંગે પૂ. મુનિશ્રી હંસસાગરજીને **શાસન કંટકોદ્ધારક** બિરૂદ આપવાની જાહેરાત કરવામાં આવી ને તે મુજબ પાલીતાણામાં વયોવૃદ્ધ મુનિશ્રી અમરવિજયજીના હસ્તે મોટી મેદની વચ્ચે બિરૂદ અર્પણ કરવામાં આવ્યું. સંવત ૨૦૧૫માં શ્રી ચંદ્રસાગરસૂરિના વરદ હસ્તે ચાણસ્મા ગામે પંન્યાસ પદ અર્પણ કરવામાં આવ્યું તેઓશ્રીની નિશ્રામાં સં. ૨૦૧૭માં વઢવાણ સીટીમાં મૂળ નાયકજી શ્રી વાસુપૂજ્ય દેરાસરની ૭૧મી વર્ષગાંઠ પ્રસંગે ભવ્ય મહોત્સવ ઊજવવામાં આવ્યો.

સં. ૨૦૧૮માં શ્રી સિદ્ધગિરિમાં સ્વ સમુદાયના સાધ્વી શ્રી

સંવેગશ્રીજીના વર્ધમાન તપની ૧૦૦ ઓળીના પારણા નિમિત્તે સુંદર અષ્ટાહ્નિકા મહોત્સવ બૃહત્ સિદ્ધચક્ર પૂજન તથા ઊદ્યાપન મહોત્સવ તેઓશ્રી નિશ્રામાં ઊજવવામાં આવ્યો. ને વીછીયા ગામે દીક્ષા મહોત્સવ પ્રસંગે શ્રી જિનમંદિરમાં અઢાર અભિષેક તેમજ સિદ્ધચક્ર બૃહત્પૂજનાદિ કરવામાં આવ્યા.

તેઓશ્રી એક સુંદર વ્યાખ્યાનકાર તેમજ કવિ છે તેઓની સાહિત્ય રચના આ સાથે મુકવામાં આવી છે આવા શાસન સંરક્ષક પૂ. પંન્યાસજી હંસસાગરજી ને શાસનદેવ દિર્ઘાયુષ્ય અર્પે એટલું ઇચ્છી આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો પ્રગટ કરીએ છીએ. તેઓશ્રીનું સં. ૨૦૧૮નું ચાતુર્માસ શ્રી ખંભાત બંદરમાં થયું છે.

## સાહિત્ય રચના

### નામ

૧ શ્રી જિન ચંદ્રભક્તિ સુધારસ
૨ દિશા ફેરવો ભા. ૧ લો
૩ દિશા ફેરવો ભા. ૧–૨–૩
૪ સૂર્યપુરનું સાગર સ્વાગત
૫ સૂર્યપુરની ભવ્ય શહેરયાત્રા
૬ આત્માની ઉન્નતિના ઉપાયો
૭ માનવ જીવન
૮ સુધાકર–રત્ન–મંજુષા
૯ જયકુમાર અને વિજયકુમાર ચરિત્ર
૧૦ હરિબલ મચ્છીનું ચરિત્ર
૧૧ જિનગુણ રત્ન મંજુષા વિ. ૧ થી ૧૫
૧૨ શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રાનુવાદ ગ્રંથ
૧૩ કુમતાહિવિષ જાંગુલી મંત્ર તિમિર તરણી સાનુવાદ
૧૪ તિથિ ચર્ચાનું તારવણ
૧૫ નવામતનું સચોટ અને સરળ નિરસન
૧૬ શ્રી તત્ત્વ તરંગિણી ગ્રંથનો અનુવાદ
૧૭ શ્રી પિંડનિર્યુક્તિ આગમ ગ્રંથ રત્નનો અનુવાદ

(૧)

## શ્રી ઋષભ જિન સ્તવન

( સિદ્ધાચલના વાસી જિનને કોડો પ્રણામ–એ દેશી )

**આદિ** જિનની સેવા દિલને આપે આરામ એ આંચલી.
અવસર્પિણીમાં પ્રથમ તીર્થંકર, સુરનર તિર્યંચ નારક સુખકર;
જન્મ્યા દિનકર, દિલને આપે આરામ. આદિ૦ ॥૧॥
કાલદોષે વસ્તુ હીન હીનતર, પામે યુગલિક અતિ કલહકર;
ન્યાય કરે હિતકર–દિલને આપે આરામ. આદિ૦ ॥૨॥
પરદારા ધન રાજ્યના લોભે, ઝુઝી મરે નહિ પાપે થોભે;
હેતુ અતિ શ્રી કાર–દિલને આપે આરામ. આદિ૦ ॥૩॥
શિલ્પ ચિત્ર ઘટ પટ લોહકાર, રાજ્ય લગ્ન લિપિ અધિકાર;
સકલ કલા દાતાર–દિલને આપે આરામ. આદિ૦ ॥૪॥
તીર્થંકર નામ કર્મ વિપાકે, તારક કેમ ઉપેક્ષા રાખે;
દાખે સહુ વ્યવહાર–દિલને આપે આરામ. આદિ૦ ॥૫॥
કરણી એ જિનને હિતકારી, શાખ યાકિનીસૂનુ મનોહારી;
અષ્ટકજી આધાર–દિલને આપે આરામ. આદિ૦ ॥૬॥
ત્રાશી લાખ પૂરવ ઘરવાસે, યુગલિકને વ્યવહારે વાસે;
ઉભય લોક સુખકાર–દિલને આપે આરામ. આદિ૦ ॥૭॥
લાખ પૂરવ સંયમ શુદ્ધ પાલી, પામ્યા શિવવધૂ લટ કાલી;
**હંસ** આનંદ અપાર–સાદિ અનંત સુધામ. આદિ૦ ॥૮॥

---

(૨)

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

( લજનારૂં જાય છે જીવન–એ રાગ )

**શાંતિ જિન** શાંતિના દાતા, તુજાગમ બિણજગત્રાતા;
દુઃખિત ભરતે ક્ષમા દાતા, ગુરૂ નિર્ગ્રંથ વિચરતા. શાંતિ૦ ૧

દેવો બહુ જાતના દેખું, ગુરૂ પણ એટલા પેખું,
મતાંતરનું નહિ લેખું, ધરૂં કોણ ? કોણ ઉવેખું ? શાંતિ૦ ૨
અશરણ નાથ ! ક્યાં જઈને કરું વિનતિ નરમ થઇ ને;
ભવોદધિ ભાર ખૂબ વહીને, ગયો મુઝાઈ દુઃખ સહિને. શાંતિ૦ ૩
અનાદિ પાપ–પુંજ લયથી, ઉત્તમ તું ઓલખ્યો, નયથી;
પૂરવના પૂણ્ય ઉદયથી, હવે નિશ્ચય બચ્યો ભયથી. શાંતિ૦ ૪
મિથ્યા તિમિર તો ભાગ્યું, કુદેવાદિ સહુ ત્યાગ્યું;
સદસદ જ્ઞાન પણ જાગ્યું, ખરી તુમ સેવ મન લાગ્યું. શાંતિ૦ ૫
ત્રિકરણ યોગ તો સ્વામિ ? ક્ષાયિક માગું સુરત પામી;
સ્વીકારો પૂર્ણાનંદ કામી, અરજ **હંસ** દલ વિશરામી. શાંતિ૦ ૬

---

(૩)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(પ્રભુ નમન કર પ્રભુ નમન—એ દેશી)

સેવો **નેમિનાથ** પ્રસન્ન વદન, શિવા માતા રાય સમુદ્રનંદન; (અંચલી)
બાલપણે યાદવ મિત્રો સહ, આયુધશાલાએ કર્યું ગમન. સે. ૧
હરિતણા ચક્ર-ગદા-ધનુષનું, કર્યું [૧]કુલાલચક્ર [૨]ગ્રાસ નમન. સે. ૨
પંચજન્ય વલી શંખ પૂરીને, હય ગયગ્રામ કર્યું બધિર ભ્રમન. સે. ૩
નૂતન ઉપજ્યો વૈરિ વિમાસી, બલભદ્રસહ થયું હરિ આગમન. સે. ૪
નેમિ નિહાલી બલ સંભાલી, હોડે હારે હરિ ભુજાદમન. સે. ૫
એકવીશમા નમિ નાથે ભાખ્યું, કુમારપણે નેમિ દીક્ષા શરન. સે. ૬
એમ સુણી નભ દેવવાણીને, અંશે થયું હરિ દિલ શામન. સે. ૭

---

૧ કુંભારનો ચાક. ૨ કવલ.

ગોપાંગના હરિ હુકમે પ્રભુને, લઈ જોડે કરી ક્રીડા ચમન. સે. ૮
જાન સજી રાજુલ ઘર જાતાં, સુણ્યો પોકાર વલી પશુમરન. સે. ૯
પ્રભુ રથ ફેર્યો રસ રસ રૂવે, રાજુલ કર્ણવિશાલ નયન. સે.૧૦
કરૂણાસાગર પ્રભુ પશુકરુણાર્થી, હૃદય ન ધર્યું પરિવાર રૂદન. સે.૧૧
જાદવ કુલ દિનકર કૃપાનિધિ, વ્રત કાજે કર્યું ફિર ગમન. સે.૧૨
લોકાંતિક વિનતિ દિલ ધારી, પ્રભુ સંવત્સરી દાન વરસન. સે.૧૩
ત્રણસો વરસ ગૃહવાસપણે પણ, બ્રહ્મચારી પ્રભુ ચારિત્ર ધરન. સે.૧૪
દિન પંચાવન કેવલ પામી, આયુ હજાર **હંસ** મોક્ષ વસન. સે.૧૫

---

(૪)

## શ્રી પાર્શ્વ જિન સ્તવન

(વીર તારૂ નામ વ્હાલું લાગે-એ દેશી)

નવખંડા પાસ પ્યારા લાગે હો નાથ શિવસુખ દાતા. (અંચલી)
વાણારશીમાં જન્મ્યા જિણંદજી, સોહમ સુરપતિ આયા; હો નાથ.
માતા પાસે પ્રતિબિંબ મૂકીને, મેરૂશિખર લઈ ચાલ્યા. હો૦ ૧
ચોસઠ ઈન્દ્રે ક્ષીરોદધિના, કોડ કલશે નવરાવ્યા; હો નાથ૦
અશ્વસેન પિતા વામા માતાના, નંદન ખોલે પધરાવ્યા. હો૦ ૨
કમઠ હઠી યોગી મદ ગાલી, નાગ ધરણેન્દ્ર બનાયા; હો નાથ૦
પ્રભાવતી રાજઋદ્ધિ ભલા ભોગ, છોડી સંયમ ચિત્તલાયા. હો૦ ૩
મેઘમાલી કૃત ઘોર વર્ષાના, ઉપસર્ગથી ન ખોભાયા; હો નાથ૦
ઈન્દ્રાણીસહ ધરણેન્દ્રે સુભકતે, ફેણ કરી છત્ર ધરાયા. હો૦ ૪
ઘાતિ ક્ષયે કેવલ લહી યુકતે, શિવરમણી સુખ પાયા; હો નાથ૦
વેદ(૪) વ્યોમ(૦) નભ(૦) યુગ(૨) **સુરત** અંદર, સૂરિ આનંદ સેવક **હંસ** ગાયા. હો૦૫

---

(૫)

## ચાર અવસ્થા ગર્ભિત શ્રી મહાવીરસ્વામી સ્તવન

( મૂર્તિ દીઠી મહાવીરની શિરતાજ હો તો આલી–એ દેશી )

મનમોહનની એ મૂરતિ, મહાવીરની સેવા ચહો;
વિઘટે દશા જે મોહની, ઉપાસતાં દિલભર અહો. મન૦ ૧

છદ્માવસ્થા ત્રિભેદ જન્મા રાજ્ય શ્રમણાનીગ્રહો;
પિંડસ્થપણું એ નાથનું, સેવા કરી ચિત્તે લહો. મન૦ ૨

તીર્થંકર નામ કર્મ ઉદયે, કેવલજ્ઞાન ધરાવતા;
સંઘ ચઉવિધ સ્થાપીને, પ્રભુ સમોસરણ શોભાવતા. મન૦ ૩

સર્વ ને દેશવિરતિ બે, ધર્મને પ્રગટાવતા;
પદસ્થપણું એ સ્વામિનું, ભવિ જાણ શિષ નમાવતાં. મન૦ ૪

શુદ્ધ આત્મસ્વરૂપ જે, પ્રભુના પ્રથમ દર્શન કરો;
રૂપસ્થ ધ્યાન વિચાર–સંધાચારવૃત્તિથી ધરો. મન૦ ૫

અનંત તેજોમયી આત્મા, સુરૂપ કાયા ત્યાગીને;
સ્વરૂપે સિદ્ધિ વસ્યો તે, ભજ રૂપાતીત ભોગીને. મન૦ ૬

એ ભાવના શુભ ભાવતાં, દર્શન દવે કર્મો દહો;
આત્મ જ્યોતિને જગાવી, સદાનંદ સાગર લહો. મન૦ ૭

વેદ[૪] વ્યોમ[૦] નભ[૦] યુગ[૨] શુકલા–પૂનમ ચઈતર માસની;
સ્તવના **સુરત** વાસની–**હંસ**–ભક્તિ હૃદયોલ્લાસની. મન૦ ૮

---

(૪૪)

# શ્રી રૂચકવિજયજી

( ચોવીસી રચના ૨૦૦૪ )

આ કવિશ્રીનો જન્મ સં. ૧૯૭૧ માં અમદાવાદમાં થયો હતો તેઓશ્રીના પિતાનું નામ ડાહ્યાભાઈ ને માતાનું નામ જાસુદબેન હતું. તેમનું શુભ નામ રમણીકલાલ હતું તેઓશ્રીએ બાવીસ વર્ષની ઉમરે મુંબઈમાં સં. ૧૯૯૩ શ્રી વિજયપ્રેમસૂરિજીના હસ્તે ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. તેઓશ્રીએ એક સુંદર ચોવીસીની રચના કરી છે. બીજી સાહિત્ય રચના જાણવામાં નથી—આ સાથે તેમના પાંચ સ્તવનો લેવામાં આવ્યા છે.

(૧)

## શ્રી ૠષભદેવ સ્તવન

( અનંત વીરજ અરિહંત સુનો મુજ વિનતી–એ દેશી )

તારક વારક મોહનો સ્વામી તું જયો,
જયમરૂદેવાનંદન જ્ઞાન દીપક જયો;
નાભિકુલોદધિચન્દ્ર જગત્પતિ તું જયો,
ભવિક સરોરૂહ બોધ દિનેશ્વર. તું જયો. ૧

પરમ પુરૂષ પુરૂષોત્તમ પાવન તું જયો,
જય સુનંદાકંત યુગાદિ તું જયો;
સુરનરસેવિત પાદપદ્મ પ્રભુ તું જયો,
વિમલ દશા તુજ નાથ નિરંજન. તું જયો. ૨

બોધિ અનુપમ ઉત્તમ ગુણ અવર્ણવ જયો,
આદિ રહિત ઉપગારી જગમાં તું જયો;
પરહિત વ્યસની પદપુરૂષોત્તમ તું જયો,
સ્વર્ગ મર્ત્ય પાતાલે સાહિબ. તું જયો. ૩

સ્થાન વીસની સાધના સાધક તું જયો,
ભવ ત્રીજે નિકાચિત જિનપદ તું જયો;
ધર્મરસિક જગજનતુ મહેચ્છક તું જયો,
તીર્થંકર પદભોગી મહેશ્વર તું જયો. ૪

દર્શન અમૃત પામી મહોદય મેં લહ્યો,
આજ ગયો ભવરોગ નાથ દર્શન થયો;
ભવ અટવી ઉલ્લંઘન સહેજે મેં કિયો,
સુખ સિન્ધુ તટ પામી પ્રભુતા હું લહ્યો. ૫

આતમ સાખી અનુભવ મુજ હૈયે રહ્યો,
તું જાણે કિરતાર કૃપાલુ સદ્દહ્યો;
તાર ન તૂટે અતૂટ **પ્રેમ** મુજ શું થયો,
નામી **રૂચક** વદે શિવ મારગ મે લહ્યો. ૬

---

(૧)

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

(સાહિબ વાસુપૂજ્ય જિણંદા—એ દેશી)

શ્રી અચિરાસુત સાહિબ મેરા, દર્શન લહુ મેં ક્ષણ ક્ષણ તેરા;
આતમકે ઉપગારી હમારા, કર્મ બંધકો તોડન હારા,
પૂર્ણ શશીમુખ આનંદકારા, પાવત દર્શનમેં ઉજીઆરા. આ૦૧
નયન પદ્મપત્ર જબ વિકસે, ભવ્યજનો સંસારસે નિકસે;
વાણી અગોચર રસ જબ પીતે, તબ સંસાર રૌરવતા છીજે. આ૦૨

અનુકંપા રસ અમૃત સિંચે, સિંચિત આતમ ગુણગાણુ વિકસે;
વિકસિત આતમ જ્યોતિ પ્રગટે, વસ્તુ સત્તા નિજ કરમેં દેખે. આ૦૩

તિન લોકાગ્રભાગમેં બૈઠે, દેખત દુનિયા કયા કરતી હો;
હમકો ભિ દેખત કછુ નહિ બોલત, કયા તુમ માગત કયાં
નહિ દેવત. આતમકો૦ ૪

તુમ મિલનકા હૈ એક ઉપાય, હાથ લગા જો હમકો જિનદેવ;
ધ્યાન તુમ્હારિ સમીપમેં લાવત, રૂચક વદે ઓર કુછ નહિ માગત.

---

(૩)

## શ્રી નેમિનાથ સ્તવન

( પ્રભુ તુંહિ પરમ શરણુ આધાર—એ દેશી )

પ્રભુ તુંહિ પર ઉપકારે વ્યસની—એ ટેક.

પરઉપકાર ન ભિન્ન કહ્યો તેં, નિજ ઉપકાર થકી;
પરઉપકારતણો સાધક તે, સાધે નિજ ઉપકૃતિ પ્રભુ૦ ૧

નિજ ઉપકારતણો જે સાધક, પરઉપકાર વખાણું;
નિજ અપકારતણો જે સાધક, તે વિષ વિષમ પ્રમાણું પ્રભુ૦ ૨

પરઉપકાર સ્વરૂપને સમજી, ઉત્તમ પ્રવત્ત થાયે;
અનિષ્ટ વિયોજન ઈષ્ટ સંયોજન, કરતાં સાધ્ય જ હોવે. પ્રભુ૦ ૩

જગતજીવને એકન્તિક ને, આત્યન્તિક સુખ ઈષ્ટ;
આ કારણથી સંત વિચારે, લાગે દુઃખ અનિષ્ટ. પ્રભુ૦ ૪

આ કારણથી પરઉપકારે, મુક્તિદાન હું ચાહું;
તે હોવે જિન ધર્મોપદેશે, તુજ આજ્ઞા પ્રમાણું. પ્રભુ૦ ૫

મુક્તિ ઉપેય ધર્મ ઉપાય, ઉપદેશથી તે જાણું;
મનોભવ જીતે **નેમિનાથ** જિન, ગઢગિરનાર વધાવું. પ્રભુ૦ ૬

તપગચ્છ આંગણુ પ્રેમસૂરીશ્વર, ધર્મોપદેશે સાજા;
સુવિહિત સાધુ શેખર સૂરિવર, **રૂચકવિજય** કહે રાજા. પ્રભુ૦૭

(૪)

## શ્રી પાર્શ્વનાથ સ્તવન

(અભિનંદનજિન દરિસણુ તરસીએ–એ દેશી)

પુરૂસાદાણી રે **પાર્શ્વ** વિચારીએ, સેવક જનની રે વાત;
તું પુરૂષોત્તમ જગમાં દેખીયે, જીવજીવન આધાર. ૧

જીવ જીવન તેરે સૌને વાલ્હું, જાણે તે ધન્ય પુરૂષ;
સાધે તેને રે નહિ તે દોહિલું, જો છે સહાય વિશેષ. ૨

હું પણ સાધક જીવ જીવનતણો, સ્વરૂપતણો પણ બુદ્ધ;
પણ અસહાયીરે કિમ અલખામણો, તે કહે વાત પ્રબુદ્ધ. ૩

પુરૂષોત્તમને રે શી? મમતા રહિ, મ્હારા ત્હારાનો ભેદ;
કિમ નવિ દેવે સહાય જ મોટકી, અંતે હું તું અભેદ. ૪

ક્ષય ઉપક્ષયની રે લબ્ધિ જેહવી, તેહવો લાભ પ્રમાણુ;
અદીન પણ જીવ! સાધન સેવિયે, આખર તે બલવાન. ૫

સાધન સેવારે સાધ્ય સમીપ કરે, જો નવિ ભૂલે રે સાધ્ય;
સાધ્ય સ્વરૂપ થઈ આતમ વિચરે, **રૂચકવિજય** અસહાય. ૬

(૫)

## શ્રી વીરજિન સ્તવન

(ધાર તલવારની સોહિલી દોહિલી,–એ દેશી)

સેવના **વીરની** ખેવના પૂરવે, નિત્ય રમે અમલીમસ ચિત્ત મોક્ષે;
કાય સંપર્કતા પ્રતિક્ષણુ ઓસરે, દગ્ધભવ બીજ જીવ મોક્ષ પાવે. ૧

ભિન્ન ગ્રન્થી લહે મોક્ષના હેતુને, યોગના નામથી જે ગવાયો;
ચિત્તમાં દેહમાં જ્ઞાન ક્રિયારૂપે, તે રહે સફલ જગ જશ સવાયો. ૨

ચિત્ત જો મોક્ષમાં ના રહ્યું તો વૃથા, તેં ભણી કિરિઆ તત્ત્વથીરે;
તેહ કારણ ઈહું ચિત્ત મુજ મોક્ષમાં, સફલ કિરિયા કરૂં ખંતથીરે. ૩


સકલ પરલોકની વાતમાં શાસ્ત્રને, રાખતો પ્રજ્ઞ આસન્ન ભવ્ય;
શાસ્ત્રવિણુ જીવને ધર્મ કહો કિમ હુવે, લોક મોહાન્ધકારે અટેરે. ૪

પાપ નાશન કહ્યું પુણ્ય કારણ વધ્યું, શાસ્ત્ર સર્વાર્થ સાધન ભણ્યું રે;
શાસ્ત્રભક્તિ વિના ધર્મક્રિયા સદા, અંધ પ્રેક્ષણ ક્રિયાતુલ્ય વિફલા. ૫

લોકના ચિત્તને હન્ત આવર્જવા, જે હુવે સત્ક્રિયા તેહ જૂઠી;
મલિન આશયથકી મલિન જે આત્મા, તેહને સત્ક્રિયા લોકપાક્ત. ૬

લોકપક્તિ ત્યજી શાસ્ત્ર આદર ભજી, માર્ગની સેવના જે ગ્રહે રે;
તે ભવિ આત્મમલ શિઘ્ર દૂરે કરી, નિયત નિર્વાણુ **રૂચક** લહેરે. ૭

## પંન્યાસ શ્રી કીર્તિવિજયજી મહારાજ



પંન્યાસ પદ ૨૦૧૬

જન્મ સં. ૧૯૭૨ દીક્ષા સં. ૧૯૮૯

( ૪૫ )

# આચાર્યશ્રી વિજય લક્ષ્મણસૂરિ

શિષ્ય–

# પં. શ્રી કીર્તિવિજયજીગણિ

મહાગુજરાતના પ્રાચીન બંદર શ્રી ખંભાત શહેરમાં કવિશ્રીનો જન્મ સંવત ૧૯૭૨ માં થયો હતો, પિતાશ્રીનું નામ મુળચંદભાઈ, માતુશ્રીનું નામ ખીમકોરબહેન અને તેમનું શુભ નામ કાંતિલાલ હતું. સત્તર વર્ષની ઉંમરે સં. ૧૯૮૯માં તેઓશ્રીએ ચાણસ્મા મુકામે છાની રીતે દીક્ષા લીધી હતી. દીક્ષા વખતે સંસારી સગાવહાલાં તરફથી ભારે તોફાન મચ્યું હતું. પણ ભાઈ કાંતિલાલ પોતાની ભાવનામાં ખૂબ અડગ રહ્યા હતા.

આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજીના વિદ્વાન શિષ્ય તરીકે તેઓ આજે પ્રખ્યાત છે.

તેઓશ્રીએ વ્યાકરણ, કાવ્ય, કોષ, નવ્યન્યાય, પ્રાચીન ન્યાય, જ્યોતિષ, વિગેરે વિવિધ ગ્રન્થોનો અભ્યાસ કર્યો છે. આગમ શાસ્ત્રોમાં પણ સારી પ્રવીણતા ધરાવે છે. પોતાની અપૂર્વ કાવ્ય શકિત દ્વારા સેંકડો ગહુંલીઓ, સ્તવનો, અને સઝાયોની તેમણે રચના કરી છે અને તે લોકપ્રિય ગીતો તરીકે ગવાય છે. આ તેમની કાવ્ય ચાતુર્યકલાથી આકર્ષાઈ બેંગલોરના જૈનસંઘે દસ હજાર માણસો વચ્ચે તેમને વિ. સં. ૨૦૦૯માં 'કવિકુલ તિલક'નું બિરુદ અર્પણ કર્યું છે. સ્વરચિત મહાપુરુષો અને મહાસતીઓની સઝાયો જ્યારે તેઓ જાહેર પ્રવચન દ્વારા મધુર કંઠે ગાઈ ને વિવેચન સહિત લોકોને સમજાવે છે ત્યારે હજારો માણસો તે શ્રવણથી ડોલી ઉઠે છે, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, બેંગ્લોર, મદ્રાસ, મ્હૈસુર, માળવા

મેવાડ, કચ્છ વગેરે દેશોમાં હજારો માઈલોના પ્રવાસમાં જૈન જૈનેતર પ્રજાએ તેમના રસમય પ્રવચનોનો સુંદર રીતે લાભ લીધો છે.

તેઓશ્રી શતાવધાની છે અને ભારતના મુખ્ય શહેરોમાં ૧૨થી ૧૩ સ્થળે શતાવધાનના અદ્‌ભૂત પ્રયોગો કરી શાસનની અનુપમ પ્રભાવના કરી છે.

આ ઉપરાંત સાહિત્યના પરમ ઉપાસક છે, આજ સુધી તેમણે નાના મોટા ૧૬થી ૧૭ પુસ્તકો લખ્યા છે. તેમના દ્વારા વિવિધ ભાષામાં કથી ૪ લાખ નકલો બહાર પડી છે. તેમાં "આર્હત ધર્મ પ્રકાશ" સાત ભાષામાં પ્રગટ થયું છે. જેની અનેક આવૃત્તિઓ મળી ૫૭૦૦૦ નકલ પ્રસિદ્ધ થઈ છે, આ છે એમની સાહિત્ય પ્રવૃત્તિનો એક જવલંત અને ભવ્ય દાખલો. "નૂતન સ્તવનાવલિ" રચના. વિ. સં. ૨૦૦૬થી અત્યાર સુધી જેની ૧૮ આવૃત્તિઓ બહાર પડી છે. તે સિવાય સંસ્કાર સીડી" અંતરના–અજવાળા આ તેમની લોકપ્રિય પ્રસિદ્ધ કૃતિઓ છે. તેની પણ પાંચમી અને સાતમી આવૃત્તિઓ પ્રગટ થઈ છે. આવી સુંદર સાહિત્ય રચનાથી પ્રભાવિત થઈ તેઓશ્રીને મુંબઈના પરા મલાડમાં ભારે મહોત્સવ પૂર્વક સંવત ૨૦૧૬માં પૂ. ગુરુદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજીએ ગણિ–પંન્યાસપદ અર્પણ કર્યું છે. દેશના જુદા-જુદા પ્રાંતોમાં ગુરુદેવ સાથે પ્રવાસ કરી સુંદર ધર્મ પ્રચાર કર્યો છે.

૪૭ વર્ષની વયે પણ તેઓ અંગ્રેજી અભ્યાસ કરી રહ્યા છે. લગભગ B. A. સુધી પહોંચવાની તૈયારીમાં છે. નવું જાણવાની ખૂબ જ તમન્ના રાખે છે. આળસ તેમનાં અંગમાં નથી. તેવા જ એ અનન્ય ગુરુભક્ત છે. આજે તેઓનો દીક્ષા પર્યાય ૩૦ વર્ષનો છે, આ સાલ એટલે વિ. સં. ૨૦૧૮નું ચાતુર્માસ મુંબાઈ ભાયખાલામાં કર્યું છે.

આવા શાંત સ્વભાવી, પ્રિયભાષી, સંયમી, કવિવર, દીર્ઘાયુષી બને અને શાસનની સુંદર સેવા બજાવે. એવી શાસન દેવને પ્રાર્થના કરી વિરમું છું.

આ સાથે તેમના રચેલા સાત કાવ્યો પ્રસિદ્ધ કરીએ છીએ.

## – સાહિત્ય રચના –

| | | | |
|---|---|---|---|
| ૧ | મહાબળકુમાર | વિ. સં. ૨૦૦૧ | દાદર |
| ૨ | નૂતન ગહુંલી સંગ્રહ | વિ. સં. ૧૯૯૭ | વીરમગામ |
| ૩ | ધૈર્યશાળી ધનદકુમાર | વિ. સં. ૨૦૦૨ | ઇંદોર |
| ૪ | વિવિધ—વાનગી | વિ. સં. ૨૦૦૩ | અહમદનગર |
| ૫ | શ્રમણ ભગવાન મહાવીર | વિ. સં. ૨૦૦૪ | દાદર |
| ૬ | નૂતન સ્તવનાવલિ (૧૮ આવૃત્તિ) | વિ. સં. ૨૦૦૬ | દાદર |
| ૭ | અમીનાં વહેણુ | વિ. સં. ૨૦૦૮ | બેંગ્લોર |
| ૮ | અંતરનાં અજવાળા (૭ આવૃત્તિ) | વિ. સં. ૨૦૦૯ | મદ્રાસ |
| ૯ | આર્હતધર્મપ્રકાશ (સાત ભાષામાં) | વિ. સં. ૨૦૦૯ | મદ્રાસ |
| ૧૦ | દીવાદાંડી અને મહાન વિભૂતિઓ | વિ. સં. ૨૦૦૯ | મદ્રાસ |
| ૧૧ | દક્ષિણમાં દિવ્ય પ્રકાશ (નાની) | વિ. સં. ૨૦૦૯ | મદ્રાસ |
| ૧૨ | સંસ્કારની સીડી (૫ આવૃત્તિ) | વિ. સં. ૨૦૧૦ | બેંગ્લોર કેન્ટ |
| ૧૩ | અહિંસા અને માર્ગદર્શન | વિ. સં. ૨૦૧૦ | બેંગ્લોર કેન્ટ |
| ૧૪ | ભગવાન મહાવીર (નાની) | વિ. સં. ૨૦૧૬ | શાંતાક્રુઝ |
| ૧૫ | નૂતન કથાગીતો | વિ. સં. ૨૦૧૮ | ભાયખાલા |
| ૧૬ | પ્રસંગ-પરિમલ | વિ. સં. ૨૦૧૮ | ભાયખાલા |

---

(૧)

## શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

( ચાલ–ઘર આયા મેરા પરદેશી )

આનંદ આનંદ ખૂબ છાયા, મહાપુણ્યે દર્શન પાયા....
નાથ તું એક હમેરા હૈ, એક સહારા તેરા હૈ
માળા જપું મેં ગુણ ગણકી....મહાપુણ્યે. ૧

મૂરત સુરત અલબેલી, દુનિયા સારી બની ઘેલી,
પ્યાસ લગી મોહે દર્શન કી....મહાપુણ્યે. ૨
મરૂ દેવા કે હો જાયા, ઋષભજિણંદ મેરે મન ભાયા,
ધૂન મચાવું ભક્તિકી....મહાપુણ્યે. ૩
મુખકી જ્યોતિ અતિ ઝલકે, શમરસ કેરા પૂર છલકે,
બલિહારી જગજીવનકી....મહાપુણ્યે. ૪
મુક્તિકા રાહ દીખાવોને, ભવદુઃખડાકો મિટાવોને,
ચાહું સેવા ચરણનકી....મહાપુણ્યે. ૫
કૈસી અજબ મૂર્તિ સોહે, સુર નર કેરા મન મોહે,
પીડ હરો મેરે તન મનકી....મહાપુણ્યે. ૬
નૈનન કે તારા મેરે, શરણોમેં આયા તેરે,
આશ પુરો મેરે મનકી....મહાપુણ્યે. ૭
પાર કરો ઉદ્ધાર કરો, ઇતની વિનંતી સ્વીકાર કરો,
**લબ્ધિ-લક્ષ્મણ કીર્તિકી**....મહાપુણ્યે. ૮

---

(૨)

## શ્રી શાંતિનાથનું સ્તવન

(ચાલ—ખોવાયાને ખોળવાને)

ભવોદધિમાં બુડતાં, પ્રભુ તારજો અમને,
છે સહારો તાહરો, પ્રભુ તારજો અમને,
અધમને મહા પાપીઓ પણ, ઉદ્ધર્યા કરુણાનિધિ
અમી નજરથી નિરખી પ્રભુ, તારજો અમને. ૧
શરણે આવ્યો તાહરે, ભવપાર તું ઉતારજે,
એટલી છે વિનતી પ્રભુ, તારજો અમને. ૨

ભૂલો પડયો ભવવન વિષે, આધાર એક જ તું દિસે,
ભવદુઃખ વારી મુક્તિ સુખડાં, આપજો અમને. ૩
વિણ દર્શ તારા હે પ્રભુ, ચઉ ગતિમાં હું ભમ્યો,
હે દયાળુ દેવ જિનવર, તારજો અમને. ૪
આત્મ કજ વિકસાવજો, લબ્ધિઓ પ્રગટાવજો,
નમન **લક્ષ્મણ કીર્તિ** કેરાં, કોટિ હો તમને. ૫

---

(૩)

## શ્રી નેમનાથ સ્વામીનું સ્તવન
## યાને રાજુલ વિલાપ

(ચાલ–ત્રિશલામાતા પાલણું ઝુલાવે)

તોરણ આઈ નેમજી ચાલ્યા, રાજુલ રૂવે રે
રથડો વાળી પાછા સીધાવ્યા, રાજુલ રૂવે રે....૧
જાન લઈને શ્યાને આવ્યા,
દીન અબળાનાં દીલ દુભાવ્યા.
કરુણાનિધિ કરુણા કીજે....રાજુલ રૂવે રે....૨
પશુઓનાં સુણી પોકારા
ભવ્ય જીવોના તારણહારા.
શિવનો સંદેશો દેઈ સીધાવે, રાજુલ રૂવે રે....૩
નવ ભવ કેરી પ્રીતિ ત્યાગી
સંયમ કેરી લગની લાગી
ગઢ ગિરનારે નેમજી સીધાવે....રાજુલ રૂવે રે....૪
ધ્રુસકે ધ્રુસકે રાજુલ રોતી
વાટ તુમારી એ તો જોતી
આંખથી અશ્રુની ધાર વહાવે, રાજુલ રૂવે રે....૫

શ્યામ વરણતનુ કાંતિ સોહે
દર્શ કરી ભવિજન મન મોહે
સુર નર કિન્નર ગુણ ગણ ગાવે...રાજુલ રૂવે રે....૬

આતમ લબ્ધિ લક્ષ્મણ કીરતિ
ભવ દુઃખ વારો આટલી વિનતી
આનંદ આનંદ અમને થાવે....રાજુલ રૂવે રે....૭

---

(૪)

## શ્રી પાર્શ્વપ્રભુનું સ્તવન

( રાગ—લાખ લાખ દીવડાની આરતી ઉતારજો )

લાખ લાખ વાર પ્રભુ પાર્શ્વને વધામણાં
અંતરીયું હર્ષે ઉભરાય...............
આંગણીયે અવસર આનંદનો.

મોતીનો થાળ ભરી પ્રભુને વધાવજો
અક્ષતે લેજો વધાય....આંગણીયે.

પુણ્ય ઉદયથી પ્રભુજી નિહાળ્યા
દર્શનથી દીલડાં સૌના હરખાયા
આનંદ ઉરમાં ન માંય....આંગણીયે.

કેસર ચંદનથી પૂજા રચાવજો
હીરાના હાર પ્રભુ કંઠે શોભાવજો
લાખેણી આંગી રચાય....આંગણીયે.

મીઠાં મીઠાં ગીત પ્રભુનાં ગવડાવજો
સેવા ભક્તિની ધૂન લગાવજો
અંતરની જ્યોત જગાય....આંગણીયે.

કરુણાનિધિ પ્રભુ દેવાધિદેવા
ભવોભવ ત્હારી ચાહું હું સેવા
શિવરમણી જલ્દી વરાય....આંગણીયે.

મુક્તિનાં દ્વાર પ્રભુ અમને બતાવજો
લબ્ધિ લક્ષ્મણની કીર્તિ ફેલાવજો
આનંદ મંગળ વર્તાય....આંગણીયે.

---

( ૫ )

## ક્ષમામૂર્તિ-ભગવાન મહાવીરનું સ્તવન

( ચાલ-જેને ગુર્જર કાજે )

હે કરુણાના ઘર, હે સમતા સાગર....
વીર મ્હારા, કોટિ કોટિ હો વંદન હમારા....

ઉપસર્ગ કર્યા ગોવાળે
તોયે કૃપા નજરે નિહાળે
કર્યો રોષ ન લેશ, લવલેશ ન દ્વેષ....વીર

ચંડકોસિએ પગ ડંખ દીધો
તોયે રોષ ન લગી રે કીધો
બુજઝ બુજઝ કહી, તાર્યો તેણે સહી....વીર

કર્યા સંગમે ઉપસર્ગ વીસ
પણ મનમાં ન જરીયે રીસ
કેવા સમતાધારી, તાર્યા નર ને નારી....વીર

અર્જુન માળી ને દૃઢ પ્રહારી
ક્રૂર હિંસક દીધાં તારી
દયા દિલમાં ધારી, કૈંક દીધાં તારી....વીર

લઈ બાકુળા મોક્ષ જ આપ્યું
દુઃખ ચંદન બાળાનું કાપ્યું
કર્યો જગનો ઉદ્ધાર, ક્ષમા રસના ભંડાર....વીર

સાડા બાર વરસ તપ કીધું
સહી ઉપસર્ગ કેવળ લીધું
મારા હૈયાના હાર, સાચા તારણહાર....વીર

લબ્ધિ–લક્ષ્મણ **કીર્તિ** ગાવે, વીર ચરણોમાં શિર ઝુકાવે.
ઉર અર્જ ધરો, ભવપાર કરો....વીર

---

( ૬ )

## વૃથા કરે તું ગુમાન–સજઝાય

( રાગ–આશાવરી યા ધનાશ્રી )

વૃથા કરે તું ગુમાન....મનવા વૃથા કરે તું ગુમાન,
ઈંદ્ર ચંદ્ર ચક્રી મહારાજા, મળ્યા માટીમાં જાણ;
આગમાં ખાક થશે તુજ કાયા, જશે એકલડી જાન. મ૦

કૂડકપટ કરી જિંદગી ગાળી, મિથ્યા કરે અભિમાન,
કાળ રાજાની ફાળ જ્યાં પડશે, બનીશ તું બેભાન. મ૦

ચંચલ લક્ષ્મી ચંચલ આયુ, જાય પલકમાં પ્રાણ,
લટપટ ખટપટ સઘળી ત્યાગી, ભજી લેને ભગવાન. મ૦

વિષય વિલાસના પાસમાં પડીયો, ભૂલી ગયો તું ભાન,
નર્ક નિગોદે રૂલી રઝળી, પામ્યો દુઃખ અમાન. મ૦

લક્ષ ચોરાશી યોની ભટકયો, ભટકયો તું ભવરાન,
મહાપુણ્યે માનવભવ લાધ્યો, સમજ સમજ હેવાન. મ૦

પ્રિયતમ પુત્રો પ્રિયતમ નારી, સ્વારથના સહુ જાણ,
એકલો આવ્યો એકલો જાશે, ત્હારૂં તું કોઈ ન માન. મ૦

હાટ હવેલી માણેક મોતી, ક્ષણમાં વિનાશી જાણ,
લાડી વાડીને ગાડીની મોજો, મૂકી જવું છે સ્મશાન. મ૦
દાન શિયળ તપ ભાવના ભાવો, ગાવો જિન ગુણગાન,
અમી સમી જિનવાણી જાણી, કરો ઘુંટઘુંટ પાન. મ૦
ફક્કડ થઈને અક્કડ ફરતો, કરતો ન કોડી દાન,
ચોરી જારી ને પરનિંદામાં, રહ્યો સદા મસ્તાન. મ૦
આશા મોટી મોટી બાંધે, ચાહે દેવવિમાન,
કર્મ રાજા જો કોપે ચઢશે, કરી દેશે હેરાન. મ૦
વીતરાગનું શાસન પામ્યો, જ્ઞાનમાં બન ગુલતાન,
આતમધ્યાનમાં મસ્ત બનેથી, શિવપુરીમાં પ્રયાણ. મ૦
અનંતચતુષ્ટયીકેરો ખજાનો, ત્હેને તું લેને પીછાણ,
અધ્યાત્મ નયનોને ખોલીદે, પ્રગટે આત્મનિધાન. મ૦
મૈત્રી પ્રમોદ માધ્યસ્થ કરુણા, દીલમાં દેજો ઠાણ,
વિકસે આતમ લબ્ધિલક્ષ્મણ, પ્રસરે કીર્તિ જહાન. મ૦

---

(૭)

## સુંદર ભાવના-(સજઝાય)

(ચાલ-જેને ગુર્જર કાજે)

કરી સમતાનાં પાન, વર્યા મુક્તિ સોપાન
મહાસંત, કયારે થઈશું અમે એવા સંત
રાંધી સંગમે ચરણોમાં ખીર
તોયે અડગ રહ્યા મહાવીર
જેની સમતાનાં ગાન, કરે જગ ઠામોઠામ-મહા. ૧
ઠોકયા ગોવાળે કાનમાં ખીલા
પણ રોષ ન કરતાં રંગીલા
ધીર વીર ગંભીર, ઝુકે ચરણોમાં શિર-મહા. ૨

જેની ચામડી ચડચડ ઉતરે
તોયે હૈયે ન રોષ લગીરે
એવા ખંધક મુનિ, કેવા સમતા ગુણી–મહા. ૩

માથે માટીની પાળ બનાવી
નાંખી અંગાર દીધાં જલાવી
કેવા ગજસુકુમાળ, ક્ષમા રસના ભંડાર–મહા. ૪

ધન્ય ધન્ય મેતારજ ઋષિને
વીંટી વાધર શિરપર કસીને
ઝીલે શમરસપૂર, કર્યા કર્મ ચકચૂક–મહા. ૫

ઉંડી ખાડમાં જેને નંખાવે
વળી ગર્દન અસિથી ઉડાવે
મુનિ ઝાંઝરિયા, કેવા વીર થયા–મહા. ૬


સર્વ જીવોને ખમી ખમાવી
મૈત્રી ભાવના દીલમાં જગાવી
શુદ્ધ ભાવ ધરું, ઘન ઘાતિ હરું–મહા. ૭

કરી પાપનો પશ્ચાત્તાપ
જપી અરિહંત સિદ્ધના જાપ
ભવ જલધિ તરું, શિવરમણી વરું–મહા.

શત્રુ મિત્રમાં રાખું સમ ભાવ
ધરું સંવેગ નિર્વેદ ભાવ
બનું સમતા ધારી, વરી વિરતી નારી–મહા. ૯

લબ્ધિ લક્ષ્મણ કીર્તિ ગાવે
ઉર કરુણાનાં શ્રોત વહાવે
ગાવું ગુણીજન ગાન, જિન વચન પ્રમાણ–મહા. ૧૦

મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ



જન્મ સં. ૧૮૮૯, કચ્છ

દીક્ષા સં. ૨૦૧૦

(૪૬)

# શ્રી જિનેંદ્રવિજયજી

(રચના : સં. ૨૦૧૩ રાસંગપૂર)

શ્રી તપગચ્છમાં શ્રી વિજયઅમૃતસૂરિના (શ્રી કર્પૂરવિજયજીના) શિષ્ય શ્રી જિનેંદ્રવિજયજીનો જન્મ સં. ૧૯૮૯માં કચ્છ હાલારમાં લાખા બાવલ ગામે થયો હતો. તેઓ શ્રી સંવત ૨૦૦૯માં મહાવીર શાસન પત્રના તંત્રી બન્યા–વૈરાગ્ય વાસિત થઈ સં. ૨૦૧૦માં શ્રી અમૃતસૂરિ હસ્તે શ્રી વેરાવળ બંદરે દીક્ષા અંગીકાર કરી–ત્યાર બાદ તેઓ શ્રીએ સંસ્કૃત પ્રાકૃત વ્યાકરણ ન્યાય પ્રકરણાદિનો અભ્યાસ કર્યો. વક્તા તથા લેખક છે. તેઓશ્રીએ છંદોડમૃત રસકાવ્ય ગ્રંથ તથા નારકીચિત્રાવલી બે ગ્રંથનું આયોજન કર્યું છે. ને ચોવીસી રચના કરી છે—નવીન રાગોમાં સુંદર રચના છે. આ સાથે તેમનાં પાંચ સ્તવનો પ્રસિદ્ધ કરીએ છીએ.

---

(૧)

## શ્રી રૂષભજિન સ્તવન

(રાગ–રાખનાં રમકડાંને......)

આદિજિન પ્રણમતાં મારૂં હૈયું (૨) હર્ષે નાચે રે;
જન્મ જરા દુઃખ ભૂલી જઈને, આત્મ સુખમાં માચે રે–આદિ૦

જુઠી જગની છાયા માયા, જલતરંગ સમાની;
નાભીનંદની છાયામાં હે, મુક્તિ રાણી મજાની રે–આદિ૦ ૧

તત્ત્વ ત્રયીની શ્રદ્ધા ધરીને, અહિંસાદિ પાલન કરીએ
પંથ પ્રભુએ તારો લેતાં, ભવવનમાં નવિ ફરીએ રે–આદિ૦ ૨

પૂજ્યા મેં કુદેવ કુગુરૂ, પરિગ્રહીને આરંભી;
નવ તત્ત્વોને ઉંધા માન્યા, બન્યો બહુ હું દંભી રે–આદિ૦ ૩

ઘોર હિંસા પ્રભુજી કરી મેં, અલિક વચન અતિ બોલ્યો;
ચોરી કરી કરાવી મેં તો, નરક દરવાજો ખોલ્યો રે–આદિ૦ ૪

બ્રહ્મચર્યમાં હું નવિ રમ્યો, પરિગ્રહે મમતા વલગી;
ભવસાગરમાં તેથી ભમીયો, દુઃખની હોલી સળગી રે–આદિ૦ ૫

કયા પુન્યથી તુમે મલ્યા તે, હું નવિ પ્રભુજી જાણું;
બોલે **જિનેન્દ્ર** તુજ દર્શનથી, તરવાનું હવે ટાણું રે–આદિ૦ ૬

---

(૨)

## શ્રી શાંતિનાથજિન સ્તવન

(રાગ–ગરીબનો બેલી દીન દયાળ...)

અચિરાનો નંદન દીન દયાલ, નમીયે **શાન્તિ** તીર્થેશને
જેહની કાન્તિ ઝાકઝમાળ, નમીયે શાન્તિ તીર્થેશને.

વશ્વસેનના કુલે રાજે, નંદન આ દીપક સમ આજે;
કરૂણા સિન્ધુ ત્રિભુવનપાલ–નમીએ૦ ૧

સોલમા જિનેંદ્ર પંચમ ચક્રી, મિથ્યામતિ ત્યાંથી ગઈ વક્રી·
અજ્ઞાન તિમિરના એ કાલ–નમીયે૦ ૨

મૃગલંછન સોહે ચરણે, પ્રભુજી ! આવ્યો તારે શરણે;
બનજો માહરા રખવાલ–નમીયે૦ ૩

મેરૂ સ્નાત્ર ત્હારૂં કરતાં, નિર્મલતા સુરેંદ્રો સૌ વરતા;
ત્હારી ભક્તિ કરૂં ઉજમાલ–નમીયે૦ ૪

વાર્ષિક દાન તેં દીધું, મિથ્યામતિ માને નહિ સીધું;
તુજ પર મૂકે ખોટા આળ–નમીયે૦ ૫

અચાવ્યો પારેવો ભારી, પૂર્વભવે કરૂણા દિલ લાવી;
તેમાં પાપ માને વાચાળ–નમીયે૦ ૬

વિજયકર્પૂરસૂરીશ્વર રાયા, અમૃતસૂરિ સેવતા પાયા;
વંદન **જિનેંદ્ર** પ્રભુ ત્રિકાલ–નમીયે૦ ૭

---

(૩)

## શ્રી નેમનાથ જિન સ્તવન

(રાગ–મન ડોલે મેરા તન ડોલે)

વીતરાગી મારે લત લાગી, હું ધ્યાન ધરૂં **નેમનાથરે**,
મારી પાર ઉતારો નાવરીયાં. ૧

સમુદ્ર વિજયના નંદન પ્રભુજી, શિવાદેવીના જાયા,
શંખ લંછન તારે ચરણે શોભે, સુરેંદ્ર સેવે પાયા,
પ્રભુજી ? સુરેંદ્ર સેવે પાયા. વીતરાગી. ૨

દયા લાવી તુમે પશુઓ ઉગાર્યા, ચઢીયા ગઢ ગિરનારે,
બ્રહ્મચારી તુમે રાજુલા તારી, નવભવ સ્નેહની ધારે,
પ્રભુજી ? નવભવ સ્નેહની ધારે. વીતરાગી ૩

ભક્તજનો તારા ઉત્સવ કરતા, ભક્તિ દિલમાં ધારી,
માને તેહમાં ધનનો ધુમાડો, બુદ્ધિ તેની નઠારી,
પ્રભુજી ? બુદ્ધિ તેની નઠારી. વીતરાગી ૪

ગિરનાર મંડન પ્રભુજી મારા, વિનવું શરણે આવી,
કર્પૂર–અમૃત પદવી દેજો, જિનેંદ્ર દિલમાં લાવી,
પ્રભુજી ? **જિનેંદ્ર** દિલમાં લાવી. વીતરાગી ૫

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ–શાંતિ જિનેશ્વર સાહિબારે યા કરથી જુદો સંસારમાંરે)

**પાર્શ્વજીનેશ્વર** વંદીએ, ત્રણ ભુવન શિરતાજ;
તારજો અમને નાથજી રે, ત્રેવીશમા જિનરાજ—પાર્શ્વ૦ ૧

વારાણશી નગરી ભલી રે, અશ્વસેન નરપતિ તાસ;
વામા માતાનો લાડકો રે; તોડે જે ભવના પાસ—પાર્શ્વ૦ ૨

લંછન સર્પનું શોભતું રે, કરૂણા રસ ભંડાર;
કમઠ ધરણેંદ્ર ઉપરે રે, સમચિત્ત તારૂં ઉદાર—પાર્શ્વ૦ ૩

નવકાર મંત્રના જાપનો રે, પ્રયોગ નાગને કાજ;
કરી પ્રભુ તાર્યો તેહને રે, બનાવ્યો તે દેવરાજ—પાર્શ્વ૦ ૩

અજબ પ્રતાપી દેખતા રે, શરણે આવ્યો દેવ;
વિનતી માહરી એક છે રે, **જિનેંદ્ર** આપજો સેવ—પાર્શ્વ૦ ૫

---

(૫)

## શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ–છોડ ગયે બાલમ)

દૂર કરો ફંદન પ્રભુજી ભવના હમારા દૂર કરો,
ધૂલ કરૂં જીવન પ્રભુજી તવભક્તિ વિના હું ધૂલ કરૂં

સિદ્ધારથરાય માતા ત્રિસલાનંદન, **શ્રીમહાવીર** જિણંદા;
મૃગેંદ્ર લંછન તુજ પાદ પદ્મે, વદન શરદ ચંદા (૨) દૂર. ૧

ચરમ તીર્થના સ્થાપક પ્રભુજી, ગૌતમ શિષ્ય પહેલા;
મહાભાગ્યોદયે તુમ તીર્થ પામી, માગું શિવસુખ વહેલા(૨) દૂર. ૨

વિષમ કાલ પ્રભુ વર્તે જગમાં, દુર્લભ શાસન સેવા;
તુજ નામે બહુ ધતિંગ ચાલે, લોકમાં માનજ લેવા (૨) દૂર. ૩
પત્થરની ખાણો ઠેર ઠેર જોઇ, હેમની નવિ દેખાયે;
તેમ ઘણાં હું કુમત દેખું, સુધર્મ વિરલ પાયે (૨) દૂર. ૪
તુજ નામે પ્રભુ સૌ કોઈ બોલે, વીર પિતાજી હમારે;
આધાર જે તુંજ બિંબ જિનાગમ, તેહને ઠોકરે મારે (૨) દૂર. ૫
વિચિત્ર વાતો દેખી પ્રભુજી, પડતો લોક બહુ ભામે;
કૃપા કરીને સદ્બુદ્ધિ દેજો, શાસન સેવાના કામે (૨) દૂર. ૬
કલિ કલ્પવૃક્ષ તુજ દર્શનથી, પ્રભુજી મ્હારે ફલીયો;
**કર્પૂર અમૃતનો જિનેંદ્ર** માગે, બોધિરતન બહુ બલીયો (૨) દૂ. ૭

---

( ૬ )

## કલશ

( રાગ–વિમલ કેવલ જ્ઞાન કમલા )

વર્તમાન જિનેશ્વર સયલ સુખકર, ત્રિભુવનના વલી જે ધણી;
વિજયસિદ્ધિસૂરીશ્વર રાજ્યે, જિનેંદ્ર ચોવીશીએ ભણી ૧
રાસંગપુરે ત્રીજું ચોમાસું, પૂર્ણ થયે રચના કરી;
વર્ષ લિંગશશી ગગનદો (૨૦૧૩) દીનવીરે દિક્ષા વરી (કા.વ.૧) ૨
તપગચ્છાધિપમણિ–બુદ્ધિ આનંદ, હર્ષ તપસ્વી કર્પૂરસૂરિ;
ગુરૂ શ્રી **અમૃતસૂરિ** પસાયે, જિનેંદ્ર સ્તવ્યા જગધૂરિ. ૩

---

(૪૭)

# શ્રી વિજય લબ્ધિસૂરિજી

શિષ્ય-

# પં. શ્રી પદ્મવિજયજીગણિ

મહાગુજરાતના ગામ વડાસણમાં આ મુનિશ્રીનો જન્મ સં ૧૯૫૯ માં થયો હતો. પિતા શ્રી મોહનલાલ તથા માતુશ્રીનું નામ સમરતબાઈ હતું, તેમનું શુભ નામ શ્રી પ્રેમચંદ હતું. તેઓશ્રીની દીક્ષા સં ૧૯૮૫ માં પાલીતાણામાં થઈ હતી. વડોદરા પાસે છાણી ગામમાં તેઓશ્રીને પન્યાસ પદ અપર્ણ કરવામાં આવ્યું હતું સં. ૨૦૧૪માં.

સ્તવનોની રચના સંવત. ૨૦૦૧ થી ૨૦૧૬ સુધીમાં કરી છે. સુંદર રાગોમાં કાવ્ય રચના કરી છે ભાષા સાદી અને સરળ છે-આ સાથે તેઓના પાંચ સ્તવનો પ્રસિદ્ધ કરી છીએ—

(૧)


## શ્રી આદિનાથજિન સ્તવન

(રાગ રાતાં જાસુદ ફુલડાં, શામલ......)

સોનાનો મુગટ હીરા, ઝગમગ થાય,
**સિદ્ધગિરિ** પર દાદા, **આદીશ્વર** સોહાય
**મ્હારા પ્રભુજી હો રાજ**
સેવકના સામું જુઓ, ગરીબ નિવાજ. અંચલી

રોતાં મેલી માતાજીને, લીધો સંજમ ભાર,
પણ તે તો પહેલાં ગયાં, જોવા શિવનાર. મ્હારા....૧

પંન્યાસજી શ્રી પદ્મવિજયજી મહારાજ



પંન્યાસ પદ સં. ૨૦૧૪

જન્મ સં. ૧૯૫૯

દીક્ષા સં. ૧૯૮૫

જગતના જીવો માટે, ખોલ્યાં મુક્તિ દ્વાર,
ઉપદેશ આપી કીધો, મોટો ઉપકાર. મ્હારા....૨

વિષય કષાય વશે, ભમ્યો હું ભવરાન,
મોહમાં મસ્તાન થઈ, ભૂલ્યો નિજ ભાન. મ્હારા....૩

સો પુત્રોને મરૂદેવી, માતા પરિવાર,
આપે તાર્યા તો અમોને તરતાં શી વાર. મ્હારા....૪

પોતાનાં ને પારકાંનો, કરે ન વિભાગ,
સરખાં સૌને ગણીને, તારે તે વીતરાગ. મ્હારા....૫

મોટું તીરથ **સિદ્ધગિરિ** મોટા તમે દેવ,
ભાગ્યે પામ્યો ભવોભવ, માગું તુમ સેવ. મ્હારા....૬

**કડી** શહેરે મોટા દેહરે, ભેટયા **આદિનાથ,**
**લબ્ધિ**સૂરિ શિશુ **પદ્મ** વંદે જોડી હાથ. મ્હારા....૭

---

(૨)

## શ્રી શાંતિનાથજિન સ્તવન

(રાગ બાલુડો નિઃસ્નેહિ થઈ ગયોરે...)

ચક્રવર્તીની સાહ્યબીરે, ધરે શિરપર તાજ, ધરે....
સહસ ચોસઠ અંતે ઉરી, છોડયાં છ ખંડ રાજ, છોડયાં....
**શાંતિ જિનેશ્વર સાહિબા ૧**

પારેવો પ્રેમથી બચાવીયોરે, દેઈ આત્મબલિદાન દેઇ....
પુષ્પવૃષ્ટિ થઈ તે સમે કરે સુર યશોગાન કરે શાંતિ....૨

અચિરાદે ઉર સર હંસલારે, વિશ્વસેન કુલચંદ્ર, વિશ્વ....
મુખડું મનોહર જોવતાં, થાએ પરમ આનંદ, થાએ શાંતિ....૩

હું છુ અવગુણનો ઓરડોરે. તું તો ગુણનો ભંડાર, તું તો....
હું લોહ-તું પારસમણિ, હું દીન-તું દાતાર હું દીન, શાંતિ....૪
ચાર ગતિના દુઃખથીરે, જીવ બહુ અકળાય, જીવ....
શરણે આવ્યો છું તાહરે, કરો સેવકને સ્હાય, કરો શાંતિ....૫
**વડાલી** મંડન વિનવુંરે જગ શાંતિ કરનાર, જગ....
**લબ્ધિસૂરિ** શિશુ **પદ્મને**, ભગસાગરથી તાર. ભવ શાંતિ....૬

---

( ૩ )

## શ્રી નેમિનાથજિન સ્તવન

( રાગ–આદિત્યે અરિહંત અમઘેર આવોરે... )

**નેમિજિણંદ** ભગવાન, લાગે પ્યારા રે,
મેં તો નિરખ્યા નયણે આજ, મોહન ગારારે. ૧
સમુદ્રવિજય નરનાથ, કુલે આયારે,
શિવાદેવીના નંદ જગ સુખદાયા રે. ૨
લક્ષણ સહસને આઠ, અંગે સોહેરે;
દેખીને અદ્ભૂત રૂપ, સુરનર મોહેરે. ૩
જાદવ કુલ શણગાર, ગુણના દરીયારે,
તજી રાજુલ રૂડીનાર, શિવ વહુ વરીયારે. ૪
ચોત્રીસ અતિશયવંત, જ્ઞાને બળીયારે,
દેખી મુખ પુનમચંદ, મનોરથ ફળીયારે. ૫
ભવસાગરમાં મુજનાવ, છે ભર દરીયેરે,
જો થાઓ સુકાની આપ, તો અમે તરીયેરે. ૬
છે મુજ સરીખા બહુ દાસ, હે પ્રભુ ? ત્હારેરે,
તુજ સરીખો ત્રિભુવનનાથ, એકજ મ્હારેરે. ૭

જન્મમરણનાં દુઃખ, મારાં કાપોરે,
ઝાલીને સેવક હાથ, શિવપુર સ્થાપોરે. ૮
ગામ **વડાસણ** નેમિનાથ બિરાજેરે,
વાંછિત દાયક સુખકાર, ભીડ સવિ ભાંજેરે. ૯
**લબ્ધિસૂરિ** શિશુ કોડ. પૂરા કરજોરે,
કહે **પદ્મવિજય** કરજોડ, ભવદુઃખ હરજોરે. ૧૦

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ—છોટી મોરી સૈયાં રે...)

**પાર્શ્વ જિણંદારે** અરજી ઉર ધારના
ભવ દરીયે મેરી, નૈયા ડુબત હૈ (૨)
સાચા સુકાની રે, પ્રભુજી મુઝે તારના. પાર્શ્વ ૧
સુખ અનંત પ્રભુ; પા કર બૈઠે, (૨)
દુઃખ સેવકકા રે, હૃદયમેં વિચારના પાર્શ્વ ૨
મોહ ભુજંગ મુઝે, ડંસ રહા હૈ, (૨)
પાર્શ્વ ગારૂડી રે, વો વિષકો ઉતારના. પાર્શ્વ ૩
ખોટ નહિ તેરા, અખૂટ ખજાને, (૨)
દારિદ્ર દુઃખસેં રે, સેવકકો ઉદ્ધારના. પાર્શ્વ ૪
મેરા હૃદય-ગૃહ, શુદ્ધ બના કર (૨)
બિનતિ કરત હું રે, પ્રભુજી પધારના. પાર્શ્વ ૫
કલિકાલે પ્રભુ, પ્રગટ પ્રભાવી, (૨)
ભાગ્ય ઉદયસેં રે, દીઠા દુઃખ વારના. પાર્શ્વ ૬
**લબ્ધિસૂરિ** શિશુ શિષ નમાકર (૨)
**પદ્મ** કહત હૈ રે, મુઝે ન વિસારના. પાર્શ્વ ૭

---

( ૫ )

## શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ-છાનો છાનો હો નંદના કિશોર...)

બોલો બોલોને મીઠડા બોલ, અંતર ખોલ,
તારી અમૃત વાણી અમોલ, અંતર ખોલ.

તારા સાદે મેં દુનીયાને છોડી છોડી,
તારી સાથે મેં પ્રીતિને જોડી જોડી,
હવે રહેવું ઘટે ન અબોલ અંતર૦ બોલો....૧

મનમોહક મૂરતિ દીઠી દીઠી,
ભૂખ ભક્તિની લાગી છે મીઠી મીઠી,
પૂજું કેસરના કરી ઘોલ અંતર૦ બોલો....૨

તારી ભક્તિ મેં દીલમાં ધારી ધારી,
મેં તો કરમોની ભીતિને વારી વારી,
મોહ સામે એ વાગ્યા ઢોલ અંતર૦ બોલો....૩


તારા શાસનની રઢ લાગી લાગી,
મારા અંતરની પીડાઓ ભાગી ભાગી,
પ્રભુ આપોને મુક્તિનો કોલ. અંતર૦ બોલો....૪

છે વિશ્વમાં **વીર** તું નામી નામી,
ભાગ્ય ઉદયથી સેવા મેં પામી પામી,
હો ભક્તિમાં મનરંગ રોલ. અંતર૦ બોલો....૫

આત્મ ગુણોની લબ્ધિને આપો આપો,
દુઃખ દારિદ્ર **પદ્મનાં** કાપો કાપો,
કોઈ આવે ન ત્હારે તોલ. અંતર૦ બોલો....૬

## શ્રી સુદર્શનવિજયજી-ગણિ

ગણિ સં. ૨૦૧૩



જન્મ સં. ૧૯૭૦ ઉદેપુર

દીક્ષા સં. ૧૯૮૮ પાટણ

(૪૮)

# શ્રી સુદર્શનવિજયજી

ચોવીસી રચના સં.

પ. પૂજ્યશ્રી વિજયદાનસૂરિના સંઘાડામાં (શ્રી **વિજયરામચંદ્રસૂરિના** શિષ્ય શ્રી **વિજયભુવનસૂરિના** શિષ્ય) આ મુનિવરનો જન્મ સં. ૧૯૭૦માં મેવાડમાં શ્રી ઊદયપુર મુકામે થયો છે. પિતાશ્રીનું નામ લખમીચંદજી તથા માતાજીનું નામ કંકુબાઈ છે. તેઓશ્રીએ અઢાર વર્ષની ઉંમરે સંવત ૧૯૮૮માં પાટણ મુકામે દીક્ષા લીધી. મુનિશ્રી સુદર્શનવિજય નામ રાખવામાં આવ્યું. ને સં. ૨૦૧૩માં પોરબંદર મુકામે ગણિપદ અર્પણ કરવામાં આવ્યું હતું. તેઓશ્રીની ચોવીસી ઉપરાંત બીજી સાહિત્ય કૃતિ ઘણી છે. આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો પ્રગટ કરીએ છીએ.

---

(૧)

## શ્રી રૂષભ જિન સ્તવન

(જેમ જેમ એ ગીરી ભેટીયે રે—એ રાગ)

રૂષભ જિનેશ્વર ભેટીએ રે; આતમને હીતકાર સલુણા.
રોગ શોક સવી દૂરે ટલે રે, દુર્ગતિનો હરનાર સલુણા. ૧
માતા મરૂદેવીનો લાડલો રે, નાભી નરીંદ મલ્હાર સલુણા.
યુગાદિ નરેશ્વર તું થયો રે, યુગલાધર્મ નિવાર સલુણા. ૨
પ્રથમ તીર્થંકર તું જયો રે, ધર્મ પ્રવર્તણહાર સલુણા.
ચોત્રીશ ગુણે કરી સોહતા રે, પાંત્રીશ વાણી રસાલ સલુણા. ૩

લંછન રૂષભનું સોહતું રે, સુમંગલા નંદા ભરતાર સલુણા.
ધનુષ શત પંચની દેહડી રે, પુરવ ચોરાસી લખ આય સલુણા ૪
વિનિતા નગરીનો રાજિયો રે, સર્વ માંહિ શિરદાર સલુણા.
ભાવ ધરી રૂષભ ભેટિયે રે શુદ્ધ **સુદર્શન** થાય સલુણા, ૫

( ૨ )

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

સોલમાં જિનેશ્વર તે ભલોરે, જેનું દર્શન નિરમલ કારજો;
રોગ શોકને ભય દૂરે ટલે લો, નવિ રાખો તેહમાં સંદેહજો. ૧
મને શાંતિ જિણંદ રૂચે ઘણોરે લો, નામે તે મંગલ માલજો,
વિશ્વસેનનો નંદન લાડકોરે લો, અચિરાસુનું મન મોયજો મ. ૨
જિન ઉત્તમ પદવી પામતારે લો, એક ભવમાં દ્વિ તે સોહાયજો,
ષટખંડનો ધણિ તું થયોરે લો, જિન નામકર્મ બીજું થાયજો મ. ૩
એક દિન તે પૌષધ ધારતારે લો, પૌષધશાલા સુન્દર સોહજો,
આતમ ધ્યાન ધરતા થકારે લો, પારેવુ પડયું પ્રભુ ગોદજો. મ. ૪
પક્ષીસેન તે પુંઠે આવતું રે લો, ભક્ષણ માંગવા કાજજો,
માંસ દિયે પ્રભુ સ્વતણું રે લો, દયા પાલી પારેવાની આપજો. મ. ૫
દેવ પ્રત્યક્ષ થયો તિણે સમરેલો, માફી માંગી ગયો દેવલોકજો;
તેણે જય જય શબ્દ થયો દેવથી રે લો,
મુનિ સુદર્શન ગુણ ગાયજો. મ. ૬

( ૩ )

## શ્રી નેમનાથજિન સ્તવન

નેમ ચલે ગિરનાર ત્યાગી રાજુલ નારહો નેમજી પ્યારા
રાજુલ કો તુંહિં સહારા ॥૧॥

કાઉસગ્ગ મુદ્રા ઠાયા હે, આતમ ધ્યાન ધ્યાયા હો હો ॥૨॥
દિગ્કુમારી ગુણ ગાયા હૈ, ઈંદ્રિમલી નવરાયા હો હો ॥૩॥
પશુઓ પર દોષ ઠરાયા હૈ, તોરણથી રથ ફિરાયા હો હો ॥૪॥
સહસાવન પધારે હૈ, આતમ જ્ઞાન પ્રગટાવે હો હો ॥૫॥
શિવભુવનમાં જાવે હૈ, **સુદર્શન** ગુણ ગાવે હો હો ॥૬॥

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

તુમે તો ભલે પધારોજી, મુજ મન મંદિરિયે સાહેબ ભલે,
પધારોજી, વામાનંદન તુ હિ ભલેરો, અશ્વસેન કુમારો કમઠ
યોગિકું ધર્મ બતાયો, જય જય પારસનાથ તુમે. ॥૧॥
શંખેશ્વરમાં તું બિરાજે, જગ ડંકા તુજ વાગે, દેશ દેશકું
યાત્રું આવે, આતમ નિરમલ કાજ તુમે તો. ॥૨॥
ખાન દેશ ભૂમિ તું શોભાવે, અંતરિક્ષ પાર્શ્વ કહાવે,
અધર પ્રતિમા તુજકી દેખી, જન મન આશ્ચર્ય પાવે તુ. ॥૩॥
ખંભાત બંદર તુજથી શોભે, થંભણપાસ જિહાંગાજે,
*તુજ મુરતિને દેખ દેખ, મુજ નયણા નવિઠરાય તુ.* ॥૪॥
વરકાણામાં તું બિરાજ્યો, સકલતીર્થ સવાયો,
ભવકાટનકું ચરણ આયો, **સુદર્શન** આનંદ થાય તુ ॥૫॥

---

(૫)

## શ્રી મહાવીરસ્વામિ સ્તવન

ગાવો ત્રિશલા નંદ કેરો, જેહમાં ગુણ અનંતા રે,
ટાલો ભવના બંધન ફેરા, પામો શિવપુર વાસા રે. ॥૧॥

રાજ રાજેશ્વર તુંહિ રાયો, જગમાં જસ તુજ છાયો રે,
અજ્ઞાન તિમિર તું દૂર ભગાયો, નિજ આતમ રૂપ તું પાયોરે. ૨
અપકારો પર ઉપકાર કરીને, ચંડકૌશિક તેં તાર્યો,
ચંદનબાલા મુક્તિપુરીને, પામી પ્રભુ તુજ પસાયે રે. ૩
ગોશાલો પણ તુજ પ્રતાપે, સાધસે શિવ વધુને રે,
તુજ શાસન જમાલી ઉત્થાપે, લહેશે શિવ અનંતુ રે. ૪
ઈત્યાદિક આતમ ઘણેરા, તાર્યા પ્રભુજી હાથે રે,
મુજ ઉપર શું જોવો રાયા, શું હું છું! તુમ અનિઠો રે. ૫
નિરાગીમાં એ કિમ શોભે, તારો હવે હાથ ગ્રહીને રે,
પ્રભુજી હું તુમ ચરણે આયો, શરણ દીયો મહેર કરીને રે. ૬
કલિકાલે પણ શાસન શોભે, મુનિવર મંડળ તેજે રે,
**પ્રેમસૂરીશ્વર** શાસન રાજે, રામચંદ્રસૂરિ છાજે રે, ૭
પટ્ટધર **ભુવન સૂરીશ્વર** કેરા, શિષ્ય મંડળને ગાજે રે,
**સુદર્શન ચંદ્રોદય** બંધુ, **તત્ત્વપ્રભ** તે જાણો રે. ૮
સૂરિજીના પ્રશિષ્ય ભલેરા, **રત્નશેખર પ્રમોદરે,**
વીર જિનેશ્વર મેં તુજ ગાયો, **સુદર્શન** હું પામત રે. ગા. ૯


---

( ૬ )

## કલશ

ઈમ ત્રિજગનાયક અચલ શાસન, શ્રી ચોવિસે જિનવરૂં,
**તપગચ્છ** નાયક દાનસૂરિવિજય, પ્રેમસૂરિશ્વરું તસ પટ્ટધારી,
વ્યાખ્યાનકારી વિજયરામસૂરી વેરો, પ્રથમ પટ્ટધારી શાંતમૂર્તિ.
**ત્રિજયભુવનસૂરીશ્વરૂં** તસ શિષ્ય ગાવે ભક્તિ ભાવે
સુદર્શન સુખ પાવે ઘણો ।। ઇતિ ।।

મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ



જન્મ સં. ૧૯૮૬ મેસાણા

દીક્ષા સં. ૨૦૦૭ રાણપુર

(૪૯)

# પં. શ્રી ભાનુવિજયના શિષ્ય
# શ્રી ભદ્રગુપ્તવિજયજી

મહા ગુજરાતના મેસાણા જીલ્લાના પુદગામમાં આ મુનિશ્રીનો જન્મ વિ. સં. ૧૯૮૯માં થયો. પિતાશ્રીનું નામ મણિલાલ માતુશ્રીનું નામ હીરાબેન તેઓનું શુભ નામ મુલચંદ હતું. અઢાર વર્ષની ઊમરે સં. ૨૦૦૭માં રાણપુર સૌરાષ્ટ્રમાં દીક્ષા અંગીકાર કરી પં. શ્રી ભાનુવિજયજીના શિષ્ય તરીકે જાહેર થયા નામ શ્રી ભદ્રગુપ્તવિજય રાખ્યું. દિનપ્રતિદિન અભ્યાસમાં ચિત્ત લગાડી પ્રકરણો, ભાષ્યો કર્મગ્રંથ, કમ્મપયડી, સંસ્કૃત ભાષા વીગેરેનો અભ્યાસ કર્યો. શતાવધાનના પ્રયોગો પણ કર્યા છે આગમ શાસ્ત્રોમાં પણ પ્રવીણતા મેળવી છે.

દસ વર્ષમાં સુંદર સાહિત્ય સર્જન કર્યું છે. જીવનચરિત્રો, કાવ્યો, નિબંધો પણ લખ્યા છે. મહાપંથનો યાત્રી, ભવના ફેરા, મનનું ધન તીર્થયાત્રા, નમસ્કાર ગીતગંગા વિગેરે પુસ્તકોનું આલેખન કર્યું છે વાર્તાકાર તરીકે કલ્યાણ માસિકમાં **"રામાયણની રત્નપ્રભા"** નામની રસીક વાર્તા આજ દોઢ વર્ષથી ચાલુ છે. પુરી થતાં હજી બીજા ત્રણ વર્ષ થશે. આવાં એક પ્રસિદ્ધ લેખકના કાવ્યો પણ એટલાં જ રસીક અને બોધદાયક છે નવીન રાગોમાં સુંદર ગુંથણી કરી તત્વજ્ઞાન પીરસ્યું છે.

આ સાથે તેઓના પાંચ સ્તવનો પ્રસિદ્ધ કરીએ છીએ.

(૧)

## સિદ્ધગિરિ–આદિનાથ સ્તવન

(રાગ–ઓ પ્રેમ જોગીડા...)

ઓ દેવ! તમારો વેષ સજીને
દુનિયાને ભરમાવું,
મારે કઈ ગતિમાં જાવું?
ભગવાન તમે હું ભક્ત બનીને
મુજ અંતરીયું બતાવું....મારે કઈ.

અજ્ઞાન તણું છે ઘોર અંધારૂં,
તોયે બતાવું ડહાપણ મારૂં!
મોહ હલાહલ ભરી પીધું મેં
અમૃત કયાં છલકાવું?....મારે કઈ

શક્તિ નથી પણ પથ તુજ જાવું,
ભક્તિ નથી પણ ગીત તુજ ગાવું,
દ્વેષ તણા દંડા લીધા મેં,
કરૂણા કયાં ઉભરાવું?....મારે કઈ.

રૌરવ નરકે હું પછડાયો,
નિગોદ માંહે હું જકડાયો,
ભૂલી જઈ ભૂતકાળ બધો તે,
પાપ લીલા મન ભાવું....મારે કઈ

શ્રી સિદ્ધાચલ **આદિજિનેશ્વર,**
**ભદ્રગુપ્ત** કહે હે પરમેશ્વર,
દેવ તમારા પૂજનમાં હું,
આંસુડાં પધરાવું.......મારે કઈ

---

( ૨ )

## શ્રી શાંતિનાથ સ્તવન

( રાગ : ઓલી ચંદનબાલાના બારણે... )

ઓલી અચિરા રાણીના ઉદરે પ્રભુ **શાન્તિ** જિનેશ્વર ઉતરે,
ત્યાં તો શાન્તિ શાન્તિ પથરાય!
માતા સ્વપ્ન ચતુર્દશ જોવતી અને હર્ષ ધરીને જાગતી
ત્યાં તો શાન્તિ શાન્તિ પથરાય.

બરાબર ભાવથી કરતા આરાધના 'મેઘરથ' જીવનમાં લીધા લ્હાવા,
પ્રાણુને પાથરી પારેવું પાળ્યું, નિકાચ્યું જિનનામ કૃતકૃત્ય થાવા,
એણે સંયમ સ્વીકાર્યું રંગથી, પાળ્યુ લાખ વરસ ઉમંગથી
ત્યાં તો શાન્તિ શાન્તિ પથરાય....?

અનશન સ્વીકારી તિલકાચલે જઈ ત્યજે એ સમતા રાખી,
સર્વાર્થસિદ્ધ નામ વિમાને, ઉપજ્યા ત્યાં વીતરાગતા ચાખી
ત્યાં તો તેત્રીસ સાગરનાં આવખાં અને વૈક્રિય દેહનાં માળખાં
ત્યાં તો શાન્તિ શાન્તિ પથરાય....

મધરાતે શુભયોગે યોગીશ્વર અચિરા દેવીના પેટે આવ્યા,
શમવા લાગ્યા રોગો નગરમાં ભવિયણને હૈયે ખૂબ ભાવ્યા,
યશોમતિ રાણીના કંતરે એ તો પ્રિયદર્શન ભગવંત રે
ત્યાં તો શાન્તિ શાન્તિ પથરાય.

( ૩ )

## શ્રી નેમનાથ સ્તવન

( રાગ : મારી વેણીમાં ચાર ચાર ફૂલ )

મારા જીવનમાં પાંચ પાંચ ભૂલ,
જીણંદજી ! કરજો ને એને નિર્મૂલ....મારા.

પહેલી તે ભૂલ માન્યાં મિથ્યાત્વી ભૂતડાં
રાગી ને દ્વેષી વિપુલ
જિનનો મારગ મૂકી ભટક્યું સંસારમાં
વહાલી એ કુધર્મની એ ધૂળ....મારા.
બીજી તે ભૂલ ભૂલ્યો વિરતિ-વિરાંગના,
સમજ્યો ના વ્રતને અમૂલ,
દિવસ ને રાત પીધાં વિષયનાં વિખડાં
ભોગોમાં બનતો મશગૂલ....મારા.
ત્રીજી તે ભૂલ ક્રોધ-માને મલપતો
માયા ને લોભ અતુલ
ભૂલીને ભાન વિભો! ભવમાં ભટકતો
કુજેના સમજતા બુલબુલ....મારા.
ચોથી તે ભૂલ મારૂં મનડું ન માને
એ તો છે મોટેરી ભૂલ!
તનડું ચંચળ અહા, ઠરતું ના ધર્મમાં
વાણીનાં વરસે ના ફૂલ....મારા.
પંચમ તે ભૂલ દેવ! પ્રમાદે પોઢીયો
બુદ્ધિ છે માહરી સ્થૂલ,
શિવાદેવીના નંદ! કૃપા વરસાવજો
**ભદ્રગુપ્ત** ભય ડૂલ....મારા.

---

(૪)

## પાર્શ્વપ્રભુના ૧૦ ભવોનું સ્તવન

(રાગ: દે દી હમેં આઝાદી......)

વામાદેવીના નંદ! તમે સુણજો વીતરાગ,
શંખેશ્વર દરબારમાં ગાઉં મધુરા રાગ.
જય જય જય જય પારસનાથ....૧

પોતનપુરી પહેલે ભવે સમકિતને લીધાં,
'મરૂભૂતિ' નામે તમે સત્કાર્યને કીધાં.
ખમાવતા નિજ ભાઈને મૃત્યુ શિરે લીધાં,
સમતા ધરી આપે અહા ! પામે ન કોઈ તાગ....શંખેશ્વર
બીજે ભવે હસ્તિ બન્યા, જિનધર્મને પામ્યા
સર્પે દીધો વિષડંખને તોયે તમે ખામ્યા,
મૃત્યુ થયું, સ્વર્ગે ગયા. દિલ ધર્મમાં જામ્યા,
ધન્ય હે જગનાથ ! સમાધિ તમારી સાથ....શંખેશ્વર
વિદ્યાધર ચોથે ભવે વૈરાગ્યને માયા.
રાજ્ય ત્યજી રળીયામણું સંસારની માયા,
અણગાર થઈ વિચરે સદા જિનધ્યાનને ધ્યાયાં,
ઝેરી ડસ્યો ભૂજંગ તોય પ્રેમના નિનાદ....શંખેશ્વર
બારમે સ્વર્ગે ગયા ભવ પાંચમો ઉજમાળ
ત્યાંથી ચ્યવી છઠ્ઠે ભવે વિદેહમાં અવતાર,
કુમાર વજ્રનાભ નામ સંયમ સ્વીકાર,
ભીલે કર્યો તીરઘાત, મુનિ ધીર વડભાગ....શંખેશ્વર
ગ્રૈવેયકે સુરદેવતા ભવ સાતમો સુજાણ,
ત્યાંથી ચ્યવી વિદેહમાં ચક્રી બન્યા સભાન,
'સુવર્ણબાહુ' નામ ગુણરત્નની એ ખાણ,
દીક્ષા ગ્રહી જિનરાજ પાસ, ધન્ય હે નરનાથ,....શંખેશ્વર
નિકાચતા જિનનામને અણગાર મહાધીર,
વનરાજ સ્મરી વૈરને મારે મુનિવર વીર,
નવમે ભવે સ્વર્ગે ગયા ખીલ્યું મહા ખમીર,
વાહરે જિનરાજ ! તમે શિવપુરની પાગ....શંખેશ્વર.
જંબૂદ્વિપે ગંગા તીરે વારાણસી આયા,
સ્વર્ગેથી ચ્યવી દસમે ભવેપાર્શ્વ કહાયા,
અશ્વસેન રાજા કુલે જયનાદ કરાયા,
વૈભવભર્યો સંસારનો કીધો પ્રભુએ ત્યાગ....શંખેશ્વર.

સંસાર કારાગારની સૌ બેડીઓ તોડી,
વૈરાગ્યની હાકલ કરી મોહ હાંડીઓ ફોડી,
સિદ્ધિ વહુ સાથે તમે શુભ પ્રીતને જોડી,
તોડયા અને મોડયા સહુ સંસારના વીખવાદ....શંખેશ્વર.

મોક્ષે ગયા જિન ! આપ મૂકી જીવોને અનાથ,
વિકરાળ આ સંસારમાં રૂડો ગયો સંગાથ,
મુનિ **ભદ્રગુપ્ત** કહે તારજો જગનાથ,
નિવારજો સંસારના રખડેલનો સહુ થાક....શંખેશ્વર.

---

(૫)

## વીરનાં લોચન

જ્યારે જ્યારે જોઉં ખીલ્યું પંકજ પાંગરેલું
ત્યારે યાદ આવે વીરના લોચનનું જોડલું....
નીતરતી આંખોમાંથી કરુણાની ધારા,
છલકાયા ત્યારે મારા હૃદયના કયારા.
જ્યારે જ્યારે જોઉં પેલા ચંદલાનું માંડલું,
ત્યારે યાદ આવે વીરના લોચનનું જોડલું.
સંગમે જ્યારે કાળો કેર વરતાવ્યો,
આંસુના બે બિંદુથી તેને સમજાવ્યો....
જ્યારે જ્યારે જોઉં પેલું તારલાનું આભલું,
ત્યારે યાદ આવે વીરના લોચનનું જોડલું.
ગોશાળે ગાળોની વર્ષા વરસાવી,
સાગર શાં પેટમાં સહુ તે સમાવી.
જ્યારે જ્યારે આવે મને નિંદરમાં સોણલું
ત્યારે વરતાયે વીરના લોચનનું જોડલું...

---

મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી



જન્મ સં. ૧૯૭૮ અમદાવાદ દીક્ષા સં. ૨૦૦૦ અમદાવાદ

( ૫૦ )

# શ્રીવિજયજંબૂસૂરિ શિષ્ય
# મુનિ શ્રી નિત્યાનંદવિજયજી

( ચોવીસી રચના સં. ૨૦૧૭–ચુડા સૌરાષ્ટ્ર )

મહાગુજરાતના મુખ્ય શહેર અમદાવાદમાં દાદાસાહેબની પોળમાં શ્રી મોહનલાલભાઇની ધર્મપત્ની મણીબેનની કુક્ષીએ–૧૯૭૬માં આ મુનિશ્રીનો જન્મ થયો હતો. શુભ નામ જયંતીભાઈ હતું. બાળપણમાં ધાર્મિક અભ્યાસ સુંદર કર્યો હતો. પાંચ પ્રતિક્રમણ જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી વિગેરેનો અર્થ સહિત અભ્યાસ કર્યો નાની ઊમરમાં નવપદની ઓળી, છઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇ, ચોસઠ પહોરી પૌષધ વિગેરે સુંદર તપશ્ચર્યા કરતાં.

સંવત ૧૯૯૮માં શ્રી વિજયજંબૂસૂરિજી ચાતુર્માસ અમદાવાદમાં થયું તેમના પરિચયથી વૈરાગ્ય રંગે રંગાયા અને બાર વ્રત ઊચર્યા, ૧૯૯૯માં શ્રીવિજયપ્રેમસૂરિની પાસે ચતુર્થ વ્રત ઊચર્યું એવી રીતે ઉત્તરોત્તર વિરતિમાં આગળ વધ્યા ને સં. ૨૦૦૦માં શ્રીવિજયજંબૂસૂરિના હસ્તે સર્વ વિરતિ સ્વીકારી દીક્ષા લીધી. નામ શ્રી નિત્યાનંદવિજય રાખવામાં આવ્યું. આમ તેવીસ વર્ષની ભર યુવાવસ્થામાં સંસારી મટી સાધુ થયા.

સંયમી જીવનમાં પણ જ્ઞાન ધ્યાનમાં મશગુલ બન્યા ને સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, કાવ્યાદિકનો અભ્યાસ વધાર્યો.

તેઓનું તપસ્વી જીવન અનુકરણીય છે. હાલમાં ૨૦૧૮માં ૬૧મી વર્ધમાન તપની ઓળી પૂર્ણ કરેલ છે.

શાસનદેવ–તેઓને મહા તપસ્વી કરે એવી અભ્યર્થના આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો તથા કળશ પ્રસિદ્ધ કરીએ છીએ.

(૧)

## શ્રી આદિનાથ જિન સ્તવન

આદિજિન ! ગુણ ગાઉં હું હરખે (૨)
નાભિકુલકર વંશ દીપાવ્યો, મરૂદેવી માતાએ હુલરાવે;
નિરખી નિરખી આનંદ પાવે, રાજ સિંહાસન થાવે. આદિ૦ ૧
યુગલા ધર્મ નિવારીને રે, શીલ્પશત દીખલાયા;
લીપી કર્મને વિવિધ વિદ્યા, જગહિત કાજ કરાયા. આદિ૦ ૨
ત્યાંસી લાખ પૂર્વ ગૃહવાસ વાસી, છંડી સવિ જંજાળ;
વરસ સહસ એકાકી વિચરી, ઘાતી કર્મની તોડી જાળ. આદિ૦ ૩
સમવસરણ રચ્યું સુરવરે, દેવ દંદુભીનો નાદ;
અશોક વૃક્ષને ભામંડળ ઝળકે, દિવ્ય ધ્વની પૂરે સાદ આદિ૦ ૪
જાનુ પ્રમાણ પુષ્પવૃષ્ટિ થાવે, ચામર વિંજાય બિહુ પાસ;
છત્રાસિછત્ર સોહે સુંદર, રત્નસિંહાસન ખાસ. આદિ૦ ૫
ભરત નરેસર વંદન આવ્યા, માતા મરૂદેવીની સાથ;
પર્ષદા નીરખી માતા હરખે, થયા કેવળી સનાથ. આદિ૦ ૬
કર્મ ખપાવી શિવપુર પહોંચ્યા, જોવા પુત્રવધુ મુખ;
લળી લળી વંદે પ્રેમ-જંબૂસૂરિ, લેવા નિત્યાનંદ સુખ. આદિ૦ ૭

---

(૨)

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

(રાગ–ધાર તરવારની સોહલી દોહલી...)

શાંતિ જિન સોળમા અચિરાના નંદ રે,
વિશ્વસેન કુલ નભે મોહકચંદ રે;
હત્થિણા ઉરે અવતર્યાં, જન્મમહોત્સવ થયો,
ઈન્દ્ર ઈન્દ્રાણી સૌ પામ્યા આનંદ રે. શાંતિ૦ ૧

પ્રાતઃકાળે ઉઠી દરશન જે કરે,
તેહની વિપદા જાયે દૂરે;
તુજ મુખ કમલને ભાવે જે ચિત્ત ધરે,
કલ્યાણ લક્ષ્મી તસ થાય પૂરે. શાંતિ૦ ૨

અહોનિશ દરસન જે કરે ભવિજન,
રોગ શોક તસ દૂર ભાગે;
સમગ્ર મંગળના સ્થાનરૂપ તુજ છે,
જાણે નહિ તેહને આપત્તિ જાગે. શાંતિ૦ ૩

પ્રાતઃકાળે તુજ ચરણને શિર ધર્યાં,
શીઘ્રપણે તે ભવિ મોક્ષ પાવે;
જે તુજ ચરણ કમલની સેવના,
નવિ કરે તે તો વિપત્તિ પાવે. શાંતિ૦ ૪

તુજ પદ નળરૂપી ચંદ્રની કાંતિથી,
સ્નાન કરે તે તો નિર્મળ થાવે;
પ્રેમ-જંબૂસૂરિ તુજ પદ પંકજે,
નિત્યઆનંદથી ભૃંગ થાવે. શાંતિ૦ ૫

---

(૩)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ-કીજીએ કીજીએ કીજીએ પ્રભુ નિર્મળ દર્શન કીજીએ...)

કીજીએ કીજીએ કીજીએ નેમિનાથને વંદન કીજીએ;
શીવાદેવીના લાડકા રે, સમુદ્રવિજય દિલ રીઝીએ. નેમિ૦
ચાલીસ હાથની દેહડી રે, શંખ લંછનથી અંકીયે. નેમિ૦ ૧

શંખ વગાડયો કૃષ્ણનો રે, આયુધશાળે જઈને; નેમિ૦
શંકા થઈ તવ કૃષ્ણને રે, કોણ આવ્યો વૈરી થઈને. નેમિ૦ ૨

જુએ નેમિજિણંદને રે, ખેલે એકતાન થઈ રે; નેમિ૦
નિશ્ચે બળવાન લાગે છે રે, દેવવાણી ત્યાં થઈ રે. નેમિ૦ ૩
'કુમાર વયમાં સંયમી થાશે, લેશે નહિ રાજને રમણી રે;' નેમિ૦
વરઘોડે ચઢી પાછા વળ્યા રે, રાજીમતી થઈ દૂમણી રે. નેમિ૦ ૪
સહસાવનમાં જઈ દીક્ષા લીધી, દેવે મહોત્સવ કીધો રે; નેમિ૦
રાજીમતીયે પણ સમવસરણમાં, દિક્ષા લઈ જશ લીધો રે. નેમિ૦ ૫
નવ નવ ભવની પ્રીતડી રે, રાજીમતીની નવિ છોડી રે; નેમિ૦
તો કેમ અમને મૂકયાં રખડતાં, અનંત ભવની
પ્રીત તોડી રે. નેમિ૦ ૬
મેં તો રાખી છે તારી પ્રીતડી રે, ઝાલો હવે પ્રભુ હાથ રે; નેમિ૦
પ્રેમ-જંબૂને આપજો રે, નિત્યાનંદ સનાથ રે. નેમિ૦ ૭

---

(૪)

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ—ઋષભદેવ હિતકારી જગતગુરુ...)

પાર્શ્વ જિણંદ મનોહારી જગતગુરુ પાર્શ્વ જિણંદ મનોહારી,
ત્રેવિસમાં પ્રભુપાર્શ્વ જિનેશ્વર, જગમાં જયજયકારી જગત. ૧
અશ્વસેન કુલ મંદિરે દીવો, વામાદેવીને સુખકારી;
પ્રભાવતી સાથે લગ્ન થયા પણ, ભોગમાં નહિ વિકારી, જગત. ૨
વરસીદાન દઈ દીક્ષા લીધી, આવ્યો ત્યાં મેઘમાળી;
ઉપસર્ગ કીધો મેઘ વરસાવી, ધરણેંદ્રે મેઘ નિવારી, જગત. ૩
રાગ નહિ ને રોષ નહિ રે, બેહુ પર સમતાધારી;
કર્મ ખપાવી કે વળી થયા, તીર્થંકર પદધારી, જગત. ૪
સમેત શિખરે મોક્ષે સિધાવ્યા, કર્મકલંક વારી;
પ્રેમ જંબૂ સૂરિ કરજોડે, નિત્યાનંદ પદધારી, જગત. ૫

(૫)

## શ્રી મહાવીરજિન સ્તવન

(રાગ–વંદો વીર જિનેશ્વર રાયા...)

**વીર** જિનેશ્વર વંદુ પાયા, ત્રિશલાદેવીના જાયા રે;
સ્તવના કરું હું એકશત, નામે ઉલટ મનમાં આયા રે. વીર. ૧

[૧]મહાજિન [૨]મહાબુદ્ધ કહાય, [૩]મહાબ્રહ્મ [૪]મહાશિવ રે;
[૫]મહાવિષ્ણુને [૬]મહાજિષ્ણુ, [૭]મહાનાથ થયા શિવ રે. વીર. ૨

[૮]મહાદેવ [૯]મહેશ્વર–[૧૦]સ્વામિ, [૧૧]મહારાજ [૧૨]મહાદ્યુત રે;
[૧૩]મહાચંદ્ર [૧૪]મહાદિત્ય [૧૫]મહાશૂર, [૧૬]મહાપ્રભુ [૧૭]મહાભૂતિ રે. વીર. ૩

[૧૮]મહાગુરુ [૧૯]મહાતપ [૨૦]મહાતેજ, [૨૧]મહોદક [૨૨]મહાક્ષાંતિ રે;
[૨૩]મહોમય [૨૪]મહાયશ [૨૫]મહાધામ, [૨૬]મહાતત્ત્વ [૨૭]મહાકાંતિ રે. વીર. ૪

[૨૮]મહાબળ [૨૯]મહાધૈર્ય [૩૦]મહાવીર્ય, [૩૧]મહાપ્રજ્ઞ [૩૨]મહાદાન રે;
[૩૩]મહાશક્તિ [૩૪]મહાજ્યોતિ [૩૫]મહામતિ, [૩૬]મહારૂપ [૩૭]મહાજ્ઞાન રે. વીર. ૫

[૩૮]મહાનીતિ [૩૯]મહાતિ [૪૦]મહાકૃધૃતિ, [૪૧]મહાકીર્તિ [૪૨]મહાભોગ રે;
[૪૩]મહાસ્ફૂર્તિ [૪૪]મહોદય [૪૫]મહાવપુ, [૪૬]મહાભાગ [૪૭]મહાયોગે રે. વીર. ૬

[૪૮]મહાશાસ્તા [૪૯]મહામહા–[૫૦]મુનિ, [૫૧]મહામૌનિ [૫૨]મહાદમ રે;
[૫૩]મહાધ્યાની [૫૪]મહાશીલ, [૫૫]મહાલય, [૫૬]મહાવ્રત [૫૭]મહાક્ષમ રે. વીર. ૭

[૫૮]મહાયજ્ઞ [૫૯]મહાશ્રેષ્ઠ [૬૦]મહાકવિ, [૬૧]મહોપાય [૬૨]મહામંત્ર રે;
[૬૩]મહાનય [૬૪]મહાકારુણિક–[૬૫]મંતા, [૬૬]મહાનાદ [૬૭]મહાતંત્ર રે. વીર. ૮

[૬૮]મહાઘોષ [૬૯]મહામોહ [૭૦]મહાત્મા, [૭૧]મહાધૂર્ય [૭૨]મહાયતિ રે;
[૭૩]મહેજય [૭૪]મહાર્જવ [૭૫]મહર્ષિ, [૭૬]મહાસત્ય [૭૭]મહસંવતિ રે. વીર. ૯

[૭૮]મહસાંધામને [૭૯]મહેષવાક, [૮૦]મહિતોદય [૮૧]મહાવીર રે;
[૮૨]મહાશૌચ [૮૩]મહાવશી [૮૪]મહાશય, [૮૫]મહામોક્ષ [૮૬]મહાધી રે. વીર. ૧૦

[૮૭]મહાત્મજ્ઞ તથા [૮૮]મહાસૌખ્ય, [૮૯]મહાનંદ [૯૦]મહામુક્તિ રે;
[૯૧]મહાશૌચ વળી [૯૨]મહાશર્મા, [૯૩]મહાધર્મ [૯૪]મહાગુપ્તિ રે. વીર. ૧૧

[૯૫]મહામોહારિસૂદન તમે, [૯૬]મહાયોગી [૯૭]મહાબુદ્ધિ રે;
[૯૮]મહાભવાબ્ધિ તારી મહા-[૯૯]મુક્તિપદેશ્વર [૧૦૦]મહાસિદ્ધિ રે. વીર ૧૨
એહવા મનોહર એકસો નામે, વળી અસંખ્ય નામ તારે રે,
**પ્રેમ જંબુસૂરિ** નિત્યાનંદે નિત્ય વંદે સવારે રે. વીર. ૧૩

---

( ૬ )

**કલશ**

શ્રી વીર પાટપરંપરાએ, કમલસૂરીશ્વર જયકરં,
તાસ પાટે સોહે વિજય દાનસૂરિ હિતકરં
વિજયપ્રેમસૂરિ તાસપાટે, જંબૂસૂરિ મનહરં,
તસ શિષ્ય નિત્યાનંદ વિજયે, સ્તવ્યા ચોવીસ જિનવરં-૧
સૌરાષ્ટ્ર દેશે ચૂડાનગરે, સુવિધિનાથ જિનેશ્વરં,
સ્તવન તણો આરંભ કીધો, પ્રસાદ પામી મનહરં;
સંવત બે હજાર સત્તર વરસે, ગામ બોરસદ પુરવરં;
ચાતુર્માસ કરી પૂરણ કીધા, સ્તવન ચોવીસ જયકરં.-૨

---

( ૫૧ )

# શ્રી યશોદેવસૂરિના શિષ્ય
# શ્રી અશોકવિજયજી

રચના : સં. ૨૦૧૮

શ્રી **વિજયદાનસૂરિજી**ના સંઘાડામાં શ્રી **યશોદેવસૂરિના શિષ્ય** આ મુનિશ્રીનો જન્મ ગુજરાતના ચરોતર જીલ્લામાં જવસાન ગામે સં. ૧૯૬૪માં થયો હતો. પિતાશ્રીનું નામ મથુરદાસ માતાજીનું નામ હરખબાઈ હતું. નાનપણમાં ગુજરાતીનો અભ્યાસ કરી શ્રી મેસાણા પાઠશાળામાં સંસ્કૃત તથા ધાર્મિક અભ્યાસ કરી તેજ સંસ્થામાં શિક્ષક તરીકે રહ્યા.

સં. ૧૯૯૫માં મુંબાઈમાં દીક્ષા અંગીકાર કરી ને નામ શ્રી **અશોકવિજયજી** રાખ્યું. સંયમી જીવનમાં અભ્યાસ કરવા માંડયો ને ન્યાય, કાવ્ય વગેરેનો સારો અભ્યાસ કર્યો. તેઓશ્રી પદ્યમાં ન્યાય ઉપર ગ્રંથ રચના કરી છે. આ સાથે તેઓશ્રીના પાંચ સ્તવનો તથા કળશ પ્રગટ કરીએ છીએ.

( ૧ )

## શ્રી આદિ જિન સ્તવન

(રાગ—જગજીવન જગવાલ હો .)

નાભિ નરિંદ કુલ ચંદલો, મરૂદેવા માત મલ્હાર લાલરે;
આદિ પુરુષ પરમાતમા, આદિ જિણંદ જયકાર લાલરે. ના૦૧
આ અવસરપિણીમાં પ્રભુ, તુંહિ જ પ્રથમ નરિંદ લાલરે;
લોક વ્યવહાર પ્રવર્તકો, તુંહિ જ ધર્મ દિણંદ લાલરે. ના૦૨

અઢાર કોડાકોડી સાગરૂ, વ્યાપ્યો મોહ પ્રચાર લાલરે;
તેહ વિદારીને થાપીયો, મોક્ષ મારગ શ્રીકાર લાલરે. ના૦૩
કાળ અનાદિ હું નાચીયો, ભવનાટક ભગવંત લાલરે;
તુમ દરિસન વિણ નાથજી, નાવ્યો દુઃખનો અંત લાલરે. ના૦૪
તારક તુજ પાયે પડી, વિનવું વારંવાર લાલરે;
મોહ દાવાનળ જાળથી, કાઢજો સહુને બ્હાર લાલરે. ના૦૫
અનંત સુખના સાગરૂ, નિરૂપમ આનંદ ધામ લાલરે;
રૂપ બતાવો આપનું, રાગ-દ્વેષ થાયે વામ લાલરે. ના૦૬
**આતમ** ધ્યાને **વીર** જે, **દાનાદિ પ્રેમ** ધરંત લાલરે;
**જશ** વરી જગમાં ઘણો, **અશોક** પદવી લહંત લાલરે. ના૦૭

( ૨ )

## શ્રી શાંતિ જિન સ્તવન

(રાગ-વીરજી સુણો એક વિનતી મોરી...)

શાંતિ જિનેશ્વર અરજ સ્વીકારો, મારે તો પ્રભુ તું ધણી રે;
આજ થકી તુમ શરણે આયો, રાખજો સેવક જાણી રે-૧
કાળ અનાદિથી ભવમાં ભમતો, દેખી ન સુખની છાંયડી રે;
નિરબળ નિરાધાર છું સ્વામિ, ઝાલો ને હવે બાંયડી રે.-૨
નાથ નિરંજન ભવભય ભંજન, ગંજન મોહને તેં કર્યો રે;
આજ લગી મોહે મુજને ડરાવ્યો, તુજ નામ હવે તે ડર્યો રે.-૩
અજ્ઞાન તમમાં તત્ત્વ ન જાણું, જ્ઞાનપ્રકાશ પ્રભુ દીજીયે રે;
સેવા ભક્તિની રીતિ ન જાણું, મૂઢ ઉપર મ્હેર કીજીયે રે.-૪
પારેવા પર કરૂણા આણી, મેઘરથ ભવમાં બચાવીયો રે;
ઈમ પ્રભુ હું પણ શરણે આયો, કરૂણા કરી દુઃખ વારજો રે.-૫
**આતમ! વીર**ને ચઉવિહ **દાનાદિ**, ધર્મસુ **પ્રેમ** જગાવોનેરે
દુઃખથી **વિરામ**ને **જશ** બહુ પામી **અશો**કપદ તુમે પાવોનેરે.-૬

( ૩ )

## શ્રી નેમિજિન સ્તવન

(રાગ- વીરજી સુણો એક વિનતી મોરી...)

નાથ નિરંજન ભવભયભંજન, રંજન સેવક મનના રે;
નેમિજિનેસર ભુવનદિનેસર, પરમેસર ભવિ ભજના રે. ૧

કાળ અનાદિ કરી બરબાદી, બાંધી કર્મની જાળ રે;
મૂઢ મુરખ હું કાંઈ ન સમજ્યો, એળે ગમાવ્યો કાળ રે. ૨

પુન્યથી સુખને પાપથી દુઃખ છે, અંતર ચેતી જુઓને રે;
સુખદુઃખ કારણ તેં સમજાવ્યાં, ભવ્યા ભવ્ય જીવોને રે. ૩

ઉન્મારગમાં મન વચ કાયા, ધરતાં પાપ બંધાય રે;
એ ત્રણ સન્મારગ જો થાપો, પુન્યની પોઠ ભરાય રે. ૪

પોતાનું વાવ્યું પોતે જ લણવું, ભોગવવું વળી પોતે રે;
ન્યાય નયનથી જોતાં પરને, સુખદુઃખ કોઈ ન દેવ રે. ૫

કાળા ધોળા પામર પંડિત, નિરધન ને ધનવંતા રે;
રૂપ કુરૂપ ને રોગી નિરોગી, નિરબલ ને બલવંતા રે. ૬

એ સહુ સ્વામિ કર્મપ્રભાવે, તુજ આગમથી જાણ્યું રે;
સુખદુઃખનો કર્તા છે ઈશ્વર, કુમતિ જને એમ તાણ્યું રે. ૭

વાત એ ખોટી, ભ્રમણા મોટી, મુજ અંતર નવિ આવે રે;
નિજનિજ કર્મ પ્રમાણે પ્રાણી, સુખદુઃખ સઘળે પાવે રે. ૮

કર્મ મહા કાદવ ધોનારી, જલધર સમ તુજ વાણી રે;
ગુરુવર પ્રેમ પસાયે પામી, **અશોકે** તે મન આણી રે. ૯

---

( ૪ )

## શ્રી પાર્શ્વજિન સ્તવન

( રાગ–અહો અહો પાસજી મુજ મળીયા રે )

વ્હાલા મારા પાસજી દિલ આયા રે,
મેરા અંતર તાપ મીટાયા–વ્હાલા.

પ્રભુ તેવીશમાં જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે
અશ્વસેન નૃપતિ કુલ આયા,–વ્હાલા. ૧

નવ હાથ તનુ મનોહાર રે, દેખી મોહિયા સુરનરનાર રે;
દરિસણથી નાસે વિકાર–વ્હાલા. ૨

તારો મહિમા છે અપરંપાર રે, સવિ પૂજે ધરી મન પ્યારરે
પામે સુખસંપત્તિ ભંડાર–વ્હાલા. ૩

આગે જલતો નાગ બચાવ્યોરે, મહામંત્ર સુણીને સિધાવ્યો રે
ધરણેન્દ્રનું પદ એ પાયો,–વ્હાલા. ૪

પ્રભુ ગામગામે તું ગવાયો રે, ગાજે ગોડી ચિંતામણીરાયરે;
સોહે શંખેસરો સુખદાય–વ્હાલા. ૫

ઘોઘામાં નવખંડો વિરાજે રે, વળી પાસ પંચાસરો ગાજે રે
વરકાણાને સેરીસા રાજે–વ્હાલા. ૬

અંતરિક્ષ ને અમીઝરા નામે રે, વળી થંભણ ખંભાત ગામેરે;
પૂજે ગામે જિરાવલા નામે,–વ્હાલા. ૭

શત વર્ષનું આયુષ પાળી રે ભલી ભારત ભોમ ઉજાળી રે;
ભવિ જીવોની આપદા ટાળી–વ્હાલા. ૮

ગુરુ પ્રેમ સૂરીશ્વર રાયા રે પિંડવાડા નગરમાં આયા રે;
પ્રભુ પાસ અશોકે ગાયા–વ્હાલા. ૯

( ૫ )

## શ્રી વીરજિન સ્તવન

( રાગ-સખી પડવે તે પંથ પધાર્યા રે... )

મૂરતિ મહાવીરની ભાળી રે
સવિ ચિંતા મન કેરી ટાળી રે
મોહ ધાડ મેં આવતી ખાળી....
વ્હાલા વીર અંતર આવો રે
મારા ભવોભવ તાપ મીટાવો—વ્હાલા. ૧

નયસાર ભવે વન આયા રે
દાન ધર્મ કું દિલમેં ઠાયા રે
મુનિને પૂર પંથ બતાયા—વ્હાલા મારા વીર—૨

વર સમકિત રત્ન ત્યાં પામ્યા રે
કુગતિ હેતુ સઘળા યે વામ્યા રે
કુછંદ કટક નેયં દમ્યા—વ્હાલા મારા વીર—૩

અંતે ધ્યાતાં વર નવકાર રે
પામ્યા દેવ તણો અવતાર રે
પછી ભરત ઘરે અવતાર—વ્હાલા મારા વીર—૪

બાલ વયમાં સંયમ ધરીઓ રે
જ્ઞાન-સંયમ શુદ્ધ આચરીયો રે
ત્યાં તો કર્મે બળવો કરીયો—વ્હાલા મારા વીર—૫

પરિવ્રાજક વેષ રચાયો રે
તો યે સત્યને દિલમાં ઠરાયો રે
લેશ ઉત્સૂત્રે ભવને વધાર્યો—વ્હાલા મારા વીર—૬

ઘણા ભવો ભમી ભવરાને રે
શુભ કર્મથી આવ્યા ઠેકાણે રે
થયા નંદન ઋષિ ગુણ થાણે—વ્હાલા મારા વીર—૭

માસ ખમણુ કર્યો વર્ષ લાખ રે
વીશ સ્થાનક સાધ્ય ઉલ્લાસ રે
જિન નામ બાંધ્યું ફલ તાસ—વ્હાલા મારા વીર—૮

વીસ સાગર દેવાયુ પાળી રે
આત્મ રત્ને ખૂબ ઉજાળી રે
ત્રિશલા કુખે ઉગ્યા અંશુમાળી—વ્હાલા મારા વીર—૯

છપ્પન દિગ્કુમરી આવે રે
ઈન્દ્ર ચોસઠ હર્ષ મનાવે રે
જ્યારે જન્મ પ્રભુનો થાવે—વ્હાલા મારા વીર—૧૦

માત પિતાએ બાંધ્યા પાસે રે
રહ્યા ત્રીશ વરસ ઘરવાસે રે
પછી સંયમ લીધો ઉલ્લાસે—વ્હાલા મારા વીર—૧૧

ધન રચણુ કુટુંબને છોડી રે
વળી કાયાની મમતા મોડી રે
આત્મભાવમાં ચિત્તને જોડી—વ્હાલા મારા વીર—૧૨

બાર વર્ષ તપસ્યાએ વહીયા રે
ઉપસર્ગ ને પરિષહો સહીયા રે
કુડા કુટીલ કર્મોને દહીયા—વ્હાલા મારા વીર—૧૩

કેવલજ્ઞાનનો ઝળકયો પ્રકાશે રે
ગયો લોક-અલોકાકાશે રે
જિન નામનું પુણ્ય પ્રકાશે—વ્હાલા મારા વીર—૧૪

રુડું તીરથ આપે પ્રકાશ્યું રે
ભવિ જીવોના દિલમાંહી વાસ્યું રે
મોહ સૈન્ય જેનાથી ત્રાસ્યું—વ્હાલા મારા વીર—૧૫

ગણધર ગૌતમાદિ આવ્યા રે
રૂડા મુનિવર ચૌદ હજાર રે
સોહે સાધવી છત્રીશ હજાર—વ્હાલા મારા વીર—૧૬

ભલી ભારત ભોમ ઉજાળી રે
ભવિજનનું ભવદુઃખ ટાળી રે
શિવ પામ્યા પાવાએ દીવાળી—વ્હાલા મારા વીર—૧૭

પૂરા એકવીશ વર્ષ હજાર રે
ધર્મ શાસન ભરત મોઝાર રે
દીપે દીપશે જય જયકાર—વ્હાલા મારા વીર—૧૮

**આત્મકમલમાં વીરને** ધ્યાવો રે
**જ્ઞાના**દિક ધર્મો ચિત્ત લાવો રે
ગુરુ **પ્રેમસૂરિશ** પસાયો—વ્હાલા મારા વીર—૧૯

સોહે વિક્રમની મનોહાર રે
સંવત બે હજાર અઢાર રે
ગાયો **અશોકે** દિલધરી પ્યાર—વ્હાલા મારા વીર—૨૦

---

## ( ૬ )

## ( પ્રશસ્તિ—કલશ )

**શ્રી વીરશાસન** મોહનાસન વિશ્વભાસન મનહરૂ
ભવિપ્રાણ જંતુત્રાણ સુખની ખાણ સાચો સુરતરૂ
ગુણધાર શ્રી ગણધાર વર અગ્યાર ધારક સુંદરૂ
વિકરાલ આ કલિકાલમાં બસ ! એક છે એ સુખકરૂ—૧

વીરપાટે ગુણવિરાટે સત્યસાટે સૂરિવરા
અનેકમથીયા ગ્રંથગ્રથીયા નાથીયા વાદીપરા
**હરિભદ્ર-હેમને હીર** શાસન ધીર વીર ઘણા થયા
કલિકાલે **વિજયાનંદ** (આતમરામ) નામે જશ વર્યા—૨

તાસ ગચ્છે સુગુણ સ્વચ્છે ખ્યાત **કમલ સૂરીશ્વરા**
વળી **વીરવાચક શ્રી** મહોપાધ્યાય બહુ ગુણથી ભર્યા
તસ **દાનસૂરિ** ધર્મધુરી મોહચૂરી સુરિશ્વરા
તસપટ્ટ રાજે આજ ગાજે મુનિસમાજે સુરિવરા—૩

ત્યાગી તપસ્વી, અતિયશસ્વી, નિત્ય સંયમ આચરે
એવા **અઢીસો** જ્ઞાની શિષ્યો, જસ ચરણ સેવા કરે
તપગચ્છલાયક, મુખ્યનાયક, સૌખ્યદાયક સુંદરૂ
ગુરુરાજ રાજે, મહિમાગાજે વિજય **પ્રેમ સૂરીશ્વરૂ**—૫

તસ પટ્ટ દીપક, વાદીજીપક તાર્કિકે અગ્રેસરા
શાસન પ્રભાવક, પ્રખર વાચક, **રામચંદ્ર સૂરીશ્વરા**
મરહટ્ઠ ને સોરઠ મરૂધર માળવા મેવાડના
વિચરી પ્રદેશે, દેશદેશે, કરી ધર્મ પ્રભાવના—૬


તસ શિષ્ય લાસી, ભવઉદાસી, પ્યાસી મુક્તિશ્રીતણા
**યશોદેવસૂરિ** મોહચૂરી, વારિધિ વૈરાગ્યના
મહારાષ્ટ્ર કેશરી ખ્યાત એ ગુરુતાતના પદ સેવકે
ચોવીશ જિનવર મુનિ **અશોકે** સંસ્તવ્યા ધરી પ્રેમકે—૭

**પિંડવાડા** ગામે શુભ સુઠામે ધર્મ-ધનથી સુંદરે
(૨૦૧૮) દ્વિસહસ્ર અષ્ટાદશ અધિકે સંવતે શુભ વિક્રમે
ગચ્છાધિનાયક **પ્રેમસૂરિવર** પાસ ચોમાસું રહ્યા
અડત્રીશ મુનિવર સાથ ત્યારે મુનિ **અશોકે** જિનસ્તવ્યા—૮

**इति समाप्त**

પં. શ્રી મણિવિજયજી દાદાના શિષ્ય-
શ્રી બુદ્ધિવિજયજી મહારાજ
(શ્રી બુટેરાયજી)

ઢુંઢક દીક્ષા સં. ૧૮૮૮



સંવેગી દીક્ષા સં. ૧૯૧૨

જન્મ સં. ૧૮૬૩ દુલુવા–પંજાબ

સ્વર્ગવાસ સં. ૧૯૩૮

(૫૧)

પૂ. પ. શ્રી મણિવિજયજી દાદાના શિષ્ય

# શ્રીમદ્ બુદ્ધિવિજયજી

## ( શ્રી બુટેરાયજી )

રચના સં. ૧૯૧૯

આ મહાપુરુષનો જન્મ ભારતની વીરભૂમિ પંજાબના લુધિયાના નજીકના **દુલવા** ગામમાં સંવત ૧૮૬૩માં થયો. પિતાનું નામ **ટેકસિંહ** માતાનું નામ **કર્મોદે** અને તેમનું શુભ નામ **બુટરાસિંહ** હતું.

માતાપિતાનો એકનો એક પુત્ર હોવાથી દેવના દીધેલાની માફક ઊછેર્યો. બચપણથી જ તેમને સંસાર પ્રત્યે અરૂચિ હતી. સંસ્કારી માતાએ તેમની ઈચ્છા જાણી સન્માર્ગે વાળ્યા. એક સમયે બુટરાસિંહે સાધુ થવાની વાત માતાજીને જણાવી. માતાજીએ આશીર્વાદ આપ્યા ને બુટેરાસિંહ સાધુસંતોની શોધમાં નીકળી પડયા અને ઘણા સંતોનો પરિચય કર્યો પણ દિલ ઠર્યું નહિ. દિલ્હી સુધી ફરી ઘેર પાછા આવ્યા. પણ મન તો સાધુ થવાનું જ હતું. આખરે સંવત ૧૮૮૮માં સ્થાનક માર્ગી સાધુના સમાગમથી દિલ્હીમાં તે સંપ્રદાયની દીક્ષા સ્વીકારી ને નામ **બુટેરાયજી** રાખ્યું. એમનું શુદ્ધ ચારિત્ર, પરમ ત્યાગ, તેજસ્વી બુદ્ધિ તથા સુંદર રૂપથી સાધુઓ આકર્ષાયા. મહારાજશ્રીએ સુંદર અભ્યાસ કર્યો ને આગમ બત્રીસી વાંચી તેથી તેમને એમ લાગ્યું કે આગમોમાં **મૂર્તિપૂજા** નિષેધ નથી ને મુહપત્તિ બાંધવી એ શાસ્ત્રવિહિત નથી. સંવત ૧૮૯૩ની આ સાલ હતી. તેઓશ્રી જયપુર, જોધપુર આદિ વિચરી સંપ્રદાયના બીજા સાધુઓનો સમાગમ કર્યો પણ મન માન્યું નહિ. ત્યાંથી પાછા દિલ્હી આવી ગુરુની પાસે રહી કેટલીક શંકાના સમાધાનો મેળવ્યા.

ગુરૂશ્રીની અંતિમ અવસ્થા સમયે ગુરૂશ્રીએ આશીર્વાદ આપ્યો કે "હે વત્સ સત્યનો ખપી થજે, જ્યાં તને આત્મકલ્યાણ ભાસે ત્યાં રહેજે." ગુરૂના સ્વર્ગવાસ પછી સારા યે પંજાબમાં વિચરવા માંડ્યું. પંજાબમાં તે સમયે વિદ્વાન ગણાતા સ્થાનકમાર્ગી સાધુ **અમરસિંહજી**ને મળ્યા. તેમની સાથે થોડો સમય રહ્યા ને મુહપત્તિ અને મૂર્તિની ચર્ચા કરી. પણ પોતાને સંતોષ ન થયો ને તેઓશ્રી તેમનાથી જુદા પડયા. આ બનાવ અમૃતસરમાં બન્યો.

તે પછી શાસ્ત્રનો વધુ અભ્યાસ કરવા માંડ્યો અને તેઓશ્રીને સંપૂર્ણ ખાત્રી થઈ કે મૂર્તિપૂજાનો શાસ્ત્રમાં નિષેધ નથી. અને ગૂજરાનવાલામાં તેઓશ્રીએ પ્રસિદ્ધ કર્મચંદ્ર શાસ્ત્રી તથા ગુલાબરાય શેઠ આદિ સમભાવી પુરૂષોની સભા વચ્ચે મૂર્તિપૂજા સાબિત કરી ને ગૂજરાનવાલાના શ્રાવકોએ તે વાત સ્વીકારી. તે પછી શિયાલકોટના સોભાગમલજી અને રામનગરના માણેકચંદ શાસ્ત્રી પણ બુટેરાયજીના પરમ ઉપાસક બન્યા. આટલી જાહેર ચર્ચા થયા પછી સંવત ૧૯૦૨માં પસરૂરના જીવિદેશાના ભાણેજ **મુલચંદજી**એ બુટેરાયજી પાસે દીક્ષા લીધી. સોળ વર્ષના બુદ્ધિનિધાન આ નવયુવાન તેજસ્વી શિષ્યે ગુરૂજીનો આશય જાણી લીધો ને કહ્યું કે જો મુહપત્તિ બાંધવાની શ્રદ્ધા નથી તો શા માટે આત્માને છેતરવો. બસ સંવત ૧૯૦૩માં આ **ગુરૂશિષ્યે મુહપત્તિ બાંધવી છોડી દીધી.** આમ પંજાબમાં આહારપાણીની મુશ્કેલી પડી. ઉતારો પણ મળવો મુશ્કેલ થયો. છતાં સત્યમાર્ગે આગળ વધી રહ્યા ને આખા પંજાબમાં સત્યધર્મની મશાલ પ્રગટાવી. સંવત ૧૯૦૮માં અઢાર વર્ષની ઉંમરે શ્રી વૃદ્ધિચંદ્રજીએ તેમની પાસે દીક્ષા સ્વીકારી અને આ ત્રિપુટિ–બુટેરાયજી મહારાજ, મુળચંદજી મહારાજ તથા વૃદ્ધિચંદ્રજી મહારાજ પંજાબથી મારવાડ થઈ ગૂજરાતમાં આવ્યા ને સંવત ૧૯૧૧માં શ્રી સિદ્ધાચલજી જાત્રા કરી ને ભાવનગર ચોમાસું કર્યું. આમ આ ત્રિપુટી મુનિવરોએ શ્રી ગિરિરાજની યાત્રાથી આનંદ પામી સં. ૧૯૧૨માં અમદાવાદમાં **શ્રી મણિવિજયજીદાદા** પાસે સંવેગી પક્ષની દીક્ષા

સ્વીકારી બુટેરાયજી મહારાજ મણીવિજયજીદાદાના શિષ્ય થયા. અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઈ તથા શેઠ દલપતભાઈ આદિ શ્રાવકો તેમના ઉપાસકો થયા. દસ વર્ષના ગાળામાં ઘણા મુમુક્ષોને દીક્ષા આપી ને યતિઓનું સામ્રાજ્ય ઓછું થયું. સંવત ૧૯૨૩માં મણીવિજયજીદાદાને હસ્તે શ્રી મુળચંદજી મહારાજને ગણિપદ અર્પણ કરવામાં આવ્યું. ત્યાર પછી બુટેરાયજી પુનઃ પંજાબ પધાર્યા ને ત્યાં પાંચ વર્ષ વિચરી નવા શિષ્યો કર્યા. બુટેરાયજીના ધર્મપ્રચારથી આખું પંજાબ સચેત થઇ ગયું ને આમ સત્યધર્મની જ્યોત જગાવી. સંવત ૧૯૨૯માં બુટેરાયજી ગૂજરાતમાં આવ્યા ને આત્મારામજી આદિ ૧૮ સાધુઓએ અમદાવાદમાં સંવેગી દીક્ષા લઈ શ્રી બુટેરાયજીના શિષ્ય થયા ને સંવેગી સાધુઓની સંખ્યા વધતી ગઈ.

બુટેરાયજી મહારાજ પંજાબ, ગુજરાત, મારવાડ, સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં વિચરી જૈન શાસનની ઉન્નતિ કરી. આજે મૂર્તિપૂજક સાધુઓનો સમુદાય જે છે તેના મૂળ પુરૂષ તરીકે તેમનું નામ અમર રહેશે. તેમના મુખ્ય પાંચ શિષ્યો **૧. શ્રી મુલચંદજી મહારાજ**, **૨. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ**, **૩. શ્રી આત્મારામજી મહારાજ**, **૪. શ્રી નીતિવિજયજી મહારાજ**, **૫. શ્રી ખાંતિવિજયજી.** તેમનો ત્યાગ અપૂર્વ હતો. કહે છે કે કડકડતી ઠંડીમાં ઓઢેલાં વસ્ત્ર સાધુઓને આપી દેતા. દલપતભાઈ શેઠને ત્યાં વર્ષો સુધી રહેવા છતાંયે શેઠાણીને ઓળખવાની પણ જેને તમન્ના નહોતી. આવા પરમ ત્યાગમૂર્તિ, મહાયોગી, સત્ય અને સંયમની મૂર્તિ સમા પંજાબી વીર કર્મયોગીને કોટીશ વંદન હોજો. તેમનો સ્વર્ગવાસ સંવત ૧૯૩૮માં થયો હતો. આ સાથે તેમનાં બે સ્તવનો પૂ. આચાર્યશ્રી પ્રતાપસૂરિશ્વરજીએ ચિત્તોડથી મોકલ્યાં, તે પ્રસિદ્ધ કરી સંતોષ માનીએ છીએ.

---

આ પરિચય શ્રી આત્માનંદજી જૈન શતાબ્દિ સ્મારક ગ્રંથના મુનિ શ્રી ન્યાયવિજયજીના લેખમાંથી સારરૂપે છે—

## (૧)
## શ્રી ચોવીસી સ્તવન

**આદિનાથ** આદીસરું, **અજિત** નમો નીમસરું;
અનિસરું, શ્રી **સંભવ** શિવસુખ કરું એ. ॥૧॥

**અભિનંદન** અભિનંદીએ, **સુમતિ** કુમતિ નિકંદિએ;
વંદિએ, **પદ્મપ્રભ** પરમેસરું એ. ॥૨॥

આસ **સુપાસનું** પૂરીએ, **ચંદ્ર** ચતુર્ગતિ ચૂરીએ;
મૂરીએ, **સુવિધિ** સમાધિ સુધર્મના એ. ॥૩॥

શીતલાતમ **શીતલ** સ્વામી, શ્રી **શ્રેયાંસ** સહુ જગનામી;
ગુણધામી, **વાસુપૂજ્ય** જય આત્મા એ. ॥૪॥

**વિમલદેવ** વિમલદેવો, જિન **અનંત** નિત નિત સેવો;
કહે કેવો, પાર સાર **ધર્માત્મા** એ. ॥૫॥

**શાંતિ** કરે શાંતિસરું, **કુંથુનાથ** કરુણા કરું;
અરિહરું, નાથ **અરેસર** અનુસરું એ. ॥૬॥

**મલ્લિનાથ** મહિમાનીલો, **મુનિસુવ્રત** ત્રિભુવનતીલો;
ગુણનીલો, દર્શનજ્ઞાન **નમિ**તના એ. ॥૭॥

**અરિષ્ટનેમિ** સુબ્રહ્મચારી, **પાર્શ્વ** જિતેસર હિતકારી;
ઉપકારી, આજ વચન **મહાવીર**નાં એ. ॥૮॥

એ ચોવીસ જિનેસરા, જન્મ જરા મૃતિ દુઃખ હરા;
સુખકરા, ગણધર મુનિવર પરિવાર એ. ॥૯॥

સય ઉન્ની ઉન્નીસાલો, **બુદ્ધિવિજયજી** ગુજરાંવાલે;
સંભાલે, વંદે જિનવર જયકારા એ. ॥૧૦॥

(૨)

## શ્રી સમ્મેત શિખર મંડન પાર્શ્વનાથ સ્તવન

સાંવલીયા પ્રભુ જૈસે બને વૈસે તારો,
મૈં દેખ્યો દરસ તુમારો. મૈં લીનો સરન તુમારો,
મેરે ભવોભવકે દુઃખ ટારો રે. સાંવલીયા પ્રભુ૦૧ ટેક

અશ્વસેન નંદન જગવંદન, જગબંધવ જગ પ્યારો રે,
નીલવર્ણ દ્યુતિ હય પ્રભુ તેરી, વામા અવતારો રે. સાંવ૦ ૨

કમઠ વિદારન શિવસુખકારન, તારન તરન તિહારો,
અલખ અગોચર અગમઅરૂપી, નિર્યામક સથવારો રે. સાંવ૦ ૩

સમ્મેત શિખર ગિરિમંડન સ્વામી, અદ્ભુત મહિમા તારો,
કરજોરી બુદ્ધિ અરજ કરત હૈ, ઈહ ભવ પાર ઉતારો રે. સાંવ૦ ૪

---

પૂ. શ્રી બુદ્ધિવિજયજી સાહેબ (બુટેરાયજી)
જીવન પરિચય તથા તેમની કૃતિ સં.
૧૯૧૯માં બનાવેલ બેજ મલ્યાં માટે
પાછળથી લેવામાં આવ્યા છે

( ૫૨ )

# આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી

ન્યાય વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ કવિરત્ન આમુનિવરનો જન્મ સૌરાષ્ટ્રમાં આવેલ બોટાદ ગામમાં સં. ૧૯૫૫માં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ હેમચંદભાઈ હતું માતુશ્રીનું નામ જમનાબાઈ તેમનું શુભનામ નરોતમભાઇ હતું. બાલ્યાવસ્થાથી માતાપિતા તરફથી ધર્મશ્રધ્ધાના સુંદર સંસ્કાર મળ્યા હતા ને નાની ઉંમરમાં પંચપ્રતિક્રમણ જીવવિચાર વિગેરેનો અભ્યાસ કર્યો હતો. વ્યવ્હારીક અભ્યાસ ચાર અંગ્રેજીનો હતો.

બાલ બ્રહ્મચારી શાસનસમ્રાટ આચાર્ય **શ્રી વિજય નેમિસૂરીશ્વરજી** સાહેબ સં. ૧૯૬૬માં બોટાદ મુકામે પધાર્યા તેમના પ્રવેશ દિવસેજ તેમની દેશના સાંભળી વૈરાગ્ય રંગે રંગાયા ને દીક્ષા લઇએ એવી ભાવના થઈ તે સમયે તેઓશ્રીની ઊમર ૧૨ વર્ષની હતી. આમ વૈરાગ્ય સંસ્કાર અને ભાવના વધતાં સં. ૧૯૭૦માં પૂજ્ય શાસન સમ્રાટના શિષ્ય પં. શ્રી પ્રતાપવિજયજી પાસે અમદાવાદ પાસે **વળાદ** ગામે દીક્ષા અંગીકાર કરીને આચાર્ય શ્રી વિજય ઊદયસૂરિજી ના શિષ્ય થયા. તેમનું નામ મુનિ **શ્રી નંદનવિજયજી** રાખવામાં આવ્યું.

આમ સોળ વર્ષની ઊમરે ચારિત્ર અંગીકાર કરી અભ્યાસમાં આગળ વધ્યા ને ન્યાય, સાહિત્ય, કાવ્ય, જૈન ગ્રંન્થો તથા જૈન આગમોનો અભ્યાસ કર્યો છએ દર્શનના શાસ્ત્રો, તથા જ્યોતિષ, શિલ્પ વિગેરે નો પણ સારો અભ્યાસ કર્યો.

સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાના અભ્યાસમાં પણ તેઓશ્રીએ પ્રવીણતા મેળવી. આ તમામ અભ્યાસ પ. પૂજ્ય શાસન સમ્રાટની પાસે ને તેમની

# આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ



સં. ૧૯૮૦ પંન્યાસ પદ

સં. ૧૯૮૩ આચાર્ય પદ, અમદાવાદ

જ. સં. ૧૯૫૫ મુ. બોટાદ ]

[ દીક્ષા સં. ૧૯૭૦

નિશ્રામાં તેમની દેખરેખ નીચે જ કરેલ છે. અને પીસ્તાલીસ આગમના યોગોદ્વહન (જોગ) પૂજ્ય શાસન સમ્રાટે પોતે જાતે જ તેમને પરિપૂર્ણ કરાવ્યા છે.

પૂ. આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજીએ તેમની વિદ્વતા અને અપૂર્વ ગુરુભક્તિથી પ્રસન્ન થઈ શ્રી ભગવતિસૂત્રના યોગોદ્વહન કરાવી અમદાવાદમાં સં. ૧૯૮૦માં ગણિ **પદવી** અને **પંન્યાસ પદવી**થી વિભૂષિત કર્યા. આ પ્રસંગે જાણીતા સાક્ષર પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવે હાજરી આપી હતી ને આ વિધિ વિધાન જોઇને ઘણા જ ખુશી થયા હતા ને ઘણી જ અનુમોદના કરી હતી.

ત્યાર બાદ ત્રણ વર્ષ પછી સં. ૧૯૮૩માં ગુરુશ્રીએ તેમને ઉપાધ્યાય *પદવી અમદાવાદમાં આપી અને શાસન સમ્રાટે સ્વયં* ***ન્યાય વાચસ્પતિ, શાસ્ત્રવિશારદ, સિદ્ધાંતમાર્તંડ,*** *અને* ***કવિરત્ન*** આવા ચાર બિરૂદો પણ અર્પણ કર્યા હતા. *અને તેજ દિવસે સૂરિમંત્રના વિધિ વિધાનમાં* તપસ્યામાં અને સૂરિમંત્રના જાપમાં દાખલ કર્યા હતા, અને સં. ૧૯૮૩ના વૈશાખ સુદ ૧૦મે શ્રી મહાવીર પ્રભુના કેવળજ્ઞાનના દિવસે આચાર્ય પદવીથી આચાર્ય શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર તરીકે જાહેર કર્યા તથા **ગચ્છાધિપતિ**ની પદવીથી વિભૂષિત કર્યા. અમદાવાદના નગરશેઠ શેઠશ્રી કસ્તુરભાઇ મણીભાઇ ધ્રાંગધ્રાના દિવાન સાહેબ શ્રી માનસિંહજી, વિગેરે વિશાળ જનસમુદાયની હાજરીમાં આ પદારોપણ કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે શાહીબાગમાં એક ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ તથા એકાવન છોડનું ઉજમણું પણ કરવામાં આવ્યું હતું. અને તે પ્રસંગ શેઠશ્રી જમનાદાસ ભગુભાઇને બંગલે શેઠાણીશ્રી માણેકબહેને પોતાના દ્રવ્યથી ખૂબ જ ઉત્સાહ, આનંદ અને ઉદારતાપૂર્વક ઉજવ્યો હતો.

સંવત ૨૦૦૫માં આસો વદ ૩૦) દીવાળીના દિવસે દાદાગુરુ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ મહુવામાં સ્વર્ગવાસ પામ્યા ત્યાર બાદ ચરિત્રનાયક સિદ્ધાંત વાચસ્પતિ પ. પૂ. ગુરુ મહારાજ આચાર્ય શ્રી

વિજયોદયસૂરિશ્વરજીની પવિત્ર નિશ્રામાં રહી શાસનોન્નતિના અનેક શુભ કાર્યો કર્યા તેની ટુંકનોંધ લેતા હર્ષ થાય છે.

સં ૨૦૦૬ માં મહુવામાં શ્રી **નેમિવિહાર** પ્રસાદની તથા શ્રી ૯૧ ઈંચના શ્યામ શ્રી કેશરીઆજી ભગવાનના પ્રસાદની તથા મૂર્તિ તથા પાદુકાની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરવામાં આવી, અને તેજ વરસે ફાગણ માસમાં **શ્રી કદમગિરીજી** માં દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના **શ્રી નમિનાથજી** ના દેરાસરની તથા ઉપર નીચે અનેક દેરાઓની તથા શ્રી ગુરૂમંદિરની અંજનશલાકા, તથા પ્રતિષ્ઠા કરાવવામાં આવી તથા શ્રી સુરેંદ્રનગરમાં શ્રી **વાસુપૂજ્યસ્વામિના** દેરાસરજીની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા પણ તેઓ શ્રી ને હાથે કરવામાં આવી.

સં. ૨૦૦૭માં શ્રી સુરેંદ્રનગરમાં અનેક મુનિરાજોની ગણિપદવી તથા અમદાવાદમાં ૧૮, મુનિરાજોની પન્યાસપદવી અર્પણ કરવામાં આવી હતી.

સં. ૨૦૦૯ માં (અમદાવાદ) સાબરમતી ની દેરાસરની પ્રતિષ્ઠા તથા મારવાડમાં શ્રી **રાણકપુરજી** મહાતીર્થની પ્રતિષ્ઠા કરવામાં આવી જ્યાં એક લાખ માણસની મેદની મળી હતી.

૨૦૧૦ માં તેઓ શ્રીની નિશ્રામાં અમદાવાદમાં શેઠ શ્રી રાજેન્દ્ર-કુમાર માણેકલાલભાઈ મનસુખભાઈ તરફથી એક મોટું ઊજમણું તથા અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો હતો.

૨૦૧૩ માં અમદાવાદ શેઠ હઠીસીંગ કેસરીસીંગની બહારની વાડીનાં દેહરાસરની પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી.

૨૦૧૪ અમદાવાદમાં મુનિસંમેલનમાં બારેય પર્વતિથીના ક્ષય વૃદ્ધિ નહી કરવાની ચાલી આવતી શુદ્ધ પ્રણાલિકાને અખંડ રાખી સફળતા મેળવી હતી.

૨૦૧૫ માં મહુવામાં શ્રી શાસન સમ્રાટની સમાધિ ભૂમિ ઉપર

શ્રી શાંતિનાથજી ભગવાન **નેમિવિહાર** પ્રસાદની અંજન શલાકા તથા પ્રતિષ્ઠા કરાવી.

૨૦૧૬માં શ્રી **કદંબ ગિરીજીમાં** ડુંગર ઉપર ૧૧૫ ઈંચના મોટા પ્રભુજી વાળા દેરાસર માટે મુંબઈ શ્રી ગોડીજી દેરાસર તરફથી રૂપીઆ પચીસહજાર આપવામાં આવ્યા છે તેની પ્રતિષ્ઠા તથા શ્રી ભોયરાના પાર્શ્વનાથજી તથા વાવડી પ્લોટ તથા શ્રી અષ્ટાપદજી વિગેરે દેરાસરની તથા અનેક દેરીઓની અંજન શલાકા પ્રતિષ્ઠા કરવામાં આવી આ શુભ પ્રસંગે પં. શ્રી **જિતેંદ્રવિજયજીને** ઉપાધ્યાય પદ તથા સૂરિ પદ સમર્પણ કરવામાં આવ્યું હતું.

સં. ૨૦૧૭ પાલીતાણામાં શ્રી ઉપધાન તપની મહાન આરાધના તથા શ્રી સિદ્ધાચલજી પર અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

સં. ૨૦૧૮માં પણ ગિરિરાજ ઉપર અનેક જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ચાતુર્માસો અને વિહાર તેઓશ્રીએ ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ, મેવાડ આદિ દેશોમાં વિહાર કર્યો છે. તેમાં મુખ્ય ચાતુર્માસો નીચે મુજબ છે. ૧૫ ચાતુર્માસ અમદાવાદ, ૫ મહુવા, ૬ પાલીતાણા, ૩ ભાવનગર, ૩ ખંભાત, ૨ બોટાદ, ૨ સાદડી.

દીક્ષા લીધા પછીના શરૂઆતના બે ચોમાસા માળવામાં પૂ. પં. શ્રી પ્રતાપવિજયજી સાથે કર્યા હતા ને ત્યાર પછીના તેમના ૩૪ ચોત્રીસ ચોમાસા પ. પૂજ્ય શાસન સમ્રાટના ચરણમાં જ થયા છે અને ચોત્રીસ વરસ સુધી તેઓશ્રીએ શાસન સમ્રાટની અખંડ સેવા બજાવી છે. સેવા ધર્મ એ જ તેમનું જીવનસૂત્ર હતું અને શાસન સમ્રાટની સુશ્રુના અને ઉપાસનાથી જ શાસ્ત્રનું સિદ્ધાંતનું તથા વ્યવહારનું મહાન અનુભવ જ્ઞાન તેઓશ્રી પામ્યા છે.

દાદા ગુરૂશ્રીનો તેમના ઉપર મહાન શુભ આશિર્વાદ હતો અને આજે

પણ શાસન સમ્રાટના મહાન આશીર્વાદ અને શુભ અંતર પ્રેરણા અને અનહદ કૃપા કામ કરી રહી છે. અને ચરિત્રનાયક પણ તેઓશ્રીજી ઉપર અટલ શ્રધ્ધા અવિચલ ભાવે રાખી રહ્યા છે.

આ વરસે એટલે સં. ૨૦૧૯માં તેઓશ્રીની નિશ્રામાં એક અપૂર્વ છરીપાલતો સંઘ શેઠ રમણલાલ નગીનદાસ પરીખ તરફથી કપડવંજથી **શ્રી કેશરીઆજી** નો કાઢવામાં આવ્યો હતો. આ સંઘમાં આચાર્ય શ્રી **વિજયનંદનસૂરીશ્વરજી**, આચાર્ય શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** આચાર્ય શ્રી **વિકાસચંદ્રસૂરીશ્વરજી** તથા આગમ પ્રભાકર મુનિરાજ શ્રી **પુન્યવિજયજી** મહારાજ સાહેબ સપરિવાર હતા.

માગસર વદ ૩ ના રોજ કપડવંજથી મંગળ પ્રયાણ કરી પોષ શુદ ૨ તા. ૨૮-૧૨-૬૨ના રોજ શ્રી કેશરીઆજીમાં ઘણીજ ધામધૂમ પૂર્વક શ્રી સંઘનો મંગળ પ્રવેશ થયો હતો. શ્રી સંઘમાં આશરે ૧૨૫ સાધુ સાધ્વીજી તથા ૬૦૦ શ્રાવક શ્રાવિકા હતા. પોષ સુદ પાંચમ ને સોમવારે ચારથી પાંચ હજાર માણસોની મેદની વચ્ચે વિધિ વિધાન સાથે તીર્થમાળનો પ્રસંગ ઉજવાયો હતો. આ પ્રસંગે મુંબઈથી ગોડીજી દેરાસરના ટ્રસ્ટીઓ **પૈકી સંઘવી ગોકુલદાસ લલ્લુભાઈ**, શ્રીયુત્ નાનચંદ રાયચંદ, શ્રીયુત્ લખમીચંદ દુલભજી, શ્રીયુત્ તુલસીદાસ જગજીવનદાસ, ઝવેરી ભાઈચંદ નગીનભાઈ તથા શ્રીયુત્ રતનચંદ ચુનીલાલ દાલીઆ, આવ્યા હતા તથા શેઠ વૃદ્ધિચંદજી રતનચંદ જેરાજી શેઠ રણછોડદાસ છોટાલાલ પ્રેમજી, તથા શ્રીયુત્ શાંતિલાલ મગનલાલ વિગેરે આગેવાનોની પણ હાજરી હતી.

ત્યાંથી વિહાર કરી કપડવંજ આવી સૌરાષ્ટ્રમાં શ્રી વલ્લભિપુર (વળા) પ્રતિષ્ઠા ઊપર પધાર્યા અને તે શુભ પ્રસંગ ઘણા ઉત્સાહ અને આનંદપૂર્વક ઊજવાયો.

આજે તેમના દીક્ષા પર્યાયને ૪૯ વર્ષ થયાં છે તેમજ ૩૬ વર્ષ થયા આચાર્ય પદને શોભાવી શાસન સેવા કરી રહ્યા છે.

અંતમાં શાસનદેવ આવા પ્રભાવક આચાર્યશ્રીને દીર્ઘાયુષ્ય અર્પે, અને તેઓ શ્રી જૈન શાસનની વધુને વધુ પ્રભાવના કરે એવી પ્રાર્થના સાથે વિરમુ છું આ સાથે તેઓશ્રીના ૭ સ્તવનો પ્રસિદ્ધ કરીએ છીએ.

**રચનાસંવત્ તથા સ્થળ—**

| | | |
|---|---|---|
| (૧) જૈન સ્તોત્રભાનુ | ૧૯૭૨ | સાદડી |
| (૨) જૈન મુક્તાવલી | ૧૯૭૫ | અમદાવાદ |
| (૩) ષડશીતિપ્રકાશ | ૧૯૭૬ | ઉદયપુર |
| (૪) કર્મસ્તવ પ્રકાશ | ૧૯૭૯ | ખંભાત |
| (૫) સૂરિસ્તવશતક | ૧૯૭૯ | ખંભાત |
| (૬) સમુદ્‌ઘાતતત્ત્વ | ૧૯૮૪ | ખંભાત |
| (૭) તીર્થંકરનામ કર્મવિચાર | ૧૯૮૫ | મહુવા |
| (૮) પ્રતિષ્ઠા તત્ત્વ | ૧૯૮૯ | શ્રીકદમ્બગિરિ |
| (૯) મુનિ સમ્મેલન નિર્ણયાનુવાદ | ૧૯૯૦ | અમદાવાદ |
| (૧૦) સ્યાદ્વાદ રહસ્યપત્ર વિવરણ | ૧૯૯૨ | શ્રીકદમ્બગિરિ |
| (૧૧) શ્રી પર્યુષણાતિથિવિનિશ્ચય | ૧૯૯૩ | જામનગર |
| (૧૨) હૈમનેમિ પ્રવેશિકા વ્યાકરણ | ૧૯૮૬ (પ્રાય.) | અમદાવાદ |
| (૧૩) જૈન તર્ક સંગ્રહ | ૧૯૯૨ (પ્રાય.) | અમદાવાદ |
| (૧૪) શ્રી પદ્માવતી સ્તોત્ર | ૧૯૮૨ | પાટણ |
| (૧૫) શ્રી કદમ્બગિરિ સ્તોત્ર | ૧૯૯૩ | જામનગર |

**(૧)**

## શ્રી આદીશ્વર જિન સ્તવન

રચના સં. ૧૯૮૦ આસપાસ

(મામેરું ભલે આવ્યું એ રાગ)

**નાભિનૃપસુત** વંદીએરે, આનંદીએ ચિરકાલ
જન્મ જરા મૃત્યુ વામીએરે, પામીયે સૌખ્ય વિશાલ હો પ્રભુજી
પાપ પ્રત્યુહને વારજો રે ૧

જ્ઞાન પ્રકાશ વિસ્તારજો રે, લોક દીપક જિનરાજ
સાંનિધિમાં સિદ્ધિ છતાં રે, ભવ્યનું હિત કરવાજ
ચવિયા સર્વાર્થ સિદ્ધથીરે, ભૂમિતલે ભુપરાજ. હો પ્રભુજી ૨
જાણી જ્ઞાનથી આવીયારે, દેવ સહિતસુરરાય
વંદી પંચ રૂપી થયા રે, જીન પ્રભુ હસ્તધરાય. હો પ્રભુજી ૩
દિવ્ય દુંદુંભિના નાદથી રે, ગર્જતા ગગન મોઝાર,
સુરવર વૃન્દથી શોભતારે, ચાલ્યા સુરપતિ સાર. હો પ્રભુજી ૪
કંચન ગીરિવર ગાજતો રે, સ્થિર થયો સબ પરિવાર,
શ્રૃંગ ઉપર જીન થાપીયારે, હર્ષહૃદય અપાર, હો પ્રભુજી ૫
ક્ષીર પયોધીથી ભર્યા રે, કાંચન કલશ વિશાલ,
સ્નાન કરે ભક્તિ ભરે રે, ભેદેભવ ભયજાલ, હો પ્રભુજી ૬
જન્મોત્સવ હર્ષે કરી રે, આવ્યા જીનજનની પાસ,
શીશ નમાવી વંદીને રે, શક્ર આવ્યા આવાસ, હો પ્રભુજી ૭
વય થયે રાજ્ય ભોગવે રે, ત્રણ ભુવન લોકપાલ,
લોકાન્તિક દેવ વિનવે રે, તિર્થંકર ઉજમાલ, હો પ્રભુજી ૮
સંયમિ થઇ સિદ્ધી વર્યાં રે. જ્યોતિ સ્વરૂપ જીનરાય,
શ્રી નેમિસૂરિતણો રે, ઉદય નંદન ગુણ ગાય. હો પ્રભુજી ૯
પાપ પ્રત્યુહને વારજો રે, હો પ્રભુજી, જ્ઞાનપ્રકાશ વિસ્તાર જો રે,
હો પ્રભુજી, લોક દીપક જીનરાજ.

---

(૨)

## શ્રી ઋષભજીન સ્તવન

( વિહરમાન ભગવાન સુણો એક વિનતી, એ રાગ. )

આદીશ્વર આદિ તીર્થપ્રવર્તક તું થયો,
આદિ લોકા લોકના ભાવ ભાસક થયો,
આદિ ધર્મ ધુરંધર કલ્પ શાખી સમો,
આદિ મોહ નિવારક ભવ્યજના નમો. ૧

આદિ અતિશય વંત વિશાલ ગુણે ભર્યો
આદિ સાધ્ય અનંત સુસૌખ્યને તું વર્યો
આદિ દેવ નરેશ સમુહથી પરિવર્યો
આદિ ભારત ભૂમિ પાવન કરી વિચર્યો. ૨

આદિ ચઉવિહ સંઘ સરોજ વિકાસતો
આદિ હેમ સિંહાસન ભાનુ તું ભાસ તો
આદિ કર્મના મર્મ વિદારક ધર્મને
આદિ રોપક નાથ વિદાયક શર્મને ૩

આદિ વીણુ અનંત સંસારમાં હું ભમ્યો
આદિ દેવન શુદ્ધ સ્વભાવ મને ગમ્યો
આદિ વાન અનંત અક્ષય સુખ સાંભળી
આદીશ્વર જીન આવ્યો પાપ દુઃખે બળી ૪

શરણે આગત સેવક પાપ નિવારીને
તારક તાર તું દાસ દયા દીલધારીને
તપગચ્છ વ્યોમ નભોમણી નેમિસૂરીશ્વરૂં
વાચક ઉદય અંતેષદ નંદન સુખકરૂં. ૫

---

(૩)

## શ્રી શાંતિનાથ જિન સ્તવન

(વીરજી સુણો એક વિનતી મોરી—એ રાગ)

**શાંતિ** જિનેશ્વર તારક માહરા, અરજ કરૂં એક જગધણી રે;
આવ્યો સેવક શરણે તાહરા, હોંશ ધરી મનમાં ઘણી રે.
પ્રભુ મને તારો, પ્રભુ મને તારો; ભવજલ પાર ઉતારો રે. ૧

સમતાસુંદરીના પ્રભુ ભોગી, ત્રણ રત્ન મુજ આપોને રે,
દીનદયાલ કૃપાપર તારક, જન્મ મરણ દુઃખ કાપોને રે. પ્રભુ૦ ૨

જેમ પારેવા પંખીની ઉપરે, સ્વામી તુમે કરુણા કીધી રે;
તીમ જો નિજ સેવક સંભારો, તો તુમે પદવી સાચી લીધી રે. પ્રભુ૦ ૩

અર્થી થાએ ઉતાવળો આજે, ક્ષણ લાગે સો વર્ષા સમી રે;
સમકીત સુખડી દ્યોને પ્રભુજી, આપને ત્યાં તો નથી કમી રે. પ્રભુ૦ ૪

નરક–નિગોદમાં બહુ ભવ ભમીયો, આથડીયો અજ્ઞાનમાં રે;
કાલ અનંતો એણી પેરે ગમ્યો, મોહસુરાના પાનમાં રે. પ્રભુ૦ ૫

મૃગલંછન મનહરણી મૂરતિ, સુરતિ સુંદર પ્રભુ તાહરી રે;
ચંદ્ર ચકોર તણી પેરે નિરખી, આશા ફળી આજ માહરી રે. પ્રભુ૦ ૬

વિશ્વસેન નૃપ નયનાનંદન, તુમ પદ સેવા પામીને રે;
તપગચ્છ નાયક **નેમિ ઉદયનો, નંદન** કહે શિર નામીને રે. પ્રભુ૦ ૭

---

(૪)

## શ્રી નેમિનાથ જિન સ્તવન

( ભેખ રે ઉતારો રાજા ભરથરી—એ રાગ )

રાજીમતી રંગે ભણે, પ્યારા પ્રાણ આધારજી,
મુજરો સુણી પ્રભુ માહરો, આવો આવો મુજ દ્વારજી;
રાજીમતી રંગે ભણે. ૧

પશુનો પોકાર સાંભળી, મૂકી મને નિરધારજી;
નવ ભવ કેરી પ્રીતડી, તોડી પ્રભુ પલવારજી. રાજી૦ ૨

શાને કારણે પ્રભુ આવીયા, જાવું હતું તો નાથજી;
છેતરી છેહ દીધો મુને, પણ છોડું નહી સાથજી. રાજી૦ ૩

વરસીદાન દેઈ કરી, ચાલ્યા ગઢ ગિરનારજી;
સહસાવને સંયમ લેઈ, વરીયા કેવલ સારજી. રાજી૦ ૪

તારા જીવન સંગીતમાં, મારું હૈયાનું ગીતજી;
સાથે સંયમ આદરી, કરું શિવ લક્ષ્મીની પ્રીતજી. રાજી૦ ૫

આત્મ અભેદપણે કરી, જ્યોતિમાં જ્યોતિ મિલાયજી;
સાદિ અનંત સ્થિતિ વરી, સિદ્ધસ્થાને સોહાયજી. રાજી૦ ૬

નેમ રાજુલ મુક્તિ વર્યા, પ્રીતિ અભંગ કહાયજી;
નેમિ અંતેષદ્ ઉદયનો, **નંદન** કહે ચિત્ત લાયજી. રાજી૦ ૭

---

(૫)

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(પ્રાણ થકી પ્યારે મુને રે પુરિસાદાણી પાસ)

આજ આનંદ અતિ થયો રે, ભેટયા **શ્રી પ્રભુ પાસ**;
મૂરતિ મનોહર તાહરી રે, પૂરો મુજ મન આશ.
પ્રભુ શ્રી સ્તંભનપતિ પાસ. ૧

અશ્વસેનનો લાડલો રે, આપે અતિહિ આનંદ;
વામાજીકો નંદલો રે, મુખ શારદકો ચંદ. પ્રભુ૦ ૨

મસ્તકે મુકુટ સોહામણો રે, કંઠે નવસરો હાર,
બાંહે બાજુબંધ બેરખાં રે, આંખલડી અવિકાર. પ્રભુ૦ ૩

રવિ શશિ મંડલ જીપક કુંડલ, યુગલ મનોહર ઝલકે;
તુમ પેરે અહોનિશ ઉદિત કરો પ્રભુ, ઈમ કહેતાં ગુણ મહકે. પ્રભુ૦ ૪

શાંત મૂરતિ પ્રભુની પ્યારી, મુજ મન અતિહિ સુછાય;
કમનીય કાંતિ નીલમ–ક્યારી, પ્રસર્યો સદલ સછાય. પ્રભુ૦ ૫

**સ્તંભનપુરપતિ પાસ** નિહાળી, બોધિબીજ થયું શુદ્ધ;
ભવોભવ સેવા તુમ પય કેરી, માગું એહિજ બુદ્ધ. પ્રભુ૦ ૬

વામા નંદન પાર્શ્વ પ્રભુજી, પૂરો મનના કોડ;
નેમિસૂરિ ઉદય વાચકનો, **નંદન** નમે કર જોડ. પ્રભુ૦ ૭

---

( ૬ )

## શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

( ભેખ રે ઉતારો રાજા ભરથરી—દેશી )

ત્રિશલાનંદન પ્રભુ માહરી, વિનંતી અવધાર જી;
શ્રવણે સુણી ગુણ તાહરા, આવ્યો તુમ દરબારજી. ત્રિશલા૦ ૧

રાગદ્વેષ મહા મોહમાં, મુંઝયો કાલ અનંતજી;
ચૂરો ચઉ ગઈ માહરી, મહેર કરી જગતાતજી. ત્રિશલા૦ ૨

તારક બિરૂદ છે તાહરું, તું શમ દમ ભંડારજી;
કરુણાનાથ દીનાનાથજી, સકલ ગુણના આગારજી. ત્રિશલા૦ ૩

હરિલંછન ગત લંછનો, સિદ્ધારથ જસ તાતજી;
કાયાની માયા સવિ છોડીને, થયા મુનિ અવદાતજી. ત્રિશલા૦ ૪

સંગમ સુરાધમ દેવના, ઉપસર્ગ બહુવારજી;
ઉપશમ રસમાંહી ઝીલતા, સહ્યા પ્રભુ અણગારજી. ત્રિશલા૦ ૫

નિજપદ પંકજ દંશતો, ચંડકૌશીયો ચંડનાગજી;
કરુણા કરી પ્રભુ ઉદ્ધર્યો, ગયો દેવલોક સુભાગજી. ત્રિશલા૦ ૬

ઘાતી કર્મ ખપાવીને, પામ્યા ક્ષાયિક નાણજી;
ત્રણે જગતના ભાવને, પ્રકાશે જિનભાણજી. ત્રિશલા૦ ૭

કનક રયણ મણિ સોહતું, સમોસરણ રચ્યું સારજી;
ચોસઠ સુરપતિ નાથને, આવી પ્રણમે ઉદારજી. ત્રિશલા૦ ૮

ચઉ વયણ ભલી દેશના, સોવન વરણ પ્રભુરાજજી;
દીયે જગતના જંતુને, સકળ સંશય ભાંજેજી. ત્રિશલા૦ ૯

ચઉતીશ અતિશય શોભતા, પાંત્રીશવાણી, ગુણધામજી;
ભામંડલ અતિ દીપતું, આદિત્ય પરે લલામજી. ત્રિશલા૦ ૧૦

ત્રણ ભુવનના નાથને, માથે ત્રણ છત્ર વિરાજેજી;
ઉભય પાસમાં બે ચામરો, શોભે અતિ મહારાજજી. ત્રિશલા૦ ૧૧

સુરકૃતકનકારવિંદમાં, ઠવે પગલા અભિરામજી;
ચરણ કમલ પ્રભુ તાહરા, સેવે સુર કોટી થામજી. ત્રિશલા૦ ૧૨
યજ્ઞ માટે થયા એકઠા, વિપ્ર એકાદશ પ્રધાનજી;
સંશય ટાલી સહુ તેહના, કીધા આપ સમાનજી. ત્રિશલા૦ ૧૩
નયનિધિ પ્રભુ તાહરી, મૂરત શાંત અવિકારજી;
દેખી રીજે ભવિ આતમા, કઠિન કર્મ નિવારજી. ત્રિશલા૦ ૧૪
દયાનિધિ દયા ધારીએ, તુજ અનુપ પ્રતાપજી;
પાપ નિવારો પ્રભુ માહરા, શરણે રહ્યો હવે આપજી. ત્રિશલા૦ ૧૫
આદિ અનંત પદ જઈ વર્યું, નહિ દુ:ખનો લવલેશજી;
**નંદન** કહે પ્રભુ માહરી, માની લહો અરદાસજી. ત્રિશલા૦ ૧૬

( ૫૪ )


# શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી શિષ્ય ઉપાધ્યાય શ્રી જયંતવિજયજી

(રચના સં. ૨૦૧૦ આસપાસ)

ભારત દેશ સંસ્કૃતિ રક્ષક છે. તેમાં ગૂર્જર દેશ સંતો તથા મહાસંતોની જન્મભૂમિ છે તે ગૂર્જર દેશમાં ઇતિહાસ પ્રસિદ્ધ હીરા કડીઆના કિલ્લાથી પ્રખ્યાત એવું દર્ભાવતી (ડભોઇ) શહેર છે. શ્રી લોઢણ પ્રાર્શ્વનાથ પ્રભુની અતિ પ્રાચિન મૂર્તિથી ડભોઈ તીર્થધામ તરીકે ગણાય છે. તે નગરમાં શ્રેષ્ઠીવર્ય ફુલચંદભાઈને ત્યાં દીવાળીબેનની કુક્ષિએ આ કવિશ્રીનો જન્મ સં. ૧૯૫૭માં થયો હતો. તેમનું શુભ નામ જીવણલાલ પાડવામાં આવ્યું.

બાળપણથી જ ધાર્મિક સંસ્કારોમાં ઊછર્યા ને વ્યવહારીક અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસ પણ નિયમિત કરતાં તેમ જ દર્શન, પૂજન, ગુરૂવંદન ઈત્યાદિ ક્રિયાકાંડ કદિ પણ ચુકતાં નહી. આચાર્ય શ્રીમદ્ **વિજયકમલસૂરિજી** વિદ્વાન શિષ્ય સમુદાય સાથે તે અરસામાં ડભોઈ ગામમાં પધાર્યા ને ચાતુર્માસ કર્યું. તેમની વૈરાગ્ય વાણીથી ચકિત થઇ ભાઈશ્રી જીવણલાલ વૈરાગી બન્યા ને સંસાર પ્રત્યેનો મોહ ઊતારી ૨૨ વર્ષની ભર યુવાવસ્થાએ સં. ૧૯૭૯માં બોરસદ ગામે ચારિત્ર ગ્રહણ કર્યું મુનિશ્રી લબ્ધિવિજયજીના શિષ્ય થયા ને નામ મુનિશ્રી **જયંતવિજયજી** પાડ્યું. ગુરૂ ભક્તિમાં લીન બની સંયમ પાલનમાં નિત્ય વૃદ્ધિ પામવા લાગ્યા. પ્રથમ પ્રકરણોનો અભ્યાસ શરૂ કર્યો. વ્યાકરણમાં સારસ્વત અને

શ્રી વિજયલબ્ધિસૂરિશ્વર શિષ્ય-
ઉપાધ્યાય શ્રી જયંતવિજયજી મહારાજ



ઉપાધ્યાય પદ સં. ૨૦૦૧

જન્મ સં ૧૯૫૯ ] [ દીક્ષા સં. ૧૯૭૯

ચંદ્રિકા-કર્યા, જ્યોતિષમાં આરંભ સિદ્ધિ કરી, કાવ્યો, ન્યાયમાં તર્ક સંગ્રહ અને મુકતાવલીનો અભ્યાસ કર્યો. આગમમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ સૂત્ર અને નિશીથ ચૂર્ણિ જેવાની ગુરૂદેવના શ્રીમુખે વાંચના લીધી, આમ અભ્યાસ, તપ અને સંયમ પાલનમાં નિત્ય વૃદ્ધિ પામતાં મુનિશ્રી જયંતવિજયજીને ગુરૂદેવે સંવત ૧૯૯૪ માં છડર મુકામે ગણિપદ અર્પણ કર્યું અને તે વર્ષે પંન્યાસ પદ પણ અર્પણ કરવામાં આવ્યું ને તેઓશ્રી પંન્યાસ જયંતવિજયજી બન્યા. આમ ગુરૂશ્રી છાયા બનીને હમેશ તેમની પવિત્ર નિશ્રામાં રહેતાં ગુરૂશ્રીના પ્રિતિપાત્ર બન્યા.

સંવત ૨૦૦૫ માં સંઘવી કેશવલાલ વજેચંદે ખંભાતથી શ્રી સિદ્ધગિરિજીનો છરી પાલતો સંઘ કાઢ્યો તેમાં ગુરૂશ્રીની સાથે સિદ્ધાચળની યાત્રાર્થે પધાર્યા ત્યાં પવિત્ર સિદ્ધગિરિજીની પુનિત તળેટીમાં પૂ-ગુરૂદેવે તેમને ઊપાધ્યાય પદવી આપી. ત્યાંથી ગ્રામાનુ ગ્રામ વિહાર કરતાં પંદર વર્ષો બાદ મોહમયી મુંબાઈમાં પુનઃ પધાર્યા. જ્યાં આચાર્ય શ્રી લબ્ધિસૂરિજીની તબિયત દિનપ્રતિદિન લથડવા માંડી ને તેઓશ્રી અખંડ રીતે રાત દીવસના ઊજાગરા કરી ગુરૂશ્રીની ચાકરીમાં તલ્લીન બન્યા. મુંબાઈના શ્રી સંઘે ઘણા વૈદ્ય ડોકટરોના ઉપચારો કર્યા છતાં કાલની ગતિ ન્યારી છે. આચાર્ય દેવ સં. ૨૦૧૭માં સ્વર્ગવાસ પામ્યા ગુરૂદેવના વિયોગના કારમા આઘાતમાંથી સ્વસ્થતા મેળવી તેમણે પં. શ્રી વિક્રમવિજયજી વિ. સાથે સં. ૨૦૧૮નું ચાતુર્માસ મુંબાઈ શાંતાક્રુઝમાં કર્યું. પાંચ પાંચ વર્ષથી સંઘે જમણ થયું ન હતું ત્યાં આસો સુદ બીજને દિવસે સાધર્મિક વાત્સલ્ય કરાવવામાં આવ્યું. ને બીજા શાસન પ્રભાવનાના અનેક કાર્યો થયાં.

આવા સરલ સ્વભાવી. કર્તવ્ય નિષ્ઠ, ગુરૂભકત શ્રી જયંતવિજયજી વધુ ને વધુ શાસનની સેવા કરો એ જ અભ્યર્થના.

આ સાથે તેઓશ્રીના પાંચ કાવ્યો લેવામાં આવ્યા છે.

( ૧ )

## શ્રી આદિનાથ પ્રભુનું સ્તવન

(રાગ—ધર્મકા ડંકા આલમમેં)

સિદ્ધ ગિરિનું દર્શન ભાગ્યે લહ્યું,
દુઃખ જનમ મરણનું મારું ગયું
મોહ લશ્કર મારે વશ થયું, કોઈ જાતનું કષ્ટ ન રહ્યું. સિદ્ધ૦

ચે પુરવ પુણ્ય અંકુર ભયો, નર દેહ જન્મ સફળ થયો;
રોમ રોમમાં આનંદ ખૂબ લહ્યો, સુખસાગર છોળો બહાવી દયો. ,,

કામકુંભ કામધેનુ આજ મલ્યો, કલ્પવૃક્ષ ચિંતામણી મારે ફલ્યો;
કાલ અનાદિ કર્મોના પીંડ ગલ્યો, જ્ઞાન દર્શન ચારિત્ર ધન હલ્યો. ,,

મ રૂ દે વી નં દ ન દુ લ્હા રા, અમને પ્રભુજી છો બહુ પ્યારા;
મુજ હૃદયને આનંદ કરનારા, અમ જીવનના છો આધારા. ,,

મુજ આત્મ કમલમાં જ્ઞાન ભરો, ચે વિનંતી દાસની દિલેધરો;
સૂરિલબ્ધિની ભવની ભિતી હરો, દાશ જયંત બેડા પાર કરો. ,,

---

( ૨ )

## શ્રી શાન્તીનાથ જિન સ્તવન

(રાગ—આવો બજાવો.)

આવો ગજાવો દાદાનો દરબાર
દાદાનો દરબાર, દાદાનો દરબાર આવો૦

અંતરયામી દિલ વીસરામી
તેરો મુઝે હૈ આધાર આવો૦

સંસાર સાગર મેં હી ફસાયા,
મુજ પાપીકો તૂં તાર આવો૦

એશ આરામમાં મસ્ત બના હું
સુજે ન ભક્તિ પ્રકાર આવો૦
જ્ઞાન ધ્યાન કા નહિ હૈ ઠીકાના,
કૈસે હોગા બેડા પાર આવો૦
આત્મ કલમ મેં લબ્ધિકો દે કર,
જયંત પાર ઉતાર આવો૦

---

( ૩ )

## શ્રી નેમનાથજિન સ્તવન

(રાગ—દે કમેથિ હમકો ફસના)

પ્રભુ ચરણો મેં ચિત્ત લગાના
મિલા અવશર, કર ન કસર. એકમેક પ્રભુસે હો જાના
વિષય વિકારોંસે હમકો બચાલો
કરે ખ્વારી, ગયો હારી ઘટ અંતરમેં જ્યોતિ જગાના પ્રભુ.
જ્ઞાન ખજાના હમકો દિલાના
ઉપકાર બડા દ્વારે ખડા, યે આતકો દિલમેં ઠસાના પ્રભુ.
મોહ રાજાયે જોર જમાયા
નહિ ડરૂં. ભવસે તરૂં. કૃપા કટાક્ષ હમકો લગાના પ્રભુ.
ના બીજ બંદા આયા શરણમેં
તું હૈ મેરા, મેં મેરા ચેરા, મુજ આતમકો પાવન બનાના પ્રભુ.
આત્મ કમલમેં લબ્ધિ દેના,
ટલે ફેરા જયંત કેરા, યે વિનતી કો દિલમેં બસાના પ્રભુ.

---

( ૪ )

## શ્રી પાર્શ્વનાથજિન સ્તવન

(રાગ—પીલુ)

શ્રી શંખેશ્વર ચરણની સેવા
કરવા આવ્યો તુમારે હી દ્વારે;
ભટક ભટક કે થાક ગયા હું
દેર ન કરના નાથ હમારે શ્રી૦
ભવસાગરમાં ડૂબી રહ્યો છું.
જહાજ આપો પ્રભુ પોંહોચુ કિનારે શ્રી૦
જન્મ મરણ પ્રભુ મેં બહુ કીધાં
દુખ પામ્યો પ્રભુ વિકટ સંસારે શ્રી૦
તાર તાર મુજ ભવો દધિ ત્રાતા
વિનતી કરૂં દોય જોડી હાથે શ્રી૦
ભવનો ભય ગયો આજથી મારે
તું ધણી બેઠો છે મારે માથે શ્રી૦
આત્મ કમલમાં લબ્ધિ આપી
મુક્તિમાં રાખો જયંત ને સાથે શ્રી૦

(૫)

## શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ—જૈન ધર્મકા ઝુલન સતારા)

**વીર** પ્રભુ મુજ હ્રદયના હારા અચળ રહો શિરતા જ હમારા (અ.)
અમર રહો પ્રભુ વીરનું શાસન, ભવ્ય જીવોને આત્મ વીકાસન
પ્રાણજીવન પ્રભુ તું આધારા, અમર રહો શિરતાજ હમારા વીર.

દેવ સઘળા જગમાં દીઠા, ક્રોધી માની લાગ્યા અનીઠા
તુંહી એક હૈ મેરા પ્યારા, અચળ રહો શિરતાજ હમારા વીર

દર્શન જ્ઞાન ચારિત્ર તારા, દુનિયામાં ઝળહળતા પ્યારા
એવા નથી કોઈ બીજે ધારા, અચળ રહો શિરતાજ હમારા વીર

અનંત કાલ સંસારમાં ભટકી, કર્મોએ નાખ્યો મુજ પટકી
હવે દેખાડો મોક્ષ દુવારા, અમર રહો શિરતાજ હમારા વીર

આત્મ કમલમાં લબ્ધિ લેવા, જયંત માગે છે ચરણુની સેવા
સેવાથી વાગે જીત નગારા, અમર રહો શિરતાજ હમારા વીર

# સમાપ્ત

## જૈનગૂર્જર સાહિત્યરત્નો. ભા. ૧ વિષેના

# અભિપ્રાયો

**जयन्तु जिनवरा**

શેઠ **નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધારક** ફંડે જૈન ગૂર્જર સાહિત્ય રત્ન ભાગ ૧લો પ્રસિદ્ધ કરીને જૈન સંઘને ભક્તિ અને સ્વાધ્યાય માર્ગમાં સહાયક થવા માટે સુંદર સંગ્રહ પૂરો પાડ્યો છે. અને ગુજરાતી ભાષાના કવિતા–સાહિત્યમાં ખરેખર એક નોંધપાત્ર વધારો કર્યો છે.

ધન્યવાદ આપવા જેવી ઘટના તો એ છે. કે વિવિધ વ્યક્તિઓની સૂચનોથી પાંચ પ્રધાન તીર્થંકર ભગવંતોનાં સ્તવન કાવ્યો પ્રગટ કરવાની કલ્પના આકાર પામી. આ ગ્રંથના પ્રકાશનથી ભાષા વિદો માટે ૧૫મી સદીથી લઇને ૧૮મી સદી સુધીના ચારસો વરસના દીર્ઘતમ ગાળાની પદ્યમય રચના વિકાસ અને વિવિધ ખૂબીઓનો અંશિક આસ્વાદ કરવાની સુંદરતક પ્રાપ્ત થાય છે. અને ૪૦૦ વરસ દરમ્યાન ગુજરાતી ભાષાની શબ્દ રચના, લઢણો કેવી હતી ? છંદો, રાગો અને દેશીઓ શું હતી ? લાલિત્ય, માધુર્ય, પ્રસાદી ને પ્રાસ પદ્ધતિ કેવી હતી ? ઇત્યાદિ પદ્ય રચના, જોડે સંબંધ ધરાવતા અંગોનું અલ્પાંશે પણ જાણપણું થશે.

અલબત્ત આ સ્તવનો કવિતા શાસ્ત્રનું પ્રાધાન્ય રાખીને રચાયાં નથી એટલે એમાં કવિતાના વ્યાપક અંગોનો આદર કદાચ ઓછો દેખાય તો તે સ્વાભાવિક છે. પણ જેની જરૂર છે તે **ભક્તિરસથી** આ કાવ્યો **તરબોળ** છે. ને કાવ્યના નવ રસ પૈકી ષટ્ રસના ભોજન સામગ્રી તો ઠીક ઠીક પ્રમાણમાં પીરસાએલી નજરે ચઢે છે.

પ્રારંભમાં તે તે સ્તવનકારના **જીવન** અને **કવન**, તથા પાછલા ભાગમાં કઠીન શબ્દોના અર્થ અને સ્તવનાદિકના ભાવાર્થ આપીને ગ્રન્થની ઉપયોગિતામાં પ્રશંસનીય વધારો કર્યો છે. વળી સંસ્થાએ તેની **ઓછી** કિંમત **રાખીને** ઔર સેવા બજાવી છે.

ખરા અભિનંદનના પાત્ર તો છે પાયાથી માંડીને ઈમારત ઉભી કરી, તેને શણગારવા સુધીમાં અવિરત શ્રમ કરનાર ધર્મશ્રદ્ધાળુ, શ્રાદ્ધરત્ન, જ્ઞાન–સાહિત્યના રસિયા શ્રીયુત ભાઇચંદભાઈ નગીનભાઈ છે.

તેઓ એક શ્રાવક હોવા છતાં જ્ઞાન–સાહિત્યના ક્ષેત્રે જે અતિરૂચિ અને ખંત ધરાવે છે તે ખરેખર સહુના આશીર્વાદ માગી લે તેવી છે. આમના જેવા કે આથી વધુ, શ્રુતજ્ઞાન–સાહિત્યની તન–મન–ધનથી સેવા કરનારા ૫૦ શ્રાવકો જો તૈયાર થાય તો, જેના વિના ભારતીય સાહિત્ય પંગુ ગણાય છે, એવા જૈન સાહિત્યનો એકાદ દશકામાં જ વિશ્વના ચોકમાં ઢગલો થઈ જાય.

અંતમાં શ્રીયુત ભાઇચંદભાઈ **સંસ્થા** તરફથી આવા ગ્રંથરત્નો આપતા રહે અને તેનો **દ્વિતીય ભાગ શીઘ્ર પ્રકાશિત થાય** એજ શુભેચ્છા.

અને અજૈન વિદ્વાનો અને કવિઓ જૈન કવિઓ તેની રચનાઓનો અભ્યાસ કરવામાં વધુ પ્રેમ, રુચિ મમતા ને આત્મીયતા દાખવે. એમ કરીને જૈન કવિઓ પ્રત્યે બતાવેલી ઉદાસીનતાને વધુ ને વધુ પ્રમાણમાં ખંખેરી નાંખે એ જ મહેચ્છા !

મુંબઈ વાલકેશ્વર<br>
અક્ષયતૃતીયા<br>
૨૦૧૭

**યશોવિજયજી**ના<br>
ધર્મલાભ

*

તા. ૧૫–૬–૬૧

**સુશ્રાવક ભાયચંદભાઈ**

ધર્મલાભ. **જૈનગૂર્જર સાહિત્ય રત્નોનું** પુસ્તક જોઈ ગયો. તમે ખુબજ શ્રમ લઈને ઉપયોગી ઉચ્ચ કાવ્ય સાહિત્યનો આમાં સંગ્રહ કર્યો. આવા પુસ્તકોથી સમાજને આપણા પ્રાચીન મહાપુરુષોની સુંદર અને અપૂર્વ સાહિત્ય પ્રસાદીનો લાભ મળે છે.

આ પુસ્તકને હું પ્રેમપૂર્વક સત્કારું છું —**ચિત્રભાનુ**

*

ૐ

**દૌલતનગર** તા. ૨૫–૨–૬૨ રવિવાર

આચાર્ય વિજયમૃતસૂરિ, ઉપાધ્યાય રામવિજય આદિ તત્ર દેવગુરૂ વ્યક્તિકારક શ્રાવક ભાઈચંદભાઇ નગીનભાઈ યોગ્ય ધર્મલાભ.

અચરતલાલ સાથે મોકલાવેલા **જૈનગુર્જર** સાહિત્યરત્નો ભા. **૧લો.** તથા **જંબૂકુમાર રાસ** આ બન્ને પુસ્તકો મલ્યા છે. વિક્રમની ૧૭મી અને અઢારમી સદીનાં જૈન કવિઓનો પરિચય. આ પુસ્તકમાં ૨૧મી સદીનાં જૈન જૈનેતરોને મળે છે. તે **આ યુગનાં માનવોનું સૌભાગ્ય છે.**

જંબૂકુમારના રાસનું પુસ્તક માટે લોકોનો સારો આદર છે. એ પણ **નગીનભાઈ મંછુભાઈ** સાહિત્યોદ્ધાર ફંડ માટે. સંતોષકારક છે.

*

**સ્વસ્તિ શ્રી ભાવનગરથી ઉપાધ્યાય દક્ષવિજય ગણી આદિ.**

તત્રદેવગુરૂ ભકિતકારક શ્રમણોપાસક "શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ–સુરત"ના કાર્યવાહક શ્રીયુત ભાઈચંદભાઇ નગીનભાઇ ઝવેરી. યોગ્ય ધર્મલાભ. વિ. **"શ્રી જૈન ગુર્જર સાહિત્ય રત્નો. ભા. ૧લો."** નામક પુસ્તક તમારી સંસ્થા તરફથી અચરતલાલભાઇ સાથે મોકલાવ્યું તે મળ્યું છે. તેમાં કરેલો સંગ્રહ **જૈન ગુર્જર સાહિત્ય ક્ષેત્રમાં રત્ન દીપકની જેમ અનેરો** પ્રકાશ પાથરે છે. સંગ્રહ ઘણો ઉપયોગિ છે. ધર્મધ્યાનમાં ઉદ્યમ.

સં. ૨૦૧૭ પોષ વદ ૫ શનિ.

*

લાલબાગ મુંબઈ
ભૂલેશ્વર
૨૦૧૦ મહા સુદ ૬

આ પુસ્તક પ્રકાશન જિન ભકતોને જિનેશ્વરની ભકિતમાં લીન કરે તેવું છે. સ્તવનોની ચૂંટણી ખૂબ આવકારવા લાયક છે. સાથે સાથે

અર્થોનું પણ જ્ઞાન આપવામાં આવ્યું છે. આમ આ પુસ્તક જિન ભક્તિ રસિકોને જિન ભક્તિમાં નિમગ્ન બનાવે છે તેમ ઇતિહાસ રસિકોને ગુજરાતી ભાષામાં સહુથી પ્રાચીન રચના કરનારા જૈન કવિઓ છે. એનું પણ જ્ઞાન આવે છે કવિઓનો જે પરિચય આપવામાં આવ્યો છે તે રીતિ સ્તવનો સજ્ઝાયો કે સ્તુતિઓના સંપાદકો એ સ્વીકારવા જેવી છે એકંદર આ પુસ્તકનું સંપાદન ઘણું જ આકર્ષક છે આના સંપાદક ભાઇચંદભાઇનો પરિશ્રમ ઘણો પ્રશંસનીય છે.

લી. સ્વ. **આચાર્ય દેવ**

શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાનો સેવક.

**પં. વિક્રમવિજય.**

✲

ધર્મલાભ

તા. ૭–૪–૬૧

વીલેપાર્લે

**ભેટ પુસ્તક મળ્યું**

**જૈન ગુર્જર સાહિત્ય રત્નો અને તેમની** કાવ્ય પ્રસાદી નામનો મહાગ્રંથ નિહાળતાં ખરેખર આત્મા અનહદ આનંદ અનુભવે છે. આપણા પ્રાચીન મહાપુરુષોએ અણમોલ કાવ્ય પ્રસાદી પીરસી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

અનેક મહાપુરુષોના કાવ્યોનો આ સંગ્રહ જૈન–જગતમાં તો શું પણ સૌ કોઇને ઉપયોગી થશે એમાં શંકા નથી. કઠીન પદોનો ભાવાર્થ આપવાથી આમ જનતાને સમજવામાં અત્યંત ઉપયોગી થશે. સંગ્રાહકનો પરિશ્રમ ખરેખર પ્રશંસનીય છે.

**પં. કીર્તિવિજયના** ધર્મલાભ

✲

શ્રી તિર્થંકર ભગવંતો કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ વિશિષ્ટ જ્ઞાનના આધારે ચૌદરાજલોકના બનાવોને હાથમાં રહેલ દર્પણની માફક જોઈ શકે છે. તેથી તેઓને સર્વજ્ઞ કહેવામાં આવે છે. તેઓ આવી પ્રબળ શક્તિ મેળવ્યા પછી ધર્મ પ્રવર્તાવે છે અને પોતે જે માર્ગ દ્વારા કર્મો ઉપર કાબુ મેળવી સંસાર ભ્રમણનો અંત આણ્યો છે. એ માર્ગ જનસમુહને દર્શાવે છે. આવા ઉત્તમ કોટીના આત્માઓના જીવનનો અભ્યાસ કરવાથી એમના જેવું જીવન જીવવાનો આપણને અભ્યાસ પડે છે અને તેથી જ આપણા ભાવિ જીવનનો રાહ નક્કી સરળ થાય છે માટે સ્તવન કીર્તન **પાછળનો મુખ્ય હેતુ આપણી જીવનદોરીને સરળ બનાવવાની છે.** દરેક આત્મા પોતાની શક્તિ વડે જ કષાયો ઉપર કાબુ મેળવી સંસારનો ફેરો ટાળી પોતાના આત્માને સ્ફટીક જેવો નિર્મળ બનાવવાની શક્તિ ધરાવે છે આત્માની અવરાઈ ગયેલી તાકાતને વ્યક્ત કરવા માટે પરમાત્મા ફક્ત નિમિત્તરૂપ છે તેઓશ્રીનું બહુમાન, ભક્તિ સ્તવન આપણા આત્માના મૂળ સ્વરૂપને પ્રગટ કરવા માટે સાધનરૂપ છે. તો સાધન જો પ્રાપ્ત ન થાય તો આત્મા નિર્મળ બની શકતો નથી. સંપાદક ભાઇચંદભાઈમાં ધાર્મિક સંસ્કારો તેમના વારસામાં ઉતર્યા છે તેમને પ્રાચીન સ્તવન ઉપર પ્રશસ્ત પ્રેમ છે. આ પુસ્તકના પ્રકાશક શેઠ ભાઈચંદભાઈ ઝવેરી વેપારી હોવા છતાં સાહિત્ય વિષયમાં જે રસ ધરાવે છે તે તેમજ તેમની શાસન સેવા અને જ્ઞાન સેવા અનુમોદનીય છે, એમ શ્રી જૈન ગુર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય પ્રસાદીરૂપ પહેલો ભાગ વાંચવાથી સહેજે જણાઈ આવે છે.

ડહેલાના ઉપાશ્રયવાળા

**પૂ. પન્યાસજી ધર્મવિજયજી ગણિવર્યના શિષ્ય**

**પં. અશોકવિજય ગણિ**

*

## સમીક્ષા

સં. ૨૦૧૭ પ્ર. જેઠ સુદ ૧ સોમવાર
તા. ૧૫–૫–૬૧, અમદાવાદ.

### જૈન ગૂર્જર સાહિત્ય રત્નો ભા. ૧ લો

કાશીના પંડિતો કહે છે કે, **સો મશાલામેં** એક ધનિયા, **સો બામનોમેં** એક બનીયા. એટલે ખોરાકમાં સેંકડો મસાલા હોય પણ કોથમીર મહેકે છે એમ સાહિત્ય ક્ષેત્રમાં વાણિઓ એકદમ નવો રંગ જમાવે છે અને તે વકીલ ઘીનો પારખું કે ઝવેરી હોય તો સર્વ રીતે અનોખી ભાત પાડે છે.

શ્રી ભાઈચંદભાઈ નગીનચંદ ઝવેરીએ ઉપરનું પુસ્તક પ્રકાશિત કર્યું છે.

સાક્ષર રત્ન કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના શબ્દોમાં ખરેખર કીંમતી મોતીની માળા છે. (જુઓ સંપાદકીય પૃ. ૨૭)

એકંદરે પુસ્તકનું અંતરંગ અને બહિરંગ સુંદર છે. છતાં આવા દાગીનાઓને સાક્ષર પ્રિય બનાવવા માટે અમુક સૂચનાઓ કરવી હિતાવહ છે.

(૧) સાહિત્યમાં માત્ર ઘુસણખોરીની આદતવાળા મિત્રની ચાલીકીથી કે શરતચૂકથી આ રત્નમાળામાં બીજી ભાષામાં રત્નો પણ ભેળસેળ થઈ ગયાં છે.

સંપાદકીય લખાણમાં પણ ગુજરાતી કવિઓની નામાવલિમાં હિન્દી કવિઓને ભેળવી દીધા છે. અને પં. ન્યાય સાગરજી ગણિ, ઉ. દેવચંદજી મ., પં. રૂપચંદજી ગણિ, કવિ ઋષભદાસ, સાચા અધ્યાત્મી મહાયોગી શ્રી ચિદાનંદજી મહારાજ આ. બુદ્ધિસાગરસૂરિ, આ. અજિતસાગરસૂરિ આ. વિજય લબ્ધિસૂરિ, અંચલગચ્છના પાયચંદગચ્છના વિવિધ કાવ્યકારો વગેરે ગુજરાતી કવિઓને છોડી દીધા છે.

(૨) કાવ્યકારોનો પુરો પરીચય આપવો જરૂરી છે.

(૩) કાવ્યકારો અને કાવ્યોને સાલવારીના ક્રમથા ગોઠવવા જોઇએ.

એકંદરે જૈન ગૃહસ્થોમાં આવો સાહિત્યપ્રેમી જાગે એ સર્વથા પ્રસંશનીય છે.

લિ. મુનિ દર્શનવિજયજી
ત્રિપુટી

*

## સ્વીકાર સમાલોચના

**જૈન ગુર્જર સાહિત્ય રત્નો ભાગ–૧ પ્રકાશક શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન. સાહિત્ય ઉદ્ધાર ફંડ, સૂરત. કિંમત રૂા. ૨.૨૫ પૃ. ૬૧૪.**

આપણા જૂના કવિઓએ રચેલા સ્તવનોનો આ એક સંગ્રહ છે. પુસ્તકમાં જુદા જુદા ઓગણસાઠ જૈન કવિઓનાં મળી લગભગ ૩૦૦ જેટલાં સ્તવનો છપાયાં છે. જૈનોના ચોવીસ તીર્થંકરો, એ દરેક ઉપર એની, સ્તુતિ કરતી કવિતાઓ લખવામાં આવે એને સ્તવનોની ચોવીસી કહેવામાં આવે છે. એવા ૫૯ કવિઓની ચોવીસીઓમાંથી દરેકનાં પાંચ પાંચ સ્તવનો આ સંગ્રહમાં લેવાયાં છે. સંગ્રહમાં એ ઉપરાંત પણ બીજી કેટલીક રચનાઓ વચ્ચે વચ્ચે મૂકવામાં આવી છે, જે જુદા પરિશિષ્ટ તરીકે મૂકવામાં આવી હોત તો વધુ યોગ્ય થાત. દરેક કવિનો આગળ પરિચય આપવામાં આવ્યો છે, પરંતુ તેમાં એકસરખું ધોરણ, વ્યવસ્થા કે ક્રમ જળવાયાં નથી. આટલા બધા કવિઓની રચનાનો આ એક સારો સંગ્રહ થયો છે અને અભ્યાસીઓને તે ઘણો ઉપયોગ થાય તેવો છે. વળી સ્તવનોના અર્થ અને વિવેચન પણ આપવામાં આવ્યાં છે, એથી સાધારણ માણસને પણ તે સમજાય એવાં છે, પરંતુ આખા પુસ્તકની ખૂંચે

એવી (વાત એ છે કે તેમાં પુષ્કળ અશુદ્ધિ છે.) સંસ્થાએ લગભગ સવા છસો પાનાંના પુસ્તકની કિંમત સવા બે રૂપિયા રાખી છે, પરંતુ માત્ર સસ્તું જ નહિ, શુદ્ધ અને સારું પુસ્તક આપવાની દૃષ્ટિ સંસ્થાએ રાખવી જોઇએ.

**મુંબાઇ સમાચાર**

※

**જૈનગુર્જર સાહિત્યરત્નો** ભા, ૧ પ્રકાશક શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ સુરત મૂ ૨–૨૫ ન. પૈ. ક્રા. ૧૬ પેજી ૫૦+૫૬૪–૬૧૪

જૈનશાસનમાં થઈ ગયેલા લગભગ ૫૮ જૈન કવિરત્નોના રચેલા શ્રીઋસભદેવ સ્વામી, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી નેમિનાથ તથા શ્રી પાર્શ્વનાથ એમ જ શ્રી મહાવીર સ્વામીના સ્તવનોનો (ગૂર્જર) સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયો છે. આ સંગ્રહમાં પ્રસિદ્ધ થયેલ સ્તવનોના રચયિતા પૂ. પાદ ધર્મધુરંધર ત્યાગી મુનિવરોનો સત્તા સમય વિ.નો ૧૫મા સૈકાથી ૧૮માં સૈકા સુધીનો છે. સ્તવનોને અંગે ખાસ સમજુતી આપવામાં આવી છે. પુસ્તકનું સંપાદન–સંયોજન ખાસ કાળજીપૂર્વક થયું છે. સ્તવનોના રચયિતાઓનો ટુંક પરિચય પણ આગળ મૂકવામાં આવેલ છે. એકંદરે પ્રકાશન અતી ઉપયોગી બન્યું છે. આની પાછળ પ્રકાશક સંસ્થા અને તેના કાર્યવાહકોનો પરિશ્રમ તથા ખંત નજરે દેખાઈ આવે છે.

**કલ્યાણ માસિક**

※

## સંભવનાથ જિન સ્તવનાવલી

પ્રકા. ઉપર મુજબ મૂ. ૧૨ આના ક્રા. ૧૬ પેજી ૩૨+૧૯૨–૨૨૪ પેજ;

આ અવસર્પિણી કાલના ૩જા તીર્થંકર શ્રી સંભવનાથ સ્વામીના

૯૬ સ્તવનોનો સંગ્રહ અહિં પ્રસિદ્ધ થયેલ છે. પ્રાચીન-અર્વાચીન પૂ. પાદ ધર્મધુરંધર ત્યાગી મુનિવરો જેઓ ગૂર્જરગિરાના કવિઓ છે; તેઓનો ગૂર્જર ભાષામાં સંકલિત સ્તવનસંગ્રહ અહિં પ્રગટ થયો છે. જે રચયિતાઓમાં લગભગ સોળમાસૈકાથી માંડીને ૨૦૧૦ સુધીનાઓનો સમાવેશ થાય છે. તદુપરાંત, અંતસમયની આરાધનાનો પણ આ પ્રકાશમાં સમાવેશ કરવામાં આવેલ છે. પાછળના પેજોમાં શ્રી સંભવનાથચરિત્ર પ્રસિદ્ધ થયેલ છે. પ્રકાશન કાળજીપૂર્વકનું તથા ઉપયોગી છે.

✲

સ્નેહી શ્રી ભાઈચંદભાઈ

ગ્રંથ મળ્યો છે. ભાવિકજીવોને અનેક રીતે ઉપયોગી થવા સંભવ છે. આવા પુસ્તકોના પ્રકાશનથી શ્રધ્ધાની જાગૃતિ રહે છે.

લી. **અમૃતલાલ કાલીદાસ દોશીના**

જયજીનેંદ્ર

તા. ૨૦-૪-૬૧

✲

## સાહિત્ય પ્રેમી શ્રીયુત ભાઇચંદભાઇ યોગ્ય-ધર્મલાભ

જંબુસ્વામીના રાસનું પુસ્તક જોતાં અત્યંત આનંદ અનુભવ્યો, પુસ્તકની ભાષા અતિ પ્રાચીન છે, વસ્તુ ખૂબ રસપ્રદ છે, અત્યંત રસીક અને બોધપ્રદ કથાનકો શાંત-ગંભીર અને ભાવવાહી શૈલિથી ગુંથવામાં આવ્યા છે, આમ જનતાને આ સાહિત્ય ખૂબ જ ઉપયોગી નીવડે તેમ છે, આવું ઉપયોગી અને પ્રાચીન સાહિત્ય પ્રકાશન કરી સંસ્થાએ સુંદર સેવા બજાવી છે, **આવું ઉપયોગી સાહિત્ય સંસ્થા પ્રકાશન કરતી** રહે એ ઇચ્છવા જોગ છે,

દ. પં. કીર્તિવિજયના
ધર્મલાભ
તા. ૨૨-૨-૬૨
કોટ, મુંબઈ

*

## શ્રી જંબુકુમાર રાસ

જંબુસ્વામી રાસ સંપાદક ડો. રમણલાલ ચીમનલાલ શાહ, પ્રકાશક શ્રી નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સુરત. કિંમત રૂપિયા બે. પૃષ્ઠ સંખ્યા ૩૨૦.

સેંટ ઝેવિયર્સ કોલેજના ગુજરાતીના પ્રાધ્યાપક ડો. રમણલાલ શાહે સંપાદિત કરેલા આ ગ્રંથમાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી કૃત 'જંબુસ્વામી રાસ' પ્રસ્તાવના અને ટિપ્પણ સાથે આપવામાં આવ્યો છે. **ઉપા. શ્રી યશોવિજયજી વિક્રમના સત્તરમાં શતકમાં થઈ ગયેલી એક મહાન જૈન વિભૂતિ છે.** એમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં અનેક વિદ્વત્તાભર્યા ગ્રંથોની રચના કરી છે. નવ્યન્યાયના ક્ષેત્રમાં એમણે જે કાર્ય કર્યું છે એવું કાર્ય એમના પછી હજુ સુધી કોઇ જૈન મુનિએ કર્યું નથી એમ કહેવાય છે. એમની વિદ્વત્તા એટલી બધી હતી કે જાણે તેઓ

સાક્ષાત સરસ્વતીના અવતાર હોય તેમ મનાતું અને તેથી જ એમને જે અનેક બિરૂદો એમના જમાનામાં અને ત્યાર પછી પણ મળ્યાં છે તેમાં 'કુર્ચાલી શારદા' (પુરૂષરૂપે અવતરેલી મૂછવાળી સરસ્વતી) પણ છે. ઉપા. શ્રી યશોવિજયજીના કેટલાયે ગ્રંથોની એક વિશિષ્ટતા એ છે કે એ ગ્રંથો એમના પોતાના હસ્તાક્ષરમાં લખાયેલા છે. જંબુસ્વામી રાસની પણ કર્તાના પોતાના જ હસ્તાક્ષરની પ્રત મળે છે અને એથી બીજી હસ્તપ્રતો અને પાઠાંતરોનો પ્રશ્ન રહેતો નથી. સંપાદકે આ પ્રમાણભૂત હસ્તપ્રતને આધારે આ ગ્રંથનું સંપાદન કર્યું છે એ એની એક મોટી વિશિષ્ટતા છે. રાસનું સ્વરૂપ મધ્યકાળમાં જૈન કવિઓને હાથે સારી રીતે ખેડાયેલું છે. તેમાં ઉપા. શ્રી યશોવિજયજીનો પણ મૂલ્યવાન ફાળો છે. એમનો સંવત ૧૭૩૯માં રચેલો આ જંબુસ્વામી રાસ પણ એક ઉત્તમ કોટિની રચના છે. આ રાસમાં જૈનોના છેલ્લા કેવળજ્ઞાની શ્રી જંબુસ્વામીની કથા પાંચ અધિકારની ૩૬ ઢાળમાં આલેખવામાં આવી છે. જંબુસ્વામીનું કથાનક અત્યંત રસિક છે. સુખ-સમૃદ્ધિમાં ઉછેરેલા જંબુસર સુધર્માસ્વામીના ઉપદેશથી દીક્ષા લેવાનો નિર્ણય કરે છે અને તે માટે તેઓ કેવી કેવી સચોટ દૃષ્ટાંતકથાઓ કહી પોતાનાં માતાપિતા, પ્રભવ, ચોર અને જેમની સાથે માતપિતાએ એમનાં લગ્ન કરાવ્યાં છે એ આઠે પત્નીઓને લગ્નની પહેલી જ રાતે સમજાવે છે અને પોતાની સાથે એ બધાને પણ સંયમને માર્ગે દોરી જાય છે તેનું કવિત્વમય નિરૂપણ આ રાસમાં કરવામાં આવ્યું છે. આ રાસમાં એક બાજુ ભોગવિલાસની અને બીજી બાજુ સંયમ ઉપશમની કથાઓ જોવા મળે છે. આથી શૃંગાર અને શાંત એ બે રસોના આલેખનને અને તેમાંય અંતે વૈરાગ્ય અને સંયમનો વિજય બતાવ્યો હોવાથી તેના આલેખનને સારો અવકાશ મળ્યો છે. આ રાસમાં કવિએ જુદે જુદે સ્થળે પ્રસંગ કે પાત્રનું જે નિરૂપણ કર્યું છે તેમાં કવિની ઉચ્ચ કવિત્વશક્તિનાં આપણને દર્શન થાય છે. રાજગૃહી નગરીનું વર્ણન, ભવદેવની વિરહપીડાનું વર્ણન, આઠે કન્યાઓની જંબુકુમાર સાથે દીક્ષા લેવાની

તત્પરતા, પ્રભવને જંબુકુમારે આપેલી શિખામણ, જંબુકુમારનું દીક્ષા લેવા માટે નીકળવું અને તે સમયે એમને જોવા ઉત્સુક બનેલી સ્ત્રીઓનું ચિત્ર ઇત્યાદિનું કવિએ અત્યંત હૃદયંગમ આલેખન કર્યું છે. આ રાસમાં કવિની સર્જક, પ્રતિભા સાથે એમની વિદ્વત્તા પ્રતિભાનાં દર્શન પણ ઘણી સારી રીતે થાય છે.

સંપાદક ડૉ. રમણલાલ શાહે આ ગ્રંથની પ્રસ્તાવનામાં ઉપા. શ્રી યશોવિજયજીના જીવન અને કવનનો જંબુસ્વામીની કથા અને એ વિશેની સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી રચનાઓના વિકાસનો અને પ્રસ્તુત જંબુસ્વામી રાસનો એક રાસકૃતિ તરીકે વિદ્વત્તાપૂર્વક પરિચય આપ્યો છે. ટિપ્પણમાં પણ તેમણે આ રાસની જુદી જુદી ઢાળોનું સારું અભ્યાસપૂર્ણ વિવેચન કર્યું છે. એકંદરે આ રાસના સંપાદન પાછળ તેમણે ઘણી સારી મહેનત ઉઠાવી છે જે અભ્યાસીઓને અને વિદ્વાનોને ખૂબ જ ઉપયોગી થઈ પડે એમ છે.

આવું સુંદર અને સફાઈદાર તથા પદ્ધતિસરનું મૂલ્યવાન સંપાદન તૈયાર કરવા માટે સંપાદકને અને **તે સસ્તા દરે પ્રકટ કરવા માટે શ્રી નગીનભાઈ મંછુભાઇ સાહિત્યોદ્ધાર ફંડને ધન્યવાદ ઘટે છે. આપણે આશા રાખીએ કે એમની પાસેથી આપણા પ્રાચીન કવિઓનાં વધુ સંપાદનો મળતાં રહે.**

**મુંબાઇ સમાચાર**
૨૫–૩–૬૨

✱

## જંબુસ્વામી રાસ : જૈન સાહિત્યની એક પ્રાચીન લોકપ્રિય કૃતિનું સુઘડ સંપાદન

જંબુસ્વામી રાસ : કર્તા : મહોપાધ્યાય શ્રી યશોવિજયજી, સંપાદક : ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ. પ્રકાશક : શેઠ નગીનભાઈ મંછુભાઈ

જૈન, સાહિત્યોદ્ધાર ફંડ, સુરત; આવૃત્તિ : પહેલી; પૃષ્ઠ સંખ્યા : ૩૩૪; કિંમત બે રૂપિયા.

**ચરમકેવલી શ્રી જંબુસ્વામીની કથા જૈનોની એક પ્રાચીન કથા છે.** જૈનદર્શનાનુસાર શ્રી જંબુસ્વામી શ્રી મહાવીર સ્વામી પછી શ્રી સુધર્મસ્વામીની પાટે આવનાર ઐતિહાસિક વ્યકિત છે. પ્રાચીનતમ જૈન ગ્રંથોમાં પણ શ્રી જંબુસ્વામીનો ઉલ્લેખ મળે છે અને જૈનોના લગભગ બધાજ આગમ ગ્રંથોમાં એમને વિષે કંઇક ને કંઈક નિર્દેશ કરાયેલો છે. જંબુસ્વામી વિષે સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં પણ ઘણી કથાઓ લખાઇ છે. તેમ વળી ઈ. સ. ના ૧૩મા સૈકાથી તે ૧૯મા સૈકા સુધીમાં જૂની અને અર્વાચીન ગુજરાતી ભાષામાં પણ રાસા કે ફાગુના પ્રકારની લગભગ ત્રીસેક જેટલી કૃતિઓ જંબુસ્વામી વિષે મળી આવે છે.

**આ કૃતિના રચનાર શ્રી યશોવિજયજી મહારાજ દાર્શનિક વિષયોના પારદ્રષ્ટા હતા, તેમને દાર્શનિક અભ્યાસમાં સૂરિ હરિભદ્ર અને શ્રુતજ્ઞાનમાં શ્રી હેમચન્દ્રાઆચાર્યની** કક્ષામાં **ગણવામાં આવ્યા છે.** એમની પ્રતિભા પ્રાચીન તથા નવ્યન્યાય, વ્યાકરણ, સાહિત્ય, અલંકાર, છંદ, કાવ્ય, તર્ક આગમ, નય, પ્રમાણ, યોગ, અધ્યાત્મ, તત્વજ્ઞાન, આચાર, ઉપદેશ, કથા ભકિત ઈત્યાદિ અનેક ક્ષેત્રોમાં સંચરી છે અને સંસ્કૃત, પ્રાકૃત ગુજરાતી તથા હિંદી તેમજ મારવાડી એમ અનેક ભાગમાં વિપુલ સર્જન કર્યું છે. એ વિભૂતિએ આ જંબુસ્વામી રાસ'ની રચના શ્રી હેમચન્દ્રાચાર્ય કૃત "ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત્ર"ના પરિશિષ્ટ પર્વમાં આપેલા જંબુસ્વામીના ચરિત્રના આધારે કરી છે.

*શ્રી જંબુસ્વામીની કથા ટૂંકમાં એવી છે કે મગધા* **નામે જાનપદમાં રાજગૃહનગરમાં શ્રેણિકના રાજ્યમાં ઋષભદત્ત શાહુકારની પત્ની ધારિણીના ગર્ભે શ્રી જંબુસ્વામીનો જન્મ થયો હતો,** ધારિણીને પાંચ સ્વપ્નો આવેલા ને તે પરથી પતિએ એવી આગાહી કરી હતી કે એને પ્રભાવશાળી પુત્ર થશે. ધારિણીને

સ્વપ્નામાં જાંબુફળનું દર્શન કર્યું હતું તેથી પુત્રનું નામ જંબુકુમાર રાખવામાં આવ્યું. જંબુકુમારને યુવાવસ્થામાં જ દીક્ષા લેવાની ઈચ્છા જાગી હતી. પણ માબાપની તેમાં સંમતિ નહોતી જંબુએ જીવનભર બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લીધું હતું. પણ તે પૂર્વે માબાપે આઠ કન્યાઓ સાથે જંબુના વિવાહ કર્યા હતા અને તેમણે જંબુને પ્રથમ આઠે કન્યાઓની સાથે લગ્ન કરી લેવાનું દબાણ કર્યું. તેને વશ થઇને જંબુએ લગ્ન તો કર્યાં પણ તે પછી તુરત જ એણે દીક્ષા લીધી હતી. અને તેની સાથે તેની આઠ પત્નીઓએ તેમ જ તેના માતપિતાએ પણ દીક્ષા લઈને સંસાર છોડ્યો હતો. જંબુસ્વામીએ બ્રહ્મચર્ય વ્રતનું અખંડ પાલન કરીને કેવળ જ્ઞાનની ઉપાસના જીવનભર ચાલુ રાખી હતી અને એમણે કેવળ જ્ઞાન મેળવ્યું પણ હતું. એમની જ્ઞાનોપાસનાનો માર્ગ એટલો બધો સરળ નહોતો. એક બાજુ શૃંગારરસના સતત વહેતા પ્રવાહને કારણે તેમને માટે ભોગવિલાસમાં સરી પડવાનો પૂરો અવકાશ હતો, બીજી બાજુ પર્વતારોહણુ જેવી દુર્ગમ જ્ઞાનોપાસના હતી; પરંતુ તે છતાં એમણે જ્ઞાનોપાસનાના દુર્ગમ માર્ગ પર અવિશ્રાન્તપણે અને અવિરતપણે આરોહણુ ચાલુ રાખ્યું જ હતું. આ કથાનું પુદ્દગલ આમ આટલું ફળદાર થાય નહિ પરન્તુ મુખ્ય કથાના પ્રવાહમાં જંબુસ્વામીને મુખે કહેવાયેલી સંસારની નિઃસારતા દર્શાવતી અને કેવળ જ્ઞાનની પ્રતિષ્ઠા કરતી અસંખ્ય આડ કથાઓનાં નાનાં નાનાં ઝરણાં એમાં ભળતાં આ રાસનો એક મહાનદ સર્જાયો. શૃંગારરસનો ને ભોગવિલાસની કથાઓના આ લેખક જો સામાન્ય હોય તો એનું સર્જન વાસના ઉદ્દીપક બની રહેવાનો પૂરો સંભવ ગણાય. શ્રી યશોવિજયજી એ કોઈ સાધારણ સર્જક ન હતા, તેમ એમનો આશય ભોગવિલાસની વાર્તાઓ લખવાનો ન હતો. એમને ભોગવિલાસના મિથ્યાત્વની પ્રતીતિ નિપજાવવી હતી. એટલે એ વાર્તાઓ છતાં વાચક તો લેખકે કરેલી વૈરાગ્ય અને સંયમની પ્રતિષ્ઠાને જ અભિમુખ રહે છે અને એમ સાત્ત્વિક રસના પ્રવાહમાં સ્નાન કરીને બહાર નીકળે છે.

ડૉ. રમણલાલ શાહે આ પ્રાચીન રાસાનું સંપાદન ઘણો શ્રમ લઈને કર્યું છે. અને જે રીતે કરવું જોઈએ એ રીતે જ કર્યું છે. તેમણે શ્રી યશોવિજયજીનો વિસ્તારથી પરિચય આપીને આ જૈન કથાનો પણ સાર આપ્યો છે. આ જૈન કથાનું મહત્ત્વ અને જંબુસ્વામીની લોકહૃદયમાં થયેલી પ્રતિષ્ઠાનો પણ પૂરો ખ્યાલ આપ્યો છે. ટિપ્પણમાં તેમણે પ્રથમ દરેક ઢાળ તથા દૂહાના શબ્દોના અર્થ આપ્યા છે અને તે પછી ઢાળ કે દૂહાનું મુખ્ય વક્તવ્ય રજૂ કર્યું છે જે સામાન્ય વાચક પણ સમજી શકે એવું છે, ને તે પછી કેટલેક સ્થળે તે તે ઢાળ કે દૂહાની મહત્ત્વની કડીઓની વિશેષ સમજૂતી આપી છે.

આમ એક પ્રાચીન કૃતિનું ઘણું સુઘડ સંપાદન તેમણે કર્યું છે.

જન્મભૂમિ–મુંબાઈ. તા. ૨૬–૩–૬૨.

×

**વિખ્યાત ને મહત્ત્વના પ્રાચીન રાસનું સુંદર સંપાદન**

જંબુસ્વામી રાસ : કર્તા : મહોપાધ્યા શ્રી યશોવિજયજી, પ્રસ્તાવના અને ટિપ્પણ સાથે સંપાદક : ડૉ. રમણલાલ ચી. શાહ, પ્રકાશક : શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધારક ફંડ માટે શ્રી ભાઈચંદભાઈ નગીનભાઈ ઝવેરી, સુરત. આવૃત્તિ : પહેલી; પૃષ્ઠ સંખ્યા : ૩૩૪. કિંમત બે રૂપિયા.

આજીવન બ્રહ્મચર્યનું પાલન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર જંબુસ્વામીની કથા જૈનોની પ્રાચીન કથાઓમાંની એક છે. જૈનો આ કથાથી સારી રીતે પરિચિત છે. જૈનદર્શન પ્રમાણે શ્રી જંબુસ્વામી છેલ્લા જૈન તીર્થંકર શ્રી મહાવીર સ્વામી પછી શ્રી સુધર્માસ્વામીની પાટે આવનાર એક ઐતિહાસિક વ્યક્તિ છે. એમનો નિર્વાણ સમય ઈ. સ. પૂર્વે ૪૬૨નો ગણાય છે.

*

પ્રાચીન જૈન ગ્રંથોમાં તેમજ જૈનાના લગભગ આગમોમાં જંબુ-સ્વામી વિષે કંઈક ને કંઈક ઉલ્લેખ મળે છે. ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં કે એથી પણ પૂર્વે રચાયેલા મનાતા ગ્રંથ "વસુદેવહિંડી" (કર્તા : શ્રી સંઘદાસગણિ)માં આરંભમાં જ જંબુસ્વામીની 'કથાની ઉત્પત્તિ' તરીકે જોવા મળે છે. "વસુદેવહિંડી" પછી સંસ્કૃત પ્રાકૃત અને અપભ્રંશમાં પણ જંબુસ્વામીની કથા સ્વયંભૂદેવરચિત 'હરિવંશ પુરાણથી'થી માંડીને જિનસાગરસૂરિ કૃત 'કર્પૂર પ્રકર ટીકા' એમ તેર કૃતિઓ મળે છે. ઈ. સ. તેરમા સૈકાના આરંભથી તે ઓગણીસમા શતક સુધીમાં જૂની અને અર્વાચીન ગુજરાતી ભાષામાં રાસા કે ફાગુના પ્રકારની લગભગ ત્રીસ જેટલી કૃતિઓ જંબુસ્વામી ચરિત્ર જમ્બુસ્વામી ફાગ, જંબુસ્વામીનો વિવાહલો, જંબુસ્વામી પંચભવવર્ણન ચોપાઈ, જંબુસ્વામી રાસ એમ સંખ્યાબંધ કૃતિઓ મળી આવે છે. જંબુમુનિના જીવનની સાત્ત્વિક ભવ્યતાનો ખ્યાલ આ પરથી આવી શકશે. જંબુમુનિ જૈનસમાજના હૃદયમાં પણ કેવી ઊંડી પ્રતિષ્ઠા પામ્યા છે તે પણ આટલી બધી કૃતિઓ એમને વિષે રચાઇ છે તે પરથી જોઈ શકાય છે.

*

આ જંબૂસ્વામીરાસના રચનાર મહોપાધ્યાય શ્રી યશોવિજય પણ કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા. "લઘુહરિભદ્રસૂરિ" 'દ્વિતીય હેમચન્દ્રાચાર્ય,' 'સ્મારિત શ્રુતકેવલી', 'કુર્ચાલી શારદ' મહાન તાર્કિક,' ન્યાયવિશારદ,' 'ન્યાયાચાર્ય,' 'વાચકવર્ય'' ઈત્યાદિ તરીકે તેઓ જૈનસંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે. વિક્રમના સત્તરમા અઢારમા શતકમાં ગુજરાતમાં થઈ ગયેલી આ મહાન ભારતીય વિભૂતિ વિષે એમ કહેવાય છે કે શ્રી હેમચન્દ્રાચાર્ય પછી અત્યાર સુધીમાં તેમના જેવી મહાન વિભૂતિ જૈનશાસનમાં હજી સુધી થઈ નથી. તેઓ અષ્ટદશાવધાની અર્થાત એકી સાથે અઢાર ઠેકાણે ધ્યાન રાખી શકે એવા શક્તિવાળા હતા, એમણે સંસ્કૃત અને પ્રાકૃતમાં જેમ સંખ્યાબંધ વિદ્વદ્ભોગ્ય કૃતિઓની રચના

કરી છે તેવીજ રીતે પોતાના સમયમાં બોલાતી ગુજરાતી ભાષામાં પણ અનેક રચનાઓ કરી છે સંસ્કૃત પ્રાકૃતમાં 'આધ્યાત્મસાર'થી માંડીને તે 'ન્યાયલોક' અને 'પ્રતિમાશતક' જેવી સત્તર કૃતિઓ રચી છે. તદુપરાંત ઐન્દ્રસ્તુતિઓ, ઉપદેશરહસ્ય, ભાષારહસ્ય, વગેરે અનેક મૌલિકગ્રંથો પણ રચ્યા છે. તેમ ગીતો અને પદોની લઘુ રચનાઓ ઉપરાંત રાસ–સંવાદ ઇત્યાદિ પ્રકારની મોટી રચનાઓ પણ એમણે કરી છે.

**જંબુસ્વામીરાસ એ શ્રી યશોવિજયજીએ પોતાના જીવનની ઉત્તરાવસ્થામાં રચી છે અને એમની તમામ ગુજરાતી કૃતિઓમાં કદની દૃષ્ટિએ મોટામાં મોટી કૃતિ છે.**

આ જંબુસ્વામી કોણ હતા ?

શ્રી કર્પૂરવિજયજી લેખ સંગ્રહમાં તેમને વિષે નીચે પ્રમાણે કહ્યું છેઃ

"ઇન્દ્રોની શ્રેણી વડે પૂજાસત્કાર પામેલા શ્રી જંબુ નામના મુનિ ધન્ય છે કે જેમણે પવિત્ર રૂપયુક્ત યૌવનમાં પણ કામનો જય કર્યો અને મોહઉત્પત્તિના નિદાનરૂપ નિજ સ્ત્રી સંબંધનો ત્યાગ કરીને અતિ આદરપૂર્વક મોક્ષરૂપી સ્ત્રીના શ્રેષ્ઠ સંબંધજનિત શાશ્વત સુખનો હર્ષથી સ્વીકાર કર્યો"

"કર્પૂર પ્રકર'માં ૩૮માં શ્લોકમાં જંબુસ્વામી વિષે નીચે મુજબ કહ્યું છેઃ

"જો કે બ્રહ્મચર્ય પાળવાથી મનુષ્યનાં, દેવના અથવા મોક્ષનાં સુખો પ્રાપ્ત થાય છે, તો તે **બ્રહ્મચર્યથી જંબુમુનિને તો કોઈ નવું જ સૌભાગ્ય પ્રાપ્ત થયું**, કારણ કે **તેમની આઠ સ્ત્રીઓએ પણ તેમની સાથે હર્ષથી દીક્ષા લીધી** અને કેવળ જ્ઞાન**રૂપી લક્ષ્મી પણ** બીજાને વિષે આસક્ત થયા વિના **તેમની** સાથે ગઈ."

ઉપર્યુક્ત બે અવતરણો પરથી મુનિ જંબુસ્વામીની સિદ્ધિનો કંઈક ખ્યાલ આવે છે.

*

જંબુસ્વામીની કથા ટૂંકમાં નીચે પ્રમાણે છે:

મગધા નામે જાનપદમાં, રાજગૃહનગરમાં શ્રેણિક રાજાના સમયમાં ઋષભદત્ત નામના શાહુકારની પત્ની ધારિણીને એક વાર પાંચ સ્વપ્નો આવ્યાં. તે પરથી ઋષભદત્તે આગાહી કરી કે પત્નીને પ્રભાવશાળી પુત્ર થશે. એ આગાહી ખરી પડી. ધારિણીએ સ્વપ્નમાં જાંબુફળનું દર્શન કર્યું હતું એટલે પુત્રનું નામ જંબુકુમાર રાખવામાં આવ્યું.

જંબુકુમાર યુવાન થયો. એક વાર નગરના ચૈત્યમાં શ્રી સુધર્મા-સ્વામી ગણધર પધારેલા. તેમને વંદના કરવા ગયેલા જંબુકુમારે સ્વામી પાસે ઉપદેશ સાંભળી દીક્ષા લેવાની ઇચ્છા વ્યક્ત કરી. પણ માબાપની આણ વિના દીક્ષા ન મળે. એ માબાપની પાસે દીક્ષાની આજ્ઞા લેવા ગયો તે દરમિયાન નગરમાં યુદ્ધની તૈયારી નિહાળી. અને તે પરથી કુમરણનો ભય લાગતાં પ્રથમ ગુરુ પાસે પહોંચી જઇ બ્રહ્મચર્યનું વ્રત લીધું અને પછી માબાપ પાસે જઇ વાત કહી. માબાપે રજા ન આપી. એટલે સામી દલીલ કરતાં જંબુકુમારે ગુરુએ ઇન્દ્રિયવિષયોની આસક્તિથી મિથ્યા થતા મનુષ્યજન્મને લગતી કરેલી વાત કહી સંભળાવી. એવી બીજી પણ ઘણી કથાઓ એણે કહી. આખરે માબાપે રજા તો આપી, પણ તે પહેલાં માબાપે એનો જે આઠ કન્યાઓ સાથે વિવાહ કરી નાખેલો તે સઘળીનું પાણિગ્રહણ કરવાનો એને આગ્રહ કર્યો. જંબુકુમારે એ આગ્રહને વશ થઈ સઘળી કન્યાઓનું પાણિગ્રહ કર્યું ને તે પછી એણે દીક્ષા લીધી. એની સાથે એનાં માબાપ અને એની આઠ પત્નીઓએ તેમજ રાત્રે વાસઘરમાં આવી ચડેલા અને જંબુના ઉપદેશથી પ્રભાવિત થતા ચોરીનો ધંધો

છોડી દેનાર પ્રભવે પણ દીક્ષા લીધી. દીક્ષા ગ્રહણ કર્યા પછી પ્રતિજ્ઞાનુસાર જીવનભર બ્રહ્મચર્ય પાળી, કેવળજ્ઞાનની ઉપાસના કરી કેવળજ્ઞાન મેળવ્યું પણ ખરું.

*

જંબુસ્વામીની જીવનકથા ટૂંકમાં આટલી છે. હવે તેના પરથી રચાયેલા રાસની વિશિષ્ટતા એ છે કે એક વ્યક્તિની જીવનકથામાં બીજી નાનીમોટી અનેક કથાઓના પ્રવાહ ભળે છે અને એમ એક મહા પ્રવાહ નિર્માણ થાય છે. ઉપકથાઓ સંસારનું મિથ્યાત્વ અને આત્માના ઉદ્ધારની વાતને અનુલક્ષે છે. યુવાન પત્નીઓ સાથે હોય અને છતાં વાસના જાગૃત ન થાય તે સંભવિત નથી. પણ એ વાસનાના અગ્નિને વશ થયા વગર કઈ ફિલસૂફીના જળથી એને શાંત કર્યો અને વાસનાનું શુદ્ધીકરણ તથા ઊર્ધ્વીકરણ કર્યું તે વાત મહત્ત્વની છે. એટલે આ રાસમાં એક બાજુ ભોગવિલાસની અને બીજી બાજુ સંયમઉપશમની કથાઓ છે. શૃંગાર રસના પ્રવાહની સાથે સાથે શાંત રસનો પ્રવાહ વહે છે અને વૈરાગ્ય તથા સંયમના સાગરમાં સમાઈ જાય છે. શૃંગાર રસને બહલાવવા જતાં લાગણીઓ ઉદ્દીપ્ત થાય એવી સામાન્યતામાં સરી પડવાનો ભય અવશ્ય રહે છે. કિન્તુ શ્રી યશોવિજયજીએ ઉચ્ચ કવિત્વશક્તિ વડે પોતાના કલ્પનાવૈભવનું પતન થવા દીધા વિના રાસને ઊંચી કક્ષાનો બનાવ્યો છે. શૃંગાર રસનાં ચિત્રો આલેખાયાં છતાં ને ચિત્રો વાચકને શૃંગારમાં જ લીન રાખતાં નથી. ઊલટું વાસનાનું મિથ્યાત્વ પ્રબોધવાનો કવનો હેતુ સિદ્ધ થવામાં ઉપકારક નીવડે છે.

*

ડૉ. રમણલાલ શાહે આ રાસ મૂળ પ્રતિમાંથી મેળવીને અહીં રજૂ કર્યો છે એટલે પાઠાંતરોને અવકાશ સ્વાભાવિક રીતે જ નથી રહ્યો. એમણે રાસની પંક્તિઓને સ્ફુટ કરતું વિસ્તૃત ટિપ્પણ તો આપ્યું જ છે

પણ તે સાથે કર્તાના જીવન અને કવન પર પણ સારો પ્રકાશ પડ્યો છે. તેમ જંબુસ્વામી રાસની ગુણગ્રાહી દૃષ્ટિએ સમીક્ષા પણ આપી છે.

**એક ઘણા જાણીતા અને મહત્ત્વના રાસનું સંપાદન કરી તેને પ્રકાશમાં આણીને ડૉ. રમણલાલે એક ઉત્તમ સંશોધનકાર્ય કર્યું છે.**

**—પરંતપ**

ગુજરાતમિત્ર—સુરત

૧૨—૨—૬૩

*

(સેન્ટ ઝેવિયર્સ કૉલેજના પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુ. ઝાલાએ **ઑલ ઇન્ડિયા રેડિયો મુંબઈ** ઉપરથી પ્રૉ. રમણલાલ શાહ સંપાદિત જંબૂસ્વામી રાસનું તથા પરિચય પુસ્તિનું અવલોકન કર્યું હતું. તે ઑલ ઇન્ડિયા રેડિયો મુંબઈની અનુમતિપૂર્વક નીચે ક્રમશઃ પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

## જંબૂસ્વામીનો રાસ

આજે જે પહેલા ગ્રંથનો પરિચય અહીં આપવાનો છે તે છે **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત "જંબુસ્વામી રાસ." આ કૃતિનું સંપાદન ડૉ. રમણલાલ ચુનીલાલ શાહે કર્યું છે અને પ્રકાશક છે શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ, સૂરત. કિંમત રૂપિયા બે.**

પ્રાચીન કે મધ્યકાલીન કૃતિઓનું સંપાદનકાર્ય શાસ્ત્રીય પ્રવૃત્તિ રૂપનું છે. આપણે ત્યાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પ્રાચીન ગુજરાતી ગ્રંથમાળામાં પ્રકાશિત થયેલી કૃતિઓના સંપાદનમાં ડૉ. ભોગીલાલ સાંડેસરાએ શાસ્ત્રીય ચીલો પાડી આપ્યો છે. આવા સંપાદનમાં

ગ્રંથકર્તાના દેશ, કાલ અને જીવન તેમજ અન્ય કૃતિઓ વિષે શક્ય તેટલી ઉપલબ્ધ પ્રમાણસામગ્રી એકઠી કરીને શાસ્ત્રીય પ્રદ્ધતિએ નિરૂપણ થવું જોઈએ. કૃતિની હસ્તપ્રતોની શાસ્ત્રીય રીતે વિગતવાર માહિતી અપાવી જોઈએ. એ કૃતિ જે સાહિત્યપ્રકારમાં સમાવેશ પામતી હોય તે સાહિત્યપ્રકાર કે સ્વરૂપનું ઐતિહાસિક વિકાસરેખાઓ દોરીને નિરૂપણ થવું જોઇએ. આ બાબતોમાં ક્યાંય પણ વિદ્વાનોમાં મતભેદ હોય તો તેનું પણ સમાકલન અને સમાધાન કરવાનો યથાવકાશ યત્ન થયો હોવો જોઈએ. કૃતિના પાઠભેદો નોંધવા જોઈએ. આ ઉપરાંત વિવરણાત્મક કે વિવેચનાત્મક ટિપ્પણ પણ હોય અને શબ્દોની વ્યુત્પત્તિ અને અર્થચ્છાયા રજૂ કરતી શબ્દસૂચી કે કોશ પણ હોય.

**ડૉ. રમણલાલ શાહે શાસ્ત્રીય પદ્ધતિ સ્વીકારીને જ આ કૃતિનું સંપાદન કર્યું છે.** પ્રસ્તાવનાના આરંભમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીનું જન્મસ્થળ ઉત્તર ગુજરાતમાં મહેસાણાથી પાટણને રસ્તે ધીણોજ ગામથી ચારેક માઇલને અંતરે આવેલું કનોડું ગામ હતું એમ પ્રધાનપણે "સુજસવેલી ભાસ" નામની કૃતિને આધારે દર્શાવ્યું છે. તેના પિતાનું નામ નારાયણ અને માતાનું નામ સોભાગદે હતું. નાના જસવન્તકુમારને સદગુરુ નયવિજયજીના ઉપદેશથી વૈરાગ્યવૃત્તિ જાગી અને તેણે અણહિલપુર જઇને તે ગુરુ પાસે દીક્ષા લઇ યશોવિજય–જસવિજય–નામ ધારણ કર્યું. કર્તાના જન્મ સમયના પ્રશ્નમાં બે પરસ્પરવિરોધી પ્રમાણો ઉપલબ્ધ છે તેની ચર્ચા કરીને શ્રી યશોવિજયજીનો જન્મ સંવત ૧૬૭૯–૮૦ માં થયો હોવો જોઇએ એવું અનુમાન સંપાદકે કર્યું છે.

જીવન નિરૂપણ કરતાં ડૉ. શાહે શ્રી યશોવિજયજીની અસાધારણ સ્મરણશક્તિ વિષે પ્રચલિત દંતકથાનો ઉલ્લેખ કર્યો છે. શ્રી યશોવિજયજી વિદ્યાભ્યાસ માટે કાશીમાં ત્રણ વર્ષ રહ્યા હતા ત્યાં તેમણે ન્યાય, મીમાંસા, સાંખ્ય, વૈશેષિક ઈત્યાદિ દર્શનોનો અભ્યાસ કર્યો હતો અને ન્યાયવિશારદ તાર્કિકશિરોમણિનાં બિરુદ પણ પામ્યા હતા. વિદ્યાભ્યાસ પૂરો કરીને

તે અમદાવાદમાં આવ્યા અને મુસલમાન સૂબા મહોબતખાનની સમક્ષ અષ્ટાદશ અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. શ્રી યશોવિજયજી અને આનંદઘનના સમાગમની અને અહોભાવવૃત્તિથી શ્રી યશોવિજયજીએ રચેલી અષ્ટપદીની ચર્ચા સંપાદકે કરી છે; શ્રી યશોવિજયજીની ગુરુશિષ્ય પરંપરાની નોંધ પણ લીધી છે. શ્રી યશોવિજયજીનો સ્વર્ગવાસ ડભોઈમાં સં. ૧૭૪૩માં થયો હશે એમ "સુજસવેલી ભાસ"ને આધારે સૂચવ્યું છે. તે પછી શ્રી યશોવિજયજીની સંસ્કૃત પ્રાકૃત રચનાઓ વિષે તેમજ ગુજરાતી ભાષામાં રચેલાં સ્તવનો, સઝાયો, ગીતો, પદો રાસો, સંવાદો વગેરે વિષે માહિતી આપી છે. આ ખંડના અંતમાં સંપાદકે શ્રી યશોવિજયજીનાં પાંડિત્ય, તુલનાશકિત, સૂક્ષ્મદૃષ્ટિ વગેરે વિશિષ્ટ ગુણોને બિરદાવતો પંડિત સુખલાલજીનો અભિપ્રાય ટાંકયો છે. કૃતિના વિષયભૂત શ્રી જંબૂસ્વામી વિષે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતીમાં રચાયેલી કૃતિઓનો નિર્દેશ પણ કર્યો છે. ત્યાર પછીના ખંડમાં "જંબૂસ્વામી રાસ"નું વસ્તુ એ વસ્તુ ઉપર પુરોગામી લેખકોનું ઋણ અને પ્રભાવ વગેરે વિષયોની ચર્ચા કરતાં સંપાદક નોંધે છે કે, શ્રી યશોવિજયજીએ સં. ૧૭૩૮ માં "શ્રી જંબૂસ્વામી બ્રહ્મગીતા" નામની ૨૯ કડીમાં વિસ્તરેલી લઘુરચના કરી હતી. તે પછી ૧૭૩૯માં આ રાસની રચના તેમણે કરી. નિરૂપણ–વિષય તરીકે એક જ વ્યકિતનું જીવન સ્વીકારાયેલું હોવા છતાં આ બ્રહ્મગીતા અને રાસથી વચ્ચે કલ્પના, અલંકાર કે તર્કની દૃષ્ટિએ બહુ સામ્ય નથી, જો કે કોઇ વિરલ દાખલામાં કલ્પના કે શબ્દનું સામ્ય નજરે આવે છે. શ્રી. યશોવિજયજીએ "જંબૂસ્વામી રાસ"નું વસ્તુ હેમચન્દ્રાચાર્યના "ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર"ના પરિશિષ્ટપર્વમાં આપેલા જંબૂસ્વામીચરિત્ર ઉપર મુખ્યત્વે આધારિત કર્યું છે એમ વિધાન કરીને સંપાદકે વિગતવાર એ બંને કૃતિમાં સમાવાયેલા પ્રસંગોની તુલનાત્મક સમીક્ષા કરી છે, ત્યાર પછી સંપાદકે આ કૃતિની સાહિત્યકૃતિ તરીકે આલોચના કરી છે- તેમાં આવતી અનેક આડકથાઓ અને તેમની સાર્થકતા, શૃંગાર રસ અને શાંતરસના આલેખન દ્વારા અંતે સંયમ અને વૈરાગ્યના વિજયનું નિરૂપણ,

પ્રસંગ આલેખન કે પાત્ર નિરૂપણમાં અનેક સ્થળે વ્યક્ત થતી ઉચ્ચકોટીની કવિપ્રતિભા, ઉપમા–ઉત્પ્રેક્ષાદિક અલંકારોની સમૃદ્ધિ વગેરે ગુણપક્ષે સ્વીકારવાયોગ્ય લક્ષણોનું યથાવકાશ અવતરણો આપીને સંપાદકે સારું નિરૂપણ કર્યું છે. **આ કૃતિ શ્રી યશોવિજયજીના પોતાના હસ્તાક્ષરમાં લખેલી ઉપલબ્ધ થઈ છે. તેથી પ્રેમાનંદના સમયમાં ગુજરાતી ભાષાનું કેવું સ્વરૂપ હશે એ જાણવાનું પ્રમાણભૂત સાધન આપણને મળી રહે છે. આ કૃતિમાં પ્રમાણભૂત રીતે સચવાયલું ભાષા–સ્વરૂપ ધ્યાનમાં લેતાં આજે ઉપલબ્ધ થતી પ્રેમાનંદનીકૃતિઓની ભાષામાં કેટલી વિકૃતિઓ પેસી ગઈ છે એ સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે.** શ્રી યશોવિજયજી વિદ્યાભ્યાસ માટે કાશી ગયા હતા. તે પછી આગ્રામાં રહ્યા હતા. ગુજરાત ઉપરાંત રાજસ્થાનમાં પણ જૈન સાધુઓ વિહાર કરે છે તે કારણે આ રાસામાં પણ કયાંક કયાંક હિંદી અને મારવાડી ભાષાની અસર નજરે આવે છે. પ્રસ્તાવના પછી સંપાદકે રાસની વાચના આપી છે. કર્તાના હસ્તાક્ષરમાં જ મળેલી પ્રતિ ઉપરથી વાચના તૈયાર કરી છે. તેથી પાઠાન્તરોનો સંકુલ પ્રશ્ન સદ્ભાગ્યે અહીં ઊભો થતો નથી. જો કે કેટલેક સ્થળે કેવળ માનવસુલભ અનવધાનતાને કારણે નજીવા લેખનદોષો પ્રતિમાં નજરે આવે છે તેનું સંપાદકે તર્કપુરાસર સંસ્કરણ કરી લીધું છે. જેમ કે પાંચમાં અધિકારની ૨૫મી કડીના ઉત્તરાર્ધમાં "કામ ધાણુ લીલા ઉદ્દામ, સકલ કલા કેરો વિશ્રામ"માં 'ઉદ્દામ' ને બદલે મૂળ પ્રતમાં "ઉદ્દાસ" છે તે દેખીતી રીતે જ સંભવિત નથી. એ જ અધિકારની ૨૩મી કડીમાં "ન હું વિષયરસમીન" એમ મૂળ કૃતિના પાઠને સુધારીને 'ન હું વિષયરસલીન' સ્વીકાર્યું છે આ પણ યોગ્ય લાગે છે.

રાસની વાચના પછી સંપાદકે 'સુજસવેલી ભાસ' અને તેનો ગદ્ય અનુવાદ અવતાર્યો છે. આ કૃતિમાં સંગ્રાહાયેલી વિગતો શ્રી યશોવિજયજીના જીવન વિષે મહત્ત્વની માહિતી આપે છે તેથી અભ્યાસીઓને આ ખંડ

ઉપયોગી નીવડશે. અંતમાં સંપાદકે ટીપ્પણ આપ્યું છે. જેમાં શબ્દોના અર્થ આપીને ઢાલ કે દુહાનું મુખ્ય વ્યકતવ્ય આપવામાં આવ્યું છે. તે પછી કંઇ વિશેષ આવશ્યક વિવરણ માગી લેતી હોય તેવી કડીઓનું વિવરણ પણ કર્યું છે.

આમ આ કૃતિના સંપાદનમાં ડૉ. રમણલાલ શાહે શાસ્ત્રીય પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, જે મહત્વનો મુદ્દો છે અને આ સંપાદનને અધિકૃત કૃતિ તરીકે રજૂ કરે છે. આ પરિચય સમાપ્ત કરું તે પહેલાં એક બે મુદ્દાઓનો ઉલ્લેખ કરું. આ કૃતિની ભાષા અને શબ્દ સ્વરૂપો મધ્યકાલીન રૂપનાં વધારે લાગે છે. ઉદાહરણ તરીકે, "ગોખનઇ સંમુખિ સા ગઈ", "નૃપ પૂછઈ હૂઉ કુણહેત", "હવઇ જયસિરિ વાણી વદઈ રે સુણિ પિઉ સાચઈ સિદ્ધિ, ગુણરા ગ્નાતા, નાગશ્રી પરિ સ્યૂં કહઈ રે, કૂટ કથા અપ્રસિદ્ધ, રંગરા રાતા."વગેરે. ભાષાનું સ્વરૂપ સમજવામાં સહાય્ય આપે તેવું વ્યાકરણ-વિશેષે કરીને વિભકિત પ્રત્યયોનું નિરુપણ-આપ્યું હોત તો વધારે યોગ્ય અને ઉપકારક નીવડત. બીજું, ટિપ્પણમાં શબ્દોના પર્યાયો કે અર્થો આપવાને બદલે વ્યુત્પત્તિની દિશાનું પણ નિયમ તરીકે સૂચન કર્યું હોત ટિપ્પણ પણ વધારે દ્યોતક નીવડત. કદાચ આર્થિક મર્યાદાને કારણે આવું સવ્યુત્પત્તિક શબ્દાર્થ-દર્શન શકય નહીં બન્યું હોય. ડૉ. શાહ યુવાન અભ્યાસી છે. પ્રાચીન અને મધ્યકાલીન સાહિત્યમાં અને તેના ભાષાવિષયક પરિશીલનમાં બહુ ઓછા અભ્યાસીઓને રસ પડે છે. **શ્રી શાહનો આ રસ ચાલુ રહે અને અભ્યાસ વધારે ગાઢ અને પરિનિષ્ઠિત બને.**

**ગૌરીપ્રસાદ ચુ. ઝાલા**

# શેઠ નગીનભાઇ મંચ્છુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડના પુસ્તકોનું સૂચીપત્ર.

| ગ્રથાંક | પુસ્તકનું નામ | | કિંમત |
|---|---|---|---|
| + ૧ | અભયકુમાર ચરિત્ર ભાષાંતર | ભા. ૧લો | ૧–૦–૦ |
| + ૨ | ” ” ” | ભા. ૨જો | ૦–૧૪–૦ |
| + ૩ | વિવિધ પ્રશ્નોત્તર | ભા. ૨લો | ૦–૧૨–૦ |
| ૪ | અભયકુમાર ચરિત્ર ભાષાંતર | ભા. ૩જો | ૦–૧૨–૦ |
| ૫ | વૈરાગ્ય રસમંજરી ભાષાંતરસહ | | ૧–૪–૦ |
| + ૬ | શ્રાવક વિધિપાઠ હિન્દી | | ભેટ. |
| ÷ ૭ | આનંદ સુધાસિન્ધુ | ભા. ૧લો | ૧–૦–૦ |
| ૮ | ” ” | ભા. ૨જો | ૩–૦–૦ |
| ૯ | કુમારપાલ ભૂપાલ ચરિત્ર ભાષાંતર | ભા. ૧લો. | ૨–૮–૦ |
| ૧૦ | ” ” ” | ભા. ૨જો. | ૨–૦–૦ |
| ૧૧ | શ્રી સંભવનાથ સ્તવનાવલી | | ૦–૧૨–૦ |
| ૧૨ | જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્ય પ્રસાદી. | ભા. ૧લો. | ૨–૨૫ |
| ૧૩ | જંબુસ્વામિરાસ | | ૨–૦–૦ |
| ૧૪ | જૈન ગૂર્જર સાહિત્ય રત્નો અને તેમની કાવ્યપ્રસાદી | ભા. ૨જો | ૨–૦–૦ |

**પોસ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદો.**

લખો :—

શેઠ નગીનભાઇ મંચ્છુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડ :

દા હીરાલાલ રણછોડભાઇ

ગોપીપુરા ગેટ સામે–સુરત.

---

+ આ ગ્રંથો સિલકમાં નથી.

# સ્તવનનું સામર્થ્ય

આપણી પ્રાર્થના, સ્તવન, ભજન વગેરે કે
પણ પદ્ધતિમાં ભકિત અને ઉપાસનાનો વિચાર થ
જોઇએ. વિકાસ અને એક નિષ્ઠાનો પણ તેમાં વિચ
હોવો જોઇએ. સંતમહાત્માઓનાં **ભક્તિ, વૈરાગ્ય**
કે **જ્ઞાન** પર, **ગીતો** અથવા **શ્લોકો** બોલતી વખ
તેમાં આપણો ઉદ્દેશ અને પ્રયત્ન તેના **અર્થ** સા
અને અર્થ પરથી સ્થિતિ તન્મય થઈને તે સ્થિ
પોતાનામાં દૃઢ કરવાનો હોવો જોઇએ. સંતમહાત્મ
ઓએ કેવળ મનોરંજન માટે કે તેટલા વખત પૂર
સાત્વિક વાતાવરણ પેદા કરવા માટે ગીતો ગાયાં નથ
પણ ભકિત, વૈરાગ્ય કે જ્ઞાનની ઉત્તાન અવસ્થા
હૃદયમાં ભાવ સમાય નહીં એવી સ્થિતિ થતાં શબ્દે
રૂપે તેમના મોંમાંથી તે ગીતો આપોઆપ બહ
પડેલાં છે. શબ્દોના આધારે તેમના અર્થ ભાવ સા
તન્મય થઈને ભાવમય અવસ્થા પોતાનામાં દૃઢ કરી
જે ભૂમિકા પરથી તે મહાત્માઓના મોંમાંથી
શબ્દો નીકળ્યા તે ભૂમિકા આપણે સિદ્ધ ન કરી
ત્યાં સુધી તેમના શ્લોકોનો કે ગીતોનો યોગ્ય ઉપયો
આપણે કર્યો એમ ન કહેવાય. **ભજન, સ્તવન**
ભકિતના કોઇ પણ પ્રકાર, ભૂમિકા સિદ્ધ કરવ
સાધન છે તેમાં અસાધારણ સામર્થ્ય કેવળ કલ્પના
નથી પણ જીવન પ્રત્યક્ષ દેખાઈ આવે તેવું છે. ભકિ
અને ઉપાસનાની દૃષ્ટિથી સંત મહાત્માઓની **આ**
**ભક્તની વાણીનો** આપણે ઉપયોગ કરીએ તો તેમન
સદ્ગુણો આપણામાં ઊતર્યા વગર રહેશે નહી.

વિવેક અને સાધના પુસ્તક લેખક : કેદારનાથ

## શ્રી જગચિંતામણિ ચૈત્યવંદનની ગાથા

संपइ जिनवर वीसमुणि, बिहु कोडिहिं वरनाण ।
समणह कोडि सहस्स दुअ, थुणिज्जइ निच्च विहाणि ।
બે કોડી કેવલધરા, વિહરમાન જિન વીશ;
સહસ યુગલ કોડી નમું, સાધુ સરવ નિશ દિશ.

---

વર્તમાનમાં વિચારતા બે ક્રોડ કેવલજ્ઞાની સાધુ ભગવંતો વીશ તીર્થંકર દેવો, અને બે હજાર ક્રોડ સાધુ મુનિરાજને હમેશાં વંદું છું.

### चत्तारि-सरणं

अरिहंते सरणं पवज्जामि ।
सिद्धे सरणं पवज्जामि ।
साहू सरणं पवज्जामि ।
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।

અર્થ— **ચાર શરણાં**

અરિહન્તોનું શરણુ પ્રાપ્ત કરું છું.
સિદ્ધોનું શરણ પ્રાપ્ત કરું છું,
સાધુઓનું શરણ.પ્રાપ્ત કરું છું.
સર્વજ્ઞ પ્રણીત ધર્મનું શરણુ પ્રાપ્ત કરું છું.

### શ્રી ચારિત્રકુશળ રૂષભદેવ સ્તવન

રચના સવત ૧૭૬૧

સફલ થઈ મુજ જીભલડી, અમૃતમય જલધારન રે,
ગુણ ગાતાં જિનજી તણાં. ટલીઆં પાપ અપાર રે.
મનડું હમારૂં મોહીયું....રે.

### મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મૌન એકાદશી સ્તવન
### શ્રી ચારિત્રકુશળ રૂષભ

સંવત ૧૭૩૨

કામ સવે સીઝેલ થઈ મુજ જીભલડી, અમૃત નિજ જિહાં,
જે જાએ ગુણ ગાતાં જિનજી તણાં. ટલીઅમ તે દિહા.
મનડું હમા માર્ગન દાતા.